*A. M. Patel to 'Dada Bhagwan'*



# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન'

ભાગ - ૬

A. M. Patel to 'Dada Bhagwan'

દાદા ભગવાન કથિત

# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન' ભાગ-૬

સંકલન : દીપકભાઈ દેસાઈ

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | **શ્રી અજિત સી. પટેલ**<br>**દાદા ભગવાન વિજ્ઞાન ફાઉન્ડેશન,**<br>૧, વરુણ એપાર્ટમેન્ટ, ૩૭, શ્રીમાળી સોસાયટી,<br>નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૦૯, ગુજરાત.<br>**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૦૦, +૯૧ ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭ |



| | | |
|---|---|---|
| પ્રથમ આવૃતિ | : | ૬,૦૦૦ નવેમ્બર, ૨૦૨૫ |
| ભાવ મૂલ્ય | : | **'પરમ વિનય' અને**<br>**'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !** |
| દ્રવ્ય મૂલ્ય | : | **૧૬૦ રૂપિયા** |
| મુદ્રક | : | અંબા મલ્ટિપ્રિન્ટ,<br>એચ.બી.કાપડીયા ન્યુ હાઈસ્કૂલની સામે, છત્રાલ - પ્રતાપપુરા રોડ,<br>છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯, ગુજરાત.<br>**ફોન :** +૯૧ ૭૯ ૩૫૦૦ ૨૧૪૨ |
| **ISBN** | : | 978-81-981667-2-2 |

**Printed in India**

# ત્રિમંત્ર






નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં;
પઢમં હવઈ મંગલં ॥૧॥
ૐ નમો ભગવતે વાસુદેવાય ॥૨॥
ૐ નમઃ શિવાય ॥૩॥
જય સચ્ચિદાનંદ





## 'દાદા ભગવાન' કોણ ?

જૂન ૧૯૫૮ની એ સમી સાંજનો છએક વાગ્યાનો સમય, ભીડમાં ધમધમતા સુરતના સ્ટેશન પર બેઠેલા એ.એમ.પટેલ રૂપી દેહમંદિરમાં 'દાદા ભગવાન' સંપૂર્ણપણે પ્રગટ થયા અને કુદરતે સર્જ્યું અધ્યાત્મનું અદ્ભુત આશ્ચર્ય ! એક કલાકમાં એમને વિશ્વદર્શન લાધ્યું ! 'હું કોણ ? ભગવાન કોણ ? જગત કોણ ચલાવે છે ? કર્મ શું ? મુક્તિ શું ?' ઈત્યાદિ જગતના તમામ આધ્યાત્મિક પ્રશ્નોનાં સંપૂર્ણ ફોડ પડ્યા.

એમને પ્રાપ્તિ થઈ તે જ રીતે માત્ર બે જ કલાકમાં, મુમુક્ષુઓને પણ જ્ઞાનપ્રાપ્તિ કરાવી આપતા, એમના અદ્ભુત જ્ઞાનપ્રયોગથી ! એને 'અક્રમ માર્ગ' કહ્યો. ક્રમ એટલે પગથિયે પગથિયે, ક્રમે ક્રમે ઊંચે ચઢવાનું. અક્રમ એટલે ક્રમ વિનાનો, લિફ્ટ માર્ગ ! શોર્ટકટ !

તેઓશ્રી સ્વયં પ્રત્યેકને 'દાદા ભગવાન કોણ ?'નો ફોડ પાડતા કહેતા કે, ''આ દેખાય છે તે 'દાદા ભગવાન' ન્હોય, અમે તો જ્ઞાની પુરુષ છીએ અને મહીં પ્રગટ થયેલા છે તે દાદા ભગવાન છે, જે ચૌદ લોકના નાથ છે. એ તમારામાંય છે, બધામાંય છે. તમારામાં અવ્યક્તરૂપે રહેલા છે ને 'અહીં' અમારી મહીં સંપૂર્ણપણે વ્યક્ત થયેલા છે. હું પોતે ભગવાન નથી. મારી અંદર પ્રગટ થયેલા દાદા ભગવાનને હું પણ નમસ્કાર કરું છું.''

## આત્મજ્ઞાન પ્રાપ્તિની પ્રત્યક્ષ લિંક

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી)ને ૧૯૫૮માં આત્મજ્ઞાન પ્રગટ થયું. ત્યાર પછી ૧૯૬૨ થી ૧૯૮૮ સુધી દેશ-વિદેશ પરિભ્રમણ કરીને મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવતા હતા.

દાદાશ્રીએ પોતાની હયાતીમાં જ આત્મજ્ઞાની પૂજ્ય ડૉ. નીરુબેન અમીન (નીરુમા)ને આત્મજ્ઞાન પ્રાપ્તિ કરાવવાની જ્ઞાનસિદ્ધિ આપેલ. દાદાશ્રીના દેહવિલય બાદ પૂજ્ય નીરુમા તે જ રીતે મુમુક્ષુ જીવોને સત્સંગ તથા આત્મજ્ઞાનની પ્રાપ્તિ નિમિત્ત ભાવે કરાવતા હતા.

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈ દેસાઈને પણ દાદાશ્રીએ સત્સંગ કરવા માટે સિદ્ધિ આપેલ. વર્તમાનમાં પૂજ્ય નીરુમાના આશીર્વાદથી પૂજ્ય દીપકભાઈ દેશ-વિદેશમાં નિમિત્ત ભાવે આત્મજ્ઞાન કરાવી રહ્યા છે.

આ આત્મજ્ઞાન મેળવ્યા બાદ હજારો મુમુક્ષુઓ સંસારમાં રહીને સર્વ જવાબદારીઓ પૂરી કરતાં પણ અંદરથી મુક્ત રહી આત્મરમણતા અનુભવે છે.

# સમર્પણ

અજ્ઞાન તણા અંધકારને ભેદીને, જ્ઞાનસૂર્ય ઊગ્યો ઉર આકાશ;
સુરતને આંગણે સ્ટેશનને બાંકડે, પ્રગટ્યો આતમ જ્ઞાન-પ્રકાશ !

કોલાહલ માંહી લાધ્યું શુક્લધ્યાન, ઊમટ્યો પરમ આનંદ અવિરામ;
વિચરીને જગના ખૂણે-ખૂણે, બ્રહ્માંડ રહસ્યો જાણ્યા તમામ !

ના ગુરુ, ના શાસ્ત્રનો આધાર, જૂન અઠ્ઠાવને સ્વયં ઉઘાડ;
અનંત ભવનો ફળ્યો પુરુષાર્થ, થયો 'બટ નેચરલ' આ ઉજાસ !

કેવળ દર્શન રહ્યું પ્રકાશિત, જ્ઞાને ઓછી રહી ડિગ્રી ચાર;
ભીતર ભાળી પ્રગટ 'દાદા ભગવાન', કર્યો 'જ્ઞાની' પદનો સ્વીકાર !

ભાળ્યો ક્રમિક માર્ગ અતિ કઠિન, કળિયુગે જીવ ન પામે પાર,
ઋષભદેવ સંગે જોડી તાર, લાવ્યા 'અક્રમ પથ' કરવા ઉદ્ધાર !

ચંદ્રકાન્ત થકી ખુલ્યા દ્વાર, ચાર વરસે જ્ઞાને ભરી ઉડાન;
સંસારે રહી, ત્યાગ વિણ, મળે સહુને મુક્તિ તણું વરદાન !

'અસંયતિ પૂજા' આશ્ચર્ય અગિયાર, બાહ્ય વેશ દીસે સામાન્ય;
કોટ-ટોપી, ધોતીવાળા વેશે, મહીં વર્તે વીતરાગતા અસામાન્ય !

ઝવેરી વિણ જગ કેમ પરખે ? 'હીરો' પોતે બોલ્યો વાણ;
'જ્ઞાની છું' કહ્યું લોક હિતાર્થે, પામો મુક્તિનું પ્રત્યક્ષ પ્રમાણ !

દસ લાખ વર્ષે પ્રગટ્યા આ, અક્રમ જ્ઞાની પરમ દાતાર;
'કૅશ બૅંક' આ મોક્ષ તણી ખુલ્લી, લૂંટો જ્ઞાન તણો ભંડાર !

'પરમ વિનય' ને 'હું જાણું ના કંઈ', સરળ શરતે ખોલે મોક્ષદ્વાર;
નિષ્પક્ષપાતિ, સર્વ ધર્મના સંગમેશ્વર, સહુ શાસનના એ શણગાર !

જગ કલ્યાણ એ જ એક ઝંખના, કરે ખટપટ સહુના દુઃખ હરવા;
કષ્ટો વેઠી વિચર્યા દેશ-વિદેશ, આપ પામેલ સુખ સર્વને ધરવા !

આપ કૃપા, આ અક્રમ જ્ઞાને, ભવબંધનથી અમ સહુ ઊગરીએ;
અહો દાદા, કરુણા સાગર, તમ શબ્દ-સુમન જગ ચરણે ધરીએ!

❖❖❖❖❖

## સંપાદકીય

મહાવીર ભગવાનના નિર્વાણ પછી પચ્ચીસસો વર્ષનો કાળ વીતી ગયો. આ સમયગાળામાં 'ભસ્મક ગ્રહ'ના પ્રભાવ હેઠળ મોક્ષનો માર્ગ ધીમે ધીમે ધૂંધળો થતો ગયો. મૂળ તત્ત્વજ્ઞાનને બદલે મતમતાંતરો, સંપ્રદાયો અને બાહ્ય ક્રિયાકાંડોનું પ્રાધાન્ય વધ્યું. અંતે લોકોમાં એવી નિરાશાજનક માન્યતા વ્યાપક બની કે આ કળિયુગમાં મોક્ષ શક્ય જ નથી.

પરંતુ આવા ઘોર આધ્યાત્મિક અંધકાર અને નિરાશાના સમયમાં જ્યારે માનવજાતિ દિશાહીન બને, ત્યારે જેમ કૃષ્ણ ભગવાને 'સંભવામિ યુગે યુગે' કહ્યું છે એમ કોઈ યુગપુરુષ જ્ઞાનનો દીપક લઈ માર્ગ ચીંધવા અવશ્ય પ્રગટ થાય છે. જાણે એ જ કુદરતી નિયમ અનુસાર, આશાનું એક નવું કિરણ પૃથ્વી પર અવતર્યું અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાનના (શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલના) સ્વરૂપમાં.

આ ગ્રંથ આપણને યુગપ્રવર્તક પરમ પૂજ્ય દાદા ભગવાનના (દાદાશ્રીના) જીવન, તેમને સ્વયંભૂ પ્રગટેલા અલૌકિક જ્ઞાન અને તેમની નિઃસ્વાર્થ જગત કલ્યાણની ભાવનાના ગહન સમુદ્રમાં ડૂબકી લગાવવાની અમૂલ્ય તક આપે છે.

ઈ.સ. ૧૯૫૮માં સુરત શહેરના રેલવે સ્ટેશને અનેક અવતારોના પુરુષાર્થ અને જગત કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનાના પરિણામે દાદાશ્રીને સ્વયંભૂ આત્મજ્ઞાન લાધ્યું. એક કલાકના એ દિવ્ય અનુભવમાં એમને બ્રહ્માંડના તમામ રહસ્યો હસ્તગત થયા, એમનો દેહભાવ સંપૂર્ણપણે છૂટ્યો અને તેઓ પોતે શાશ્વત, અવ્યાબાધ આનંદ સ્વરૂપ આત્મપદમાં સ્થિત થયા.

આ દિવ્ય આત્મજ્ઞાનની અનુભૂતિ થયા પછી દાદાશ્રીના હૃદયમાં જગતના જીવોના કલ્યાણ માટે અપાર કરુણા પ્રગટી ! તેમને એ તીવ્ર ભાવના થઈ કે જે સુખ હું પામ્યો તે આખું જગત પામો.

પણ તેમણે જોયું કે વર્તમાન દુષમકાળમાં લોકો ચિંતા, ઉપાધિ અને સાંસારિક તણાવથી ઘેરાયેલા છે. આવી પરિસ્થિતિમાં, તપ, ત્યાગ અને સાધના પર આધારિત પરંપરાગત ક્રમિક માર્ગે મોક્ષ પ્રાપ્ત કરવો અત્યંત દુષ્કર છે. આથી, જગત પર કરુણા કરીને દાદાશ્રીએ મોક્ષ પ્રાપ્તિ માટે 'અક્રમ માર્ગ' નામની એક અભૂતપૂર્વ અને અણમોલ ભેટ આપી. આ અક્રમ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વ્યક્તિ ચિંતામુક્ત બને છે અને દાદાશ્રીએ આપેલ આજ્ઞાઓનું પાલન કરીને મોક્ષ માર્ગે સહેલાઈથી પ્રગતિ કરી શકે છે. અક્રમ માર્ગનો પ્રારંભ દાદાશ્રીએ ૠષભદેવ ભગવાન પાસે, ચોવીસેય તીર્થંકરોના શાસન દેવ-દેવીઓની આજ્ઞા મેળવીને કર્યો હતો. દાદાશ્રી કહેતા કે 'આ અક્રમ વિજ્ઞાન આપ્યું છે, તો ૠષભદેવ ભગવાનની આજ્ઞાથી આપેલું છે અમે. એમની પરવાનગી વગર કશું કરીએ એવા નથી અમે.'

દાદાશ્રી સ્વયં તો કેટલાય અવતારો પૂર્વે જ મોક્ષપ્રાપ્તિના અધિકારી હતા. પરંતુ, તેમના હૃદયમાં ત્રણ તીવ્ર ભાવનાઓ હતી : આ જગતનું સંચાલન કેવી રીતે થાય છે તેનું યથાર્થ સ્વરૂપ જાણવું, સંસારની જવાબદારીઓ નિભાવતા સામાન્ય ગૃહસ્થીઓનો પણ મોક્ષ થવો જોઈએ અને સ્ત્રીઓને પણ મોક્ષ મળવો જોઈએ.

આ ઉમદા ભાવનાઓને કારણે, અનેક અવતારોની ગહન શોધખોળના ફળસ્વરૂપે, દાદાશ્રીએ સંસારમાં રહીને પણ મોક્ષ પામી શકાય એવું અદ્વિતીય 'અક્રમ વિજ્ઞાન' જગતને અર્પણ કર્યું. 'વ્યવસ્થિત શક્તિ'ના અજાયબ જ્ઞાન દ્વારા તેમણે જગત સંચાલનનું વિજ્ઞાન સમજાવ્યું, કે જે જીવને કર્તાપણાના બોજમાંથી અને ભૂત-ભવિષ્યની ચિંતામાંથી મુક્ત કરે છે. દાદાશ્રીનું આ જ્ઞાન શાસ્ત્રોક્ત કે પરંપરાગત નથી, પણ સંપૂર્ણપણે અનુભવજન્ય, વૈજ્ઞાનિક અને મૌલિક છે.

અને દાદાશ્રીએ લોકો માટે અક્રમ માર્ગ દ્વારા મોક્ષ પામવા માટે કોઈ કઠોર શરતો ન રાખી. બસ બે જ સરળ શરતો; જ્ઞાની પુરુષ પ્રત્યે 'પરમ વિનય' અને આત્મા સંબંધી 'હું કંઈ જાણતો નથી' એવો નિર્મળ ભાવ. જે કોઈ આ બે શરતો સાથે શુદ્ધ હૃદયે આવે, તેને તેઓ માત્ર એક જ

કલાકના વૈજ્ઞાનિક 'જ્ઞાનવિધિ' પ્રયોગ દ્વારા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો રોકડો અનુભવ કરાવી દેતા. આ જ કારણ હતું કે જેમની પાસે જ્ઞાનીને પરખવાની ઝીણવટભરી દૃષ્ટિ નહોતી, એવા હજારો સામાન્ય લોકો પણ આ સંસારી વેશે વિચરતા જ્ઞાનીને ઓળખી શક્યા અને તેમના ચરણોમાં શ્રદ્ધાપૂર્વક સમર્પિત થયા.

દાદાશ્રી આત્મજ્ઞાન થયા પછી સંપૂર્ણપણે દેહાતીત દશામાં વર્તતા હતા. તેમને કોઈની પાસે કોઈ પણ પ્રકારની કોઈ અપેક્ષા નહોતી કે નહોતી લોકો તેમને પૂજે એવી કામના. આ જ કારણે તેમણે પોતાના પહેરવેશમાં કોઈ બદલાવ કર્યો નહીં અને ગૃહસ્થ વેશે જ વિચરણ કરતા રહ્યા.

આવા પરમ જ્ઞાનીનું કોઈ પણ ટીલા-ટપકાં, ભગવા જેવા બાહ્ય ચિહ્નો વિના, કોટ-ટોપી-બૂટ જેવા સામાન્ય ગૃહસ્થ વેશમાં રહીને હજારો લોકો દ્વારા પૂજાવું, એ જ અધ્યાત્મ જગતનું 'અસંયતિ પૂજા' નામનું અગિયારમું આશ્ચર્ય છે.

દાદાશ્રીનું નિષ્પક્ષપાતીપણું અને અભેદ દૃષ્ટિ એવી અજોડ હતી કે દરેક ધર્મ, સંપ્રદાય ને જ્ઞાતિના લોકોએ તેમને સ્વીકાર્યા છે. તેઓ સાચા અર્થમાં 'સંગમેશ્વર' છે.

દાદાશ્રીની મહાનતા તો એ હતી કે તેઓ પોતાની જાતને ક્યારેય 'ભગવાન' તરીકે ઓળખાવતા નહીં. તેઓ તો એમ જ કહેતા કે હું તો 'જ્ઞાની પુરુષ' છું અને 'દાદા ભગવાન' તો મહીં જે પ્રગટ થયા તે છે. તેઓ પોતાને સર્વજ્ઞ દશા પ્રાપ્ત થવામાં ચાર ડિગ્રીની ઊણપ છે, એ વાતનો નિખાલસતાથી સ્વીકાર કરતા.

જ્યારે દાદાશ્રી સ્વયંને પ્રસંગોપાત્ત મહાદેવજી, રણછોડજી કે મહાવીર તરીકે ઓળખાવે છે, ત્યારે તે તેમના અહંકારનું પ્રતિબિંબ નથી, પરંતુ જીવોના કલ્યાણ માટેની અપાર કરુણા છે. તેમનો હેતુ તો એ જ હતો કે લોકો 'જ્ઞાની પુરુષ'ના સાચા સ્વરૂપને સમજી શકે, તેમની યથાર્થ ઓળખાણ પામી શકે અને તે દ્વારા આધ્યાત્મિક માર્ગે પૂર્ણ લાભ પ્રાપ્ત કરી શકે.

દાદાશ્રીના સમગ્ર જીવનનો એકમાત્ર ધ્યેય હતો કે આખા જગતનું કલ્યાણ થાઓ. જે જ્ઞાન, જે સુખ પોતે પામ્યા તે આખું જગત પામે એ જ ભાવના એમની રગેરગમાં વહેતી હતી. આ ભાવનાની ફલશ્રુતિ રૂપે તેઓ પોતે વીતરાગ હોવા છતાંય દેશ-વિદેશ વિચરણ કરી જીવોને દુઃખમુક્ત કરવા અને મોક્ષમાર્ગે વાળવા નિરંતર પ્રયત્નશીલ રહ્યા. તેમનો ઉદ્દેશ્ય કોઈ નવો પંથ સ્થાપવાનો કે માન-પ્રતિષ્ઠા મેળવવાનો નહોતો, પરંતુ કેવળ જીવમાત્ર પ્રત્યેની અત્યંત કરુણાથી પ્રેરાઈને તેમણે અંતિમ સમય સુધી જગત કલ્યાણનું કાર્ય અકર્તા ભાવે ચાલુ રાખ્યું હતું.

આ ગ્રંથ, દસ લાખ વર્ષે પ્રગટેલા એ અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદાશ્રીના જીવન, તેમના દ્વારા પ્રબોધાયેલ ક્રાંતિકારી 'અક્રમ વિજ્ઞાન' અને તેમની જગત કલ્યાણની અવિરત ભાવધારાને ઉજાગર કરવાનો પ્રયાસ કરે છે. તે વાચકને દાદાશ્રીના જ્ઞાનની ગહનતા, તેમની કારુણ્યતા અને અક્રમ માર્ગની અદ્‌ભુત સરળતાનો પરિચય કરાવશે.

આ ગ્રંથનું સંકલન દાદાશ્રીની પ્રસંગોપાત્ત નિમિત્ત આધીન નીકળેલ વાણીમાંથી કરવામાં આવ્યું છે. આથી, જો વાણીના પ્રવાહમાં ક્યાંય અસંગતિ કે ક્ષતિ જણાય, તો તે મૂળ વાણીનો દોષ ન સમજતા સંકલનની ખામી ગણી ક્ષમ્ય ગણશો.

દાદાશ્રીના જ શ્રીમુખે વહેલી જ્ઞાનવાણીમાંથી સંકલિત થયેલ આ ગ્રંથ સહુને જ્ઞાની પુરુષની વિશેષ ઓળખાણ થવામાં નિમિત્ત બને એ જ અંતરની અભિલાષા.

**- દીપકના જય સચ્ચિદાનંદ**

# ઉપોદ્‌ઘાત

## [૧] સુરત સ્ટેશને સર્જાયું અધ્યાત્મનું આશ્ચર્ય

### • એ ઐતિહાસિક સાંજ, સુરત સ્ટેશને જ્ઞાનનો આવિર્ભાવ

ઈ.સ. ૧૯૫૮ની સાલમાં, પરમ પૂજ્ય દાદાશ્રીની (શ્રી અંબાલાલ મૂળજીભાઈ પટેલની) ઉંમર પચાસ વર્ષની હતી. ત્યારે ગુજરાતના સુરત શહેરના રેલવે સ્ટેશન પર, પ્લૅટફૉર્મ નં. ૩ના એક બાંકડા પર બેઠા બેઠા, તેમને આત્મજ્ઞાનનો સ્વયંભૂ આવિર્ભાવ થયો. જે બાંકડે એમને જ્ઞાન થયું, આજે એ જૂનો લાકડાનો બાંકડો નથી રહ્યો, પણ એ સ્થાન જ્ઞાન પ્રાગટ્યની ઘટનાનું શાશ્વત સાક્ષી બની ગયું છે.

આ દિવ્ય ઘટના બની તે સમયે દાદાશ્રી કોઈ સંત કે ત્યાગી નહોતા, બલકે તેઓ અન્ય લોકોની જેમ જ એક સામાન્ય સાંસારિક જીવન જીવી રહ્યા હતા. તેઓ પોતાના વ્યવસાયિક જીવનમાં સંપૂર્ણપણે સક્રિય હતા; મુંબઈમાં તેઓ દરિયામાં જેટી બાંધવાનો કોન્ટ્રાક્ટનો ધંધો સંભાળતા હતા અને સાથે સાથે સોનગઢમાં લાકડાની એક સૉ મિલનું સંચાલન પણ કરતા હતા.

જ્ઞાન થયું તે દિવસે તેઓ સોનગઢ-વ્યારાથી વડોદરા જઈ રહ્યા હતા. સાંજના સાડા પાંચ-છ વાગે ટ્રેન સુરત સ્ટેશને આવી. તે સમયે દાદાશ્રી જૈન ધર્મના કેટલાક નિયમો જેવા કે સાંજે વહેલું જમી લેવું (ચોવિહાર), ઉકાળેલું પાણી પીવું, કંદમૂળ ન ખાવા વગેરેનું પાલન કરતા હતા. તેઓ જન્મથી વૈષ્ણવ હોવા છતાં, આ નિયમો હિતકારી અને વૈજ્ઞાનિક લાગતા હોવાથી એમણે સ્વીકારેલા. માટે ટ્રેનમાં જ તેમણે ભોજન લઈ લીધું હતું. સુરત સ્ટેશને ઉતર્યા બાદ, તેમના એક સેવક રણછોડભાઈ કે જે તેમની સાથે હતા, તે વાસણો ધોવા ગયા. દાદાશ્રી પ્લૅટફૉર્મ પર વડોદરા જવાની ટ્રેનની રાહ જોતા એક બાંકડા પર બેઠા.

સ્ટેશન પર ખૂબ ભીડ હતી, લોકોની આવનજાવન અને કોલાહલ ચાલુ હતો. દાદાશ્રી શાંતમુદ્રામાં બેઠા હતા અને ત્યાં અચાનક જ જાણે અંદરથી જ કોઈ કોઠી ફૂટી હોય તેમ જ્ઞાનનો ઝળહળ પ્રકાશ થયો ! જાણે તેમનું પોતાનું 'અંબાલાલ' તરીકેનું અસ્તિત્વ જ ક્ષણ વારમાં ઓગળી ગયું. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર; આખું અંતઃકરણ બંધ થઈ ગયું. બહાર ભીડ અને ઘોંઘાટ હોવા છતાં અંદર અગાધ શાંતિ અને એકાંત છવાઈ ગયું. એ કોલાહલની વચ્ચે જ તેમને શુક્લધ્યાનનો અદ્‌ભુત અનુભવ થયો.

દાદાશ્રીએ જણાવ્યું કે સુરત સ્ટેશને આ જ્ઞાન થવા માટે એ ભૂમિનું તપોબળ અને ત્યાંના લોકોના સરળ અને સુંવાળા હૃદય પણ નિમિત્ત બન્યા હશે. જ્યારે તેમને જ્ઞાન થયું એની ચોક્કસ તારીખ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે સ્મરણ કરીને કહ્યું કે તે જૂન મહિનો હતો, ઉનાળો અને ચોમાસાની વચ્ચેનો સમય. પરંતુ ચોક્કસ તારીખ તેમને યાદ નહોતી, કારણ કે તે સમયે તેમને તેનું કોઈ મહત્ત્વ જ લાગ્યું નહોતું. તેમને એમ પણ ખ્યાલ નહોતો કે ભવિષ્યમાં કોઈ આ તારીખની નોંધ માગશે. તેમના માટે તો જે જ્ઞાનનો ઉજાસ થયો, તેનું જ મહત્ત્વ હતું.

### • બ્રહ્માંડ દર્શન અને સનાતન સત્યોનો ફોડ

સુરત સ્ટેશને એક કલાકના એ સમયગાળામાં દાદાશ્રીને જે અનુભૂતિ થઈ તે અવર્ણનીય હતી. એ કોઈ સામાન્ય પ્રકાશ નહોતો પણ પરમ જ્યોતિસ્વરૂપ, દિવ્ય જ્ઞાનપ્રકાશ હતો. એના જેવો પ્રકાશ આ જગતમાં બીજે ક્યાંય નથી. એ પ્રકાશમાં તેમને સમગ્ર બ્રહ્માંડનું દર્શન થયું. તેમને 'હું કોણ છું, આ જગત શું છે, તે કોણે બનાવ્યું, તે કેવી રીતે ચાલે છે, કોણ ચલાવે છે, ભગવાન ખરેખર કોણ છે, કર્મ શું છે, બંધન શું છે, મુક્તિ શું છે, કર્મ કેવી રીતે બંધાય છે અને કેવી રીતે છૂટે છે, ચાર ગતિઓ (દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, નર્કગતિ) અને પાંચમી મોક્ષગતિ શું છે' - જેવા તમામ પ્રશ્નોના ફોડ પડી ગયા. તેમણે જોયું કે જગત કોઈએ બનાવ્યું નથી, તે અનાદિ અનંત છે. જે બનેલું હોય તેનો નાશ થાય પણ આ જગત અવિનાશી છે.

તેમને કર્તા કોણ છે, ભોક્તા કોણ છે, સાચું શું છે, ભ્રાંતિ શું છે - તે બધું જ યથાર્થ રીતે સમજમાં આવી ગયું. આખા બ્રહ્માંડના તમામ રહસ્યો ખુલ્લા થઈ ગયા. સર્વ શાસ્ત્રોનો સાર તેમના હાથમાં આવી ગયો. કશું જાણવાનું બાકી રહ્યું નહીં. તેમણે જગતના મૂળ તત્ત્વોને સૂક્ષ્મતમ સ્તરે જોયા.

આ અનુભૂતિ સીધી જ સાક્ષાત્કારરૂપ હતી, તેમાં તુર્યાવસ્થા જેવા કોઈ તબક્કા નહોતા. એ સમયે એમને સ્થળ-કાળનું ભાન નહોતું, 'હું અંબાલાલ છું' એ પણ ખ્યાલ નહોતો. ફક્ત જ્ઞાનમાં જ એમની રમણતા હતી. ત્યારે 'પોતે' જ જોનાર (દ્રષ્ટા), 'પોતે' જ જાણનાર (જ્ઞાતા) અને જાણવાની વસ્તુ પણ 'પોતે' જ, એવી સ્વ-પરપ્રકાશક દશા હતી. જે દૃષ્ટિ પહેલા બાહ્ય જગતને (દૃશ્યને) જોતી હતી, તે હવે અંતર્મુખી થઈને દ્રષ્ટાને જોવા લાગી, દૃષ્ટિ દ્રષ્ટામાં પડી. તેમને 'આ જગતના બધા જ જીવોમાં તત્ત્વ સ્વરૂપે હું જ છું' એવી એકતાની અનુભૂતિ થઈ. આખા બ્રહ્માંડના સ્વામી પોતે જ હોય તેવો અનુભવ થયો. તેઓ મન-વચન-કાયાથી તદ્દન છૂટા પડ્યા ને જ્ઞાતા-દ્રષ્ટા પદમાં સ્થિત થયા.

આ અનુભૂતિ થઈ કોને ? એની દાદાશ્રી સ્પષ્ટતા કરે છે કે આ અનુભૂતિ અહંકારને થઈ. જે 'હું' (અહંકાર) બંધાયેલો હતો, તેને જ છૂટ્યાનો અનુભવ થયો અને તે પરમ તત્ત્વ સાથે એકાકાર થઈ ગયો. પોતે પોતાને જ જાણ્યો. જ્ઞાનનો અનુભવ થયે એમનું ચિત્ત શુદ્ધ થયું, મન ઓગળી ગયું, અહંકાર સંપૂર્ણપણે વિલીન થયો અને પછી ધીમે ધીમે એમની બુદ્ધિ પણ જતી રહી.

**• પરમાનંદનો અનુભવ**

આ જ્ઞાન થયું તેની પ્રતીતિ કેવી રીતે થઈ ? દાદાશ્રી કહે છે કે તે સમયે જે સુખ વર્તાયું, તે જાણે સિદ્ધગતિમાં બેઠા હોઈએ તેવું અપાર સુખ હતું. બાંકડા પર બેઠા હોવા છતાં પરમ સુખનો અનુભવ હતો. એ વખતે એવો આનંદ હતો કે જે કોઈ અવતારમાં ચાખ્યો ન હોય. જો કે એ પરમાનંદની તીવ્રતા જ્ઞાન થયા પછી સતત ન રહી, કારણ કે પછી

ઉદયકર્મોનું દબાણ આવ્યું. પરંતુ તે દિવસ પછી પરમાનંદની ધારા એક ક્ષણ વાર માટે પણ તેમનામાંથી ગઈ નહોતી.

### • અવર્ણનીય, અવક્તવ્ય, માત્ર અનુભવગમ્ય

સુરત સ્ટેશને દાદાશ્રીને થયેલો જ્ઞાનનો અનુભવ શબ્દોથી પર હતો. દાદાશ્રી કહે છે કે જે પદ સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જોયું, તેનું વર્ણન ભગવાન પણ શબ્દોમાં કરી શક્યા નથી. એ તો અનુભવગમ્ય વસ્તુ છે. જેમ સાકરનું ગળપણ ચાખીને અનુભવી શકાય પણ વર્ણવી ન શકાય, તેમ આ અનુભવને વર્ણવવા શબ્દો સમર્થ નથી. જેટલું શબ્દોમાં કહી શકાય, બુદ્ધિથી સમજાવી શકાય, તેટલું જ દાદાશ્રી કહી શકતા. બાકીનું તો અવર્ણનીય, અવક્તવ્ય અને બુદ્ધિથી પર છે, જે એ સ્થિતિએ પહોંચ્યા પછી જ જાણી શકાય. છતાં, દાદાશ્રીના મુખ પર નિરંતર રહેતો આનંદ, તેમનું ટેન્શનરહિત હાસ્ય જોઈને લોકોને ખાતરી થતી કે આ કંઈક બહુ ઊંચી સમજવા જેવી વસ્તુ છે.

### • જ્ઞાન પછી જીવનમાં પરિવર્તન - અહંકારમુક્ત, નિરંતર સમાધિ

* જ્ઞાન થયું એ ક્ષણથી દાદાશ્રીના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. આગલા દિવસે જે જબરજસ્ત અહંકારી હતા, તે બીજા જ દિવસે સંપૂર્ણ નિર્‌અહંકારી બની ગયા.

* અહંકાર ગયો એટલે ક્રોધ-માન-માયા-લોભની આખી વંશાવળી જ જાણે પોટલાં બાંધીને ચાલી ગઈ. જેમ પ્રકાશ થતા અંધારું આપોઆપ જતું રહે, તેમ જ્ઞાનરૂપી પ્રકાશ થતા અજ્ઞાન અને કષાયો જતા રહ્યા.

* અહંકાર જવાથી મુખ પરના હાવભાવ રળિયામણા થઈ ગયા.

* પહેલા જે માનની ભૂખ રહેતી, માન ખાતર કાર્યો કરવાની વૃત્તિ હતી તે ગઈ અને માનની વૃત્તિ વિના સહજ ભાવે કાર્યો થવા લાગ્યા.

* 'હું કર્તા છું' એ ભાવ સંપૂર્ણપણે જતો રહ્યો, તેથી વ્યવહારના કાર્યો પણ વધુ સુંદર રીતે થવા લાગ્યા. પહેલા ખોટ જાય તો પ્રારબ્ધનો વાંક કાઢતા અને નફો થાય તો 'મેં કર્યું' એમ માનતા, તે બધું ગયું.

તેઓ જ્ઞાતા-દ્રષ્ટા ભાવમાં સ્થિત થયા. જો કે તેમનામાં ભોક્તાપણાના અહંકારનો નિર્જીવ અંશ રહ્યો, કે જે કર્મ ભોગવવામાં નિમિત્ત બને, પણ તેમને નવું કર્મ બંધાવાનું બંધ થઈ ગયું.

* 'હું અંબાલાલ છું' એ પોતાપણું જ છૂટી ગયું.

* જાણે ભિખારી મટીને રાજા બની ગયા હોય તેવી પ્રતીતિ થઈ.

* અજ્ઞાનના કિનારેથી જ્ઞાનના કિનારે પહોંચી ગયા.

* જગત સંબંધી કોઈ પઝલ રહ્યું નહીં, બધા ફોડ પડી ગયા.

* માણસોના માત્ર પૅકિંગ (શરીર) નહીં, પણ અંદર રહેલો માલ (આત્મા) દેખાવા લાગ્યો. ગાય, ભેંસ, કૂતરાં, બધામાં એ જ શુદ્ધ તત્ત્વના દર્શન થવા લાગ્યા.

* જ્ઞાન થયા પહેલા તેમને પણ ચિંતા, ઉપાધિ બધું જ હતું. લોકો તેમને સુખી માનતા પણ અંદરખાને તેઓ માનની ભૂખને લીધે દુઃખી રહેતા, રાત્રે ઊંઘ પણ નહોતી આવતી. જ્ઞાન થયા પછી એ બધું જ ગયું. જ્ઞાન થયા બાદ તેમને એક ક્ષણ વાર માટે પણ ચિંતા કે ટેન્શનનો અનુભવ થયો નહોતો. તેઓ નિરંતર પરમાનંદમાં, સમાધિમાં જ રહેતા હતા. આધિ, વ્યાધિ અને ઉપાધિની વચ્ચે પણ સમાધિ રહેતી. ઈન્કમટૅક્સની નોટિસ આવે કે દંડ થાય, તો પણ તેમની આંતરિક સમાધિ અકબંધ રહેતી. કોઈ ગાળો ભાંડે કે મારે તો પણ તેમને અંતરનો આનંદ ન જાય એવી સમાધિ રહેતી.

કોઈ દાદાશ્રીને એમ કહે કે 'તમે તો જ્ઞાની ને અમે અજ્ઞાની.' તો દાદાશ્રી કહેતા કે અજ્ઞાની હોવું એ મોટું સર્ટિફિકેટ છે. અજ્ઞાન થાય એ તો જ્ઞાની થવાની તૈયારી કહેવાય. અજ્ઞાન થયેલા માણસો ઓછા હોય. અજ્ઞાની હોય એ તો જાણે કે પોતે અજ્ઞાનના કિનારે છે ને પેલે કિનારે જ્ઞાન છે. બાકી બીજા તો નથી જ્ઞાનમાં કે નથી અજ્ઞાનમાં, એ તો 'અર્ધદગ્ધ' કહેવાય. જેમ કે અડધું બળેલું લાકડું, જે ન કોલસા તરીકે કામ લાગે, ન લાકડા તરીકે. ખરા અજ્ઞાનીની તો લાક્ષણિકતા એ કે તે

પોતાના બધા દોષોને જાણે. દાદાશ્રી કહે છે કે જ્ઞાન પહેલા તેઓ 'સંપૂર્ણ અજ્ઞાની' હતા. કેમ ? કારણ કે તેઓ પોતાના નાનપણથી લઈને જ્ઞાન થતા સુધીના દરેક દોષને જાણતા હતા.

જ્ઞાન પછી પણ તેમનામાં ક્રમશઃ આંતરિક વિકાસ ચાલુ રહ્યો. જેમ જેમ આવરણો તૂટતા ગયા, તેમ તેમ તેમની વાણીમાં ગૂઢાર્થ વધતો ગયો. છતાં, મૂળભૂત પરિવર્તન તો એ કલાકમાં જ આવી ગયું હતું. ત્યારથી તેઓ નિરંતર મોક્ષ સ્વરૂપે જ રહેલા, એક ક્ષણ વાર પણ મોક્ષની બહાર નહીં રહેલા. મુંબઈ જેવી મોહમયી નગરીમાં રહીને પણ તેઓ મોક્ષમાં જ વિચરતા હતા. તેમની એ અખંડ સમાધિ એટલી પ્રબળ હતી કે તેમના દર્શન માત્રથી કે ચરણસ્પર્શથી બીજાઓને પણ સમાધિનો અનુભવ થતો હતો.

## [૨] કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા કળિયુગના કેવળી

### • કેવળજ્ઞાન પચ્યું નહીં ને રહ્યું કેવળદર્શન

દાદાશ્રીને સુરત સ્ટેશને જે જ્ઞાન થયું તેમાં તેમણે આખું કેવળજ્ઞાન જોયું, પરંતુ આ કાળના હિસાબે એમને તે પચ્યું નહીં, એટલે કે સંપૂર્ણપણે અનુભવમાં આવ્યું નહીં. આ કારણે પૂર્ણ ૩૬૦ ડિગ્રીને બદલે ૩૫૬ ડિગ્રી પર સ્થિતિ રહી, ચાર ડિગ્રી ઓછી રહી. દાદાશ્રી કહેતા કે જો આ કાળમાં કેવળજ્ઞાન થતું હોત તો પહેલું અમને જ થાત, કારણ કે આ કાળમાં ૩૫૬ ડિગ્રી સુધી પહોંચવું પણ અશક્યવત્ છે.

કેવળજ્ઞાન પચ્યું નહીં તેથી સ્થિતિ કેવળદર્શનની રહી. કેવળદર્શન એટલે આખું બ્રહ્માંડ, તેની ગૂઢ રચના, તે બધું સમજમાં આવી ગયું, પણ સંપૂર્ણ જ્ઞાનમાં નથી આવ્યું. કેવળજ્ઞાન એટલે બધા જ્ઞેયો ઝળકવા; તેમને ઘણાંખરાં જ્ઞેયો ઝળક્યા છે, પણ બધા નહીં.

દાદાશ્રી પોતાને ચાર ડિગ્રી ખૂટે છે, એ વાત એકદમ નિખાલસપણે કબૂલ કરતા. આ ચાર ડિગ્રીની ઊણપને કારણે દાદાશ્રી પોતાને 'કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા' તરીકે ઓળખાવતા. તેઓ કહેતા કે આ 'નાપાસ' થવું એ કેટલાક લોકોનું પુણ્ય જાગ્યું હશે તેને લીધે બન્યું,

કારણ કે જો તેઓ સંપૂર્ણ પાસ થયા હોત તો તરત મોક્ષમાં ચાલ્યા ગયા હોત અને આ જ્ઞાન આપીએ, એવી ખટપટ કરવા રોકાયા ન હોત. નાપાસ થયા પરિણામે શાસ્ત્રમાં ન હોય એવી જગતની મૂળ હકીકતો ને વ્યવહારની જુદી જુદી સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે લાવવું એનું જ્ઞાન પણ લોકોને આપી શક્યા.

તેઓ પોતાને કેવળદર્શન છે એમ કહેતા તે અહંકાર કરવા માટે નહીં, પણ જેથી લોકોને ખબર પડે કે આ દુકાનમાં આટલો માલ ભરેલો છે અને નિશ્ચય-વ્યવહાર અંગેના પ્રશ્નો પૂછવામાં સરળતા રહે.

**• રહ્યા સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ દોષો**

દાદાશ્રીને કેળવજ્ઞાન થવામાં રહેલી ચાર ડિગ્રીની ઊણપ સ્થૂળ (ઈન્દ્રિયગમ્ય) કે સૂક્ષ્મ (બુદ્ધિગમ્ય) દોષોને કારણે નહોતી; એવા દોષો જ્ઞાની પુરુષમાં એકુંય ના હોય. આ ઊણપ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષોને કારણે હતી. ચાર ડિગ્રી જે ખૂટતી હતી એમાં બાહ્ય રીતે કપડાં, ટોપી, વીંટી પહેરે અને માથાના વાળમાં પટિયા પાડે, તેલ નાખે વિગેરે બાબતોનો સમાવેશ થાય, ને બીજા એવા સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષો છે કે જે લોકોને સહેજેય હરકતકર્તા ન હોય, પણ પોતાના કેવળજ્ઞાનને અવરોધે. એ દોષો જ્ઞાને કરીને જ દેખાય અથવા દેવો એને અવધિજ્ઞાનથી જોઈ શકે.

દાદાશ્રી ભારપૂર્વક કહે છે કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી દોષ રહેવાના જ, કેવળજ્ઞાન થતા સુધી મહાવીર ભગવાનને પણ દોષો રહ્યા હતા. જે એમ માને કે 'મારા બધા દોષ થઈ રહ્યા', તે અધોગતિ નોતરે. ૧૯૫૮માં જ્ઞાન થયા પછી તેમને રોજના ત્રણ-ત્રણ હજાર દોષો દેખાતા હતા, જે દેખાઈ દેખાઈને જતા રહેલા.

**• ભેદ 'જ્ઞાની પુરુષ' અને પ્રગટ 'દાદા ભગવાન'નો**

દાદાશ્રીને એમની આ સૂક્ષ્મતમ ભૂલો કોણ દેખાડતું ? દાદાશ્રીના અંતરમાં જે પૂર્ણ સ્વરૂપે, ૩૬૦ ડિગ્રીએ પ્રગટ થયા તે 'દાદા ભગવાન' તેમને રોજ સો-સો ભૂલો બતાડે. આ ભૂલ દેખાડનાર જુદા છે અને ભૂલ

કરનાર પોતે (૩૫૬ ડિગ્રીવાળા) જુદા છે, એ અનુભવથી જ તેમને પરમાત્માની જુદાઈની ખાતરી થઈ. તેથી જ તેઓ પોતાને 'જ્ઞાની પુરુષ' કહેતા અને અંદર રહેલા પૂર્ણ પરમાત્માને 'દાદા ભગવાન' કહેતા.

મહીં પ્રગટેલા ભગવાન સાથે દાદાશ્રી વાતચીત કરે, એકાકાર થાય અને જુદા પણ રહી શકે, આમ ત્રણ રીતે એમનો ભગવાન સાથેનો વ્યવહાર હતો.

દાદાશ્રી કહેતા કે મારે ચાર ડિગ્રી ખૂટે છે માટે હુંય દાદા ભગવાનને નમસ્કાર કરું છું ને 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલું છું, જેથી મારી ડિગ્રી પૂરી થાય. અને જે કોઈ એ બોલે તે બોલનારના અંતરમાં પણ ભગવાન પ્રગટ થયા કરે.

લોકો કહે કે 'તમે જ દાદા ભગવાન છો', તો દાદાશ્રી કહેતા કે હું એવો કાચી માયાનો નથી કે હું આવા નર્કે જવાના ધંધા કરું. ભગવાન થયા વગર ભગવાન કહેવડાવવું એટલે નર્કે જવાનો ધંધો. હું તો મારી જાતને શોભે એટલું જ કહીશ, ચાર ડિગ્રી ખૂટે છે એમ જ કહીશ, કારણ કે મારે ભગવાન થઈ બેસવાની જરૂર નથી. આખા વર્લ્ડનું સુખ મહીંથી ઉત્પન્ન થાય છે, પછી ભગવાન કહેવડાવવાની શી જરૂર ? બહુ દુખિયો હોય તે ભગવાન કહેવડાવવા ફરે.

ખરેખર, દાદાશ્રીની અંતરની ભાવના એ હતી કે લોકો તેમને નહીં, પરંતુ તેમની અંદર સંપૂર્ણપણે પ્રગટ થયેલા ૩૬૦ ડિગ્રીના ચોખ્ખા પરમાત્માને ભજે, જેથી તેમનું આત્મકલ્યાણ થાય.

### • મોક્ષે જવાની ઉતાવળ નહીં, જગત કલ્યાણ કરવાની ભાવના

જ્યારે દાદાશ્રીને જ્ઞાન નહોતું થયું, ઓગણપચાસ વર્ષની ઉંમર હતી ત્યારે એમની રિલેટિવમાં ૨૬૫ ડિગ્રી હતી અને રિયલમાં ૩૪૫ ડિગ્રી હતી. એ વખતે ત્રણસો છપ્પન ડિગ્રી સુધી પહોંચવામાં એમને સૌથી મોટી અટકણ હતી 'હું કંઈક છું' એવો અહંકાર.

તેમની જે ચાર ડિગ્રી ખૂટતી હતી તે એક-બે અવતારમાં પૂરી થશે, પણ તેમને એની પણ ઉતાવળ નહોતી, કારણ કે વીતરાગતામાં ઉતાવળ

ના હોય અને એમનું તો મોક્ષમાં રિઝર્વેશન પાકું છે. અને ઉતાવળ ન હોવા પાછળ એમની પોતાની જગત કલ્યાણની ભાવના પણ ખરી જ. દાદાશ્રી કહે છે કે અમારે તીર્થંકર થવાની નહીં પણ તીર્થંકરની જેમ લોકકલ્યાણ કરવાની ઈચ્છા છે. આવી ભાવનાઓ પહેલેથી જ હતી, માટે જ તો ભગવાન એમનામાં પ્રગટ થયા.

**• પોતે સાચા દિલના, તે ભગવાનનેય ટૈડકાવે**

દાદાશ્રીને મહીંવાળા ભગવાન જોડે એટલી બધી એકતા હતી કે એમને કહેતા કે 'અહીં ક્યાં ગાંસડા છોડ્યા ? જો હજુ બીજે જાવ તોય મને વાંધો નથી.' ત્યારે ભગવાન કહે, 'પણ બીજી આનાથી સારી જગ્યા છે જ નહીં ને ! આવું હાર્ટ ના જડે.' એટલે ભગવાનને વઢે તોયે ભગવાન બીજે જાય નહીં. કારણ કે એમને બીજી જગ્યા જ નથી, તો ક્યાં જવાના હતા ? દાદાશ્રી તો ભગવાનનેય વઢતા'તા. સાચા ભક્ત તો ભગવાનનેય ટૈડકાવે. દાદાશ્રી સાચા દિલના હતા, તે પહેલેથી જ ટૈડકાવતા.

**• કારણ સર્વજ્ઞ, અરિહંત ને આચાર્ય વચ્ચેનું પદ**

એક વાર એક મોટા મહારાજ સાહેબને આપ્તવાણી પુસ્તક આપવા મહાત્માઓ સાથે દાદાશ્રી પણ ગયા. ત્યારે મહારાજ સાહેબે પૂછ્યું કે આમાં સર્વજ્ઞ કેમ લખ્યું છે ? તો દાદાશ્રીએ જણાવ્યું કે અમે 'સર્વજ્ઞ' નહીં પણ 'કારણ સર્વજ્ઞ' છીએ, સર્વજ્ઞ થવાના કારણો સેવી રહ્યા છીએ. પછી એમણે દાદાશ્રીની પરીક્ષા કરવા પૂછ્યું કે આ બોલે છે એ કોણ બોલે છે ? ત્યારે દાદાશ્રીએ કહ્યું, 'એ.એમ.પટેલ બોલે છે અને હું જોઉં છું, જાણું છું.' એટલે એ મહારાજ સાહેબે દાદાશ્રીની વાતને સ્વીકારી. કારણ કે એ તો શાસ્ત્રોના જાણકાર એટલે તરત સમજી જાય, શાસ્ત્રોના આધારે પરીક્ષા કરી શકે. જો દાદાશ્રીએ એમ કહ્યું હોત કે 'હું બોલું છું' તો એમ સમજત કે આ જ્ઞાની નથી. પણ દાદાશ્રીએ આવો ઉત્તર આપ્યો એટલે એમને દાદાશ્રીની જ્ઞાનદશાની પરીક્ષા થઈ ગઈ. પછી તો એ મહારાજ સાહેબ દાદાશ્રીની બધી આપ્તવાણી વાંચતા.

દાદાશ્રી કહે છે કે અમે નથી અરિહંત પદમાં કે નથી આચાર્ય પદમાં, બેઉની વચ્ચે છીએ.

સુરતના સ્ટેશને જ્ઞાન થયું તે જ્ઞાન અંશે અંશે જેમ જેમ પાત્ર મળે એમ બહાર પ્રગટ થતું ગયું. જ્ઞાન થયું, એ જ્ઞાન પોતાનાથી પ્રગટ ન કરી શકાય. પાત્ર મળે ને એના આધારે જેમ રેકર્ડ નીકળે તેમ પ્રગટ થતું જાય.

**• બીજા પ્રકારના જ્ઞાન પ્રત્યે ઉદાસીનતા**

જ્યારે કોઈને કેવળજ્ઞાન થાય ત્યારે દેવો પુષ્પવૃષ્ટિ કરે, સ્તવનો ગાય પણ દાદાશ્રી કહે છે કે અમને જ્ઞાન થયું ત્યારે એવું કંઈ થયું નહોતું. થયું હોત તો પણ એની સાથે કંઈ લેવાદેવા નહીં, કારણ કે અમને જે જ્ઞાન થયું એ જ મહત્ત્વની વાત હતી.

જાતિસ્મરણ જ્ઞાન પોતાને નથી થયું એમ દાદાશ્રી જણાવે છે. પોતે જાતની જ બહાર નીકળી ગયા પછી સ્મરણ શાનું હોય ? અને દાદાશ્રીને કીર્તિની પડેલી નહીં, માટે એ બાજુ જોઈને ટાઈમ શું કામ બગાડે ? જાતિસ્મરણ જ્ઞાન બુદ્ધિનો વિષય છે, જ્ઞાનનો વિષય નથી.

પાંચ પ્રકારના જ્ઞાન છે - મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ ને કેવળજ્ઞાન. એમાં કેટલા જ્ઞાન દાદાને છે એમ પૂછતા દાદાશ્રી જણાવે છે કે હું તો આત્માનું જ્ઞાન જાણું, એટલું જ છે. બીજું કોઈ જ્ઞાન મને નથી.

શ્રુતજ્ઞાન એટલે ઘણુંખરું શાસ્ત્રનું જ્ઞાન ખરું એમને. પણ એમને આ જે જ્ઞાન થયું એ જ નવું શાસ્ત્ર ઊભું કરે એવું હતું. એમનું જ્ઞાન તો સાયન્ટિફિક, કોઈ જગ્યાએ વિરોધાભાસ ના થાય. જો કે પહેલા શાસ્ત્રો એમણે જે વાંચેલા તેય તેઓ ભૂલી ગયેલા, કારણ કે શાસ્ત્ર ઉપરેય એમને રાગ નહીં. કોઈ પ્રશ્નો પૂછે તો જવાબ શાસ્ત્રના નહીં પણ કેવળજ્ઞાનમાં જોઈને બોલે, માટે નવી જ ને તાજી વાત નીકળે.

આ કાળમાં મનઃપર્યવજ્ઞાન નથી થતું, તોય મનઃપર્યવ અમુક અંશે દાદાશ્રીને વર્તતું. પણ સર્વાંશે નહોતું વર્તતું. તેઓ પોતાના મનના તમામ પર્યાયને જાણી શકતા પણ સામાના મનના બધા પર્યાય જાણી શકતા નહોતા, થોડાક જ જાણી શકતા. માટે તેઓ પોતાને મનઃપર્યવજ્ઞાન નથી એમ જ કહી દેતા. એમને મનઃપર્યવજ્ઞાન છે એમ કહી કોઈ ઈનામ કે ટાઈટલની લાલસા નહોતી.

અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પૌદ્‌ગલિક જ્ઞાન છે. એ એમને જોઈતું નહોતું. એમને જોઈતું'તું એકલું કેવળજ્ઞાન.

**• સીમંધર સ્વામી સાથે અનુસંધાન**

જ્ઞાન થયું ત્યારે દાદાશ્રીએ આખું બ્રહ્માંડ જોયું ત્યારે સીમંધર સ્વામીને પણ જોયા. પણ એ જોયા એટલે કેવી રીતે જોયા ? એ તો અરૂપીને જોયા એમ જાણી બીજી કલ્પનાઓમાં ઊતરવું નહીં. દાદાશ્રીનો સીમંધર સ્વામી સાથે તાર ચાલુ હતો. એમનો આહારક દેહ ત્યાં આગળ જઈને વાતચીત કરી, બધું સમાધાન કરીને પાછો આવે. એ તો જ્ઞાની પુરુષ એકલા જ કરી શકે, બીજા કોઈ ના કરી શકે.

## [3] અનંત અવતારના પુરુષાર્થનું ફળ આ જ્ઞાન

**• 'બટ નેચરલ' જ્ઞાન, કોઈ રીત કે પ્રયાસ વિના**

સુરત સ્ટેશને દાદાશ્રીને જે જ્ઞાનનો પ્રકાશ થયો તે કોઈ શાસ્ત્રો, ગુરુ કે પોતાના પ્રયાસના આધારે નહોતો થયો. દાદાશ્રી તો 'ધીસ ઈઝ બટ નેચરલ' - કુદરતી રીતે જ્ઞાન થઈ ગયું એમ કહે છે. આ જ્ઞાનપ્રકાશ એની મેળે જ થયો, તેમણે કોઈ પ્રયત્ન કર્યો નહોતો. પણ એનાથી ઘણા લોકોનું કલ્યાણ થશે અને આખો યુગ પલટો ખાશે. આ તો કેટલાક લોકોનું કલ્યાણ થવાનું હોય ત્યારે આવું નિમિત્ત ઊભું થાય.

જ્ઞાન થવાના થોડા દિવસો પહેલા તેમની પરિણતિઓમાં કોઈ ખાસ ફેરફાર નહોતો. જ્ઞાન થવાની ક્ષણ પહેલા તેમને કોઈ અણસાર કે કંઈક થવાનું છે એવો ખ્યાલ બિલકુલ નહોતો આવ્યો. ત્યારે કોઈ ચિંતિત દશા નહોતી, કોઈ વિચાર સુદ્ધાં નહોતો. તે તો ઓચિંતું જ જેમ વીજળી થાય એના જેવું હતું, ઝબકારાની પેઠે થઈ ગયું.

'શી રીતે થયું' એવું કોઈ પૂછે તો દાદાશ્રી ભારપૂર્વક કહે છે કે રીત ગણિતમાં હોય, આમાં ન હોય. રિલેટિવ બાબતમાં રીત હોય, રિયલમાં રીત ના હોય. જો રીત હોત તો બીજા પણ તે રીતે જ્ઞાન પામી શકત. આ તો આપોઆપ જ, કોઈ પણ પ્રયત્ન વગર થયું છે. કરવાથી જ્ઞાન ન થાય, કરવાથી અજ્ઞાન જ થાય. કરવું એ જ ભ્રાંતિ છે, અને સમજવાથી

જ્ઞાન થાય. જ્ઞાન હંમેશાં કુદરતી હોય. માટે આ નકલ કરવાની ચીજ નથી. આ તો મોટામાં મોટી અજાયબ ગિફ્ટ (ભેટ) કહેવાય. ઘણા લોકો નકલ કરવા સુરત સ્ટેશને એ જ બાંકડા પર જઈને બેઠા, પણ તેનાથી કંઈ વળ્યું નહીં. આ તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થયા ને કાર્ય થઈ ગયું.

જ્ઞાન એમના જેવી નકલ કરવાથી નહીં થાય પણ દાદાનો દીવો પ્રગટ્યો છે એ દીવા થકી આપણો દીવો પ્રગટ થઈ શકે. માટે જ્ઞાની પાસે જઈ જ્ઞાન પામવું એ જ નિશ્ચય કરવા જેવો. કારણ કે પોતે વિકલ્પી છે, માટે જો નિર્વિકલ્પી એવા જ્ઞાની પાસે જાય તો જ નિર્વિકલ્પી થઈ શકે, પોતે જાતે ન થઈ શકે.

**• જ્ઞાન પહેલાની ભૂમિકા**

દાદાશ્રી જણાવે છે કે એમને તો સપનામાંય નહોતું કે આવું પદ એમને પ્રાપ્ત થશે ! અને આવા પદનો એમણે ટ્રાયેય નહોતો કર્યો. આત્માનો સહેજ ઉઘાડ થાય એવો પ્રયત્ન કરેલો, જેથી કંઈક શાંતિ રહે. કારણ કે એમને પણ પાર વગરની ચિંતા થતી'તી. આ જન્મમાં જ્ઞાન માટે કોઈ ભૂમિકા એમને દેખાઈ નહોતી. જ્ઞાન થયાના આગલે દહાડે એમને પોતાનેય પોતે સામાન્ય માણસ લાગતા હતા.

પણ જ્ઞાન પહેલા એમની અંદરની સ્થિતિ જોઈએ તો...

* એમને શાંતિ બહુ રહ્યા કરે, પણ એ અહંકાર સાથેની શાંતિ હતી, માટે જ્યારે કોઈ અડચણ આવે ત્યારે પાછી અશાંતિય થઈ જાય.

* અંતઃકરણની શુદ્ધિ હતી, 'કંઈ જ જોઈતું નથી', એવું સ્પષ્ટપણે હતું. ફક્ત માનની ભૂખ રહ્યા કરે મહીં.

* 'હું કંઈક છું' એવો અહંકાર ભારે હતો, પણ લોભ-મમતા નહોતા.

* શ્રીમદ્ રાજચંદ્રના અને બીજા ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરતા અને જૈનધર્મના કેટલાક આચાર પાળતા હતા.

* આખા વર્લ્ડની કોઈ ચીજ વિચારવાની બાકી નહોતી રાખી.

* વીતરાગો તરફ, કૃષ્ણ ભગવાન તરફ નિરંતર 'જ્ઞાન' માટેની સિન્સિયારિટી હતી.

* પહેલેથી ધાર્મિક વૃત્તિ, સંસારી વૃત્તિ નહીં. સંસારની રુચિ નહોતી, સંસારના સુખ એમને સુખ લાગતા નહોતા, નિરંતર ભયવાળું જ લાગતું'તું, જગત.

* જ્ઞાન થયા પહેલા એમની સમજણ જ્ઞાનીઓને મળતી આવે એવી હતી.

* પોતાને સમકિત થશે એવું લાગેલું, અને એમના ભાગીદારેય કહેતા'તા કે એમને કંઈક જ્ઞાન થવું જોઈએ.

* નાનપણથી એમની મુખ્ય શોધખોળ એ હતી કે ભગવાનને ખોળવા છે, પણ મારા ઉપરી તરીકે ભગવાન ના જોઈએ. આ ઉપરીપણું પોસાય નહીં એ ભાવનાને લીધે તેઓ અધ્યાત્મની બીજી કોઈ સામાન્ય દુકાનોએ ઊભા ન રહ્યા.

* સાથે જગત કલ્યાણ કરવાની ભાવના હતી, 'આ લોકો દુઃખમાંથી મુક્ત કેમ થાય ?' એવી ભાવના મહીં સતત રહેતી. એમનો ઓબ્લાઈજિંગ નેચર હતો, પોતાના સુખની નહીં પણ સામાને શું અડચણ છે તેની જ પડેલી. આ કારુણ્યતાનું બીજ જ્ઞાન પ્રગટવામાં નિમિત્ત બન્યું.

**• અનંત અવતારનું ભાથું**

આમ જોતા જ્ઞાન પહેલા પણ એમનામાં લક્ષણો તો પહેલેથી જ બહુ ઊંચા હતા, પણ દાદાશ્રી પોતાને આવા કોઈ જ્ઞાન માટે પાત્ર નહોતા માનતા. તેઓ તો જ્ઞાનને પૂર્વભવોમાં જે સાધનાઓ કરેલી તેનું ફળ ગણાવતા. તેઓ પૂર્વભવમાં બહુ મોટી સાધનાઓ કરીને આવેલા. પૂર્વભવનું બહુ મોટું ઉપાદાન લઈને આવેલા, આખા વર્લ્ડનો સિદ્ધાંત, વર્લ્ડને દુઃખમાંથી છોડાવવા માટે ઊંચામાં ઊંચું ભાથું લઈને આવેલા. તેઓ કેટલાય જન્મોથી આ જ વિજ્ઞાન ખોળતા'તા, તે આ વિજ્ઞાન એમને આ જન્મમાં પ્રગટ થઈ ગયું.

પાછલા જન્મોમાં ગુરુઓ મળેલા, જ્ઞાનીઓ મળેલા, સાધનાઓ કરેલી, તેમાંથી અધ્યાત્મનો સામાન લઈને આવેલા, એ પૂર્વનો સામાન બધો ભેગો થયેલો. એ જ આ જન્મે સંજોગો મળતા પ્રગટ થયો. એનો ટાઈમ થયો એટલે ફૂટ્યો. દારૂ ભર્યા વગર તો કોઠી ફૂટે જ નહીં ને ! આ તો અનંત અવતારથી કરતા આવેલા, તે કાર્ય આ ભવમાં પૂરું થયું.

**• આ તો લબ્ધિ છે**

આ જન્મમાં દાદાશ્રીને જ્ઞાન થયું એ તો પરિણામ આવ્યું. પણ પરીક્ષા આપ્યા વિણ પરિણામ આવે નહીં. અને પરિણામ ઉપરથી પરીક્ષા કેવી આપી હશે એ ખબર પડે. દાદાશ્રીની ભાવના એ જ હતી, કે 'આ લોકોનું કેમ કલ્યાણ થાય', તેનું જ આ ફળ આવ્યું. જગતની રક્ષા કરવાની જેને ઈચ્છા થાય એ રાજા થઈને આવે અને કલ્યાણ કરવાની ભાવના થાય તો એ ભગવાન થઈને આવે. અનંત અવતારથી એમણે એવા ભાવ કરેલા કે મારું કલ્યાણ થાવ અને જગતના લોકોનુંય કલ્યાણ થાઓ, તેનું આ ફળ આવ્યું.

જેમ પરીક્ષા આપ્યા પછી પરિણામ આવે ને, એમાં પરિણામનો પોતે કર્તા નથી, પરીક્ષા આપ્યાનો પોતે કર્તા છે. કોઈ પણ કાર્ય થાય તે એમ ને એમ ન થાય પણ આગળ સેવેલા કારણોના પરિણામ સ્વરૂપે થાય છે. જ્યારે કાર્ય થાય ત્યારે તો તે માત્ર પરિણામ જ હોય છે, જેમાં પોતે ફક્ત નૈમિત્તિક કર્તા હોય છે. પણ લોકો કાર્યને 'મેં કર્યું' કહે, કારણ કે અહંકાર હોય. દાદાશ્રીમાં અહંકાર નહોતો એટલે 'ધીસ ઈઝ બટ નેચરલ' કહેતા.

આ જ્ઞાન પ્રગટ થવું એ ઈફેક્ટ કહેવાય. પહેલા કૉઝિઝ થયેલા હોવા જોઈએ. કોઈ પણ વસ્તુ અચાનક નથી બનતી. જગતને સમજાય નહીં એટલે એને ઍક્સિડન્ટલી કહે, અને દાદાશ્રી એને ઈન્સિડન્ટલી કહેતા. એન ઈન્સિડન્ટ હેઝ સો મેની કૉઝિઝ, એન ઍક્સિડન્ટ હેઝ ટૂ મેની કૉઝિઝ.

પાછલા કયા કારણોથી આ જ્ઞાન થયું એ શોધવા જઈએ તો જડે નહીં. માટે ટૂંકા શબ્દોમાં, લૌકિક સમજણ પ્રમાણે પુણ્યને આધારે

થયું એમ કહેવાય. પણ પુણ્યને વિગતવાર સમજીએ તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થાય એટલે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ બધું ભેગું થાય, એટલે પછી કાર્ય થઈ જાય. વ્યવસ્થિત શક્તિ આ બધા એવિડન્સને ભેગા કરી આપે છે.

દાદાશ્રી કહેતા કે હું મારી જાતે જ્ઞાની થયો નથી. લોકો કરોડાધિપતિયેય જાતે નથી બનતા, એ તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સના આધારે બને છે. પણ ભ્રાંતિના આધારે મનમાં માને છે કે હું કમાયો. અને જ્ઞાની પુરુષને એ ભ્રાંતિ ના હોય, માટે જેવું હોય એવું કહી દે કે હું સુરતના સ્ટેશન પર બેઠો'તો ને આવું જ્ઞાન થઈ ગયું.

આ જ્ઞાન થયું એ તો લબ્ધિ છે, ગિફ્ટ છે. જે પ્રાપ્ત થયેલું હોય એના કૉઝિઝ દેખાય બધા અને લબ્ધિના કૉઝિઝ ના દેખાય અન્ડરગ્રાઉન્ડ કૉઝ હોય. કેટલાય લોકોનું પુણ્ય ભેગું થાય ત્યારે આ લબ્ધ થાય.

**• સમગ્ર જગતનો જાગ્યો પુણ્યોદય**

આ તો અજાયબી થઈ છે, આખા વર્લ્ડમાં કોઈ માણસને જે પ્રાપ્ત ના થાય એ પદ દાદાશ્રીને પ્રાપ્ત થયું. દુર્લભ એવું પદ છે આ. શ્રીકૃષ્ણ, મહાવીર, મહાદેવ પોતે જ કહેવાય, એવું આ પદ છે. આ તો હોય નહીં આ કાળમાં. એટલે લોકોની પુણ્યૈ જાગી, આખા વર્લ્ડની પુણ્યૈ જાગી છે. દરેક તીર્થંકર જન્મ્યા ત્યારે અડધા જગતનો પુણ્યોદય જાગતો હતો. કોઈ દહાડો આખા જગતનો પુણ્યોદય એક સાથે ના જાગે. હિન્દુસ્તાનમાં જાગે, પછી અરબસ્તાનમાં જાગે, યુરોપમાં જાગે, પણ આ છ ખંડ ધરતીનો પુણ્યોદય એક સાથે ના જાગે. અને આ તો આખા જગતનો પુણ્યોદય જાગ્યો છે. એ પુણ્યોદયના ફળરૂપે આ મૂર્તિ ઘડાઈ છે.

**• વિક્રમ ટોચે બેઠા જ્ઞાની**

વળી આ તો વિક્રમ ટોચે બેઠેલા જ્ઞાની. એટલે મોક્ષ આપે અને સાથે સાથે વ્યવહારના પ્રશ્નોનું પણ નિરાકરણ લાવી આપે, જ્યારે કેવળજ્ઞાની માત્ર મોક્ષનો જ ઉકેલ આપે. દસ લાખ વર્ષ થાય ત્યારે આવો કલ્પાતીત અવતાર આવે, એમાં જે પુણ્યશાળી હોય તે કામ કાઢી નાખે.

## [૪] સ્વયંબુદ્ધ

### • ગુરુની ખોજ અને જીવંત ગુરુની અનિવાર્યતા

એમ કહેવાય છે કે ગુરુ વિના જ્ઞાન નહીં, માટે દાદાશ્રી પણ જ્ઞાન પહેલા ગુરુની ખોજ કરતા હતા, પણ તેમને સંતોષ થાય એવા કોઈ ગુરુ જડ્યા નહીં. તેમને એવા ગુરુ જોઈતા હતા કે જે દોરવણી આપે, આગળના રસ્તાનું ભાન કરાવડાવે. પરંતુ એવો સાચો રસ્તો દેખાડનાર કોઈ ગુરુ મળ્યા નહીં. અમુક ગુરુએ છ મહિના શ્રદ્ધા રાખવાનું કહ્યું, તો દાદાશ્રી કહે કે તમે એવું કંઈક બોલો કે મને શ્રદ્ધા આવી જાય. તેમને આકર્ષિત કરી દે એવા ગુરુની જરૂર હતી, પણ એવા કોઈ મળ્યા નહીં. સાધુ-સંતો મળ્યા, સત્સંગ અને સેવા કરી, પણ ગુરુ કરવા જેવું કોઈ લાગ્યું નહીં. જો સાચા ગુરુ મળ્યા હોત તો પાર વગરની ચિંતાઓ ન થઈ હોત.

તેમણે જીવતા ગુરુ કોઈને નહોતા કર્યા, પણ ચિત્રપટ રાખીને શ્રીમદ્ રાજચંદ્રને ગુરુ કર્યા હતા. પણ એ એમને પ્રત્યક્ષ મળેલા નહીં, માટે ગુરુ તરીકે કહેવાય નહીં. ગુરુ તો પ્રત્યક્ષ હોવા જોઈએ, જે રૂબરૂ મળે, આંખે દેખાય, જરૂર પડ્યે વઢે અને જ્ઞાનપ્રકાશ ધરે. ફોટાના ગુરુને તેઓ સાચા ગુરુ માનતા નહોતા. ફોટાના કૃષ્ણ ભગવાનને ભજવાથી એકાગ્રતા થાય પણ તે બીજી કોઈ રીતે હેલ્પ ન કરે. પ્રગટ ગુરુ હોય તેની વાત તો જુદી ને ! જગત માટે જ્યાં સુધી અમૂર્તના દર્શન ન થાય ત્યાં સુધી મૂર્તિ કે ફોટાની જરૂર છે. પણ દાદાશ્રીને તો અમૂર્તના દર્શન કરવા હતા, એટલે મૂર્તિની ભજના તેમને પોસાય કઈ રીતે ? તેઓ સજીવન મૂર્તિ ખોળતા હતા.

### • શ્રીમદ્ રાજચંદ્ર - પરોક્ષ નિમિત્ત

જો કે દાદાશ્રીને પ્રત્યક્ષ ગુરુ ન મળ્યા, પણ પરોક્ષ રીતે શ્રીમદ્ રાજચંદ્રનું તેમને સારું લાગેલું અને તેમનું વાંચન ગમ્યું'તું. તેમના પુસ્તકોથી શાંતિ લાગતી'તી, દિશા મળતી હતી. શ્રીમદ્ રાજચંદ્રનું નિદિધ્યાસન તેમને નિરંતર, લગભગ પચ્ચીસ વર્ષથી રહેતું. તેમણે શ્રીમદ્જીને જોયેલા

નહીં, એટલે ફોટાનું નિદિધ્યાસન કરતા, અને એમની વાણી દાદાશ્રીને બહુ અજાયબ લાગતી હતી.

જો શ્રીમદ્ રાજચંદ્ર પાંચ મિનિટ માટે પણ રૂબરૂ મળ્યા હોત, તો દાદાશ્રીએ તેમને ગુરુપદે સ્થાપન કરી દીધા હોત. કારણ કે તેમને આત્મજ્ઞાન હતું, સમ્યક્ત્વ હતું. પણ રૂબરૂ ન મળ્યા હોવાથી તેમને ગુરુ માન્યા નહીં.

શ્રીમદ્જી પોતે જ કહેતા કે રૂબરૂમાં કામ થશે, પાછળ માથાકૂટ કરવી નકામી. તેમણે જ કહ્યું હતું, કે 'સજીવન મૂર્તિ વગર જે કંઈ પણ કરવામાં આવે છે એ જીવને બંધન છે એમ અમારું હૃદય છે.' આ વાક્યથી દાદાશ્રી સમજી ગયા હતા કે પ્રત્યક્ષ ગુરુ વિના કામ થવાનું નથી. પ્રત્યક્ષ ગુરુ ખોળવા એમણે પ્રયત્ન કર્યો પણ જડ્યા નહીં, અને અંતે સુરત સ્ટેશને એની મેળે જ જ્ઞાન પ્રાગટ્ય થયું.

**• તમે કોનો અવતાર ?**

કેટલાકને એમ લાગે કે દાદાશ્રી શ્રીમદ્ રાજચંદ્રનો જ અવતાર છે, તો દાદાશ્રી કહે છે કે 'મને ખબર નથી, તને ખબર હોય તો તું તારી મેળે નોંધ કરજે. હું તો છું એ છું, આ પટેલ છું.' વળી એમને કોઈ પારકી ગાદીને આધારે ચાલવાની જરૂર ન હતી. આ તો આદ્ય વસ્તુ છે, અક્રમ વિજ્ઞાન પોતાની સ્વયં ઉપાર્જિત મિલકત છે, તો શા માટે કહે કે પોતે કોઈકનો અવતાર છે ?

'તમે કોનો અવતાર છો ?' તેના જવાબમાં તેઓ કહેતા, 'હું પોતે રોકડો જ છું ને ! તમારે તમારી રીતે ખોળી કાઢવાનું. હું તો જે છું એ છું. દેહનોય માલિક નથી, મનનો માલિક નથી, વાણીનો માલિક નથી.' તેઓ પોતાની આવી કોઈ ઓળખ ખુલ્લી નહોતા કરતા. કારણ કે અણસમજુ લોકો ટીકા કરે તો તેમને ભયંકર દોષ બેસે. તેથી તેઓ કહેતા, 'ભગવાન મહીં છે અને હું તો એમનો સેવક છું', જેથી કોઈ ટીકામાં ન પડે.

**• સ્વયંબુદ્ધનો સાચો અર્થ**

દાદાશ્રીને કોઈ ગુરુના આધાર વિના જ જ્ઞાન પ્રગટ્યું માટે એમને

'સ્વયંબુદ્ધ' કહેવાય. પરંતુ એમને પૂર્વભવોમાં તો ગુરુ હતા જ, આ ભવમાં કોઈ ગુરુ નહોતા.

બધાને આવું સ્વયં જ્ઞાન ન થાય, કો'કને જ થાય. પણ તે પણ પૂર્વભવે કોઈ ગુરુ મળેલા હોવા જોઈએ, નહીં તો ગુરુ વગર જ્ઞાન થાય નહીં. તીર્થંકરો બધા સ્વયંબુદ્ધ હોય છે. કારણ કે તેમને તે અવતારમાં ગુરુની જરૂર પડતી નથી, પણ આગલા ભવમાં એમને ગુરુ હોય જ.

દાદાશ્રી કહેતા કે તેઓ તો હાઈ (ઊંચી) ડિગ્રી ઉપર ચઢીને પડેલા છે, તેથી આ રસ્તો તરત માલૂમ પડે છે. કારણ કે એમણે રસ્તો જોયેલો છે.

સુરત સ્ટેશને દાદાશ્રીને થયેલું જ્ઞાન કોઈ ગુરુના નિમિત્તે થાય એવું નથી. આ તો અનંત અવતારના સરવૈયા રૂપે ફૂટ્યું છે. આ વિજ્ઞાન કોઈ ગુરુ પાસે ન હોય તેવું નવી જાતનું છે, જે સંસારમાં રહીને બધી જવાબદારી નિભાવવા છતાં સમતા અને વીતરાગતા ટકાવી રાખે.

## [૫] ધાર્મિક સ્ટડી

જ્ઞાન થયું એ પહેલા દાદાશ્રીએ ખૂબ ધાર્મિક સ્ટડી (અભ્યાસ) કરેલો. છતાંય કહેતા કે આવડું મોટું જ્ઞાન આટલો અભ્યાસ કરવાથી ન થાય પણ જ્ઞાન તો અનંત અવતારના ધાર્મિક અભ્યાસના પરિણામે થયું.

### • વાંચન શૈલી - સારગ્રાહી અને અલિપ્ત

તેમનો અભ્યાસ ગહન હતો, પણ સામાન્ય લોકો જેમ એક જ શાસ્ત્ર કે પુસ્તક પાછળ માથાફોડ કરે, કલાકો સુધી વાંચ્યા કરે, તેવું તેમનું નહોતું. તેઓ વાંચતા ખરા, પણ કલાક-દોઢ કલાક, અમુક સમય માટે જ. તેમની રીત એવી હતી કે એક વાર વાંચી, તેનો સાર ગ્રહણ કરી પુસ્તક મૂકી દેવાનું. પછી બીજા પુસ્તકો વાંચવાના, પણ કોઈ એકની પાછળ વળગી રહેવાનું નહીં.

### • 'હિતકારી'ની શોધ, 'મત'થી પર

જ્ઞાન પહેલા દાદાશ્રીએ ભગવદ્ ગીતા, શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકો, સહજાનંદ સ્વામીના પુસ્તકો, અખા ભગતના પુસ્તકો, કબીર સાહેબના

પુસ્તકો એમ ઘણા બધા પુસ્તકો વાંચ્યા હતા. તેમણે મુસ્લિમના પુસ્તકો પણ વાંચ્યા હતા, કોઈ ધર્મ અંગેનું વાંચન બાકી રાખ્યું નહોતું. તેમનો હેતુ એ જાણવાનો હતો કે બધા ધર્મો શું કહેવા માગે છે, તેમનો આશય શું છે ! તેઓ બધા ધર્મોનો સાર જોતા હતા.

તેમનો સિદ્ધાંત હતો કે જે વાત હિતકારી હોય તેને પકડે, પછી તે ગમે તે ધર્મની હોય. તેમને પુસ્તકો વાંચીને કયું સાચું છે તેની પરીક્ષા થઈ જતી. તેમણે બધાય ધર્મોનું આરાધન કરેલું, કારણ કે દાદાશ્રીની દૃષ્ટિમાં, જ્યાં સુધી વ્યક્તિ કોઈ એક જ વિચારધારાને વળગી રહે છે, ત્યાં સુધી તે પરમ સત્યથી દૂર રહે છે. ખરું જ્ઞાન તો ત્યારે જ પ્રગટે છે જ્યારે મનુષ્ય તમામ મત-મતાંતરોને જાણીને, સમજીને, તેનાથી પર થાય અને 'મત રહિત' બને. આ જ કારણે તેઓ કોઈ એક ધર્મમાં સીમિત ન રહ્યા. સત્યની શોધમાં તેઓ સ્વામિનારાયણ, વૈષ્ણવ અને શૈવ જેવા વિવિધ સંપ્રદાયોના ધર્મસ્થાનોમાં જતા અને દરેકના સારને સમજવાનો પ્રયત્ન કરતા. તેઓ બધા ધર્મો પ્રત્યે ઊંડો આદરભાવ રાખતા.

કબીરજીની વાણીમાંથી પણ તેમને અમુક બાબતોની સમજણ મળેલી. ખાસ કરીને પ્રેમની વ્યાખ્યા તેમને ક્યાંય ન જડી, તે કબીર સાહેબ પાસેથી મળી : 'ઘડી ચડે, ઘડી ઊતરે, વોહ તો પ્રેમ નહોય; અઘટ પ્રેમ હિરદે બસે, પ્રેમ કહીએ સોય.' જે પ્રેમ વધઘટ ન થાય, અવળું બોલવાથી ઊતરે નહીં અને ફૂલહાર ચઢાવવાથી વધે નહીં, તે સાચો પ્રેમ. આ વ્યાખ્યાથી તેમને ઘણો સંતોષ થયેલો. બીજું, કબીરજીનું વાક્ય 'માણસ ખોજત મેં ફિરા, માણસ કા બરા સુકાલ; પર જાકો દેખી દિલ ઠરે, વાકા પરીયા દુકાલ.' - જેના દર્શનથી દિલ ઠરે એવા માણસનો દુકાળ છે, એ વાત પણ તેમને બહુ સ્પર્શી ગયેલી.

### • કૃપાળુદેવનો વિશેષ પ્રભાવ અને માર્ગદર્શન

બધા પુસ્તકો વાંચ્યા પછી દાદાશ્રીને લાગ્યું કે સર્વશ્રેષ્ઠ જ્ઞાન તો તીર્થંકરોનું. તેમની દૃષ્ટિ કેવી સુંદર ! વીતરાગતાથી જ મોક્ષ થાય એ વાત દાદાશ્રીને સ્પષ્ટ થઈ ગઈ.

પછી એમણે શ્રીમદ્ રાજચંદ્રનું વાંચ્યું, ત્યારે લાગ્યું કે શ્રીમદ્ રાજચંદ્ર તીર્થંકરોનું ટૂંકી ભાષામાં લખે છે, તીર્થંકરોનો મર્મ સમજ્યા છે. તેમણે જૈન શાસ્ત્રોનું દોહન કરી માખણ બનાવીને મૂક્યું છે. વીતરાગોના હૃદયમાં શું છે તે વાત શ્રીમદ્જીએ બહાર મૂકી છે. તીર્થંકરોની વાત દાદાશ્રીને જ્ઞાન નહોતું થયું તોય લક્ષમાં હતી, એટલે એમણે શ્રીમદ્જીની વાત સ્વીકાર કરેલી.

શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક દાદાશ્રીને ૧૯૩૩માં એમના ભાગીદારે સૌપ્રથમ વાંચવા આપેલું. પુસ્તક વાંચતા જ તેઓ સમજી ગયા કે આ પુસ્તકના લખનાર કોઈ અજાયબ પુરુષ છે ! પુસ્તકનું એકેએક વાક્ય એમને ગમ્યું. શ્રીમદ્જીએ લખ્યું છે કે 'અમે સાચું સમજવાના કામી છીએ, કંઈ લાજશરમ, માન, પૂજાદિના કામી નથી.' એ વાક્ય પરથી દાદાશ્રીને શ્રીમદ્જી ગજબના પુરુષ લાગ્યા. કારણ કે આ જગતમાં લક્ષ્મીના કામી, સ્ત્રીવિષયના કામી તો હોય પણ સાચું સમજવાના કામી જડે નહીં.

શ્રીમદ્જીના પુસ્તકમાં તેમને પોતાની ઈચ્છા મુજબ મળતું આવ્યું, જેમ કે 'સ્વતંત્ર થવા જેવું છે.' તેથી એમના પુસ્તકથી સંતોષ થયો અને એમના પર વધારે ભાવ રહ્યો. એમની વાણી, નિષ્પક્ષપાતતા જોતા તેઓ જ્ઞાની છે તેવી ખાતરી થઈ ગયેલી. માટે એમના શબ્દોમાં તન્મયતા હતી. ભગવદ્ ગીતા ઉપર પણ ભાવ હતો, પણ શ્રીમદ્જી પર વિશેષ.

શ્રીમદ્જી પર વિશેષ ભાવ હતો, પણ દાદાશ્રી સ્યાદ્વાદ સમજવા માટે બધાનું વાંચન કરતા. તેથી સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, વૈષ્ણવ, વેદાંતી - બધાનું વાંચી, સ્ટડી કર્યો હતો. ત્યાર પછી આ જ્ઞાન સ્વયંભૂ પ્રગટ થયું છે.

### • શંકા દ્વારા સત્યની શોધ

તેમનો એક ખાસ પ્રિન્સિપલ હતો કે એમની વિચારસરણીથી અવળું લખેલું હોય તે પુસ્તક તેઓ પહેલું વાંચતા, એ વિચારીને કે એમાં કંઈક હશે કે જે પોતે ન જાણતા હોય અથવા તો પોતાની સમજણમાં કંઈક ભૂલ હશે. તેમણે દરેક જાણેલી વાત પર શંકા કર કર કરી હતી કે

'આમ ના હોય તો શું ?' આ રીતે પોતે પોતાનો ન્યાય કરીને જ્ઞાન પૂર્ણ થયું છે. બીજાનું જ્ઞાન શું કહેવા માંગે છે એની તપાસ કરવી જ જોઈએ. આ શંકા ઉપયોગી થઈ પડી, સત્યને પામવા માટે.

### • અભ્યાસનું ફળ - આવરણ ભંગ

આ બધું ધાર્મિક વાંચન અને અભ્યાસ જ્ઞાન પ્રગટ થવામાં કેવી રીતે મદદરૂપ થયા ? દાદાશ્રી કહે છે કે તેના લીધે આવરણ તૂટી ગયા. તેમણે એક સુંદર દૃષ્ટાંત આપતાં કહ્યું કે, જેમ પ્રકાશના ગોળા પર બધી બાજુના આવરણ દૂર થઈ ગયા હોય અને એક બાજુ આવરણ રહી ગયું હોય, તે કોઈ નિમિત્તે દૂર થઈ જાય તેમ જ્ઞાન પરનું આવરણ આવા નિમિત્તોના પ્રતાપે છૂટી જાય. હંમેશા સારી વસ્તુ હિતકારી તો હોય જ ને ! એ બધાનો ઉપકાર ગણાય.

જો કે, અક્રમ જ્ઞાન પછી મહાત્માઓને અન્ય પુસ્તકો વાંચવા જરૂરી નથી. મહાત્માઓના આવરણ તો દાદાશ્રીએ સીધા જ કાઢી આપ્યા છે. હવે પુસ્તક વાંચવું એ બોધરેશન છે, માટે વાંચવું હોય તો ફાઈલ તરીકે વાંચજો.

### • વીતરાગ માર્ગી

દાદાશ્રીની વાણીમાં જે કંઈ જૈન ધર્મના પારિભાષિક શબ્દો આવે છે એ એમણે જૈનોનું કે કૃપાળુદેવનું વાંચેલું એના લીધે નથી, પણ આ તો અનંત અવતારનું સરવૈયું છે, જે આ ભવમાં પ્રગટ થયું. એ ટેપરેકર્ડની પેઠ નીકળ્યા કરતું.

એમનો જન્મ વૈષ્ણવને ત્યાં થયો પણ એમને તીર્થંકરો પર બહુ જ ભાવ હતો. તીર્થંકરોની મૂર્તિ જ જુએ તોય આનંદ થઈ જાય. કારણ કે તેઓ પહેલેથી વીતરાગોના જ્ઞાનની પાછળ જ પડેલા ને પોતે તો ભગવાન મહાવીરની સભામાં બેઠેલા હતા.

દાદાશ્રી કહેતા કે મૂળ તો અમે મહાવીરના, કારણ કે મહાવીર ભગવાન વૈજ્ઞાનિક કહેવાય ને અમે પણ વૈજ્ઞાનિક કહેવાઈએ. અમે વૈજ્ઞાનિકની વાત માનવા તૈયાર થઈએ. દાદાશ્રી તીર્થંકરોની તો એકેએક

વાત સમજી જાય કે આ તીર્થંકરોના શબ્દ છે. કારણ કે તીર્થંકરોની ભાષા ઉપદેશરૂપે હોય નહીં, દેશનારૂપે હોય.

પણ દાદાશ્રીને જૈન કે વૈષ્ણવ એવું ધર્મ-સંપ્રદાય ના ફાવે, માટે નિષ્પક્ષપાતી વીતરાગ માર્ગ પર ગયેલા. તીર્થંકરોએ, કૃષ્ણ ભગવાને વીતરાગ કહ્યું, તે ફાવે. કૃપાળુદેવે વીતરાગ ધર્મ કહ્યો, તે એમને ગમ્યું'તું.

## [૬] જ્ઞાન પૂર્વે સાધના

### • સાધના અવિનાશી સાધ્યની જ, બાહ્ય ક્રિયાઓની નહીં

જ્ઞાન થયું એ પહેલા દાદાશ્રીએ સાધના તો બધી જાતજાતની કરેલી, પણ તે કોઈ સંસારી વસ્તુ પ્રાપ્ત કરવા માટે નહોતી, તેઓ તો સાધ્યની જ સાધના કરતા'તા, જે અવિનાશી છે તેની. તેઓ કોઈ સાધુ-સંતના સમાગમમાં આવે તો એમની વાત વૈજ્ઞાનિક હોય તો જ વાતચીત કરતા. વળી યોગની લાઈન પર પણ તેઓ જવા માગતા નહોતા. તેમણે તો આત્મજ્ઞાનનો માર્ગ જ પસંદ કરેલો.

તેમને ક્યારેય ઘરેથી ભાગી જવાનું કે હિમાલય જવાનું મન નહોતું થયું. હિમાલય તો સાધકો માટે છે. તેમને સાધકની ડિગ્રી નહોતી જોઈતી, સીધું સાધ્ય પ્રાપ્ત કરવું'તું.

### • આત્મચિંતન અને આત્માના ગુણોનું ધ્યાન

તેઓ સવારે પાંચ-છ વાગે ઉઠીને પથારીમાં જ આત્મા શું છે, જગત શું હશે એના વિચાર કરતા. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ, અનંત સુખ વગેરે આત્માના ગુણોનું ધ્યાન કરતા. આ તેમની મુખ્ય સાધના હતી. હાલતા-ચાલતા પણ તેમને આત્માનું ધ્યાન, આજુબાજુના એવિડન્સોનું ને આત્મા સંબંધી વાતોનું ધ્યાન રહ્યા કરતું. બીજી બાજુ લક્ષ જ નહીં, આખો દહાડો એની પાછળ જ, એ જ શોધખોળ હતી !

### • તીર્થંકરે કહેલા, પોતાની પ્રકૃતિને અનુકૂળ સાધનોનો સ્વીકાર

દાદાશ્રીએ તીર્થંકરોના કહેલા અમુક સાધનોનું અવલંબન લીધું હતું. તીર્થંકરોએ કહેલા સાધનોમાંથી જે પોતાની પ્રકૃતિને અનુકૂળ આવે

તે સાધનો તેમણે પકડ્યા હતા. ભગવાનની આજ્ઞા છે કે જેની પ્રકૃતિને જે અનુકૂળ આવે તે સાધન તેણે કરવું. કોઈ તપ કરતું હોય તો બીજાએ તેને અનુસરવાની જરૂર નથી.

દાદાશ્રીની પ્રકૃતિ એવી હતી કે એક ઉપવાસ પણ તેમનાથી થઈ શકતો નહોતો. એટલે તેમણે સમ ખાવા પૂરતો પણ ઉપવાસ કર્યો નહોતો. પણ તેઓ નિરંતર ઉણોદરી તપ કરતા હતા. જમતી વખતે કોઈ થોડો પ્રસાદ આપે તો તેટલા પ્રમાણનું શાક થાળીમાંથી કાઢી નાખે. આ નિયમ કાયમનો હતો, કારણ કે મહીં હોજરી ખાલી હોય તો જ જ્ઞાન રહે.

તીર્થંકરોએ કહેલા ત્રણ નિયમો તેઓ જ્ઞાન થયા પહેલા કાયમ પાળતા હતા :

૧. ઉકાળેલું પાણી પીવું - ગરમ કરેલું પાણી ઠંડું કરીને પીતા. ધંધા ઉપર જતાં ત્યાંય ઉકાળેલું પાણી જોડે લઈ જતા. એનાથી રોગ થાય નહીં ને શરીર સારું રહેતું'તું. માઈન્ડની અને બ્રેઈનની સ્વચ્છતા બહુ સારી રહેતી'તી.

૨. સૂર્યનારાયણ આથમતા પહેલા જમી લેવાનું - ખોરાકની બાબતમાં શોધખોળ કરતા એવું માલૂમ પડ્યું કે સૂર્યનારાયણની હાજરીમાં જો ખોરાક લેવામાં આવે તો એ ખોરાક સારી રીતે પાચન થાય છે અને પછી રાત્રે મોડું ખાવામાં આવે તો એમાં જબરજસ્ત નુકસાન છે. માટે એ નિયમ પાળતા. જો કે ચોવિહાર નહીં પણ તિવિહાર કરતા. રાત્રે પાણી પીવાની છૂટ રાખેલી.

૩. કંદમૂળ નહીં ખાવાનું - કંદમૂળ ખાવાથી આત્મા ઉપર આવરણ આવે એટલે એ ખાવાનું બંધ કર્યું'તું.

આ ત્રણ નિયમોને એ સિન્સિયર રહેલા.

તેઓ જન્મથી વૈષ્ણવ હોવા છતાં, તીર્થંકરોની ખોરાકની બાબતમાં કહેલી આ વાતો તેમને સાયન્ટિફિક લાગી એટલે સ્વીકારી હતી. તેમણે બધાય ધર્મની સારી સારી વસ્તુ ગ્રહણ કરેલી. જે વાત વૈજ્ઞાનિક લાગે, પછી તે મુસ્લિમની હોય તોય સ્વીકારી લેતા. ગોકળઆઠમેય કરતા.

શિવધર્મનું શિવરાત્રીના દહાડે શક્કરિયા ખાવાનું વિજ્ઞાન પણ તેઓ સમજતા હતા કે એમાં આયુર્વેદ ને ધર્મ બે સાથે કર્યો છે.

આમ, તેમનો પુરુષાર્થ વૈષ્ણવ-જૈનનો મિક્ષ્ચર હતો, અમુક બાબતમાં વૈષ્ણવનો વ્યવહાર, અમુક બાબતમાં જૈન વ્યવહાર. પણ દાદાશ્રી આ નિયમો પાળતા એ કંઈ જ્ઞાન થવા પાછળનું કારણ નથી, બધા કારણોમાંનું એક કારણ ગણી શકાય.

કોઈ મહાત્મા પૂછે કે અમારે આ નિયમો પાળવાની જરૂર ખરી ? તો દાદાશ્રી કહે કે જ્ઞાન પછી કંઈ ફેરફાર કરવાની જરૂર નહીં. તમારે ડિસ્ચાર્જમાં જે માલ હોય તે નિકાલ કરવાનો અને જ્ઞાની પુરુષની પાસે જ પડી રહેવું. એનાથી આત્મા ઠરતો જાય દહાડે દહાડે. જ્ઞાન ન હોય તેને નિયમો પાળવાની જરૂર હોય.

**• જ્ઞાન પછી ઉદયને આધીન**

જ્ઞાન થયા પછી દાદાશ્રીને આ બધા નિયમોનું બંધન રહ્યું નહીં. જ્ઞાન થયા પહેલા તેઓ એ નિયમોનું પાલન અહંકારે કરીને કરતા હતા. પણ પછી અહંકાર ગયો એટલે તે કરવાપણાનો ભાવ પણ ગયો. પછી તો ઉદયકર્મને આધીન, સંજોગો પ્રમાણે વર્તે. કોઈ નિયમ પાલન કરવો કે ના કરવો એવો કશો ભાવ નહીં. જ્ઞાન થયા પછી ત્યાગાત્યાગ ના હોય. જો કોઈ નિયમ પાલન કે ત્યાગ કરવા જાય તો ઉપયોગ તેમાં રહે અને સ્વરમણતામાં રહી શકાય નહીં. એટલે પોતે ઉદયાધીન રહે. ઉકાળેલું-નહીં ઉકાળેલું પાણી, મોડું-વહેલું જમવાનું; જે આવે તેમાં સહજ રહે. કોઈને ત્યાં ગયા હોય તો દાદાશ્રી બૂમ ના પાડે કે ચોવિહારનો સમય થઈ ગયો માટે ઉતાવળ કરો. ચોવિહારનું સાચવવા કષાય ન કરે. સામાને દુઃખ ના થાય એ માટે દાદાશ્રી ઉદય જેમ આવે તેમ વર્તે. એ જ આપણે શીખવાની જરૂર. તીર્થંકરોએ જ્ઞાની પુરુષને છૂટ આપી છે કે તેઓ ઉદયને આધીન વર્તે. તેમના કર્મો પણ દિવ્યકર્મો ગણાય.

છતાં, લોકોના હિત માટે તેઓ રાત્રી ભોજન છૂટે એવો પાછો ઉદય ખોળતા. પણ દાદાશ્રી કહેતા કે ખરેખર તો અમારાથી આ છોડાય નહીં, છોડાવવા માટે કોઈ નિમિત્ત બનવું જોઈએ તો જ છૂટે. કોઈ આજ્ઞા

કરે કે ‘આજથી ચોવિહાર કરો’ અથવા કોઈ કહે કે ‘તમારો આ ભાગ અમને વહોરાવી દો’, તો તે છૂટે.

અને આપણે તો જ્ઞાનીની બાહ્યચર્યા જોવાની ન હોય. તે શું કરે છે, શું ખાય છે, ક્યાં જાય છે (ક્યારેક સિનેમાના ઉદ્‌ઘાટનમાં પણ જવું પડે) - તે જોવાનું નથી, પણ તેમની આજ્ઞા પાળવાની છે.

**• જ્ઞાન પહેલા અને પછીના પ્રતિક્રમણ**

જ્ઞાન પહેલા તેઓ પ્રતિક્રમણ કરતા હતા, પણ તે કર્મ ખોટું બંધાઈ રહ્યું છે એના પસ્તાવાપૂર્વકના પ્રતિક્રમણ હતા, સાચા પ્રતિક્રમણ નહોતા. કારણ કે આત્મદૃષ્ટિ થયા પછી જ સાચું પ્રતિક્રમણ થઈ શકે. એમને જ્ઞાન થયા પછી સાચા પ્રતિક્રમણ થયેલા. જ્ઞાન થયા પછી તેમણે આખી જિંદગીના, જેની જોડે વ્યવહાર હતો તે દરેક વ્યક્તિના પ્રતિક્રમણ કરી નાખ્યા, આડોશી-પાડોશી, કુટુંબીઓ, હરીફો, ગામવાળા - બધાના. અણસમજણથી થયેલા અભાવ-તિરસ્કાર વગેરે દોષો ખોળી ખોળીને ધોઈ નાખ્યા. એમણે ‘એ.એમ.પટેલ’ને કહી દીધું કે ‘આ તમે ઊંધા કર્યા છે એ બધા ધોઈ નાખો.’ ખરી રીતે તો જ્ઞાન પહેલા પણ એમને કર્મો ન બંધાય એવી જ દૃષ્ટિ હતી. છતાંય કર્મો બંધાતા હતા, તે બધા જ્ઞાન પછી પ્રતિક્રમણથી ધોઈ નાખ્યા.

## [૭] અક્રમ વિજ્ઞાનની શરૂઆત

### [૭.૧] ઋષભદેવ ભગવાન પાસે અક્રમની માંગણી

**• જ્ઞાન પછી ક્રમિક માર્ગનો પ્રયોગ અને તેની નિષ્ફળતા**

દાદાશ્રીને જ્ઞાન પ્રગટ થયું, તે પછી તેમના દ્વારા જે અદ્‌ભુત સત્સંગ અને આધ્યાત્મિક ખુલાસા થવા લાગ્યા, તે જ્ઞાનનો પ્રતાપ હતો. વર્લ્ડમાં કોઈ માણસ આવા જવાબ આપી શકે નહીં. જ્ઞાન થયા પછી તેમના મનમાં સ્વાભાવિક ઈચ્છા હતી કે જે સુખ હું પામ્યો, એ સુખ બીજાઓને પણ પમાડું.

શરૂઆતમાં તેમણે ક્રમિક માર્ગની રીતે સત્સંગ ચાલુ કર્યો. ૧૯૫૮માં દાદાશ્રીને જ્ઞાન થયું એ પહેલા પણ લોકો એમની પાસે સત્સંગ

માટે આવતા હતા. કારણ કે એ વખતેય એમને શાસ્ત્રોનું જ્ઞાન બહુ સારું હતું. જ્ઞાન પછી પણ એ સત્સંગ ચાલુ રહ્યો પણ પહેલાના કરતા વાત ઊંચી નીકળતી, અહંકાર વગરની. જો કે એ સત્સંગ ક્રમિક માર્ગનો ચાલતો હતો. એ વખતે દાદાશ્રીને અક્રમનો ખ્યાલ નહોતો.

પરંતુ દાદાશ્રીએ જોયું કે આ કાળ વિચિત્ર છે, નિરંતર ચિંતાનો કાળ છે. લોકો સત્સંગ સાંભળે ત્યારે પણ તેમના મોઢા પર ઘરની ચિંતા, કમાવાની અને બીજી ઉપાધિઓ દેખાય છે. તેમનું ચિત્ત ઘેર રહી ગયું હોય અથવા બીજી મુશ્કેલીઓમાં હોય છે. આ કાળમાં લોકો પાસે એટલી નવરાશ કે શાંતિ નથી કે તેઓ ક્રમિક માર્ગની સાધના કરી શકે.

પછી દાદાશ્રી પોતાની કોન્ટ્રાક્ટરની ભાષામાં વાત કરતા કહે છે કે તેમણે લોકોને મોક્ષમાર્ગના ફાઉન્ડેશન ખોદી, દીવાલો ચણી, ત્રીજે માળ મોક્ષ રચીને મોક્ષમાં બેસવાનું કહ્યું. તે લોકો પોતાના તગારા, પાવડા લઈને આવ્યા પણ ખરા, પણ થોડું ખોદીને પાવડા-તગારા છોડીને જતા રહ્યા. કેટલાક કૉંક્રીટ કરીને ગયા, કેટલાક થોડું ચણતર કરીને ગયા. દાદાશ્રી સમજી ગયા કે આ જનારાનો દોષ નથી, પણ કાળ એવો છે કે ચિંતા અને ઉપાધિને લીધે માણસ ધર્મમાં પણ લાંબો સમય બેસી શકતો નથી. વળી, આ કાળમાં લોકોનો મન-વચન-કાયાનો એકાત્મયોગ રહ્યો નથી, તેથી ક્રમિક માર્ગ ચાલી શકે તેમ નથી. તેઓ સમજી ગયા કે આ કાળમાં ક્રમિકની રીતે વધારે લોકો મોક્ષ પામી શકશે નહીં.

દાદાશ્રીને આત્મજ્ઞાન થયા પછી લગભગ બે વર્ષ સુધી દાદાશ્રીએ શરૂ કરેલા ક્રમિક માર્ગે કોઈ જ્ઞાન પામી શક્યું નહીં. પણ દાદાશ્રીને પોતે જે આત્માનું સુખ અનુભવી રહ્યા છે તે લોકોને પમાડવાની તીવ્ર ભાવના હતી. આથી, તેઓ એવા કોઈ સરળ માર્ગની શોધમાં હતા જેના દ્વારા આ કળિયુગના લોકો પણ સંસારની જવાબદારીઓ નિભાવતા-નિભાવતા આત્મજ્ઞાન પામી શકે, જેવી રીતે ભરત રાજાએ રાજ્યની જવાબદારીઓ સંભાળવા છતાં જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

### • મળી અક્રમ માર્ગ શરૂ કરવાની આજ્ઞા

આ હેતુથી, દાદાશ્રી ૧૯૬૦માં વડવા ગયા, જ્યાં દેરાસરના

ભોંયરામાં ઋષભદેવ ભગવાનની પ્રતિમા સ્થાપિત છે. ત્યાં તેમણે એક કલાક સામાયિક કરીને ભગવાન સાથે તાર જોડ્યો. તેમણે ભગવાનને વિનંતી કરી, 'જો તમારે આ લોકોને મોક્ષે લઈ જવા હોય, તો એવો કંઈક માર્ગ આપો કે આ કાળના લોકોને ચિંતા પહેલી મટી જાય. અને જેમ ભરત રાજાને તેરસો રાણીઓ સાથે અને લડાઈઓ લડતાં હોવા છતાં તમે મોક્ષ આપ્યો હતો, એવો કંઈ રસ્તો કરો. એવી સત્તા મારા હાથમાં આપો.' દાદાશ્રીને ભગવાનનો જવાબ મળ્યો, કે 'ભરત રાજા પાસે અક્રમ વિજ્ઞાન હતું. એ અક્રમ વિજ્ઞાન તમને મુબારક !'

ભગવાને કહ્યું, 'અક્રમ કરો, પાયામાંથી નહીં કરવાનું.' ક્રમિક માર્ગમાં પહેલા પાયા ખોદી, ચણતર કરી, ત્રીજો માળ રચીને મોક્ષ મળે. પણ આ કાળના લોકો પાયા ખોદતા જ થાકીને ભાગી જાય છે. એટલે ભગવાને કહ્યું, 'પહેલો મોક્ષમાં બેસાડો.' ત્રીજો માળ પહેલા રચી આપો, લોકોને મોક્ષનો અનુભવ કરાવી દો, એટલે તે ચિંતા વગરનો થઈ જાય. પછી ઉપર મોક્ષમાં બેઠા બેઠા તે નીચેના માળ અને પાયા ઠંડે કલેજે ચણી લેશે.

અક્રમ માર્ગ લિફ્ટ માર્ગ છે, જે સ્ટેપ બાય સ્ટેપ ચઢવાને બદલે સીધો ઉપર લઈ જાય.

આમ, ૧૯૬૦થી અક્રમ માર્ગ શરૂ કરવાની આજ્ઞા મળી. એ પહેલા દાદાશ્રીને અક્રમનો ખ્યાલ નહોતો.

**• જ્ઞાન માટે પાત્રતાના ધોરણમાં છૂટછાટ**

અક્રમ માર્ગની માંગણી કર્યા પછી બીજો પ્રશ્ન એ ઊભો થયો કે આ જ્ઞાન કોને આપવું ? વળી દાદાશ્રીને જ્ઞાન આપવા માટે કોઈ લાયક જીવ મળ્યા નહીં.

**ત્રણ ટકે પાસ કરવાની છૂટ :**

૧૯૬૨માં, મહામુશ્કેલીએ ફક્ત ત્રણ ટકાની પાત્રતાવાળા ચંદ્રકાન્તભાઈ તેમને મળ્યા. એટલે દાદાશ્રી બીજી વાર ઋષભદેવ ભગવાન પાસે ગયા અને ભગવાનને વિંનતી કરી કે 'તમારા વખતમાં પાંત્રીસ ટકે

પાસ કરતા હશો પણ આ કાળમાં એટલા ટકાની આશા રખાય એમ નથી. ચંદ્રકાન્ત કરીને અમારો ભત્રીજો મળ્યો છે, તે ત્રણ ટકા આવે છે એને.' માટે ભગવાને અત્યંત કરુણા કરીને ત્રણ ટકાની લાયકાતવાળાને જ્ઞાન આપવાની મંજૂરી આપી.

ત્યાર પછી બે-અઢી ટકાવાળા બે-ચાર જણ આવ્યા, તો દાદાશ્રીએ ભગવાનને પૂછ્યા વગર તેમને જ્ઞાન આપ્યું. કારણ કે કોઈ આ જ્ઞાન લેવા માટે ઘરાક જ ન આવે તો પછી શું કરે ?

### 'ઍટ પાર' સુધી પાસ કરવાની છૂટ :

થોડા સમય પછી, દાદાશ્રી ફરીથી ત્રીજી વાર ભગવાનને પૂછવા ગયા, કારણ કે ત્રણ ટકાવાળા જીવો પણ બહુ ઓછા હતા. ત્યારે ભગવાને પાત્રતાના ધોરણને હજુ વધુ સરળ બનાવતા કહ્યું કે 'ઍટ પાર' હોય ત્યાં સુધી જ્ઞાન આપવું.

'ઍટ પાર' એટલે માઈનસેય નહીં ને પ્લસેય નહીં, જેને કશું ના આવડતું હોય એવા. આવડ્યું કોને કહેવાય ? જે ચિંતા ના કરતો હોય તેને. એક બાજુ આવડતું હોય અને એક બાજુ ચિંતા કરતો હોય, એટલે પછી માઈનસ થઈ જાય.

આ ધોરણ હેઠળ લગભગ બસ્સો જેટલા લોકોએ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

### માઈનસ ત્રણ ટકા સુધી પાસ કરવાની છૂટ :

૧૯૬૨થી ૧૯૬૮ સુધીમાં આટલા ઓછા લોકો જ જ્ઞાન પામ્યા એટલે વધારે લોકોને આ જ્ઞાન પમાડી શકાય એવી ભાવનાથી દાદાશ્રી પછી ભગવાનને પૂછવા ગયા અને ભગવાનને જ્ઞાન માટેની પાત્રતાનું ધોરણ હજુ નીચે લાવવા વિનંતી કરી. એટલે ભગવાને માઈનસ ત્રણ ટકાવાળાને પણ જ્ઞાન આપવાની અનુમતિ આપી.

આ પછી દાદાશ્રી ક્યારેય ભગવાનને પૂછવા ગયા નહીં, કારણ કે તેઓ ભગવાનનો આશય સમજી ગયા કે ભગવાને સત્તા પોતાના હાથમાં જ મૂકેલી છે. અને ભગવાનની પણ જેમતેમ કરીને લોકોનું કલ્યાણ થાય એ જ ભાવના ને !

સમય જતાં, દાદાશ્રી પાસે ઊંચો-ઊંચો માલ પણ આવ્યો. પ્લસ ટુ-થ્રી ટકાવાળા પણ આવ્યા, પણ પાંચથી વધારે ટકાવાળો તો કોઈ મળ્યો નહીં. જો કે પછી તો દાદાશ્રી કહેતા કે જો કોઈ માઈનસ ફિફ્ટીવાળો હશે તોય હું ચલાવી લઈશ. ભગવાનને સિફારસ કરી એનેય મોક્ષ અપાવે. જ્ઞાની પુરુષ પોતાની અનંત સિદ્ધિઓ વડે ગમે તેવા જીવનું કલ્યાણ કરી શકે. ચક્રમને ડાહ્યો બનાવી દે.

**• જ્ઞાનીનો ભેટો એ જ લાયકાત**

આ દુષમકાળના દુર્ભાગી જીવો માર્ક ક્યાંથી લાવે ? તે ખરેખર તો આ જ્ઞાન માટે કોઈ અધિકારી ગણાય જ નહીં ને ! પણ ભગવાન પાસેથી માઈનસ માર્કવાળાને પણ જ્ઞાન આપવાની પરવાનગી મળ્યા પછી તો દાદાશ્રી કોઈના માર્ક જોયા વગર એમને જે ભેગો થયો એને અધિકારી ગણી જ્ઞાન આપતા, પછી ભલે ને તે વ્યસન કે કુટેવોમાં રંગાયેલો હોય.

દાદાશ્રી કહેતા કે અધિકાર તો જે સ્ટૅન્ડર્ડવાળા હોય એ જુએ, આ તો આઉટ ઑફ સ્ટૅન્ડર્ડની વસ્તુ છે, એમાં અધિકારી શાનો જોવાનો ? વળી દાદાશ્રીની એ ભાવના હતી કે એમને જે ભેગો થયો એ પામવો જોઈએ. એ એક અવતારે-બે અવતારે મોક્ષે જવો જ જોઈએ. માટે તેઓ તેમને જે મળ્યો એનું અધિકારીપણું જોયા સિવાય એને જ્ઞાન આપતા.

**• માર્કવાળો કોણ ?**

પણ મોક્ષ માટે લાયક માર્કવાળો ખરેખર કોને કહેવાય ? કોઈ ગમે તેટલી સળી કરે તોય દાદાને, મોક્ષમાર્ગને છોડે નહીં એ માર્કવાળો કહેવાય. જે સળી કરવાથી મોક્ષમાર્ગ છોડી દે, તે માઈનસ માર્કવાળા. ચંદ્રકાન્તભાઈ કહેતા કે 'મારો દેહ લઈ લે, તોય હું આ છોડું નહીં.' એમને એમની ઘરની વ્યક્તિઓ ને કુટુંબીઓ તરફથી દાદાને છોડી દેવા માટે ઘણું દબાણ હતું તોય મુશ્કેલીઓ વેઠીને પણ દાદાને છોડ્યા નહીં, એના એમને ત્રણ માર્ક હતા.

એટલે માર્ક ક્યારે ગણાય ? કોઈ ગમે તેટલું પજવે તોયે આ છોડે નહીં એટલી મહીં શક્તિ ઉત્પન્ન થઈ ગયેલી હોય. અત્યારે લોકોની પુણ્ય ખરી પણ માર્ક નહીં. એક કલાક જ બધા એની પાછળ પડ પડ કરે ને

અકળાવે તો કહેશે, આ તમારો મોક્ષેય રહ્યો ને આ જ્ઞાનેય પાછું આપ્યું, એમ કરીને જતો રહે. એટલે માર્કના આધારે નહીં પણ પુણ્યના આધારે આ બધા માર્ગ પામ્યા. હવે આ મોક્ષમાર્ગમાં પ્રગતિ માટે જે થવાનું હોય તે થાય, આ દેહ પડવાનો હોય તો પડી જાય, એવી તૈયારી જોઈએ. નીરુમા દાદાશ્રીને કહેતા કે તમે મારી નાખો તોય તમને નહીં છોડું. દાદાશ્રી માર્ક મૂકીને કંઈ કોઈને ઈનામ આપવાના નથી પણ જો કર્મોના ઉદય આવે તો એમાં પાસ થવાની આપણી તૈયારી તો જોઈએ ને !

### • અક્રમ જ ગમતું'તું, ક્રમિક પોસાતું નહોતું

આમ, ભગવાન પાસે માંગણી કરીને, તેમની પરવાનગીથી દાદાશ્રીએ આ અક્રમ માર્ગ શરૂ કરેલો. ભગવાનને બધું પૂછી પૂછીને એ પ્રમાણે કર્યું.

ભગવાન ઋષભદેવ સાથે દાદાશ્રીને પહેલેથી જ ઘણો મેળ હતો. એમની પાસેથી દાદાશ્રીને અક્રમ જ્ઞાન પ્રાપ્ત કરવાનો ભાવ થયેલો તે આ વખતે એમણે માગી લીધું.

તેઓ ભગવાન ઋષભદેવ સમક્ષ પણ પોતાની વાત કડકાઈથી રજૂ કરતા, જેમ કે, 'ઐસા ચાહિએ' (આવું જ જોઈએ). પરંતુ તેઓ ખૂબ જ સિન્સિયર હોવાથી ભગવાન તેમના પર પ્રસન્ન રહેતા.

તેમણે બધા તીર્થંકરોના દર્શન કર્યા હતા, પણ બીજા તીર્થંકરો પાસે અક્રમ હતું નહીં ને ક્રમિક દાદાશ્રીને પોસાતું નહોતું. તેમને અક્રમ જ ગમતું'તું. ક્રમિક માર્ગની કઠિન સાધના તેમને ક્યારેય પોસાતી નહોતી.

### • ભગવાન સાથેનો સંવાદ મૂર્તિ દ્વારા કે શાસનદેવો દ્વારા ?

દાદાશ્રી અને ઋષભદેવ ભગવાનની મૂર્તિ વચ્ચેના સંવાદનો પ્રસંગ ઊંડી શ્રદ્ધા અને આધ્યાત્મિક અનુભૂતિનો વિષય છે. સામાન્ય દૃષ્ટિએ જે મૂર્તિ જણાય છે, તેની સાથે દાદાશ્રી વાર્તાલાપ કરતા હતા. ભગવાન મોક્ષ પામ્યા હોવા છતાં તેમની સાથે સંવાદ કેવી રીતે શક્ય બને, તે અંગે દાદાશ્રી સમજાવે છે કે આ બુદ્ધિથી પર અને જ્ઞાનથી અનુભવવાની વાત છે. જ્ઞાની પુરુષ માટે મૂર્તિ સાથે પણ સંવાદ કરવો સંભવ છે. દાદાશ્રી તો

એકલા હોય ત્યારે 'સાહેબ, તમે બોલતા કેમ નથી ?' એવું હઉ બોલે, પણ એમને ભગવાન પ્રત્યે મહીં વિનય પુષ્કળ હતો. અને બીજા લોકોને તો એવું બોલતા ભય લાગે. મૂર્તિમાં તો જેટલી તમારી શ્રદ્ધા છે એટલો એમાં કસ છે.

વળી વડવામાં જે ઋષભદેવ ભગવાનની મૂર્તિ છે એને દાદાશ્રી પ્રગટ મૂર્તિ કહે છે. દાદાશ્રી મહાત્માઓ સાથે એક વાર ત્યાં ગયેલા તે વખતે એમણે આરતી ઉતારી ત્યારે એ મૂર્તિને હસતી અને દાદાશ્રી જોડે વાતો કરે છે, એવું બીજા લોકોએ પણ જોયેલું.

ભગવાનની મૂર્તિ જોડે વાત કરીને અક્રમની માંગણી કરી એ પ્રસંગને વધુ સ્પષ્ટ કરતા દાદાશ્રી જણાવે છે કે તેમણે ઋષભદેવ ભગવાનની મૂર્તિ પાસે યોગ કર્યો, જેના દ્વારા ચોવીસેય તીર્થંકરોના શાસનદેવ-દેવીઓને આહૂત કર્યા. તીર્થંકરો મોક્ષે ગયા હોવાથી પ્રાર્થના તેમના શાસનદેવ-દેવીઓને પહોંચે છે. દાદાશ્રીએ બધા શાસનદેવ-દેવીઓને ભેગા કરીને વિનંતી કરી, કે 'જો આપની ભાવના હોય તો મને કંઈ એવું વિજ્ઞાન આપો, કે જે આ લોકોને હું પમાડી શકું.' ત્યારે તેમને અક્રમ વિજ્ઞાનની સ્ફુરણા થઈ.

એક વાર કેટલાક મહાત્માઓ સાથે દાદાશ્રી વડવા ગયેલા અને ત્યાં ભગવાનની આરતી ઉતારી. તે પછી દાદાશ્રી બોલેલા કે 'શાસનદેવ-દેવીઓ તરફથી લોકકલ્યાણ માટેનું ગ્રીન સિગ્નલ મળી ગયું છે.'

ભલે ચોવીસ તીર્થંકરો સિદ્ધક્ષેત્રમાં બિરાજમાન હોય, પરંતુ તેમના શાસનદેવ-દેવીઓ જગત કલ્યાણના કાર્યમાં નિરંતર સહયોગ આપી રહ્યા છે.

## [૭.૨] ચંદ્રકાન્તભાઈ થકી ઉઘડ્યા અક્રમના દ્વાર

### • જ્ઞાન થયું એ વાત ચાર વર્ષ રહી ગુપ્ત

દાદાશ્રીને ૧૯૫૮માં જ્ઞાન થયું, તે પછી લગભગ ચાર વર્ષ સુધી કોઈનેય ખબર પડી નહીં કે તેમનામાં આટલો મોટો ફેરફાર થયો છે. ફક્ત તેમના ભાગીદારને કંઈક ફેરફાર માલૂમ પડેલો. દાદાશ્રીની ભાવના

હતી કે જગત આ જ્ઞાનને પામે, પણ કોઈ પૂછે નહીં ત્યાં સુધી ખુલ્લું કઈ રીતે કરે કે પોતાને આવું જ્ઞાન થયું છે ! માટે ૧૯૬૨ સુધી આ વાત ગુપ્ત રહી.

**• ચંદ્રકાન્તભાઈની જિજ્ઞાસા**

આ ગુપ્તતાનો અંત લાવવામાં નિમિત્ત બન્યા ચંદ્રકાન્તભાઈ. ચંદ્રકાન્તભાઈના પિતા રણછોડભાઈ દાદાશ્રીના ભત્રીજા થતા હતા. રણછોડભાઈની તબિયત નરમ રહેતી હોવાથી દાદાશ્રી તેમને દવાખાને જોવા જતા. ત્યાં ચંદ્રકાન્તભાઈ રોજ પૂછતા, 'દાદા, તમારી પાસે કંઈ જ્ઞાન હોય તો અમને કંઈ દેખાડો ને !' દાદાશ્રીએ શરૂઆતમાં તેમને ટાળવાનો પ્રયત્ન કર્યો, પણ ચંદ્રકાન્તભાઈએ આગ્રહ ચાલુ રાખ્યો અને દાદાશ્રીને કહ્યું, 'તમને જોઈએ છીએ ને અમને આનંદ થાય છે. માટે તમારી પાસે કંઈક જ્ઞાન છે, એવું મને લાગે છે.' ત્યારે એમની લગની જોઈને દાદાશ્રીએ સ્વીકાર્યું કે 'હા, જ્ઞાન છે મારી પાસે.'

**• ચંદ્રકાન્તભાઈનું સમર્પણ**

પછી ચંદ્રકાન્તભાઈએ પૂછ્યું, 'તમારી પાસે જ્ઞાન છે, એ મને શી રીતે ખાતરી થાય ? મારે પરીક્ષા શી રીતે કરવી ?' ત્યારે દાદાશ્રીએ કહ્યું કે જેમ હીરાની પરીક્ષા તો કોઈ ઝવેરી જ કરી શકે એમ જ્ઞાનીની પરીક્ષા કરનાર તો એમની આંખ જોઈને જ ઓળખી લે. પણ જ્ઞાનીને ઓળખવારૂપી ઝવેરાતપણું તારામાં નથી એટલે સહેલો રસ્તો બતાવું, 'દાદાને બે ધોલ માર બધા લોકો વચ્ચે, એટલે તારી પરીક્ષા થઈ જશે. ફેણ ના માંડે તો જાણવું કે અહીંયા જ્ઞાન છે અને ફેણ માંડે તો જાણવું કે અહીં જ્ઞાન નથી.'

પણ આવો રસ્તો તો ચંદ્રકાન્તભાઈને શી રીતે પોસાય ? માટે એમણે દાદાશ્રીને બીજો ઉપાય બતાવવા કહ્યું ત્યારે એક કલાક દાદાશ્રીના મુખેથી એવો સત્સંગ નીકળ્યો કે કલાકમાં જ ચંદ્રકાન્તભાઈને ખાતરી થઈ ગઈ કે દાદાશ્રી પાસે જ્ઞાન છે. બીજે દિવસે સવારે તેઓ દોડતા આવ્યા, દાદાશ્રીના પગમાં પડીને બોલ્યા, 'મન-વચન-કાયા, ચંદ્રકાન્તના નામની સર્વ માયા આપને અર્પણ કરું છું, મારી-ઠોકીને તમારા જેવો બનાવો.'

આમ ૧૯૬૨માં, જ્ઞાન થયાના ચાર વર્ષ પછી ચંદ્રકાન્તભાઈ નિમિત્ત બન્યા અને અક્રમ જ્ઞાનના દ્વાર ખુલ્યા.

**• ટોળું જામતું ગયું**

પછી ચંદ્રકાન્તભાઈના માતા સવિતાબા અને બીજા બે કાકીઓ પણ જ્ઞાન લેવા માટે આવ્યા. પછી દાદાશ્રીના ભાગીદાર ને ભાગીદારના દીકરા વગેરે જોડાતા ગયા અને ટોળું જામતું ગયું અને જ્ઞાન બહાર પડી ગયું, ઉઘાડું થઈ ગયું.

દાદાશ્રી જણાવે છે કે જો આ વાત ચંદ્રકાન્તભાઈએ બહાર ન કાઢી હોત તો એમના ભાગીદારના દીકરાઓમાંથી કોઈ કાઢત. કારણ કે એમની નજીકમાં જન્મેલા 'ભવ્ય જીવો' કહેવાય કે જેમને ઘેર બેઠાં જ નિમિત્ત મળી આવે. પણ આમાં નિમિત્ત ચંદ્રકાન્તભાઈ બની ગયા, એમણે આ જ્ઞાન ઓપન કરાવ્યું.

**• 'દાદા ભગવાન' નામનું રહસ્ય**

દાદાશ્રી ચંદ્રકાન્તભાઈના 'દાદા' થાય એટલે એમને 'દાદા ભગવાન' કહેતા, એમાંથી 'દાદા ભગવાન' નામનો લોકોમાં પ્રસાર થઈ ગયો. પણ દાદાશ્રીએ પોતે ભગવાન તરીકે હોવાનો સ્વીકાર નહીં કરેલો. એમણે પોતે 'જ્ઞાની' છે અને 'દાદા ભગવાન' મહીં પ્રગટ થયા છે એમ કહી એ વાતનો સ્વીકાર કરાવડાવ્યો. દાદા ભગવાન તો ચૌદ લોકનો નાથ, એમનું ખરેખર નામ ના હોય. છતાંય એમને ઓળખાવવા, ભજવા માટે કોઈક નામ તો જોઈએ જ ને ?

## [૭.૩] શરૂઆતના વર્ષોમાં જ્ઞાન ગુપ્ત રાખેલું

**• જ્ઞાન ગુપ્ત રાખવાનું કારણ**

દાદાશ્રીએ જ્ઞાન આપવાની શરૂઆત કર્યા પછી પણ શરૂઆતના થોડા વર્ષો સુધી આ માર્ગ ગુપ્ત રાખ્યો હતો અને જાહેરમાં આવવાનું ટાળ્યું હતું. એની પાછળનું કારણ સમજાવતા તેઓ કહે છે કે જગતનો નિયમ છે કે જ્યારે પણ આવું જ્ઞાનરૂપી અજવાળું થાય, ત્યારે કેટલાક એવા લોકો હોય છે જેમને તે પોસાય નહીં. જગતને મોટે ભાગે અંધારું જોઈએ

છે, પ્રકાશ પોસાતો નથી. તેમને અંધારામાં રહીને જગતને ભોગવવું હોય છે, માટે તેઓ અજવાળું ઓલવવા, તેનો નાશ કરવા માટે જ પ્રયત્નો કરે છે, ગોળીબાર કરે છે, ખીલા મારે છે. ઈતિહાસમાં ક્રાઈસ્ટ, ગાંધીજી અને મહાવીર ભગવાન જેવા મહાપુરુષો સાથે પણ આવું જ થયું હતું. મહાવીર ભગવાન તો ચરમશરીરી હતા એટલે બચી ગયા, પણ બીજાઓનું શરીર તો ઝપાટાબંધ ઉડાડી મેલે એવા લોકો હોય છે.

એક ભાઈએ તો 'સંઘપતિ અને દાદાને ગોળી મારીશ' એવો કાગળ મુંબઈમાં લખીને મોકલેલો. આવા કાગળને દાદાશ્રી ઈનામ ગણાવતા અને લખનાર માટે સદ્‌બુદ્ધિ જ પ્રાર્થતા. કોઈ પૂછે કે તમને ડર નથી લાગતો ? તો દાદાશ્રી કહે, 'અમને ડર ના હોય. આ દેહ છોડેલો જ છે.' જે બીજાનો ડર કાઢે, તેને પોતાને ડર શેનો હોય ?

પણ જગતમાં જાતજાતના ભેજા હોય છે, બધા સ્વતંત્ર છે અને જે કરે તે પોતાની જવાબદારી પર કરે છે, તેથી સાચવીને ચાલવું પડે. આ કારણે શરૂઆતમાં જ્યારે પાંચ-દસ જણ જ હતા, ત્યારે દાદાશ્રીએ તેમને આ જ્ઞાન ગુપ્ત રાખવા કહ્યું હતું.

દાદાશ્રી કહેતા કે અમારે તો લોકોનું કલ્યાણ કરવાનું, એટલે ગોળીઓ ખાઈએ તે પાલવે નહીં. તેથી સાવધતા રાખવી પડે. સીધું 'વ્યવસ્થિત' કહીને બેસી ન રહેવાય.

**• ગુપ્તતાનો અંત અને અક્રમ જ્ઞાનનો ફેલાવો**

દાદાશ્રીનો હેતુ એવો હતો કે જ્યાં સુધી પૂરતા દીવા તૈયાર ન થાય, એટલે કે જ્યાં સુધી વધારે લોકો જ્ઞાન ન પામે ત્યાં સુધી જ્ઞાન ગુપ્ત રાખવું, જેથી આ જ્ઞાન નિર્વંશ ના થાય. કારણ કે શરૂઆતમાં ખૂબ થોડા જ લોકો હોય ત્યાં સુધી જ્ઞાન દબાઈ જવાનો ભય રહે. તેથી જ્ઞાન ગુપ્ત રખાવ્યું, પ્રૉપેગન્ડા કરવાની ના કહેલી. પેપરમાં પણ કદી આવવા ન દીધું. તેમનું માનવું હતું કે જેનું પુણ્ય હશે તે મને ભેગો થયા વગર રહેવાનો નથી.

દસ-પંદર હજાર માણસો જ્ઞાન પામ્યા ત્યાર પછી દાદાશ્રીએ ઓપન કરાવડાવ્યું. પછી તો હજારો માણસ જ્ઞાન પામ્યા એટલે હવે તો આ અક્રમ જ્ઞાન દબાવાનું નહીં, આખા વર્લ્ડનું કલ્યાણ કરીને જ રહેશે.

## [૮] દસ લાખ વર્ષે પ્રગટ્યા અક્રમ વિજ્ઞાની

### • અક્રમ વિજ્ઞાન - અપવાદ માર્ગ

ક્રમિક માર્ગમાં કોઈ જ્ઞાની થાય ત્યારે તેમના નિમિત્તે થોડાક જ લોકો આત્મજ્ઞાનને પામે પણ આ તો અક્રમ માર્ગના જ્ઞાની પ્રગટ્યા, તે લાખો લોકો આત્મજ્ઞાન પામશે. દસ લાખ વર્ષે એક ફેરો આવા અક્રમ વિજ્ઞાની પ્રગટ થાય. આ માર્ગ અપવાદ માર્ગ છે. એ ત્યારે જ ઉદય પામે, જ્યારે ધોરીમાર્ગ (ક્રમિક માર્ગ) કામ ન કરી શકે. અત્યારે ક્રમિક માર્ગ ફ્રેક્ચર થઈ ગયો છે, તેનું બેઝમેન્ટ (પાયો) સડી ગયું છે, તેથી અક્રમ માર્ગનો કુદરતી રીતે ઉદય થયો છે.

ક્રમિક માર્ગ ત્યાં સુધી જ ચાલે, જ્યાં સુધી મન-વચન-કાયાની એકતા હોય - જેવું મનમાં હોય તેવું વાણીમાં બોલાય અને તેવું જ વર્તન હોય. ચોથા આરા સુધી સજ્જન અને દુર્જન બંનેમાં આ એકતા હતી. પણ ભગવાન મહાવીરના નિર્વાણ પછી પચ્ચીસસો વર્ષમાં આ એકતા તૂટી ગઈ, તેથી ક્રમિક માર્ગનું બેઝમેન્ટ સડી ગયું. આજે સાધુઓ પણ સ્વીકારે છે કે તેમના મન-વચન-કાયાની એકતા નથી રહેતી. તેથી ક્રમિક માર્ગ ફળદાયી રહ્યો નથી અને અક્રમ માર્ગ નીકળ્યો છે.

દાદાશ્રીએ આ માર્ગ કોઈ ગાદી સ્થાપવા નથી કાઢ્યો, પણ ક્રમિક માર્ગ ફ્રેક્ચર થઈ ગયો અને લોકોનું કલ્યાણ થવાનું હશે તેથી તેમના મારફતે ઉદય પામ્યો છે. કેટલાક લોકો આને 'ચક્રમ માર્ગ' કે 'અક્કરમીનો જ ધંધો' કહે, તો દાદાશ્રી તેનો પણ પોઝિટિવ અર્થ કરતા ને કહેતા કે 'અકર્મી એટલે કરમ ના બંધાય તે.'

### • અક્રમની કાર્યપદ્ધતિ, ઉત્પત્તિ ને શાસ્ત્રમાં પુરાવા

અક્રમ એટલે ઊંધેથી કરવું; અંદરથી ધીમે ધીમે બહાર નીકળતો જાય, જ્યારે ક્રમિક એટલે બહારથી અંદર જવું.

ક્રમિક માર્ગમાં સાધક સૌ પ્રથમ પોતાના બાહ્યાચાર, એટલે કે વાણી અને વર્તનને સુધારે છે. આ બાહ્ય શુદ્ધિથી ધીમે ધીમે આંતરિક ભાવોમાં

પરિવર્તન લાવવાનો પ્રયત્ન થાય છે. આમ, બાહ્ય શુદ્ધિથી શરૂઆત કરીને આંતરિક શુદ્ધિ સુધી પહોંચવામાં આવે છે.

દાદાશ્રીએ તેમના જ્ઞાનમાં જોયું કે બાહ્યાચાર એ પૂર્વકર્મોનું પરિણામ માત્ર અને તટસ્થ છે. તેથી અક્રમમાં બાહ્યાચાર ઉડાડી દીધો અને અંતરાચાર શરૂ કરાવ્યો. આ માર્ગમાં 'જ્ઞાનવિધિ' દ્વારા આત્મજાગૃતિ કેળવાય છે. આ આંતરિક પરિવર્તનના ફળ સ્વરૂપે, બાહ્યાચારના દોષો કોઈ બાહ્ય પ્રયત્ન વિના, સહજ અને કુદરતી રીતે જ શુદ્ધ થતા જાય છે. અંદરની શુદ્ધિ વધતાં, તે બહારના વર્તનમાં આપોઆપ પ્રગટ થાય છે.

દાદાશ્રી પોતે ક્રમિક માર્ગે જ આવેલા, પણ કેવળજ્ઞાનમાં નાપાસ થયા એટલે ઉદય અક્રમનો આવ્યો. આ માર્ગનો લાભ દાદાશ્રીને નહીં મળેલો પણ પુણ્યશાળી લોકોને મળ્યો કે જે સંસારમાં રહેતા, ધંધા-રોજગાર કરતા પણ આત્મજ્ઞાન પામી ગયા. આ માર્ગમાં પગથિયા ચઢવાના નથી, ક્રિયા કે ત્યાગ કરવાનો નથી, કોઈ ક્રમ નથી, તેથી દાદાશ્રીએ તેને 'અક્રમ માર્ગ' કહ્યો. 'અક્રમ' શબ્દ તેમને કોઈ શાસ્ત્રમાંથી નથી મળ્યો, તેમના શબ્દો કુદરતી છે, ટેપરેકર્ડમાંથી નીકળેલા છે.

આ અક્રમ માર્ગ ઋષભદેવ ભગવાને તેમના પુત્ર ભરત રાજાને આપ્યો હતો, જેથી તેઓ રાજપાટ ચલાવતા, લડાઈઓ લડતા અને તેરસો રાણીઓ વચ્ચે રહીને પણ મોક્ષ પામી શકે. આ માર્ગને શાસ્ત્રો 'અપવાદ માર્ગ' કહે છે. અને તત્ત્વજ્ઞાન તરંગિણી ગ્રંથમાં ક્રમાગત અને અક્રમાગત એમ બે માર્ગનો ઉલ્લેખ છે. વળી સોળમા તીર્થંકરે ભાખેલું કે દુષમકાળમાં અક્રમ માર્ગ ઉત્પન્ન થશે. જો કે આના પુરાવાની જરૂર નથી. કારણ કે આ રોકડો માર્ગ છે. ધીસ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન ! અહીં જ મોક્ષ વર્તે. એનાથી મોટો પુરાવો શો ?

અક્રમ માર્ગ, અવસર્પિણીમાં પાંચમા આરામાં ને ઉત્સર્પિણીમાં બીજા આરામાં ઉદ્‌ભવે છે. જ્યારે મનુષ્યો સંસારમાં કર્મોના ભીડામાં શક્કરિયાની જેમ બફાતા હોય, ત્યારે જ આવા અપવાદ માર્ગની જરૂર પડે. તીર્થંકરો અક્રમ માર્ગ જાણતા હતા, પણ જે કાળમાં જેની જરૂર હોય તે જ આપે.

વળી, અક્રમ જ્ઞાન માટે નિષ્પક્ષપાતી હોવું જરૂરી છે. દાદાશ્રી તો સંપૂર્ણ નિષ્પક્ષપાતી એટલે એમના નિમિત્તે અક્રમ જ્ઞાન પ્રગટ થયું. દાદાશ્રી ઉપર તો બધા ધર્મોવાળા ખુશ હોય એ જ એમનો નિષ્પક્ષપાતી હોવાનો પુરાવો.

**• પ્રખ્યાતિથી નહીં, ખ્યાતિથી ફેલાશે અક્રમ**

આવું અપૂર્વ વિજ્ઞાન પ્રગટ્યું છતાંય દાદાશ્રી એનો પ્રચાર કરવાની કે જાહેરાત આપવાની મનાઈ કરતા અને કહેતા કે આ જ્ઞાન પ્રખ્યાતિથી નહીં, ખ્યાતિથી ફેલાશે. ખ્યાતિથી એટલે કહેતાકહેતીથી, જે લોકો આ જ્ઞાન પામ્યા છે તે બીજાને કહે, એમ એકબીજાને કહેવાથી આગળ ફેલાય. એના મૂળ બહુ ઊંડા હોય, ખસે નહીં જલદી, હજારો વર્ષ રહે ને પ્રખ્યાતિ ઊડી જતા વાર લાગે નહીં. છતાંય લોકોને ખ્યાલ આવે એવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ એવું દાદાશ્રી જણાવતા.

**• અક્રમમાંથી આવશે નવી જાતનું ક્રમિક**

આ અક્રમ તો અજાયબ વિજ્ઞાન છે ! ચોવીસ તીર્થંકરોનું વિજ્ઞાન છે ! આ જ્ઞાન તો પરાપૂર્વથી ચાલતું આવેલું તે જ છે પણ આ વિજ્ઞાનની ઢબ આગવી છે, મૌલિક છે. આ કાળ બદલાયો છે તે જ્ઞાનની ડિઝાઈન બદલાઈ છે, આ કાળના મનુષ્યોને ફિટ થાય એવી ડિઝાઈન !

આ અક્રમ માર્ગ કાયમનો નથી, તે અમુક કાળવર્તી જ છે. જે મહાન ભક્તો અને સંતો પચ્ચીસસો વર્ષથી રસ્તો ન મળવાથી અટવાયેલા હતા, જેઓ ઉપર ચડીને પાછા પડેલા છે, તેમના પુણ્યને લઈને આ માર્ગ નીકળ્યો છે. આ અસામાન્ય માણસો માટેનો માર્ગ છે. બાકીના લોકોને ક્રમિક માર્ગે જ જવું પડશે.

અક્રમ માર્ગ કાયમનો માર્ગ નથી એટલે પાછળથી અક્રમમાંથી ક્રમિક આવી જશે. પણ હજુ તો આ જ્ઞાન ચઢતું છે, ત્રણસો-ચારસો વર્ષ સુધી ચઢતું જ્ઞાન રહેશે, પછી ઊતરતું થશે. દાદાશ્રી પછી પણ જ્ઞાન આપનારા નીકળશે ને હજારેક વર્ષ આ જ્ઞાન રહેશે. પછી અક્રમમાંથી ક્રમ આવશે. અક્રમનું ક્રમ એટલે તદ્દન સહેલું હશે, નવી જાતનું ક્રમિક

આવશે. નેગેટિવ નહીં, પૉઝિટિવવાળું આવશે કે જેમાં દોષમાંથી બહાર નીકળવાના બધા રસ્તા હશે, નહીં કે ખાલી દોષોને દબાવી દેવાના.

**• પોતે રહે નિમિત્તભાવે, પણ આપણા માટે સર્વસ્વ**

દાદાશ્રી પોતાને માત્ર નિમિત્ત ગણાવે છે. ઉપાદાન ને નિમિત્ત બે ભેગા થાય ત્યારે મોક્ષ થાય. પણ અત્યારે લોકોનું ઉપાદાન જાગૃત નથી, માટે તે જાગૃત કરવાનું કામ પણ દાદાશ્રીએ જ કરવાનું રહ્યું. જ્ઞાની પુરુષ ચાહે સો કરે, કારણ કે તેમનામાં કર્તાભાવ ન હોય. તેમના હાથમાં મોક્ષદાનનું લાઈસન્સ હોય. તેઓ મોક્ષદાતા પુરુષ, તરણતારણહાર કહેવાય. તેઓ કહેતા, ''અમે તો ભગવાનનો 'પાવર ઑફ એટર્ની' લઈને આવ્યા છીએ. જે માગે એ મળે એવું છે.'' છતાં પોતે નિમિત્તભાવે જ રહેતા. જ્ઞાન કયા દિવસે, કયા સમયે આપવું એ બાબતમાંય સંજોગો આધીન થવા દેતા, એમાંય પોતાની સત્તા વાપરવાપણું કે કર્તાપણું નહીં. તેઓ કહેતા કે આખા વર્લ્ડનું કલ્યાણ કરવા માટેનો આ નૈમિત્તિક અવતાર છે ! આ જે નિમિત્ત ઊભું થયું છે ને, તે જગતનું આખું પૂંઠિયું જ ફેરવવા આવ્યું છે. એ કામ અક્રમથી જ થાય, ક્રમથી ના થાય. પણ એમાં બધાના ટેકાની જરૂર ખરી, તે પણ કર્તાભાવે નહીં, નિમિત્ત ભાવે.

દાદાશ્રી પોતાને ભલે નિમિત્ત ગણાવે પણ આપણે તો એમને સર્વસ્વ જ માનવાના. આપણે જો એમને નિમિત્ત ગણીએ તો આપણું કલ્યાણ થાય નહીં. આપણે એમનું જે પદ માનીએ એ પ્રમાણે આપણને ફળ મળે. જો એમને સાધુ માનીએ તો એટલું ફળ મળે, આચાર્ય માનીએ તો એટલું ફળ મળે. જે માનો એટલો લાભ થાય. તીર્થંકર માનો તો તીર્થંકર જેટલો લાભ મળે. ચોવીસ તીર્થંકરોનું ભેગું સ્વરૂપ માનીએ તો તેવું ફળ મળશે. દાદાશ્રી તો એ પદને પહોંચેલા છે, માટે જેને જેટલો લાભ ઉઠાવવો હોય એ ઉઠાવજો. દાદાશ્રી જણાવે છે કે પાંચસો વર્ષ પછી તો બધા લોકો એમને ચોવીસ તીર્થંકરોનું ભેગું સ્વરૂપ કરીને મૂકશે.

**• મહાવીર શાસનના શણગાર**

એક કલાકમાં મોક્ષ કરાવે તેવું અક્રમ વિજ્ઞાન જગતને આપ્યું તોય એના પર દાદાશ્રી પોતાનું માલિકીપણું જતાવતા નહોતા, ને કહેતા કે

આ તો મહાવીર ભગવાનનું શાસન છે ને અમે તો મહાવીર શાસનના શણગાર છીએ. જે સાધુ-સાધ્વીઓ એમની પાસે જ્ઞાન લેતા એમની પાસે પણ મહાવીરની પાટ દીપાવજો એવી જ શર્ત મૂકતા. દાદાશ્રી કહેતા કે અમે શાસનના કળશ કહેવાઈએ, કે જે લોકોને શાસન તરફ વાળે. પણ શાસન તો તીર્થંકરનું જ કહેવાય, એ તો એમને જ શોભે.

આ જ્ઞાન વીતરાગોનું વિજ્ઞાન છે. આખા વર્લ્ડના કલ્યાણને માટે, જગતનો અભ્યુદય થવા માટે ઉત્પન્ન થયું છે. પચ્ચીસસો વર્ષનો શ્રાપિત કાળ ગયો. હવે આ ના બનવાનું બન્યું છે, માટે આપણે આપણું કામ કાઢી લેવું. આ શુદ્ધ સોનાની દુકાન છે, ફ્રી ઑફ કૉસ્ટ. માટે જેટલું લૂંટાય એટલું લૂંટી લો. જ્ઞાની પુરુષ મળવા દુર્લભ છે. આ અમૂલ્ય તક મળી છે, તેનો લાભ ઉઠાવી લેવો જોઈએ.

# [૯] અધ્યાત્મની આગવી શોધ

## [૯.૧] અનંત અવતારની શોધખોળ

### • ખોળ્યો સંસારમાં રહી મોક્ષ થાય એવો માર્ગ

દાદાશ્રીને જે જ્ઞાન પ્રાપ્ત થયું તે કોઈ સંયોગ માત્ર નથી, પણ હજારો અવતારથી તેઓ જે ખોળતા'તા, તે મળ્યું છે. તેમની મુખ્ય શોધખોળ એ હતી કે સંસારમાં રહીને મોક્ષ થવો જોઈએ, પત્ની-બાળકો છોડ્યા વગર કે કંઈ પણ ત્યાગ કર્યા વિના પણ મોક્ષે જઈ શકાય એવો સરળ મોક્ષમાર્ગ મળવો જોઈએ. બધી વસ્તુઓ હોય છતાં જ્ઞાનમાં રુકાવટ ન થાય, એવો માર્ગ અનંત અવતારથી ખોળતા ખોળતા તેમને આ ભવમાં જડી ગયો. અને સ્ત્રી પણ મોક્ષે જતાં નડતી નથી, અજ્ઞાન નડે છે, એવી શોધખોળ કરી. નહિતર તો સંસારીઓને મોક્ષની વાત જ કેમ કરાત ? દાદાશ્રીએ શાસ્ત્રકારોની 'વિષયો વિષ છે' એ વાતનો છેદ ઉડાડતા કહ્યું, 'વિષયો વિષ નથી, વિષયોમાં નીડરતા એ વિષ છે.' દાદાશ્રીને તો એવો માર્ગ શોધવો હતો કે જેથી સ્ત્રીનો પણ મોક્ષ થઈ શકે.

### • 'વ્યવસ્થિત'ની શોધ કાજે રોક્યો મોક્ષ

એમની બીજી મહત્ત્વની શોધખોળ હતી, 'વ્યવસ્થિત'નું જ્ઞાન. આ શોધખોળ દરમ્યાન તેમને મોક્ષ તો મળતો'તો પણ આ શોધ્યા વિના મોક્ષ

નથી જોઈતો એમ કહીને રોક્યો હતો. કારણ કે તેમને જાણવું હતું કે આ કરે છે કોણ ? આ જગત ખરેખર ચાલે છે કેવી રીતે ?

તેમણે પહેલેથી નક્કી કરેલું કે 'આ જગત ચલાવનાર ખરેખર કોણ છે ?' આ સત્ય જાણ્યા સિવાય મોક્ષે જવું નથી. આ શોધના અંતે તેમને જગત ચલાવનાર 'વ્યવસ્થિત શક્તિ' છે, એ જ્ઞાન પ્રાપ્ત થયું.

**• વ્યવસ્થિતના જ્ઞાનની વિશેષતા**

આ વ્યવસ્થિતના જ્ઞાનની વિશેષતા એ છે કે તેનાથી અગ્રશોચ (ભવિષ્યની ચિંતા) અને પીછે કી શોચ (ભૂતકાળનો વિચાર) - બન્ને ઊડી જાય છે અને માત્ર વર્તમાન જ રહે છે. ક્રમિક માર્ગના જ્ઞાનીઓને પણ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી અગ્રશોચ અને ભય રહે છે. દાદાશ્રીએ નક્કી કરેલું કે જ્યાં સુધી નિર્ભય ન થવાય ત્યાં સુધી મોક્ષ નકામો છે. વ્યવસ્થિતના જ્ઞાનથી મહાત્માઓ નિર્ભય અને નિશ્ચિંત બની જાય છે. દાદાશ્રીની આ નિરાળી શોધખોળ છે, આગવું દર્શન છે, જેણે મોક્ષનો માર્ગ સરળ કરી આપ્યો. આ જ્ઞાન દાદાશ્રીનું અનુભવજન્ય જ્ઞાન છે, શાસ્ત્રીય જ્ઞાન નથી.

દાદાશ્રી પોતે ક્રમિક માર્ગે ગોદા ખઈ ખઈને આવેલા, પણ મહાત્માઓને તો આ અક્રમનો લાભ સીધો મળ્યો. આ વ્યવસ્થિતની શોધખોળ માટે જ તેમના કેટલાય અવતારો ગયેલા.

**• છતે અહંકારે અક્રિયતાનું અવલોકન**

આ 'વ્યવસ્થિત'નું જ્ઞાન તેને જ લાગુ પડે છે જેનો અહંકાર ઓગળી ગયો છે. અહંકાર જીવતો હોય તો ડખો કર્યા વગર રહે નહીં ને ! 'વ્યવસ્થિત'ની શોધખોળ દાદાશ્રીએ છતે અહંકારે કરેલી. છતે અહંકારે એમને જગત 'વ્યવસ્થિત' લાગતું હતું. કેટલાય અવતાર તો દરેક ક્રિયામાં અલિપ્ત રહીને જ સંસારમાં રહ્યા, એ તપાસવા માટે કે સંસાર ચાલે છે કે અટકી પડશે.

જ્ઞાન થતા પહેલા પાછલા ભવમાં પણ તેમને મૂળ એક્ઝેક્ટ વસ્તુનું દર્શન થયેલું, પણ પછી આવરણ આવી ગયેલું. ૧૯૫૮માં જે થયું તે તો

સંપૂર્ણ આવરણ તૂટ્યું. હવે જે જ્ઞાન થયું છે તેના પર આવરણ ન આવે. કારણ કે તે ક્ષાયક જ્ઞાન છે.

**• જ્ઞાનનું પ્રગટ થવું અને આવરાઈ જવું**

દાદાશ્રી કહે છે કે આ અક્રમ જ્ઞાન અને વ્યવસ્થિતનું જ્ઞાન પણ જગતમાં કાયમ નહીં રહે, પાછું આવરાઈ જવાનું છે. જ્ઞાન તો પ્રગટ થાય છે, પણ પાછું આવરાઈ જાય. પુણ્યશાળી લોકો લાભ ઉઠાવીને ચાલ્યા જશે. આવી તો ઘણી શોધખોળો તીર્થંકરોએ કરી કરીને મૂકેલી, પણ તે આવરાઈ ગઈ. દાદાશ્રીએ કરેલી શોધખોળ પણ એંસી હજાર વર્ષ સુધી ચાલીને પછી પાછી આવરાઈ જશે. ફરી જ્યારે તીર્થંકર આવશે ત્યારે નવી વાત આવશે.

## [૯.૨] પકડાયો વર્તમાનનો ભય, વાઘડુંગરી પર

**• દરેક બાબત ટ્રાયલ ઉપર મૂકેલી**

દાદાશ્રી દરેક બાબતોને અનુભવની એરણ પર ચકાસતા. દરેક બાબત એમણે ટ્રાયલ ઉપર મૂકેલી અને પછી અનુભવ થાય તો જ આગળ વધવું, એ એમનો સિદ્ધાંત હતો. ભયની બાબતમાં એમને ભૂતકાળનો ભય ગયો છે તેની સાબિતી થઈ ગઈ હતી. કારણ કે ઘડી પહેલા જે થઈ ગયું તે બાબતમાં એમને મનમાં કોઈ પણ ઉતાર-ચડાવ ઉત્પન્ન ન થતો. અને 'વ્યવસ્થિત'નું જ્ઞાન પોતે લઈને આવેલા એટલે ભવિષ્યનો ભય તો એમને રહે જ નહીં ને ! પછી પ્રશ્ન રહ્યો વર્તમાન ભય ગયો છે કે નહીં ? એ ટેસ્ટ કર્યા વગર કેમ કહી શકાય કે બધા પ્રકારના ભય જતા રહ્યા ? એમ ને એમ કહી દેવું કે 'મને કશું અડતું નથી' તે એમના મતે ચાલે નહીં. આ જ્ઞાન કેટલું પરિણામ પામ્યું છે તે જોવા માટે એમણે પોતાની જાતની પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

**• વાઘડુંગરી પરનો અનુભવ - વર્તમાન ભયનું દર્શન**

આ પરીક્ષા માટે દાદાશ્રી સોનગઢ (વ્યારા) પાસેની વાઘડુંગરી પર ગયા, જ્યાં વાઘ રહેતા હતા. ત્યાંના બે આદિવાસી માણસોને સાથે લીધા. તેમણે દાદાશ્રીને કહ્યું કે વાઘ આવે તો તેઓ તો ઝાડ પર ચઢી જશે, પણ

દાદાશ્રીનું શું થશે ? દાદાશ્રીએ કહ્યું કે મારે જોવું છે કે મને ભય લાગે છે કે નહીં. તે પછી ઉપર જઈને વાઘની બખોલ જોઈ. પછી દાદાશ્રીએ પેલા બે માણસોને કહ્યું, 'તમે ચાલવા માંડો, હું અહીં બેસું.' કારણ કે તેમની હાજરીમાં હૂંફ રહે, સાચો ટેસ્ટ ન થાય.

પેલા માણસો થોડા દૂર ગયા કે તરત જ દાદાશ્રીના મહીંથી કો'ક બોલ્યું, 'આ જતા રહેશે પછી બૂમ પાડીશું તોય સંભળાશે નહીં અને આ બાજુ વાઘ આવશે તો ?' દાદાશ્રી તરત સમજી ગયા કે પોતે ફેઈલ છે આમાં. એમણે પેલા માણસોને બૂમ પાડી પાછા બોલાવ્યા. વાઘ તો દેખાયો નહોતો, પણ મહીંવાળાએ એમને બિવડાવ્યા. માટે દાદાશ્રીને સમજાયું કે વર્તમાન ભય હજુ રહ્યો છે.

**• વર્તમાન ભયનું સ્વરૂપ અને તેનું નિવારણ**

પછી દાદાશ્રીએ વધુ તપાસ કરી કે ખરેખર ભય શાનો છે ? પછી તેમને સમજાયું કે જો વાઘ ખરેખર સામે જ આવી જાય તો બીક નહીં લાગે. ત્યારે તો તરત જ શુદ્ધાત્માની ગુફામાં પેસી જવાય અને સમજી જવાય કે હવે હિસાબ ચૂકતે જ થવાનો છે. સામું મરણ આવે તોય ભય ન લાગે. પણ 'વાઘ આવશે તો ?' એ વિકલ્પ ભય ઊભો કરે છે. પણ જો વાઘ સામો આવે તો નિર્ભય થઈ જવાય. આ તો મોતનો ભય નહોતો પણ વાઘ કોળિયો કરીને ખાઈ જાય એનો ભય હતો. બીજા બધા ભય જતા રહ્યા હતા પણ આ ભય રહી ગયો હતો.

આ ભય જ્ઞાનની કચાશ દર્શાવે છે. જ્ઞાન એવું હોવું જોઈએ કે ભયનો વિકલ્પ જ ઊભો ન થવો જોઈએ. આ અનુભવ પછી દાદાશ્રીએ શું કર્યું ? તેમણે અંબાલાલ પટેલ જોડે જે થોડું એકાત્મપણું વર્તતું હતું, તેનો છેડો ફાડી નાખ્યો. હવે ભય લાગે તો પટેલને લાગે, પોતે (શુદ્ધાત્મા સ્વરૂપે) તેનાથી મુક્ત ! જો કે એ સ્થિતિ પણ અંતિમ નથી, છેવટે અંબાલાલ પટેલને પણ સંપૂર્ણ નિર્ભય સ્થિતિમાં લાવવા પડે, જેના માટે કદાચ એમને એકાદ-બે અવતાર લાગે.

વર્તમાનકાળનો ભય કોઈને પણ સહેલાઈથી જાય નહીં. તે કેવળજ્ઞાન થાય ત્યારે જ સંપૂર્ણપણે જાય.

આ વાઘડુંગરીનો પ્રસંગ દાદાશ્રીને યાદગીરી તરીકે નહોતો, પણ જ્યારે વાત નીકળે ત્યારે દર્શનમાં દેખાય. તે સમયે કેવી રીતે બેઠા હતા, શું ફફડાટ થયો હતો, પેલા બે માણસો ક્યાં હતા, એ બધું જ તેમને દૃશ્યમાન થાય ને વાત નીકળે.

## [૯.૩] સાયન્ટિસ્ટોનાય સાયન્ટિસ્ટ

### • જગતના ક્રિએટરનું સત્ય

દાદાશ્રીની વ્યવસ્થિત શક્તિની શોધખોળ એ અજાયબ શોધખોળ છે, જે આજનું આખું જગત એક્સેપ્ટ કરે એવી છે. મોટાભાગના લોકો તો આ જગત ભગવાને બનાવ્યું છે એવી માન્યતા ધરાવે છે. પણ દાદાશ્રીએ શોધખોળ કરી કે જગત ભગવાને બનાવ્યું નથી, ઈટસેલ્ફ પઝલ થયેલું છે. આ વાત લોકોને સરળતાથી સ્વીકાર થાય નહીં પણ દાદાશ્રીની લોકોને સાયન્ટિફિકલી સમજાવવાની કળા એવી કે ફૉરેનના સાયન્ટિસ્ટ પણ એ વાતને સ્વીકારી લેતા.

એવો જ એક પ્રસંગ બનેલો. એક વાર ઔરંગાબાદ એરપોર્ટ પર દાદાશ્રીને એક પાંસઠ વર્ષના ફ્રેન્ચ માઈક્રોબાયૉલૉજિસ્ટ મળ્યા. દાદાશ્રીને પહેરાવેલા ફૂલહાર અને આસપાસના લોકોની ભીડ જોઈ તેમને આશ્ચર્ય થયું. તેમણે દાદાશ્રીને પૂછ્યું, 'આ જગત શી રીતે બન્યું ? હૂ ઈઝ ધી ક્રિએટર ?' દાદાશ્રીએ સ્પષ્ટ કહ્યું, 'નો બડી ઈઝ ધી ક્રિએટર ઑફ ધીસ વર્લ્ડ ઍટ ઑલ. ગૉડ ઈઝ નૉટ ક્રિએટર ઑફ ધીસ વર્લ્ડ ઍટ ઑલ.'

સાયન્ટિસ્ટને આશ્ચર્ય થયું કે આખી દુનિયા, બધા ધર્મોવાળા ભગવાને જગત બનાવ્યું એમ માને છે અને તમે એકલા જ આવું કહો છો ? દાદાશ્રીએ સમજાવ્યું કે તમે બધા પોતપોતાની ડિગ્રી પર રહીને વ્યૂ પૉઈન્ટથી જોઈ રહ્યા છો, તેથી તમને ભગવાન કર્તા લાગે છે. ગૉડ ઈઝ ક્રિએટર બાય યોર વ્યૂ પૉઈન્ટ, નૉટ બાય ફૅક્ટ. વાસ્તવિકમાં ભગવાન ક્રિએટર નથી. પછી એ સાયન્ટિસ્ટે પૂછ્યું કે તો આ ક્રિએશન કેવી રીતે થાય છે ? દાદાશ્રીએ કહ્યું, આ બુદ્ધિથી જણાય તેવું નથી, આ જ્ઞાનથી સમજાય તેમ છે. આ તો ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. જેમ 2H અને O ના પરમાણુ ભેગા થવાથી પાણી બને છે, તેમ

સંજોગો ભેગા થવાથી જગત ચાલે છે. ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ, ઈટસેલ્ફ પઝલ થયેલું છે. કોઈએ આ બનાવ્યું નથી. આ વાત મહાવીર ભગવાને પણ કહી હતી, પણ કોઈ સમજ્યું નહીં. જ્ઞાની પુરુષ આ જેમ છે તેમ દેખે ત્યારે વાત કરી શકે.

**• મેટ્રિક ફેઈલ પણ ભાષા અવ્વલ**

દાદાશ્રી કહેતા કે પોતે તો મેટ્રિક ફેઈલ થયેલા છે, છતાં 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' જેવા અંગ્રેજી શબ્દો તેમના મુખેથી કેવી રીતે નીકળે છે તે તેમને પોતાને પણ ખબર નથી. ચાર્જ-ડિસ્ચાર્જ, વ્યવસ્થિત, ફાઈલ નંબર વન જેવી તેમની શોધો અને શબ્દપ્રયોગો અનોખા છે. આ અંગ્રેજી શબ્દો તેમણે એટલા માટે વાપર્યા છે કે ભવિષ્યના લોકોને ખ્યાલ આવે કે આ જ્ઞાન અંગ્રેજોના સમય પછીનું છે.

**• પુનર્જન્મની વૈજ્ઞાનિક સાબિતી**

પેલા ફ્રેન્ચ સાયન્ટિસ્ટને પુનર્જન્મ વિશે જાણવાની ખૂબ જિજ્ઞાસા હતી. તે આખા હિન્દુસ્તાનમાં ફરી વળ્યા હતા, પણ કોઈ 'પુનર્જન્મ છે જ' એવી ખાતરીપૂર્વક વાત નહોતું કરતું અને જે પુરાવા અપાતા હતા તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ બંધબેસતા નહોતા. દાદાશ્રીએ તેમને કહ્યું કે 'પુનર્જન્મ છે જ !' અને પ્લેનમાં જ વૈજ્ઞાનિક રીતે સમજાવી દેવાની ખાતરી આપી.

તેમણે સમજાવ્યું કે મન-વચન-કાયા ઈફેક્ટિવ છે. નાનું બાળક પણ ઠંડી-ગરમી, કડવા-મીઠા સ્વાદની અસર અનુભવી પ્રતિક્રિયા આપે છે. આ અસર ગર્ભમાં પણ હોય છે. તેમણે ગર્ભવતી સ્ત્રીને શિંગડું વાગવાથી બાળકની આંગળી બહાર આવી ગઈ અને ડોશીમાએ ગરમ સોય અડાડતા બાળકે તરત આંગળી ખેંચી લીધી તે ઉદાહરણ આપી સાબિત કર્યું કે ગર્ભમાં પણ શરીર ઈફેક્ટિવ છે. હવે જો આ જન્મમાં શરીર ઈફેક્ટિવ હોય, તો તેના કૉઝિઝ (કારણો) ક્યારે થયા ? કૉઝિઝ વગર ઈફેક્ટ ન હોય. આ કૉઝિઝ પૂર્વજન્મમાં થયા હતા, જે આ જન્મમાં ઈફેક્ટ રૂપે આવ્યા છે. આમ, પુનર્જન્મ સાબિત થાય છે. વળી બાળક કડવું ચાખીને દ્વેષ અને મીઠું ચાખીને રાગ કરે છે, તે રીતે દરેક મનુષ્ય રાગ-દ્વેષથી નવા કૉઝિઝ ઊભા કરે છે. આ કૉઝિઝ અને ઈફેક્ટની ઘટમાળ

નિરંતર ચાલ્યા કરે છે. આ સાયન્ટિફિક સમજૂતીથી પેલા સાયન્ટિસ્ટને ખાતરી થઈ ગઈ કે પુનર્જન્મ છે જ. આ સમજાવવા માટે દાદાશ્રીને દસ વર્ષની જરૂર ન પડી, પ્લેનમાં જ બેઝિક સમજાવી દીધું. કારણ કે તેઓ તો સાયન્ટિસ્ટોનાય સાયન્ટિસ્ટ હતા.

### • જ્ઞાનનો વૈશ્વિક પ્રસાર સાયન્ટિસ્ટો દ્વારા થઈ શકે

લોનાવલામાં હોલેન્ડના એક દંપતીને દાદાશ્રીએ ફક્ત 'આઈ' અને 'માય' છૂટું પાડવાનું સાયન્સ સમજાવ્યું, તો તેઓ તરત સમજી ગયા.

દાદાશ્રીની વાત દરેક મનુષ્ય સમજી શકે, પણ ફૉરેનના તો ફક્ત સાયન્ટિસ્ટો જ સહેલાઈથી અને ગહનતાથી સમજી શકે. કારણ કે ભારતીયો અધ્યાત્મમાં ડેવલપ થયેલા છે, જ્યારે ફૉરેનના લોકો અધ્યાત્મમાં એટલા ડેવલપ નથી.

દાદાશ્રીની તીવ્ર ભાવના હતી કે આખા વર્લ્ડના સાયન્ટિસ્ટોને ભેગા કરી નવા જ પ્રકારનું જ્ઞાન આપવું, જેથી જગતભરમાં શાંતિ ફેલાય. સાયન્ટિસ્ટોને જ્ઞાન આપવાથી તેઓ તેમની ભાષામાં આ જ્ઞાન આખા વર્લ્ડમાં ફેલાવી શકે. જો સાયન્ટિસ્ટો આ જ્ઞાન એમના પોતાના નામે ફેલાવે તો પણ દાદાશ્રીને વાંધો નહોતો, કારણ કે જે મન-વચન-કાયાના પોતે માલિક જ નથી, તેમને નામની શી પડી હોય ? એમને તો આ વિજ્ઞાન જગતના ખૂણે ખૂણે પહોંચે અને જગતમાં શાંતિ થાય એ જ ભાવના હતી, તે પોતાની ગરજે આ જ્ઞાન બધાને આપતા.

## [૯.૪] 'ઉપર કોઈ બાપોય નથી' કહી, કર્યા ભડકાટ મુક્ત

### • ભગવાનનું સાચું એડ્રેસ - સર્વ જીવોમાં

જ્યારે ફૉરેનર્સ દાદાશ્રીને પૂછતા કે 'શું ભગવાન ઉપર નથી ?' ત્યારે દાદાશ્રી સ્પષ્ટ કહેતા, 'ઉપર તો કોઈ બાપોય નથી, આકાશ છે ખાલી.' આ સાંભળીને લોકો ચમકી જતા અને પૂછતા કે શું તમે ભગવાન નથી એમ કહો છો ? દાદાશ્રી સમજાવતા કે તેઓ ભગવાન નથી એમ નથી કહેતા, પણ લોકો ભગવાનનું સાચું એડ્રેસ જાણતા નથી. ઉપર મોકલેલી અરજીઓ તો લૉસ્ટ પ્રૉપર્ટી ઑફિસમાં પડી રહે છે. ભગવાનનું

સાચું એડ્રેસ શું છે ? 'ગૉડ ઈઝ ઈન એવરી ક્રીએચર વેધર વિઝિબલ ઑર ઈન્વિઝિબલ ! આ ક્રીએચરની બહાર કોઈ જગ્યાએ ગૉડ (ભગવાન) છે નહીં.' આ વાત ફૉરેનર્સ પણ સમજી જતા હતા. પણ કેટલીક વાર એવા પ્રસંગ બનતા કે દાદાશ્રી 'ઉપર કોઈ બાપોય નથી' એવું બોલે તો કેટલાકને વાંધો પડી જતો.

**• વકીલનો પ્રસંગ - મતભેદ ટાળવાની કળા**

એક વાર અમદાવાદમાં સત્સંગ ચાલતો હતો. કોઈકે કહ્યું કે 'ભગવાને બધું બનાવ્યું છે અને આપણે તેમના બાળકો છીએ.' દાદાશ્રીએ પૂછ્યું, 'ક્યાં રહે છે ભગવાન ?' જવાબ મળ્યો, 'ઉપર.' ત્યારે દાદાશ્રી બોલ્યા, 'ઉપર કોઈ બાપોય રહેતો નથી. હું બધે જઈ આવ્યો.' આ સાંભળીને એક મોટા વકીલ ગુસ્સે થઈને ઊઠીને જવા માંડ્યા. દાદાશ્રીને લાગ્યું કે આ તો ઍક્સિડન્ટ થઈ ગયો. તેમણે તરત જ બીજા મહાત્માઓને કહ્યું કે વકીલને પાછા બોલાવી લાવો. એટલું જ નહીં પણ એમ પણ કહેવડાવ્યું, કે 'દાદાજી તમને વિનંતી કરે છે, માટે તમે પાછા ચાલો.'

વિનંતી શબ્દ સાંભળી વકીલ પાછા આવ્યા. દાદાશ્રીએ તેમને પ્રેમથી સમજાવ્યા અને કહ્યું, 'અમારી ભૂલ થઈ, માફી માગીએ છીએ.' પછી સમજાવ્યું કે 'ખરેખર ભગવાન ઉપર નથી' એમ કહેવાનો મતલબ એ છે કે ભગવાન તો દરેક જીવમાત્રમાં બિરાજમાન છે. વકીલ સાહેબને પછી પોતાની ભૂલ સમજાઈ અને તેઓ સાચું જ્ઞાન જાણી ખૂબ રાજી થયા.

આમ, દાદાશ્રી કોઈના મનમાં કોયડો ઊભો થાય તો તેનું સમાધાન કરીને જ મોકલતા. કોઈને તરછોડ ના મારે. આવો કોઈ પ્રસંગ ઊભો થાય, તો 'અમારી ભૂલ થઈ' એમ કહીને વાળી લે. સામેની વ્યક્તિની ભૂલ હોય તો પણ તેને પોતાની ભૂલ ગણતા.

**• ઉપરીના ભડકાટથી મુક્તિ**

'ઉપર કોઈ બાપોય નથી' આ તળપદી ભાષામાં બોલાયેલું વાક્ય કેટલાકને કડવું લાગતું, પણ મોટાભાગના લોકોને મીઠું લાગતું. કારણ કે તે સોંસરવું નીકળી જાય એવું છે. દાદાશ્રી કહેતા કે ઉપર કોઈ ભગવાન નથી, ત્યાં ફક્ત આકાશ છે. તેઓ કહેતા, 'હું બધે ફરી આવ્યો છું.'

ખરેખર કોઈ ઉપરી છે જ નહીં. તમારો ઉપરી કોણ છે ? તમારા 'બ્લંડર્સ' અને 'મિસ્ટેક્સ', આ બે જ તમારા ઉપરી છે. અને આ વાત તેઓ એટલી દૃઢતાપૂર્વક કહેતા કે સાંભળનારનો ઉપરીનો ભડકાટ દૂર થઈ જાય. આવું છાતી ઠોકીને કહેનાર જ કોઈ મળ્યો નથી ને ! મોટાભાગના લોકો એમ જ કહે છે કે ભગવાન ઉપર છે, તેથી લોકો પર એવી સાઈકૉલોજીકલ અસર થઈ ગઈ છે કે ભગવાન ઉપર જ છે. લોકોને તો 'ઉપર કોઈ બાપોય નથી' આવું બોલતા પણ ડર લાગે કે આવું બોલવાથી કદાચ કંઈક અઘટિત થઈ જશે, તેથી સમજાતું હોય તો પણ બોલતા નથી.

**• સત્ય કહેવું એ જ્ઞાનીની જવાબદારી**

જ્ઞાની પુરુષનું લક્ષણ શું ? જે છે, જેનું અસ્તિત્વ છે, તેને 'નથી' એવું ના કહે. જે 'નથી' એને 'છે' એવું ના કહે. કારણ કે તેઓ જવાબદાર કહેવાય. દાદાશ્રી કહેતા કે સત્ય મારે કહેવું જ જોઈએ. જો તેઓ જેમ છે તેમ ન કહે તો લાભ પામનાર તે લાભથી વંચિત રહી જાય. ભલે અણસમજુ લોકો ગાળો દે, પણ ઉપાદાનવાળા લાભ પામી જશે.

દાદાશ્રીનું એક વાક્ય છે : 'અવસ્થા માત્ર કુદરતી રચના છે, જેનો કોઈ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત છે.' આ વાક્યમાં 'બાપોય' શબ્દ એટલા માટે વાપર્યો કે ભવિષ્યના લોકો તપાસ કરે તો તેમને આ શબ્દ પરથી ખ્યાલ આવે કે દાદાશ્રી ચરોતરના પટેલ હોવા જોઈએ.

## [૧૦] અગિયારમું આશ્ચર્ય - 'અસંયતિ પૂજા'

**• ગૃહસ્થ વેશે જ્ઞાની, અગિયારમું આશ્ચર્ય**

જગતની સામાન્ય માન્યતા એવી છે કે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સંસારનો ત્યાગ કરી સાધુ થવું પડે. પરંતુ આ કાળમાં જ્ઞાની પુરુષ ગૃહસ્થ વેશે પ્રગટ થયા, એ આધ્યાત્મિક જગતનું અગિયારમું આશ્ચર્ય કહેવાય છે. ભગવાન મહાવીરના સમય સુધીમાં દસ આશ્ચર્યો નોંધાયા હતા. આ અગિયારમું આશ્ચર્ય સર્જાયું છે, જેને હુંડાવસર્પિણી ધીટ આશ્ચર્ય ! અસંયતિ પૂજા ! તરીકે ઓળખવામાં આવે છે. આ અવસર્પિણી કાળને હુંડાવસર્પિણી કાળ પણ કહેવાય છે, જેમાં ભૌતિક અને આધ્યાત્મિક; બંને ક્ષેત્રોમાં જાતજાતના આશ્ચર્યો સર્જાય છે.

અસંયતિ પૂજા એટલે એવી વ્યક્તિની પૂજા, જેનામાં બાહ્ય રીતે કોઈ પણ પ્રકારનો સંયમ દેખાતો ન હોય. જોનારને એમ જ લાગે કે આ તો આપણા જેવા જ સામાન્ય સાંસારિક અને વ્યવહારિક માણસ છે. દાદાશ્રીનો વેશ સંસારી હતો; તેઓ કોટ, ટોપી, બૂટ વગેરે પહેરતા. કોઈ સાધુ-સંતની જેમ ભગવા કે સફેદ વસ્ત્રો અને ટીલા-ટપકાં જેવા બાહ્ય ઓળખચિન્હ પણ નહોતા. બહારથી સંયમના કોઈ લક્ષણ ન દેખાય, છતાં તેઓ પૂજાતા હતા. જો કે આંતરિક રીતે તો તેઓ સંપૂર્ણ સંયમી હતા; એક ક્ષણ માટે પણ અસંયમ નહોતો. ખરેખર સંયમ એ આંતરિક બાબત છે, બાહ્ય દેખાવની નહીં. પરંતુ જગત બહારનો સંયમ જુએ છે, ભલે અંદર ન હોય.

**• ટેસ્ટેડ જ્ઞાન**

સામાન્ય રીતે ત્યાગીઓ એમ જ માને છે કે મોક્ષ અમારો જ થવાનો છે, જ્યારે સંસારીઓ તો દયાપાત્ર છે. તેથી જાણે કુદરતે એક આશ્ચર્ય રૂપે દાદાશ્રીને સંસારી વેશે જ આત્મજ્ઞાન પ્રગટ કરાવ્યું, જેથી ત્યાગીઓનો મદ ઉતરે. ખરેખર તો જેણે આત્માને જાણ્યો છે, તેનો મોક્ષ નિશ્ચિત છે, પછી ભલે તે ગૃહસ્થ હોય કે ત્યાગી. ને વળી જો ગૃહસ્થ વેશે જ્ઞાન થાય, તો જ તેની સાચી કસોટી થયેલી કહેવાય. પત્ની, બાળકો, વ્યવહારની જવાબદારીઓ વચ્ચે આત્મજ્ઞાનમાં રહેવું એ જ સાચી પરીક્ષા છે, એ ટેસ્ટેડ જ્ઞાન છે.

**• સંસારી વેશમાં નિરંતર સ્વપરિણતિ**

ભગવાનની દૃષ્ટિએ તો ગૃહસ્થ હોય કે ત્યાગી, જે સિદ્ધ નથી થયા તે બધા સંસારી જ ગણાય, પરંતુ જ્ઞાની પુરુષ સંસારમાં રહેવા છતાં સંસારી ન કહેવાય. કારણ કે સંસારની કોઈ પણ પ્રકારની અસર તેમને સ્પર્શતી નથી. દાદાશ્રી જ્ઞાન થયા પછી સંસારમાં રહીને, વ્યવહાર અને વેપાર કરવા છતાં નિરંતર સ્વપરિણતિમાં જ રહેતા. તેમનામાં પરપરિણતિ ઉત્પન્ન થતી નહોતી. સંસારી વેશમાં નિરંતર સ્વપરિણતિમાં રહેનારા પુરુષ વિશ્વમાં હજારો-લાખો વર્ષે ક્વચિત જ પ્રગટ થાય છે. આથી આ એક આશ્ચર્ય કહેવાય છે.

### • સામાન્ય વ્યવહાર છતાં અલૌકિકતા

જ્ઞાનપ્રાપ્તિ પછી પણ દાદાશ્રી કપડાં, વાણી, વર્તન કે અન્ય કોઈ પણ બાબતમાં સામાન્ય માણસથી જુદા ન પડે તે રીતે વ્યવહારમાં રહેતા હતા. ટ્રેનમાં મુસાફરી કરતી વખતેય તેઓ સહજતાથી બીજા સાથે ભળી જતા. કોઈ પ્રસાદ આપે તો તે પણ સ્વીકારતા. કોઈને સહેલાઈથી ખ્યાલ ન આવતો કે આ કોઈ વિશિષ્ટ વ્યક્તિ છે. ઊલટું, કોઈ કહે કે અમુક સ્થળે સંત આવ્યા છે, તો તેઓ પોતે પણ દર્શન કરવા જતા. કોઈ પણ ક્રિયામાં તેમનું વિશેષપણું દેખાતું નહોતું. શૌચક્રિયા માટે જાય ત્યારે પણ કોઈને 'ખસો, ખસો' કહીને ઉતાવળ કે ધક્કામુક્કી કરતા નહીં. જમવા બેસે, વાળ કપાવવા જાય કે અન્ય કોઈ ક્રિયા કરે, તેમાં પોતાની વિશિષ્ટતાની કોઈ છાંટ નહોતી.

આથી, દાદાશ્રીની અલૌકિકતા તો જ્યારે કોઈ જાણકાર દેખાડે અને પછી પોતે દૃષ્ટિ માંડે તો દેખાય, નહિતર કોટ-ટોપી જેવી બાહ્ય વસ્તુઓ એ અલૌકિકતાને ઢાંકી દે.

સંપૂર્ણ જ્ઞાની સામાન્ય રીતે ઘરમાં (ગૃહસ્થ તરીકે) હોતા નથી, આ તો એક અપવાદ છે. કુદરતી રીતે આ અગિયારમું આશ્ચર્ય સર્જાયું છે. જે કોઈ કાળે ન બને, તેવું આ કાળમાં બન્યું છે. એક દિવસ સમગ્ર વિશ્વ આ વાત જાણીને અજાયબી પામશે !

## [૧૧] જ્ઞાન પછી પણ વેશ રહ્યો તેનો તે જ

### • વેશ એ જ, જેમાં થયું જ્ઞાન

દાદાશ્રીને જ્ઞાન થયું તે પછી પણ એમણે પોતાનો જે વેશ હતો, જેવા કપડાં પહેરતા હતા (કોટ, ખમીસ, ધોતિયું, ટોપી, બૂટ, મોજા), તેમાં કોઈ જ ફેરફાર કર્યો નહોતો. કૃપાળુદેવે કહ્યું છે કે જ્ઞાની પુરુષને જે વેશે જ્ઞાન થયું હોય, તેમાં તે ફેરફાર ન કરે. સંસારી વેશે જ્ઞાન થયું હોય તો પછી સંસારી વેશ જ રહે. જ્ઞાની વેશ બદલીને ભગવા કે ધોળા વસ્ત્રો ધારણ કરીને કોઈ પ્રકારનું બૉર્ડ ન મારે.

વળી દાદાશ્રી પાસે તો સાચી વસ્તુ હતી અને તે પણ કૅશ (રોકડી), એટલે એમનો માલ તો બૉર્ડ માર્યા વગર પણ ખપી જાય એવો હતો.

દાદાશ્રી કહેતા કે એમને કોઈ છાપ પાડવી નથી, એમને તો જ્ઞાન આપવું છે. કોઈ વેશ જોઈ ખોટી છાપ બાંધે તો પણ મારી-ઠોકીને, ટૈડકાવીને, ઝાપટીને પણ આપવું છે.

અને દાદાશ્રીને નહોતી પૂજાવાની ઈચ્છા કે નહોતી કોઈ ચીજની કામના, તો પછી શા માટે કોઈ બોર્ડ મારે ? જેમને કંઈક જોઈતું હોય તે સારી છાપ પાડવા બૉર્ડ મારે. દાદાશ્રીને કંઈ જોઈતું નહોતું, તેથી વેશ બદલ્યો નહીં.

## • બૉર્ડ વગરની દુકાન ઓળખાવી મુશ્કેલ

જ્ઞાનીને ઓળખવા સામાન્ય જન માટે આમ પણ મુશ્કેલ હોય છે, ને તેમાંય દાદાશ્રીનો સંસારી વેશ, એટલે લોકોને ઓળખાવું મુશ્કેલ હતું. પાડોશીને પણ ઓળખાણ ન પડે. ભગવું કે ધોળું બૉર્ડ (વસ્ત્રો) હોય, તો લોકોને ખબર પડી જાય કે આ બાપજી છે, પણ આ તો કોટ ને ટોપી ! તેથી ગાડીમાં જાય તો લોકો ધક્કા મારે. જો કોઈ સાધુ-મહારાજ જેવું બૉર્ડ માર્યું હોય, તો કોઈ ધક્કો ન મારે, ઊલટાનું 'આવો બાપજી' કહીને બેસાડે. પણ દાદાશ્રીને કોઈ બૉર્ડ નહીં, તેથી લોકોના ગોદા ખાવાના.

પોતે ગાડીમાં જાય ત્યારે પૅસેન્જર તરીકે, ધંધા પર જાય ત્યાં શેઠ તરીકે અને સત્સંગમાં જ્ઞાની તરીકેનું નાટક ભજવતા.

બૉર્ડ નહીં મારવા પાછળ બીજું કારણ એ પણ હતું કે જો પોતે બૉર્ડ મારે તો પછી સત્સંગમાં નઠારા માણસો પેસી જાય અને સાચા (મુમુક્ષુ) માણસો લાભ પામી શકે નહીં. આમ, મહાત્માઓ માટે આ કોટ-ટોપીવાળો વેશ ઉપકારક નીવડ્યો. બૉર્ડ નહીં એટલે મહીંની યોગ્યતા વગર જ્ઞાનીને ઓળખી જ ન શકાય.

## • જ્ઞાની વર્તે ઉદયને આધીન

જ્ઞાની પુરુષ કશાનો ત્યાગ કરે નહીં, કારણ કે અહંકાર જ નથી રહ્યો તો ત્યાગ કરનાર કોણ ? માટે એમને ત્યાગ કે અત્યાગ જેવું કંઈ સંભવે નહીં. તેથી દાદાશ્રી તો જેવો ઉદય આવે તે પ્રમાણે વર્તતા. ઉદયમાં જે કપડાં હોય તે પહેરતા અને ઉદય પ્રમાણે હીરાની વીંટી પણ

પહેરતા. લોકોને પ્રશ્ન થાય કે જ્ઞાની હીરાની વીંટી કેમ પહેરે છે ? પણ જો એમની ઈચ્છાથી પહેરવી જ હોત તો બધી જ આંગળીએ ન પહેરત ? આ તો ઉદયકર્મને લીધે પહેરવી પડી. અને વીંટી આવી પડે તો તેને તરછોડે નહીં. જો તરછોડ મારે તો એ વસ્તુ પછી ક્યારેય ભેગી ન થાય. દાદાશ્રીએ ક્યારેય કોઈ ચીજને તરછોડ મારી નહોતી, તેથી બધી ચીજો સામેથી તેમની પાસે આવ-આવ જ કરતી.

### • માલિકી વગરની મમતા, ડ્રામૅટિક 'હું' અને 'મારું'

જ્ઞાની તો બધા પરિગ્રહ હોવા છતાં અપરિગ્રહી હોય. આ બધું પહેરે છતાંય એમને તેમાં મૂર્છા ન હોય. કોઈ તેમના કપડાં કે વીંટી કાઢી લે તો પણ કંઈ અસર ન થાય, કારણ કે આ બધામાં એમની મમતા કે માલિકીભાવ ન હોય. આ માલિકી વગરની મમતા છે, ડ્રામૅટિક મમતા. તેમનું 'મારાપણું' અને 'હુંપણું' પણ નાટકીય હોય. તેઓ 'મેં કર્યું' એમ બોલે ખરા પણ તેમાં કર્તાપણાનો ભાવ કે મમતા ન હોય. આ મુક્ત પુરુષના લક્ષણ કહેવાય.

તેમનો દેહ પ્રત્યેનો ભાવ કેવો હોય ? ભરબજાર વચ્ચે કોઈ કપડાં કાઢી લે તો પણ તેમને શરમ ન લાગે. તેઓ સાવ જુદા રહીને અંબાલાલ પટેલને જોઈ શકે અને હસી પણ શકે કે 'કેવા દેખાવ છો !' તેમને એવો વિચાર ન આવે કે લોકો શું કહેશે ! કારણ કે લોકો 'તેમને' નહીં પણ 'પટેલ'ને ઓળખે છે.

## [૧૨] ઝવેરી નથી માટે હીરાને જાતે બોલવું પડ્યું

### • ઓળખાણનું રહસ્ય - 'કૅશ બૅંક' અને લોકોનું પુણ્ય

સામાન્ય રીતે આત્મજ્ઞાની પુરુષને લોકો ઓળખી શકતા નથી, તો પછી સંસારી વેશમાં રહેલા દાદાશ્રીને આટલા બધા લોકો કેવી રીતે ઓળખી શક્યા ? દાદાશ્રી પોતે આનું કારણ સ્પષ્ટ કરતાં કહે છે કે તેમની પાસે 'કૅશ બૅંક' છે ! 'ધીસ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન !' તેઓ કહેતા, 'તું માગું એ આપવા તૈયાર છું.' આ રોકડું આત્મજ્ઞાન અને મોક્ષનો માર્ગ મળતો હોવાથી જ લોકો તેમની પ્રત્યે

આકર્ષાયા. જો ઉધારી બેંક હોત, તો કદાચ કોઈ આવો સંસારી વેશ જોઈ આવત જ નહીં.

અને જ્ઞાનીને ઓળખવા માટે વ્યક્તિનું પોતાનું પુણ્ય જાગવું પણ જરૂરી છે. પુણ્ય જાગે તો જ જ્ઞાનીનો ભેટો થાય અને કંઈક ઓળખાણ પડે.

**• જ્ઞાનીની ઓળખની મુશ્કેલી, ઝવેરી વગર હીરાની પરખ**

આજના સમયમાં મનુષ્યની જ્ઞાનીને પારખવાની શક્તિ અત્યંત ક્ષીણ થઈ ગઈ છે. દાદાશ્રી કટાક્ષમાં કહે છે કે લોકો પોતાની સાથે વર્ષોથી રહેતી પત્નીને નથી ઓળખી શકતા, તો પછી જ્ઞાની પુરુષને ઓળખવાની તો વાત જ ક્યાં કરવી ? સામાન્ય વસ્તુઓની પરખ પણ રહી નથી. ચા ગોળની છે કે ખાંડની એ પણ જાણી ના શકે, તે જ્ઞાની પુરુષને કેવી રીતે ઓળખી શકે ?

વળી દાદાશ્રી તો ગુપ્ત વેશે, સાધારણ સંસારી વેશે જ રહેતા. તેમના પર કોઈ ખાસ બૉર્ડ કે નિશાની જોવા મળે નહીં. ગાડીમાંથી ઉતરે તો કોઈ તેમને 'દાદા ભગવાન' તરીકે ઓળખી ન શકે, એ તો જેણે જ્ઞાન લીધું હોય તેને જ ઓળખાય. એક ભાઈને દાદાશ્રીને સાદા ખમીસમાં જોઈને અત્યંત આશ્ચર્ય થયું હતું કે આટલું ગહન જ્ઞાન આવા સાધારણ વસ્ત્રો પહેરેલી વ્યક્તિમાં સમાયેલું છે ! તેને દાદાશ્રીને ખમીસમાં જોવા એ એક 'લહાવો' લાગ્યો હતો.

જ્ઞાની પુરુષને ઓળખવા એ અત્યંત મુશ્કેલ વસ્તુ છે. દાદાશ્રી ઉદાહરણ આપતા કે જેમ કોઈ રસ્તા પર ટોપલીમાં સાચા હીરા લઈને વેચવા નીકળે તો કોઈ માને નહીં, તેમ આ કાળમાં જ્ઞાનીની સ્થિતિ છે. જો જગતમાં ઝવેરી (ઓળખનાર) હોય તો હીરાને બોલવું ના પડે. પણ આજે ઝવેરીઓ નથી, તેથી હીરાને (જ્ઞાનીને) જાતે કહેવું પડ્યું કે 'હું જ્ઞાની છું.' દાદાશ્રી કહેતા કે આ કેવી વિટંબણા કહેવાય કે પોતે જ પોતાની ઓળખાણ આપવી પડે !

તેમને 'હું જ્ઞાની છું' એમ કહેવું પડ્યું, કારણ કે લોકો ઓળખી શકે તેમ નહોતા. આ કોઈ અહંકાર નથી, પણ લોકોના કલ્યાણ માટે, તેમને

સાચો માર્ગ બતાવવા માટેની અનિવાર્યતા છે. જેમ શુદ્ધ સોનાની દુકાન હોય અને તે મફત આપવાનું હોય, તો તેનું બૉર્ડ મારવામાં શો વાંધો ? ભૂતકાળમાં પણ જે સાચા અર્થમાં જ્ઞાની થયા હતા, જેમ કે કૃપાળુદેવ કે કુંદકુંદાચાર્ય, તેમણે પણ પોતાની સ્થિતિનો યથાર્થ નિર્દેશ કર્યો જ છે. આ જાહેરાત કોઈ માન-તાન કે અંગત ફાયદા માટે નથી, પણ ફક્ત લોકોના હિત માટે છે. તેમ છતાં લોકોના સમાધાન માટે દાદાશ્રી પોતાને નિમિત્ત ગણાવતા.

દાદાશ્રી કોઈ પરંપરાગત ગાદી પર નહોતા. તેમણે તો 'શૂન્યમાંથી સર્જન' કર્યું હતું, અને વળી કોન્ટ્રાક્ટરનો ધંધો, આ બધું તેમની યથાર્થ ઓળખાણ થવામાં મુશ્કેલી ઊભી કરતું.

**• જ્ઞાનીને ઓળખનારા - મુમુક્ષુ, સરળ હૃદયી અને પારખુ દૃષ્ટિવાળા**

છતાંય એવા કેટલાક વિરલ, ઊંચા હૃદયવાળા, પારખુ દૃષ્ટિ ધરાવતા લોકો હોય છે, જે જ્ઞાનીને ઓળખી શકે છે. જેમ સુરતના નાગરજીદાસ નામના ત્યાગી પુરુષે દાદાશ્રી વિશે કહ્યું, કે 'મેં સેંકડો મહાત્માઓને જોયા, પણ કિંચિત્માત્ર મમતા વગરના પુરુષ તો આ (દાદાશ્રી) એકલા જ જોયા.'

જ્ઞાની પુરુષ કેવી રીતે ઓળખાય ? જે સાચા મુમુક્ષુ છે, જેમને મોક્ષની તીવ્ર ઝંખના છે, તેઓ જ્ઞાનીને જોતા જ ઓળખી જાય છે. જ્ઞાનીની આંખોમાં સંપૂર્ણ વીતરાગતા હોય, કોઈ લૌકિક ભાવ કે વિકાર ન દેખાય. જે આ વીતરાગ દૃષ્ટિને ઓળખી શકે, તે જ સાચો મુમુક્ષુ છે.

જ્ઞાનીની વાણી પણ એમને ઓળખવાનું મોટું માધ્યમ છે. જ્ઞાનીની વાણી માલિકી વગરની, સ્યાદ્વાદ અને અહંકારરહિત હોય, જે સાંભળતા જ પાપ ધોવાય અને હૃદયમાં શાંતિ વળે.

અત્યંત સરળ હૃદયના લોકો જ્ઞાનીને સહેલાઈથી ઓળખી શકે છે. દાદાશ્રી કહેતા કે તેમને ત્યાં કામ કરતા મજૂરો કે નાના બાળકો, જેમનામાં બુદ્ધિનું કે જાણપણાનું અભિમાન નહોતું, તેઓ સહેલાઈથી તેમને ઓળખી લેતા હતા.

ઓળખાણમાં સૌથી મોટો અવરોધ વ્યક્તિની પોતાની બુદ્ધિ અને અહંકાર છે. જે લોકો બુદ્ધિથી માપ કાઢવાનો પ્રયત્ન કરે છે, તર્ક-વિતર્ક કરે છે, 'ઓવરવાઈઝ' (દોઢ ડાહ્યા) બને છે, તેઓ જ્ઞાનીની બુદ્ધિથી પર એવી દશાને પામી શકતા નથી. દાદાશ્રી કહે છે કે જગત જ્યારે બુદ્ધિ છોડીને 'હાર્ટ' (હૃદય) પર આવશે, ત્યારે જ્ઞાનીને ઓળખવામાં સરળતા થશે.

છેવટે, જ્ઞાનીની સંપૂર્ણ ઓળખાણ તો બુદ્ધિનો ડખો કર્યા વગર એમને જોવાથી જ થયા કરે. જેને જ્ઞાનીની ખરી કિંમત સમજાય એ તો પછી એમને છોડે જ નહીં, રાજપાટ છોડીને પણ પાછળ પાછળ ફરે.

## [૧૩] જ્ઞાન માટે રાખી ફક્ત 'બે' શર્ત

દાદાશ્રી કહેતા કે આ અક્રમ જ્ઞાનાવતાર છે, જ્યાં એક કલાકમાં ભગવાન પદ આપી શકાય છે, પણ લેનારની સંપૂર્ણ તૈયારી જોઈએ. આ તૈયારી રૂપે તેઓ ફક્ત બે જ વસ્તુ માગતા હતા; એક, 'પરમ વિનય' અને બીજું, 'હું કંઈ જ જાણતો નથી' એવો ભાવ.

દાદાશ્રીના સત્સંગમાં કોઈ ફી નહોતી, કોઈ બાહ્ય શિસ્તના કડક કાયદા નહોતા, 'નો લૉ-લૉ'. કોઈ ગમે તેમ બેસે, વહેલો આવે કે મોડો આવે, તેનો વાંધો નહોતો. જ્યાં કાયદા હોય ત્યાં કલ્યાણ ન થાય, તેમ તેઓ માનતા. પણ આ બે શરતો આવશ્યક હતી.

**• પહેલી શરત - 'પરમ વિનય'**

પરમ વિનય એટલે જ્યાં પરમાત્મા વ્યક્ત થયા છે એવા જ્ઞાની પુરુષને સંપૂર્ણ સમર્પણ. જેવો ભગવાન મહાવીર પ્રત્યે ભાવ રાખીએ, એવો ભાવ જ્ઞાની પુરુષ પ્રત્યે રાખવો એ પરમ વિનય કહેવાય.

પરમ વિનયનું એક ઉત્તમ ઉદાહરણ આપતા દાદાશ્રી અમદાવાદનો પ્રસંગ કહે છે. પર્યુષણના દિવસો હતા. દાદાશ્રીએ કેટલાક સ્થાનકવાસી સાધ્વીજીઓને જ્ઞાન આપેલું. તે સાધ્વીજીઓએ અમદાવાદ પધારેલા તેમના આચાર્ય મહારાજને દાદાશ્રી વિશે વાત કરી. એટલે મહારાજને દાદાશ્રીના દર્શનની ઈચ્છા થઈ.

તે દાદાશ્રી મહારાજને મળવા ઉપાશ્રયમાં ગયા અને ત્યાં નીચે બેઠા. થોડી વાર પછી મહારાજ સાહેબ આવ્યા, તે પાટ ઉપર બેઠા. મહારાજ સાહેબને ઓળખાણ પડી નહીં કે આ જ્ઞાની પુરુષ છે, કારણ કે દાદાશ્રીએ સાદા કપડાં પહેરેલા. ત્યારે મહાસતીઓએ ઓળખાણ કરાવી કે આ જ્ઞાની પુરુષ છે. તે સાંભળતા જ મહારાજ પોતે પાટ પર બેઠા હોવા છતાં, દાદાશ્રીનો વિનય સાચવવા તરત જ પાટ ઉપરથી ઉતરી નીચે બેસી ગયા. દાદાશ્રીએ તેમને ઉપર બેસવા કહ્યું અને સમજાવ્યું કે વ્યવહારમાં આ ખોટું દેખાશે, કારણ કે ત્યાં લોકો મહારાજ સાહેબને વંદન કરવા આવતા હોય. દાદાશ્રીએ વિનંતી કરી એટલે મહારાજ સાહેબ ઉપર બેઠા. પણ દાદાશ્રીએ એમને કહ્યું, કે 'આ તમે જે વિનય કર્યો એ વિનય તમને મોક્ષે લઈ જશે.' કારણ કે દાદાશ્રી તો સાદા વેશમાં હતા અને છતાંય મહારાજ સાહેબ લોકોમાં કેવું દેખાશે એવા ભય વગર નીચે બેઠા, એ વિનયને પરમ વિનય કહેવાય. દાદાશ્રી ગૅરન્ટી આપતા કહેતા કે જ્ઞાની પુરુષ પાસે સાચા દિલથી કરેલો એક જ વિનય મોક્ષે લઈ જશે.

પછી એ મહારાજ પાંચ-છ વર્ષ પછી મુંબઈમાં દાદાશ્રીને મળ્યા અને ભરી સભામાં દાદાશ્રીને કહ્યું, 'આપ તો મહાવીર છો ! કંઈક મારો છુટકારો કરો.' દાદાશ્રીએ તેમને જ્ઞાન આપ્યું અને તેમનો શબ્દ સાચો પડ્યો કે તે મહારાજ મોક્ષ પામશે. એ મહારાજ બહુ સરળ હતા. શાસનદેવો પણ એમના કરેલા વિનયથી ખુશ થઈ ગયેલા.

### • બીજી શરત - 'હું કંઈ જાણતો નથી' એ ભાવ

જ્ઞાન માટેની બીજી શરત હતી 'હું કંઈ જાણતો નથી' એ ભાવ. આ શરત સ્વીકારવી ઘણા માટે, ખાસ કરીને જેમણે શાસ્ત્રો વાંચ્યા હોય તેમના માટે મુશ્કેલ બની જતી. કારણ કે તેમને શાસ્ત્રો જાણ્યાનો કેફ હોય છે. દાદાશ્રી કહેતા કે તેઓ દારૂ પીનારાને પણ મોક્ષ આપી શકે પણ આવા કેફીને નહીં. દારૂડિયાનો કેફ તો ઊતરી જાય અને તે તરત કહી દે કે 'સાહેબ, હું નઠારો છું, નાલાયક છું, મારું કલ્યાણ કરો', પણ શાસ્ત્રજ્ઞાનનો કેફ સહેલાઈથી ન ઊતરે.

એક પીએચ.ડી. થયેલા ભાઈ દાદાશ્રી પાસે આવ્યા. એમણે એક આશ્રમમાં એમના ગુરુ પાસે ચૌદ વર્ષ રહી અભ્યાસ કર્યો હતો અને એક

પુસ્તક પણ લખ્યું હતું. તે દાદાશ્રીના જ્ઞાનથી અને ખાસ કરીને તેમનું એક વાક્ય, 'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.' - એ સાંભળીને ખૂબ પ્રભાવિત થયેલા. તેમણે દાદાશ્રી પ્રત્યે પરમ વિનય બતાવ્યો, લાંબા થઈને નમસ્કાર કર્યા, પણ 'હું કંઈ જાણતો નથી' એ શરત સ્વીકારવા તૈયાર ન થયા. તેમને લાગતું કે આટલા વર્ષોની સાધના અને લેખનને કેવી રીતે નકારી શકાય ?

દાદાશ્રીએ તેમને સમજાવ્યું કે જાણ્યું કોને કહેવાય ? જેનાથી ઠોકર ના વાગે, ક્રોધ-માન-માયા-લોભ-ચિંતા ઘટે, ઘરમાં કંકાસ ઘટી જાય. જો કઢાપો-અજંપો થતો હોય, તો શું જાણ્યું ? જાણવાનો તો આત્મા છે. શાસ્ત્રજ્ઞાન જાણ્યા પછી પણ આત્મા જાણવાનો તો બાકી જ રહે છે. સજીવન મૂર્તિ પાસે ગયા વગર આત્મા ન જણાય.

તે ભાઈને દાદાશ્રીએ કહ્યું કે તમારો ઘડો કડવા, પૉઈઝનસ પાણીથી ભરેલો છે. મિથ્યાત્વને કારણે ભગવાનનું જ્ઞાનરૂપી અમૃત પણ ઝેર બન્યું છે, તેમાં હું મારું જ્ઞાનરૂપી અમૃત કેવી રીતે રેડું ? તમે તમારો ઘડો અને પાણી બંને નાખી આવો, હું નવો ઘડો આપીશ. પણ પેલા ભાઈ 'હું જાણું છું' એ ભાવ છોડી શક્યા નહીં. એ જેમના ઘરમાં રહેતા હતા એ માજીમાં પણ એમણે દાદાશ્રીના જ્ઞાનથી થયેલો ફેરફાર જોયેલો, છતાંય એમને અંતરાય હશે તે જાણપણાનું મનમાં પેસી ગયેલું તે નીકળ્યું નહીં ને જ્ઞાન પામ્યા નહીં. એ ભાઈ તો પછી અમેરિકા ગયેલા ને ત્યાં શ્રીમદ્જીનું એક નાનું મંદિર કર્યું'તું. આમ સીધા માણસ પણ પૂજાવાની કામના રહેલી.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે માર્ગપ્રાપ્તિને રોકનારા ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે :

૧. પદાર્થનો અનિર્ણય (આત્મા શું છે તે નક્કી નથી)

૨. આ લોકની અલ્પ પણ સુખેચ્છા

૩. પરમ દૈન્યતાની ઓછાઈ - પરમ દૈન્યતા એટલે કે સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ. પરમ દૈન્યતાની ખામીવાળા લોકોમાં પૂજાવાની કામનાવાળો ઘણો ભાગ છે.

# [૧૪] નિષ્પક્ષપાતી, સંગમેશ્વર ભગવાન

## • દાદાશ્રીમાં સૌને થતા પોતાના ઈષ્ટદેવના દર્શન

જ્ઞાની પુરુષની એ વિશેષતા હોય છે કે તેમની પાસે આવનાર દરેક વ્યક્તિને, પોતાની શ્રદ્ધા અનુસાર, તેમનામાં પોતાના ઈષ્ટદેવના દર્શન થાય છે. દાદાશ્રીમાં કોઈકને કૃષ્ણ દેખાય, કોઈકને કૃપાળુદેવ, કોઈકને તીર્થંકર, તો કોઈકને સહજાનંદ સ્વામી !

ઔરંગાબાદમાં એક બેનને દાદાશ્રીમાં કૃષ્ણ ભગવાનના દર્શન કરવાની ઈચ્છા થતા દાદાશ્રીએ વિધિ કરાવી ત્યારે તેમને ગાય અને મોરલી સાથે કૃષ્ણ ભગવાનના દર્શન થયા. તેવી જ રીતે, દાદાશ્રીની એક ભત્રીજી, જે સ્વામિનારાયણ ધર્મ પાળતા હતા અને સંકોચવશ દાદાશ્રીની વિધિ નહોતા કરતા. તેમને પણ સંજોગોવશાત્ વિધિ કરવાની થઈ, ત્યારે દાદાશ્રીએ ઘનશ્યામ મહારાજનું નામ લેવા કહ્યું ત્યારે તેમને ઘનશ્યામ મહારાજના કોઈ દહાડો ના થયા હોય એવા દર્શન થયા.

## • સર્વ ધર્મો પ્રત્યે અભેદતા

દાદાશ્રી ક્યારેય કોઈને તેમના મૂળ ધર્મમાંથી ચલિત કરવાનો પ્રયત્ન ન કરતા. તેમના એક ભત્રીજા, જે યોગીજી મહારાજના ભક્ત હતા અને બ્રહ્મચર્ય પાળતા હતા. તેમને જ્યારે દાદાશ્રીની વાણી સાંભળીને મૂંઝવણ થઈ કે 'આ સાચું કે તે સાચું ?' ત્યારે દાદાશ્રીએ તરત જ પરિણામ જોઈને કહ્યું, 'તે સાચું', જેથી તે પોતાના માર્ગ પર સ્થિર રહી શકે અને તતો ભ્રષ્ટ ન થાય. દાદાશ્રીને તો કોઈ ધર્મ સાથે જુદાઈ નહોતી. તેઓ કહેતા કે બધા જ્ઞાનીઓનો એક જ મત હોય, જ્યારે એક અજ્ઞાનીમાં સો મત હોય.

## • જ્ઞાની પુરુષ એ જ મહાદેવ, રણછોડરાય ને મહાવીર

જ્ઞાની પુરુષ એ જ દેહધારી પરમાત્મા, એ જ કૃષ્ણ, મહાવીર કે રામ કહેવાય. એ જ મહાદેવજી કહેવાય.

દાદાશ્રી મહાદેવજીના મંદિરમાં જાય ત્યારે લોકો કહેતા કે મહાદેવજી જાતે આવ્યા. તેઓ પદ પણ ગવડાવતા; 'ત્રિશૂળ છતાંયે

જગત ઝેર પીનારો, શંકર પણ હું જ ને નીલકંઠ હું જ છું.' ત્રિશૂળ એટલે આધિ-વ્યાધિ-ઉપાધિ. આ ત્રણેય શૂળ હોવા છતાં જગતના ઝેર પીધા, એટલે કે લોકોએ આપેલા દુઃખો, અપમાનો, કડવા વચનો - તે બધું જ દાદાશ્રી આશીર્વાદ આપીને પી ગયા, તેથી મહાદેવજી થયા. જેણે જેણે કડવા પ્યાલા પાયા, તેમને આશીર્વાદ આપ્યા કે 'તમારું સારું થજો.' જે રસ્તે પોતે મહાદેવજી થયા, તે રસ્તો તેઓ બીજાને દેખાડતા હતા.

દાદાશ્રી ઔરંગાબાદ પાસેના બારમા જ્યોતિર્લિંગ ઘૃષ્ણેશ્વર મહાદેવના મંદિરે દર વર્ષે જતા અને ત્યાંના પૂજારીઓ અને ગામલોકો તેમની મહાદેવજી તરીકે પૂજા કરતા.

એવી જ રીતે, ડાકોર જાય ત્યારે લોકો કહેતા કે રણછોડજી આવ્યા. તેઓ પદ ગવડાવતા; 'ગોકુળથી સોમનાથ પૂર્ણ-ચક્ર યોગેશ્વર, શ્રી રણછોડરાયનું હૃદયકમળ હું જ છું.' ત્યાં પણ પૂજારીઓ અને ગામલોકો તેમના દર્શન કરતા. એક વાર જાત્રા સંઘ ડાકોર ગયો ત્યારે મંદિરમાં જ કોઈકે કહ્યું કે આ રણછોડજી જાતે આવ્યા છે, એટલે બધા દર્શન કરવા લાગ્યા. બધા એમના દર્શન કરે તોય પાછા પોતે મંદિરમાં રણછોડરાયના દર્શન કરે ને એમાં પ્રતિષ્ઠા કરે.

એક વાર બસમાં દાદાશ્રી અને મહાત્માઓ સાથે એક ભાઈ બેઠેલા. તે દર મહિને ડાકોર રણછોડજીની પૂનમ ભરવા જતા. એમને મહાત્મા નટુભાઈએ દાદાશ્રીની ઓળખાણ પાડી કે 'આ રણછોડજી છે.' તો પછી એણે બસમાંથી ઊતર્યા ત્યાં સુધી દાદાશ્રીની સામે જોઈને ધ્યાન કરવા માંડ્યું ને પછી ઊતરતી વખતે એણે કહ્યું કે 'મને રણછોડજીના દર્શન થયા, હવે પૂનમ ભરવા નહીં જવું પડે.' એ માણસને પહેલા ખાવાનાય ઠેકાણા નહોતા, પણ પછી 'દાદા, દાદા' બોલીને એને બંગલા થઈ ગયા.

ઘણાં જૈનોય દાદાશ્રીને જુદા ગણતા નહીં ને 'મહાવીર છે' એમ સમજી જતા.

**• સર્વ ધર્મોનો સંગમ**

દાદાશ્રીની વાત બધા લોકો સ્વીકાર કરે, બધાનો આત્મા કબૂલ કરે. જ્ઞાની પુરુષ એટલે સંગમેશ્વર, એમનામાં બધા ધર્મનો સંગમ થયેલો હોય.

તેઓ સંપૂર્ણ નિષ્પક્ષપાતી હોવાથી મસ્જિદમાંય જતા. ઔરંગાબાદમાં મહાત્માઓ સાથે મસ્જિદમાં ગયેલા અને ત્યાં માથે રૂમાલ બાંધી, પીંછા પણ અડાવડાવ્યા હતા. મુસલમાનો પણ તેમને મોટા ઓલિયા તરીકે ઓળખી જતા.

રત્નાગિરીમાં એક મુસલમાન કલેક્ટર હતા, દાદાશ્રીને જોઈને એમનું હૃદય ઠરી જાય ને દાદાશ્રી ઓલિયા હોય એવું એમને લાગે. એમને દાદાશ્રીએ કહ્યું કે 'પોતે ખુદા છે' અને પછી ખુલાસો આપ્યો કે 'જે ખુદને જાણે એ ખુદા.' પણ કુરાનમાં મનુષ્ય ખુદા ન થઈ શકે એવું લોકો દુરુપયોગ ના કરે એટલા માટે કહ્યું છે. પેલા તો સમજદાર હતા, તે એમને દાદાશ્રીની વાતનો સ્વીકાર થઈ ગયો. આ ફોડ તો બધાને ન પડાય, બીજા બધાને તો દાદાશ્રી 'પોતે ઓલિયા છે' એમ જ કહે.

દાદાશ્રી લંડનમાં હતા ત્યારે નૈરોબીથી આવેલા બે મુસલમાનોએ કે જેમાં એક જુનાગઢના નવાબના દીવાનના દીકરા અને બીજા એક ડૉક્ટર હતા, તેમણે દાદાશ્રી પાસે માસ્ટર કી માગી કે જેનાથી બધા તાળા ઊઘડે. જ્ઞાન લીધા પછી તેમણે કહ્યું, 'લોખંડ પારસને અડે તો સોનું થાય પણ તમે તો અમને પારસમણિ બનાવ્યા.' તેમણે દાદાશ્રીમાં અલ્લાહ જોઈને નમસ્કાર કર્યા.

મુંબઈના વિહાર લેકમાં એક મુસ્લિમ કૉર્પોરેટરને દાદાશ્રીની પાસે બેસતા જ અભૂતપૂર્વ શાંતિનો અનુભવ થયો. દાદાશ્રીએ કહ્યું, 'ખુદા જોડે હું બેઠો છું ને મારી જોડે તમે બેઠા છો.' જ્ઞાની પુરુષનું વાતાવરણ જ ઓર જાતનું હોય પણ પોતાનું અંદરનું ચોખ્ખું હોય તો એનો અનુભવ થાય.

એક જણે ભરી સભામાં કહ્યું હતું કે 'દાદા તો અમારા પયગંબર, તેના પયગંબર, અને તેનાય પયગંબર છે !'

અમદાવાદમાં નસીર ઈસ્માઈલી નામે એક લેખક દાદાશ્રીના ભક્ત હતા, એમને ત્યાં દાદાશ્રી ગયેલા. ત્યારે એમને એવી શંકા હતી કે આજુબાજુના લોકો દાદા ભગવાનના અસીમ જય જયકાર સાંભળી ને હાર અને બધું જોઈ કંઈક સળી કરશે. પણ એવું કંઈ બન્યું નહીં ને એ લોકો પણ અસીમ જય જયકાર બોલવા લાગ્યા ને કેટલાક તો આવીને

દાદાશ્રીને પગે પણ લાગી ગયા ને પછી એમને કહેવા લાગ્યા કે આ તો ઓલિયા લાગે છે.

પારડી ગામમાં તેમની શોભાયાત્રામાં મુસલમાનોએ ફટાકડા ફોડેલા.

દાદાશ્રીને કોઈ પ્રત્યે દ્વેષ નહોતો, આ જ કારણથી આ બધું બનતું. જેવો હિન્દુ ઉપર ભાવ એવો જ મુસ્લિમ પર પણ ભાવ, તે બધાને એમના પર ભાવ આવે.

દાદાશ્રીને એક વાર જ્ઞાન થયા પહેલા, સને ૧૯૫૦ની આસપાસ ટ્રેનમાં એક પાદરી મળેલા. તે એમને દાદાશ્રી સાથે થોડી વાત કર્યા પછી દાદાશ્રીને ક્રિશ્ચિયન કરવાની લાલસા જાગી, ત્યારે દાદાશ્રીએ એમને કહ્યું કે 'ક્રાઈસ્ટના જન્મ પહેલાનો હું ક્રિશ્ચિયન છું.'

દાદાશ્રી જૈનોના મહાવીર, વૈષ્ણવોના કૃષ્ણ, શિવધર્મના મહાદેવજી, પારસીઓના જરથોસ્ત, મુસલમાનો માટે ખુદા અને ખ્રિસ્તીઓ માટે ક્રાઈસ્ટ હતા.

**• સંપૂર્ણ નિષ્પક્ષપાતી**

દાદાશ્રી તો નિષ્પક્ષપાતી, બધા ધર્મને સ્વીકારે પણ જેવો છે એવી રીતે જ, દરેકને સહુ સહુની ડિગ્રી ઉપર.

કેટલાકને લાગતું કે દાદાશ્રી જૈન થઈ ગયા છે, પણ તેઓ કહેતા કે પોતે જૈન થયાય નહીં ને વૈષ્ણવ રહ્યાય નહીં. તેમનામાં બધા વ્યૂ પૉઈન્ટ ભેગા થયેલા છે, ત્રણસો સાંઈઠ ડિગ્રી, પોતે સેન્ટરમાં બેઠેલા છે. તેઓ સંપૂર્ણ નિષ્પક્ષપાતી હતા. કારણ કે તેઓ આત્મધર્મી હતા, દેહધર્મી નહીં.

## [૧૫] દુઃખ અમને સોંપી દો

**• ઑફર - દુઃખ સોંપવાની**

એક વાર લોનાવલા પાસેના ગામમાં, એક ઉપાશ્રયમાં ભેગા થયેલા ચાલીસ-પચાસ શેઠિયાઓ દાદાશ્રી સમક્ષ પોતાના દુઃખો ગાવા માંડ્યા.

ત્યારે દાદાશ્રીએ એક અનોખો ઉપાય સૂચવ્યો; 'તમારા બધા દુઃખ મને સોંપી દો.' તેમણે કહ્યું, 'તમે દુઃખડાં ગાવ ને હું સાંભળું, એમાં તમારો શું શુક્કરવાર વળશે ? એના કરતાં બધા દુઃખો મને સોંપો અને સુખ તમારી પાસે રાખો.' આ સાંભળીને એ લોકો સંકોચ પામ્યા અને બોલ્યા, 'જો તમને બધા દુઃખો સોંપી દઈએ, તો પછી અમે શું કરીએ ?' એમને એમ કે કદાચ દુઃખ ભેગું સુખેય જતું રહે તો ? પણ દાદાશ્રી તો કહે છે, 'સુખ તમારી પાસે રહેવા દેવાનું, ફક્ત દુઃખ સોંપી દેવાના.' દાદાશ્રી તો સો ટકા ગૅરન્ટી આપતા કે જો દુઃખ સોંપ્યા પછી વિશ્વાસ રાખીને ફરી તેને યાદ ન કરો, તો કોઈ દુઃખ રહે નહીં. છતાંય લોકો પોતાના દુઃખો પણ સોંપવા તૈયાર નહોતા. આય અજાયબી જ કહેવાય ને !

**• દુઃખ સોંપવાની રીત**

દાદાશ્રીને પોતાને ૧૯૫૮માં જ્ઞાન થયું તે પહેલા બહુ દુઃખ હતું. તે અનુભવને કારણે જ તેમને થયું કે લોકોને આ દુઃખોથી મુક્ત કરવા જોઈએ. તેમને પોતાને કોઈ દુઃખ કાઢનાર નહોતો મળ્યો, પણ આપણને તો એ દુઃખ લેનાર દાદાશ્રી મળ્યા. તેઓ સાચા દિલથી કહેતા હતા કે કોઈ પણ પ્રકારના દુઃખ હોય - શારીરિક, માનસિક, વ્યવહારિક - તે અમને સોંપી દો.

સોંપવાની રીત પણ એમણે બતાવી; જ્યારે પણ દુઃખ આવે ત્યારે તેને કહેવાનું, 'ગો ટૂ દાદા, જા દાદાને ઘેર, ઈધર ક્યોં આયા ? સબ દે દિયા દાદાકુ.' પુદ્‌ગલનો ગુણ છે કે અપમાન થાય તો ઊભું ના રહે. બે-પાંચ વખત આમ કહેવાથી દુઃખ પાછું જતું રહે.

દાદાશ્રી કહેતા, 'અમે આખા વર્લ્ડના દુઃખ લેવા માટે આવ્યા છીએ, સુખ લેવા માટે નથી આવ્યા.' કેટલાકને ચિંતા થતી કે દાદાશ્રીને દુઃખ સોંપીએ તો તેમને કેટલી ઉપાધિ થાય ! પણ દાદાશ્રી સમજાવતા કે તેમને દુઃખ અડતું જ નથી. જેમ બરફને દેવતા અડે નહીં, ઊલટો દેવતા ઓલવાઈ જાય, તેમ તેમની પાસે આવતા દુઃખો ઓગળી જાય છે. વળી તેઓ અનંત આત્મશક્તિવાળા છે અને તેમને દુઃખની અસર થતી નથી. આપનારને કોઈ દોષ લાગતો નથી, ઊલટો ફાયદો થાય છે.

### • સોંપ્યા પછી સંભારવું નહીં, શરત માત્ર એટલી

શરત ફક્ત એટલી જ કે દુઃખ સોંપ્યા પછી તેને ફરી સંભારવા નહીં. જો સંભારો તો તે પાછું ડબલ થઈને આવે. જો સોંપ્યા પછી એટલો વિશ્વાસ રહે કે 'દાદાને સોંપ્યું છે, હવે મારે ચિંતા નથી', તો દુઃખ પાછું નહીં આવે. રાત્રે પણ દુઃખનું પડીકું વાળીને કહો, 'જા, દાદાને ઘેર.' ને પછી જો સંભારો નહીં, તો દુઃખ દાદા પાસે પહોંચી જાય અને નિરાંતે ઊંઘ આવી જાય. દાદાશ્રી તો પલંગમાં બેઠા બેઠા વિધિઓ કરીને લોકોના દુઃખોનું નિવારણ જ કર્યા કરતા. ઘણા મહાત્માઓએ પોતાના દુઃખો આમ દાદાશ્રીને સોંપીને દુઃખોમાંથી મુક્તિ મેળવી છે.

## [૧૬] એક જ ઈચ્છા, જગત કલ્યાણ કરવાની

### • જે સુખ પોતે પામ્યા, તે જગતને પમાડવાની તીવ્ર ભાવના

૧૯૫૮માં આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી પરમ પૂજ્ય દાદાશ્રીના જીવનનો પરમ ધ્યેય અને એકમાત્ર તીવ્ર ઈચ્છા એ હતી, કે 'જે જ્ઞાન હું પામ્યો છું, અનંત સુખ હું પામ્યો છું, તે આખું જગત પામો.' તેમને પોતાના જ્ઞાનમાં આખું જગત ભડકે બળતું અને તરફડતું દેખાતું હતું. લોકોના દુઃખ તેમનાથી જોવાતા નહોતા. સહેજેય કોઈને દુઃખ થાય એ તેમને સહન થતું નહોતું, જાણે કાળજે ઘા લાગે એવું તેમને થતું. આ જ કારણ હતું કે ઉંમર અને શારીરિક કષ્ટોની પરવા કર્યા વિના, સતત ગામેગામ અને દેશ-વિદેશમાં ભ્રમણ કરી લોકોને શાંતિનો અને મોક્ષનો માર્ગ ચીંધતા રહ્યા. તેમનો હેતુ એ હતો કે લોકો સદ્‌વૃત્તિ તરફ વળે, તેમના દુષ્ટ વિચારો દૂર થાય અને સમાજમાં સત્યુગ જેવી સુખ-શાંતિની દશા પુનઃસ્થાપિત થાય. તેમનું પોતાનું કલ્યાણ તો પૂરેપૂરું થઈ ગયું હતું, પણ લોકોનું કલ્યાણ કરવાની ભાવનાથી જ તેઓ વિચરતા હતા, નહિતર ક્યારનાય રિટાયર્ડ થઈ ગયા હોત !

દાદાશ્રીની કલ્યાણની ભાવના માત્ર મનુષ્યો પૂરતી સીમિત નહોતી, પરંતુ સમગ્ર જીવરાશિ માટે હતી. તેમની ભાવના હતી કે લોકોને દુઃખ ન રહેવા જોઈએ. કારણ કે આ બધા અણસમજણે કરીને ઊભા કરેલા દુઃખ છે.

### • જગત કલ્યાણની ગરજ, ખટપટિયા વીતરાગ

આ જગત કલ્યાણની તીવ્ર ભાવનાને દાદાશ્રી પોતાની 'ગરજ' અને 'કૈડ' કહેતા. જેમ માતાને ધાવણની કૈડ આવે ત્યારે બાળકને ધવડાવવું પડે, તેમ દાદાશ્રીને પણ જગત કલ્યાણની તીવ્ર ઈચ્છાને કારણે ચેન નહોતું પડતું. આ ગરજને કારણે જ તેઓ પંચોતેર-છોતેર વર્ષની ઉંમરે પણ ઠેઠ અમેરિકા સુધી જતા અને સવારના સાતથી રાતના સાડા અગિયાર સુધી સત્સંગ કરતા. પણ લોકોએ તો આને તેમની ગરજ ન સમજતા તેમનો પરમ ઉપકાર માનવો જોઈએ, જેથી પોતે લાભ પામી શકે.

આ જગત કલ્યાણની ભાવના અને કરુણાને કારણે જ તેઓ પોતાની જાતને 'ખટપટિયા વીતરાગ' તરીકે ઓળખાવતા. સામાન્ય રીતે વીતરાગ પુરુષો સંપૂર્ણપણે નિર્લેપ અને અલિપ્ત રહે છે, કોઈના સારા-નરસામાં હસ્તક્ષેપ કરતા નથી. પરંતુ દાદાશ્રી વીતરાગ હોવા છતાં લોકોના દુઃખ એમનાથી જોવાતા નહોતા, માટે સામે ચાલીને, ખટપટ કરીને લોકોને જ્ઞાન લેવા આમંત્રણ આપતા અને તેમના દુઃખો દૂર કરવા પ્રયત્ન કરતા. એમને તો જગતની કોઈ ચીજ ખપતી નહોતી. આ તો માત્ર લોકોને સુખ પમાડવાની જ ખટપટ હતી.

'ખટપટ' એટલે બીજાનું હિત જોવું. પોતાનો સ્વાર્થ નહીં, પણ બીજાના કલ્યાણનો ભાવ. આવા ભાવથી જ તીર્થંકર નામકર્મ બંધાય. બધા જ તીર્થંકરો એમના આગલા ભવમાં ખટપટિયા હતા. દાદાશ્રીની ખટપટ પણ તીર્થંકર ગોત્ર બંધાવે તેવી જ હતી. ભગવાને તો એટલે સુધી કહ્યું છે કે એક જ જીવ કે જે ઊંધે રસ્તે ચાલતો હોય, તેને જો પાછો વાળે તોય તીર્થંકર ગોત્ર બંધાય. દાદાશ્રીના માર્ગમાં પણ એવા ભાવિ તીર્થંકરો પાકશે કે જેમને નિરંતર જગત કલ્યાણ કેમ થાય, એ જ વિચારો આવ્યા કરતા હોય.

### • એક જ ભાવ, જગત કલ્યાણ થાઓ

તેઓ ભારપૂર્વક કહેતા કે તેઓ કોઈ નવો પંથ સ્થાપવા, ધન કમાવવા કે માન-પ્રતિષ્ઠા મેળવવા આ કાર્ય નથી કરી રહ્યા. તેઓ તો

જગત કલ્યાણના મિશનમાં માત્ર નિમિત્ત છે. લોકોનું પોતાનું જ અનંત સુખ, જે અજ્ઞાનતાને કારણે અંદર ઢંકાયેલું પડ્યું છે, તેને તેઓ માત્ર જ્ઞાનરૂપી ચાવી આપીને ખોલી આપવાનું કાર્ય કરે છે. સુખ દરેકની પોતાની અંદર જ છે, દાદાશ્રીએ પોતાનામાંથી કશું આપવાનું નથી.

એક જ્યોતિષીએ તેમના જન્માક્ષરનો અભ્યાસ કરીને કહ્યું હતું કે દાદાશ્રીના નિમિત્તે અડધા જગતનું કલ્યાણ થવાનું નિર્માણ થયેલું છે અને બાકીનું અડધું કલ્યાણનું કાર્ય તેમના અનુયાયીઓ દ્વારા પૂર્ણ થશે. બીજા એક જ્યોતિષી કે જે દાદાશ્રીને કદી મળેલા નહીં, એમણે તો જન્માક્ષર જોઈને જ કહ્યું હતું કે 'આ પુરુષ પરમાત્મા છે, આ ગ્રહો જ ચોખ્ખું કહી આપે છે.'

દાદાશ્રી પોતાના જ્ઞાન પામેલા હજારો મહાત્માઓને પણ એ જ પ્રેરણા આપતા કે પોતાનું કલ્યાણ તો થઈ ગયું છે, હવે મોક્ષમાં જવાની ઉતાવળ કરવાને બદલે અન્ય જીવોનું કલ્યાણ કેવી રીતે થાય, તેઓ આપણા જેવા સુખિયા કેવી રીતે બને, તેવી નિરંતર ભાવના રાખવી. ભલે તેમાં બે-ચાર ભવ વધારે થાય, પણ જગત કલ્યાણના નિમિત્ત બનવું.

તેમની એક જ ઈચ્છા હતી કે જેમને યોગ હોય તે મોક્ષ પામે, અન્ય લોકો શાંતિ પામે, સાચા ધર્મના માર્ગે ચડે. રાત-દિવસ, જાગતા-સૂતાં, દાદાશ્રીનો એક જ કલ્યાણકારી ભાવ રહેતો કે 'આખા જગતનું કલ્યાણ થાઓ !'

❖❖❖❖❖

# અનુક્રમણિકા

## [૧] સુરત સ્ટેશને સર્જાયું અધ્યાત્મનું આશ્ચર્ય



## [૨] કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા કળિયુગના કેવળી

## [3] અનંત અવતારના પુરુષાર્થનું ફળ આ જ્ઞાન

## [૪] સ્વયંબુદ્ધ



## [૫] ધાર્મિક સ્ટડી



## [૬] જ્ઞાન પૂર્વે સાધના

## [૭] અક્રમ વિજ્ઞાનની શરૂઆત

### [૭.૧] ઋષભદેવ ભગવાન પાસે અક્રમની માંગણી



### [૭.૨] ચંદ્રકાન્તભાઈ થકી ઉઘડ્યા અક્રમના દ્વાર



### [૭.૩] શરૂઆતના વર્ષોમાં જ્ઞાન ગુપ્ત રાખેલું

## [૮] દસ લાખ વર્ષે પ્રગટ્યા અક્રમ વિજ્ઞાની



## [૯] અધ્યાત્મની આગવી શોધ

### [૯.૧] અનંત અવતારની શોધખોળ

## [૯.૨] પકડાયો વર્તમાનનો ભય, વાઘડુંગરી પર



## [૯.૩] સાયન્ટિસ્ટોનાય સાયન્ટિસ્ટ



## [૯.૪] 'ઉપર કોઈ બાપોય નથી' કહી, કર્યા ભડકાટ મુક્ત

## [૧૦] અગિયારમું આશ્ચર્ય - 'અસંયતિ પૂજા'



## [૧૧] જ્ઞાન પછી પણ વેશ રહ્યો તેનો તે જ



## [૧૨] ઝવેરી નથી માટે હીરાને જાતે બોલવું પડ્યું



## [૧૩] જ્ઞાન માટે રાખી ફક્ત 'બે' શર્ત

## [૧૪] નિષ્પક્ષપાતી, સંગમેશ્વર ભગવાન



## [૧૫] દુઃખ અમને સોંપી દો

## [૧૬] એક જ ઈચ્છા, જગત કલ્યાણ કરવાની



❖❖❖❖❖

# જ્ઞાની પુરુષ

## 'દાદા ભગવાન' ભાગ-૬

## [૧]

## સુરત સ્ટેશને સર્જાયું અધ્યાત્મનું આશ્ચર્ય

### ૧૯૫૮માં પ્રગટ્યું આત્મજ્ઞાન

**પ્રશ્નકર્તા :** દાદાને આત્મજ્ઞાન ક્યારે થયું ?


**દાદાશ્રી :** ૧૯૫૮ની સાલમાં, નાઈન્ટીન ફિફ્ટી એઈટ. તે ઘડીએ પચાસ વર્ષની મારી ઉંમર. એ વખતે આ જ્ઞાન પ્રાપ્ત થયું મને.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન ક્યાં આગળ થયું ?

**દાદાશ્રી :** સુરતના સ્ટેશને, ઑન પ્લૅટફૉર્મ, બાંકડા ઉપર. એ બાંકડોય ફોટામાં લઈ લીધેલો લોકોએ. છોડે નહીં ને, બાંકડો-બાંકડો.

**પ્રશ્નકર્તા :** ના જ છોડે, દાદા.

**દાદાશ્રી :** ઉઠાવી જતા'તા એ બાંકડો જ આખો. મેં કહ્યું, 'ના ઉઠાવશો, મૂઆ.' રેલવેવાળા આપી દેવા તૈયાર થયા'તા, કે અમે કાઢી નાખીએ છીએ વેસ્ટેજમાં. એનું કરવાનું શું પણ આપણે ? વગર કામનું. દાદા જ્યાં બેઠા ત્યાં બાંકડો જ છે ને !



અત્યારે એ બાંકડો ઉઠાવી ગયા અને નવા બાંકડા બદલ્યા. એ દહાડે જૂના, લાકડાના બાંકડા હતા. અત્યારે તો બધા બાંકડા બદલી નાખ્યા. તે દહાડે તો ચકુર-ચકુર બોલે એવા બાંકડા, આમ આમ હાલે એવા બાંકડા. એ સ્ટેશનેય જુદી જાતનું. તે દહાડે તો સુરત સ્ટેશન એ બધું રેઢિયાળ ખાતું ને ! પછી રૂપાળું થયેલું. અમારા ભાગમાં રૂપાળું હતું જ ક્યાં આગળ ? અમારા ભાગમાં તો એવું જ બધું રેઢિયાળ, જે સ્ટેશને જઈએ ત્યાં રેઢિયાળ. એ તો પછી આ છોકરાં નસીબદાર પાક્યા, તે કેવું સરસ થઈ ગયું છે ! નહીં ?

## એ ભૂમિકાનું તપોબળ ને લોકોના હૃદય સુંવાળા

પણ એ ડિસ્ટ્રિક્ટનું (જિલ્લાનું) ઉજ્જવળ થવાનું છે, એ વાત મને લાગી. નહીં તો વડોદરાના રહીશ અમે, મુંબઈમાં રહી વેપાર કરીએ, બીજે બધે વેપાર કરીએ, ને ત્યાં જ્ઞાન શાથી થાય ? ભૂમિકાનું જુઓ ને કેટલું તપોબળ ! એ દેશ (પ્રદેશ) બધો પવિત્ર દેશ કહેવાય છે, સુરત ને એ બધો. એટલે પવિત્ર દેશમાં જ્ઞાન થયેલું છે મને આ.

સુરત ડિસ્ટ્રિક્ટના તો મારી પાસે લગભગ વીસ હજાર માણસો છે. કારણ કે બહુ સરળ ડિસ્ટ્રિક્ટ. વાંક (વાંકાપણું) ના હોય એમને, સરળ પ્રજા ! આમ હૃદય સુંવાળા બધા. આ બધીય જગ્યાએ ફરું છું ને હું, પણ અહીં સુરતમાં આવું, તે સુંવાળા હૃદયવાળા દેખું. ત્યારે મને જ્ઞાનેય તેથી આ સ્ટેશને થયેલું ને ! આ સ્ટેશને થયેલું તે અમથું થયેલું ?

## ન લાગ્યું તારીખ નોંધવાનું કોઈ મહત્ત્વ

**પ્રશ્નકર્તા :** દાદા, તમને જ્ઞાન થયું તે કઈ તારીખ હતી ?

**દાદાશ્રી :** એ સાલ '૫૮ની. એ તો આપણને શું ખબર કે આની નોંધ કરવાની જરૂર છે ? કોઈ નોંધ માગશે એવીય ખબર નહીં ને ! તે દહાડે મહત્ત્વ જ નહીં ને આનું. મેં જાણ્યું કે આપણને જ્ઞાન થઈ ગયું, હવે આપણે શું ? તે આપણે એ જાણતા નહોતા, કે આવો આનો કોઈ ઘરાક થશે. એટલે આપણે જાણ્યું કે આપણે તો મોક્ષે જઈશું નિરાંતે. આપણો ઉકેલ આવી ગયો.

**પ્રશ્નકર્તા :** દાદા, ઉપયોગ મૂકીને પણ શોધવું પડશે.

**દાદાશ્રી :** ના, ના, એ તો એ જડવાની હશે એ ઘડીએ જડશે. આપણે અત્યારે એ ક્યાં ભાંજગડ કરીએ ?

**પ્રશ્નકર્તા :** ચોમાસું હતું, શિયાળો હતો, ઉનાળો હતો, દાદા ? ચોમાસામાં હતું ?

**દાદાશ્રી :** ના, એ ચોમાસા ને ઉનાળાની બેની વચ્ચેની સીઝન.

**પ્રશ્નકર્તા :** જુલાઈનો એવો મને ખ્યાલ છે કંઈક, જુલાઈની વાત.

**દાદાશ્રી :** એ વચ્ચેની સીઝન, જુલાઈ નહીં, જૂનમાં. હવે એ તો અત્યારે કંઈ એનો ઉપયોગેય નથી ને કશુંય નથી. અને આપણને એવી પડેલીય નથી. આપણે તો જે અજવાળું જોયું તે ઉજાસની પડેલી.

**પ્રશ્નકર્તા :** આપણને એની નથી પડી પણ લોકો પછી પાછળ પડાપડી કરશે ને ?

**દાદાશ્રી :** પડશે ને ! અને પડશે ત્યારે નીકળશેય ખરું ને ! પડશે ત્યારે નીકળશે.

## જમીને બાંકડે બેઠા ને જ્ઞાન થયું

**પ્રશ્નકર્તા :** દાદા, ૧૯૫૮ની સાલની અંદર સુરતના સ્ટેશન ઉપર આપને જે અનુભવ થયો, એનો થોડો ખ્યાલ આપો ને !

**દાદાશ્રી :** ૧૯૫૮માં તે વખતે અમારો મૂળ ધંધો મુંબઈમાં કોન્ટ્રાક્ટરનો. દરિયાની અંદર સ્ટીમર ઊભી રહે ને, એ જેટીઓ બધી બાંધવાનો ધંધો અમારો. અને એક બાજુ ધંધો છે તે લાકડા રાખેલા સોનગઢમાં. એટલે મોટી જગ્યા અમે વેચાતી લીધેલી, ને ત્યાં આગળ સૉ મિલ (લાકડા વહેરવાનું કારખાનું) કાઢેલી. તે અમે સોનગઢ-વ્યારાથી વડોદરે આવતા'તા. વચ્ચે સુરત સ્ટેશન આવ્યું, ત્યાં ઊતરી ગયા પેલી ગાડીમાંથી. સાડા પાંચ કે છ વાગે ઊતર્યા અને ઊતરીને વડોદરાવાળી ગાડીમાં બેસવા માટે અમે બાંકડા પર બેઠા. એક ભઈ મારી જોડે હતા સેવામાં. તે દહાડે જ્ઞાન નહોતું મને, પણ સેવા એટલે આમ મોટા સંત પુરુષ જેવા લાગ્યા કરે એને. આમ તો વેપારી, અત્યારેય વેપારી જ છીએ, પણ પેલો સેવા કર્યા કરે બિચારો અમારી. રણછોડ એનું નામ. તે અમે જમેલા, તે વાસણો ધોવા ગયા. ગાડીમાં બેઠા બેઠા જમી લીધેલું મેં. તે વખતે હું આ જૈનોના વ્રત-નિયમો પાળતો'તો. તે વહેલું જમી લેવું સાંજે, ગરમ પાણી પીવું, કંદમૂળ નહીં ખાવું, એવા નિયમો પાળતો'તો. હું જન્મે તો વૈષ્ણવ છું, પણ એવા વ્રત-નિયમો પાળતો'તો. મને સારું લાગ્યું કે આ ઘણું હિતકારી છે ને સાયન્ટિફિક છે, એટલે હું સ્વીકાર

કરતો. કોઈનુંય સ્વીકાર કરું. એટલે પછી બાંકડા પર બેઠો'તો, ને પેલા ભઈ છે તે વાસણ ધોવા ગયા. એ ધોવા ગયા અને મને અહીંયા આગળ જ્ઞાન પ્રગટ થઈ ગયું.

આ બાંકડા હોય ને બેસવાના, તેની પર બેઠેલો. અને નરી ગિરદી, ગિરદી, ગિરદી, પાર વગરની ! તે ગિરદીમાં આ જ્ઞાન પ્રગટ થયેલું.

**નીરુમા** (પ્રશ્નકર્તાને) : એમણે અમને બતાવ્યો એ બાંકડો, કે આ બાંકડા પર બેઠો'તો હું. પહેલા લાકડાનો હતો, હવે એ લોકોએ તોડીને ત્યાં સિમેન્ટનો બનાવી દીધો, હમણાં જ.

**પ્રશ્નકર્તા :** એટલે શું ટાઈમ હતો ત્યારે ?

**દાદાશ્રી :** ટાઈમ છ આજુબાજુ... પોણા છ-છનો ટાઈમ હતો.

## અસ્તિત્વના વિલયે થયો બ્રહ્માંડમાં રમમાણ

**પ્રશ્નકર્તા :** આપ તુર્યા અવસ્થામાં ગયા પછી તમને સાક્ષાત્કાર થયો ?

**દાદાશ્રી :** મને તો સીધો જ સાક્ષાત્કાર થયો. આ તુર્યા અવસ્થાય મેં જોઈ નથી. પછી તુર્યા અવસ્થા સમજ્યો, કે તુર્યા અવસ્થા શેને કહે છે ! પણ મને તો સીધો જ સાક્ષાત્કાર થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** એટલે આમ ત્યારે શું વિચારો આવ્યા ?

**દાદાશ્રી :** વિચારો નહીં, એમ ને એમ, કંઈ વિચાર વગર એમ ને એમ બેઠો, અને એકદમ મહીં એવો કંઈક ઉઘાડ દેખાયો, કે કંઈ પણ 'હું'નું અસ્તિત્વ જ જાણે ના હોય એવું દેખાયું. પહેલું અસ્તિત્વ જ ઊડી ગયું. એની મેળે, ઑટોમૅટિકલી મન બધું બંધ થઈ ગયું, અંતઃકરણ બંધ થઈ ગયું, અને પછી જે રમમાણ થયો, રમમાણ... તે શેમાં થયો ? એ જ, આખું બ્રહ્માંડ જોયું, કોણ કર્તા, કેવી રીતે ચાલે છે, કોણ ચલાવે છે, તેનો શું આધાર છે ? આ બધું જ્ઞાન પ્રગટ થઈ ગયું ત્યાં ને ત્યાં.

**પ્રશ્નકર્તા :** પણ બેઠા બેઠા ઓચિંતું થઈ ગયું ?

**દાદાશ્રી :** ઓચિંતું જ, બસ એમ ને એમ જ, જાણે આમ એકદમ ! આપણે કોઠી ફોડીએ ને, તેને તો આપણે કંઈક દીવાસળી ચાંપવા જવી પડે, આ તો વગર ચાંપે ! એટલે મેં જાણ્યું, આ શું થયું ! એટલે પછી મહીં એકદમ આનંદ થયો ! આનંદ, આનંદ, આનંદ !

## ઓચિંતો જ જ્ઞાનપ્રકાશ થયો ને ઝળક્યું બ્રહ્માંડ

તે ઓચિંતું જ મહીં એની મેળે જ ઝળકાટ ઊભો થઈ ગયો. આ બધું જાણે વિસારે પડી ગયું હોય ને આ બધું ખોવાઈ ગયું હોય એવું લાગ્યા કરે. ને પછી આમ બધું એ અજવાળું, આ દેખાય છે એવું અજવાળું નહીં, પણ એવો મહીં જ્ઞાનપ્રકાશ ઉત્પન્ન થયો કે તેની મહીં બધું દેખાવા માંડ્યું મને.

**પ્રશ્નકર્તા :** એટલે અંદર થયું શું ? એકદમ આમ પ્રકાશ થયો ? વૉટ હૅપન્ડ સડનલી (અચાનક શું થયું) ?

**દાદાશ્રી :** પ્રકાશ કહીએ તો લોકો સૌ સૌની ભાષામાં લઈ જાય. એવો પ્રકાશ હોતો નથી. જે આ લોકોએ પંચેન્દ્રિયથી જોયો હોય, એવો પ્રકાશ ત્યાં હોતો નથી.

**પ્રશ્નકર્તા :** પણ એ વખતે સ્થળ, કાળ બધું ભૂલી ગયા ?

**દાદાશ્રી :** એ બધું કંઈ હોય જ નહીં. હું કોણ છું, એ 'અંબાલાલ છું' એય ખબર ના હોય ને. ક્યાં બેઠો છું, એય ખબર ના હોય. તે ઘડીએ જ્ઞાનમાં જ હોઈએ, જ્ઞાનમાં જ, એ પ્રકાશમાં જ.

જે આ પ્રકાશ છે એવો નહીં, પરમ જ્યોતિસ્વરૂપ ! એવો આ દુનિયામાં પ્રકાશ જ નથી, જે પ્રકાશ મેં જોયો તે. પરમ જ્યોતિસ્વરૂપ ! કેવું ?

**પ્રશ્નકર્તા :** પરમ જ્યોતિસ્વરૂપ.

**દાદાશ્રી :** ત્યારે લોક કહે છે, 'ઝબકારો દેખાયો ?' મેં કહ્યું, 'ના બા, ઝબકારો-બબકારો થયોય નથી.' 'જ્યોતિસ્વરૂપ' જોયું, કહ્યું. ઝબકારો

ના હોય એમાં, જ્યોતિમાં. આનંદ, આનંદ, આનંદ ! એ અનુભવ જ જુદી જાતનો હોય !

## જ્ઞાનમાં શું જોયેલું ?

એટલે મને તે વખતે એકદમ જ ઉઘાડ થઈ ગયો ઘડી વારમાં. મારી જાત પહેલા ભૂલી ગયો, 'હું કોણ છું' એ ભૂલી ગયો, 'હું શું છું' એ ભૂલી ગયો. અને જે જોયું ને, તેમાં જ તન્મયાકાર થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** ત્યારે આપે જ્ઞાનમાં શું જોયેલું ?

**દાદાશ્રી :** હું કોણ છું, આ બધા કોણ છે, લોકો આય-જાય જે કરે છે એ કોણ છે, કેવી રીતે ચાલે છે, કોણ ચલાવે છે, આ ક્રિએશન કેવી રીતે ઊભું થયું છે, આ જગત શું છે, કોણે બનાવ્યું ? આ બધા લોકો કહે છે ને, કે 'ભગવાને બનાવ્યું ને આ ચલાવે છે ને આ ફલાણું...' તે ખોટી વાતો, બધી લૌકિક વાતો છે. સત્ય જોઈ લીધું, કે આ બ્રહ્માંડ શી રીતે ચાલે છે, કેવી રીતે ઉત્પન્ન થયું ? એટલે એ ઉત્પન્ન થયું જ નથી. કારણ કે હુંય પહેલા માનતો'તો, ઉત્પન્ન થયું હોવું જોઈએ. પણ આ તો અનાદિ જ છે. ઉત્પન્ન થાય એનો વિનાશ થાય. જો ભગવાને ક્રિએટ કર્યું હોય, તો આ જે ક્રિએટ થયેલું છે, એનો હંમેશાં નાશ થાય. તે પણ આ વિનાશી છે નહીં. અનાદિ છે ને અનંતકાળ સુધી ચાલવાનું છે આ જગત.

તે એક કલાકમાં બધું જ, આ જગત ખરેખર એક્ઝેક્ટલી શું છે, જગતનું આદિ-અનાદિ-અનંત બધા ફોડ પડી ગયા. આ જગત શી રીતે ચાલે છે, ભગવાન ખરેખર શું છે, રિયલી સ્પીકિંગ, વાસ્તવિકતામાં ભગવાન શું છે, અને માન્યતા લોકોની, લૌકિકમાં ભગવાન શું છે, અને ભગવાન શું કરે છે અને ભગવાન શું નથી કરતા, આ બીજા મનુષ્યો, જીવો બધા શું કરે છે, શું નથી કરતા, કોણ કરાવડાવે છે, એ જીવો કરે છે કે કોઈ કરાવડાવે છે, એ બધું દેખાયું.

અને દેવલોક, મનુષ્યલોક, તિર્યંચલોક, નર્કલોક બધું જ જોયું. ચાર ગતિઓ છે, પાંચમી ગતિ મોક્ષગતિ. એ બધા ફોડ પડી ગયા. આ ચોર્યાસી લાખ યોનિઓ શું છે, એ બધું જોયું અમે.

## જાણ્યા રહસ્ય, કર્મબંધન ને મુક્તિ તણા

પછી પોતે કોણ છું, આ શરીરમાં મારે શું લેવાદેવા, મન જોડે શું લેવાદેવા, હું શાના આધારે બંધાયેલો છું, આ બંધન કેમ છે, તો મુક્તપણું શું છે, મુક્તિ શું છે, તે મોક્ષ શું છે, બંધન શું છે, કર્મ શું છે, વિકર્મ શું છે, અકર્મ શું છે, કર્મ કેવી રીતે બાંધે છે, કર્મ કેવી રીતે છૂટે છે, કેટલા લોકોને કર્મ બંધાય છે ને કેટલા લોકોને બંધાતા નથી, બહુ જાતના ફોડ બધા, આખા ફોડ જાણ્યા. કર્મ શી રીતે બંધાય છે, કર્મ બંધાવાનું અટકે કેવી રીતે, એ બધી જ જાતનું જ્ઞાન ખૂલ્યું. એટલે અમે કર્મ બંધાતા અટકે એવી સ્થિતિ ઉપર લાવી શકીએ છીએ, અમારા નિમિત્તથી. અમે કર્તા કોઈ ચીજના નથી.

કર્તા કોણ છે, ભોક્તા કોણ છે, ભ્રાંતિ કઈ છે, ભ્રાંત વગરની જગ્યા કઈ છે, એ બધું સમજાઈ ગયું, બધું વિવરણ થઈ ગયું.

આ એની મેળે ઊભું થયું'તું. એમાંથી બધું આ ખ્યાલમાં આવી ગયું, કે જ્ઞાન શું હોવું જોઈએ ને શું ન હોવું જોઈએ ? એમ ને એમ બધું (દર્શનમાં) આવી ગયું. જ્ઞાન-અજ્ઞાનની વચ્ચે લાઈન ઑફ ડિમાર્કેશન (ભેદરેખા) પડી ગઈ. એટલે હું બધું સમજી ગયો ને પછી આ જ્ઞાન લોકોને સમજણ પાડવા માંડ્યું.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, આત્મા જ્ઞાન કેવી રીતે કરતો હશે ?

**દાદાશ્રી :** આ આત્માના ઉપયોગથી થાય છે.

**પ્રશ્નકર્તા :** ત્યાં કોઈ ત્રીજું તો કોઈ...

**દાદાશ્રી :** છે નહીં વચ્ચે કોઈ.

**પ્રશ્નકર્તા :** છે નહીં વચમાં. આત્મા જ પોતે પોતાનું જ્ઞાન કરે છે ?

**દાદાશ્રી :** હા. પોતે પોતાનું જ્ઞાન થાય છે. આવરણ ખસી જાય ને જ્ઞાન પ્રગટ થાય. અમને કોઈ નહોતું વચ્ચે અને બાંકડા ઉપર આવરણ ખસી ગયું ને બધું દેખાયું, પોતે પોતાનું જ્ઞાન.

## જાણે સામે જ બેઠા હોય એમ પ્રત્યક્ષ જોયું

**પ્રશ્નકર્તા :** એટલે આ આખું બ્રહ્માંડ બધું દૃષ્ટિમાં આવી ગયું અંદર ?

**દાદાશ્રી :** ફોડ પડી ગયા બધાય, કે આ કોણ ચલાવે છે ? લોકો કહે છે, 'અમે ચલાવીએ છીએ.' કો'ક કહે છે, 'ભગવાન ચલાવે છે.' વળી જૈનો કહે છે, 'આપણે કર્તા છીએ.' તો આમાં ખરું-સાચું શું, તે બધી ખબર પડી ગઈ.

**પ્રશ્નકર્તા :** એટલે આખું બ્રહ્માંડ દૃષ્ટિમાં આવી ગયું ને ?

**દાદાશ્રી :** બધું, આખેઆખું.

**પ્રશ્નકર્તા :** જાણે કે આ સામે જ બેઠા હોય એમ એ જોયું બધું ?

**દાદાશ્રી :** એ બધું, બધું જ.

**પ્રશ્નકર્તા :** સૂર્ય-ચંદ્ર-તારા કે પૃથ્વી, આ ક્ષેત્રો ?

**દાદાશ્રી :** જેટલું તમે કાલે પેલું એ જોતા'તા ને, પેલો હવાથી ચાલતો મછવો, તે સ્ટીમર જોતા'તા ને ?

**પ્રશ્નકર્તા :** હા, હા. જાપાનના પેવિલિયનમાં (તંબુમાં). ટૅન્કર હતું ને પેલું, સઢથી ચાલતું'તું.*

**દાદાશ્રી :** એવું પ્રત્યક્ષ અમે આ બધું જોયું.

**પ્રશ્નકર્તા :** એ પ્રત્યક્ષ દેખાયું આમ ?

**દાદાશ્રી :** પ્રત્યક્ષ દેખાયું બધું. એનું નામ જ આ વીતરાગ વિજ્ઞાન ને !

**પ્રશ્નકર્તા :** અને અત્યારેય પણ હવે એ રીતનું દેખાયા કરે ?

---

*સંદર્ભ - અમેરિકામાં નૉક્સવિલમાં 'The 1982 World's Fair' જોવા માટે અમુક મહાત્માઓ ગયેલા, તેમાં જાપાન પેવિલિયનમાં પ્રદર્શિત ટૅન્કર-જહાજ જોયેલું, તે સંદર્ભે દાદાશ્રી વાત કરે છે.

**દાદાશ્રી :** હા, એટલે અમે કહી દીધેલું, કે જાવ, ભવિષ્યની ચિંતા ના કરશો.

## ભીડના કોલાહલમાં થયું શુક્લધ્યાન

**પ્રશ્નકર્તા :** દાદા, કેટલો સમય એ થયેલું તે ?

**દાદાશ્રી :** લગભગ એક કલાક માટે, એટલે ફોર્ટી એઈટ મિનિટ. એક જ ગુંઠાણું જોયું મેં. પણ જગત શી રીતે ચાલે છે એ બધું જોઈ લીધું. આખું કેવળજ્ઞાન જોઈ લીધું બધું !

**પ્રશ્નકર્તા :** તો એ અડતાલીસ મિનિટ આસપાસનું બધું જગત અદૃશ્ય થઈ ગયું સાવ ?

**દાદાશ્રી :** બધું જ. આગળ બધી પાર વગરની ભીડ હતી, તે મારે એકાંતની જરૂર નહોતી. એમ ને એમ જ એકાંત મહીં ઊભું થયેલું. એય પરમાનંદ સ્થિતિ !

બહાર તો માણસ આવ-જાવ, આવ-જાવ, કોલાહલ બધો હતો, તે વખતે સ્ટેશન પર. પણ કોલાહલમાં મહીં શુક્લધ્યાન ઉત્પન્ન થયું. આજુબાજુ એ હો હો હો હો બધું ચાલ્યા કરે, અને હું મારા શુક્લધ્યાનમાં, એટલે બધું જગત આખુંયે મને મારા જ્ઞાનમાં દેખાયું. જેમ છે તેમ દેખાયું.

બધા ફોડ તે એક કલાકમાં પડી ગયા. અને બધું જ જોયું. અને જોયા પછી મહીં એટલો પરમાનંદ રહ્યો, કે જાણે હું સારી રીતે મોક્ષમાં જ બેઠો છું, એવી રીતે જ રહ્યા કર્યું. અને મુક્તિ જેવું જ. આ દેહ જાણે છૂટી ગયેલો હોય એવું. પછી એ પૂરું થયા પછી મને ખ્યાલ આવ્યો, કે આ તો શું થઈ ગયું ! અને આ તો આપણે હતા તેના તે જ છીએ.

હું બાંકડે બેઠો'તો અને મને આ ઉદય આવ્યો એકદમ, હડહડાટ. પેલા ભાઈ આવીને બેઠા, તે એ મનમાં સમજી ગયા, કે દાદા ધ્યાનમાં છે કંઈક. એટલે બોલ્યા-કર્યા નહીં. અને આ ઉદય પૂરો થયો, ત્યાર પછી સમજાયું.

પછી બહાર નીકળ્યો ત્યારે મેં પૂછ્યું રણછોડભાઈને, મેં કહ્યું, 'ગાડીને કેટલી વાર છે ?'

**પ્રશ્નકર્તા :** પણ એમને કેમ ખબર પડી કે દાદા ધ્યાનમાં છે ?

**દાદાશ્રી :** એ બધું મોઢા પરથી, આ આંખો મીંચેલી અને મોઢા પર આનંદ આનંદ આનંદ બધો ! એટલે સમજી ગયા.

**પ્રશ્નકર્તા :** હં, હં. આંખો બંધ હતી, દાદા ?

**દાદાશ્રી :** આંખ્યો બંધ હતી, એટલે એ સમજી ગયા. એ જાણે એવું, કે ઘણા ફેરા ધ્યાનમાં હોય છે આ. પણ તે દહાડાનું આ ધ્યાન એને ખબર નહીં કે આવું હશે ! એ જાણે કે આજ તો કંઈક ઓર આનંદમાં છે !

## જોનાર ને જાણનારેય 'પોતે', જાણવાની વસ્તુય 'પોતે'

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન થઈ રહ્યું'તું તે વખતે તમને 'મને આ જ્ઞાન થઈ રહ્યું છે', એવો પાછો ખ્યાલ હતો ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** એટલે એકરૂપ થઈ ગયેલા ? એકરસ થઈ ગયેલા તે વખતે આ જ્ઞાનની જોડે ?

**દાદાશ્રી :** પોતે જોનારો હતો તે વખતે આ બધું, અને જાણનારો હતો. એટલે આ (દેહ) સ્વરૂપથી તદ્દન ભિન્ન એવો જ્ઞાતા-દ્રષ્ટા હતો તે ઘડીએ. કારણ કે સ્વ-પર પ્રકાશક છે એ. સ્વનેય પ્રકાશ કરે છે, પરનેય પ્રકાશ કરે છે.

**પ્રશ્નકર્તા :** હા, દશ્યના દ્રષ્ટા બની ગયા એમ માનો ને, સુરત સ્ટેશન પર.

**દાદાશ્રી :** દ્રષ્ટા એકલા નહીં, દ્રષ્ટા-જ્ઞાતા બન્નેય.

**પ્રશ્નકર્તા :** બન્નેય આવ્યું, તો એ મય થઈ ગયા, બ્રહ્માંડમય થઈ ગયા ત્યારે ?

**દાદાશ્રી :** એ એક જ થયું તે. તે ઘડીએ આખા જગતનો પરમાત્મા એ હતો.

**પ્રશ્નકર્તા :** એ વખતે સંસાર ભુલાઈ ગયો ?

**દાદાશ્રી :** સંસાર તો ભુલાઈ ગયો એ વાત જુદી, દેહ પણ હું ભૂલી ગયો. અને પોતે મૂળ સ્વરૂપે થઈ અને બધું જોયું આ જગતને.

**પ્રશ્નકર્તા :** તમને સ્ટેશન પર આ દેખાયું, તો તમને સ્ટેશન દેખાતું'તું કે સ્ટેશન સિવાય બીજી કોઈ જગ્યા દેખાતી'તી ?

**દાદાશ્રી :** સ્ટેશન તો દેખાય જ નહીં. સ્ટેશનેય દેખાય નહીં, આ અંબાલાલ દેખાય નહીં. મને તો મારા જ્ઞાનમાં જ રમણતા. એટલે હું પોતે જોનાર ને જાણનારેય હું પોતે, જાણવાની વસ્તુ પોતે.

**પ્રશ્નકર્તા :** એટલે અંબાલાલરૂપી અસ્તિત્વ પણ ન રહ્યું ?

**દાદાશ્રી :** અસ્તિત્વ જ ના હોય. અસ્તિત્વ જ ઊડી જાય, એ તો વિજ્ઞાનમાં જ હોઈએ. આ જ્ઞાનમાં 'હું પટેલ છું કે અંબાલાલ છું' એવું કંઈ અસ્તિત્વ ના હોય. વિજ્ઞાનમાં જ હોઈએ, કે આ શી રીતે ચાલે છે, ભગવાન કોણ છે, કોણ ચલાવે છે, કેવી રીતે ચાલે છે, શેનાથી ઊભું થયું છે, મુક્તિ શું છે, બધું આ વિજ્ઞાનમાં દેખાય. આ બધું દેખાયેલું. અને જોઈને કહું છું બધાને. હું પુસ્તકનું વાંચેલું નથી કહેતો.

## પછી પૅકિંગ ને પૅકિંગની અંદર માલ પણ દેખાવા માંડ્યો

**પ્રશ્નકર્તા :** એટલે એ વખતે દાદા, તમારા આંતરસૂઝમાંથી એવો કોઈ ધ્વનિ આવતો'તો ? અથવા તો એવું કોઈ ઈન્સ્પાયર (પ્રેરણા) કરતું હતું અંદરથી, કે આ વસ્તુ આમ છે, આ વસ્તુ આમ છે ?

**દાદાશ્રી :** નહીં, એ જુદાઈ હતી જ નહીં ને કોઈ જાતની. તે ઘડીએ કશું જ નહીં. પછી એ થઈ રહ્યા પછી આ બધું જુદું દેખાયું. કરનાર કોણ છે, એ બધું દેખાયું. તે ઘડીએ તો આનંદનો પાર નહીં ને એકતા જ અનુભવી, બસ. 'ભગવાન', 'હું' ને આ 'સમગ્ર જગત', એકતાનો અનુભવ !

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ વખતે તમને એવું થયેલું, જ્યારે પાછા તમારી મૂળ પ્રકૃતિ પર આવી ગયા ત્યારે...

**દાદાશ્રી :** ના, એટલે પછી એ પૂરું થઈ ગયું ને, એ પૂરું થઈ ગયું, એટલે અહંકાર જતો રહ્યો, પણ મને જે સાચી વસ્તુ, એ 'દર્શન' રહી ગયું, કે કરનાર કોણ, હું કોણ, આ કોણ, તે કોણ, બધું અમારા જ્ઞાનમાં આવી ગયું.

**પ્રશ્નકર્તા :** ત્યારે પછી દુનિયા આખી આસપાસની અદશ્ય જ થઈ ગઈ ?

**દાદાશ્રી :** બધું જુદું જ દેખાયું પછી, ત્યાર પછી બધો ફેરફાર જ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** પણ દુનિયાના જે માણસો તો બધા એના એ જ હોય ને, એ વખતેય ?

**દાદાશ્રી :** ના, પછી તો માણસોના પૅકિંગ એકલા જ દેખાવા માંડ્યા, ને પૅકિંગની અંદર માલ શું છે તે પણ દેખાવા માંડ્યો. વેરાઈટિઝ ઑફ પૅકિંગ જોયા પછી. ગાયો, ભેંસો, કૂતરાં બધા વેરાઈટિઝ ઑફ પૅકિંગ, માલ એક જ પ્રકારનો.

## અવર્ણનીય, અવક્તવ્ય, માત્ર અનુભવગમ્ય

**પ્રશ્નકર્તા :** જ્ઞાન થયું આપને, તે વખતે આપ બ્રહ્માંડના અણુએ અણુમાં ફરી વળ્યા ?

**દાદાશ્રી :** ફરી વળ્યો નહીં, જોયું બધું. જેમ છે તેમ જોયું. ફરવાનું હોતું જ નથી, જોવાનું હોય છે બધું. તે જોવાઈ ગઈ બધી હકીકત. જગત જોયું. જોયું એ તો મારી ભાષામાં વાત કરું છું હું. જો કે એ વાત તો આપણાથી કહી શકાય નહીં.

**પ્રશ્નકર્તા :** વાણીથી પર છે !

**દાદાશ્રી :** શબ્દો ના હોય ને ! અવર્ણનીય, અવક્તવ્ય છે એ વસ્તુ.

અને એને હું ખેંચી ખેંચીને બોલું, તે જેટલું બોલાય એટલું બોલું. બાકી બીજું બધું અવર્ણનીય ને અવક્તવ્ય છે. એને માટે શબ્દ નથી. એટલે કે તમે જ્યારે જશો એ જગ્યાએ, ત્યારે તમને દેખાશે કે આગળ શું હતું !

**પ્રશ્નકર્તા :** એ અમારે જાણવું છે, એ જ્ઞાન થાય તો પછી શું દેખાય ?

**દાદાશ્રી :** ના, પણ એને શબ્દ જ ના હોય તો પછી. આટલું મેં કહ્યું ને, એટલું જાણવાનું મળે તમને. અને એની આગળ શબ્દો નહીં, એટલે વર્ણન શી રીતે થાય ? એટલે તમે ચાખો ત્યારે ખબર પડે.

**પ્રશ્નકર્તા :** અનુભવ.

**દાદાશ્રી :** એ તમે જાતે ચાખો ને, ત્યારે ખબર પડે. બધા કહે, સાકર ગળી છે, સાકર ગળી છે. પણ આ કો'ક પૂછે કે 'ગળી એટલે શું', મને કહે ને ! ત્યારે કહે, 'એમ ને એમ ના કહેવાય. એનું વર્ણન, શબ્દો ના હોય. એને તો તારા મોઢામાં મૂકી આપું, તને પોતાને ખબર પડશે.' મહીં મોઢામાં મૂકી આપે, ખબર પડે કે ના પડે ?

**પ્રશ્નકર્તા :** પડે.

**દાદાશ્રી :** હં. તમે જાણો ખરા બધા, કે સાકર ગળી છે, પણ કોઈ પૂછે કે ગળી એટલે શું ? તો તમે એને શબ્દથી વર્ણન નહીં આપી શકો. તમને સમજ પડી ને ?

**પ્રશ્નકર્તા :** હા. બરાબર.

**દાદાશ્રી :** સાકર એ તો બીજી ચીજ છે, એટલે વર્ણન આપી શકો, કે ભઈ, ગોળ જેવી, ફલાણા જેવી, પણ આમાં તો બીજી ચીજ જ નથી આના જેવી. આની જોડે સરખાવવા બીજી ચીજ જ નથી. એટલે અવર્ણનીય છે. એ મેં જોયું એવું તમે જ્યારે જાતે જોશો, ત્યારે તમને ખબર પડશે.

કોઈ એવી વસ્તુ નથી કે આ તમને બતાડીએ, કે 'આના જેવું.' એટલે એ વસ્તુ ત્યાં આમ જ અટકી જાય છે. પણ તે તમે શી રીતે

ઓળખી શકો ? ત્યારે કહે, અમારા આનંદ આગળથી. આનંદ જોઈને તમે ઓળખી શકો, કે હારું આવો આનંદ ! એ આનંદ તમે જોઈ શકો, બાકી એ આનંદ શું છે એ વર્ણન ના કરાય. વાણી પાછી સ્થૂળ ભાષા અને આ સૂક્ષ્મતમ, ક્યાં મેળ પડે ? બાકી લોકોને પૂછવાની ભાવના થાય અને કહે ને, પણ મહીં કહેવાય શી રીતે ? એ વક્તવ્ય વસ્તુ નહીં ને ! પણ અમારું ટેન્શનરહિત હાસ્ય જુએ એટલે સમજાય કે મારું હારું કંઈક ઊંચી વસ્તુ છે સમજવા જેવી. જોવા જેવી છે કંઈ વસ્તુ.

## જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં...

કૃપાળુદેવે કહ્યું, 'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો.' અમને લોકો કહે છે, 'સુરતના સ્ટેશને જે થયું એ કહો ને !' મેં કહ્યું, 'અલ્યા, પણ નથી કહેવાય એવું. એના માટે શબ્દો જ નથી. એ અનુભવગમ્ય છે બધું. શબ્દ હોય નહીં.' તેથી કૃપાળુદેવે કહ્યું ને,

'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.'

એટલે સુરતના સ્ટેશને જ્ઞાન થયું, તે અમને કહે છે, તમે થોડુંઘણું તો કહો. અલ્યા ભઈ, કહેવાય એટલું કહ્યું, શબ્દોથી જેટલું વર્ણન કરાય એટલું કર્યું. શબ્દોથી દેખાડાય એટલી વાત કરી શકું, બાકી બીજી વાત તો કહેવાય નહીં ને ! પોણોસો ટકા વાત એમ ને એમ મારા જ્ઞાનમાં રહે.

## બુદ્ધિ પણ ન પહોંચે એવી વાત મેં જોઈ છે

જેટલું બોલી શકાય એટલું બોલું છું અને બીજું બધું જ્ઞાન બુદ્ધિની ઉપરનું રહ્યું, તમને એ સમજાવી શકાય નહીં. જેટલું બુદ્ધિમાં આવે એટલું હું તમને સમજાવી શકું. બીજી બુદ્ધિની બહારની વાત છે. બુદ્ધિ પણ ન પહોંચે એવી વાત મેં જોઈ છે. બુદ્ધિમાં સમજાય એટલી વાત તો હું એટલું

કહ્યું, કે મેં જ્ઞાનમાં એ જોયું, કે આ બધું શું છે ! તે મૂળ તત્ત્વો જોયા. અવસ્થાઓ બાદ થઈ, મૂળ તત્ત્વ પર આવ્યો. જગત આખુંય અવસ્થા તો જુએ જ છે. પાંચ ઈન્દ્રિયથી અવસ્થા દેખાય, મૂળ વસ્તુ ના દેખાય. તે મૂળ વસ્તુ જોઈ.

પણ આ શબ્દોથી હું તમને સમજાવું છું. મૂળ વસ્તુ તો તમે જાણી શકશો જ નહીં. કારણ કે ત્યાં શબ્દો નથી. વિગતવાર આમાં આવે નહીં. આ તો શબ્દો જેટલા બોલી શકાય, એટલા બહારના ભાગમાં હું તમને વાત કરું છું. મૂળ વસ્તુ તો નહીં ને ! એ તો ચાખો ત્યારે, એ જગ્યાએ આવો ત્યારે તમને ખબર પડે કે શું હતું !

**પ્રશ્નકર્તા :** અવર્ણનીય હોય એટલે કહી શકાય જ નહીં ને !

**દાદાશ્રી :** એ સૂક્ષ્મતમ વસ્તુ છે ને, આત્મા સૂક્ષ્મતમ. આત્માના જે બહારના પ્રદેશો સૂક્ષ્મતર. તે સૂક્ષ્મતર સુધી અમે ત્યાં આગળ જોયેલું બધું.

**પ્રશ્નકર્તા :** હવે ત્રણ ભૂમિકા થઈ; સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ.

**દાદાશ્રી :** હા, તે સૂક્ષ્મતર સુધી જોયેલું. તે સૂક્ષ્મતર વાણી નથી. સૂક્ષ્મ વાણી છે ખરી, પણ સૂક્ષ્મતરની વાણી નથી. એટલે ત્યાંથી બંધ થઈ જાય છે. આગળ અટકી જાય છે બધું. એટલે એમ કહેવું પડે છે, તું ચાખ અનુભવમાં. તેથી અનુભવનું કહ્યું ને, કે જાણ્યાથી જણાય એવું નથી, અનુભવથી જ જણાશે. નિવેડોય અનુભવથી જ છે.

## જે શાસ્ત્રોમાં ના હોય એ બધું જોઈ લીધું

એક કલાકમાં તો બધો, આખા વર્લ્ડના તમામ શાસ્ત્રોનો સાર હાથમાં આવી ગયો. જે શાસ્ત્રોમાં ના હોય એ બધું જોઈ લીધું ! શાસ્ત્રોમાં તો જ્યાં સુધી શબ્દોમાં લખાય ત્યાં સુધી આવ્યું, એની બીજી આગળની ભાષા લખાઈ નથી. અધૂરું છે. બાર આની અધૂરું છે, ચાર આની આવ્યું છે. શબ્દોમાં આવવું જોઈએ ને ? આ જે મેં જોયું એને શબ્દોથી અમુક રીતે જ સમજાવાય, બાકી બીજું તો તમે એ જગ્યાએ જશો ત્યારે તમે

એ દેખી શકશો. અને તે તમે જઈ શકો એમ છો. કારણ કે મારું વ્યક્ત થયું એટલે તમારું વ્યક્ત થઈ શકે. દીવો હોય તો બીજો દીવો થાય, પણ અત્યાર સુધી ઘોર અંધારામાં દીવો ક્યાંથી લાવે તે ? એ તો કો'ક ફેરો દીવો થયો હોય.

## આખા બ્રહ્માંડનો હું સ્વામી છું એવો અનુભવ થયો

**પ્રશ્નકર્તા :** જે જ્ઞાનની પ્રાપ્તિ થઈ ને આખું બ્રહ્માંડ જોયું, તે વખતે આપને શું અનુભૂતિ થઈ ?

**દાદાશ્રી :** અનુભવ એટલે આખા બ્રહ્માંડનો હું સ્વામી છું, એવો અનુભવ થયો. આ દુનિયા નહીં, આ દુનિયા તો જેવડી છે એ ને બીજી આવી બધી પંદર દુનિયાઓ છે મનુષ્યોને લાયક. તે આખું બ્રહ્માંડ કહેવાય છે. એ બ્રહ્માંડનો જાણે હું સ્વામી હોઉ ને, એટલું બધું જ્ઞાન થયેલું. કોણ કરે છે, કેવી રીતે ચાલે છે, આ બધા કોણ છે, આપણે કોણ છીએ, આ શું છે, એ બધું જાણવાનો એન્ડ (અંત) આવી ગયો. જાણવાનું કશું રહ્યું નહીં હવે. વર્લ્ડની બધી જ ચાવીઓ હાથમાં આવી ગઈ.

જાણવાનું તે જાણી લીધું ને ના જાણવાનું છોડી દીધું. અને જગતે ના જાણવાનું પકડી રાખ્યું છે અને જાણવાનું જાણતા નથી. બીજું અનુભવમાં તો કશું કહેવાય નહીં ને ! અનુભવ તો પોતે જ ચાખે, પોતાની જાતે ચાખે ત્યારે ખબર પડે.

## પોતે 'પોતાને' જ જાણ્યો

**પ્રશ્નકર્તા :** એનો અનુભવ શુદ્ધાત્માને થયો કે પુદ્‌ગલને થયો, કોને થયો એ અનુભવ ?

**દાદાશ્રી :** એ અનુભવ પોતે 'પોતાને' જ જાણ્યો. બીજું કશુંય નહીં. પારકાને હુંપણું માનતો હતો, તે પોતે 'પોતાને' જાણ્યો, કે 'આ' હું છું, 'આ' નહોય. જુદું પડી ગયું.

**પ્રશ્નકર્તા :** દાદા, છૂટા પડી ગયા ત્યારે આખો આનંદ જ જુદો હતો ને, તે વખતનો ?

**દાદાશ્રી :** એ જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદ બધા ગુણો સાથે છૂટું પડી ગયેલું. દેહમાં નહીં, વચનમાં નહીં, મનમાં નહીં, એવું છૂટું પડી ગયું. એ વાત જ જુદી છે. એને જ્ઞાન થયું કહેવાય, જ્ઞાન લાધ્યું કહેવાય.

આ દેહમાંથી જાણે છૂટા થઈ ગયા હોય એવું લાગ્યું.

**પ્રશ્નકર્તા :** ઍબ્સોલ્યૂટલી (સંપૂર્ણ) ?

**દાદાશ્રી :** હા, ઍબ્સોલ્યૂટલી.

**પ્રશ્નકર્તા :** પુદ્ગલ પેલી બાજુ અને આપ આ બાજુ...

**દાદાશ્રી :** પુદ્ગલ છે કે નહીં તે જ મને ખ્યાલ નહોતો તે વખતે. હું તો તે રૂપ જ થઈ ગયેલો હતો. આખું ભગવાનનું સ્વરૂપ જ થઈ ગયેલું, ફુલ. હંડ્રેડ પરસેન્ટ તે રૂપ જ થઈ ગયો હતો.

## બધામાં તત્ત્વ સ્વરૂપે 'હું જ છું' એમ લાગ્યું

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ વખતે તમારી અવસ્થા આમ અસંપ્રજ્ઞાત* થઈ ગયેલી ?

**દાદાશ્રી :** એક જ બધું, મને તે ઘડીએ જુદું દેખાયું જ નથી કશું. હું એક જ છું, હું જ છું, એવું મને લાગે. 'તુંહી' ના હોય મને. 'તુંહી' બધા ભક્તો ગાય. 'તુંહી, તુંહી...' અલ્યા તે 'તું' ને 'એ' બે જુદા રહેતા હોય એમાં શું ગા ગા કર્યા કરે છે અમથો વગર કામનો તે ? 'હુંહી' બોલ ને 'હું જ છું.' તે મેં આપણા બધા મહાત્માઓને શિખવાડેલું, 'હું જ છું' આ બધું, 'હું જ છું.'

**પ્રશ્નકર્તા :** અહં બ્રહ્માસ્મિ.

**દાદાશ્રી :** નહીં, અહં બ્રહ્મેય નહીં, એ તો ગાંડપણ છે, મેડનેસ છે. અહં બ્રહ્મા હોતો હશે ? હું જ છું આ બધું.

**પ્રશ્નકર્તા :** 'હું આત્મસ્વરૂપ છું' એમ ?

*અસંપ્રજ્ઞાત (વેદાંત શબ્દ) - જ્ઞાતા-જ્ઞેય વગેરેના ભેદ વિનાનું, નિર્વિકલ્પ

**દાદાશ્રી :** નહીં, ભગવાન સ્વરૂપ છું. હું જ છું આ બધું. આ બધામાં તત્ત્વ સ્વરૂપે હું જ છું.

**પ્રશ્નકર્તા :** તો એ ભગવાનના કયા સ્વરૂપના દર્શન થયા ?

**દાદાશ્રી :** એમનું સ્વરૂપ ના હોય. એમનું આ આવું આ આંખે દેખાય એવું સ્વરૂપ ના હોય. આ આંખથી દેખાય નહીં, એ તો દિવ્યચક્ષુથી દેખાય. અમને જ્ઞાનમાં બધું દેખાયું, બુદ્ધિમાં નહીં. બુદ્ધિમાં દેખાય તે તો આ બધી મૂર્તિઓ-બૂર્તિઓ બુદ્ધિમાં દેખાય અને જ્ઞાનમાં દરઅસલ !

## દૃષ્ટિ દ્રષ્ટામાં પડી

મેં કોઈ સ્થિતિ જોવામાં બાકી નથી રાખી. તમામ પ્રકારની સ્થિતિ, તમે આ પૂછો એટલી વાર. હું તમને જોયેલું જ કહીશ. એમાં કલ્પેલું નથી, વાંચેલું નથી, બીજું નથી, કોઈ શાસ્ત્રનું નથી.

**પ્રશ્નકર્તા :** આપને જે આત્માનું દર્શન થયું, તો આપને દૃષ્ટિમાં શું બદલાવ આવ્યો ?

**દાદાશ્રી :** આ જે મારી દૃષ્ટિ હતી તેની તે જ દૃષ્ટિ છે. કોને થયું ? ત્યારે કહે, તેની તે જ દૃષ્ટિ છે એ. હવે એમાં જે હું છું, એનો એ જ છું, અંબાલાલ જ છું. અને દર્શન થયું, એ અંબાલાલે જ જોયું, એ દૃષ્ટિએ જોયું. એ દૃષ્ટિ પહેલા શું જોતી'તી ? દૃશ્યને જોતી'તી. આખા જગતને, નિરંતર દૃશ્યને જ જુએ. હવે એ દૃષ્ટિએ તે દહાડે દ્રષ્ટા જોયો ! એટલે દૃષ્ટિ દ્રષ્ટામાં પડી.

**પ્રશ્નકર્તા :** બ્યુટિફુલ !

## 'હું' બંધાયેલો હતો તે 'હું' છૂટ્યો

**પ્રશ્નકર્તા :** દાદા, આપનો જ્યારે જ્ઞાનનો ઉદય થયો ત્યારે આપની ચિત્તની અવસ્થા કેવી હતી ?

**દાદાશ્રી :** ચિત્ત અને આ જ્ઞાન એકાકાર થઈ ગયેલું.

**પ્રશ્નકર્તા :** એ વખતે તો બહિર્મન છે તે આત્માકારે થઈ ગયું ?

**દાદાશ્રી :** ના, જે મન હતું, એ મન તો ડિઝોલ્વ (વિલીન) થઈ ગયું લગભગ. અહંકાર ડિઝોલ્વ, સંપૂર્ણ ડિઝોલ્વ ! ચિત્ત શુદ્ધ થઈ ગયું. અને બુદ્ધિ ગોન (જતી રહી).

**પ્રશ્નકર્તા :** તો આ અનુભૂતિ કોને થઈ ?

**દાદાશ્રી :** અનુભૂતિ અહંકારને થઈ. અહંકારને અનુભૂતિ થઈ કે 'હું' બંધાયેલો હતો તે 'હું' છૂટ્યો. છૂટ્યો એટલે આત્મામાં એકાકાર થઈ ગયો. જે મને દુઃખ પડતું'તું, હવે દુઃખ મારું ગયું. 'હું' બંધાયેલો હતો, તે છૂટ્યો.

આ જે સંસારનો અનુભવ હતો, તે અનુભવ પદ છૂટી ગયું, અને સ્વાનુભવ પદમાં આવ્યો. આ સંસારી અનુભવ એટલે 'હું અંબાલાલભાઈ છું', એ અનુભવ છૂટી ગયો, એ ઈગોઈઝમનો અનુભવ છૂટી ગયો. અને પોતાને સ્વાનુભવ, જ્યાં ઈગોઈઝમ નથી, સ્વક્ષેત્ર છે, તે અનુભવ થયો.

એટલે તે દિવસે મારું ઈગોઈઝમ, મમતા બધું ખલાસ થઈ ગયું. તે પછી હું જુદા જ સ્વરૂપમાં રહેવા માંડ્યો. વિધાઉટ ઈગોઈઝમ ને વિધાઉટ મમતા (અહંકાર ને મમતા વગર) !

## બાંકડા પર બેઠેલા તોયે સિદ્ધગતિ જેવું સુખ વર્તે

**પ્રશ્નકર્તા :** દાદા, તમને ખ્યાલ આવ્યો ખરો, કે આ મને જ્ઞાન થયું ? જીવને જ્યારે જ્ઞાન થાય ત્યારે એને ખ્યાલ આવે ?

**દાદાશ્રી :** હા... અરે ! ખ્યાલ શું, તે ઘડીએ તો સિદ્ધગતિમાં બેઠો હોય એવું, સુખનો પાર નહીં, પાર વગરનું સુખ !

**પ્રશ્નકર્તા :** પ્રમાણ ! પ્રમાણ ! પ્રમાણ ! દાદા.

**દાદાશ્રી :** તો પછી એનો ખ્યાલ કેમ ના આવે તે ? બાંકડા ઉપર બેઠેલો તોયે સિદ્ધગતિના જેવું સુખ વર્તે. મારી જોડે બેઠેલા હતા રણછોડભાઈ, જે નિરંતર મારી સેવામાં રહેતા હતા. તેનોય મોક્ષ એમ ને એમ જ થઈ ગયો. એને હજુ મોક્ષ જતો નથી. જ્ઞાન જ નથી

આપ્યું, એમ ને એમ જ. એટલે મેં કહ્યું, આને તો જ્ઞાન આપવાનીયે જરૂર નથી. ત્યારથી એને અસમાધિય નથી થઈ કોઈ દહાડો. તેમાં એમણે છોડી પૈણાવીને પચાસ હજાર રૂપિયા ખર્ચ કર્યો તોયે અસમાધિ નહીં. આ સાલ ખેતરમાં સાંઈઠ હજાર રૂપિયાનું ઓછું પાક્યું તોયે અસમાધિ નહીં. કારણ કે ઓવરવાઈઝ (દોઢ ડહાપણ) નહીં. અમે બોલ્યા એ જ બોલ. અને આજ્ઞા એ ધર્મ ને આજ્ઞા એ તપ.

## અપાર આનંદનો અનુભવ

**પ્રશ્નકર્તા :** આપને જ્ઞાન થયું, એ કલાકેક જ્ઞાન થયું. પછી એ જ્ઞાનની તે વખતની જે ઝલક હતી, એવી ને એવી ઝલક કેટલા સમય સુધી રહી ?

**દાદાશ્રી :** એટલો જ ટાઈમ. જેટલો વખત થયું તેટલો વખત. પછી ઉદયકર્મ ફરી વળે ને ! અને એ સુખ, એ જે સુખ ચાખ્યું છે ને, તે તો ફરી મને ત્યાર પછી ભેગું ના થાય.

તે દશા જ જુદી હતી. તે દશાનું વર્ણન થાય એવું નથી. આનંદમય બધું વાતાવરણ થઈ ગયેલું. અને એ આનંદનો ઊભરો હજુય જતો નથી મારો, પચ્ચીસ-છવ્વીસ વર્ષ થયા તોય. એટલે એ તો વાત જ જુદી ને ! ભયંકર (અદ્‌ભુત) આનંદ, ક્યારેય કોઈ અવતારમાં આનંદ ન ચાખ્યો હોય એટલો, આખા અવતારનોય આનંદ એટલો ન હોય, એટલો બધો આનંદમાં હતો હું. આથી આગળ આનંદ હોય નહીં એવું થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** સાંભળતા જ અહો અહો થાય છે !

**દાદાશ્રી :** આ આનંદ જેરવી (પચાવી) શકે માણસ. આ આનંદ એકદમ થાય તે જેરવી શકે. જ્યારે સંસારી આનંદ જે થાય તે ગાંડો થઈ જાય, જો એકદમ આવો મોટો આનંદ આવ્યો હોય તો. એટલે એને કહ્યું હોય કે પાંચ કરોડનું ઈનામ લાગ્યું છે, એમાં તો તે આનંદમાં ગાંડો થઈ જાય.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આનંદમાં ગાંડો થઈ જાય કે ના થઈ જાય ?

**પ્રશ્નકર્તા :** થઈ જાય, થઈ જાય. લૉટરી લાગે તો કેટલાય ગાંડા થઈ જાય !

**દાદાશ્રી :** આમાં (જ્ઞાનમાં) ના થાય એવું. તે ઘડીએ આનંદ પણ પાર વગરનો હતો. તે આનંદ અત્યારેય યાદગીરીમાંથી જાય નહીં.

## પૂર્ણ દશા આવી પણ ટકી નહીં

**પ્રશ્નકર્તા :** સુરત સ્ટેશને આપને જે અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો, એ કેટલો વખત સુધી ચાલુ રહ્યો ?

**દાદાશ્રી :** એ પછી ગયો જ નથી, અત્યાર સુધી એવો ને એવો જ રહ્યો છે.

**પ્રશ્નકર્તા :** અચ્છા.

**દાદાશ્રી :** એ જ તમને મેં કહ્યું ને, એક ક્ષણ વાર આત્મા આત્મરૂપ થાય, કે એક ક્ષણ વાર આ જ્યોતિ જુએ, કે ક્ષણ વાર 'હું જુદો છું' એવું ભાન થાય, તો કાયમને માટે થઈ ગયો. એક ક્ષણ વાર નથી થાય એવું. લોકોય કહે છે, 'ભઈ, હું આ થોડી વાર થયો છું ને થોડી વાર નથી', એ બધું ખોટું છે. અને અમારે ત્યાર પછી બદલાયો નથી.

**પ્રશ્નકર્તા :** આપને આ જે પરમાનંદનો ઉદધિ (સાગર) જે એકદમ ઉછળ્યો, એ પછી સતત ધારા પ્રવાહરૂપે એમ ને એમ રહે છે કે અંદર આરોહ-અવરોહ આવ્યા કરે ?

**દાદાશ્રી :** એ જે આવ્યું'તું એટલો ન રહે. એ આવ્યું ને, તે ઘડીએ પૂર્વકર્મની ગેરહાજરીમાં આવેલું. ઉદયકર્મની ગેરહાજરીમાં આવેલું. અને પછી ઉદયકર્મની શરૂઆત થાય એટલે ઉદયકર્મ એને ઓછું કરી નાખે.

**પ્રશ્નકર્તા :** યસ, યસ. એટલે વિક્ષેપ આવે. હા, બરાબર છે. પછી ફરી વાર એવી અનુભૂતિ કોઈ વખત થયેલી ?

**દાદાશ્રી :** એવું ફરી ના આવે, ફરી ના આવે.

**પ્રશ્નકર્તા :** ફરી વાર કોઈ વખત નહીં ?

**દાદાશ્રી :** આશા એ, ઈચ્છા એની એ જ હોય, કે આમાં હવે ક્યારે રહેવાય ? પણ જ્યાં સુધી આપણે આ ગોઠવણી કરી છે, એટલે આ બસો ફરે છે, એ જાણીએ છીએ, એ બસો પૂરી થઈ જશે એટલે પૂર્ણાહૂતિ.

એ દશા તો ફરી પ્રાપ્ત થાય નહીં અત્યારે. એ દશા તો ફુલ (પૂર્ણ) દશા હતી. એ આવ્યા પછીય પાછા કર્મો રહ્યા હોય ને, તે પાછા વટાવા માંડ્યા ને ! આ અહીંયા આવ્યો તે કર્મના ઉદયને આધીન આવ્યો ને, મારા આધીન નહીં.

## ત્યાર પછી આનંદ ગયો નથી

તે દહાડે તો જબરજસ્ત આનંદ હતો. અત્યારેય મારે તો આનંદ જતો નથી. એક ક્ષણ વાર ત્યાર પછી ગયો નથી.

**પ્રશ્નકર્તા :** એટલે હજુ એનો એ જ અનુભવ થાય છે ?

**દાદાશ્રી :** એટલો બધો જો કે આનંદ ના હોય, પણ એથી કંઈક ઓછો હોય. પણ તે ક્ષણ વાર આનંદ વગર ગયો નથી. રાત-દિવસ ગમે ત્યારે, ઍની ટાઈમ (ગમે તે સમયે).

એટલે આનંદ રહે નિરંતર. મને કેટલાય વર્ષથી આ આનંદ ગયો નથી, '૫૮ની સાલથી આનંદ ગયો નથી મારો, એક ક્ષણ વારેય. નિરંતર પરમાનંદ ! કો'ક ગાળો ભાંડે, મારે તોય પણ આનંદ ના જાય. આ પટેલને મારે તોય મને આનંદ ના જાય, ગાળો ભાંડે તોય ના જાય. એ આનંદ ક્ષણેક્ષણ મારી જોડે રહે છે. એક ક્ષણ વારેય અમને આનંદ ના ગયો હોય.

આત્માના સ્વભાવનું જે સુખ છે, એ જ પરમાનંદ છે. અને પછી નથી ગયું. અમારે એ સુખ આવ્યા પછી ગયું નથી કોઈ ક્ષણ વાર. આજે છવ્વીસ વર્ષ થયા, એક ક્ષણ વારેય આઘુંપાછું ના થાય. આ સુરત સ્ટેશને પ્રાપ્ત થયેલું, પછી ગયું નથી.

## પછી માન પોષાયા સિવાય કાર્ય થવા માંડ્યું

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા જે રીતે તમે જીવતા'તા, જે રીતે તમારા વિચારો અને વર્તન હતું, એમાં અચાનક આ પડદો ખસી જવાથી...

**દાદાશ્રી :** એ બધું ઊડી ગયું. હું દેહ છું ને એ બધું ને ?

**પ્રશ્નકર્તા :** હા, પહેલાના જે વિચારો હતા, વર્તન હતું.

**દાદાશ્રી :** અહંકાર ઊડી ગયો, મન ઊડી ગયું, બધું ઊડી ગયું, હડહડાટ ઊડી ગયું બધું. કશુંય રહ્યું નહોતું. સંપૂર્ણ જ્ઞાન દશામાં ત્યારથી જ. હવે જ્ઞાન દશામાં રહેતો'તો, ત્યાં વડોદરામાં. બીજા બધા (ફ્રેન્ડ) સર્કલ આય-જાય કરે, મૂળ પેલું કર્મ તો ખરું જ. બધાને પૂછવાનું, 'તમારે શું થયું, શું નહીં ?' એ બધું ખરું જ પાછું. પણ એમાં જે મમતા હતી, એ તૂટી ગઈ. એ પહેલા છે તે માન પોષાય માટે બોલતો'તો હું. મારું માન પોષાતું'તું. કંઈ કોઈનું કામ મેં મફત નથી કર્યું. એના બદલામાં માન મારું પોષાયેલું છે, એટલું જ. એટલે એ એનો બદલો. બદલા વગર તો કોઈ કાર્ય થતું જ નથી. હવે એ માન પોષાયા સિવાય કાર્ય થવા માંડ્યું.

## અહંકારીમાંથી થયા નિર્અહંકારી

**પ્રશ્નકર્તા :** આપના બાહ્ય જીવનમાં પછી બીજું કંઈ પરિવર્તન આવ્યું ખરું ?

**દાદાશ્રી :** આખું જ પરિવર્તન. આગલે દહાડે અહંકારી હતો ને બીજા દહાડે નિર્અહંકારી થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** મોટું પરિવર્તન એ જ કહેવાય.

**દાદાશ્રી :** હં. એ આગલે દહાડે હું જબરજસ્ત અહંકારી હતો. તમે મારું નામ દીધું હોય તો તમારું કેમ ખોદી નાખું તે બધું કરું. બધું વિચારી નાખે. એટલે મૂળ તો અમે આ નાતના ને ! જો સારું બોલે તો આશરોય આપી દઈએ. અને અવળું બોલે તો માથું હઉ કાપી નાખીએ.

જરાક નામ દીધું હોય ને, તો ફેણ માંડી દઉં. અને એ ફેણ તે કેવી માંડું ? પેલાને આંખ કાઢતા જ એનું મન બળી જાય. પછી આ પરિવર્તન આવી ગયું એકદમ જ.

આગલે દહાડે અહંકાર પાર વગરનો હતો અને જ્ઞાન થયું ત્યારથી અહંકાર નિર્મૂળ થઈ ગયો, ખલાસ થઈ ગયો. કારણ કે મારા સ્વરૂપનું મને ભાન થઈ ગયું. અને આ અંબાલાલ નામનું જે માનતો'તો સ્વરૂપ, તે બધું ડિમૉલિશ (નાશ) થઈ ગયું, ફ્રૅક્ચર થઈ ગયું. તે અહંકાર જતો રહ્યો હડહડાટ. બધું જતું રહ્યું. અહંકાર બહુ ભારે હતો. એક કલાક પહેલા તો જબરજસ્ત અહંકાર હતો અને એક કલાક પછી કશુંય ના મળે.

અમારો અહંકાર તે જ ઘડીથી જતો રહ્યો. અને પછી બુદ્ધિ ધીમે ધીમે જવા માંડી. તે બુદ્ધિ લગભગ પંદર-વીસ વર્ષે જતી રહી. અત્યારે તો બુદ્ધિએય નથી. સહેજેય બુદ્ધિ ના મળે. એટલે અમે પુસ્તકમાં લખ્યું કે અમે અબુધ છીએ. બુદ્ધિ નહીં અમારામાં બિલકુલેય.

## કદરૂપાપણું જતું રહ્યું ને મુખમંડળ થયું રળિયામણું

**પ્રશ્નકર્તા :** તે વખતે આપના શરીરના પરમાણુઓમાં પણ કાંઈ ફેરફાર થઈ ગયો ?

**દાદાશ્રી :** કશોય ફેરફાર નહીં. અહંકાર જતો રહ્યો પછી. એ પૂરું થયું ત્યારે અહંકાર જતો રહેલો લાગ્યો મને.

**પ્રશ્નકર્તા :** એટલે આમ જતો રહ્યો એટલે આમ ફિઝિકલી જતો રહ્યો ?

**દાદાશ્રી :** ફિઝિકલી હઉ, બધો અહંકાર ખલાસ થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** પણ આ મુખમંડળમાં ? એટલે પછી આપના મોઢા પરના ભાવો, રેખાઓ...

**દાદાશ્રી :** બધું આ રળિયામણું થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** રળિયામણું.

**દાદાશ્રી :** કદરૂપું દેખાતું'તું અહંકારને લઈને, તે આ કદરૂપાપણું જતું રહ્યું. અહંકાર એટલે માણસના રૂપમાં કદરૂપું કરે, એનું નામ અહંકાર.

પહેલા અહંકાર જ હતો બધો.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન થયા પછી વ્યવહારનું કામ બધું થતું'તું ?

**દાદાશ્રી :** સુંદર થતું'તું. પહેલા અહંકાર બગાડતો'તો. પછી અમારે ઈગોઈઝમ ખલાસ થઈ ગયેલો. કયો ઈગોઈઝમ ખલાસ થઈ ગયેલો ? કર્તા ભાગનો ખલાસ થઈ ગયેલો અને ભોક્તા ભાગનો રહેલો. સમજાયું આ બે ભાગ પાડ્યા તે ? ભોક્તા ભાગનો જીવંત ના હોય, કર્તા ભાગનો જીવંત ઈગોઈઝમ હોય. એટલે કર્તાપણું અમારું છૂટી ગયેલું હોય. ભોક્તાપણું રહે, તે જીવંત નહીં એટલે અમને કશું હરકત ના કરે. કર્મ કરતો બંધ થઈ જાય.

## કષાયોની વંશાવળી એની મેળે જતી રહી

બાકી, અહંકારના રોગથી પીડાતો'તો. અહંકારનો કષ્ટસાધ્ય રોગ હતો. કેવો હતો ?

**પ્રશ્નકર્તા :** કષ્ટસાધ્ય. કષ્ટસાધ્ય કે અસાધ્ય ?

**દાદાશ્રી :** ના, કષ્ટસાધ્ય હતો.

**પ્રશ્નકર્તા :** ક્રોનિક.

**દાદાશ્રી :** એટલે ફક્ત ક્રોનિક થયેલો, અસાધ્ય નહીં. અસાધ્ય હોત તો તો મટત જ નહીં ને ! એ ક્રોનિક એટલે ભારે મહામાથાકૂટ કર્યેય એ અહંકાર ના જાય. તે દહાડે અહંકાર-બહંકાર બધું જ જતું રહ્યું, ક્યાંય જતું રહ્યું. આ જ્ઞાન થયું ને, તેની હારે (સાથે) એ અહીંથી ઊડી ગયું. કારણ કે ગાદી ઉપર બેસનારો આવ્યો એટલે પેલો ખોટો ચઢી બેઠેલો, એ ઊઠીને ચાલ્યો તરત. ક્રોધ-માન-માયા-લોભ એ સહુ સહુના પોટલા લઈ લઈને ચાલવા માંડ્યા. ક્યાં ગયા, કોને ઘેર પછી મુકામ કર્યો, તે મને ખબર નથી, પણ ચાલી ગયા બધા.

એટલે સહુ સહુની વંશાવળી એની મેળે જતી રહી. હવે અહીંયા આવ્યું બધું આ લાવલશ્કર, સમ્યક્ દર્શનનું લશ્કર, એટલે મિથ્યા દર્શનનું લશ્કર બધું ચાલીને જતું રહ્યું. કોઈને કાઢી મેલવાની જરૂર પડી નથી.

**પ્રશ્નકર્તા :** હા, પ્રકાશને અંધારું કાઢી મેલવું નથી પડતું. પ્રકાશ થાય એટલે અંધારું એની મેળે જતું જ રહે.

**દાદાશ્રી :** હા, અંધારું તો એની મેળે જ જતું રહે ને ! પ્રકાશ થયો એને અંધારું ઉલેચવું ના પડે.

જ્ઞાન એટલે અજવાળું, અજ્ઞાન એટલે અંધારું. અત્યારે તને જે ક્રોધ-માન-માયા-લોભ થાય છે, અંધારાને લીધે થાય છે ને ? કે અજવાળું હોય તો થાય ? એટલે જ્ઞાન એટલે અજવાળું. પ્રકાશમાં દુઃખ ના હોય, અંધારામાં દુઃખ. અથડાઈએ, માથું અથડાય, ઠોકરો વાગે. આ થોડુંક ભણ્યો તે થોડુંક અજવાળું થયું કે ના થયું ? તેથી નોકરી મળી ને ? ભણ્યો ના હોત તો ? મજૂરી કરવા જવું પડત. માટે જેટલું અજવાળું થાય એટલું સુખ વર્તે. અને આ જ્ઞાન એ તો સંપૂર્ણ અજવાળું !

## અહંકાર ગયો, ને ન રહ્યું કોઈ પઝલ

**પ્રશ્નકર્તા :** જ્ઞાન થાય એટલે શું થાય પણ ? અમને થયું છે કે નહીં, એ અમે કેવી રીતે જાણીએ ?

**દાદાશ્રી :** આ બધો અહંકાર-બહંકાર બધું ઓગળી જાય. આ કિનારેથી પેલે કિનારે હું ત્યાં પહોંચી જઉં, એવું થાય. આ અજ્ઞાનના કિનારેથી જ્ઞાનના કિનારે હું પહોંચી જઉં. અને તે જે એની જે હવા આવે અને જે સુખ આવે તે થાય તે.

અમારે અહંકાર જતો રહ્યો ને ! એ આપણે ખોળીએ તોય જડે નહીં, એટલે એને શું થયું કહેવાય ?

**પ્રશ્નકર્તા :** અહંકાર જતો રહ્યો, ખોળીએ તોય ના જડે.

**દાદાશ્રી :** હા, અને જગતના બધા ફોડ પડી ગયા. પઝલ જ ના રહ્યું કોઈ જાતનું.

**પ્રશ્નકર્તા :** બધું સમજાઈ ગયું એકદમ ?

**દાદાશ્રી :** બધું સમજાઈ ગયું, ફુલ્લી (સંપૂર્ણ) !

## પોતાપણું જ છૂટી ગયું

**પ્રશ્નકર્તા :** આપને ૧૯૫૮માં જ્ઞાન પ્રગટ થયું, તો એ જ્ઞાનની તમને પ્રતીતિ કેવી રીતે થઈ ? કારણ કે જે વસ્તુ આપણને અનુભવમાં નથી આવી અને એ આપણને એકદમ અનુભવમાં આવી જાય, તો આપણને ખબર કેવી રીતે પડે કે આ એ જ વસ્તુ આપણને પ્રાપ્ત થયેલી છે ?

**દાદાશ્રી :** પોતાપણું જ છૂટી જાય બધું. પોતાનું અસ્તિત્વ જ ઊડી જાય, જે પહેલા 'હું અંબાલાલ હતો' એ બધું અસ્તિત્વ હતું, એ છૂટી જાય બધું. શેઠ ગાદી પર બેસી ગયો. હમણે ભીખ માગતો માણસ ગાદી પર બેસે એટલે ખબર ના પડે, કે હું રાજા થઈ ગયો ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** એટલે પેલી ભીખ છૂટી ગઈ.

**પ્રશ્નકર્તા :** આપનું પોતાપણું જ્ઞાન થયું ત્યારે જ છૂટી ગયું ?

**દાદાશ્રી :** પોતાપણું તો તે દહાડે જ ઊડી ગયું જ્ઞાન થતા. જ્ઞાન થયું ને ઊડી ગયું. અમને પોતાપણું સહન જ થતું નહોતું, એક સેકન્ડેય ! સુખ હોય કે દુઃખ હોય, બેય કડવા ઝેર જેવા લાગ્યા કરે ! હીરાબા એકલા જાણે, કે આમને બધું કડવું જ લાગે છે.

## કર્તાપદ છૂટ્યું, જ્ઞાયક સ્વભાવ ઉત્પન્ન થયો

**પ્રશ્નકર્તા :** આપને જ્ઞાન થયું એ પહેલાના અનુભવની સ્થિતિ અને જ્ઞાન થયા પછીના અનુભવની સ્થિતિ વિશે જરા વાત કહો.

**દાદાશ્રી :** જ્ઞાન થતા પહેલા તમારા જેવી સ્થિતિ મારી હતી. જેમ આ અહંકાર હોય છે ને, તે અહંકારવાળાને શું થાય ? આખો દહાડો

ચિંતા હોય જ. કંઈ લાવવી પડે નહીં વેચાતી. એની મેળે ઘેર ઉત્પન્ન જ થયા કરે. ઉત્પાદન ઘરનું. આખો દહાડો ઉપાધિ, ચિંતા, વરિઝ. એ જ્ઞાન થતાની સાથે જ જતી રહી ને પછી કશું રહ્યું જ નહીં પછી.

અમને આ જ્ઞાન થયું તે પહેલા હું અંબાલાલ હતો. હવે હું અંબાલાલ નથી. જ્ઞાન પહેલા તો મને પણ ક્રોધ હતો, માન હતું, માયા હતી, લોભ હતો, હવે નથી.

જ્ઞાન થતા પહેલા મારી જાતને હું પોતે કર્તા જ માનતો'તો, બધું હું જ કરું છું આ. અને ખોટ જાય ત્યારે મારું પ્રારબ્ધ વાંકું છે, એવું માનતો હતો. નફો આવે ત્યારે 'હું કરું છું' એમ કહું અને ખોટ જાય ત્યારે પ્રારબ્ધનું નામ દેતો હતો. બિલકુલ સંસારીઓ જેવો જ એમાં, મારામાં કશોય ફેર ન હતો. આ જેમ સામાન્ય માણસ રહે છે ને, એવી રીતે જ રહ્યો હતો. અને માન ભૂખ્યો, નિરંતર માન ભૂખ્યો. ગમે એવી સરસ ડિશો ખાધી હોય તોય ભૂખ માનની ને માનની. લોભની ભૂખ નહીં જરાય. લોક લૂંટી લે ને, તોય દુઃખ ના થાય. લૂંટનારો માણસ જો માન આપે ને, તો હું એને કહું કે, બધું લૂંટી લે તું. પણ માનનો જ ભૂખ્યો એકલો. તે માનની ભૂખથી બહુ દુઃખ થતું હતું. તે રાત્રે ઊંઘ પણ ના આવે. કશું દુઃખ હતું નહીં, લોકો કહે, કે આ પરમ સુખિયા છો, વ્યવહારમાંય. તોય પણ મને તો મારું દુઃખ ગયું નહોતું કોઈ દહાડોય.

અને જે ક્ષણે મને આ જ્ઞાન થયું, ત્યારથી અહંકાર ચાલ્યો ગયો, બધું ચાલ્યું ગયું. દૃષ્ટિ જ બદલાઈ ગઈ. કર્તાપદ, ભાવબંધ તૂટી ગયો. જ્ઞાતાભાવ ઉત્પન્ન થયો, જ્ઞાયક સ્વભાવ ઉત્પન્ન થયો. પછી એ સ્વભાવ બદલાયો નથી, જ્ઞાયક સ્વભાવ. અને કર્તાભાવ ઉત્પન્ન થયો જ નથી. પછી નિરંતર પરમાનંદમાં, નિરંતર મુક્તભાવમાં જ રહું છું ! હવે ભગવાન જાતે અહીં આવીને કહેશે, કે હેંડો, મોક્ષમાં ઉતાવળ કરો, તો હું કહું, કે સાહેબ, શાના માટે ઉતાવળ કરો છો ? જે હું પામ્યો છું, એ અહીં લોકોને પામવા દો ને !

**મહાત્માઓ :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** ઘણા કાળે આ દીવાદાંડી પ્રગટ થઈ છે. આ તો વર્લ્ડની ઓબ્ઝર્વેટરી છે.

## હતા સંપૂર્ણ અજ્ઞાની, જ્ઞાન થતા સુધી

**પ્રશ્નકર્તા :** દાદા, તમારી વાતો સાંભળી છે એ ઉપરથી લાગે છે કે જ્ઞાન તો તમને હતું જ પહેલાથી, તો સુરત સ્ટેશને જે ફેરફાર થયો તે કયો થયો ?

**દાદાશ્રી :** જ્ઞાન હતું જ નહીં, ભયંકર અજ્ઞાન હતું. જ્ઞાન તો તેનું નામ કહેવાય કે ગાંડપણ જતું રહે. એટલે તે દહાડે આખોય ફેરફાર થઈ ગયો મહીં. નહીં તો ઉપાધિ-ચિંતા બધુંય, વગર કામની ચિંતા ! લોકો આજુબાજુ પૂછવા જાય તો કહેશે, ઘણા સુખી માણસ છે, અને આ ચિંતામાં જ હોય તે. ક્યાંથી લાવ્યા એ ચિંતા ? એટલે બધું અજ્ઞાન હતું. પણ અમને અજ્ઞાન થયેલું ખરું. અજ્ઞાન થયેલા માણસો હિન્દુસ્તાનમાં ઓછા હોય. આ બીજા બધા તો અર્ધદગ્ધ, જ્ઞાનેય થયું નથી ને અજ્ઞાનેય થયું નથી.

એટલે એક મહારાજ હતા ને, તે મને કહે છે, ‘દાદા, અમે તો અજ્ઞાની અને તમે જ્ઞાની.’ મેં કહ્યું, ‘તમને કોણે અજ્ઞાની કહ્યા ? કોણે તમને એ સર્ટિફિકેટ આપ્યું ?’ ત્યારે કહે, ‘અમે અજ્ઞાની જ છીએ ને !’ મેં કહ્યું, ‘ના, ના, અજ્ઞાન થવું એ તો મોટું સર્ટિફિકેટ છે.’ ત્યારે કહે, ‘અજ્ઞાનમાં સર્ટિફિકેટ ?’ મેં કહ્યું, ‘હા, અજ્ઞાન થાય એ તો બહુ મોટો... જ્ઞાની થવાની તૈયારી કહેવાય. આ તો નથી જ્ઞાનમાં, નથી અજ્ઞાનમાં, અર્ધદગ્ધ છો. અજ્ઞાન એ તો મોટામાં મોટું જ્ઞાન છે. તમારે ભાગ ક્યાંથી આવ્યું ? તમે તો જ્ઞાનમાંય ના રહ્યા ને અજ્ઞાનમાંય ના રહ્યા ને અર્ધદગ્ધ થઈ ગયા.’ અજ્ઞાનમાં રહ્યા હોત તો એમને ખબર પડત કે પેલું જ્ઞાન. આ કિનારે અજ્ઞાન છે, તો પેલે કિનારે જ્ઞાન છે. જ્ઞાનમાં રહ્યા હોત, તો પોતે જ્ઞાનમાં છે ને આ બીજું બધું સામે કિનારે અજ્ઞાન છે. પણ અર્ધદગ્ધ થયા, એની શી સ્થિતિ ?

કેમ બોલતા નથી ? અર્ધદગ્ધ સમજ્યા તમે ? હું તમને સમજણ પાડું. દસ ફૂટ લાંબું લાકડું છે, એમાં ચાર ફૂટ બળી ગયું છે તે કોયલો

થઈ ગયો છે. અડધું-પડધું બળેલું છે. અને ચાર-પાંચ ફૂટ છે તે આખુંય એમ ને એમ છે. હવે આપણે વેચવું છે આને. કંઈક જવું છે બહારગામ, એને વેચવું છે. તો કોયલાવાળાને કહીએ કે ભઈ, 'આ તું લઈ લે ને !' ત્યારે કહે, 'ના બા, મારે એને શું કરવું આ લાકડાને ? મારે તો કોયલા હોય તો લઈ લઉં.' લાકડાવાળાને કહીએ, કે 'ભઈ, તું લઈ લે.' ત્યારે કહે, 'ના, આ કોયલાવાળું મારે શું કરવું છે ?' એટલે અર્ધદગ્ધને કોઈ લે નહીં. કોયલાવાળોય લે નહીં અને લાકડાવાળોય લે નહીં, એનું નામ અર્ધદગ્ધ. ચોખ્ખું લખે છે ને અર્ધદગ્ધ. એના ઉપરથી સમજાયું ને તમને, કે આ દગ્ધ કયો ? આ બાજુનો ભાગ દગ્ધ અને આ દગ્ધરહિત. તમને સમજાયો ને અર્ધદગ્ધનો અર્થ ? આ આમ પંડિતાઈનો અર્થ કરે એ તો અમને ના આવડે પણ આ તો અમારા સાચા અર્થ તો આવડે ને, અનુભવના અર્થ તો !

હવે પુસ્તકમાં મેં તો વાંચેલું 'અર્ધદગ્ધ' શબ્દ, પણ એનો મેં અર્થ કરેલો, કે અર્ધદગ્ધ એટલે શું ? કો'ક પૂછે તો હું કહું, આટલું બળેલું અને આટલું આખું. એટલે મૂઓ સમજી જાય !

**પ્રશ્નકર્તા :** તો અજ્ઞાની એક્ઝેક્ટ કેવો હોય ?

**દાદાશ્રી :** અજ્ઞાની પોતાનું બધું જ જાણે. અથથી ઈતિ સુધી, ઠેઠ સુધીનું. હુંય જ્ઞાન નહોતું ત્યારે સંપૂર્ણ અજ્ઞાની હતો. જેવો તેવો અજ્ઞાની નહીં, સંપૂર્ણ.

**પ્રશ્નકર્તા :** સંપૂર્ણ અજ્ઞાની !

**દાદાશ્રી :** હા, એકેએક દોષ નાનપણમાંથી ઠેઠ જ્ઞાન થયું ત્યાં સુધી જાણતો'તો, ત્યારે જ્ઞાન પ્રગટ થાય.

## નિરાવરણ થતા થતા તે એકાદ ડિગ્રી જ રહી જાય વખતે

**પ્રશ્નકર્તા :** તમને જ્ઞાન થયા પછી એવા કંઈ પ્રસંગો કે દાખલાઓ બન્યા કે જેથી કરીને અમે જાણી શકીએ, કે આપના છે તો જીવનમાં અનુભૂતિથી આ એક ધરખમ ફેરફાર થઈ ગયો. તમે જે હતા ૧૯૫૮માં...

**દાદાશ્રી :** એ મહીં ખાસ તો ક્રમે ક્રમે ફેરફાર થતો આવ્યો. જેમ આ ઉંમર ક્રમે ક્રમે વધતી ગઈ, એવી રીતે પેલો ફેરફાર છે તે થતો આવ્યો.

**પ્રશ્નકર્તા :** ધીમે ધીમે થયો કે એકદમ અચાનક થયો ?

**દાદાશ્રી :** એ ધીમે ધીમે, ગ્રેજ્યુઅલી. જેમ ધીમે ધીમે આયુષ્ય હોય છે ને, એવી રીતે પેલુંય ધીમે ધીમે ધીમે ફેરફાર થયા જ કરે છે.

**પ્રશ્નકર્તા :** તમારી પૂર્વ સમજ અને ઉત્તર (અત્યારની) સમજમાં બહુ મોટો ફેરફાર તમે નોંધ્યો છે ?

**દાદાશ્રી :** હા, ખરું, ખરું ને !

**પ્રશ્નકર્તા :** શું ?

**દાદાશ્રી :** એ ૧૯૫૮થી પંદર વર્ષ ઉપર હું જે બોલતો'તો ને, એ બોલી, એમાં જે અર્થ સમાયેલો હતો એના કરતાં આજે બહુ ગૂઢાર્થ હોય છે વાણીમાં. એટલે આવરણ તૂટતું ચાલ્યું દહાડે દહાડે. નિરાવરણ થતું ગયું. તે હજુ ક્યાં સુધી નિરાવરણ થાય તે કહેવાય નહીં. હજુ ચાર ડિગ્રી છે, તે એમાં એકાદ ડિગ્રી જ રહી જાય વખતે.

## મહીં મોક્ષ રહે છે, પછી હવે શું ખોળવાનું ?

સુરત સ્ટેશને મેં અજાયબ જોયું'તું. એ વસ્તુ જો પામે ને લોક, તો કલ્યાણ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એ સ્ટેજ ફરી તમારી આવે કે ના આવે ? સુરત સ્ટેશનના જેવી સ્ટેજ ફરી આવે ?

**દાદાશ્રી :** મારે જોઈને શું કામ છે ? મેં જોઈ લીધું, જાણી લીધું, પછી હવે શું છે ? આ ભાઈને ઘેર ઊતર્યા, આપણે જોઈ લીધું, જાણી લીધું બધા રૂમ વિશે, પછી હવે ફરી આવો કે ના આવો, પણ એક ફેરો જોઈને જાણી લીધું. આપણે મહીં અંદર મોક્ષ રહે છે, પછી હવે શું ખોળવાનું ?

## આધિ-વ્યાધિ-ઉપાધિમાંય રહે સમાધિ

મને આ જ્ઞાન પ્રાપ્ત થયું એને સત્યાવીસ વર્ષ થયા. ત્યાર પછી મેં અહંકાર જોયો જ નથી, ક્રોધ-માન-માયા-લોભ જોયા જ નથી. પછી હું નિરંતર સમાધિમાં જ રહું છું. બેસતા, ઊઠતા, હેંડતા, ફરતા, અત્યારે પણ હું સમાધિમાં જ છું. મને અત્યારે જેલમાં લઈ જાય તો મને સમાધિ જ રહે. અને તે પાછી સમાધિમાં સમાધિ નહીં, આધિ-વ્યાધિ અને ઉપાધિની અંદર સમાધિ રહે છે. ઈન્કમટૅક્સના કાગળેય આવડા આવડા મોટા આવે, બધું આવે, દંડ થાય, એની મહીં પણ સમાધિ રહે છે.

## પહેલા ટેન્શનેય જોયેલા ને હવે થયા ટેન્શનરહિત

એટલે હું સત્યાવીસ વર્ષથી એક જ સ્થિતિમાં રહું છું. કોઈ પણ પરિસ્થિતિ મને મૂંઝવતી નથી. અને મારી પાસે જે બધા આવે, તેને એ સ્થિતિ કરી આપું, એ મારો ધંધો. બિઝનેસ શું ? તો આ. વિધાઉટ ઑની ઈન્કમટૅક્સ, વિધાઉટ ઑની સેલ્સટૅક્સ. ચિંતા થાય તો મારી પર બે લાખનો દાવો માંડજો એવી શરત કરું, એક ચિંતા થાય તો. આવી શરત સાથે હોય તો સારું ને !

મને સત્યાવીસ વર્ષથી કોયડો ઊભો થતો નથી અને ટેન્શન સત્યાવીસ વર્ષથી મેં જોયું નથી. તો જીવવાનુંય ગમે, બળ્યું. નહીં તો ટેન્શન, ટેન્શન, ટેન્શન ! અને પછી દાક્તર પાછા અહીં હાથે દોરડું બાંધે છે. અલ્યા મૂઆ, શું કામ તું બાંધે છે ? ત્યારે કહે, તમારું બ્લડ પ્રેશર માપીએ. મેં કહ્યું, મારું કંઈ (ક્યાં) માપે છે, તું તારું જો ! મારે શાનું પ્રેશર ! ટેન્શન થતું નથી તેને પ્રેશર શેનું તે ? મૂઆ, તને ટેન્શન છે. તું તારું માપ. અહીં દોરડું બાંધતો'તો, આવ્યો'તો એક, કે દાદા, મને ચેક-અપ કરવા દો. મેં કહ્યું, અલ્યા, મારું શાનું ચેક-અપ ? મારે તો સિત્યોતેર વર્ષના પ્રમાણમાં સારું છે. શરીર તો પછી ઘસાય નહીં ? ઉંમર થાય એમ ઘસારો થતો જાય કે ના થતો જાય ? પણ તોય સિત્યોતેરના હિસાબમાં કંઈ ખરાબ છે ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** તમને કેમ લાગે છે ? અને એ દોરડું બાંધવા માંડ્યો, મૂઓ ! 'નથી આ કરવું આપણે, કાઢી નાખ.' એના મોઢા પર ટેન્શન પાર વગરનું હતું. ત્યારે મને કહે છે, 'દાદા, તમે ટેન્શન જોયેલું છે ?' મેં કહ્યું, 'સત્યાવીસ વર્ષથી નથી જોયું, આ છે તે બે દહાડાથી નહીં. નો ટેન્શન સિન્સ ટ્વેન્ટી-સેવન યર્સ.' અને પહેલા ટેન્શનેય જોયેલા બધા બહુ. તે ટેન્શનમાં શું મજા આવે તેય જાણું. અને ટેન્શનરહિતની મજાય શું આવે તેય જાણું. નો ટેન્શન. તે વર્લ્ડની અજાયબી છે ! અદ્‌ભુતતા છે એ ! ટેન્શન વગરનો માણસ ના હોઈ શકે. વખતે અડધો કલાક ટેન્શનરહિત થાય, નહીં તો ટેન્શન હોય જ ! આ તો સિન્સ ટ્વેન્ટી-સેવન યર્સ, નો ટેન્શન !

## અખંડ સમાધિ, નિરંતર રહે મોક્ષમાં જ

આ સત્યાવીસ વર્ષથી એક ક્ષણ વાર હું મોક્ષની બહાર રહ્યો નથી. આ વર્લ્ડની મોટામાં મોટી અજાયબી કહું છું. બન્યું હશે ખરું પહેલા, પણ આ કાળમાં તો છેવટે બે હજાર વરસથી નથી બન્યું આ. ક્ષણે ક્ષણે મોક્ષ ! બીજા લોકોને અમુક ભાગમાં વર્તેલો, પણ આ તો ક્ષણે ક્ષણે મોક્ષ !

અમે તો મોક્ષમાં જ રહીએ છીએ. તમે જ્યારથી અમને ઓળખ્યા, સાત વર્ષથી ઓળખ્યા, ત્યારથી મોક્ષમાં જ દેખાય છે ને ?

**પ્રશ્નકર્તા :** નિરંતર.

**દાદાશ્રી :** હા, નિરંતર મોક્ષમાં રહે છે. પછી હવે સંસારમાં, મુંબઈ શહેરમાં રહીને મોક્ષ ! કૃપાળુદેવે તો સાધુઓને કહેલું, તેઓ અહીં આવવાનું કહેતા'તા ને, પ્રભુશ્રી ને એ બધા, ત્યારે કૃપાળુદેવે કહ્યું, 'ના, આ શહેરમાં અહીં આવશો નહીં. મોહમયી નગરી છે, મોહ ચોંટી પડશે.'

**પ્રશ્નકર્તા :** જી, બરોબર છે, હા.

**દાદાશ્રી :** અને તે મોહમયી નગરીમાં દાદા જુઓ ને, મોક્ષમાં રહે છે ! અને એમના મોક્ષના દર્શન કરવાથીય મોક્ષ થાય છે.

આ બેને સવારે વિધિ કરી ને, તે એમ ને એમ જ સમાધિ થઈ ગઈ તરત. ત્યારે એ જ્ઞાની પુરુષ કેટલા સમાધિવાળા હશે, કે જેની સમાધિ બીજાને ચઢી જાય છે ? ત્યારે એ કેવી સમાધિ હશે તે ! અખંડ સમાધિ ! દેહના એક ક્ષણ પણ માલિક થતા નથી, એવી સમાધિ ! વાણીના માલિક નહીં, દેહના માલિક નહીં. કેવી અજાયબી ! આવું સાંભળવામાં ના આવ્યું હોય, આવા જ્ઞાની જ મળ્યા ના હોય, દસ લાખ વર્ષોમાં.

❖❖❖❖❖

# [૨]
# કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા કળિયુગના કેવળી

## થયું કેવળજ્ઞાન, પણ પચ્યું નહીં

**પ્રશ્નકર્તા :** આપને જે જ્ઞાન થયું સુરત સ્ટેશને, એ જ કેવળજ્ઞાન કહેવાય ? એને જ બ્રાહ્મી સ્થિતિ કહેવાય ?

**દાદાશ્રી :** બ્રાહ્મી સ્થિતિ ના કહેવાય, એ કેવળજ્ઞાન કહેવાય. કેવળજ્ઞાન પણ પચ્યું નહીં એ જ્ઞાન. પચ્યું નહીં એટલે અનુભવમાં ના આવ્યું. પ્રતીતિ બેઠી. એટલે હું બધાને કહું છું, કેવળજ્ઞાન મને પચ્યું નહીં. અને આ બધાનેય કહું છું, કે તમને આપું છું કેવળજ્ઞાન પણ પચશે નહીં તમને.

'કેવળજ્ઞાન' એ જ્ઞાન પૂરેપૂરું છે પણ પચ્યું નથી એટલે વર્તનમાં નથી આવ્યું. વર્તનમાં આવ્યું ક્યારે કહેવાય ? આ હું અમથો અમથો ડખો ના કરું, તમારી જોડે બધી ખટપટ ના કરું કે 'આવો તમને મોક્ષ આપીએ, જ્ઞાન આપીએ', એવી ખટપટ ના કરું. આ ખટપટિયું જ્ઞાન કહેવાય. એટલે એટલી ઈચ્છા રહી ગઈ, કે લોકોનું કલ્યાણ કરું. અને ઈચ્છા માટે અહીં અમેરિકા સુધી આવવું પડ્યું ને !

અમને કેવળજ્ઞાન થઈ ગયું. ફક્ત આ કાળની વિચિત્રતાને લઈને પચ્યું નહીં, એટલે ચાર ડિગ્રી ઓછી રહી. ત્રણસો સાંઈઠ (૩૬૦) જોઈએ, તેને બદલે ત્રણસો છપ્પન (૩૫૬) આવીને ઊભી રહી.

આ કાળમાં 'કેવળ' ના થાય. થતું હોત તો મને જ પહેલું ઈનામ મળત એ. મારા જેટલી જાગૃતિ ત્રણસો છપ્પન ડિગ્રી સુધીની કોઈને આ કાળમાં આવે તેમ નથી.

## માટે રહ્યું કેવળદર્શન

એટલે કેવળજ્ઞાન અમને છે નહીં, કેવળદર્શન છે. અમારી સમજમાં આવી ગયેલું છે, આ જગત શું છે, કેવી રીતે ચાલે છે, કોણ ચલાવે છે, આ એક્ઝેક્ટનેસ શું છે, એ આખું વર્લ્ડ દેખાયું મને. આખું વર્લ્ડ મારી સમજમાં આવી ગયું. દેખાયું એટલે સમજમાં આવ્યું, જ્ઞાનમાં નથી આવ્યું. જ્ઞાનમાં આવ્યું હોત તો કેવળજ્ઞાન કહેવાત, પણ આ સમજમાં આવ્યું છે, બધાનું ભાન થઈ ગયું ને સમજ આવી ગઈ, કે કેવળજ્ઞાન શું હોવું ઘટે ! એટલે ભગવાનના પિસ્તાલીસ આગમનો બધો સામાન મારી પાસે છે.

અમને કેવળદર્શન ઉત્પન્ન થયું, કેવળજ્ઞાન હાથમાં આવેલું છટકી ગયું. આ કાળના હિસાબે પચ્યું નહીં, પાચન ન થયું. કારણ કે એક તો સંસારી અવસ્થા.

## એ જાણ્યું પ્રજ્ઞાએ

**પ્રશ્નકર્તા :** પણ એકલું જે કેવળદર્શન રહ્યું, એ જાણ્યું તો કેવળજ્ઞાને ને ? કે મને કેવળદર્શન થયું એકલું. કોણે જાણ્યું ?

**દાદાશ્રી :** ના, કેવળજ્ઞાન થયા પછી પ્રજ્ઞા છૂટી પડી, પ્રજ્ઞા.

**પ્રશ્નકર્તા :** છૂટી પડી ?

**દાદાશ્રી :** હા. કેવળજ્ઞાન હોય તો પ્રજ્ઞા એકાકાર રહે. હવે કેવળજ્ઞાન પૂરું ના રહ્યું એટલે પ્રજ્ઞા છૂટી પડી. એટલે કેવળદર્શન અને પ્રજ્ઞા, આ બે ભેગા થાય, ત્યારે કેવળજ્ઞાન થાય. તે આ પ્રજ્ઞા છે, એ પ્રજ્ઞા કામ કરી રહી છે અત્યારે.

કેવળજ્ઞાન એટલે બધા જ્ઞેયો ઝળકવા. અમને બધા જ્ઞેયો ઝળક્યા નથી પણ ઘણાંખરાં જ્ઞેયો ઝળક્યા છે. તેથી તો અમારી વાણીમાં તમને

નવું નવું સાંભળવાનું મળે કે નવા નવા ઊંડા ઊંડા પૉઈન્ટો ને બધી નવી નવી વાતો ને શાસ્ત્રની બહારની જ બધી વાતો, એ શાથી કહીએ ? કેવળજ્ઞાનના આ બધા પર્યાય છે. પણ સંપૂર્ણ સ્વરૂપે ઝળક્યું નથી, ચાર ડિગ્રી ઓછું રહ્યું. અપચો થયો, અજીર્ણ થયું.

## કેવળજ્ઞાનમાં થયા નાપાસ

મહાવીરે જે આત્મા જોયો'તો, જે કેવળજ્ઞાન જોયું'તું, તે કેવળજ્ઞાન જ અમે જોયેલું છે ! મહાવીર ભગવાન કેવળજ્ઞાન જાણતા'તા અને લોકોને કેવળજ્ઞાન જ ઉપદેશ આપતા'તા ! અમે કેવળજ્ઞાન જાણતા નથી, પણ સમજીએ છીએ ખરા ! પણ આત્મા તો તે જ, કેવળ. એમણે જે જોયો, એવો જ અમે જોયો. ઍબ્સૉલ્યૂટ ! એ મોટું આશ્ચર્ય કહેવાય આ કાળનું ! બની શકે નહીં ! કારણ કે જેને આ સ્થિતિ થાય ને, તે કાળના આધારે તે ઘડીએ મોક્ષમાં ચાલ્યા જતા'તા. એટલે કહેવા-કરવાય રહે નહીં. આ કાળના આધારે જ ફસાયા છે. આ લોકોનું કંઈક હશે પુણ્ય, તેથી આ બધું ભેગું થઈ ગયું છે અને ઘણા લોકોનું કામ થઈ જશે.

આ તો કેટલાક લોકોનું પુણ્ય કંઈ જાગ્યું હશે, તેથી અમે નાપાસ થયા. અમે કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા છીએ. એટલે લોક મને 'કળિયુગનો કેવળી' કહે છે. કળિયુગમાં કેવળી હોય અત્યારે કંઈ ? કળિયુગનો કેવળી એટલે એ તો એવું જ, નાપાસ થયેલા.

અમે ફક્ત કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા છીએ. નાપાસ શેમાં ? કેવળજ્ઞાન એકલામાં નાપાસ થયેલા છીએ, બીજી બધી રીતે પાસ થયેલા છીએ.

**પ્રશ્નકર્તા :** ત્યારે તો અમને આત્મજ્ઞાનમાં પાસ કરી આપો છો ને !

**દાદાશ્રી :** એટલે લોકો કહે છે કે તમે નાપાસ થયા તે બહુ સારું થયું.

**પ્રશ્નકર્તા :** અમારે હિસાબે તો બહુ સારું થયું.

**દાદાશ્રી :** કેવળજ્ઞાનની પરીક્ષામાં નાપાસ થયા, તેથી તો આ તમારે ભાગે આવ્યા. નહીં તો ક્યાંથી ભાગે આવે ? પાસ થયા હોત તો ચાલ્યા ગયા હોત. પાસ થયેલા આ જગતની મૂળ હકીકત કહેવા રહ્યા નથી. અમુક કહી શાસ્ત્રમાં ભગવાને, પણ મૂળ જે કેટલીક હકીકતો, કે કયા સંજોગોમાં શું શું કરવું, તે ઘણીખરી બાબતો એમાં આપેલી ના હોય. એટલે અમે છે તે નાપાસ થયેલા, તે કહેવા રહ્યા છીએ બધું.

**પ્રશ્નકર્તા :** દાદા, આપ નાપાસ થયા, તો આપનું પેપર કોણે તપાસેલું ?

**દાદાશ્રી :** એ દાદા ભગવાન નાપાસ કરનારા, અને એ.એમ. પટેલ... એ જ્ઞાની પુરુષ નાપાસ થનારા.

## કહું છું આ અનુભવની દૃષ્ટિથી

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું, કે કેવળદર્શન છે પણ કેવળજ્ઞાન નથી, પણ શાસ્ત્રોમાં એમ છે કે એ બન્ને યુગપદ્ છે, એટલે કે કેવળદર્શન અને કેવળજ્ઞાન સાથે જ થાય (કેવળજ્ઞાની - તીર્થંકરોને). એમાં કંઈ એક થાય ને એક ન થાય એવું ન બને.

**દાદાશ્રી :** હા, યુગપદ્ છે, એ બરોબર છે, પણ (છદ્મસ્થને - શ્રુતકેવળીને) પહેલું કેવળદર્શન થાય અને પછી કેવળજ્ઞાન થાય. તે જેટલા અંશે કેવળદર્શન થયું હોય ને, એટલા અંશે કેવળજ્ઞાન થયેલું હોય. પણ તે જેમ જેમ આગળ જતું જાય કેવળદર્શન, તેમ તેમ એ (કેવળજ્ઞાન) આગળ વધતું જાય.

**પ્રશ્નકર્તા :** હા, પણ એ પહેલું ને છેલ્લું હોય જ નહીં. બન્ને સાઈમલ્ટેનિઅસ (સાથે) જ હોય.

**દાદાશ્રી :** એ તમારી દૃષ્ટિની વાત છે, અમારી દૃષ્ટિ નથી આ.

**પ્રશ્નકર્તા :** આ શાસ્ત્રની વાત છે.

**દાદાશ્રી :** તમારું શાસ્ત્ર વાંચ્યું હોય એ બરોબર છે. એ બધું તમારી

દૃષ્ટિએ બરોબર છે. બાકી અમારી દૃષ્ટિ આ પ્રમાણે છે. હું તો મારી અનુભવની દૃષ્ટિથી કહું છું. આપને ઠીક લાગે તો લેજો, ના ઠીક લાગે તો મારું પાછું આપજો.

**પ્રશ્નકર્તા :** એ તો જે લખ્યું છે શાસ્ત્રોમાં, એ વાત કરું છું.

**દાદાશ્રી :** એવું છે ને, શાસ્ત્ર અને અનુભવ, બે જુદી વસ્તુ છે. કારણ કે આત્મા શબ્દમાં કોઈ દહાડો ઊતરી શકે એમ છે જ નહીં. ચાર વેદ વાંચી રહે ને, ત્યારે વેદ પોતે કહે છે, 'ધીસ ઈઝ નૉટ ધેટ, ધીસ ઈઝ નૉટ ધેટ, ધીસ ઈઝ નૉટ ધેટ.' એટલે જ્ઞાની સિવાય કોઈ આત્મા જાણી શકે નહીં. એ અનુભવગમ્ય વસ્તુ છે. કેવળદર્શન અને કેવળજ્ઞાન એ અનુભવગમ્ય વસ્તુ છે. એટલે એમાં બહુ અતિશય ઊંડા ના ઊતરવું. એ શેના માટે મારે કહેવું પડે છે, મારે કંઈ નામ કાઢવા માટે 'કેવળદર્શન છે' એવું નથી કહેતો. મારું નામ કાઢવું જ નથી મારે તો, હું તો અનામી થઈને બેઠો છું. પણ ફક્ત તમારે જેટલું પૂછવું હોય એટલું પૂછવા માટે સરળ થઈ પડે, એટલા માટે તમને કહું છું, કે આ દુકાનમાં આટલો બધો માલ ભરેલો છે. તમને જેટલો માલ ખરીદવો હોય એટલો ખરીદો, અને વગર પૈસાનો છે માલ !

## કહ્યું 'જેમ છે તેમ'

**પ્રશ્નકર્તા :** દાદાજી, આપે 'ત્રણસો છપ્પને નાપાસ થયો' એમ કહ્યું, તો ચાર ડિગ્રી જ કેમ કહ્યું ? ત્રણ કે પાંચ એમ કેમ ના કહ્યું ?

**દાદાશ્રી :** જેટલી હોય એટલી જ કહેવી પડે ને ! કોઈ કહેશે, ભઈ, મારે ઓગણત્રીસ માર્ક છે, તો પાસ થવામાં ચાર ખૂટ્યા. એવી રીતે મારેય ચાર ડિગ્રી ખૂટે છે, તે જ હું કહું ને ! પાંચ કહીને મને કોઈ ઈનામ આપવાનું નથી કે ત્રણ કહીને કોઈ લઈ જવાનું નથી. આ તો મારી ને મારી વાત કરવાની છે. કોઈ ઈનામ-બિનામ કશું આપવાનું છે ? મારે જોઈતું જ નથી ત્યાં આગળ. ઈનામ જોઈતું હોય તેને આપે. જો, નથી માનનું ઈનામ જોઈતું, નથી વિકારી ઈનામ જોઈતું, નથી લક્ષ્મીનું ઈનામ જોઈતું. તો પછી શેનું ઈનામ જોઈએ ?

**પ્રશ્નકર્તા :** અને ખબર પણ આપને જ પડે ને ! બીજાને કહો તોય શું ખબર પડવાની હતી !

**દાદાશ્રી :** શું ખબર પડે ! એ તો એને જાણવા ખાતર આપણે કહીએ, કે ભઈ, અમે આટલે માર્કે નાપાસ થયા છીએ. જગતમાં તો આટલે માર્કે નાપાસ થયા એવું બોલતાય નથી ને, લોકો ?

**પ્રશ્નકર્તા :** ના, કોઈ ક્યાં બોલે છે ? સહુ જ્ઞાની છે, એમ જ બોલે છે.

**દાદાશ્રી :** ના, ના, અરે ! પેલો એન્જિનિયર હતો, તે મેં એને કહ્યું, ''કેટલા માર્ક આવ્યા'તા ?'' તો કહે, 'પાંસઠ ટકા.' મેં કહ્યું, 'પાંત્રીસ ટકે નાપાસ થયેલા ? તમને શી રીતે સંઘરાય ?'

## ચાર અંશ ક્યા ખૂટે છે ?

**પ્રશ્નકર્તા :** કેવળજ્ઞાન પ્રાપ્ત કરવામાં આપને જે ચાર અંશ ખૂટે છે, એ ચાર અંશ કયા ખૂટે છે ?

**દાદાશ્રી :** તે તમને દેખાતા નથી મહીં થોડાંઘણાં ?

**પ્રશ્નકર્તા :** નથી દેખાતા, અમને તો પૂર્ણ દેખાય છે.

**દાદાશ્રી :** જુઓ ને, આ પટિયા પાડ્યા છે ! એ બધું નથી પાડ્યું એમણે ? શેના હારુ પટિયા પાડ્યા ? કોઈ કહેશે, 'પટિયા પાડવા હારુ તેલ ક્યાંથી લાવો છો ? આ વાળ કોની પાસે કપાવો છો ? આ વીંટી કંઈથી લાવ્યા છો ? ચોરીને લાવ્યા છો ?'

આ ટોપી પહેરું કે બંડી પહેરું કે આ વીંટી પહેરું કે માથામાં તેલ નાખું, તેથી કંઈ લોકોને દુ:ખ નથી થતું ને ? કોઈને નુકસાન તો કરતા નથી ને ? પણ તોય આ બધા દોષ કહેવાય.

**પ્રશ્નકર્તા :** નહીં, એટલે એ ચાર ડિગ્રીમાં બીજું શું શું આવ્યું ?

**દાદાશ્રી :** ના, આ દેખીતું. બીજા ખાસ જોતા તો કેવળજ્ઞાનને રોકે

એવા દોષ છે, લોકોને નુકસાન કરે એવા નહીં. અમનેય દહાડામાં સો-સો ભૂલો થાય છે હજુય. પણ જે ભૂલ તમને કોઈને દેખાય નહીં એવી, કેવળજ્ઞાનને રોકે એવી.

જે (જ્ઞાનની) અહીં જગતના લોકોને જરૂરિયાત હોય એ બાકી નથી. એ તો કોઈ જીવને લાગતું-વળગતું નથી. એ બીજું અમને જે દેખાતું નથી, તે આવરણ છેલ્લું આવરણ છે. તે એ તૂટે એટલે બધું જ દેખાય, તો કેવળજ્ઞાન કહેવાય.

## ના હોય સ્થૂળ કે સૂક્ષ્મ દોષ

અમારામાં કયા દોષો હોય જ્ઞાની પુરુષનામાં ? ત્યારે કહે, સ્થૂળ દોષો એકુંય ના હોય. સ્થૂળ એટલે અહીં માણસ બધા સમજી જાય. બુદ્ધિ વાપર્યા વગર ઈન્દ્રિયોથી સમજી જાય, કે એમનો દોષ છે. પછી સૂક્ષ્મ દોષ ના હોય. સૂક્ષ્મ દોષ એટલે બુદ્ધિપૂર્વક. આમાંથી બધાને ના સમજણ પડે. કોઈ બુદ્ધિશાળી હોય ને, તેને સમજાઈ જાય કે આ મેં ભૂલ કરી.

સૂક્ષ્મ દોષ કેવો કહેવાય, કે પચ્ચીસ હજાર માણસ મારી જોડે રહ્યું હોય, પણ સૂક્ષ્મ દોષ હું પોતે સમજી જઉં કે આ મારો સૂક્ષ્મ દોષ થયો. પણ આમાંથી પાંચ જણ નીકળે પચ્ચીસ હજારમાંથી, કે દાદાનો સૂક્ષ્મ દોષ થયો છે. આ બધામાંથી પાંચેક માણસ, વધારે ના જોઈ શકે. એને અમે સૂક્ષ્મ દોષ કહીએ છીએ. બુદ્ધિથી, બહુ બુદ્ધિ વાપરવાથી દોષ દેખાય જ્ઞાની પુરુષનો. બુદ્ધિથી જ ખાલી, જ્ઞાનથી નહીં. એ સૂક્ષ્મ દોષ કહેવાય. એ સૂક્ષ્મ દોષ ને સ્થૂળ દોષ અમારામાં ના હોય. એટલે મનુષ્યો જોઈ શકે નહીં અમારામાં. આ નીરુબેન સેકન્ડે સેકન્ડ મારી જોડે રહે છે, નથી રહેતા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** પણ પૂછી જુઓ, 'દાદામાં કંઈ એક વાળ જેટલોય દોષ જોયો છે ?' અને લોક મને કહે છે, 'પંદર દહાડા તમારી જોડે રહીએ તો...' મેં કહ્યું, 'તને શું તપાસતા આવડે છે ? તું શું તપાસવાનો છે ? એક વાળ જેટલો દોષ ખોળી કાઢે તો કરોડ રૂપિયા ઈનામ આપું.'

## રહ્યા સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષો

પણ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષો અમારામાંયે રહેલા હોય. જગતને, કોઈ જીવને નુકસાનકર્તા ના હોય. કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના દે એવા અમારા દોષો હોય. જે અમને બાધક હોય.

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** અમારા કેવળજ્ઞાનને રોકે એ, એ પ્રકાશને. એ અમારે સમતાએ કરીને કાઢવાનું છે. દોષ તો ખરા જ.

## એ દોષો દેખાય અમને જ્ઞાનથી ને દેવોને અવધિજ્ઞાનથી

સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ભૂલો એ જ્ઞાને કરીને જ દેખાય. સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષો મનુષ્યોને ના દેખાય. દેવોને અવધિજ્ઞાનથી જુએ તો જ દેખાય. દેવલોકો અવધિજ્ઞાનથી જોઈ શકે. પણ તેય અમારા સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ દોષો તો અમનેય દેખાય છે બધા. એ દેખાય છે, પણ જતા નથી. કારણ કે કાળની વિચિત્રતા છે. અને તે કોઈ જીવમાત્રને હરકતકર્તા નથી એ દોષો. જીવમાત્રને હરકતકર્તા કયા ? સૂક્ષ્મ ને સ્થૂળ. જીવમાત્રને હરકતકર્તા દોષ ના હોય ને, એટલે બહુ થઈ ગયું. તેને અમે નિર્દોષ કહીએ છીએ.

## નિર્દોષ થયા ને નિર્દોષ જુએ જગતને

અમે નિર્દોષ થયેલા હોય ને નિર્દોષ જોઈએ જગત આખાનેય. સ્થૂળ દૃષ્ટિથી નિર્દોષ અને સૂક્ષ્મ દૃષ્ટિથી પણ નિર્દોષ, અને સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમમાં દોષિત અમે. તે સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ એ કોઈને અડે નહીં, સ્પર્શે નહીં કોઈ જીવમાત્રને. અમને એકલાને જ સ્પર્શે, એટલું આવરણ હોય ખાલી. આગળ જોઈ ના શકીએ એટલા દોષો. અને સૂક્ષ્મ દોષ ના હોય. સૂક્ષ્મ દોષો એટલે બુદ્ધિશાળી લોકો દોષ જો ખોળી કાઢે, એવોય અમારો દોષ હોય નહીં. સ્થૂળ દોષો તો નાના છોકરાંય ખોળી કાઢે, કે 'દાદા તમે આવા છો.'

**પ્રશ્નકર્તા :** તમારી આ ભૂલ છે એમ.

**દાદાશ્રી :** છતાં હોય બાળક જેવા. અમારી ભૂલો તો થવાની, આમ બહારની ભૂલો, બાળક જેવી ભૂલો. બાળક જેમ ભૂલો કરે ને એવી ભૂલો થાય. તેને જગત એવું સમજે ને જ્ઞાની પુરુષ તો બાળક જેવા જ હોય. વર્ષો સિત્યોતેર થયા પણ સ્વભાવ બાળક જેવો હોય અને સરળ હોય.

## કોઈનેય નુકસાન ન કરે એવા દોષ રહ્યા

**પ્રશ્નકર્તા :** હવે દાદા, આપે સ્થૂળ દોષો, સૂક્ષ્મ દોષો, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષો કીધા, તેમાં સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ દોષો કયા ?

**દાદાશ્રી :** સૂક્ષ્મતર દોષો એ છે તે કોઈને નુકસાન કરે એવા ના હોય. પોતાને ક્રોધ-માન-માયા-લોભ રહેતા હોય અને કોઈને નુકસાન ન કરે એવા ક્રોધ-માન-માયા-લોભ હોય, એટલી નબળાઈ હોય. એ કોઈનું નુકસાન ન કરે, પોતાનું નુકસાન કરે, એ સૂક્ષ્મતર દોષો. અને સૂક્ષ્મતમ દોષો તો પોતાનેય નુકસાન ના કરે ને કોઈનેય નુકસાન ના કરે. ફક્ત સૂક્ષ્મતમ દોષોને લઈને એને આગળની દિશા થોડીક અટકી જાય. અમને પોતાને દેખાતું બંધ થઈ જાય, એ દોષોના આધારે. એ દોષો જાય કે પછી દેખાય, ફુલ દેખાય.

સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ એ દોષો અમને રહ્યા છે. એ જગતને બિલકુલ નુકસાનકારક કે નફાકારક હોય નહીં. જગતને સ્પર્શે નહીં એવા દોષ હોય.

## દેહમાં વર્તીએ એ કોઈને નુકસાનકર્તા નહીં, છતાં ભૂલ

**પ્રશ્નકર્તા :** પણ સૂક્ષ્મતમ અને સૂક્ષ્મતર એ ભૂલો જે બીજા જીવને પણ નુકસાન ન કરે, તે કેવી ?

**દાદાશ્રી :** બહુ ઝીણી ભૂલો હોય છે. સહેજે અમે આ દેહમાં વર્તીએ, તેથી કોઈને નુકસાનકર્તા નથી. પણ એ અમારી સૂક્ષ્મતમ ભૂલ કહેવાય. વર્તાય જ નહીં દેહમાં. આ મન-વચન-કાયા તદ્દન જુદા, એનું સ્વામીપણું નહીં બિલકુલેય.

**પ્રશ્નકર્તા :** એટલે ભૂલનું પણ સ્વામીપણું નહીં ?

**દાદાશ્રી :** ભૂલનું સ્વામીપણું નહીં, પણ મુખ્ય વસ્તુ મહીં ભૂલ છે, એટલે એ દેખાય ખરી કે આ ભૂલ છે, અહીં કચાશ છે. હજુ સંપૂર્ણ થવાનું તો, ત્રણસો સાંઈઠ ડિગ્રી થવાને માટે તો વાર છે, ત્યાં સુધી તો ભૂલો મહીં દેખાય સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ. જ્યારે ભૂલ વગરનો થશે ત્યારે કમ્પ્લીટ (સંપૂર્ણ) થશે.

## રોજ બસ્સો-ત્રણસો ભૂલ થતી હશે

અમારે વિધિઓ કરતી વખતેય અમને સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ દોષો થયા કરે ને ! તે અમને ખબર પડે, તરત અમારે એને સાફ કરવા પડે. ચાલે જ નહીં ને ! દેખાય એટલા તો સાફ કરવા જ પડે.

આખો દહાડો આ કાર્યમાં રહું છું, તોય મારે સાંજે બસ્સો-ત્રણસો ભૂલ થતી હશે. બોલો હવે, મારી બસ્સો-ત્રણસો ભૂલો તો મારે ધોવી પડે છે, જેટલી ભૂલ થાય એટલી. કારણ કે મારી ભૂલનું હું નિવારણ ના કરું તો ડાઘ રહી જાય. એટલી પ્યૉરિટી છે કે આ બધી જ ભૂલ દેખાય એવું છે.

## દોષ 'થઈ રહ્યા' કહ્યું કે અધોગતિ નોતરી

**પ્રશ્નકર્તા :** પણ જ્ઞાની પુરુષને તો જાગૃતિ સહજભાવે રહેતી હોય ને ? સહજભાવે જ બધું રહેતું હોય ને ?

**દાદાશ્રી :** અજાગૃતિ વસ્તુ જ ના હોય. એટલે જાગૃતિનું પૂછવાનું જ ના રહ્યું ને ? જ્યાં અજાગૃતિ વસ્તુ નથી ત્યાં જાગૃતિનું પૂછવાનું જ ના રહે ને ?

**પ્રશ્નકર્તા :** પણ તરત ખબર તો પડે ને, કે આ દોષ છે અંદર ?

**દાદાશ્રી :** તરત, તરત, બધાય, ઑન ધી મૉમેન્ટ. ખ્યાલેય આવી જાય, ઉપાયેય થઈ જાય ને બધું થઈ જાય. જેને જગતના લોકો દોષ કહે નહીં. 'આને દોષ કહેવાય જ કેમ કરીને ?' અરે ભઈ, તું ના કહું પણ

મારે તો જે કેવળજ્ઞાન જાણવું છે, એમાં મારે ખૂટે છે ને ! તું તો ના કહું, જગત આખુંય ના કહે, કે આને દોષ ના કહેવાય. પણ હું તો કહેવાનો જ ને ! એટલે દોષ થઈ રહ્યા એવું માનીશ જ નહીં. કોઈ કહે, કે મારા દોષ થઈ રહ્યા, એટલે અધોગતિ નોતરી ઊલટી. એટલે ખલાસ થઈ ગયો, સમજણ જ એની ખલાસ થઈ ગઈ.

**પ્રશ્નકર્તા :** છેક છેલ્લી દશા સુધી એક તો દોષ રહેવાનો.

**દાદાશ્રી :** ઠેઠ સુધી, કેવળજ્ઞાન થતા સુધી મહાવીર ભગવાન પણ દોષિત હતા.

**પ્રશ્નકર્તા :** સંપૂર્ણ કેવળજ્ઞાન થતા સુધી ?

**દાદાશ્રી :** હા, કેવળજ્ઞાન તેથી જ અટકે છે. પણ તેય સૂક્ષ્મતમ દોષ, અને એ દોષ, દોષ ગણાય નહીં. જગતના લોકો એને દોષ કહે નહીં.

## જ્ઞાન પછી દોષને જુદા જોવાથી જતા રહ્યા

**પ્રશ્નકર્તા :** પણ એ નિકાલ તો કરવા જ પડે.

**દાદાશ્રી :** નિકાલેય કશું એમને કરવાનો ના હોય. એ દોષ જોઈ લે કે આ ના હોવું ઘટે. બસ એટલું જ, બીજું કશું નહીં.

**પ્રશ્નકર્તા :** તો દાદા, એ પૂર્વભવનો માલ ખરો કે ? એ દોષ જે હજુ છે અંદર, એ આગલો હિસાબ કે...

**દાદાશ્રી :** ના, આગલો હિસાબ તો બધો બહુ હતો, પણ તે અત્યારે આ પ્રકાશ થયો એટલે બધો ઊડી ગયો.

**પ્રશ્નકર્તા :** આ આટલો દોષ કેમ બાકી રહ્યો અંદર ?

**દાદાશ્રી :** આટલો દોષ તો હિસાબથી જ બાકી રહ્યો ને ! એટલા દોષ નિકાલ થયા નહીં પૂરેપૂરા.

**પ્રશ્નકર્તા :** એટલે હિસાબ જ રહ્યો ને, એક જાતનો ?

**દાદાશ્રી :** હા, એટલો હિસાબ રહ્યો.

હંમેશાં દોષનો નિયમ કેવો છે, કે જે દોષ દેખાયો એ દોષ જાય. એને જયે જ છૂટકો. પોતાને નિષ્પક્ષપાતી રીતે દેખાયો, કે આ દોષ છે, તેથી એને જયે જ છૂટકો છે. અને અમારાય એવી રીતે જ જતા રહેલા. આ '૫૮માં જ્ઞાન થયેલું ને, ત્યારે દોષ તો મહીં અમુક ભરેલા જ હોય ને ? તે દોષો બધા દેખાવા માંડેલા, તે રોજના ત્રણ-ત્રણ હજાર દોષ દેખાતા'તા. એ પછી દેખાઈ દેખાઈને બધા જતા રહેલા.

## મારી ભૂલો દેખાડે, માટે ઓળખ્યા દાદા ભગવાનને જુદા

મારે આ સંસારની ભૂલો સામે જાગૃતિ રહેવાની સંપૂર્ણ, એટલે આ ભૂલો ના થાય મારે. વખતે પૂર્વકર્મના આધારે કંઈ ભૂલ થઈ ગઈ હોય તો તરત ખબર પડી જાય અમને. એટલે ભૂલ રહે નહીં, સ્ટૉકમાં ના હોય. પૂર્વકર્મના આધારેય બહુ ઓછી હોય, કો'ક હોય, જવલ્લે. પણ બીજી જે દુનિયાદારીની, વ્યવહારમાં ચાલુ ભૂલો નથી. જે કેવળજ્ઞાનને આંતરે છે, એ ભૂલો જે દેખાડે છે, એ દાદા ભગવાન છે.

હવે હું જ્ઞાની કેમ ? ત્યારે કહે, મારી બધી ભૂલ મને સંપૂર્ણ દેખાય એટલે હું જ્ઞાની. તમે જ્ઞાની કેમ નહીં ? તમારી ભૂલો કેટલીક રહી જશે ને મારે દેખાડવી પડે. જ્ઞાનીને પોતાની ભૂલ સર્વસ્વ દેખાય. અને જે બાકીની છે, જેને આ જગતમાં વ્યવહારમાં ભૂલ ગણાતી જ નથી, એ ભૂલો જે મને દેખાડે છે, તે દાદા ભગવાનને મેં જોયા, કે ઓહોહોહો ! શું ગજબનું છે આ !

તે અમને એ દાદા ભગવાન ચેતવે છે, કે 'આ ભૂલ થઈ તમારી.' ત્યારે બોલો, દાદા ભગવાન કેવા જબરા હશે ! સો-સો ભૂલો સામે ચેતવે છે મને રોજ.

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, એ કોઈ સંકેતથી ખબર પડે કે તમને દેખાય ?

**દાદાશ્રી :** દેખાય એ, સંકેત નહીં. દેખાય, ભૂલ તરત જ દેખાડે કે આ ભૂલ છે. દેખાડનાર ને જોનાર બન્ને જુદા હોય તે ઘડીએ. એ દેખાડે,

કે આ ભૂલ છે. એટલે પ્રતિક્રમણ કરવું પડે મારે. કોઈ ફેરો પાંચ થાય, કોઈ ફેરો દસ થાય, કોઈ ફેરો સોએય થઈ જાય. હવે એ આમ બજારુ ભૂલ હોતી નથી.

એટલે એ ભૂલ દેખાડે છે માટે આ ચૌદ લોકનો નાથ છે, કે આ આટલી ઊંચી દશામાં હોવા છતાંય તે હજુ ભૂલ દેખાડનાર છે. તો ભૂલ દેખાડનાર કેવો હશે ?

**પ્રશ્નકર્તા :** કેવો હશે !

**દાદાશ્રી :** મારી જે સૂક્ષ્મતમ ભૂલો, જે ભૂલ કેવળજ્ઞાનને રોકનારી, તે મને અહીં બતાવે છે, એટલે માટે એ કેવળજ્ઞાની છે, એવું મારા અનુભવમાં આવી ગયેલા ને એ 'ભગવાન' ! ત્યારથી મેં 'દાદા ભગવાન'ને ઓળખ્યા, એ જુદા છે એવી ખાતરી થઈ ગઈ. કારણ કે ભૂલ મારી ને દેખાડનાર એ, એ જુદા ખરા કે નહીં ?

'દાદા ભગવાન' મહીં પ્રગટ થયા છે, એને હું ઓળખું છું. શી રીતે ઓળખું ? ત્યારે કહે, મને આ દુનિયામાં કોઈ માણસ આગળનો માર્ગ બતાવે એવો છે નહીં. કારણ કે મને બતાવનાર એ ભગવાન હોવો જોઈએ. પૂર્ણ ભગવાન ! તે એટલે અમને તો ખાતરી થઈ ગઈ, આ ત્રણસો સાંઈઠ ડિગ્રીવાળા છે.

**મહાત્માઓ :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** એટલે અમે પછી છોડીએ નહીં. હવે ચૌદ લોકનો નાથ ભેગો થયો, કોણ છોડે ?

## ચોખ્ખા પરમાત્માને ભજે તો લોકોનું કલ્યાણ થાય

આ ભૂલ જે અમને દેખાડે છે, એ જ ચૌદ લોકનો નાથ છે. ત્યારે એ ચૌદ લોકના નાથના દર્શન કરો. લોકો એમ પૂછે, કે એ તો તમારું જ સ્વરૂપ છે ને ? તો હું કહું, કે હા, મારું જ સ્વરૂપ છે, પણ એ સ્વરૂપ આજે થયો નથી હું. હું ત્રણસો ને છપ્પન ઉપર જ છું અને બાહ્ય વેશ મારો એવો જ છે.

**પ્રશ્નકર્તા :** એ તો દાદા તમારી ચાલાકી (હોંશિયારી) છે. કારણ કે એ ચાર ડિગ્રીમાં જે કરવું હોય તે બધું કરી શકો.

**દાદાશ્રી :** ના, ના, બાહ્ય વેશ એવો જ છે. એટલે લોકો એ ચોખ્ખા પરમાત્માને ભજે ને, તો લોકોનું કલ્યાણ થાય. નહીં તો કેવી રીતે થાય તે ? ભેળસેળ કરીએ ને, અંબાલાલ ને બધું ભેળસેળ કરીએ, એમાં શું મજા આવે ? આ તો કલ્યાણ થાય. ચોખ્ખા પરમાત્મા, હું કહું છું, ગૅરેન્ટી સાથે કહું છું, સો ટકાની ગૅરેન્ટી, કે આ પરમાત્મા ચૌદ લોકનો નાથ પ્રગટ થયેલો. દાદા ભગવાનનું નામ અમથાય દેશો તોય કલ્યાણ થઈ જશે ! અને એક્ઝેક્ટ ચૌદ લોકનો નાથ છે, બોલતાની સાથે જ કામ થાય. સર્વ પાપોનો નાશ કરનારો, સર્વ દુઃખ દૂર કરનારો, ગમે તેવો પાપી હોય તેનો અહીં છૂટકો થાય ! કારણ કે ચૌદ લોકનો નાથ છે, પછી વાંધો શો છે ? એય કર્તા નથી, હુંય કર્તા નથી. કર્તા બીજો છે. તે કૃપા છે ફક્ત. એટલે કલ્યાણ થઈ જવાનું આ.

## મારી ત્રણસો છપ્પન ને ભગવાનની ત્રણસો સાંઈઠ ડિગ્રી

હવે અહીં આગળ ત્રણસો ને છપ્પન ડિગ્રી મારી છે ને ત્રણસો ને સાંઈઠ ડિગ્રી ભગવાનની છે. ચાર ડિગ્રી મારે ઓછી છે. પણ મારે કંઈ ખાસ એની પડેલી નથી. મહીં પ્રગટ થઈ ગયા છે, ત્રણસો સાંઈઠવાળા. અને ભગવાનની સાથે જ નિરંતર ચોવીસેય કલાક રહું છું. હવે એ 'ભગવાન' ને 'હું' છૂટા છીએ હજુ, થોડા વખત માટે. દિવસમાં લગભગ ચોવીસ કલાકમાં ચોથો ભાગ છે તે છૂટા રહેતા હોઈશું અને ત્રણ ચતુર્થાંશ ભાગ એક રહેતા હોઈશું. છૂટા રહેવામાં, મારે ને એમને જુદાપણું શા માટે છે ? ત્યારે કહે, મારે ચાર ડિગ્રી ઓછી છે હજુ. પણ એ ભગવાન મને વશ થઈ ગયેલા છે. ભગવાન ખરા, પણ મને વશ થઈ ગયેલા છે. એટલે હું કહું એ પ્રમાણે ભગવાન આશીર્વાદ આપે છે.

**પ્રશ્નકર્તા :** દાદા 'દાદા ભગવાન'ના દર્શન કેવી રીતે કરે ?

**દાદાશ્રી :** અમને તો સહેજે જ દર્શન થયા કરે. અમારે એમાં જ રહેવાનું ને, એટલે દર્શન જ થાય ને ! બહાર રહેવાનું જ નહીં ને !

## નર્કે જવાના ધંધા કરું, એવો કાચી માયાનો હું નથી

લોકો મને કહે છે, 'ભગવાન તમે જ છો, દાદા ભગવાન.' મેં કહ્યું, 'ના, હું નથી. કારણ કે હું એવો કાચી માયાનો નથી, કે હું આવા નર્કે જવાના ધંધા કરું.' ભગવાન થવું એટલે નર્કે જવાનો ધંધો. વિસા (વિઝા) મળી ગયો નર્કે જવાનો.

**પ્રશ્નકર્તા :** ભગવાન થાય એ બધા નર્કે જતા હશે ?

**દાદાશ્રી :** હા, આ કાળના ભગવાન બધા નર્કે. પહેલાના રામ ભગવાન, મહાવીર ભગવાન ને એ બધા નહીં. અત્યારે જે છે આ જીવડાં, તેમાં ત્રણ પૈસાની કિંમતના ના હોય ને ભગવાન થઈને બેઠો હોય, મૂઓ. ભગવાન થઈને બેઠેલા, આ લોકો. મૂર્ખા લોકોને ફસાવી અને પોતે ભગવાન થઈ બેઠેલા. મૂર્ખ, જેના બ્રેઈન ખલાસ થઈ ગયેલા છે, એવા લોકોને ફસાવીને લોકો ભગવાન થઈ બેસે છે.

**પ્રશ્નકર્તા :** પેટનો નિર્વાહ કરવા માટે બધા ઘણા કામો કરવા પડે. અત્યારના ભગવાન એવા છે.

**દાદાશ્રી :** હા, પણ એ તો એમની જવાબદારી પર કરે. આપણે શું વાંધો ? પોતપોતાની જવાબદારી પર કરતા હોય એમાં આપણે શું ? પણ નર્કે જવાની નિશાની. એટલે અમે પોતે 'ના' કહીએ. અમે કહીએ, કે અમે 'જ્ઞાની પુરુષ' છીએ. અને 'દાદા ભગવાન' ચૌદ લોકનો નાથ મહીં પ્રગટ થયેલો છે. જેની જોડે અમે નિરંતર વ્યવહાર કરીએ છીએ, નિરંતર વાતોચીતો કરીએ છીએ. અને અમે 'જ્ઞાની પુરુષ' છીએ, ત્રણસો છપ્પનવાળા.

ત્યારે મને શું કહે છે લોકો, કે 'આ બોલો છો પણ આપ પૂરા (સંપૂર્ણ) છો.' મેં કહ્યું, 'તમે એ બોલવું હોય તો બોલો, બાકી હું જે છે એ બોલીશ.' જેટલું શોભે એટલું હું મારી જાતને બોલીશ. ચાર ટકા ઓછા છે, હું પૂરા નહીં મૂકું. મારે જરૂર શું છે ? મારે કોઈના ભગવાન

થવાની જરૂર નથી. આખા વર્લ્ડના સુખ જેટલું સુખ મને એકલાને ઉત્પન્ન છે અંદર, પરમાનંદ ! કોઈ ક્ષણે એ સુખ ગયું નથી, એ સમાધિ. તો મારે ભગવાન કહેવડાવીને શું કરવું છે ? બહુ દુખિયો હોય તે ભગવાન કહેવડાવવા ફરે.

એટલે આ ચાર અંશ ખૂટતા છે અને સંપૂર્ણ માનીએ એનો અર્થ શું છે ? મીનિંગલેસ (અર્થહીન) વાતો. જે પોતાનું હોય એમ બોલીએ. જ્ઞાની કોઈ દહાડો અવળું-હવળું બોલે નહીં. એમનો શબ્દ એ માપેલો હોય બધો. અને શાસ્ત્રમાં લેવા જેવો હોય.

## ત્યારે હોય પૂર્ણ દશા

અમને જ્ઞાની પુરુષ તો કહેવાય જ, કારણ કે અમને જ્ઞાનમાં કશું કાચું નથી, પણ કેવળજ્ઞાનમાં કાચું છે.

**પ્રશ્નકર્તા :** ચાર ડિગ્રી બાકી છે એ અંબાલાલભાઈને ચાર ડિગ્રી બાકી ને ? દાદા ભગવાન તો અંદર સંપૂર્ણ છે.

**દાદાશ્રી :** હું જ્યારે જ્ઞાની થઉં ત્યારે ચાર ડિગ્રી બાકી અને હું છે તે ભગવાન થઈ જઉં ત્યારે મહીં ભગવાન પૂરા, પૂર્ણ ! એ જે દશામાં હોય તે મુજબ...

**પ્રશ્નકર્તા :** ઉપર-નીચે થયા કરે.

**દાદાશ્રી :** દશા બદલાયા કરે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપ જ્યારે જ્ઞાન આપો છો, ત્યારે દશા કંઈ જુદી હોય છે.

**દાદાશ્રી :** પૂર્ણ દશા, પૂર્ણ !

**પ્રશ્નકર્તા :** હા, એવું લાગે છે.

**દાદાશ્રી :** અને આ બધું વિદાયગીરી આપે ને એવું તેવું હોય, તે ઘડીએ પૂર્ણ દશા હોય. તેથી કહું ને બધાને, કે ત્યારે દર્શન કરવા આવજો.

**પ્રશ્નકર્તા :** ત્યારે ચાર ડિગ્રી બાકી નહીં ?

**દાદાશ્રી :** નહીં, તે વખતે બાકી નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** અને અત્યારેય અમારી છે તે જ્યારે જન્મજયંતી ઊજવે છે, તે દહાડે અમારા દર્શન કરે તે ઘડીએ તે રૂપ હોય. અગર ગુરુપૂર્ણિમાના દહાડે તે રૂપ હોય. અને આડે દહાડે તે રૂપ ના હોય. તે ઘડીએ સંપૂર્ણ ના હોય. આડે દહાડે તો 'આવો-બેસો' કહીએ, અમે ખટપટ કરીએ.

## જે જે માગવું હોય એ માગી લેજો

**પ્રશ્નકર્તા :** આપનામાં 'જ્ઞાની' કોણ અને 'દાદા ભગવાન' કોણ, એ નથી સમજાતું.

**દાદાશ્રી :** જ્ઞાનના વાક્યો જે બોલે છે એમને વ્યવહારમાં 'જ્ઞાની' કહેવાય છે અને મહીં પ્રગટ થયા છે એ વગર તો જ્ઞાનવાક્યો નીકળે નહીં. મહીં પ્રગટ થયા છે એ 'દાદા ભગવાન' છે.

આ દેખાય છે એ અંબાલાલ પટેલ છે, આમાં સવાદ (સ્વાદ) કાઢવાનો નથી. પટેલ તો બુઢ્ઢા થઈ ગયા છે હવે. સિત્યોતેર વર્ષના છે, પણ મહીં 'ભગવાન' છે ને તે ચૌદ લોકનો નાથ છે. મંગાય એટલું માગી લેજો. મુક્તિ માગવી હોય, ભક્તિ માગવી હોય, જે જે માગવું હોય એ માગી લેજો. હું તો તમને સમજણ પાડું. પછી હું કેટલુંક કહું ? તમને સમજાય છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર સમજાય છે.

**દાદાશ્રી :** મહીં ચૌદ લોકનો નાથ પ્રગટ થઈ ગયેલો છે. પ્રગટ એટલે અજવાળા સાથે, જ્યોતિ સાથે, પરમ જ્યોતિસ્વરૂપ થઈ ગયો છે !

## માટે કરવા 'દાદા ભગવાનના અસીમ જય જયકાર'

'દાદા ભગવાન' આ જે દેખાય છે તે નહોય, એ તો 'જ્ઞાની પુરુષ' છે. એ જ્ઞાની પાછા કેવા ? આખા જગતના તમામ પ્રશ્નોના

સમાધાન કરે એવા જ્ઞાની. એટલે પૂર્ણ જ્ઞાની. પણ ભગવાન પદમાં ના કહેવાય. એટલે ભગવાન પદમાં મહીં પ્રગટ થયા છે એ ભાગ, તે ફુલ્લી (પૂર્ણ) ભગવાન છે. ફુલ્લી, હંડ્રેડ પરસન્ટ. તે હું એને નમસ્કાર કરું છું આમ કરીને, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલું છું. કારણ કે મારે ચાર ડિગ્રી ખૂટે છે. એટલે હું જ એ કરું છું ને તમનેય દીવો કરી આપ્યો છે. એ તમારામાં દાદા ભગવાન પ્રગટ થયેલા છે. એટલે તમે જેટલું બોલો એટલું તમારા પ્રગટ વધતા જાય. જેટલું તમે બોલો એટલું હવે તમારું. મહીં પાંખડી ખીલ્યા જ કરે દહાડે દહાડે. થોડું સમજાયું કે પૂરેપૂરું સમજી ગયા ?

**પ્રશ્નકર્તા :** થોડું સમજાયું.



**દાદાશ્રી :** હું પણ એમની ભક્તિ કરું છું. શા માટે ? મારે ગરજ શું રહી છે એમની જોડે ? ત્યારે કહે, ચાર ડિગ્રી મારે ઓછી છે, એ પૂરી કરવા માટે. એટલા માટે હું આમ કરીને નમસ્કાર કરું છું. તે મારી ચાર ડિગ્રી ઓછી થતી જાય. અને આ બધાને વધારે ડિગ્રી ઓછી હોય, એમની પણ ઓછી થતી જાય. કારણ કે એ દાદા ભગવાન એમનામાંય છે. જે મારામાં છે એ એમનામાં છે. એમનામાં જરા આવરણ વધારે છે, મારામાં આવરણ ઓછું થઈ ગયું છે.

## ભૂલ દેખાડનારથી જુદા ભૂલ જોનાર

**પ્રશ્નકર્તા :** આપની જિંદગીમાં એવા કયા સમયે આપને ખબર પડી, કે બહાર ત્રણસો ને છપ્પન ડિગ્રી છે અને અંદર ત્રણસો ને સાંઈઠ ડિગ્રી છે ?

**દાદાશ્રી :** મને જે સમયે જ્ઞાન થયું તે વખતે ત્રણસો સાંઈઠ ડિગ્રી મારી હઉ થઈ ગયેલી. બન્ને એક જ ડિગ્રીમાં આવ્યા'તા અને પછી ડિગ્રી ઊતરી ગઈ. ડિગ્રી ઊતરી ગઈ ને પછી મારી ભૂલ દેખાડવા માંડ્યા. મારી જે ભૂલ થાય, તે મને ના સમજાય, તે એ ભૂલ દેખાડે, કે આ ભૂલ છે. ત્યાંથી હું મારી ડિગ્રી સમજી જઉં ને, કેટલી મારી ડિગ્રી ઓછી છે તે ! જ્યાં સુધી ભૂલ દેખાડનાર છે ને જેની ભૂલો થાય છે, એની ડિગ્રી ઓછી છે એ તો ખાતરી જ થઈ ગઈ ને ! એટલે હું ફુલ (પૂર્ણ) થઈને બેસું નહીં. લોકો મને કહે છે, 'તમે ભગવાન જ છો.' મેં કહ્યું, 'ના, એ જવાબદારી હું લઉં નહીં.'

## જ્ઞાન પહેલા કઈ ડિગ્રી હતી ?

**પ્રશ્નકર્તા :** દાદા, હવે આપને જ્ઞાન થયું એટલે તમે ત્રણસો છપ્પન ડિગ્રીએ પહોંચી ગયા. પણ જ્યારે જ્ઞાન નહોતું થયું, ઓગણપચાસ વર્ષની ઉંમરે, ત્યારે આપ ક્યાં હતા ?

**દાદાશ્રી :** હા, અમારી ટુ સિક્સટી ફાઈવ (૨૬૫) હતી, રિલેટિવમાં.

**પ્રશ્નકર્તા :** અને રિયલ ?

**દાદાશ્રી :** થ્રી ફૉર્ટી ફાઈવ (૩૪૫) હતી.

**પ્રશ્નકર્તા :** દાદા, આપને ત્રણસો છપ્પન ડિગ્રી સુધી પહોંચવામાં સૌથી મોટામાં મોટી કઈ અટકણ હતી કે કઈ વીકનેસ હતી કે કયા કષાય હતા ?

**દાદાશ્રી :** ઈગો, ઈગોઈઝમ, 'હું કંઈક છું' એવું.

## નિરંતર મોક્ષ જ રહે છે, પછી ઉતાવળ શાને ?

**પ્રશ્નકર્તા :** આપની ચાર ડિગ્રી પૂરી ક્યારે થવાની ?

**દાદાશ્રી :** એ જ્યારે થવું હોય ત્યારે થાય, આપણે સમાધિ જ રહે છે નિરંતર ને મહીં મોક્ષ જ રહે છે, પછી વાંધો શું છે ? આપણને જે મોક્ષ જોઈતો'તો, તે અહીં રહે છે, પછી શું જોઈએ છે ? મારે માટે મને એ રહેતું નથી, કે નાપાસ થયા. એની શું ભાંજગડ કરવી ? પાસ થવાની ઉતાવળેય નથી. શેને માટે ઉતાવળ છે ? ત્યાં કંઈ રિઝર્વેશન કોઈ લઈ જવાનું નથી. એ તો રિઝર્વ્ડ રિઝર્વેશન (સુનિશ્ચિત જગ્યા) છે.

**પ્રશ્નકર્તા :** તો આપને કેટલા ભવે કેવળજ્ઞાન થશે ?

**દાદાશ્રી :** એ તો એકાદ-બે અવતારમાં થઈ રહેશે. પણ તે મારે કંઈ ઉતાવળ ના હોય એની.

## લોકોને પમાડવાની ભાવના એટલે મોક્ષની ઉતાવળ નથી

**પ્રશ્નકર્તા :** ઉતાવળ નહીં એનું કારણ શું ?

**દાદાશ્રી :** વીતરાગતામાં ઉતાવળ ના હોય, રાગ-દ્વેષમાં ઉતાવળ બધી. અને મારી એક ઈચ્છા રહી ગઈ ને આ, કે 'જે હું સુખ પામ્યો એવું લોક પામો.' અને તીર્થંકરોને એવી જ રહેતી'તી ઈચ્છાઓ. તેથી લોકકલ્યાણ કરતા'તા. અને મારી ઈચ્છા થઈ. મારે કંઈ તીર્થંકર થવાની ઈચ્છા નથી, પણ મારી આ ઈચ્છા રહી ગઈ છે. એમાં કંઈ આપણો સ્વાર્થ નથી, એટલે પછી બે-ચાર અવતાર થવાના હોય તો થાય, એનો વાંધોય નથી આપણને. આપણો મોક્ષ જતો રહેતો નથી.

**પ્રશ્નકર્તા :** એ દાદા, પેલી ચાર ડિગ્રી છે ને, તે બીક છે બધાને કે આ તો દાદા ચાર ડિગ્રી પૂરી કરીને જતા રહેશે, એટલે બાંધો.

**દાદાશ્રી :** ના, એ તો મેં બધાને કહ્યું, કે ભઈ, તમારે જવું હોય વહેલું, તો ઉતાવળ કરો. મારે તો મોક્ષ છે, હું શું કરવા ઉતાવળ કરું ? મારે મોક્ષે જવાની શું ઉતાવળ છે ? જે મોક્ષસ્વરૂપ થઈ ગયેલા છે,

મોક્ષમાં જ છે. પછી હવે મારે શા માટે ઉપરનો મોક્ષ ખોળું ? આની ઉતાવળ કોને હોય ? અહીં બંધન લાગતું હોય તેને. પણ આ બંધન અમને લાગે... બંધન ના લાગે પણ બોજો લાગે. આ શરીરનો બોજો તો લાગે જ ને ? સંડાસ જવું પડે, ખાવું પડે, સારું લાગે કંઈ ? પણ એના બૅલેન્સમાં (એની સામે) અમારી પાસે જે ઈચ્છા છે, કે મારા જેવું સુખ આ લોકોને હો, એવું થાય છે એટલે પેલો બોજો અમારે કશો વાંધો નથી આવતો. અને જ્યારે નહીં થાય અમારી ઈચ્છા પૂરી, તે અમે બોજો કાઢી નાખીશું, નીકળી જશે એની મેળે. અમે કાઢી શકીએ નહીં, એની મેળે જ નીકળી જશે.

## જેવા ભાવે વીંટ્યું, એ ભાવ હવે ઊકલી રહ્યા છે

**પ્રશ્નકર્તા :** આપ તો ત્રણસો ને સાંઈઠ ડિગ્રી સુધી જઈ શકો એમ છો, તો પછી ત્રણસો છપ્પન સુધી જ કેમ રહો છો ?

**દાદાશ્રી :** પણ મારે આ કામ કરવાનું બાકી છે. હું ત્રણસો સાંઈઠ હમણાં લઈ લઉં તો મારો ઉકેલ તો આવી જાય, પણ પાછી ઉપાધિ થઈ જાય ને ! કારણ કે મારે જે કંઈ કરવું છે, એ કરવું પડશે ને ? આ તો શી દશા છે અત્યારે જગતની, એ તો ભગવાન જાણે છે ને હું જાણું છું, બે જણ જાણીએ છીએ. અત્યારે શું સ્થિતિમાં છે આ જગત ! અને તેથી મને કુદરતે નિમિત્ત બનાવ્યો છે. એટલે નિમિત્તપણું તો મારે પૂરું કરવું પડશે.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એમ, કે આપ ત્રણસો ને છપ્પન ડિગ્રી ઉપર અટકાવી શકો છો, ત્રણસો ને સાંઈઠ થવા નથી દેતા ?

**દાદાશ્રી :** ના, એવું તેવું અમારાથી અટકાવી શકાય નહીં. સંડાસ જવાની શક્તિ નહીં, તો પછી અટકાવી શી રીતે શકે ? આ તો જ્યારે આ અહંકાર હતો, તે દહાડે જેવા ભાવે અમે વીંટ્યું છે ને, એ ભાવ હવે ઊકલી રહ્યા છે. હવે વીંટ્યું છે બારસો ફૂટ, અને અત્યારે એમ કહીએ, કે આઠસો ફૂટ થઈ જાવ, એ શી રીતે થઈ જાય ? એટલે બારસો ફૂટ અમારે ઉકેલવું પડશે. અમે અટકાવીએ-કરીએ નહીં.

## એવું જ્ઞાન કોઈને થજો એવી ભાવના, તે મને જ થયું

**પ્રશ્નકર્તા :** દાદાને જ્યારે જ્ઞાન થયું ત્યારે આ જગત કલ્યાણ કરવાનું કોણે કીધું ? કઈ શક્તિએ કીધું ?

**દાદાશ્રી :** કંઈ કોઈએ કહ્યું નહોતું. પહેલેથી ભાવના જ હતી કે આ જગતનું આવું ન હોવું જોઈએ, કલ્યાણ થવું જોઈએ. તે મારે ઘેર જ છે તે આ તો ભગવાને ગાંસડા (પોટલા) છોડ્યા !

**પ્રશ્નકર્તા :** આપની ભાવના હતી એટલે આપને ઘેર જ ગાંસડા છોડે ને !

**દાદાશ્રી :** મારી ભાવના હતી કે જ્ઞાન કોઈને થજો, આ લોકોનું કલ્યાણ થાય એવું કંઈ. અને તે જ્ઞાન મને જ થઈ ગયું. મને ખબર નહીં કે આવું જ્ઞાન થશે.

**પ્રશ્નકર્તા :** એટલે વ્યવસ્થિતે આપને પસંદ કર્યા.

**દાદાશ્રી :** વ્યવસ્થિતના નિયમે. એટલે ભગવાનને ઘણા ફેરા હું કહું છું, ગમ્મતમાં, પ્રેમવાળો માણસ ભગવાન જોડે પ્રેમ ધરાવે. તે પ્રેમવાળો ભગવાનને ઠપકો હઉ આપે, બીજા લોકો આપી શકે નહીં. એટલે ભગવાનને હું કહું, કે 'આપ બીજી જગ્યાએ પધારો ને હવે ! બીજા લોકોનું કંઈક એ થાય.' 'ક્યાં જઉં ?' કહે છે. 'બીજે ક્યાંય જગ્યા જ નથી તે !' એટલે હું સમજી ગયો, કે આ ભગવાન ગરજમાં છે. પણ એવો હું દુરુપયોગ કરું નહીં ને ! એટલે એ ભગવાન મને વશ થઈ ગયેલા છે. હવે વશ થયેલા છે તે હું તો વશ જ રહું ને, એમને !

## ભગવાન જોડે વાતચીત કરે, એકાકાર થાય ને જુદા રહે

**પ્રશ્નકર્તા :** પણ દાદા, ભગવાનને એવું કહેવું પડે કે 'હું બીજે જઉં ક્યાં ?'

**દાદાશ્રી :** એવી જગ્યા હોવી જોઈએ ને ! મેં ભગવાનને કહ્યું,

'અહીં ક્યાં ગાંસડા છોડ્યા ?' ત્યારે કહે, 'આવી જગ્યા બીજી નથી.' મેં કહ્યું, 'જો હજુ જાવ તોય મને વાંધો નથી', 'પણ બીજી જગ્યા છે જ નહીં ને !' એટલે હવે તો ભગવાનને હું વઢું તોયે જાય નહીં. કારણ કે એમને બીજી જગ્યા નથી, તો ક્યાં જવાના હતા ?

**પ્રશ્નકર્તા :** કયા ભગવાને કહ્યું'તું ?

**દાદાશ્રી :** જે મૂળ ભગવાન છે તેણે. તે ભગવાન જોડે અમે વાતચીત તો સારી રીતે કરી શકીએ. અમને આ જે જ્ઞાન થયું ને, ત્યારથી જ વાતચીત કરી શકીએ, એકાકાર થઈ શકીએ, જુદા રહી શકીએ. આ ત્રણ વસ્તુ બની શકે.

## મુલાયમ હાર્ટને લઈને જ્ઞાન થયું

એક દહાડો ભગવાનને મેં કહ્યુંય ખરું ખાનગીમાં. મેં કહ્યું, 'આપને ના ફાવે તો બીજી જગ્યાએ જઈ શકો છો.' તો કહે, 'ના, બીજે ક્યાં જઉં ? એવું હાર્ટ (હૃદય) ના જડે !'

**પ્રશ્નકર્તા :** એવું હાર્ટ ન જડે એટલે કેવું હાર્ટ ? કેવું હાર્ટ જોઈએ ?

**દાદાશ્રી :** બધી રીતે મુલાયમ હાર્ટ જોઈએ. એટલે મારો જન્મ થયો તેય મુલાયમ હાર્ટને પેટે થયેલો. આ જે જ્ઞાન ઊભું થયું છે, તે લક્ષણ જોતા ના હોય, પણ હૃદય જોતા તો હોય. આવું હૃદય ન મળે. લક્ષણ તો અહંકાર, ગાંડો અહંકાર. એટલે આ જ્ઞાન કેવી રીતે પ્રગટ થાય ? લક્ષણ સારા નહીં, પણ હાર્ટને લઈને થાય. હાર્ટ એટલું સરસ ! એકદમ હાઈ ક્લાસ હાર્ટ !

## સાચા દિલના તે ભગવાનને ટૈડકાવે

અને હું તો ભગવાન જોડે બાઝતો'તો, વઢતો'તો. 'શું સમજો છો ? આવો ચોખ્ખો માણસ નહીં મળે વર્લ્ડમાં !' શું કહેતો'તો ? 'આવો કરેક્ટ માણસ વર્લ્ડમાં નહીં મળે !' ત્યારે એ કહે છે, 'તમારી અંદર જ વાસો કરીશ.'

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** આપણે ચોખ્ખા છીએ તો ભગવાનને કેમ ના ટૈડકાવી શકીએ ? તમે મને ખુશીથી ટૈડકાવી શકો છો. તમારે માગવું જ જોઈએ ને મારે આપવું જ જોઈએ. પણ તમારી ચોખ્ખાઈ હોવી જોઈએ.

ભક્ત તો ભગવાનને ટૈડકાવે. 'ગેટ આઉટ ઑફ ધીસ રૂમ' (આ ઓરડામાંથી બહાર નીકળો), એવું કહી દે, એનું નામ ભક્ત કહેવાય. ભગવાન એવું જ ખોળે છે, કે કોઈ મને 'ગેટ આઉટ' કહેનારો નીકળ્યો ! આ એકલા દાદાએ જ કહેલું એક વાર ભગવાનને, કે 'ગેટ આઉટ.' ત્યાર પછી વશ થયા છે, નહીં તો વશ ના થાય.

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ, જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** પછી કહે છે, 'હું તમારા તાબામાં આવ્યો.' એવું કોઈ 'ગેટ આઉટ' કહેનારો જ નથી નીકળતો. 'ગેટ આઉટ' કોણ કહી શકે ? બધી રીતે સંપૂર્ણ પ્રેમાળ હોય ભગવાનમાં, કોઈ જગ્યાએ પ્રેમ ના વેરાયેલો હોય, એ 'ગેટ આઉટ' કહી શકે.

એટલે આપ્તવાણી વાંચીને પેલા આવ્યા, છે તે આણંદવાળા પેલા વાઈસ ચાન્સેલર (ઉપકુલપતિ) સાહેબ, રણછોડભાઈ. મને કહે છે, 'ભગવાનને ટૈડકાવનારા તમે એકલા જ નીકળ્યા. પુસ્તકમાં લખ્યું છે, કે તમે ટૈડકાવ્યા, એટલે મને બહુ ગમ્યું. તેથી દર્શન કરવા આવ્યો છું, કે ભગવાનને ટૈડકાવનારાના હું દર્શન કરીશ.' મેં કહ્યું, 'ત્યારે એને ના ટૈડકાવે તો કોને ટૈડકાવે ? છોકરાંને ટૈડકાવે તો રડે મૂઆ. પેલા રડે નહીં ને કોઈ દહાડોય ? છોકરાં રડે, બૈરી રડે, સહુ કોઈ રડે. એ તો રડે નહીં ને !' ત્યારે કહે છે, 'આ તમે ખરું કહ્યું.' ત્યારે મેં કહ્યું, 'અમે સાચા છીએ તે ટૈડકાવી શકીએ.' સાચા હોય તો ટૈડકાવે ને ?

હું પહેલેથી જ ટૈડકાવતો. હું નાનપણમાંથી ટૈડકાવું એવો હતો. સાચા દિલનો તો હતો જ. ભગવાનની તરફે સાચા દિલનો હતો.

## વિધિ રૂપી વાડ મૂકી ગયા મહારાજ પાસે

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહો છો કે કેવળજ્ઞાનમાં ચાર ડિગ્રી ઓછી છે અને આપ્તવાણીમાં આપ સર્વજ્ઞ છો એમ કહ્યું છે, તો એ કઈ રીતે ?

**દાદાશ્રી :** આ સર્વજ્ઞ એ 'કારણ સર્વજ્ઞ' છે. કારણ સર્વજ્ઞ શબ્દ સમજાય છે તમને ? કારણ સર્વજ્ઞ એટલે સર્વજ્ઞ થવાના જે કારણો સેવી રહ્યા છે. શું થઈ રહ્યા છે ? અમે સર્વજ્ઞ થવાના કારણો સેવી રહ્યા છીએ.

મને છે તે એક મહારાજ સાહેબે પૂછ્યું. પુસ્તક, અમારી આપ્તવાણી લઈ ગયા'તા. આપણા મહાત્મા પુસ્તક આપવા જતા'તા, ત્યારે મેં કહ્યું, 'ભઈ, એકલા જશો નહીં. હું જોડે આવું. નહીં તો એમને દુઃખ થશે બિચારાને.' મહારાજને દુઃખ થાય ને ! મોટા મહારાજ, એટલે દુઃખ થાય. તે સાંતાક્રૂઝમાં હતા અને અમે પણ સાંતાક્રૂઝ રહીએ. એટલે પછી પેલા બધાને મેં કહ્યું, 'જોડે આવું છું.' એ જોડે બીજા બે-ત્રણ જણ હતા. પુસ્તક આપવા ગયા'તા, આપ્તવાણી. હું પાછો જોડે એટલા માટે ગયો, કે વિધિ મૂકી. મહારાજને કષાય ઉત્પન્ન ન થાય એવી વિધિ મૂકી. નહીં તો મહારાજ અકળાઈ ઊઠે બિચારા. તે વિધિ મૂકી ત્યારે મહારાજ અકળાયા નહીં અને પુસ્તક વાંચ્યું બધું.

**પ્રશ્નકર્તા :** વિધિ મૂકી એટલે શું ?

**દાદાશ્રી :** એ બધું અમે મૂકીએ, એ અમારું કામ છે. એટલે અમે ઉપાશ્રયમાં પેસતા પહેલા જ વાડ મૂકી દઈએ. મહારાજને આ લોકો ગુસ્સે કરે તોય ના થાત, એવી વાડ મૂકી દઈએ અમે. એ કો'ક ફેરો અમે મૂકીએ. આવું અમે વાપરીએ નહીં. આ વાપરવાની ચીજ નહોય. આ તો ધર્મ ઉપર આફત આવતી હોય ત્યારે વાપરીએ. એટલે મહારાજ ઉપર ખાસ મૂકેલું. મને કહેલું બધાએ, કે બહુ ઉગ્ર સ્વભાવના છે. તે વિધિ મૂકી, પછી મહારાજ અકળાયા નહીં જરાય. નકામા અકળાતા હોય તો એમને દુઃખ થાય. અને આપણે નિમિત્તે થયું માટે આપણે ગુનેગાર છીએ. એમને અકળામણ ન થાય, તે એવી રીતે આ પુસ્તક આપવાનું. એટલે પછી મેં વિધિ મૂકી ને, પછી ગયા.

## અંદર જે પ્રગટ થયા એ 'સર્વજ્ઞ', હું 'કારણ સર્વજ્ઞ'

મહારાજને તો પૂરી સમજણ ને ! સમજણ બહુ ઊંચી. તે પછી એમણે શું કર્યું ? પુસ્તક વાંચીને, કે 'આ સર્વજ્ઞ શા હિસાબે ?' કહે છે. મેં કહ્યું, 'કારણ સર્વજ્ઞ' હોવું જોઈએ, તેને બદલે 'સર્વજ્ઞ' લખાયું છે.

**પ્રશ્નકર્તા :** આપને પૂછ્યું ?

**દાદાશ્રી :** હા, પૂછ્યું. મેં જવાબ આપ્યો. અને હું વિનયપૂર્વક રહ્યો'તો. કારણ કે મહારાજ છે ને, આમ તો ! આમ ત્યાગી. ત્યાગી મહારાજને અમારે વિનય કરવો પડે.

'સર્વજ્ઞ કોણ છો આમાં ? તમે સર્વજ્ઞ છો ?' કહે છે. મેં કહ્યું, ''ના, સર્વજ્ઞ અંદર જે પ્રગટ થયા છે એ સર્વજ્ઞ છે, હું 'કારણ સર્વજ્ઞ' છું. સર્વજ્ઞ થવાના કારણોનું હું સેવન કરી રહ્યો છું. એટલે હું તો દાદા ભગવાનને આમ આમ કરીને જે' જે' કરું છું.'' 'તે તમે સર્વજ્ઞપણું કેમ લખાવ્યું છે ? તમને શોભે છે આ વાત ?' કહે છે. મેં કહ્યું, 'મેં લખાવ્યું નથી, આ પુસ્તકવાળાએ છાપી દીધેલું છે. અમારા મહાત્માઓએ છપાવડાવ્યું છે. એ લોકો એક્સેપ્ટ કરતા નથી, એ તો કહે છે તમે સર્વજ્ઞ જ છો, મારે શું કરવું હવે ?'

કારણ સર્વજ્ઞમાં ને સર્વજ્ઞમાં ફેર કેટલો તે જાણો છો આપ ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** અહીંથી ચંદુલાલ ગયા, એટલે અહીં કો'ક પૂછે, કે ચંદુલાલ ? એટલે હું કહું, કે એમને ઘેર ગયા. અને હોય પેણે હોરા જ (નજીકમાં જ). તે એનું નામ કારણ સર્વજ્ઞ ! એ કારણો સેવી રહ્યા છે હજુ. હજુ સર્વજ્ઞ થયા નથી. સર્વજ્ઞ થાય ત્યારે તો કેવળજ્ઞાન થાય ને ! કેવળજ્ઞાનમાં ત્રણ-ચાર ડિગ્રી ઓછી છે, એવું ચોખ્ખું મેં પુસ્તકમાં લખેલું છે ને ! ઉઘાડી વાત લખેલી છે ને !

મેં કહ્યું, 'ભઈ, કારણ સર્વજ્ઞ લખવાને બદલે આ સર્વજ્ઞ લખાઈ ગયું છે. અમે છીએ કારણ સર્વજ્ઞ.' 'તો તો વાંધો નહીં, કારણ સર્વજ્ઞ

છો ને ?' મેં કહ્યું, 'હા.' 'તો તો વાંધો નહીં.' મેં કહ્યું, 'અમે કબૂલ કરીએ છીએ, અમે કારણ સર્વજ્ઞ છીએ.' કારણ કે એ તો લેફ્ટ-રાઈટ લે જ ને, કાયદેસર લેફ્ટ-રાઈટ લે. સર્વજ્ઞ લખો છો ? એમની વાત તો સાચી છે બિલકુલ. બધા શાસ્ત્રના જાણકાર, ક્યાં ક્યાં ભૂલ છે એ બધું ખોળી આપે.

જો કે આ તો લખ્યું એ શા માટે ? 'કારણ સર્વજ્ઞ' કહીએ તો લોક સમજશે નહીં. અને સર્વજ્ઞ જો સમજશે તો મને પૂછવા આવશે. એને શંકા પડશે તો પૂછવા આવશે. હું કહી દઈશ કે આમ છે હકીકત. અને કારણ સર્વજ્ઞ કહીએ, ત્યારે કહેશે, આ શું વળી પાછું નવું ગાંડું કાઢ્યું ?

## મહારાજે પરીક્ષા કરવા પૂછ્યું, 'કોણ બોલે છે ?'

પછી એમને મનમાં એમ થયું, કે લાવ, પરીક્ષા તો કંઈ કરવા દે. તો મને કહે છે, 'આ બોલે છે એ કોણ બોલે છે ?' મેં કહ્યું, 'એ.એમ. પટેલ બોલે છે અને હું જોઉં છું, જાણું છું કે આ ફલાણું ફલાણું બોલ્યા.' એટલે 'એ.એમ.પટેલ બોલે છે', એમ મેં કહ્યું, એટલે તરત સમજી જાય. એ જાણે, કે 'હું બોલું છું' એમ કહે તો સર્વજ્ઞ નથી.

મેં કહ્યું, 'એ.એમ.પટેલ બોલે છે, આપ સાંભળો છો ને હું જ્ઞાતા-દ્રષ્ટા છું.' ''બસ, બસ, બસ, બસ, મારે એટલું જ જાણવું'તું આ.'' બધી પરીક્ષા લઈ લે. અને 'હું બોલું છું', એમ કહ્યું હોત તો ઉડાડી દેત, માઈનસ કરીને માર્ક મૂકત. એ શાસ્ત્રના જાણકાર માણસ ! કંઈ જેવા તેવા માણસ ? આપણા આચાર્યો કંઈ જેવા તેવા છે બધા ? આ તો માર્ગ હાથમાં આવ્યો નહીં, એક આ કેડી ના જડી, આ શાસ્ત્રો લઈને હાઈવે ઉપર ચાલ્યા. અને જો ડામરના રસ્તા, કોઈ જાતનો ભય નહીં, કશું નહીં. આ તો કેડી, પગ ધૂળવાળા થઈ જાય. પણ એ શાસ્ત્રના જાણકાર ! મારી પરીક્ષા લીધી ને ! 'કોણ બોલે છે, આપ કહો', કહે છે. મેં કહ્યું, 'પટેલ બોલે છે આ. હું જુદો.' ત્યારે કહે, 'બસ, બસ, બસ, બહુ થઈ ગયું, બહુ થઈ ગયું.' અને આ તો ત્યાં આગળ કલોલમાં હતા હમણે, તે ત્રીજી, ચોથી આપ્તવાણી બહુ વાંચી. અને ત્યાર પછી તો હમણે પાટણમાં પાંચમી-છઠ્ઠી બે વાંચ વાંચ જ કરે છે.

**પ્રશ્નકર્તા :** આપે એમને એ નહીં કહ્યું કે આ ટેપરેકર્ડ બોલે છે ?

**દાદાશ્રી :** ના, એ નહીં કહ્યું. એ તો એ ગૂંચાયા કરે, કે સાલું ટેપરેકર્ડ બોલે છે એવું કેવું ? આપણે અહીં તો સમજણ પાડીએ ને, ટેપરેકર્ડની સમજણ પાડીએ. પેલા આ ટેપરેકર્ડ બોલે છે તેય ભગવાન ને આય ભગવાન ? અને ત્યાં તો આપણે એમને શાસ્ત્રના આધારે કહેવું પડે.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** પછી કહે છે, 'ત્યારે તમારે કેમ અહીં આવવું પડ્યું ?' મેં કહ્યું, 'આ તમારી દુકાનનો માલ અમારે ત્યાં નથી, ત્યાગનો. તે ત્યાગને અમારા નમસ્કાર.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હા, ત્યાગનો અંગીકાર નથી પણ નમસ્કાર છે.

**દાદાશ્રી :** તે આ નમસ્કાર છે. કારણ કે એ ખોટું નથી.

## ન આચાર્યમાં રહ્યા કે ન અરિહંતમાં, અમે વચ્ચે છીએ

**પ્રશ્નકર્તા :** દાદા, આપ કારણ સર્વજ્ઞ છો તો આપના ગુણ કેટલા કહેવાય ? એક હજાર આઠ ગુણો અરિહંતના કહેવાય, તો દાદા ભગવાનના કેટલા ?

**દાદાશ્રી :** એક હજાર આઠ એ આચાર્ય ભગવાનના અને અરિહંતના એકસો આઠ ગુણ. હવે અમે નથી આચાર્ય રહ્યા કે નથી અરિહંતમાં, અમે મિડલમાં (વચ્ચે) છીએ. અમે અરિહંત ના થયા એટલે ખટપટિયા વીતરાગ અમે.

## જ્ઞાન અંશે અંશે પ્રગટ થાય કાળક્રમે

**પ્રશ્નકર્તા :** દાદા, આપે જે જ્ઞાન જોયું છે, એ બધું બહાર નીકળ્યું છે કે હજુ બાકી છે ?

**દાદાશ્રી :** જે દિવસે જ્ઞાન થયું તે દહાડે જ્ઞાન થયું, પછી જ્ઞાન પ્રગટ થવું જોઈએ. જ્ઞાન તો મને થયું પહેલું. હવે પ્રગટ થવું તે અંશે અંશે

થયું છે. એટલે પહેલી સાલ અમુક જાતના અંશો આવ્યા'તા. પછી બીજી સાલ અમુક જાતના અંશો વધ્યા, ત્રીજી સાલ એથીય વધ્યા. લિંક મળ્યા જ કરે. એ વધતું જ જાય એ તો.

**પ્રશ્નકર્તા :** વર્ધમાન જેને કહેવામાં આવે.

**દાદાશ્રી :** હજુ તો ક્યાં સુધી વધશે તે કહેવાય નહીં. અમે જોયું ત્રણસો છપ્પન સુધીનું, પણ છપ્પનનું જ્ઞાન હજુ નીકળ્યું નથી કોઈ દહાડોય.

**પ્રશ્નકર્તા :** તો આ કયું જ્ઞાન, કેટલા સુધીનું નીકળી ગયું ?

**દાદાશ્રી :** આ તો નીચેનું જ્ઞાન છે હજુ. એ ત્રણસો છપ્પન સુધીનું નીકળશે ત્યારે તો અજાયબ નીકળશે ! આ તો અજાયબી છે આ કાળની.

**પ્રશ્નકર્તા :** ત્રણસો છપ્પનને કઢાવવા માટે કોઈ પાત્ર જીવોની જરૂર પડશે ?

**દાદાશ્રી :** હા, એવું કંઈક પાત્રની જરૂર પડે છે એમાં. એ આવ્યો કે નીકળ્યું, હડહડાટ. તે સામો એટલો પાત્ર, ઝીલનારો હોય કે આ નીકળ્યું. એટલે જેમ જેમ પાત્ર આવે છે તેમ તેમ ચઢતું જાય છે આ જ્ઞાન. પહેલું જ્ઞાન અમને થયું, એ જ્ઞાન અમારાથી પ્રગટ ન કરી શકાય. પ્રગટ તો આ રેકર્ડો ચાલે તે પ્રમાણે જ. એ રેકર્ડો પ્રમાણે નીકળ્યા કરે છે. પાત્રેય પાછા મળશે અને પાછી રેકર્ડેય નીકળશે.

## દેવોની પુષ્પવૃષ્ટિ કરતાં 'જ્ઞાન'નું જ મહત્ત્વ વધારે

**પ્રશ્નકર્તા :** એવું વાંચ્યું છે, કે કેવળજ્ઞાન થાય ત્યારે બધા દેવો હાજર હોય છે. પુષ્પવૃષ્ટિ કરે, સ્તુતિઓ કરે ને સ્તવનો ગાય, એ વાત સાચી ?

**દાદાશ્રી :** સાચી વાત છે.

**પ્રશ્નકર્તા :** એટલે આપને સુરત સ્ટેશને જ્યારે જ્ઞાન થયું ત્યારે એવું કંઈ થયેલું ?

**દાદાશ્રી :** ના, મારી ઉપર કશું થયું નથી. કંકુય નથી પડ્યું ને પુષ્પેય નથી પડ્યા. અને કંકુ-પુષ્પ પડ્યા હોત તો મને એમાં કશી લેવાદેવા નથી. મારે તો જે મળવાનું હતું તે જ બહુ મોટી વાત છે. કંકુ-પુષ્પને શું કરવું છે, એ તો લોકોને આપણે કહીએ તોય નાખે આપણી ઉપર.

## હું તો ફક્ત આત્માનું જ જ્ઞાન જાણું

**પ્રશ્નકર્તા :** દાદાને કેટલા જ્ઞાન છે ? મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન, એમાંથી દાદાને કેટલા જ્ઞાન છે ?

**દાદાશ્રી :** હું તો આત્માનું જ જાણું, એટલું જ છે. બીજું કોઈ જ્ઞાન મને નથી. હું આત્મા શું છે, એ જાણું. બીજું કોઈ જ્ઞાન મને સમજણ પડતી નથી. અને અહીંથી છે તે સ્ટેશને જવું હોય તો મને ત્રણ દહાડા થાય, જો કોઈને પૂછ્યા વગર જઉં તો. ત્રણ દહાડેય મને સ્ટેશન ના ભેગું થાય. એટલે મને તો કોઈ જ્ઞાન જ નથી. દાઢી કરતા તો આવડી જ નહીં, આ સિત્યોતેર વર્ષેય. અને આપણા લોકો બધા મને કહે છે, 'એ દાઢી કરવાની ના આવડે ?' તમને આવડે, તમારી વાત જુદી છે. આ ડફોળોને કશું આવડતું નથી, ખાલી અહંકારથી કહે છે, હું આમ કરી શકું.

## નવું શાસ્ત્ર ઊભું કરે એવું જ્ઞાન છે

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આપને શ્રુતજ્ઞાન તો સંપૂર્ણ થઈ ગયું ને ?

**દાદાશ્રી :** શ્રુતજ્ઞાન તો અમને એવું છે ને, કે શાસ્ત્રનું જ્ઞાન ખરું અમને. પણ આ જ્ઞાન જ બધું આખું શાસ્ત્ર પુરવાર કરે એવું છે, આખું નવું શાસ્ત્ર જ ઊભું કરે એવું છે. અને સાયન્ટિફિક પાછું. આમાં એ કોઈ જગ્યાએ વિરોધાભાસ ના થાય. આજ પંદર-પંદર વર્ષથી બોલું છું, પણ વિરોધાભાસ એક શબ્દેય નથી કોઈ જગ્યાએ.

## જાતિસ્મરણ જ્ઞાન બુદ્ધિનું, અમે અબુધ

**પ્રશ્નકર્તા :** આપને જે જ્ઞાન થયું તો બધું આમ તમને દેખાયું, તો તમને એવું પણ દેખાયું ખરું, કે કોણ કોણ મોક્ષે ગયા છે ?

**દાદાશ્રી :** ના, ના, એવું નહીં. એ પીડામાં મારે પડવાની જરૂર શી ?

**પ્રશ્નકર્તા :** કૃપાળુદેવને નવસો ભવનું જ્ઞાન થયું હતું, એમ દાદા આપને થયેલું ?

**દાદાશ્રી :** અમને નહીં એવું. એ તો જાતિસ્મરણજ્ઞાન કહેવાય. એ બુદ્ધિનું છે. અમને તો બુદ્ધિ નહીં ને, એટલે દેખાય નહીં. એમને તો ઘણા અવતાર દેખાતા'તા. અમને તો આગલો અવતાર જ દેખાતો નથી ને ! ગયો કયો તેય દેખાતો નથી. આપણે જરૂરેય શું છે તે ? આપણે તો મોક્ષ જોઈતો'તો, તે મળી ગયો. બ્રહ્માંડના નાથ થયા !

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ રાજચંદ્રને જાતિસ્મરણજ્ઞાન હતું. નવસો ભવ જોયા !

**દાદાશ્રી :** હા, એ પણ જાતિસ્મરણ કહેવાય. અને એ તો જ્ઞાની પુરુષ હતા ને ! પણ જાતિસ્મરણમાં ફાયદો કશોય નથી.

**પ્રશ્નકર્તા :** એના પોતાના ભવ જોઈ શકે !

**દાદાશ્રી :** એનો તો કશોય ફાયદો નથી. એનાથી તો ફક્ત વૈરાગ દેખાય એને.

અને જાતિસ્મરણ તો અમને જાત જ નથી, ત્યાં પછી સ્મરણ શાનું હોય ? જાતની બહાર નીકળી ગયો છું હું તો. જાતિસ્મરણ જે જ્ઞાનમાં થાય, તે દેહની બહાર નીકળી ગયો છું હું તો. મારી જાતિ જ જુદી છે આખી, તે આ કેવળજ્ઞાનની જાતિ છે. આ કેવળજ્ઞાનમાં ફક્ત નાપાસ થયેલો છું એટલું જ. મને ચાર માર્ક ખૂટ્યા છે એટલું જ.

મને દેખાય જ નહીં એવું. મને ટાઈમ જ નથી એ બાજુ જોવાનો. મારે કંઈ કીર્તિ-બીર્તિની મહીં પડેલી નથી. જેને કંઈક કીર્તિ જોઈતી હોય તો એ બાજુ જુએ અને ટાઈમ બગાડે. મારે એ બગાડીને શું કામ છે તે ?

અમે એમાં પડ્યાય નથી. એમાં પડીને કામેય શું છે મારે ? એ બુદ્ધિનો વિષય છે, જ્ઞાનનો વિષય નથી. તે અમારે બુદ્ધિ તો જતી રહી.

## પહેલા હતી પરરમણતા, જ્ઞાન પછી સ્વરમણતા

**પ્રશ્નકર્તા :** તો આપ અત્યારે જ્ઞાનમાં શું જોઈ શકો છો ?

**દાદાશ્રી :** કંઈ જોવાનું જ નહીં. એ તો રમણતા જ બસ, જોવાનું-કરવાનું નહીં. જ્ઞાતા-દ્રષ્ટારૂપી રમણતા નિરંતર ચાલુ જ હોય. જોવા-કરવાનું નહીં, નિરંતર રમણતામાં જ. પહેલા પરરમણતા હતી. અહંકારમાં જ રમણતા હતી, કે કેમ કરીને માન મળે, કેમ કરીને અપમાન ના થાય, એની જાળવણી જ આખો દહાડો હતી. કોઈ કહેશે, 'આટલા રૂપિયા ગયા...' 'એ ગયા તો ગયા મૂઆ', પણ આ અહંકાર છે ને ? એમાં અપમાન નથી થાય એવું ને ? ત્યારે કહે, 'ના.' તે અહંકારની જાળવણી. એમાં જ રમણતા ! જાણે એ અહંકાર આપણને કોઈ લાભ ના આપતો હોય રોજ. એને પરરમણતા કહેવાય. પૌદ્‌ગલિક રમણતા. અને આ સ્વરમણતા ઉત્પન્ન થઈ તે સ્વચારિત્ર કહેવાય.

## અમારી વાત તાજી-ફ્રેશ, શાસ્ત્રની તો ઘણા કાળ પહેલાની

બાકી બીજું કોઈ જ્ઞાન અમને નહીં. જાતિસ્મરણ કહો, બીજું કહો, ત્રીજું કહો. યાદશક્તિ જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** આ યાદશક્તિ તો ઘણી દેખાય છે.

**દાદાશ્રી :** નહોય યાદશક્તિ આ તો. આ યાદશક્તિ નહીં. યાદશક્તિ કોનું નામ કહેવાય ? શાસ્ત્ર ઉપર મને રાગ હોય, તો મને યાદ રહે. મને શાસ્ત્ર ઉપરેય રાગ નથી. એટલે તો હું શાસ્ત્રો બધું ભૂલી ગયેલો. આ તો અમને દેખાય, દેખીને બોલીએ છીએ આ બધું. જોઈને બોલીએ છીએ, દર્શનથી. આ શાસ્ત્રની વાત નથી બોલતા, દર્શનથી બોલીએ છીએ. તમે પૂછો એટલે દેખાય ને તે કહીએ અમે. અને ફ્રેશ બધો, નવો માલ, તાજો. હમણે તાજી મીઠાઈ ! શાસ્ત્રની મીઠાઈ તો ઘણા કાળ પહેલાની હોય, આ તો તાજી ! લોકો પૂછે, કે આ તરત શી રીતે આમ કાઢો છો ? મેં કહ્યું, 'હું જોઈને કાઢું છું. એમાં વાર કેટલી લાગે તે ? આમ જોયું એટલે દેખાયું.' 'શેમાં જુઓ છો ?' ત્યારે મેં કહ્યું, 'કેવળજ્ઞાનમાં જોઉં છું. એમાં

જોઈને કહું છું. લાખો પ્રશ્નો પણ પૂછશો, તોય કેવળજ્ઞાનનો ભાગ હશે, માટે કોઈ ભાંજગડ ના ઉઠાવશો. આમાં બુદ્ધિ ના વાપરશો.'

## અમારા મનના બધા પર્યાય જાણીએ, પણ સામાના થોડાક જ

બાકી અમને તો કશું જાતિસ્મરણનો તો છાંટો જડ્યો નથી. અને અમારે જોઈતુંય નહોતું. અમારે જોઈતું'તું આ એકલું. અવધિજ્ઞાનેય નહોતું જોઈતું. કારણ કે શાસ્ત્રમાં વાંચ્યું કે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પૌદ્ગલિક જ્ઞાન છે. તો આપણે મહાવીર ભગવાનને પૂછીએ, કે 'સાહેબ, આ પૌદ્ગલિક છે, તો વચ્ચે અમારે કેવળજ્ઞાન કરવામાં આની કાંઈ જરૂર ખરી ?' ત્યારે કહે, 'ના, એ આવે તોય વાંધો ના રાખશો અને ના આવે તોય વાંધો ના રાખશો.' શું કહે છે ? આવે તો કંટાળશો નહીં અને ના આવે તો બોલાવવા જશો નહીં. શું કામ છે એનું તે ? છતાંય અમને મનઃપર્યવથી દેખાય, તમારું વંચાય બધું. પણ તે અમુક ભાગનું, વધારે નહીં.

આ કાળમાં મનઃપર્યવ નથી થતું, તોય મનઃપર્યવ અમને અમુક અમુક અંશે વર્તે છે. અંશે, સર્વાંશે નથી વર્તતું. એનું કારણ છે કે આ કાળનું કંઈક હશે બળ ! કાળનું બળ હશે, એવું અમને લાગે છે. સર્વાંશે વર્તતું નથી.

અમે અમારા મનના પર્યાયને જાણીએ છીએ બધા. અને જૈન શાસ્ત્રએ કહ્યું છે, કે સામાના મનના પર્યાય પણ જાણવા જોઈએ, તો એ મનઃપર્યવજ્ઞાન કહી શકાય. અમે સામાના મનના પર્યાય બધા જાણી શકતા નથી, થોડાક જ જાણી શકીએ છીએ. ત્યાં સુધી અમારે કહેવાની શી જરૂર ? અમારે ક્યાં ઈનામ લેવું છે ? ઈનામ લેવું હોય તે બોલે કે મને મનઃપર્યવ છે. હું કંઈ ઈનામ લેવા આવ્યો નથી કે ટાઈટલ લેવા નથી આવ્યો. મને ટાઈટલ જોઈએ નહીં.

## કેવળજ્ઞાનમાં જોઈને બોલું છું

**પ્રશ્નકર્તા :** આપે હમણાં કહ્યું ને, કે હું જોઈને બોલું છું, એ સમજાવો.

**દાદાશ્રી :** અમે જે જવાબ આપીએ છીએ ને, એ કેવળજ્ઞાનમાં જોઈને જવાબ આપીએ છીએ. એ બુદ્ધિનો જવાબ નથી. અમારી પાસે બુદ્ધિ તો છે નહીં કશી.

એક પ્રોફેસર સાહેબ હતા, એ કૃષ્ણમૂર્તિની પાછળ પચ્ચીસ વર્ષથી હતા અને કૃષ્ણમૂર્તિનો આખા વર્લ્ડમાં કોઈએ સ્ટડી ના કર્યો એટલો સ્ટડી એમણે કર્યો. અને કૃષ્ણમૂર્તિનો સિદ્ધાંત એમણે છેલ્લામાં છેલ્લો પસંદ કર્યો. પછી એક ફેરો અમારી પાસે ત્યાં આવ્યા વડોદરે, વાત સાંભળી ને આ પુસ્તક વાંચ્યું એટલે મનમાં અજાયબી લાગી, કે આ તો બહુ મોટો ઊંચો સિદ્ધાંત છે. એટલે પુસ્તકમાં એટલી બધી અન્ડરલાઈનો કરેલી, કે જો પાંચ લાખ લીટી હશે, તો ત્રણ લાખ તો અન્ડરલાઈન કરેલી હતી. એટલે એ માણસ એમ સયાજી હાઈસ્કૂલનો મૂળ પ્રિન્સિપાલ માણસ. અને ફૉરેન બધે ગયેલા ને બહુ જ બ્રિલિઅન્ટ (તેજસ્વી, ખૂબ બુદ્ધિશાળી) માણસ. અને બહુ ચોખ્ખો માણસ.

પચ્ચીસ વર્ષ કૃષ્ણમૂર્તિની પાછળ ફરેલા. પછી મેં કહ્યું, 'તમે શું કમાયા ? પચ્ચીસ વર્ષ ફર્યા ખરા, પણ તમારી પાસે કમાણી શું ? એ મને કહો.' ત્યારે કહે, ''આ 'Who am I ?' ('હું કોણ છું ?') એવું તો કશું જાણતો જ નથી.'' ત્યારે મેં કહ્યું, 'એનો અર્થ શું છે, ભટક ભટક કર્યાનો ?' તે પછી એમને જ્ઞાન આપ્યું. બહુ સારા માણસ હતા. એ લેખક છે, 'બોધિ'ના (બોધિ - મૅગેઝિનનું નામ). પછી જ્ઞાન આપ્યા પછી મારી જોડે રહ્યા, બધું આ જાણવા, સમજવા માટે. તે ઓગણીસ દહાડા રહ્યા, રાત-દિવસ. તે મને કહે છે, 'તમને બધા પ્રશ્નો હું પૂછું છું, એના જવાબ શેમાંથી આપો છો ? આ વિચારીને કહો છો આપ કે પુસ્તકનું બોલો છો ?' મેં કહ્યું, 'આ પુસ્તકના જવાબ નથી આ. તમે પુસ્તકમાં ખોળશો તો જડશે નહીં. આ શબ્દો એના એ જ હોય, શબ્દો તો કંઈ ડિક્શનરીમાંના કોઈ શબ્દો બદલાતા નથી. પુસ્તકમાં ના હોય આ જવાબ. આ છે તે બુદ્ધિના નથી, આ કેવળજ્ઞાનમાં આમ જોઈને તમને જવાબ આપું છું. મારું જેટલા અંશે કેવળજ્ઞાન છે તેટલા અંશના જ્ઞાનમાંથી જોઈને કહું છું.' એ જેટલું અંશ આવરણવાળું છે એટલા અંશનું અમને નહીં દેખાય.

અમારું નાપાસ થયેલું કેવળજ્ઞાન છે. કેવું છે ?

**પ્રશ્નકર્તા :** નાપાસ થયેલું કેવળજ્ઞાન.

**દાદાશ્રી :** હા, પણ મૂળ કેવળજ્ઞાન તો ખરું જ ને ! પાસ કે નાપાસ. પચ્ચીસ ટકા ઓછા આવ્યા હશે, પણ પોણોસો ટકા તો કેવળજ્ઞાન ખરું ને ?

**પ્રશ્નકર્તા :** ખરા, ખરા.

**દાદાશ્રી :** એટલે એમાં જોઈને કહેવાનું. પણ પર્યાયો જો પૂછે તો જાણીને કહેવું પડે.

## શાસ્ત્રોના જવાબ નહીં, પણ અનુભવથી કબૂલ થાય એવા

મેં એમને કહ્યું, આ કેવળજ્ઞાનમાં જોઈને જવાબ આપું છું. વર્લ્ડમાં કોઈ માણસ જવાબ આપી શકશે નહીં આમનો. આ 'દાદો' અજોડ પુરુષ છે ! તમે આની જોડે કોઈને સરખાવશો નહીં, અજોડ વ્યક્તિ છે. માટે તમારે જે પૂછવું હોય તે પૂછો. પછી કહે છે, 'આવું તો લાખ પ્રશ્નો પૂછું તો બધાયના જ જવાબ મળવાના છે. તમારી પાસે તો આખી જિંદગી પડી રહું તોય તમે જવાબ આપવાના જ છો. મારે હવે પૂછવાનું રહેતું જ નથી. મારા બધા ખુલાસા થઈ ગયા.'

આખી દુનિયાના તમામ શાસ્ત્રના પ્રશ્નો પૂછો. શાસ્ત્રોના જવાબ નહીં હોય વખતે. અનુભવથી તમે આ કબૂલ કરો છો કે નહીં ? તમારો આત્મા કબૂલ કરે છે કે નહીં, એટલું જ જોવાનું હોય ને ? કેટલું જોવાનું હોય ?

**પ્રશ્નકર્તા :** એટલું જ.

**દાદાશ્રી :** પારિભાષિક શબ્દો ના આવે તેથી કંઈ ગુનો નથી.

**પ્રશ્નકર્તા :** ના, ના, જરાય નહીં. એનો સાર નીકળવો જોઈએ, અને સરળ ભાષામાં...

**દાદાશ્રી :** કારણ કે અમારી વાણી આ પાતાળની ફૂટેલી છે. કંઈ શાસ્ત્રોની વાણી નથી આ. અને જગત હું જોઈને કહું છું આ, ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ ! અને કેવી રીતે બન્યું બધું તે હું જોઈને કહું છું.

## ત્યારે બાકી રહેલું ઉઘાડ થાય

**પ્રશ્નકર્તા :** આપનું જ્ઞાન તમે ત્રણસો છપ્પન ડિગ્રી કહો છો, પછી તમારો તીર્થંકર અવતાર જ્યારે આવશે, ત્યારે સામાન્ય નિયમ એવો છે, કે તીર્થંકર જ્યાં સુધી દીક્ષા ન લે, ત્યાં સુધી એમને ત્રણ જ્ઞાન હોય. અને પછી દીક્ષા લે એટલે ચોથું જ્ઞાન એમને ત્યાં ઉત્પન્ન થાય. તો તમારું આ જ્ઞાન ત્યાં શું કરશે ? ત્યાં કેવી રીતનું હશે ?

**દાદાશ્રી :** ત્યાં તો એવું જ ને !

**પ્રશ્નકર્તા :** તો આ જ્ઞાન ઓછું થઈ જશે ?

**દાદાશ્રી :** ના, આ જે છે એ જ્ઞાન તો રહેશે, જ્ઞાન તો અક્રમ વિજ્ઞાન છે ને ! ફક્ત પેલું કેવળજ્ઞાન અટક્યું છે એટલું આવરણ ઊડી જાય. જ્યારે અમને ઉદય આવે ને, ત્યારે કેવળજ્ઞાન થશે. અમે આવરણ છોડીએ નહીં. તીર્થંકરોય ઉદય આવે ત્યારે જ કામ કરે. તે અમારે એ ઉદય આવશે એટલે થશે. આજે ઉદય આવે તો આજે કેવળજ્ઞાન થાય, પણ ઉદય જ ના આવે ને એવો ? આ કાળને લઈને.

**પ્રશ્નકર્તા :** ના, એ તો બરોબર છે. હું શું કહું છું કે અત્યારે તમને જે જ્ઞાન છે તે મનઃપર્યવ ઉપરનું જ્ઞાન છે, એટલે પાછું ઓછું થશે ત્યાં ?

**દાદાશ્રી :** ના, ઓછું કશું ના થાય. એનું એ જ જ્ઞાન રહે. પછી આ ફક્ત જે બાકી રહ્યું હોય એટલું ઉઘાડ થાય.

## અરૂપીને શી રીતે જોયા, એ પોતે જ્ઞાની જ જાણે

**પ્રશ્નકર્તા :** દાદા, તમને આ જ્ઞાન થયું ત્યારે આખું બ્રહ્માંડ જોયું તો તમે સીમંધર સ્વામીને જોયેલા ?

**દાદાશ્રી :** એ જોયેલા, પણ સહુ સહુની ભાષા જુદી. તમારી ભાષા

જુદી હોય, આ લોકો સમજે એ જુદી ભાષા, એ જાણે કે આંખથી ઉઘાડીને જોયું હશે ! એવું તેવું ના હોય એ તો.

**પ્રશ્નકર્તા :** તો તમે કેવી રીતે જોયા'તા ?

**દાદાશ્રી :** અરૂપીને જોયા હોય અહીંથી.

**પ્રશ્નકર્તા :** અરૂપીએ અરૂપીને જોયા ?

**દાદાશ્રી :** પણ એ અરૂપીને જોયા, એ શી રીતે જોયા ? એ જ્ઞાની પોતે જ જાણે.

**પ્રશ્નકર્તા :** તો અમને જણાવો થોડું.

**દાદાશ્રી :** તમારે તો અત્યારે અનુભવથી સમજવું જોઈએ, કે મહીં આત્મા છે, હું આત્મા છું. હજુ તમને એ વેદન પૂરું થયું નથી ને, થોડું થોડું સમજાય તમને, વેદન. એમ કરતું કરતું એક દહાડો સમજાશે. અરૂપી છે ને વસ્તુ !

**પ્રશ્નકર્તા :** એટલે સીમંધર સ્વામી અરૂપી છે ?

**દાદાશ્રી :** આત્માય અરૂપી ને સીમંધર સ્વામી પોતે મૂર્તિ (મૂર્ત સ્વરૂપ) છે પણ અંદર અરૂપી ને પોતે. આ શરીર ખરું, એ તો મૂર્તિ, પણ એ શરીરને જોઈને શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** ના, એટલે એ શરીર તમે જોયેલું ?

**દાદાશ્રી :** એ બધી વાતોમાં ઊંડું ઊતરવાની મજા નહીં. એટલે લોક જુદી જુદી કલ્પનાઓ કરે, એમાં કલ્પનાઓ કર્યા કરે. એમાં બહુ ઊંડું ઊતરવાનું નહીં. આપણે સંબંધ છે કે નહીં, એટલું પૂછી લેવાનું. એ સંબંધને લઈને આ બધું કામ ચાલે છે. એ હેડ ઑફિસ જોડે આપણે સંબંધ છે.

**પ્રશ્નકર્તા :** સીમંધર સ્વામી જોડે તમારે બહુ નિકટનો સંબંધ છે, તો સીમંધર સ્વામીને કયા અવતારમાં મળ્યા'તા ?

**દાદાશ્રી :** સીમંધર સ્વામીને તો પૂર્વભવે બધે ભેગા થતા થતા આવેલા. એ તો અત્યારેય આ અવતારમાં એમના ટેલિફોનથી બધો ચાલે છે મારો વ્યવહાર.

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** તેથી આ તમને દર્શન કરાવીએ છીએ.

**પ્રશ્નકર્તા :** આપ સૂક્ષ્મ દેહે એમની પાસે જાવ છો ?

**દાદાશ્રી :** અહીંથી (ખભાથી) નીકળે એ દેહ, પ્રકાશક દેહ (આહારક શરીર). એ ત્યાં આગળ જઈને વાતચીત કરીને બધું આમ સમાધાન-બમાધાન કરીને પાછું આવે છે. પણ જ્ઞાની પુરુષ એકલાને, બીજા કોઈ એ ના કરી શકે.

❖❖❖❖❖

# [૩]

# અનંત અવતારના પુરુષાર્થનું ફળ આ જ્ઞાન

## કલ્યાણ થનારના આધારે આ નિમિત્ત ઊભું થયું

**પ્રશ્નકર્તા :** દાદા, આપને જે પ્રકાશ થયેલો, તો તે સ્વયં થયેલો કે કોઈ પુસ્તકના આધારે થયો કે કોઈ ગુરુના આધારે ?

**દાદાશ્રી :** ધીસ ઈઝ બટ નેચરલ. કોઈના આધાર-બાધાર વગર, એની મેળે જ નેચરલ થઈ ગયું. આ પ્રકાશ મેં કર્યો નથી, એની મેળે જ થઈ ગયો. અને ઘણા લોકોનું કલ્યાણ થશે આનાથી. આખો યુગ પલટો ખાશે આ પ્રકાશથી તો.

આવું જ્ઞાન ઉત્પન્ન થાય એવું છે નહીં. કલાકમાં બધી જ વસ્તુ જતી રહે. દિવ્યચક્ષુ પ્રાપ્ત થાય, કષાય જતા રહે, એ તો એવું બને જ નહીં ને ! કેટલાક લોકોનું કલ્યાણ થવાનું હોય ત્યારે નિમિત્ત ઊભું થાય. કલ્યાણ થનારના આધારે.

## હતી અહંકાર સાથેની શાંતિ ને અંતઃકરણની શુદ્ધિ

**પ્રશ્નકર્તા :** દાદા, એ જ્ઞાન થતા પહેલા, થોડા દિવસોમાં કંઈ આમ ફેરફાર કે એવું તેવું કશું થયું હતું ?

**દાદાશ્રી :** કશુંય નહીં, કશોય ફેરફાર નહીં.

**પ્રશ્નકર્તા :** પરિણતિઓમાં ? કશુંય નહીં, એકદમ જ ?

**દાદાશ્રી :** ધર્મિષ્ઠ જીવન હતું. અમારા ભાગીદારનો પ્રસંગ (સંગ) ખરો ને ! ધર્મિષ્ઠ લાઈફ !

**પ્રશ્નકર્તા :** એમ નહીં, હવે એ જ્ઞાન થયું એ દિવસોની આગળ-પાછળના દિવસોમાં કંઈ આમ પરિણતિઓમાં કંઈ ફેરફાર થયેલો ?

**દાદાશ્રી :** ના, એવો કશોય ફેરફાર નહોતો થયો.

**પ્રશ્નકર્તા :** તો એની પહેલાનો અનુભવ કાંઈ જ નહોતો ? એ જ્યારે મૉમેન્ટ (ક્ષણ) હતી, અને એ બે જે છૂટા પડી ગયા, એની પહેલા આપને કંઈ લાગ્યું હતું કે કંઈક થવાનું છે ?

**દાદાશ્રી :** નહીં, આમ શાંતિ બહુ રહ્યા કરે. શાંતિ ઘણી રહ્યા કરે, પણ એ અહંકાર સાથેની શાંતિ કહેવાય. તે કામની નહીં ને ! એ તો અજ્ઞાનીનેય રહે, બધાને રહે. અજ્ઞાન દશાની શાંતિ, એને શું કરવાનું ? એને બજારમાં વેચવા જઈએ તો પૈસા ના આપે, ચાર આનાય. એ તો કૂતરાનેય રહે. બે પૂરીઓ ખાધી હોય તો કૂતરાનેય રહે.

**પ્રશ્નકર્તા :** એ તો શાંતિ પછી પાછી અશાંતિ આવવાની ને ? ટેમ્પરરી શાંતિ ને એ તો, દાદા ?

**દાદાશ્રી :** હં. તે અમનેય શાંતિ એમ એ કાયમની ના રહે. અડચણ આવે ત્યારે પાછી અશાંતિય થઈ જાય. એટલું ખરું મહીં અંતઃકરણની શુદ્ધિ હોય.

**પ્રશ્નકર્તા :** અંતઃકરણની શુદ્ધિ ?

**દાદાશ્રી :** શુદ્ધ, બિલકુલ ક્લિયર (ચોખ્ખું) ! 'જેને કંઈ જ જોઈતું નથી', એવું ક્લિયર હોય.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ફક્ત માનની ભૂખ રહ્યા કરે મહીં, બાકી ક્લિયર અંતઃકરણ. માનની ભૂખ, પણ તેય કેટલાક વખત ક્લિયર થઈ જાય ને,

એવું બની જાય. માનનુંય ક્લિયર થઈ ગયું હોય. આ તે... એમ જ ઝબક (એકાએક) થઈ ગયેલું, બીજું કશું નહીં.

## થયું એમ તે એમ, વીજળી પડે જેમ

**પ્રશ્નકર્તા :** આપને જે જ્ઞાન થયું, એના આગલા દિવસે આપને કંઈ દર્શનમાં આવેલું ?

**દાદાશ્રી :** ના, ઓચિંતુ જ. વીજળી પડે ને એના જેવું. આ વીજળી પડવાની હોય, તો એ ખબર પડે આપણને ? કોઈ માણસ કહેશે, 'વીજળી પડી.' તો એને પૂછીએ, કે 'ભાઈ, આના પહેલા કંઈ ખબર પડી હતી તમને ?' ત્યારે કહે, 'ના, એ તો આ તરત જ ઍટેક થાય.' એનો ઍટેક થાય.

**પ્રશ્નકર્તા :** એટલે આગલી ઘડીએય કશું નહીં.

**દાદાશ્રી :** કશું જ નહીં !

**પ્રશ્નકર્તા :** તે વખતે આપની કોઈ એ પ્રકારની ચિંતિત દશા કે એવું કંઈ હતું કે સહજ જ થયું ?

**દાદાશ્રી :** ના, કોઈ જાતની ચિંતિત દશા નહોતી.

**પ્રશ્નકર્તા :** પણ એ પહેલા તમે આનો વિચાર ને એવું તો કરતા હશો ને ?

**દાદાશ્રી :** કશો વિચાર નહીં. નો વિચાર, એમ ને એમ જ !

## રિલેટિવમાં રીત હોય, રિયલમાં રીત ના હોય

**પ્રશ્નકર્તા :** તો એ તમને કેવી રીતના થયું ?

**દાદાશ્રી :** કહું છું કે એની રીત ના હોય. રીત ગણિતમાં હોય. ધીસ ઈઝ બટ નેચરલ (આ કુદરતી રીતે થયું). મને બધા સાયન્ટિસ્ટો પૂછે છે, શી રીતે થયું ? મેં કહ્યું, ધીસ ઈઝ બટ નેચરલ. તું રીત જાણું ને, તો તો તું જાણું કે એ રસ્તે હુંય જઉં તો મારો દહાડો વળે. બીજા બધામાં

રીત હોય, આમાં રીત ના હોય. રિલેટિવ બાબતમાં રીત હોય, રિયલમાં રીત ના હોય.

ઘણા લોકો મને પૂછે છે, કે તમને કેવી રીતે આ જ્ઞાન પ્રાપ્ત થયું ? ત્યારે મેં કહ્યું, મને જો કોઈ રીતે થયું હોત તો હું તને કહી બતાવત, તો તું એ રીતે આવી શકત અહીં આગળ. એ રીત ખોળે છે, કે તો પછી હુંય એ રીતે કરું. તમને જે રીતે થયું હોય એ રીત બતાવી દો, તો હું પણ એ રીતે થઈ જઉં, એવું કહે છે. એટલે મારે કહેવું પડ્યું, કે મને કોઈ રીતે થયું નથી.

## શેક્યો પાપડ ભાંગવાની શક્તિ ન રહી ત્યારે જ્ઞાન પ્રગટ્યું

**પ્રશ્નકર્તા :** દાદા, તમને જે રીતે થયું એમ કરવા જાય, તો તો બધા સુરતના સ્ટેશન પર જઈને બેસી જાય અને લોકલ ટ્રેનની રાહ જુએ.

**દાદાશ્રી :** હા, લોકલની રાહ જુએ. ત્યાં સ્ટેશન ઉપર બેસીને નકલ કરવાના. અને કહેશે, ''કઈ બાજુ મોઢું કર્યું'તું ?'' તો કહે, 'આ બાજુ.' એટલે એ બાજુ મોઢું કરીને બેસે.

**પ્રશ્નકર્તા :** એ જ બાંકડા પર જઈને બેસે.

**દાદાશ્રી :** એટલે મેં કહ્યું, 'તારે નકલ કરવી છે, પણ નહીં થાય એ નકલ. અમથું ફાંફાં મારીને તારો વખત નકામો જશે. ધીસ ઈઝ બટ નેચરલ.' એટલે પછી તે પાછા પડે, બટ નેચરલ કહું ને ! કારણ કે મને આવડતું નહોતું, ને આ શી રીતે થઈ ગયું ? મને તો આવું તેવું કશું આવડતું નહોતું. અને આ ઓચિંતું અનાવરણ થઈ ગયું એની મેળે.

સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થયા ને કાર્ય થઈ ગયું. મેં કર્યું નથી, મેં જો કર્યું હોત, તો તો મારામાં શેક્યો પાપડ ભાંગવાની શક્તિ નથી ! તમે તો હમણે ભલભલી છે તે વસ્તુ ભાંગી નાખો, પણ શેક્યો પાપડ ભાંગવાની શક્તિ નથી મારામાં તો. ત્યારે આ જ્ઞાન પ્રગટ થયું છે. જ્યાં સુધી કંઈ પણ કરવાની શક્તિ છે, ત્યાં જ્ઞાન હોય નહીં. પછી અજ્ઞાનને જ્ઞાન માની લે, તો એને 'ના' નથી કહેવાતું.

કારણ કે માર્કેટ મટિરિયલ (બજારુ માલ) છે. માર્કેટમાં બધોય માલ મળે ને ? દરેક જાતનું શાક મળે ને ?

## ધીસ ઈઝ બટ નેચરલ

ધીસ ઈઝ બટ નેચરલ, એનો અર્થ શું થયો બટ નેચરલનો ?

**પ્રશ્નકર્તા :** એટલે આપોઆપ, એની મેતે, કુદરતી.

**દાદાશ્રી :** આપોઆપ જ થઈ ગયું. બધા ઘણાય ફાંફાં મારેલા, પણ ફાંફાંથી કશું વળ્યું નથી આ. કુદરતી રીતે આ જ્ઞાન ઊભું થયું છે. હું કંઈ એને લેવા ગયો નથી કે ખરીદવા ગયો નથી. મારો પ્રયત્નેય નહોતો આવો કોઈ.

**પ્રશ્નકર્તા :** વીજળીના ઝબકારાની જેમ થઈ ગયું ?

**દાદાશ્રી :** ઝબકારાની પેઠ થઈ ગયું. જેમ વીજળી થઈ જાય ઉનાળાને દહાડે, એવું.

**પ્રશ્નકર્તા :** એ તો બહુ મોટું ભાગ્ય કહેવાય.

**દાદાશ્રી :** અપ્રયાસ હતું, બિલકુલેય અપ્રયાસ. અને પ્રયાસનો આવો વિચારેય નહીં આવેલો.

**પ્રશ્નકર્તા :** એટલે આપનો એવો કોઈ પુરુષાર્થ નહોતો ?

**દાદાશ્રી :** મારો પુરુષાર્થ નહોતો. અને અક્રમ એવું કહેવા માગે છે, કે જે તમે પુરુષાર્થ માનીને આગળ ચાલો છો, એ પુરુષાર્થ 'પુરુષાર્થ' જ નથી. મને જે આ પ્રાપ્ત થયું, એ વગર પુરુષાર્થે થયેલું છે. આ તો મને તો ખબર જ નહીં કે આવું બધું થશે.

## પ્રયત્ન વગર, સહજરૂપે જ્ઞાન થયેલું

એટલે મેં જ્ઞાન કર્યું નથી આ. હું કરવા જઉં તો થાયેય નહીં. કરવાથી જ્ઞાન થાય નહીં. આ જગત એવું સમજે છે, કે કશું કર્યું હશે ને તેથી થયું. કરવાથી જ્ઞાન જ ના થાય, કરવાથી અજ્ઞાન જ થાય. કંઈ પણ

કરો ને, એટલે અજ્ઞાન જ ઊભું થાય. કરવું એ જ ભ્રાંતિ, અને સમજવું એનાથી જ્ઞાન થાય. આ મારી પાસે બેસીને તમે સમજ સમજ કરો તો વખતે જ્ઞાન થાય.

પ્રયત્નથી કોઈ જ્ઞાન ઊભું ના થાય, પ્રયત્નથી અજ્ઞાન ઊભું થાય. સહજ રીતે જ જ્ઞાન પ્રગટ થાય, સહેજાસહેજ. તમારે કોઈ કવિતા બોલવી હોય ને, તો તમે પ્રયત્નથી બોલો તો એ ભૂલવાળી થશે ને સહેજે બોલશો, તો સારી બોલાશે.

પ્રયત્નથી તો અજ્ઞાન ઊભું જ થયા કરતું'તું. જેટલા જેટલા પ્રયત્ન કર્યા ને, જેમ જેમ પ્રયત્ન કર્યા તેમ અજ્ઞાન ઊભું જ થતું હતું, વધારે ને વધારે, મોટું થતું'તું. અને જ્ઞાન સહજરૂપે થયેલું. અને તારેય જ્ઞાન જોઈએ તો અમારી જોડે બેસાડીને તને સહજ કરીને, પછી જ્ઞાન ઉત્પન્ન થશે. સહજ થશો તો જ્ઞાન ઉત્પન્ન થશે.

અને જ્ઞાન હંમેશાં નેચરલ હોય. ત્યારે આપણા લોકો ભ્રાંતિમાં શું કહે છે ? ''મને જ્ઞાન થયું'તું.'' અલ્યા મૂઆ, શેનું ? અજ્ઞાન થયું તેને તું 'જ્ઞાન' કહું છું ? અજ્ઞાન થયું તેને એ 'જ્ઞાન' કહે છે. જ્ઞાન તો એમાં કરવાનું જ ના હોય, એની મેળે થઈ જાય. થયું અજ્ઞાન ને એને જ્ઞાન કહે. કારણ ભ્રાંતિ છે ને બિચારાને !

## આ તો અજાયબ ગિફ્ટ, નહોય નકલ કરવા જેવી ચીજ

જો કર્યું હોત તો જ્ઞાન ના થાત. કર્યું હોત તો તો ચા થઈ જાય કે કૉફી થાય, બીજું શું થાય કરવામાં તો ? અગર તો નફો થઈ જાય કે ખોટ થઈ જાય, પ્રૉફિટ ઍન્ડ લૉસ, પ્રૉફિટ ઍન્ડ લૉસ. નથી આ પ્રૉફિટ અને નથી આ લૉસ.

આ ગુલાબે એવું શું કર્યું, કે એને ગુલાબનું ફૂલ આવડું મોટું આવ્યું ? શું કર્યું એવું ? તે આ ભાઈએ શું કર્યું કે આ વાળ આવ્યા ઉપર ? શું કર્યું એણે ? હં... આ નકલ કરવાની ચીજ નહોય. આ જે બીજી બધી નકલી ચીજો છે ને, તેમાં તો તમે શું કર્યું એમ પૂછીએ, તો

આપણને રીત બતાડે, એટલે આપણે એ રીતે કરી નાખીએ તો થઈ જાય. આ નકલ કરવાની ચીજ નહોય. આ તો મોટામાં મોટી અજાયબ ગિફ્ટ કહેવાય !

તેથી તમે બાંકડા પર ના બેસી રહેતા, નહીં થાય એ. આ પાછી નકલ કરવા જાવ તો વેશ થઈ જાય ! એ બહુ જણ નકલ કરવા ગયા. લોક જાણે કે આ એમણે કર્યું હશે, લાવ, હુંય નકલ કરું, નકલ કરવાની દાનતવાળા આવેલા. જે રીતે કર્યું હોય, એવી રીતે મનેય જ્ઞાન થઈ જાય એવું.

**પ્રશ્નકર્તા :** ફાયદો દેખાય એની તો સહુ નકલ કરે. બધા જ નકલ કરે, ફાયદો દેખાય એટલે પછી !

**દાદાશ્રી :** હા, પણ એની લોક નકલ કરે તેનો વાંધો નથી, પણ એને તો નકલ કરી અને જ્ઞાની થઈ જવું હોય મારા જેવું. પછી લોક મને પૂજે, એવી દાનતથી એ ફાયદો ખોળે છે.

**પ્રશ્નકર્તા :** એ વાંધો શું ?

**દાદાશ્રી :** ફાયદો મોક્ષના માટે ખોળવો જોઈએ. પૂજાવા માટે ખોળવાનો છે કે મોક્ષ માટે ?

**પ્રશ્નકર્તા :** ના, મોક્ષ માટે.

**દાદાશ્રી :** તે પેલા પૂજાવા માટે મારી પાસે ખોળે. તે ગલીપચી મને કર્યા કરે. કંઈક રસ્તો દેખાડો. અરે મૂઆ, આ મેં નથી કર્યું આ !

**પ્રશ્નકર્તા :** થઈ ગયું છે.

**દાદાશ્રી :** થઈ ગયું છે આ તો બધું.

## વિકલ્પી જાતે નિર્વિકલ્પી ક્યારેય પણ ના થાય

નકલ કરવા જેવી નથી આ, નહીં તો ફસાઈ જઈશ. એની મેળે જ થઈ ગયું છે આ, સ્વાભાવિક રીતે. હા, પણ મારી પાસે તું આવું તો તને સ્વાભાવિક રીતે થઈ જાય ખરું. તું પ્રયત્ન કર, મારી પાસે આવ. કારણ

કે મારો દીવો સળગ્યો છે તો હું તારો દીવો સળગાવી આપું. અને તું જાતે સળગાવવા જઈશ તો નહીં સળગે. આ દુનિયાનો કાયદો છે એવો. કારણ કે વિકલ્પી નિર્વિકલ્પી ક્યારેય પણ ના થાય. વિકલ્પી હોય તે નિર્વિકલ્પી થાય ખરો ? કારણ કે આ બીજ જુદી જાતનું અને આ બીજ જુદી જાતનું. વિકલ્પી જેટલા વિકલ્પ કરે, એટલો નિર્વિકલ્પ થાય કે વિકલ્પ જ આવે ? તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** વિકલ્પ જ આવે.

**દાદાશ્રી :** વિકલ્પ જ આવે, નિર્વિકલ્પ ના આવે. અને નિર્વિકલ્પી તો, એ નિર્વિકલ્પી પોતાનું પદ હોય, તો આમ એના પર કૃપા ઊતરે તોય નિર્વિકલ્પ પદ થઈ જાય. અને નિર્વિકલ્પ પદ થઈ જાય એટલે પછી પરમેનન્ટ શાંતિ થઈ જાય.

પોતે વિકલ્પી અને નિર્વિકલ્પી ખોળવા નીકળ્યો છે ! અલ્યા મૂઆ, વિકલ્પીમાંથી નર્યા વિકલ્પ જ જન્મે. આખું બીજ જ વિકલ્પીનું છે. તો બધા જેટલા પાંદડા, ડાળાં બધું વિકલ્પો. એ તો નિર્વિકલ્પ બીજ જોઈએ. કાં તો નિર્વિકલ્પ જ્ઞાની પુરુષની પાસે આપણે જઈએ તો છુટકારો થાય, નહીં તો છુટકારો કેમ થાય તે ?

## રસ્તો દેખાડું તોય જાતે નહીં પામી શકો, કૃપાથી થાય

માટે કોઈ કહેશે, કે 'મેં જાતે કર્યું છે.' તો તે જ્ઞાન અધૂરું રહે છે. આ તો નેચરલી એની મેળે થયું છે. જો કર્યું હોય તો એંસી ટકા વિકલ્પ ઓછો થયો તો વીસ ટકા બાકી રહે. આ તો સો ટકા નિર્વિકલ્પ છે, આ વીતરાગ વિજ્ઞાન છે.

અને તમનેય આજે થશે તેય બટ નેચરલ, કારણ કે સંજોગો ભેગા થાય ને, ત્યારે થાય એનું નામ બટ નેચરલ. તમારું આમાં શું કહેવાય ? એ તો મારી પાસે આવો એટલે પમાય. તમે જાતે નહીં પામી શકો, હું રસ્તો દેખાડું તોય જાતે નહીં પામી શકો. એટલે મારી પાસે આવો ને અહીં મહીં ભગવાન પ્રગટ થયા છે, એમની કૃપા ઊતરે એટલે થઈ જાય.

હું તો જ્ઞાની પુરુષ છું, મહીં ભગવાન પ્રગટ થઈ ગયા છે. હું કહું આમ કરીને, એ ભગવાનની કૃપા ઊતરે એટલે થઈ જાય.

**પ્રશ્નકર્તા :** આપની સ્થિતિએ અમારા બધાથી પહોંચાય ખરું ?

**દાદાશ્રી :** આ સ્થિતિએ નહીં, પણ મોક્ષે જવાને માટે બધું તમારું સાધન તૈયાર થઈ જાય, બે-ત્રણ અવતારમાં. અહીં તમને મોક્ષ થઈ જાય. અહીં તમને મોક્ષ લાગે, જનકવિદેહી કરતાં ઊંચી જાતનો.

## બધાને આવી રીતે થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમારા જેવું એકાએક જ્ઞાન કંઈ મળે નહીં સામાન્ય વ્યક્તિને.

**દાદાશ્રી :** ના બની શકે. મને પણ પોતાને લાગતું'તું કે મને આવું કોઈ જ્ઞાન થાય નહીં, પણ તે આવું થઈ ગયું કંઈક.

**પ્રશ્નકર્તા :** હા, પણ આપના દ્વારા જ્ઞાન બીજાને થાય છે.

**દાદાશ્રી :** હા, એ થાય છે, એ બની શકે. એક દીવો હોય તો બીજો દીવો સળગાવી શકાય ખરો, પણ પહેલો દીવો શરૂ થવો મુશ્કેલ છે.

**પ્રશ્નકર્તા :** એક દીવો કુદરતી રીતે સળગી ગયો, તો એવા બીજા દીવા કુદરતી રીતે કંઈ પણ પ્રયત્ન વિના સળગી શકે ?

**દાદાશ્રી :** એ બની શકે. પણ ભાગ્યે જ કો'ક વખત બને. તેય પાંચ-દસ હજાર વરસે એકાદો કો'ક. આ હોય નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે આ દરેકના માટે એવું જ હોય, બટ નેચરલ થાય ?

**દાદાશ્રી :** ના, ના થાય. કો'કને થઈ જાય. એ થાય એવું નથી.

**પ્રશ્નકર્તા :** દાદાજી, અમારે માટે એ બટ નેચરલ જે હોય એ કેમ થતું નથી ?

**દાદાશ્રી :** તમારા માટે શી રીતે થાય ? એ તો જેનો વારો આવે ને,

એને થાય. આ બધું વારામાં છે આ દુનિયામાં. આ દુનિયા વ્યવહારથી ચાલે છે, નિયમથી ચાલે છે. આ દુનિયા કોઈ દહાડોય નિયમની બહાર ગઈ નથી.

**પ્રશ્નકર્તા :** વારાને વહેલું કરી શકાય ?

**દાદાશ્રી :** વહેલું કરવાની કશી જરૂર નથી. તમે અહીં આવીને દર્શન કરશો ને, તો દર્શનમાં તમને જે મારી પાસે છે એ બધી વસ્તુ મળશે, એમ ને એમ. ખાલી દર્શનથી જ મળશે, તમારે બીજું કશું કરવાનું નહીં. ખાલી દર્શનથી જ. પણ તે કેવું, અભેદ દર્શન હોવું જોઈએ.

## આવી મોટી અનુભૂતિ થશે એ ખ્યાલમાં નહીં

**પ્રશ્નકર્તા :** સુરતમાં જે અનુભૂતિ થઈ, તે શેના આભારી છે ? એટલે કે પોતાની કોઈ પણ પૂર્વતૈયારી હતી કે કેમ ?

**દાદાશ્રી :** આ અનુભૂતિની તૈયારી તો ખરી જ જાણે કે, નિરંતર, કાયમને માટે. પણ આવી મોટી અનુભૂતિ થશે એવું ખ્યાલમાં નહીં. જે પદની અનુભૂતિ થઈ તે પદનો ખ્યાલ નહીં. એટલે આ ઘણા ઊંચા પદની અનુભૂતિ થઈ ગઈ. હવે એ ખ્યાલની બહાર હતું આ, કેમ કે આવું પદ તો પ્રાપ્ત જ ના થાય એવું માનેલું હોય. પણ એની તૈયારી તો હતી જ. કારણ કે એને માટે જ જીવન હતું, લાઈફ હતી. બિઝનેસ-બિઝનેસ બધું એના માટે જ, લગ્ન-બગ્ન બધું એને માટે જ. આ જે જે ક્રિયા કરવામાં આવે છે, તે એનો મૂળ હેતુ એ. એટલે પોતાની પૂર્વતૈયારી તો હતી.

**પ્રશ્નકર્તા :** પૂર્વતૈયારી ન હોત તો અનુભૂતિ થઈ શકત ?

**દાદાશ્રી :** એ ન હોત તો થાય કે ન થાય એ હું કંઈ જ કહી શકું નહીં. કોઈને થાય ને કોઈને ના પણ થાય. મને પણ ના થઈ હોત.

**પ્રશ્નકર્તા :** ઘણી વ્યક્તિઓ ધર્મિષ્ઠ નથી હોતી છતાં તેમને આ પ્રકારની...

**દાદાશ્રી :** થાય, થઈ શકે એને. કારણ કે એનો કાળ પાકે છે, ત્યારે બધું વિખરાઈ જાય છે. એકદમથી જ એ અજવાળું થઈ જાય.

## સંસારી વૃત્તિ નહીં, વીતરાગો તરફ નિરંતર સિન્સિયારિટી

એટલે મારું ધારેલું નથી થયું. એની મેળે કુદરતી સંજોગો બાઝ્યા. જેમ માણસને કુદરતી સંજોગ બાઝ્યા ને પૈસાવાળા થઈ જાય છે ને ?

**પ્રશ્નકર્તા :** સંજોગોમાં કયો માર્ગ લીધો એ ઉપરથી જ્ઞાની થયા ?

**દાદાશ્રી :** કશુંય નહીં. માર્ગ તો બધા જ ધર્મો મારી પાસે હતા અને કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રનો માર્ગ હતો, ગીતા હતી, બધું હતું પણ તે બધામાં કેટલાક જૈનના આચાર હતા મારે. આ છે ને, તે કંદમૂળ ત્યાગ હતો.

**પ્રશ્નકર્તા :** આપનામાં અહિંસાભાવ વધારે હતો ?

**દાદાશ્રી :** હા, અહિંસાભાવ ઘણો વધારે હતો. અને એ બીજા સંજોગ, પૂર્વ અવતારના બધા હશે સંજોગ, તે ભેગા થઈ ગયા. તે એની મેળે અજવાળું થઈ ગયું, ૧૯૫૮માં.

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન પહેલા મંથન કર્યું હશે ને ?

**દાદાશ્રી :** આખા વર્લ્ડની કોઈ ચીજ બાકી નથી રાખી વિચારવાની. વર્લ્ડમાં કોઈ ચીજ એવી નથી કે વિચાર્યા વગર બાકી રાખેલું હોય ! તેથી આ 'જ્ઞાન' આવેલું. અહીં તમે બે શબ્દ બોલો ત્યાં સુધીમાં મારે મહીં પદ આખું ચાલી જાય. એક મિનિટના પાંચ-પાંચ હજાર રિવોલ્યુશન ફરે. ગમે તેવા શાસ્ત્રોનો સાર બે મિનિટમાં કાઢી લઉં !

તે સ્ટડી બધાનો કરેલો, ભક્તો-બક્તો બધાનો જ, કબીર, નરસિંહ મહેતા, એ બધાનો, શ્રીમદ્ રાજચંદ્રનું વિશેષ હતું.

**પ્રશ્નકર્તા :** એટલે ધાર્મિક વૃત્તિ પહેલેથી ?

**દાદાશ્રી :** પહેલેથી, પહેલેથી. અને સંસારી વૃત્તિ નહીં બહુ પહેલેથી. તેમજ નિરંતર વીતરાગો તરફ સિન્સિયારિટી હતી. નિરંતર સિન્સિયારિટી, વીતરાગો તરફ, કૃષ્ણ ભગવાન તરફ ! આ સંસારની રુચિ નહોતી, સંસારનો લોભ નામેય નહોતો. જન્મ્યો ત્યારથી જ લોભ નહોતો.

જ્યારે જન્મ થયો ત્યારથી લોભ મારી પ્રકૃતિમાં જ નહોતો. અહંકાર ને ક્રોધ ને એ બધું ખરું, અહંકાર ભારે. જરાક જો લોભ હોત ને, તો અહંકાર ઓછો હોત. લોભ બિલકુલેય નહીં. લોભની વાત કોઈ કરે ને, તો હું સાંભળુંય નહીં. વેપારમાં કમાણી થઈ ગઈ, તો મને કંઈ જરૂર નહીં. અહંકાર ભારે, 'હું કંઈક છું.' અને તેમાં સરવાળે હું જોવા જઉં તો કશું જ નહોતું મહીં. મારી વૅલ્યૂ (કિંમત) જ નહીં. મહીં કશુંય નહીં ને મનમાં અહંકાર ભારે બધો. હવે આ તો આવડું મોટું સૉલ્યુશન શી રીતે પાર લાવવું તે ? તે પણ મનમાં એમ લાગે કંઈક વેશ થશે ખરું આ ! અને તે સુરતના સ્ટેશને કંઈ આવું માનેલું નહીં એવો બધો ઉઘાડ થઈ ગયો.

હું તો પોતાની જાતને એમ જ માનતો'તો, કે આવું પદ ક્યાંથી મને પ્રાપ્ત થાય ? સપનામાંય મારે નહોતું આવતું. અને આવા પદને માટે મેં ટ્રાયેય નહોતો કર્યો. મેં તો આત્માનો સહેજ ઉઘાડ થાય એવો પ્રયત્ન કરેલો. કંઈ ઉઘાડ થાય તો સારું, કંઈક આ શાંતિ રહે. મનેય પાર વગરની ચિંતા થતી'તી.

## જ્ઞાનીઓને મળતી આવે એવી સમજણ હતી

**પ્રશ્નકર્તા :** પણ આ એકાએક થયું, તો એના પહેલા થોડી કંઈ ભૂમિકા તો આવી હશે ને ?

**દાદાશ્રી :** ભૂમિકા તો આ ભવમાં મને દેખાઈ નથી. કારણ કે આ જ્ઞાન થયાના આગલે દહાડે તમે મને જુઓ ને, તો તમને સામાન્ય માણસ લાગે, કે આ કોન્ટ્રાક્ટનો ધંધો કરે છે ને ! મને પોતાનેય સામાન્ય લાગે ને !

હું તો એક શ્રીમદ્ રાજચંદ્રનો સાચો ભક્ત હતો. જ્ઞાની પુરુષેય નહીં. એટલું લાગે કે બધા કરતાં સમજણ મારી જરા ઊંચી છે. પણ તે મારી જાતને હું એની બાદબાકી કરી નાખું, કે 'દરેકને એવું જ હોય ને !' એવું કહીને બાદ કરી નાખું. હું જેવું માનું છું, એવું બીજો નહીં માનતો હોય એવું ?

**પ્રશ્નકર્તા :** હા, માને.

**દાદાશ્રી :** એટલે મારી માન્યતા ખોટી છે, એમ કરીને બાદ કરી નાખું. પણ સમજણ કેવી હતી ? જ્ઞાનીઓને મળતી આવે એવી હતી. સાંભળ્યા ના હોય એમના વાક્યો, તોય મળતી આવે એવી. એટલે મને લાગેલું 'કંઈક છે ખરું.' 'શું છે' એવું નહીં માલૂમ પડેલું. અને આ ભભૂક્યું તો બહુ મોટું ભારે ભભૂક્યું.

**પ્રશ્નકર્તા :** હા, કલ્પનાતીત !

**દાદાશ્રી :** હં. આ તો કુદરતે કંઈ મોટામાં મોટું પદ આપી દીધું. જે કલ્પનામાંય ના આવે, કલ્પના બહારનું પદ આપી દીધું ! આ તો આવું દુનિયામાં કોઈને ફળ ના મળે એવું ફળ મળ્યું.

## સમકિત થશે એવું લાગેલું

**પ્રશ્નકર્તા :** દાદા, પણ જ્ઞાન થયા પહેલા આપને આવું જ્ઞાન થશે એવું કોઈ વાર લાગતું હતું ?

**દાદાશ્રી :** આ ભવમાં તો મને એમ લાગતું'તું, કે આવું બધું હોય નહીં ! આ પ્રાપ્ત થશે એવું વિચારમાં જ ના આવે ! અને આવા કાળમાં, દુષમકાળમાં, ભયંકર દુષમકાળમાં ! અને આ પોસ્ટ મને પ્રાપ્ત થાય, એવું તો વિચારમાં જ ના આવેલું.

એવું છે ને, હું આપને કહી દઉં, કે મારી પોતાની અડતાલીસ વર્ષની ઉંમરે, ત્યાં સુધી મને પોતાને એમ જ લાગ્યા કરતું'તું, કે મને કંઈક અજવાળા જેવું થશે, કંઈક સમકિત, સમ્યક્ દર્શન જેવું થશે, એવું લાગતું'તું મને. આ અવતારેય કંઈક એવું કરેલું, કે કંઈ અજવાળું થશે સાધારણ, તે આ આમાંનું એક જ લાઈટ હોય એવું. મોક્ષે જવાને માટે મારું પોતાનું માર્ગદર્શન મળી રહે, એવું અજવાળું થશે એવું માનેલું. પણ આ તો એય ! મોટું ટૉર્ચ લાઈટ થયું બધું ! જબરજસ્ત !

મને એમ લાગેલું કે કંઈક અજવાળું દેખાશે, આ અંધારું જશે. અંધારામાં રોજ ભટકાઈ ભટકાઈને થાકીએ છીએ. રોજ ઠોકરો વાગે કે ના વાગે અંધારામાં ? કેટલી ઠોકરો વાગે ?

**પ્રશ્નકર્તા :** બહુ.

**દાદાશ્રી :** હવે એ ઠોકરો આમ વાગી વાગીને મારે તો આ અંગૂઠા ઘસાઈ ગયેલા. એટલે મનમાં એમ લાગ્યું કે કંઈ અજવાળું દેખાશે, ઠોકર વાગતી બંધ થશે એટલું ખરું મહીં. મને સમકિત થશે, એવું મને ખાતરી થયેલી, કે મને કોઈ પણ રસ્તે સમકિત થશે.

**પ્રશ્નકર્તા :** એ પહેલાથી જ થતું હતું ?

**દાદાશ્રી :** પહેલેથી એમ લાગે ખરું, કે મને સમ્યક્ દર્શન થશે. મનમાં એમ લાગે, કે મારું દર્શન કંઈક સારું છે. આ લોકો કહે કે સમકિત થતું નથી, પણ મને 'થશે' એવું લાગેલું. કંઈક થશે ખરું. અને અમારા ભાગીદારેય કહેતા'તા કે તમને કંઈક થવું જોઈએ.

મને એટલું ખ્યાલમાં આવતું'તું, કે કંઈક મારી સમજ એવી આવશે, કે જે મને સ્થિરતા રાખશે, હરેક બાબતમાં. એટલી સમજ આવી જશે એવું મારા માન્યામાં હતું. પણ આ તો એ સમજથી તો બહુ ઊંચી સ્થિતિએ ગયો. જેને સ્થિતપ્રજ્ઞ કહે છે ને, એના કરતાં ઊંચી દશા એમ.

**પ્રશ્નકર્તા :** પણ નાનપણથી એમ લાગતું હતું, કે મને સમકિત થશે ?

**દાદાશ્રી :** ના, નાનપણથી નહોતું લાગતું. એવી આ મને સમકિતની સમજણ જ નહોતી. અમે તો વૈષ્ણવને ત્યાં જન્મેલા. મને એટલું લાગતું'તું, કે ભગવાનને મારે ખોળી કાઢવા છે. પહેલેથી ઈચ્છા એ જ, આ શોધખોળ કરવી છે. દેહનું જે થવાનું હોય તે થાય, પણ આ શોધખોળ કરવી છે.

## પરવશતા ક્ષણ વાર પોસાય નહીં, તે નિરંતર આનું જ શોધન

**પ્રશ્નકર્તા :** દાદા, આ તમને જે જ્ઞાન પ્રાપ્ત થયું, તે પહેલા આઠ-દસ વર્ષ તમારી સાધના તો છે, તમે જે કંઈ સાધના ગણતા હોય.

**દાદાશ્રી :** નહીં, આમાં ને આમાં જ, એ નિરંતર મારું શોધન તો આનું આ જ હતું.

**પ્રશ્નકર્તા :** હતું ને, હા, એમ !

**દાદાશ્રી :** નિરંતર આનું આ શોધન. કારણ કે એક ક્ષણ પરવશતા સહેજ પોસાય નહીં. એક ક્ષણ પણ પરમાત્માની પરવશતા પણ પોસાય નહીં જે પુરુષને.

**પ્રશ્નકર્તા :** બરાબર છે. એ સાચો પુરુષાર્થ મળી ગયો ને તમને.

**દાદાશ્રી :** નાનપણથી ઉપરીપણું પોસાય નહીં. બધું આપી દેવા તૈયાર છું પણ ઉપરીપણું નહીં પોસાય. તે આ લક્ષણો ઉપરથી મને માલૂમ પડ્યું, કે ઓહોહો, લક્ષણ તો બધા ઊંચા હતા !

## તેરમે વર્ષે જાગેલી વિચારણા પચાસમે વર્ષે ફળીભૂત થઈ

નાનપણથી ઈચ્છા હતી, કે મારો ઉપરી ભગવાન પણ ના જોઈએ.

**પ્રશ્નકર્તા :** હું જ મારો ભગવાન.

**દાદાશ્રી :** ના, એટલે મારો ઉપરી ભગવાન નહીં જોઈએ.

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એમ જ ને, કે હું જ મારો ભગવાન ?

**દાદાશ્રી :** ના, એ બધી જરૂર નથી મારે. મારે તો ઉપરી કોઈ ના જોઈએ.

હું બધા ધર્મોનું અર્થઘટન કર્યા કરતો'તો. અને મારે એક શોધી કાઢવું'તું, કે ભગવાનને શોધવા જોઈએ, પણ ભગવાન ઉપરી ના જોઈએ. ભગવાન ઉપરી હોય એ કેમ પસંદ ? મને પસંદ નથી. ઉપરી હોય એટલે તો પછી આપણને ડર જ રહે ને, એનો. અને ડર છે તો એના કરતાં સંસાર શું ખોટો છે ? એટલે મારે એ તેર વર્ષની ઉંમરે આ વિચારણા જાગેલી, તે છેવટે ફળીભૂત થઈ, પચાસ વર્ષની ઉંમરે. તે મને જડી ગયું, મારો ઉપરી કોઈ છે જ નહીં વર્લ્ડમાં.

**પ્રશ્નકર્તા :** તેરમે વર્ષે આવા ઉચ્ચ કક્ષાના વિચારો આપને હતા

અને ૧૯૫૮માં આપને જ્ઞાન થયું, પોતાની જાતે સ્વયં, પણ એના માટે કંઈ પૂર્વજન્મના આપના કંઈ ઊંચા સંસ્કારો તો હોવા જોઈએ ને ?

**દાદાશ્રી :** બહુ ઊંચા સંસ્કાર હોવા જોઈએ, એ હું માનું છું. કારણ કે મને નાનપણથી જ વૈરાગ વર્તતો'તો હરેક બાબતમાં.

## છૂટવાની ભાવનાઓ અનંત કાળથી

**પ્રશ્નકર્તા :** એટલે તમને આ આત્મજ્ઞાન તરફ લઈ જવા માટે પાછલા ભવોનો વૈરાગ્ય પણ એક કારણ બની ગયો ?

**દાદાશ્રી :** તે મારી ઘણા અવતારોની ભાવના હતી, કે આ સંસારમાં એક ક્ષણ વાર રહેવા જેવું નથી. અને મને નિરંતર ભયવાળું જ લાગતું'તું જગત. એટલે ગમે તેટલા પૈસા હોય, બીજા ગમે તેટલા સુખ હોય પણ એ સુખ મને સુખ લાગતા નહોતા. એ મારી જે દશા છે તે મને આ તરફ લઈ ગઈ. એ મારી દશા છે, એટલે તમે જે કહો એ છોડી દેવા તૈયાર છું. અને મમતા મને નાનપણથી એટલી હતી જ નહીં, બહુ જૂજ મમતા હતી.

એ કંઈ છૂટવાની ભાવનાઓ અનંત કાળથી થઈ હશે. 'કોઈ પણ રસ્તે છૂટવું છે, ને મારે આ ઉપરીપણું નહીં ચાલે' એ તો ભાવના હશે જ, એવું મને લાગ્યું.

## અધ્યાત્મની બીજી દુકાનોમાં ઊભો નહોતો રહ્યો

**પ્રશ્નકર્તા :** પેલી વાત પૂરી કરો ને, દાદા, કે તમને થયું કે ઉપરી કોઈ ના જોઈએ, તો એ વાત તમને આ મોક્ષમાર્ગમાં કઈ રીતે હેલ્પફુલ થઈ પડી ?

**દાદાશ્રી :** એ મારા મગજમાં જે પાવર રહ્યો, તે આ બીજા અધ્યાત્મની શાકભાજી વેચતા હોય ને, ત્યાં ના ઊભો રહ્યો. આપણે ત્યાં અધ્યાત્મની શાકભાજીની દુકાનો બહુ છે. પણ આ પાવરને લીધે આ માલ હું કંઈ માર્કેટમાં લેવા નીકળ્યો નથી આવો. હું શોધન કરતો'તો.

તે બધા પુસ્તકો શોધી વળ્યો, બીજું શોધી વળ્યો, ત્રીજું શોધી વળ્યો. તેય કંઈ વળત નહીં, પણ પહેલાનું કંઈ લાવેલો તે જ પ્રગટ થઈ ગયું છે આ.

## જગત કલ્યાણ કરવાની ભાવના ખરી

**પ્રશ્નકર્તા :** તમને પહેલેથી જગત કલ્યાણની ભાવના પણ હતી જ ને ?

**દાદાશ્રી :** જગત કલ્યાણ કરવાની ભાવના ખરી મહીં અંદરખાને. આ લોકો દુઃખમાંથી મુક્ત કેમ થાય ? એવી મહીં ભાવના બહુ સખત રહે. કેમ કરીને આ લોકોના દુઃખ ઓછા થઈ જાય ને આ લોકોના દુઃખ કેમ મટી જાય, એ નાનપણથી આ ભાવના ! અને ઓબ્લાઈજિંગ નેચર (પરોપકારી સ્વભાવ).

**પ્રશ્નકર્તા :** દાદા, એવા તો નિઃસ્વાર્થ લોકસેવકો ઘણા છે. નથી એમ નથી હિન્દુસ્તાનમાં, પણ એનાથી થતું નથી કશું.

**દાદાશ્રી :** હા, ઘણા છે. પણ મારા મનમાં ભાવના આની આ જ, એમાં જ આખી જિંદગી ગયેલી. એટલું હું જાણું, શું બન્યું તે. એટલે ધંધો તો મેં આ ખરી રીતે કર્યો જ નથી, જોવા જાય તો. ખરી રીતે આ જ કર્યું છે. બાકી બીજું કશું તો વધારે થયું નથી અમારે.

આ લોકોનું કેમ કરીને કલ્યાણ થાય એવી ભાવના હતી, તો કંઈક આ ઊભું થઈ ગયું એની મેળે, કુદરતી રીતે. લોકોના દુઃખ જોઈને સહન થતું નહોતું. અને કુદરતી હું લોકોના દુઃખ મટાડવાની દવાવાળો હતો પહેલેથી, નાનપણથી, એટલે મને દુઃખ થાય નહીં. કારણ કે હું ડૉક્ટર. દુઃખના ડૉક્ટરને દુઃખ થાય નહીં.

એક ભાઈ મને પૂછતા હતા, કે 'આ જ્ઞાન થતા પહેલા તમે શું શું કરતા હતા, શું વાંચતા હતા, જેનાથી આ જ્ઞાન થયું ?' મેં કહ્યું, 'શાસ્ત્રો ને જ્ઞાનને કંઈ લેવાદેવા નથી. પોતાના ધંધાની સોદાબાજી કરી જ નથી. એ કરુણાથી જ્ઞાન પ્રગટ થઈ જાય. કરુણાથી જ જ્ઞાન ઉત્પન્ન થાય.' કારુણ્યતાનું બીજ પડ્યું છે એને જ્ઞાન પ્રગટ થયા વગર રહે જ

નહીં ! પોતાના સુખનું નહીં પણ સામાને શું અડચણ છે તે જ રહ્યા કરે તે કરુણા. અમને નાનપણથી જ સામાની અડચણોની પડેલી. પોતાના માટે વિચાર ના આવે તે કારુણ્યતા કહેવાય ને તેનાથી જ જ્ઞાન પ્રગટ થાય. બાકી શાસ્ત્રો વાંચ વાંચ કરવાથી કંઈ જ્ઞાન પ્રગટ ના થાય. શાસ્ત્રો ને જ્ઞાનને કંઈ જ લેવાદેવા નથી.

## પૂર્વભવમાં બહુ મોટી સાધનાઓ કરીને આવેલો છું

મને એમ નહોતું લાગ્યું કોઈ દહાડો, કે આ જ્ઞાનને હું પાત્ર હોઉ. મેં મારી પાત્રતા તો જુદી માનેલી ને આમ બની ગયું જુદું. હું કશું કરવા ગયો ને આવું કશું થયું, એવું નથી. હું કરવા ગયો શું અને થઈ ગયું શું ! હું તો આટલુંક ખીર બનાવવા ગયો'તો, દૂધ-ચોખા નાખીને. પણ આ તો કઢૈયું છે તે અમૃત થઈ ગયું. આ તો મને ખબરેય નહોતી, કે આવું જ્ઞાન મને થાય. અને આ કાળમાં હોતું હશે ?

**પ્રશ્નકર્તા :** પણ તમારી આરાધના તો ખરી જ ને ? તમે જે કંઈક સંકલ્પ કર્યો હશે, એ તમારી આરાધનાનું ફળ છે.

**દાદાશ્રી :** આ ભવની આરાધના નથી એવી.

**પ્રશ્નકર્તા :** ભવોભવની આરાધના.

**દાદાશ્રી :** પૂર્વભવમાં બહુ મોટી સાધનાઓ કરીને આવેલો છું. પૂર્વભવનું બહુ મોટું લઈને આવેલો છું, જબરજસ્ત લઈને આવેલો છું. અનંત અવતારનું લઈને આવ્યો છું. આખા વર્લ્ડનો સિદ્ધાંત લઈને આવ્યો છું. આ બાહ્ય વિજ્ઞાન છે અને આ અંતર વિજ્ઞાન છે. આખું અંતર વિજ્ઞાન, સિદ્ધાંત હું લઈને આવેલો છું. એટલે કેટલા અવતારનું લઈને આવ્યો હોઈશ ?

અનંત અવતારથી આ લઈને આવેલો. આ વર્લ્ડને છોડાવવા માટે ઊંચામાં ઊંચું સાધન લઈને આવ્યો છું. આ અનંત જન્મોનું બધું, અને ઊંચામાં ઊંચું સાધન ! આ જ વિજ્ઞાન ખોળતો'તો, તે આ વિજ્ઞાન મને આ ફેરે પૂરું થઈ ગયું, ને તરત બહાર પડી ગયું.

## કોઈનું જ્ઞાન હિસાબમાં નહોતું આવતું

પાછળ ગુરુઓ મળેલા, જ્ઞાનીઓ મળેલા, તેમાંથી સામાન લઈને આવેલા. એ પૂર્વનો સામાન બધો ભેગો થયેલો. મને એમ ખરું કે મહીં છે આપણી પાસે. મહીં કંઈક છે, એટલું ખબર ખરી. તેની જરા ઘેમરાજી રહ્યા કરે. પણ બીજી આ ભવમાં મને કંઈ ખબર પડેલી નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર. દાદા, પૂર્વજન્મનું કંઈ આપની પાસે ભાથું હોય તો જ આ જ્ઞાન પ્રાપ્ત થાય, નહીં તો થઈ શકે નહીં.

**દાદાશ્રી :** હશે જ, કંઈક હશે. ત્યારે જ પ્રાપ્ત થાય. મને ત્યાર પછી સમજાયેલું કે કંઈક હશે. પણ જ્ઞાન પહેલા મને પોતાને સમજાયેલું નહીં કે ભાથું છે એવું. પણ અહંકાર મહીં બહુ જબરો હતો, કે હારું કશું આવડે નહીં ને મેં કહ્યું, આ અહંકાર શાનો છે આટલો બધો ?

આટલા બધા શાસ્ત્રો વાંચ્યા પણ મને કોઈ જ્ઞાન હિસાબમાં નહોતું આવતું, પછી તે ગમે તે હો. અને પાછો મારો દાવોય નહોતો કે મારી પાસે એવું કોઈ જ્ઞાન છે એવું. પણ હિસાબમાં નહોતું આવતું.

**પ્રશ્નકર્તા :** એ તો બે વસ્તુ કેવી રીતે બને, હિસાબમાં નહોતું આવતું ને મારો દાવો નથી એ ?

**દાદાશ્રી :** હિસાબમાં નહોતું પણ જ્ઞાન કોઈ હતું જ નહીં.

**પ્રશ્નકર્તા :** એ કેમનું બને ?

**દાદાશ્રી :** હા, પણ એવું જ બન્યું આ. વગર માલે અહંકાર બહુ પાર વગરનો ! એ પૂર્વનો અહંકાર હશે કંઈક. આ તો સાંધા મેળવવા ગયો તોય મળતા નથી.

## અન્ટાઈમલી બૉમ્બ હતો, એનો ટાઈમ થયો એટલે ફૂટ્યો

આગળનો બધો તૈયાર થયેલો માલ. આ તો થોડાક એને માટે બાકી રહેલું, તે લાઈટ થઈ ગયું એની મેળે.

જેમ માણસને સપનું આવે ને, તો આપણે તપાસ કરવા જઈએ, કે શું કારણથી આ સપનું આવ્યું ? તો કારણ ન જડે. એવી રીતે આ સપનાની માફક થઈ ગયું પ્રગટ, અને મેં અનુભવ્યું જગત.

આ તો પૂર્વભવનું પહેલાનું કંઈ કરેલું હશે ને, તે પ્રગટ થયું. અને તે જાણેલું હશે ને, તે પ્રગટ થયું બધું.

આ તો કંઈ કેટલાય અવતારોનો ભરેલો મસાલો હશે, તે ફૂટ્યો એકદમ. બાકી પુસ્તકનો માલ આમાં હું બોલું છું એમાંનો કોઈ નથી. પુસ્તકનો માલ જ નથી. એટલે કંઈક પાતાળ ફૂટ્યું આ તો. ખૂટે જ નહીં, આજે વીસ વર્ષથી બોલું છું પણ ખૂટતું જ નથી, જ્યાંથી બોલ્યો ત્યાંથી.

આ તો બૉમ્બ ફૂટ્યો. ક્યારે ભર્યો ને શી રીતે ભર્યો એ ભગવાન જાણે. પણ પછી લોકો કહે છે, કે 'એમ ને એમ તો થાય ?' મેં કહ્યું, 'પહેલા કંઈક ભર્યું હશે.'

**પ્રશ્નકર્તા :** દારૂગોળો ભર્યો હશે.

**દાદાશ્રી :** કંઈક, હા, તે ને તે જ ફૂટ્યો છે આ, સંજોગો મળતા. અન્‌ટાઈમલી બૉમ્બ હતો, એનો ટાઈમ થયો એટલે ફૂટ્યો. અને સુરતના સ્ટેશને અને બાંકડા ઉપર ફૂટ્યો.

દારૂ ભર્યા વગર કોઠી ફૂટે જ નહીં. અને તમેય ભરેલું પણ ખબર ના પડે ને તમને, શું માલ ભરેલો છે તે ?

**પ્રશ્નકર્તા :** તમે જ્ઞાની પુરુષ જાણી શકો, કે અમારામાં કેટલો માલ છે ?

**દાદાશ્રી :** અમારે જાણીને શું કામ તમારું ? અને અમારે છે તે આ બીજા બધાનું જાણીને શું કરવાનું ? મારે કામ હોય એટલાનું જોઉં. બીજા બધાનું જોવા જઈએ તો ક્યારે પાર આવે ?

**પ્રશ્નકર્તા :** મારે મારું જોવું છે, કે મહીં કેટલો માલ છે ? અમે કેટલા રસ્તે છીએ ?

**દાદાશ્રી :** ના, એ મારે જોવા કરતાં હું તમને જ ચશ્મા આપીશ. એનાથી તમે તમારું જોજો ને !

## તાલુકાના ઠાકોરને જાણે ચક્રવર્તી રાજ મળ્યું

હું તો સામાન લઈને આવેલો ને, તે ફૂટ્યું આ ભવમાં, એમ ને એમ જ ફૂટ્યું. પણ છતાંય કોઈ કહે, કે 'જાતે જ્ઞાની થયા ?' મેં કહ્યું, 'ના, બા. જાતે કોઈ માણસ થઈ શકે નહીં, આ પહેલાનો હિસાબ છે.' પણ આ ભવમાં તો હું એને શું કહું છું ? ધીસ ઈઝ બટ નેચરલ. કારણ કે મારું શું ગજું આ આટલું મોટું ?

પણ થયું ખરું હકીકતમાં, મેં જોયું. અને તે મોડું મોડું થયું એ. હવે લ્યો પચાસ વર્ષની ઉંમરે ! જો થવું'તું, તો વહેલું થયું હોત તો શું ખોટું હતું ?

**પ્રશ્નકર્તા :** એ આપણા હાથની વાત નથી ને !

**દાદાશ્રી :** લોકોનું કલ્યાણ થવાનું છે અવશ્ય, નહીં તો આવું બધું બને નહીં. મેં તો સપનેય આવી આશા નહીં રાખેલી. મને તો આ ખ્યાલેય નહોતો, કે આવડી વસ્તુ મને પ્રાપ્ત થશે. જેમ એક તાલુકાનો ઠાકોર હોય ને, એને ચક્રવર્તી રાજ આખું મળી જાય, તે એને કેટલો બધો આનંદ થાય ? એવું થઈ ગયું મને. આમ તો પટેલ એટલે ક્ષત્રિય પૂરો. અને ક્ષત્રિયના હાથમાં ચક્રવર્તીનું રાજ આવે તો કેટલો બધો એને આનંદ થાય ?

## અનંત અવતારથી કર્યા કર્યું તે કાર્ય પૂરું થયું

**પ્રશ્નકર્તા :** દાદા, આપના કેટલા અવતારના પુરુષાર્થના ફળરૂપે આ જ્ઞાન થયું છે ?

**દાદાશ્રી :** આ તો કેટલાય અવતારનું પરિણામ છે. અનંત અવતારના કરેલા કર્મનું ફળ છે. અનંત અવતારની જે સિદ્ધિ પ્રાપ્ત કરેલી, એનું ફળ છે. જો હું તમને કહું, અનંત અવતારથી આપણે કરતા આવ્યા હોઈએ, અને તેનું તે જ કાર્ય કર્યા કરીએ, ત્યારે એ કાર્ય પૂરું થાય

કો'ક દહાડો. આ તો અમનેય ખબર નહોતી, કે આ પૂરું થઈ જશે. પણ પૂરું થઈ ગયું, એક્ઝેક્ટ. અને સુરતના સ્ટેશને પૂરેપૂરું કમ્પ્લીટ થઈ ગયું.

## પરીક્ષા કેવી આપી હશે એ પરિણામથી ખબર પડે

**પ્રશ્નકર્તા :** આપે જે કહ્યું ને, કે આ પાછલા ભવનું કંઈક હશે, ને આ બધું ભડકો થઈ ગયો. તો એ પાછલા ભવનું શું હશે ? કેવા પ્રકારનું ? જરા અમને એ થોડો ખ્યાલ આવે એવું કહો જરા.

**દાદાશ્રી :** આ પ્રગટ થયું ને, એટલે આ પ્રગટ થવું એટલે પરિણામ આવ્યું કહેવાય. પરિણામ આવ્યું એટલે હિસ્ટ્રીમાં સેવન્ટી નાઈન, ઈંગ્લિશમાં એઈટી, એટલે માર્ક ઉપરથી જોઈ લો ને, તમે સમજી જાવ ને, કે પરીક્ષા કેવી આપી હશે ! શેની શેની સારી આપી હશે ને શેની ખોટી, એ માર્ક પરથી જોઈ લો. પરિણામ ઉપરથી એની પરીક્ષા કેવી આપી હશે એ ખબર પડે. આ પરિણામ જોઈ શકો છો તમે. એના ઉપરથી કૉઝિઝ કેવા હશે, એ શોધખોળ કરી શકો છો. ભાવના એટલી જ હતી, કે 'આ લોકોનું કેમ કલ્યાણ થાય !' એ જે ભાવના હતી, તેનું જ આ ફળ આવ્યું છે બધુંય.

**પ્રશ્નકર્તા :** પરિણામમાં અમને બધાને સંપૂર્ણ સચ્ચિદાનંદ દેખાય છે.

**દાદાશ્રી :** હા. એટલે એ જ ભાવના હતી ને, તે ભાવના અમારી પ્રગટ થઈ ગઈ. બસ, એટલું જ. મારી ભાવના ઘણા કાળની હશે, તે આ પ્રગટ થઈ.

જગતની રક્ષા કરવાની જો ઈચ્છા થાય ને, ભાવના, તો એ રાજા થઈને જ આવે અને કલ્યાણ કરવાની ભાવના થાય તો એ ભગવાન થઈને આવે.

અનંત અવતારથી એવા ભાવ કરેલા કે આ જગતમાં મારું કલ્યાણ થાવ અને જગતના લોકોનું કંઈ કલ્યાણ થાઓ એવા ભાવ કરેલા, તેનું આ ફળ આવ્યું છે.

## પરિણામ આવ્યું એને 'મેં કર્યું' કહેવાય ?

નેચરલ એટલે પરિણામ. પહેલા જે કરેલું તેનું પરિણામ આવ્યું છે. જેમ પરીક્ષા આપ્યા પછી પરિણામ આવે ને, એમાં પરિણામનો પોતે કર્તા નથી. પરીક્ષા આપ્યાનો પોતે કર્તા છે. તે આ પરિણામ આવ્યું, ધીસ ઈઝ ધ રિઝલ્ટ. આ એક્ઝામિનેશન (પરીક્ષા) નથી. એક્ઝામિનેશનો આપેલી ને, તેનું આ રિઝલ્ટ આવ્યું છે. આ મેં કર્યું નથી. કાર્ય હંમેશાં પરિણામ હોય. તે તમે કાર્યને એમ કહો, કે 'મેં કર્યું' અને હું એવું ના કહું. કાર્ય એટલે પરિણામ છે, એને હું કેમ કરીને કહું કે મેં કર્યું આ ? તમને સમજાય છે ને ?

**પ્રશ્નકર્તા :** હા જી.

**દાદાશ્રી :** અને તમે શું કહો ? 'મેં કર્યું', કહો. કારણ કે તમારામાં ઈગો છે અને મારામાં ઈગો નથી. એટલે હું 'ધીસ ઈઝ બટ નેચરલ', કહું.

## એની પાછળ કૉઝિઝ છે બધા

**પ્રશ્નકર્તા :** આપને જે જ્ઞાન થયું, એ એના ક્રમમાં હતું કે ઍક્સિડન્ટલી થયું ?

**દાદાશ્રી :** ઍક્સિડન્ટલી થયું એ. જગત એને 'ઍક્સિડન્ટલી' કહે અને હું એને 'ઈન્સિડન્ટલી' કહું. એ તો કહેશે, બાવાના કપડાં પહેર્યા નહોતા, કશુંય નહોતું, એની મેળે ઓચિંતું થઈ ગયું, ઍક્સિડન્ટ. અને હું એને 'ઈન્સિડન્ટલી' કહું.

**પ્રશ્નકર્તા :** ના, દાદા, કહેવાનો મતલબ એ, કે આ શું કામ અમુક લોકોને જ થાય ને બીજાને નથી થતું ?

**દાદાશ્રી :** હા. અમુક લોકો પૈસાવાળા થાય છે, અમુક લોકો એમની જોડે જન્મેલા હોય તોય ગરીબ હોય છે, એની પાછળ કૉઝિઝ તો ખરા ને ?

**પ્રશ્નકર્તા :** હા, ખરા.

**દાદાશ્રી :** તે એની પાછળ કૉઝિઝ છે બધા. કૉઝિઝનું સેવન કરે તો ઈફેક્ટ આવે. આ ઈફેક્ટ છે. મને આ જ્ઞાન પ્રગટ થયું ને, તે જ્ઞાન પ્રગટ થવું એનું નામ ઈફેક્ટ. કૉઝિઝ પહેલા થયેલા હોવા જોઈએ માટે આ થયું.

**પ્રશ્નકર્તા :** કૉઝિઝ પહેલા થઈ ગયા હશે, એવું તમે માનો છો ?

**દાદાશ્રી :** હા, થઈ ગયેલા. કૉઝિઝ થયા પછી ઈફેક્ટ શરૂઆત થાય. ઈફેક્ટ પહેલી ના હોય, કૉઝિઝ પહેલા હોય. ઈફેક્ટનું રૂટ એ કૉઝ છે.

## ગયા ભવમાં કૉઝિઝરૂપે અનુભવ થઈ ગયેલો

**પ્રશ્નકર્તા :** '૫૮માં જ્ઞાન પ્રગટ થયું, તો પછી એ જ્ઞાનમાં જે ફુલ આત્મા અનુભવમાં આવી ગયો. પછી જે હવે વાણી નીકળે છે, ફુલ આત્માને પ્રકાશમાન કરનારી, તો પછી એ કેવી રીતે ?

**દાદાશ્રી :** આ બધું રૂપકમાં આવ્યું કહેવાય અને પેલું કૉઝિઝમાં હોય.

**પ્રશ્નકર્તા :** '૫૮માં પ્રગટ થયું...

**દાદાશ્રી :** એ રૂપક કહેવાય બધું.

**પ્રશ્નકર્તા :** એ પણ રૂપક કહેવાય ?

**દાદાશ્રી :** આ બધું રૂપક છે. રૂપક ચાલ્યા કરે છે, પરિણામ, અને કૉઝિઝ પહેલા થઈ ગયેલા છે.

**પ્રશ્નકર્તા :** પણ કૉઝિઝ થયા ક્યારે ?

**દાદાશ્રી :** પાસ હમણે થયા આપણે, તે ક્યારે પરીક્ષા આપી, તે આપણે શું જરૂર ?

**પ્રશ્નકર્તા :** અચ્છા. કારણ કે એક વસ્તુ તો ખુલ્લી દેખાય છે, કે જે મૂળ વસ્તુનો અનુભવ, '૫૮માં પ્રગટ થયો...

**દાદાશ્રી :** એ '૫૮માં લાગે, પણ ગયે ભવેય એ હશે. કૉઝિઝમાં થઈ ગયેલો હતો.

**પ્રશ્નકર્તા :** એટલે અનુસંધાન પાછલા જ છે બધા. કૉઝિઝમાં અનુભવ થઈ ગયેલો હતો.

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** ઓહો !

**દાદાશ્રી :** ના સમજણ પડી ?

**પ્રશ્નકર્તા :** બરોબર. કૉઝિઝ સ્વરૂપે થઈ ગયેલું છે.

**દાદાશ્રી :** પરીક્ષામાં પાસ થયા એટલે કો'ક જાણે ને, કે પરીક્ષા આપેલી હોવી જોઈએ. ક્યારે આપી, ક્યારે નહીં, એ જોવાનું ના હોય. કારણ કે હોય તો પણ પૂર્વભવમાં જ હોય, પણ એ લોકો પૂર્વભવને સમજણ ના પડે એટલે ઊંધું જ બાફી નાખે.

## યોજનારૂપે હતું, તે રૂપકમાં થયું

**પ્રશ્નકર્તા :** આપને જે જ્ઞાન થવાનું હતું સુરત સ્ટેશનમાં, એય ક્રમબદ્ધ પર્યાયમાં નક્કી હતું ?

**દાદાશ્રી :** એ તો વ્યવસ્થિતને લીધે. ક્રમબદ્ધ પર્યાયને લેવાદેવા જ નથી. ક્રમબદ્ધ પર્યાય જુદી જ વસ્તુ છે, આ લોકો કહેવા માગે છે એ.

**પ્રશ્નકર્તા :** તો વ્યવસ્થિત એટલે કઈ રીતે ?

**દાદાશ્રી :** વ્યવસ્થિત એવું જ કહે છે, કે આગળ જે છે તે પ્રિન્ટ થયું'તું ને, તેની આ ફિલમ ચાલુ છે. એટલે નવી ફિલમ આવવાની નથી. જે પ્રિન્ટ થયેલી હતી, તે જ ફિલમ આવવાની.

વ્યવસ્થિત એટલે ગયા અવતારે આ બધું થયેલું છે, તે આ અવતારે થાય છે. ત્યાં આગળ છે તે યોજનારૂપે થાય છે, ત્યાં યોજનારૂપે જ્ઞાન થયેલું છે, એ અહીં રૂપકરૂપે થાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે સત્યનું જ્ઞાન કોઈને ઓચિંતું નથી થઈ જતું ?

**દાદાશ્રી :** ઓચિંતું તો આ દુનિયામાં કોઈ ચીજ થતી જ નથી. ઍક્સિડન્ટ આ દુનિયામાં હોતો જ નથી. આ તો ભ્રાંતિથી ઍક્સિડન્ટ દેખાય છે. ઍક્સિડન્ટ હોય જ નહીં. ઍક્સિડન્ટ એટલે શું ? એન ઈન્સિડન્ટ હેઝ સો મેની કૉઝિઝ, એન ઍક્સિડન્ટ હેઝ ટૂ મેની કૉઝિઝ. ઍક્સિડન્ટ જેવી વસ્તુ જ નથી. આ તો આ લોકોને એમ લાગે, કે ઓચિંતું છે. ઓચિંતું કોઈ વસ્તુ બને જ નહીં આ દુનિયામાં.

## કયા કારણો બન્યા ?

**પ્રશ્નકર્તા :** તો પછી એવા કયા કારણો બન્યા અથવા કૉઝિઝ થયા, કે જેને લીધે આ જ્ઞાન ઉત્પન્ન થયું ?

**દાદાશ્રી :** તો એ જ ને ! ત્યારે એ જ કારણ ! તેથી અમે પુણ્યૈ કહીએ છીએ ને ! એને ટૂંકા શબ્દોમાં, આપણે બધા લોકોની લૌકિક સમજણ શું ? પુણ્યૈ. લોક એટલું સમજે કે પુણ્યૈ મારી હશે, પુણ્ય મારું ભેગું થયું તેથી મળ્યું. પણ પુણ્ય એટલે શું ? સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ! એ બધું ભેગું થાય ને, એટલે પછી કામ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એ ક્રમિક રીતે થયું ?

**દાદાશ્રી :** ના, ક્રમિક નહીં, અક્રમ રીતે થયું. ક્રમિક રીતે તો આવું ભેગું જ ના થાય ને ! કારણ કે એક બાજુ છે તે સ્કૂલમાં ભણતો હોય અને એક બાજુ એને કલેક્ટરની ખુરશી મળે, એ બે સાથે બને નહીં ને ?

**પ્રશ્નકર્તા :** ના બને.

**દાદાશ્રી :** એટલે આ જે બન્યું છે તે અક્રમ બન્યું છે.

**પ્રશ્નકર્તા :** ના, પણ જો ટૂ મેની કૉઝિઝ હોય, તો એ ટૂ મેની કૉઝિઝ કોઈ ક્રમમાં જ આવેલા હશે ને ?

**દાદાશ્રી :** આપણે સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ એમ જ કહો ને !

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે. તો એ અમુક વર્ષે જ તમને આ જ્ઞાન કેમ બહાર આવ્યું ?

**દાદાશ્રી :** એ તો એનો ટાઈમ પાકે ત્યારે બહાર આવે એ. ટાઈમ પાક્યા વગર કામનું નહીં ને ! કાચું હોય તો કામ ના કરે. અને જગ્યા મળવી જોઈએ પાછી. સ્પેસ, ટાઈમ બધું મળવું જોઈએ ને ! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ભવ બધું ભેગું થવું જોઈએ. સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થવા જોઈએ. સરકમસ્ટેન્શિયલ એવિડન્સ કેટલા બધા ! મોટા મોટા કયા દેખાય ? સ્પેસ, ટાઈમ... સામી વ્યક્તિ, બીજા બધા સંજોગો ભેગા થઈને. એ મળવા જ મુશ્કેલ છે ને ! એક વાર તો, ભેગા થવા મુશ્કેલ છે ને !

**પ્રશ્નકર્તા :** અશક્ય છે, લગભગ.

**દાદાશ્રી :** એ ભેગું થવું મુશ્કેલ છે, આ જગ્યા-બગ્યા બધું ભેગું થવું ! એ છે તે, એ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા કરી આપે છે વ્યવસ્થિત ! બધા એવિડન્સને ભેગા કરી આપે છે ! પછી એને 'વ્યવસ્થિત' કહીએ છીએ આપણે.

## ભ્રાંતિ નહીં માટે જેવું હોય એવું કહી દે

હું મારી જાતે જ્ઞાની થયો નથી, એ તો નેચરલ પ્રોડક્શન છે. કોઈ ડફોળ માણસેય, એ શું જાતે બને ? એ તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સના આધારે. આ લોકો કરોડાધિપતિયે જાતે નથી બન્યા, પણ એ મનમાં માને છે, કે 'હું બન્યો.' એટલી જ ભ્રાંતિ છે. અને જ્ઞાની પુરુષને એ ભ્રાંતિ ના હોય. જેવું હોય એવું કહી દે, કે ભઈ, હું સુરતના સ્ટેશન પર બેઠો'તો ને આવું થઈ ગયું. અને પેલો ડફોળ માને, કે 'હું બે કરોડ કમાયો.'

આ લોકોને સમજાવવા માટે મારે 'બટ નેચરલ' કહેવું પડ્યું. બાકી આમ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. બધા એવિડન્સ મળી આવ્યા અને કાર્ય થઈ ગયું.

## આ અમને લબ્ધિ છે

ખરેખર તો આ અમને પ્રાપ્ત થયું નથી, આ અમને લબ્ધિ છે.

**પ્રશ્નકર્તા :** હા, આ લબ્ધિ છે.

**દાદાશ્રી :** પ્રાપ્ત થયેલું હોય એના કૉઝિઝ દેખાય બધા, કયા કૉઝિઝથી થયું અને લબ્ધિના કૉઝિઝ ના દેખાય, અન્ડરગ્રાઉન્ડ કૉઝ હોય.

**પ્રશ્નકર્તા :** પણ એનો અર્થ એ થયો, કે અન્ડરગ્રાઉન્ડેય કૉઝિઝ તો છે જ.

**દાદાશ્રી :** કૉઝિઝ વગર તો હોય જ નહીં ને ? પણ તે અન્ડરગ્રાઉન્ડ, તે લોકોને સમજાય નહીં.

**પ્રશ્નકર્તા :** હા, લોકોને સમજાય નહીં.

**દાદાશ્રી :** એ મને પોતાનેય ના સમજાય.

**પ્રશ્નકર્તા :** હા, તો આપણે જેને એમ ઑટોમેટિક કહીએ છીએ, એ ઑટોમેટિક આ કહેવાય ? સ્વયં ?

**દાદાશ્રી :** ઑટોમેટિક ના હોય. ઑટોમેટિક કોઈ વસ્તુ હોય નહીં. કોઈ પણ વસ્તુનું પરિણામ છે આ.

**પ્રશ્નકર્તા :** એ જ હું કહું છું, કે આ પરિણામ છે.

**દાદાશ્રી :** નહીં, એ પરિણામ નહોય પાછું. તમે જે પરિણામ કહો છો એ પરિણામ નહીં. આ તો લબ્ધિ છે. આ લબ્ધ, એટલે એના કેટલા કૉઝિઝ ભેગા થયેલા તેનું આ રિઝલ્ટ આવ્યું છે, આ પરિણામ આવ્યું છે. એટલે આ પરિણામ તો કોને કહેવાય ? અહીં આગળ આપણને વર્તે તેનું નામ પરિણામ કહેવાય.

**પ્રશ્નકર્તા :** હા, એ પરિણામ ને આ પરિણામ જુદું છે.

**દાદાશ્રી :** હં. આપણે ઈફેક્ટને પરિણામ કહીએ છીએ અને આ...

**પ્રશ્નકર્તા :** આ ઈફેક્ટ નથી, આ તો ગિફ્ટ છે એની.

**દાદાશ્રી :** એટલે આ કેટલાય લોકોનું પુણ્ય ભેગું થાય ત્યારે આ લબ્ધ થાય.

**પ્રશ્નકર્તા :** આ ગિફ્ટ કહેવાય ને, દાદા ?

**દાદાશ્રી :** ગિફ્ટ, ગિફ્ટ છે આ.

**પ્રશ્નકર્તા :** પણ ગિફ્ટ જે છે તે ઘણા જ ભવોનું પ્રાપ્ત થયેલું, એ આ ગિફ્ટ છે ?

**દાદાશ્રી :** હા, ભેગું થયેલું. એમાં પાછું લોકોનું પુણ્ય ભેગું થયેલું. એટલે આ લબ્ધિ એટલે શું ? ગિફ્ટ.

**પ્રશ્નકર્તા :** ગિફ્ટ, બરોબર છે. અને લોકોનું પુણ્ય એટલે, જે લોકો એ જ્ઞાન પ્રાપ્ત કરે છે, એ લોકોનું પુણ્ય.

**દાદાશ્રી :** એ લોકોનું પુણ્ય. જે લોકોને લાભ થવાનો હતો આનાથી, એ લોકોનું પુણ્ય ભેગું થયું.

**પ્રશ્નકર્તા :** એ લોકોનું પુણ્ય, પણ દાદાનુંય એમાં અંદર ઘણું તપ કરેલું હોય, બધું હોય.

**દાદાશ્રી :** હા, બરોબર.

## ગજા બહારનું પદ છે આ

આ તો કંઈ અજાયબી થઈ, તે આખા વર્લ્ડમાં કોઈ માણસને જે પ્રાપ્ત ના થાય એ પ્રાપ્ત થયું છે. જે પદ હું પામ્યો છું, એ પદ દુર્લભ, દુર્લભ, દુર્લભ, દુર્લભ એવું પદ છે ! આ તો મોટું ગજબનું પદ મળ્યું છે ! ત્રણ-ત્રણ લાખ વર્ષથી જે પદ ન મળે, એ પદ આ કાળમાં મને મળ્યું છે આ !

આ તો ગજું છે કે આપણું ? આ જે પદ ઉપર બેઠો છું એ પદ, માણસનું ગજું છે ? ગજા બહારનું પદ છે આ. શ્રીકૃષ્ણ પરમાત્મા પોતે જ

કહેવાય, મહાવીર ભગવાન પોતે જ કહેવાય, મહાદેવજી પોતે જ કહેવાય, રણછોડજી પોતે જ કહેવાય, એવું આ પદ છે.

## સમૂહ જગત પુણ્યોદય...

આ સુરતના સ્ટેશને અમે તો ધારેલું નહીં, કલ્પનાય નહીં કરેલી કે આવડું મોટું પદ આવશે ! આ કયાય જન્મનું શુંય હશે ! આ તો ગજબનું પદ છે. આ તો હોય નહીં આ કાળમાં. આ કાળમાં મનુષ્ય જ આવો ના હોય. એ અજાયબી જ છે ને તે ! એટલે લોકોનું કામ નીકળે. લોકોની પુણ્યૈ જાગી, આ વર્લ્ડની પુણ્યૈ જાગી છે ! તેથી કવિરાજ કહે છે...

''સમૂહ જગત પુણ્યોદય, જાગી જો 'આ' અવતાર,
'જ્ઞાની' વિક્રમ-ટોચ, ઐશ્વર્ય હાહાકાર.''

કવિ શું કહેવા માગે છે, કે સમૂહ જગત એટલે આખા જગતનો પુણ્યોદય જાગ્યો છે અત્યારે. દરેક તીર્થંકરો જન્મ્યા ત્યારે અર્ધચક્રી પુણ્યોદય જાગતો હતો. આજ આખા જગતનો પુણ્યોદય જાગ્યો છે, કહે છે. અને એ પુણ્યોદયના ફળરૂપે આ મૂર્તિ પ્રાપ્ત થઈ છે. આ લોકોના પુણ્યથી આ મૂર્તિ ઊભી થઈ. આ લોકોના પુણ્યના પરમાણુથી આ મૂર્તિ ઘડાઈ છે, એવું કહેવા માગે છે કવિ.

**પ્રશ્નકર્તા :** એટલે એ વિસ્ફોટ થયો એ અમારા માટે થયો ને ?

**દાદાશ્રી :** હા, એ તો બધાની પુણ્યના આધારે. મોટી, જબરજસ્ત પુણ્ય કહેવાય ! એ જ હું કહું છું ને, પુણ્યશાળી તો તમે બધા ! મારો તો આ મહેનત કરી કરીને દમ નીકળી ગયો !

**પ્રશ્નકર્તા :** તો દાદા, અમેય મહેનત કરી કરીને અમારો દમ નીકળી ગયો ત્યારે જ્ઞાની પુરુષની સન્મુખ થયા ને ?

**દાદાશ્રી :** બરોબર છે. પણ મારું કહેવાનું, તમને આ જે મળ્યું છે ને, એટલે હું તમને વધારે પુણ્યશાળી ગણું છું, કે આ લોકો વધુ પુણ્યશાળી !

**પ્રશ્નકર્તા :** મહેનત દાદાને કરવી પડી, પુણ્ય અમે ભોગવીએ છીએ.

**દાદાશ્રી :** જપ-તપ કશું કરવું પડ્યું નથી ને શાસ્ત્રો વાંચવા પડ્યા નથી, કશી ભાંજગડ કરવી પડી નથી. અને વેપાર કરતા, બસોમાં બેસતા, ગાડીઓમાં બેસતા, કારોમાં ફરતા, સિનેમા જોતા !

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

## વિક્રમ ટોચ ઉપર બેઠેલા જ્ઞાની

**દાદાશ્રી :** કોઈ દહાડો આખા જગતનો પુણ્યોદય ઍટ એ ટાઈમ ના જાગે. હિન્દુસ્તાનમાં જાગે, પછી અરબસ્તાનમાં જાગે, યુરોપમાં જાગે, પણ આ છ ખંડ ધરતીનો પુણ્યોદય ઍટ એ ટાઈમ બધો ના થાય. તે આ કવિ શું ગાય છે ? ''સમૂહ જગત પુણ્યોદય, જાગી જો 'આ' અવતાર !'' 'આ' અવતાર તો જુઓ ! 'આ' એટલે 'દાદા'. પછી શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** 'જ્ઞાની' વિક્રમ-ટોચ, ઐશ્વર્ય હાહાકાર.

**દાદાશ્રી :** એ જ્ઞાની તો ખરા, પણ તે અક્રમના જ્ઞાની, ને તે પાછા વિક્રમ ટોચ ઉપર બેઠેલા છે. આ કવિરાજ શું બોલ્યા છે ? અક્રમ જ્ઞાન છે ને વિક્રમ ટોચ ઉપર બેઠેલું છે. ત્યારે કહે, જ્ઞાની વિક્રમ ટોચ નહોતા ઉત્પન્ન થતા ? ત્યારે કહે, કેવળજ્ઞાનીઓ જે દેશમાં ઉત્પન્ન થયા, ત્યાં શું ના હોય ? પણ કહે છે, વિક્રમ ટોચ ઉપરના નહોતા ઉત્પન્ન થતા. કારણ કે વિક્રમ ટોચ તો કેવળજ્ઞાનમાં નાપાસ થયેલો હોય તેને એકલાને જ હોય એ. નાપાસ થતા જ નહોતા ને ! હું એકલો જ નાપાસ થયેલો છું. કેવળજ્ઞાનમાં નાપાસ થયો, કાળના આધીન. એટલે આ વિક્રમ ટોચ મારે એકલાને ભાગે જ આવી છે, નહિતર તો કેવળજ્ઞાન થઈ જ જાય.

એટલે કહે છે, છે અક્રમના જ્ઞાની, પણ વિક્રમ ટોચ ઉપર બેઠેલા છે. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** વિક્રમ ટોચ ઉપર બેઠેલા છે.

**દાદાશ્રી :** વિક્રમ ટોચને પહોંચેલા નહીં. કેવળજ્ઞાનીઓ થયેલા, પણ જ્ઞાનીમાં વિક્રમ ટોચ ઉપર નહીં બેઠેલા. કેવળજ્ઞાનીઓ તો એ જુદી વસ્તુ છે. વીતરાગતા, સંપૂર્ણ વીતરાગતા ! આ તો બધી જાતની દવા. પેલા તે કોઈ પૂછવા જાય ને કેવળજ્ઞાનીને, કે 'સાહેબ, મારે વહુ જોડે વઢવાડ થઈ છે, મારે શું કરવું ?' ત્યારે કહે, 'એ અહીં નહીં.' કારણ કે એ તો વીતરાગ ! અહીં તો બધા ખુલાસા થાય. 'વહુ જોડે વઢવાડ થઈ છે તારે ? શું શું થયું છે, બોલ એ.'

**પ્રશ્નકર્તા :** તમે અત્યાર સુધી એવું કહેતા'તા કે તમને તો કેવળદર્શન થયું છે ને કેવળજ્ઞાન નથી થયું.

**દાદાશ્રી :** હા, તે કેવળજ્ઞાન નથી થયું.

**પ્રશ્નકર્તા :** તો પછી આ તો આનાથી તમે આગળ વાત કરી.

**દાદાશ્રી :** ના, વિક્રમ-ટોચ, 'જ્ઞાની વિક્રમ-ટોચ'. જ્ઞાની લખ્યા છે, કેવળજ્ઞાની નથી લખ્યા.

**પ્રશ્નકર્તા :** અચ્છા.

**દાદાશ્રી :** 'જ્ઞાની વિક્રમ-ટોચ' એટલે સંસારનું હઉ, વ્યવહારેય ઉકેલ લાવી આપે. અને વીતરાગી એટલે તો મોક્ષનો જ ઉકેલ લાવી આપે. આ તો વ્યવહારમાં નરી ગૂંચો કાઢવા માટે આ વિક્રમ ટોચ છે. વ્યવહારમાં ગૂંચો બહુ છે, મોક્ષની બહુ ઉતાવળ નથી. મોક્ષ તો ત્યાં ધીમે ધીમે થશે, ઉતાવળ શું છે ? પણ ગૂંચો કાઢવી જોઈએ ને ? પાર વગરનું નર્યું ગૂંચાઈ ગયેલું જ છે. મોટા મોટા મેજિસ્ટ્રેટો ત્યાં સાત વર્ષની સજા કરે છે દિવસે, અને રાતે ઘેર જાય છે, ત્યાં બાઈસાહેબ જોડે અબોલા હોય છે !

## કલ્પાતીત અવતાર, પુણ્યોદયી કાઢે કામ

**પ્રશ્નકર્તા :** પછી કવિ કહે છે, 'કલ્પાતીત અવતાર, પુણ્યોદયી કાઢ કામ.'

**દાદાશ્રી :** હા, કલ્પાતીત અવતાર. કલ્પ એટલે દસ લાખ વર્ષ કહેવાય.

**પ્રશ્નકર્તા :** એના અતીત.

**દાદાશ્રી :** હા, દસ લાખ વર્ષ પૂરા થાય ત્યારે કલ્પાતીત અવતાર થાય. આ કલ્પાતીત અવતાર કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ આવેલા છે તમે કામ કાઢી લેજો.

**દાદાશ્રી :** હા. વર્ષો સુધી આ વાત સમજાશે નહીં લોકોને. પછી સમજાશે ત્યારે એનો એ સાંધો (કનેક્શન જ્ઞાનીનું) નહીં હોય. પછી એ લોકો બુદ્ધિશાળી એમાં પડવાના ને ?

**પ્રશ્નકર્તા :** હા, પડશે.

**દાદાશ્રી :** પછી એને પૃથક્કરણ કરવાના.

## આનો ફાયદો કેવી રીતે લેવાય એટલું જ જોવું

આપણે તો એટલું કે આમાંથી, આ કૂવાનું પાણી પીવાથી આપણને શું ફાયદો થયો, એટલું જોવું. બીજું ઊંડા ઊતરવું નહીં, કે આ કૂવો કઈ સાલમાં બંધાયેલો હતો ને કોણે બંધાવ્યો'તો. આપણે કામ સાથે કામ રાખવું.

આ મારે મારો મોક્ષ જોઈતો'તો, અને મને જે કંઈ ઈચ્છા છે, કે લોકોને કંઈક શાંતિ થાવ. તે મારી ભાવના પૂરી થાય તો બહુ થઈ ગયું.

❖❖❖❖❖

# [૪]

# સ્વયંબુદ્ધ

## ગુરુ ખોળ્યા ખરા, પણ કોઈ જડ્યા નહીં

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા આપના કોઈ ગુરુ હતા ?

**દાદાશ્રી :** ગુરુ ખોળ્યા તો ખરા, પણ કોઈ જડ્યા નહીં. એટલે ફિટ ના થયા મને. હશે તો બધા બહુયે, પણ મને ફિટ થાય એવા જોઈએ ને ! મને દોરવણી આપે એવા ગુરુ જોઈએ. મને આગળના રસ્તાનું ભાન કરાવડાવે એવા જોઈએ. આ તો હું જ્યાં જઉં ત્યાં મારે એમને કહેવું પડે, કે 'સાહેબ, અહીં તમારી ભૂલ છે.'

જ્યાં જ્યાં ગુરુ કરવા ગયો, ત્યાં બધા લોકોએ કહ્યું, 'તમે છ મહિના શ્રદ્ધા રાખો.' મેં કહ્યું, 'મહારાજ, આજે જ મને તો વિશ્વાસ આવતો નથી તમારો. આજે જ ચોંટતી નથી મારી ટિકિટ. એ ટિકિટ ઉપર એવો ગુંદર ચોપડી આપો, કે જેથી ચોંટાડું તો ચોંટે, બળ્યું. પણ મારી ટિકિટ ચોંટતી જ નથી. એટલે એવું કંઈક તમે બોલો, કે મને શ્રદ્ધા બેસી જાય.' પણ એવું બોલે નહીં ને દહાડો વળે નહીં, એવું બધું. એવા ગુરુ મારે કામના નહીં. એ તો મને આકર્ષણ કરી દે એવા ગુરુ જોઈએ. એ મળ્યા નહીં. સાધુ-સંતો મળેલા, પણ એ ગુરુ કરવા જેવા નહીં. એમની જોડે સત્સંગ કરેલા, એમની સેવા કરેલી, પણ ગુરુ કરવા જેવા નહીં.

ગુરુ તરીકે તો મને કોઈ મળ્યા નથી. મળ્યા હોત તો આ ચિંતાઓ થાત નહીં ને બધી. પાર વગરની મને ચિંતાઓ થયેલી.

## કોઈ જીવતા ગુરુ મળ્યા નથી

કોઈ જીવતા ગુરુ તો મળ્યા નથી, પણ ચિત્રપટ રીતે ગુરુ કર્યા'તા, શ્રીમદ્ રાજચંદ્ર. ત્યારે ખરા ગુરુ કોને કહેવાય ? જીવતા મળે તો. નહીં તો ચિત્રપટ તો આ બધા છે જ ને ! કૃષ્ણ ભગવાન જીવતા મળે તો કામના. નહીં તો ચિત્રપટ તો કોઈએ વેચેલું અને આપણે મઢાવેલું.

આ ભવમાં કોઈ પ્રત્યક્ષ ગુરુ નહીં મળ્યા, પરોક્ષ બધું મળ્યું. ગુરુ એનું નામ કહેવાય, કે પ્રત્યક્ષ હોવા જોઈએ. રૂબરૂ આંખે દેખાય અને આપણને લઢે એવા હોવા જોઈએ, પ્રકાશ ધરે એવા જોઈએ. એમ ને એમ ગુરુ કહેવાય જ કેમ ? ફોટાના ગુરુને ગુરુ કેમ કહેવાય ? ફોટાના કૃષ્ણ ભગવાનને ભજીએ, એમાં કૃષ્ણ ભગવાન આપણી જોડે શું વાત કરે ? એ કૃષ્ણ ભગવાન શું હેલ્પ કરે ? તમારી એકાગ્રતા માટે કરવાનું. અને કૃષ્ણ ભગવાન પ્રગટ હોય તેની વાત તો જુદી ને !

## અમૂર્તના દર્શન કરવા'તા, મૂર્તિ શી રીતે પોસાય ?

ગુરુ એટલે પ્રત્યક્ષ હોવા જોઈએ. પરોક્ષ તો આ બધા તીર્થંકરો થઈ ગયેલા જ છે ને ! ઘણા લોક ગયા છે. એ શું કરવાના ? ગયા પછી સહી કરે ? કાલે જતા રહ્યા, પછી સહી કરી આપે ? ત્યારે વઢવા આવે ? અને હું તો વઢું ને નિરાંતે. વઢીને રાગે પાડી આપું, સમજણ પાડું, ખુલાસો કરી આપું. એ પ્રત્યક્ષ જોઈએ. પરોક્ષને હું ગુરુ સ્વીકારતો જ નથી. હું તો પ્રત્યક્ષ હોય, સામો દેખાય અને મને ટૈડકાવે, એને હું ગુરુ કહું. મૂર્તિ ટૈડકાવે નહીં. 'હે પ્રભુ, હે પ્રભુ', ગાયા કરીએ તોય ટૈડકાવે નહીં, હસે નહીં. જે હસે નહીં, એને ગુરુ કેમ કહેવાય તે ? જેના મોઢા પર હાસ્ય ના દેખાય, તેને ગુરુ કેમ કહેવાય ? મૂર્તિઓ કોઈ હસે ખરી ? એમાં શું દહાડો વળે ? એટલે જગતને માટે જરૂર છે, મૂર્તિ. કારણ કે જ્યાં સુધી અમૂર્તના દર્શન ન થાય ત્યાં સુધી મૂર્તિમાં રહેજો. આ લિમિટ આપી, કે અમૂર્તના દર્શન ન થાય ત્યાં સુધી મૂર્તિમાં પડ્યા રહેજો. નહીં તો સ્થાનભ્રષ્ટ થશો. પણ મારે તો અમૂર્તના દર્શન કરવા છે ને મને મૂર્તિ પોસાય કઈ રીતે ?

## શ્રીમદ્ રાજચંદ્રનું નિદિધ્યાસન નિરંતર રહેતું

ગુરુ મને અનુકૂળ આવે એવા પ્રત્યક્ષ મળ્યા નથી. પરોક્ષ રીતે શ્રીમદ્ રાજચંદ્રનું મને ઠીક લાગેલું અને એ વાંચન મને ગમ્યું. પણ પરોક્ષ રીતે હોય એને હું ગુરુ તરીકે સ્વીકાર ના કરું. પુસ્તકના આધારે હું ગુરુ ભગવાન મહાવીરનેય ના કહું. રૂબરૂ મળ્યા હોય અને તમારી દૃષ્ટિથી હું ચાલું, તો હું તમને ગુરુ કહું.

આ ભવમાં કૃપાળુદેવ મળ્યા હોત તો હું કહેત, કે મને ગુરુ મળ્યા'તા. પણ જે મને મળ્યા નથી એને ગુરુ કહેતો જ નથી. એમના પુસ્તક વાંચીએ એ બધું થયું, પણ ગુરુ તો ના જ કહેવાય ને એમને ! એટલે આ ભવમાં મને ગુરુ નથી મળ્યા એમ કહ્યું છે, ખુલ્લું જ પુસ્તકમાં લખ્યું છે. હા, મને કૃપાળુદેવના પુસ્તકથી બહુ શાંતિ, શાંતિ લાગતી'તી. મને બહુ સુંદર વાત લાગતી'તી એમની. એનાથી મને ડિરેક્શન (દિશા) મળેલી કેટલીક, મારી ભૂલચૂક થતી હશે તેમાં. અને શ્રીમદ્ રાજચંદ્રનું નિરંતર નિદિધ્યાસન રહે.

**પ્રશ્નકર્તા :** નિદિધ્યાસન શ્રીમદ્ રાજચંદ્રનું હંમેશાં ?

**દાદાશ્રી :** હા, નહીં તો જીવાય શી રીતે ?

**પ્રશ્નકર્તા :** કેટલા વર્ષથી ?

**દાદાશ્રી :** વીસ-પચ્ચીસ વર્ષથી.

**પ્રશ્નકર્તા :** અને શ્રીમદ્‌નો જ અભ્યાસ વધારે ?

**દાદાશ્રી :** શ્રીમદ્‌નું જ, નિદિધ્યાસન શ્રીમદ્‌નું. એના લીધે શાંતિ રહે. મહીં શાંતિ શા આધારે રહે તે ? એ નિદિધ્યાસન કાયમ, બહુ વર્ષથી રહેતું'તું. નિદિધ્યાસન ના રાખું, તો મારાથી જીવાય જ નહીં એવું થઈ ગયેલું હતું. એટલો બધો અહંકાર વધી ગયેલો.

**પ્રશ્નકર્તા :** દાદા, તે શ્રીમદ્ રાજચંદ્રને આપે તો જોયેલા નહીં, એટલે ફોટાનું નિદિધ્યાસન કરતા ?



**દાદાશ્રી :** હા, તો બીજું શું કરું ત્યારે ? જોયેલા નહીં એટલે પછી બીજું શું કરવાનું ? એમની વાણી બહુ ગમેલી.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, શ્રીમદ્ સિવાય બીજે બધે ફર્યા તો હશો ને ?

શ્રીમદ્ સિવાય બીજું બધું વાંચ્યું હશે, સાંભળ્યું હશે, દર્શન કર્યા હશે, ફર્યા હશો, બીજું બધું ઘણું કર્યું હશે ને ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** તે બધે ફર્યા પછી એક શ્રીમદ્ ઉપર જ લક્ષ બેઠું એમ ?

**દાદાશ્રી :** શ્રીમદ્‌ની વાણી ઉપરથી જ આધાર બેસી ગયેલો. આ વાણી ઉપરથી જ એમની ઉપર રાગ બેસી ગયેલો, એવો ભાવ બેસી ગયેલો.

**પ્રશ્નકર્તા :** શ્રદ્ધા બેસી ગઈ એકદમ !

**દાદાશ્રી :** હં, એમની વાણી બહુ અજાયબ લાગે મને.

## કૃપાળુદેવ રૂબરૂ મળ્યા હોત તો ગુરુ કરત

કૃપાળુદેવ ગજબના જ્ઞાની પુરુષ થઈ ગયા આ કાળમાં.

**પ્રશ્નકર્તા :** હા, ગજબના જ્ઞાની.

**દાદાશ્રી :** આ ક્રમિક માર્ગમાં ગજબના જ્ઞાની પુરુષ કહેવાય એ. અમને બહુ હિતકારી થઈ પડેલું તે. અમને આ કાળમાં નિમિત્ત થઈ ગયેલું. પણ જો અમને રૂબરૂ મળ્યા હોત, તો અમે ગુરુ તરીકે સ્વીકારત. કૃપાળુદેવ જો એક પાંચ મિનિટ મળ્યા હોત મને, તો મેં મારા ગુરુપદે એમને સ્થાપન કરી દીધા હોત. એટલું સમજાયેલું મને. પછી મેં ગુરુપદે કોઈને સ્થાપન કર્યા નથી. પ્રભુશ્રીના દર્શન કર્યા બે વખત, પણ તે મારા ગુરુપદે તો મારું અંતર ઠરે તો જ હું કરું, નહીં તો કરું નહીં. સાચા હતા એ, ખોટા નહોતા, એ વાત ખાતરી છે. આપણું દિલ ઠરવું જોઈએ. પણ મને કૃપાળુદેવ પ્રત્યક્ષ હાજર રહેતા કાયમેય. કાયમેય હાજર ! એ દૈ (દેવ) જાણે કોઈ એવી કૃપા હો ગમે તે પણ પ્રત્યક્ષ હાજર, નિરંતર ! એક ક્ષણ વારેય આઘાપાછા થયા સિવાય. એ એક મોટી અજાયબી હતી. અત્યારેય નિરંતર રહેવાના અમને. અત્યારેય અહીં આગળ એમની આજ્ઞા સિવાય કંઈ કરવાનું નહીં. અમે જાતે કશું કરતા નથી. એમની

આજ્ઞા સિવાય કોઈ પણ કાર્ય કરવાનું નહીં. અમુક અમુક બાબતો, જ્ઞાનેય અપાય નહીં. આમ એ જવાબદારી અમે ક્યાં લઈએ ?

## એમને ગુરુ કયા દૃષ્ટિકોણથી કરત ?

**પ્રશ્નકર્તા :** આપ શ્રીમદ્ રાજચંદ્રજીને ગુરુ કરત, તો કયા દૃષ્ટિકોણથી કરત ?

**દાદાશ્રી :** એમનામાં આત્મજ્ઞાન હતું.

**પ્રશ્નકર્તા :** પૂર્ણ જ્ઞાન હતું ?

**દાદાશ્રી :** હા, સમ્યક્ત્વ તો હતું જ. એ એમણે પોતે જ કહ્યું છે, કે અમને સમ્યક્ત્વ છે એમ માનજો જ.

**પ્રશ્નકર્તા :** ક્ષાયક સમ્યક્ત્વ ?

**દાદાશ્રી :** એ પોતે એમ કહેતા, અમને ક્ષાયક સમ્યક્ત્વ છે. પણ લોકોએ એક્સેપ્ટ નહીં કર્યું. એટલે એ કહે છે, તમે બધા અમને સમ્યક્ત્વ છે એમ માનજો. અને અમારાથી એમાં અભિપ્રાય અપાય નહીં.

## જ્યાં સજીવન મૂર્તિ નહીં, ત્યાં માથાફોડ શું કરવી ?

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ પ્રત્યક્ષ ન મળ્યા પણ એમના વચનો પ્રત્યક્ષ ખરા ને ?

**દાદાશ્રી :** ના, એ વચનો તો બધા... ભગવાન મહાવીરના ક્યાં નથી બધા ? જોઈએ એટલા. શું કામમાં લાગે ? ઘસીને પીવાના ?

**પ્રશ્નકર્તા :** કુગુરુ હોય તેની પાસે લૂંટાઈ મારવું હોય એના કરતાં તો સારા એ વચન.

**દાદાશ્રી :** તેના કરતાં સારું આ. પથ્થર કરતાં ઈંટ વાગે તો વાંધો નહીં. પથ્થર વાગે આખું મોઢું સૂઝી જાય અને ઈંટ વાગે તો થોડું વાગે. પણ હું તો એવું માનું નહીં આવું બધું. પણ મને ઠંડક રહેતી'તી. કારણ

કે જ્ઞાની પુરુષની વાણી છે ને ! પણ રૂબરૂ હોય તો કામ થાય. એમણે કહ્યું, કે ભઈ, અમે રૂબરૂ છીએ તો કામ કાઢી લો. પછી પાછળ માથાકૂટ કરશો તો નકામું વળશે નહીં કશુંય. ત્યારે કહે, રૂબરૂ ના હોય તો શું કરવું ? ત્યારે આરાધન કર્યા કરજો, શાંતિ રહેશે એનાથી કંઈક. એનાથી કંઈ તમારું કામ સરે નહીં, સાધારણ શાંતિ રહે. કારણ કે જ્ઞાની પુરુષની વાણી તો જ્યારે આરાધન કરો ને, ત્યારે મહીં ઠંડક વળે. એ વાણી શાસ્તા પુરુષની વાણી કહેવાય છે. શાસ્તા પુરુષો ! પણ કંઈ એ તમારો દોષ કાઢવા કોઈ આવે નહીં. તમારી ભૂલ ભાંગી આપે નહીં કોઈ દહાડોય. એટલે એમણે પોતે જ કહ્યું છે, 'સજીવન મૂર્તિ વગર જે કંઈ પણ કરવામાં આવે છે, એ જીવને બંધન છે, એમ અમારું હૃદય છે.' કેટલું સુંદર વાક્ય લખ્યું છે ! ત્યારથી હું સમજી ગયો, કે આ બહુ માથાફોડ કરવા જેવી નથી. વાતને સમજી ગયો, કરેક્ટ. પણ હું તો પછી બીજી માથાકૂટમાં પડ્યો પછી, કે જો આ રૂબરૂમાં તો છે જ નહીં, તો આપણું કામ થવાનું નથી અહીં આગળ પૂરું. અને એમણે કહ્યું કે, ખોળી કાઢો કંઈક, તે ખોળવા ગયા તો જડ્યા નહીં. પણ પછી આ તો બધું એની મેળે જ થઈ ગયું, કુદરતી ! મારી ભાવના હતી ને, તે સુરત સ્ટેશને એની મેળે જ ઊગી નીકળ્યું.

## શ્રીમદ્ સાથે કંઈ જોડાણ ખરું ?

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ રાજચંદ્રનું અને આપનું પૂર્વનું કંઈ જોડાણ ખરું ?

**દાદાશ્રી :** એ કોઈ જાતનું જોડાણ હોય કે ના હોય, એની મેં તપાસ કરી નથી. લોકોના મનમાં એક ભ્રમ પેસી ગયો છે, કે આ દાદા એ જ શ્રીમદ્ રાજચંદ્ર ફરી અવતાર લઈને આવ્યા છે. તે મને પૂછે છે, કે 'તમે તે છો ?' મેં કહ્યું, 'ભઈ, મને ખબર નથી, તને ખબર હોય તો તું તારી મેળે નોંધ કરજે. હું તો છું એ છું, આ પટેલ છું.'

અને મારે કંઈ પારકી, આગળની ગાદીને આધારે મારે ચલાવવાનું નથી. આગળની ગાદીના આધારે ચલાવવાનું હોય તેને પેલું (અવલંબન)

લેવું પડે. મારે કોઈ ગાદીની જરૂર નથી. આ તો તદ્દન આદ્ય વસ્તુ છે. ગાદી ને આદ્ય વસ્તુમાં બહુ ફેર. ભલે ટૂંકું હશે પણ આદ્ય છે ને !

હું ક્યારે 'કૃપાળુદેવ છું' એવું કહું, કે મારે એમની મિલકત ખાવી હોય ત્યારે. હવે જ્યારે સ્વયં ઉપાર્જિત મિલકત છે અક્રમ વિજ્ઞાન ! મિલકત ખાવી હોય તો એમનું નામ દેવું પડે. ના કહેવું પડે ?

## તમારે જ હિસાબ કાઢવાનો કે આ હીરો કેટલાનો છે ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, અમારે જાણવું છે, કે તમે કોનો અવતાર છો ?

**દાદાશ્રી :** હું પોતે જ છું ને ! કોનો અવતાર છે એ હું કંઈ જાણું છું ? તમારે ખોળી કાઢવાનું. મારે શું કરવા ખોળી કાઢવાનું ? હું તો જે છું એ છું.

**પ્રશ્નકર્તા :** અમને લાભ મળે ને, બધાને જાણવાનું મળે ને !

**દાદાશ્રી :** ના, પણ છું એ છું. દેહનોય માલિક નથી, મનનો માલિક નથી, વાણીનો માલિક નથી. જે છું એ છું. હવે તમારે જે હિસાબ કરવો હોય તે કરો. ગણતરી તમારે મૂકવાની, ગણતરીનું કામ મારું નહીં. કારણ કે કો'કને ગણતરી અવળી લાગે, કો'કને સવળી લાગે. અવળી લાગે તે અવળું બાંધે, પાપ બાંધે એ, એટલે અમે એવું ઉઘાડું ના કરીએ. તમને સમજ પડે છે ને ?

**પ્રશ્નકર્તા :** જી હા.

**દાદાશ્રી :** અવળું લાગે તો અવળું બાંધે કે ના બાંધે ?

**પ્રશ્નકર્તા :** બાંધે.

**દાદાશ્રી :** આ મોટા આવ્યા, કહેશે. ઊલટું તે આ દોષમાં પડે. એટલે અમે કશું આવું બોલીએ નહીં. એટલે તમારે જ હિસાબ કાઢી નાખવાનો છે, કે આ હીરો કેટલાનો છે ? નહીં તો બકરીની કોટેય બાંધો તોય વાંધો નથી. હીરાને વાંધો નથી, તમને નુકસાન છે.

## આવું કહીએ તે કોઈ ટીકામાં ના પડે

હું જાતે કહું, તો કેટલાક અણસમજુ માણસો ટીકા કરે અને ટીકા કરે એટલે એમને ભયંકર દોષ બેસે. એના કરતાં અમે કશું બોલીએ નહીં. અમે તો કહીએ, ભગવાન મહીં છે અને હું તો એમનો સેવક છું. એટલે ટીકા ના કરે. ટીકા ના કરે એટલે છૂટી ગયો બિચારો. નહીં તો આ અણસમજુ લોકો ટીકા કરવામાં બહુ શૂરા હોય. ટીકા કરે કે ના કરે ?

**પ્રશ્નકર્તા :** ટીકા કરે.

**દાદાશ્રી :** તે ટીકાથી નુકસાન થઈ જાય. અહીંયા આગળ જ્ઞાની પુરુષની ટીકા ના થાય. એક સેકન્ડ પણ જ્ઞાની પુરુષની ટીકા થઈ, એક સેકન્ડેય... એમના દર્શન કરવાથી કલ્યાણેય જબરજસ્ત છે અને ટીકા કરવાથી નુકસાનેય જબરજસ્ત છે. એટલે અમે ટીકા કરે એવા સંજોગો જ ના આપીએ.

અને હું છું એમાં કોઈ ટીકામાં પડશે નહીં ને ?

**પ્રશ્નકર્તા :** હા, આપ છો એમાં કોઈ ટીકામાં નહીં પડે.

## આગલા ભવના ગુરુ કયા હતા ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપને આ અવતારમાં ગુરુ મળ્યા નહીં પણ આગળ મળ્યા હશે ને, ઘણા ?

**દાદાશ્રી :** ઘણાય મળેલા બધા. નથી મળ્યા એવુંય નહીં. કોઈ સારાય મળ્યા હશે, કોઈ એવાય મળ્યા હશે. આપણે ઉપકાર છે એ લોકોનો કે આપણી પાસે આ સામાન આવ્યો, ઉઘાડ થયો, સામાન બધો છે, તે રૂડા પ્રતાપ ! મૂળ સામાન તો આપણો જ, એ કાઢી આપ્યો એમણે એટલું જ.

**પ્રશ્નકર્તા :** પ્રકાશમાં લાવ્યા એ.

**દાદાશ્રી :** ના, મૂળ સામાન તો આપણો જ, કાઢી આપ્યો એમણે.

**પ્રશ્નકર્તા :** કયા ગુરુ હતા એ ? દાદાના આગલા ભવના ગુરુ કયા હતા ?

**દાદાશ્રી :** કો'ક સારા ગુરુ હશે ! હોશિયાર હશે તે.

**પ્રશ્નકર્તા :** પણ એ કોણ હતા ?

**દાદાશ્રી :** એ અત્યારે શું ખબર પડે આપણને ? આપણા ગુરુ હોવા જોઈએ.

## આ અવતારની અપેક્ષાએ કહેવાય સ્વયંબુદ્ધ

આ મને જે જ્ઞાન પ્રગટ થયું ને, એને 'સ્વયંબુદ્ધ' લખેલું છે આ લોકોએ. પંદર પ્રકારના જ્ઞાન થાય છે, તેમાં 'સ્વયંબુદ્ધ' એક મહીં મૂકી દીધું છે, 'સ્વયંબુદ્ધ'ને. પણ એ 'સ્વયંબુદ્ધ'નો અર્થ ભગવાને કહ્યો છે, કે આગળ ગુરુ હતા પણ આ ભવમાં નથી, માટે 'સ્વયંબુદ્ધ' કહીએ છીએ.

**પ્રશ્નકર્તા :** આપને જેવું સ્વયં જ્ઞાન થયું, એવું બધાને થાય કે ના થાય ?

**દાદાશ્રી :** બધાને ના થાય, કો'કને થાય. કો'ક જીવ એવાય ખરા મહીં, કે પોતાની સ્વતંત્ર શક્તિથી જ પ્રાપ્ત થઈ જાય. પણ તે પરભવમાં કોઈ ગુરુ મળેલા હોવા જોઈએ. ગુરુ વગર તો આ વસ્તુ જ નથી. અહીંથી સ્ટેશને જવું હોય તો રસ્તો ના જાણતો હોય ને, તો પૂછવું પડે, ગુરુ કરવા પડે રસ્તામાં. આવડો છોકરો હોય ને, એને પૂછવું પડે, કે 'ભઈ, આ રસ્તો ક્યાં છે ?' એ એને ગુરુ જ કર્યો કહેવાય આપણે. એટલે ગુરુ વગર તો કશું દુનિયામાં ચાલે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** દાદા, લાખેક વર્ષે પણ કોઈ એવો તો પાકે ને, કે જેને પોતાની મેતે જ્ઞાન થાય ?

**દાદાશ્રી :** એને સ્વયંબુદ્ધ કહ્યા છે, પણ સ્વયંબુદ્ધ તો આ અવતારની અપેક્ષાએ. આગળથી જ્ઞાન પ્રાપ્ત કરેલું હોવું જોઈએ, નહીં તો ના થાય.

**પ્રશ્નકર્તા :** સ્વયંબુદ્ધ થઈ જ ના શકાય.

**દાદાશ્રી :** સીધું કોઈને એમ ને એમ ન થાય. અમારે કોઈનું લેવું નથી પડ્યું, એટલે આ કાળના આધારે અમને 'સ્વયંબુદ્ધ' કહે. તીર્થંકરો બધા સ્વયંબુદ્ધ હોય. એ અવતારમાં લેવું ના પડે. ગુરુ ના હોય એમને.

**પ્રશ્નકર્તા :** હા, પણ આગલા ભવની અંદરથી લઈને આવ્યા હોય ને ?

**દાદાશ્રી :** હા, એટલે અમને સ્વયંબુદ્ધ કહે પણ તેનું શું ? ગયા અવતારમાં ગુરુ ખરા જ. ગુરુ વગર જ્ઞાન શી રીતે લાવ્યો ?

કોઈ પકડી બેસે, કે ના, આમ જ જ્ઞાન થાય. તે શાસ્ત્રકારો ના પાડે છે, કે ભઈ, સ્વયંબુદ્ધેય થાય છે. ત્યાગી વેશેય થાય છે અને સંસારી વેશેય થાય છે. સ્ત્રીનેય થાય છે, પુરુષનેય થાય છે, નપુંસકને થાય છે, બધું હોય. એટલે કોઈ એમ પકડી ના બેસે, કે આ જ વેશે થાય છે, સાધુ વેશે. આ દુરાગ્રહનો આ માર્ગ જ નહોય. આ અનાગ્રહનો માર્ગ, અનાગ્રહ !

## અનંત અવતારનું સરવૈયું છે આ

એટલે ગયા અવતારમાં ગુરુ કંઈક હોવા જોઈએ, નહીં તો ગુરુ વગર તો જ્ઞાન થાય નહીં. અને આ જ્ઞાન, એ તો હવે અમને ખબર પડી, કે આ તો અમે હાઈ ડિગ્રી ઉપર ચઢીને પડેલા છીએ. તેથી આ અમને રસ્તો તરત માલમ પડે છે. કારણ કે જોયેલો છે રસ્તો.

આ જે જ્ઞાન થાય એ ગુરુથી થાય એવું નથી. અનંત અવતારનું સરવૈયું ફૂટ્યું છે આ. ધીસ ઈઝ બટ નેચરલ ! આવું જ્ઞાન ! આ તો ભગવાનના પ્રતિનિધિરૂપ જ્ઞાન છે. ભગવાન મહીં બેઠો છે એના પ્રતિનિધિ તરીકે.

અને તે આ વિજ્ઞાન, કોઈ ગુરુ પાસે ના હોય એવું આ નવી જાતનું વિજ્ઞાન છે. સંસારમાં રહેવા છતાં, છોડીઓ-છોકરાંઓ પૈણાવવા છતાં, સર્વિસ કરવા છતાંય, સહેજ પણ સમતા ના જાય, વીતરાગતા ના જાય એવું આ વિજ્ઞાન છે !

❖❖❖❖❖

# [૫]
# ધાર્મિક સ્ટડી

## અનંત અવતારનો ધાર્મિક સ્ટડી લાવેલો, તે ફૂટ્યો

**પ્રશ્નકર્તા :** દાદા, તમને જ્ઞાન થયું એ પહેલા તમારો કંઈ ધાર્મિક સ્ટડી (અભ્યાસ) ખરો ?

**દાદાશ્રી :** બહુ બહુ બહુ. બધો સ્ટડી જ આમાં હતો. મમતા જ નહીં ને ! ધંધો મોટો કન્ટ્રાક્ટનો, પણ મમતા નહીં. અહંકાર ભારે પણ મમતા નહીં. એટલે ધાર્મિક સ્ટડી તો બહુ. આ તો અનંત અવતારનો ધાર્મિક સ્ટડી લાવેલો. તે ફૂટ્યો ત્યાં આગળ, એકદમ બૉમ્બ ફૂટે એમ.

## પણ ખઈખપૂચીને પાછળ નહીં મંડેલા

**પ્રશ્નકર્તા :** દાદા, આપ જ્ઞાન પહેલા બહુ વાંચતા ?

**દાદાશ્રી :** ના, હું શું કરવા વાંચું ? લોક વાંચે એ. એ આંખ્યો ફોડીને હું ક્યાં વાંચન કરું ? નહીં તો પચાસ વર્ષનો થઉં તો આંખ જતી રહે મારી. વાંચતો'તો ખરો, પણ કેવું ? કલાક-દોઢ કલાક, અમુક ટાઈમ.

આ લોકોએ વાંચ્યું તે એના જેટલું નથી વાંચ્યું મેં. જેટલી આ લોકોએ માથાફોડ કરી છે, એ માથાફોડ કરનારો હું માણસ નહોય. હું તો ચા-બિસ્કિટ ખાઉ નિરાંતે ! આ માથાફોડ કરવા માટે જગત નથી. રીતસર હોય કંઈક.

**પ્રશ્નકર્તા :** આપે શાસ્ત્રો બધા વાંચેલા ?

**દાદાશ્રી :** હા, તે વાંચેલા. પણ વાંચવાની ટેવ એવી હતી, કે શાસ્ત્રો વાંચવાના મારે, પણ શાસ્ત્રો રાખી ના મેલું. એક ફેરો વાંચી અને મૂકી દઉં, બસ. પછી બીજું વાંચું, ત્રીજું વાંચુ ને ઊંચું મૂકી દેવાનું. એની પાછળ ખઈખપૂચીને પાછળ મંડવાનું નહીં. ખઈખપૂચીને કોઈ મંડે ખરા ?

**પ્રશ્નકર્તા :** મંડેલા, દાદા. મંડેલા.

**દાદાશ્રી :** ખઈખપૂચીને ?

**પ્રશ્નકર્તા :** હા, ખઈખપૂચીને.

**દાદાશ્રી :** હોતું હશે એવું કોઈ ?

**પ્રશ્નકર્તા :** લીટીઓ દોરેલી ઉપરાઉપરી.

**દાદાશ્રી :** અમારે એવું ખઈખપૂચીને નહીં.

## બધાનો આશય શું છે, એ જોવા બધો અભ્યાસ કરેલો

**પ્રશ્નકર્તા :** આપશ્રી કયા કયા ગ્રંથનો અભ્યાસ કરતા હતા ?



**દાદાશ્રી :** હું છે તે આ ગીતા છે, શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકો છે, સહજાનંદ સ્વામીના પુસ્તકો, પછી અખા ભગતના પુસ્તકો, કબીર સાહેબના પુસ્તકો, ઘણા બધા પુસ્તકો વાંચતો'તો. મુસ્લિમના હઉ વાંચતો'તો.

કોઈનું બાકી જ નહીં રાખેલું. એક ઉપર નહીં પડેલો, બધાનું વાંચી નાખેલું. શું કહેવા માગે છે, એ વિચારેલું. અને એ બધાનો આશય શું છે, એમનો કહેવાનો હેતુ શો છે ? હું સાર જોતો હતો, કે શું સાર કહેવા માગે છે બધા.



બધાય શાસ્ત્રો વાંચેલા હતા મેં, દરેક ધર્મોના. બધા ધર્મોનો સ્ટડી કરી નાખેલો. અને જે હિતકારી હોય તેને પકડું. ગમે તે ધર્મનું હોય પછી, આપણે એને લેવાદેવા નહીં. હિતકારી હોવું જોઈએ.

પુસ્તક બધા લોકોના વાંચેલા, અને પરીક્ષા બહુ. તે કયું સાચું છે, એ પરીક્ષા થઈ જાય.

## બધાના મતને જાણે તો સત્ય વસ્તુ પ્રાપ્ત થાય

જ્ઞાન પહેલા બધાય ધર્મોનું આરાધન કરેલું. કારણ કે જૈન એક મત છે, એ મત કહેવાય. તે બધાના મતને જાણે તો સત્ય વસ્તુ પ્રાપ્ત થાય. જ્યાં સુધી એક મત હોય, ત્યાં સુધી સત્ય વસ્તુ પ્રાપ્ત ના થાય. બધાનો મત શું કહેવા માગે છે એ જાણે, ને મત વગરનો થાય ત્યારે કામ થાય. નહીં તો એમ ને એમ થાય નહીં ને ! નહીં તો તો હમણે હું વેદાંતનું બોલ બોલ કરું તો જૈનો બધા ઊઠીને જતા રહે અને જૈનોનું બોલું તો આ વેદાંતવાળા ઊઠીને જતા રહે.

અમે સ્વામિનારાયણના ધર્મમાં જતા'તા, વડતાલેય બે-ત્રણ વખત ગયેલો. ત્યાંય સાધુઓનો રાજીપો લીધેલો. બીજે બધેય રાજીપો લીધેલો. દરેક ધર્મમાં, વૈષ્ણવ ધર્મમાં જતા'તા, શિવ ધર્મમાં ફર્યા. કબીર સાહેબને માનતા'તા. કોઈને માન્યા વગર બાકી રાખ્યું નથી. અમે બધાને માનતા.

## કબીરની વાણીમાંથી મળ્યા આ સૉલ્યુશન

**પ્રશ્નકર્તા :** દાદા, આપને કબીર સાહેબની વાણીમાંથી કઈ વાત ગમી ?

**દાદાશ્રી :** મને કબીરની વાણીમાં સૉલ્યુશન સારા મળેલા. મને તાળા મળેલા એમનામાં. કારણ કે બધા પુસ્તકો વાંચ્યા. આ લોક 'પ્રેમ, પ્રેમ' કરે, પણ મને પ્રેમમાં કોઈ જગ્યાએ કંઈ મીઠાશ ના દેખાઈ. એટલે મેં કહ્યું, આ પ્રેમની વ્યાખ્યા શું છે ? તે જૈનોના પુસ્તક ઉથામ્યા,

સ્વામિનારાયણના પુસ્તક ઉથામ્યા, ગીતા વાંચી, બધા પુસ્તકો વાંચ્યા પણ કોઈ જગ્યાએ પ્રેમની વ્યાખ્યા ના જડી. તે પ્રેમની વ્યાખ્યા કબીર સાહેબે કરેલી. ત્યારે મેં જોયું કે, ધન્ય છે કબીર સાહેબ ! તમે વ્યાખ્યા સરસ આપી. તે એ વ્યાખ્યા શું બોલ્યા ? 'ઘડી ચડે, ઘડી ઊતરે, વોહ તો પ્રેમ ન હોય' કહે છે. ચડ-ઊતર થયા કરતો હોય, એ પ્રેમ ન હોય. આ તો સિનેમામાં જતી વખતે બેઉ રંગેતાન, રંગેતાન, અને પછી એ ઘેર આવીને કકળાટ ! ''મેં કહ્યું'તું ને તમને આમ ?'' ત્યારે મૂઆ, એ પ્રેમ ચડેલો કંઈ ગયો ? ત્યારે કહે, 'ઊતરી ગયો.'

'ઘડી ચઢે ઘડી ઊતરે, વોહ તો પ્રેમ ન હોય,
અઘટ પ્રેમ હિરદે બસે, પ્રેમ કહીએ સોય.'

- કબીરજી

જે ઘટવધ ના થાય એવો પ્રેમ. આ દાદાનો પ્રેમ જોઈએ, એને પ્રેમ કહેવાય. દાદા જોડે અવળું-સવળું બોલે તોય ઊતરે નહીં અને ફૂલહાર ચડાવે તો વધી ના જાય, એ પ્રેમ કહેવાય. એમણે સાચી વ્યાખ્યા બહુ સુંદર આપી. ત્યારથી મને સંતોષ થયેલો, કે કહેવું પડે આ !

બીજું મને સંતોષ થયો એ વાંચી... એ કહે છે, 'માણસ ખોજત મેં ફિરા...' અલ્યા, દિલ્હીમાં તું આવું બોલું છું, કેટલું બધું ખરાબ દેખાય ? માણસને ખોળવા હું નીકળ્યો બહાર, કહે છે. અલ્યા, પણ દિલ્હીમાં આટલા બધા માણસ ને ? ત્યારે એમણે પોતે જ ખુલાસો કર્યો, કે 'માણસ ખોજત મેં ફિરા, માણસ કા બરા સુકાલ !' સુકાલ, સામાસામી અથડાતા'તા મૂઆ. 'માણસ કા બરા સુકાલ.' જુઓ ને, ભાષા કેવી ઊંચી છે ! 'પર જાકો દેખે દિલ ઠરે, વાકા પરીયા દુકાલ.' દિલ ઠરે એવો માણસ અમે આ દિલ્હીમાં જોયો નહીં, કહે છે. આપણું દિલ ઠરી જાય એવો ખોળું છું, પણ જડતો નથી. ત્યારે દિલ ઠરે એવો માણસ જો ખોળીએ તો આપણે કામનું, નહીં તો વગર કામના ત્યાં ભટકીએ એ શું કામનું ? એટલે કબીરાનું હેલ્પિંગ થઈ પડ્યું મને તો.

## વીતરાગોના હૃદયની વાત લક્ષમાં હતી

વેદાંત વાંચ્યું, ગીતા વાંચી, બીજા બધા પુસ્તકો વાંચ્યા, તીર્થંકરોના પુસ્તક વાંચ્યા. તીર્થંકરોના પુસ્તક વાંચવાથી મન ઠર્યું, કે આ લોકોનું કહેવું સારું છે.

તીર્થંકરોના પુસ્તક ઉપર મન ખેંચાયેલું, કે એ લોકો આ કહેવા માગે છે કે વીતરાગતાથી જ મોક્ષ થાય. તે તો કૃષ્ણ ભગવાનેય કહેલું છે, એમાં ફેર નથી. પણ વસ્તુસ્થિતિમાં વીતરાગતા કેવી રીતે પ્રાપ્ત કરવી, એનો રસ્તો ખોળવો જોઈએ ને !

પણ સર્વશ્રેષ્ઠ જ્ઞાન તો તીર્થંકરોનું, કહેવું પડે ! શું એમનું ગજબનું જ્ઞાન ! એમની દૃષ્ટિ શું સુંદર ! ધન્ય છે એ મહાવીરને ! કેટલું ગજબનું આ વિજ્ઞાન છે.

પછી શ્રીમદ્ રાજચંદ્રનું વાંચ્યું. એટલે મને લાગ્યું, કે આ તીર્થંકરોનું ટૂંકી ભાષામાં લખે છે. તીર્થંકરોનો મર્મ જો સમજ્યા હોય, તો એ શ્રીમદ્ રાજચંદ્ર ! એટલે પછી રાજચંદ્ર ઉપર દિલ ઠર્યું.

મને લાગેલું કે વીતરાગોની ડિરેક્ટ વાત આ પુરુષે કરી છે. કારણ કે વીતરાગોના હૃદયમાં શું છે, એ મને જ્ઞાન નહોતું થયું તોય મારા લક્ષમાં હતું. તે મને કૃપાળુદેવની વાત વાંચતા સમજાઈ, કે આ કૃપાળુદેવે તો વીતરાગોના હૃદયમાં વાત હતી તે બહાર મૂકી છે. એટલે એક્સેપ્ટ (સ્વીકાર) કરી દીધેલું.

પછી શ્રીમદ્ રાજચંદ્ર શું કહેવા માગે છે, ત્યાં વધારે લક્ષ રહ્યું. શ્રીમદ્ રાજચંદ્રમાં વધારે ભાવ રહ્યો એનું શું કારણ ? એમણે સારરૂપે લખ્યું છે આ જૈનોનું. તત્ત્વ કાઢીને મૂક્યું આમાં. એટલે પેલા પુસ્તકો, શાસ્ત્રો મોટા મોટા બહુ વાંચવા પડે નહીં. કૃપાળુદેવે બધું એનું માખણ બનાવીને મૂક્યું છે તૈયાર.

**પ્રશ્નકર્તા :** આત્મસિદ્ધિમાં જ ?

**દાદાશ્રી :** નહીં, આત્મસિદ્ધિમાં નહીં. આખું પુસ્તક છે.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** એટલે એ મને વધારે ફાવી ગયું.

## ઈચ્છા મુજબ મળતું આવ્યું કૃપાળુદેવના પુસ્તકમાં

કૃપાળુદેવનું પુસ્તક વાંચ્યું ત્યારે મનમાં એમના વાક્યો અમુક મને લાગે, કે આ વાત સારી કહેવા માગે છે. આ કંઈ એવું કહેવા માગે છે, કે સ્વતંત્ર થવા જેવું છે. તે મારી ઈચ્છા હતી તેવું જ આ અહીં મળતું આવ્યું. એટલે મેં જાણ્યું, કે આમનું આરાધન કરવા જેવું છે અત્યારે.

એમના પુસ્તકમાં સંતોષ થયેલો. બીજી જગ્યાએ સંતોષ જેવો જોઈએ એવો નહીં થયેલો. એક કૃપાળુદેવ ઉપર ખાતરી થઈ, કે આ પુરુષ જ્ઞાની છે, કારણ કે એમની વાણી, એ બધું જોતા, નિષ્પક્ષપાતતા જોતા, એ જ્ઞાની છે એ ખાતરી થઈ ગયેલી.

એમને જાતે જોયેલા નહીં. જાતે જોયેલા હોત તો ખૂબ પાછળ પડત. જેને વાંચેલા તે બધાનો પ્રભાવ પડેલો પણ શ્રીમદ્‌નો વિશેષ પડેલો. એમના શબ્દોમાં તન્મયતા હતી. એમના ઉપર ભાવ પુષ્કળ હતો. અને ભગવદ્ ગીતા ઉપરેય ભાવ હતો. બધા ઉપર ભાવ હતો.

## સ્યાદ્‌વાદ સમજવા બધાનું વાંચ્યું

તપાસ બધે કરી, પણ મારું કૃપાળુદેવ ઉપર વધારે હતું. એમનું વાંચન, એમના વાક્યો, એમનું જ્ઞાન, એમના જે શબ્દો, એની ઉપર બહુ જ એ થયેલું. અને તે કૃપાળુદેવ ઉપર ભાવ પુષ્કળ, પણ હવે કૃપાળુદેવ આ ફેરો ભેગા ના થયા. ગયે ફેરો ભેગા થયા હશે કે નહીં, એ ભગવાન જાણે, પણ આ ફેરે તો થયા નહીં. એટલે કૃપાળુદેવનું વાંચન કર્યું, અને મેં સ્યાદ્‌વાદ સમજવા માટે બધું વાંચન કરેલું છે. સ્યાદ્‌વાદ જાણવું તો જોઈએ ને ? હું કૃપાળુદેવના શબ્દો ઉપરથી એક જ બાજુ ઢળી રહું તો એકાંતિક થયું, પછી બીજો કોઈ ભેગો જ થાય નહીં ને મને.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** એટલે સ્યાદ્‌વાદ સમજવા માટે મેં બધાનું, સ્થાનકવાસીઓનુંય એટલું વાંચ્યું છે, દેરાવાસીઓનું વાંચ્યું, દિગંબરોનું વાંચ્યું, વૈષ્ણવોનું વાંચ્યું, પેલા લોકોનું વાંચ્યું, વેદાંતીઓનું વાંચ્યું, બધાનું વાંચી અને સ્ટડી કરીને ત્યાર પછી આ પ્રગટ થયું છે.

## જાણેલા પર શંકા કર કર કરી, ત્યારે થયું જ્ઞાન પૂર્ણ

મારો પ્રિન્સિપલ હતો કે મારા વિચારોથી અવળું લખેલું હોય ને, તો એ પુસ્તક હું પહેલું લઉં, કે સાલું કંઈક હશે અંદર. પોતાને મળતું ના આવતું હોય માટે એને કંઈ ખોટું કેમ કહેવાય આપણાથી ? આપણે ભૂલતા હોઈએ. મળતું ના આવતું હોય એવી ચોપડી જ કોઈ લે નહીં. લે ખરા ?

**પ્રશ્નકર્તા :** મેજોરિટી (મહદંશે) વ્યવહાર આવો જ છે, મળતું જ લે.

**દાદાશ્રી :** બળ્યું, તે એવો જ ! સોએ સો ટકા એવો. મેં અત્યાર સુધી શું કર્યું છે, કે દરેક જાણ્યું છે ને એની ઉપર શંકા કર કર કરી છે, કે ના, આ આમ ના હોય તો શું કહેવાય ? તે પોતે પોતાનો ન્યાય કરે. આ જ્ઞાન ફુલ ક્યારે થયું છે ? આવી શંકા કરી કરીને ફુલ થયેલું છે. ખોટા જ્ઞાનને સાચું કહેનારા તો બધા બહુ મળે અહીં. સમજાયું તમને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને બીજાનું કેમ છે, એની તપાસ તો કરવી જોઈએ ને ? બધાય આ જીવતા માણસો છે, આ બધા કંઈ નિર્જીવ છે ?

**પ્રશ્નકર્તા :** તે દાદા, હું આ તમારી જે વસ્તુ છે, એને એવી રીતે સમજ્યો છું, કે જ્ઞાની કોઈ નિર્ણયાત્મક ભૂમિકા પરથી કશું જોતા નથી.

**દાદાશ્રી :** એ બરોબર છે, એ તો અમુક જ્ઞાન થયા પછી, આ તો મારે જ્ઞાન થયા પહેલાની વાત છે. પહેલા મારો આવો સ્વભાવ હતો.

**પ્રશ્નકર્તા :** તો પછી શંકા બહુ ઉપયોગી થઈ કહેવાય.

**દાદાશ્રી :** શંકા ઉપયોગી જ થઈ પડે ને ! મારું સાચું છે, એવું કેમ કરીને માની લઉં હું ? એટલે બધું વાંચી નાખ્યું.

બધા ધર્મ, પુસ્તકોનો અભ્યાસ કર્યો, અને કોઈ પણ ધર્મની પક્ષાપક્ષી નહીં કરેલી. દરેક ધર્મ ઉપર જોઈ લીધું, કે શું કહેવા માગે છે ? બધાના અંતરઆશય શું છે ? ક્યાં જવા માગે છે બધા ? એ જોઈ લીધું. બીજું કશું એ પક્ષાપક્ષની ભાંજગડ હતી નહીં. એટલે પછી મને જેમ ઠીક લાગ્યું એ પ્રમાણે હું મારે અનુકૂળ કરવા માંડ્યો. અને શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તકો મેં વધારે વાંચવા માંડ્યા. પછી એમાંથી મને તો એમ લાગતું હતું, કે મને કંઈ ખાસ લાભ થવાનો નથી. મારે બિઝનેસ ભારે હતા બધા, આ દરિયાઈ જેટીઓના ને એવા તેવા બધા, પણ છતાંય મારું ચિત્ત છે તે ધર્મમાં જ રહેતું'તું. એટલે મને એમ લાગતું હતું, કે કંઈક મને લાભ થશે. મારી લાઈફ પૂરી થશે તે પહેલા કંઈક થોડોઘણો લાભ થશે, એવી આશા હતી. પણ આ તો કંઈ એ ઓચિંતું જ નવી જ જાતનું ઉત્પન્ન થયું ! આ તો મારું ધારેલું નહોતું.

## વાંચતા જ લાગ્યું કે લખનાર અજાયબ પુરુષ છે

**પ્રશ્નકર્તા :** કૃપાળુદેવને પહેલા-વહેલા ક્યારે વાંચ્યા ?

**દાદાશ્રી :** પચ્ચીસમે વર્ષે. ૧૯૩૩માં. એટલે એક અમારા ભાગીદારે મને કહ્યું, કે 'આ પુસ્તક વાંચવા જેવું છે.' એટલે મેં કહ્યું, 'લાવો જોઈએ, કોનું છે ?' ત્યારે કહે છે, કે 'આ પુસ્તક.' પુસ્તક મને આપતાની સાથે સમજી ગયો, કે આ પુસ્તકનો લખનાર કોઈ અજાયબ પુરુષ છે ! મેં કહ્યું, 'આ પુસ્તકનું મને એકેએક વાક્ય ગમે છે, આ જ વાત સાચી છે.' અત્યાર સુધી મેં બધા જોયા પુસ્તક, પણ મને કોઈની વાત ગમી નથી અને મારી ભૂખેય મટી નથી. અને આનાથી તો નાસ્તા જેવું લાગે છે મને. જમણ જેવું નહીં, પણ નાસ્તા જેવું લાગે છે, કે નાસ્તો થયો. માટે વાત સાચી છે. આ પુરુષ, સાચા પુરુષ છે. એ વાત ઉપર તો સોએ સો ટકા મત. કારણ કે કહેવું પડે એ વાણી ! અને એ વાત કહેવી પડે ! કારણ કે શાસ્ત્રોનું દોહન કરેલું છે.

## એ વાક્યથી શ્રીમદ્ લાગ્યા ગજબના પુરુષ

**પ્રશ્નકર્તા :** એટલે દાદા, એમની કઈ વાત પરથી એ 'અજાયબ પુરુષ છે' એવું થયેલું ?

**દાદાશ્રી :** 'અમે સાચું સમજવાના કામી છીએ, કંઈ લાજશરમ, માન, પૂજાદિના કામી નથી.' કહે છે. શું કહે છે ? લાજશરમ કે માન, પૂજાદિના કામી અમે નથી. અમે કામી શેના છીએ ? સાચું સમજવાના કામી. એ મહાવીર ભગવાન પછી આ એક જ પુરુષ એવા પાક્યા, કે જે સાચું સમજવાના કામી. એક જ જાતની કામના લઈને આવ્યા હોય, તો આ એકલા જ પુરુષ પાક્યા'તા. એટલે આ જગતના લોકોને તો બે જાતની કામના હોય. આય હોય ને તેય હોય. આમને એક જ કામના. સાચું સમજવાના કામી, બસ. જેમતેમ કરીને સાચું જ સમજવું. કેવું વાક્ય લખ્યું છે !

લક્ષ્મીના કામી, સ્ત્રીવિષયના કામી, બહુ બધા જોયા, મોટા મહાન પુરુષો પણ જોયા, પણ સાચું સમજવાનો કામી મેં જોયો નથી. હું પોતેય નહોતો એ જાતનો. તે મને આ વાક્ય પર બહુ એ (ધ્યાન) પડેલું, કે આ ગજબના પુરુષ કહેવાય ! આટલું બધું ! બહુ મોટું વાક્ય કહેવાય, આ સાચું સમજવાના કામી ! બધી જ કામના છૂટી જાય ત્યારે સાચું સમજવાના કામી થાય.

શબ્દો આ ઊંચા છે, કે 'અમે સાચું જાણવાના કામી છીએ.' બીજી કોઈ પણ કામના નહીં, એવો આ પુરુષ છે ! એટલે મને એ જ વાક્યથી બહુ મોટો અર્થ થયેલો, કે સાચું જાણવાના કામી, એવો આ કાળમાં પુરુષ ! જે કાળમાં હોય નહીં. પણ ગજબના પુરુષ ! કહેવું પડે ! છોડીઓ-છોકરાઓ હોવા છતાંય. કામના કેવી હતી ? સાચું સમજવાની.

## પુસ્તકની હેલ્પ થઈ, પણ પ્રગટતાની હેલ્પ ના થઈ

આવું બની શકે નહીં ને ! સાચું જાણવાના કામી એ પુરુષ જ ક્યાંથી લાવે આ કાળમાં ? હું જ મારી જોડે તોલ કરતો હતો. મેં આ

વાંચેલું, તે મને એમ લાગ્યું, કે હું કંઈ સાચું જાણવાનો કામી થયો નથી. બીજી કંઈ કામનાઓ રહેલી છે અંદર. જ્યારે આ વાંચેલું ત્યારે. નાની ઉંમરમાં વાંચેલું ને ! આ તો પચ્ચીસ-છવ્વીસ વરસની ઉંમરે વાંચેલું. અમારા ભાગીદારે પુસ્તક હાથમાં આપ્યું ને, ત્યારે મેં કહ્યું, મને વાત ગમી આ. બીજી વાતો મને પસંદ ના આવે. બધે ફરેલો, બધા પુસ્તકો વાંચેલા બધાના પણ કોઈની વાત ગમે નહીં, આમની વાત ગમી. પછી આધાર રાખેલો. પણ હું તો પ્રગટ હોય તો જ એક્સેપ્ટ કરું, નહીં તો કોઈને એક્સેપ્ટ કરું નહીં ને ! એ પુસ્તકની વાણી ઉપરથી આ પુરુષ કેવા હશે, એટલું સમજી ગયેલો. આપણને પુસ્તકની હેલ્પ થઈ, પણ પ્રગટતાની હેલ્પ ના થઈ ને ! પણ તે મને ઉઘાડ થઈ ગયો, પૂર્વભવનો ઉઘાડ થયો, અને આ નિમિત્તથી.

**પ્રશ્નકર્તા :** પૂર્વભવનો શું ઉઘાડ થયો, દાદા ?

**દાદાશ્રી :** આ ઉઘાડ, આ અજવાળું થયું, તે એને નિમિત્તે જ થયું ને ! એ નિમિત્ત ના હોય તો અજવાળું થાય નહીં. એ નિમિત્તની જરૂર છે ને ! એ નિમિત્તની જરૂર હતી. ખૂટતું હતું એ ઉઘાડ થઈ ગયો ને, વગર ગુરુએ.

## પુસ્તક બોધરેશન છે, ફાઈલ તરીકે વાંચજો

**પ્રશ્નકર્તા :** દાદા, આપે જે આ શ્રીમદ્‌ના પુસ્તક વાંચેલા અને આ જ્ઞાન થયું, એને કોઈ સંબંધ ખરો ?

**દાદાશ્રી :** એના લીધે આવરણ તૂટી જાય ને ! આમ ગોળો હોય, એમાં બધી બાજુનું આવરણ તૂટેલું હોય અને આ એક બાજુનું આવરણ રહી ગયું હોય, તો એના પ્રતાપે એય છૂટી જાય ને ! એટલે બધું હિતકારી તો હોય જ ને ! સારી વસ્તુ તો હિતકારી હોય ને ! આપણે બધાનો છે તે ઉપકાર ને !

**પ્રશ્નકર્તા :** બધાનો ઉપકાર.

**દાદાશ્રી :** આ બધાએ એમનું રિવિઝન (ફેરતપાસણી) કરીને જરા ઉપકાર કરેલો હશે. ઉપકાર એમનો ભૂલાય નહીં.

**પ્રશ્નકર્તા :** તો પછી અમારે કોઈ પુસ્તક વાંચવા જેવા ખરા, અક્રમ જ્ઞાન પછી ?

**દાદાશ્રી :** ના, પુસ્તક બોધરેશન (બોજો) છે. ફાઈલ તરીકે વાંચજો, વાંચવું હોય તો.

**પ્રશ્નકર્તા :** ના, ના, એટલા માટે નથી કહેતો. આ અમારે કોઈ આવરણ રહ્યું હોય, તો કાઢવા માટે, જેમ આપનું આવરણ ખસી ગયું.

**દાદાશ્રી :** તમારે ના જાય. તમારું તો અમે કાઢી આપ્યું. અને અમારે કોઈ કાઢનાર હતો જ નહીં ને ! અમારે તો જાતે કાઢતા કાઢતા આવેલા અમે.

## જૈન કે વૈષ્ણવ નહીં, વીતરાગ માર્ગ ફાવે

**પ્રશ્નકર્તા :** આપને જૈન ધર્મ મળ્યો, એ શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી મળેલો ?

**દાદાશ્રી :** હું લઈને આવ્યો'તો, કોઈની પાસેથી પ્રાપ્ત થયું નથી.

**પ્રશ્નકર્તા :** આપ જન્મથી તો વૈષ્ણવ હતા, અને તીર્થંકરોના જ્ઞાન તરફ આપ કઈ રીતે આવ્યા ?

**દાદાશ્રી :** હું તો આ જન્મે કઈ અપેક્ષાએ અહીં આગળ જન્મ્યો હોઈશ, વૈષ્ણવને ત્યાં, એ તો કુદરત જાણતી હશે. પણ જૈન ધર્મ, વૈષ્ણવ ધર્મ એ બધું અમને ના ફાવે. કૃપાળુદેવે 'વીતરાગ ધર્મ' કહ્યો, તે અમને ગમ્યું'તું. આ કૃષ્ણ ભગવાને 'વીતરાગ' કહ્યું, તે ફાવે. આ વીતરાગોએ 'વીતરાગતા' કહ્યું, તે ફાવે. એટલે હું વીતરાગ માર્ગ ઉપર ગયો'તો. હું છે તે મૂળથી આ જ્ઞાનની પાછળ જ પડેલો માણસ ! હું તો ભગવાન મહાવીરની જોડે બેઠેલો છું. અને તીર્થંકરો પર બહુ જ ભાવ. તીર્થંકરોની મૂર્તિ જોઉં તોય મને આનંદ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** આપને તીર્થંકરની કઈ વાણી વાંચીને ગમી ?

**દાદાશ્રી :** બધી જ, તીર્થંકરોની તો એકેએક. એક જ શબ્દ વાંચું ને,

તેને હું સમજી જઉં, કે આ તીર્થંકરોના શબ્દ છે. કારણ કે તીર્થંકરોની ભાષા ઉપદેશરૂપે હોય નહીં અને ઉપદેશરૂપે હોય એ તીર્થંકરની ભાષા નહીં.

## મહાવીર વૈજ્ઞાનિક અને અમે પણ વૈજ્ઞાનિક

**પ્રશ્નકર્તા :** આપની જે વાણી છે, એમાં આ જૈન ધર્મના પારિભાષિક શબ્દો બહુ આવે છે, તો આપે વાંચેલું એના લીધે કે એની મેળે જ ?

**દાદાશ્રી :** ના, આ તો અનંત અવતારનું ભેગું થયેલું ને, તે આ અવતારમાં નિમિત્ત બન્યા. નિમિત્ત આ બધું ખરું, પણ એ પ્રગટ થયું પેલું પાછલું બધું, અનંત અવતારનું સરવૈયું. એ જ્ઞાન પ્રગટ થઈ ગયું. એટલે આ હવે સહેજેય વાણી નીકળે એ બધું જ્ઞાન જ નીકળે. અને તે ટેપરેકર્ડ જ છે, ટેપરેકર્ડ. આ જ્ઞાન જ બધું પ્રગટ થઈ ગયેલું છે. તે મને તો આ એમ ને એમ જ શબ્દો નીકળ્યા જ કરે.

અને છેવટે મૂળ તો અમે મહાવીરના જ ને ! બીજી વાત કોઈની ગમે નહીં. અમે વૈજ્ઞાનિકની વાત માનવા તૈયાર થઈએ. મહાવીર વૈજ્ઞાનિક કહેવાય. અમે પણ વૈજ્ઞાનિક કહેવાઈએ.

❖❖❖❖❖

# [૬]

# જ્ઞાન પૂર્વે સાધના

## અવિનાશી સાધ્યની જ સાધના

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા આપે બીજી કંઈ ઉપાસના કે સાધના કરેલી ?

**દાદાશ્રી :** સાધના તો બધી જાતજાતની કરેલી. પણ હું સાધના એવી નહોતો કરતો, કે કંઈ વસ્તુ પ્રાપ્ત થાય સાધનાથી. મારે કોઈ વસ્તુ જોઈતી નહોતી. અમે તો સાધ્યની જ સાધના કરતા'તા. જે વસ્તુ વિનાશી નથી, અવિનાશી છે, એની સાધના કરતા'તા. બીજી કોઈ સાધનાઓ હું કરતો નહોતો.

## જ્ઞાનમાર્ગ જ પસંદ કરેલો

**પ્રશ્નકર્તા :** વડોદરામાં કોઈ સાધુ-સંત કે બાવાઓ આવે, એમના સમાગમમાં આપ રહેતા કે કંઈ ધ્યાન કે કશું કરતા ?

**દાદાશ્રી :** ના, એ બધા એવા ગૂંચવાડાવાળામાં પડું નહીં. હું તો વૈજ્ઞાનિક બાબત હોય ને, તો જ વાતચીત કરું. ધર્મની બાબતેય વૈજ્ઞાનિક હોય ને, તો જ વાતચીત કરું. નહીં તો આ બધા બાવા ને સાધુ ને એ બધા મારા કામના નહીં. એ ગોટાળિયું મારે ફાવે નહીં. પાછા યોગવાળા ને એ બધું તોફાન, એ મારા કામનું નહીં. યોગની લાઈન હું માગતો જ નહોતો, મારે તો સીધી જ લાઈન જોઈએ.

**પ્રશ્નકર્તા :** સીધી લાઈન એટલે કેવી લાઈન ?

**દાદાશ્રી :** જ્ઞાનમાર્ગ જ, આ આત્મજ્ઞાન. એ માર્ગ જ પસંદ કરેલો.

## જગત શું હશે, એના વિચાર ને આત્માના ગુણોનું ધ્યાન

**પ્રશ્નકર્તા :** સવારે કેટલા વાગે ઊઠી જતા ?

**દાદાશ્રી :** સવારમાં તો ઘણા વખતે પાંચ-છ વાગે ઊઠી જતો પણ પથારીની અંદર ધ્યાન કર્યા કરું. મારું ધ્યાન એટલે બીજા ધ્યાન નહીં પણ આ જગત શું હશે, એના વિચાર કર્યા કરું.

અને આ આત્મા શું છે, એને હું ગુણથી જાણતો'તો. શું શું ગુણો છે, એ હું જાણતો'તો. અને મારી શોધખોળ કરેલી હતી. એટલે હું ગુણો મહીં ધ્યાન કરતો'તો. અને મનની શાંતિ માટે શ્રીમદ્ રાજચંદ્રનું ધ્યાન કરતો'તો, જ્ઞાની પુરુષનું. મનની શાંતિ થાય, બીજું કશું ના થાય. આ તો તમને શક્તિ પ્રાપ્ત થાય છે એ તો દાદા ભગવાન હાજર છે એટલે.

**પ્રશ્નકર્તા :** આત્માના ગુણો એટલે શું ? એટલે તમે કયા ગુણો પર એનો વિચાર કે શોધ કરતા'તા ?

**દાદાશ્રી :** અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શક્તિ, અનંત સુખ, અવ્યાબાધ સ્વરૂપ, અમૂર્ત, અવ્યય, અચ્યુત, બધા બહુ...

**પ્રશ્નકર્તા :** એટલે જ્ઞાન પહેલાય પણ આપ એવા ધ્યાનમાં રહેતા'તા, દાદા ?

**દાદાશ્રી :** ધ્યાન તો મને રહે જ, અમથા હેંડતા હેંડતા મને ધ્યાન રહ્યા કરે.

**પ્રશ્નકર્તા :** શેનું ધ્યાન ?

**દાદાશ્રી :** એ જ બધું, આત્માનું... આજુબાજુના એવિડન્સો બધા. નહીં તો કૃપાળુદેવ ધ્યાનમાં રહે, બીજું રહે. આત્મા સંબંધીના એવિડન્સો બધા (વાતો બધી).

**પ્રશ્નકર્તા :** આત્મા, શું શું એવિડન્સ ચેન્જ થઈ રહ્યા છે, એ બધું જ. લક્ષ એ બાજુ રહ્યું ને ?

**દાદાશ્રી :** બીજી બાજુ લક્ષ જ નહીં.

**પ્રશ્નકર્તા :** એ જ શોધખોળ !

**દાદાશ્રી :** બીજી કશી જરૂર જ નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે શોધખોળ એની પાછળ જ.

**દાદાશ્રી :** એની પાછળ જ, આખો દહાડોય.

## સાધકની ડિગ્રી નહોતી જોઈતી, સાધ્યની પ્રાપ્તિ કરવી હતી

**પ્રશ્નકર્તા :** ઘરેથી ભાગી જવાનું મન નહીં થયેલું કોઈ દિવસ ?

**દાદાશ્રી :** ના, ભાગી જવાનું નહીં.

**પ્રશ્નકર્તા :** કંઈ હિમાલય જવાનું કે એમ કંઈ ?

**દાદાશ્રી :** ના, ના, હિમાલય શું કામ ? હિમાલયમાં ખોળવાનું શું હોય ? હિમાલયમાં તો એકાંતમાં ઊલટા જંગલી જનાવરો હોય, બીજું ત્યાં શું હોય ? ત્યાં કંઈ સારા માણસો મળવાના હતા ? અને સારા માણસના ટચ (પરિચય) સિવાય 'વસ્તુ' પ્રાપ્ત થતી નથી. હિમાલય કોના માટે છે ? એ સાધકો માટે છે. જેને સાધ્ય વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો હિમાલય નથી.

**પ્રશ્નકર્તા :** તો તમારે સાધક નહોતું બનવું ?

**દાદાશ્રી :** ના, સાધક તો આ મને ઈચ્છા જ નહીં થયેલી. સાધક... ત્યાં સુધી કંઈ ડિગ્રી છે. એવી કંઈ પણ ડિગ્રી મને જોઈએ જ નહીં. અને ડિગ્રી આવો તો પૂરી ડિગ્રી આવો, વચ્ચે સાધકની ડિગ્રી ના જોઈએ.

## તીર્થંકરોના કહેલા સાધનોને રહેલા સિન્સિયર

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન માટે આપે કોઈ સાધનોનું અવલંબન લીધેલું ?

**દાદાશ્રી :** હા, ઘણા સાધનોનું લીધેલું. અને સાધનોને સિન્સિયર

રહેલો. તીર્થંકરોના કહેલા જે સાધનો છે ને, તેને. તીર્થંકર ઉપર મને બહુ ભાવ હતો, કે આવા સાચા પુરુષો અને આવું સત્ય, તે સાંભળવામાં નથી આવ્યું. એટલે તીર્થંકરો જે થઈ ગયા એમની વાણી અને એમની વીતરાગતા ઉપર મને બહુ ભાવ હતો. એટલે એમણે જે કહ્યું હતું ને, એ સાધનો મેં પકડ્યા હતા. તે પણ અમુક અમુક. બીજા (જપ, તપ, ત્યાગ, ઉપવાસ વગેરે) મને લાગેલા ખોટા છે. એ ખોટા નથી, ખોટું તો સાધન હોતું જ નથી. પણ જેની પ્રકૃતિમાં જે જે માફક આવે તે પ્રમાણે ભગવાને આ સાધનો બધા આપ્યા છે. પણ તે કષ્ટ સેવન કરવાની શી જરૂર છે ? ભગવાને એ બધું કહેલું છે. પણ જેની પ્રકૃતિને જે અનુકૂળ આવે તે પકડજો. એટલે કોઈ તપ કરતું હોય એને આપણે ખોટું કહી શકીએ નહીં. કારણ કે એની પ્રકૃતિને અનુકૂળ છે. અને ભગવાનની આજ્ઞા છે. પણ તેથી કરીને તમે નથી કરતા, તો તમારે દુઃખ લગાડવા જેવું નથી.

**પ્રશ્નકર્તા :** બરાબર. એ પ્રકૃતિ એટલે જે જીવ હોય એને પોતાની પ્રકૃતિને શું અનુરૂપ કહેવાય, એ જાતે શોધી લેવાનું ને ?

**દાદાશ્રી :** હા, એટલે મારી પ્રકૃતિ એવી છે નાનપણથી, કે એક અપવાસ મારાથી થઈ શકતો નથી. એક અપવાસ નહીં પણ એક ટંક દૂર કરવી (ભૂખ્યું રહેવું) હોય તો મુશ્કેલી પડે. પણ તે મેં કરીએય નથી, હું જાણું છું કે મારી પ્રકૃતિ આવી છે.

## નિરંતર ઉણોદરી તપ

કોઈ અમને પૂછે, તમે જ્ઞાની થવા માટે કેટલા અપવાસ કર્યા ? ત્યારે હું કહું, કે ભઈ, મારે સમ ખાવા માટે એક અપવાસ કરવો જોઈએ, તેય નથી થયો. સમ ખાવાલાયકેય નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, અપવાસ આગળેય નહીં કરેલ ?

**દાદાશ્રી :** ના, ના, અપવાસ-બપવાસ નહીં. અમે નિરંતર ઉણોદરી તપ કરીએ છીએ.

**પ્રશ્નકર્તા :** એ મોટામાં મોટું તપ છે.

**દાદાશ્રી :** કાયમને માટે ઉણોદરી. જો તમે જમતા જમતા આટલો પ્રસાદ આપી જાવ ને, તો એને બદલે એટલું શાક કાઢી નાખું. નિયમ જ એવો હતો. એક-બે રૂપિયાભાર આપવા આવો, તો બે રૂપિયાભાર કાઢી નાખવાનું. કાયમ પહેલેથી જ એવું. નહીં તો તો અમારાથી વાત જ ના થાય ને !

જ્ઞાન એટલે શું, કે મહીં ખાલી હોય તો જ જ્ઞાન રહે. નહીં તો એ ડોઝિંગ (ઘેન) થયા કરે.

## તીર્થંકરોએ કહેલા આ ત્રણ નિયમો પાળતા હતા

મારાથી જે બની શક્યું તે કરતો હતો, જ્યાં સુધી મને ૧૯૫૮માં જ્ઞાન ઉત્પન્ન થયું ત્યાં સુધી. જ્યારથી આ જાણ્યું હતું, કે વિજ્ઞાનીઓએ, તીર્થંકરોએ કહ્યું છે, કે આ પ્રમાણે હોવું ઘટે. તો પાણી કેવું પીવું જોઈએ ? તે હું ઉકાળેલું પાણી પીતો હતો, કાયમને માટે. બીજું, જમવાનું સૂર્યનારાયણના આથમતા પહેલા જમી લેવાનું. અને કંદમૂળ નહીં ખાવાના. આવા ત્રણ નિયમો હું પાળતો હતો. મારાથી જે પાળી શકાય, તે હું પાળતો હતો. બીજું મારાથી નહોતું થતું.

અમને તો આત્મા પ્રાપ્ત કરવો'તો. તે અમે તો કોઈ નાનામાં નાનો ભક્ત માણસ કરે, એવું અમે કરતા'તા. ભગવાનના શાસ્ત્રો વાંચતા'તા. મૌનેય લીધેલા. અને રોજ ચોવિહાર કરતા'તા કાયમ. એ ચોવિહાર નહીં પણ તેવિહાર (તિવિહાર), પાણીની થોડી છૂટ રાખેલી. પછી કાયમ કંદમૂળ ત્યાગ હતો. અને કાયમ ગરમ પાણી પીતા'તા, ઉકાળેલું, બસ. અમે બીજું કશું કરતા નહોતા. આટલું અમારી પાસે હતું, બીજું કશું સાધન નહીં.

## વૈજ્ઞાનિક વાત બધાની સ્વીકાર કરું

આમ વૈષ્ણવ અમે. મૂળ ઘરમાં વૈષ્ણવ ધર્મ. પણ પછી બધું જોતા જોતા એમ લાગેલું, કે આ તીર્થંકરોએ વાત સારી કરી છે, ખોરાકની બાબતમાં. ખોરાકની બાબતમાં શોધખોળ કરતા એવું માલૂમ પડ્યું, કે

ખોરાક હેલ્પ કરે છે મોક્ષે જતા. તે સૂર્યનારાયણની હાજરીમાં જો ખોરાક લેવામાં આવે તો એ ખોરાક સારી રીતે પાચન થાય છે અને પછી રાત્રે મોડું ખાવામાં આવે ને, તો એમાં બહુ જ નુકસાન છે જબરજસ્ત. પછી બીજું, આ બટાકા ને એ બધું જે મહીં જમીનમાં થાય છે ને, એ કંદમૂળ ખાવાથી જબરજસ્ત નુકસાન આત્મા ઉપર થાય છે, આવરણ આવે છે. એટલે એ બધું બંધ કરેલું હતું મેં.

જે જે વાત મને પસંદ પડેલી આ જૈનોની, એનો સ્વીકાર કરી લીધેલો. જે જે વાત વેદાંતની પસંદ પડેલી તે સ્વીકાર કરી લીધો. મુસ્લિમોની જે વાત પસંદ પડેલી તેય સ્વીકાર કરી લીધો. બધાનો સ્વીકાર કરી લીધેલો છે. તે આ રાત્રે વહેલું સૂર્યનારાયણની હાજરીમાં જમવું જોઈએ, એ મને બહુ પસંદ પડેલું. અને એ સાયન્ટિફિક (વૈજ્ઞાનિક) છે વસ્તુ. અને તે વેદાંતે પણ એવું કહ્યું છે, પણ વેદાંતનું કોઈ સ્વીકારતું નથી.

મને પોતાને સાયન્ટિફિકલી વાત હોય ને, તે કોઈ પણ ધર્મની હોય તોય હું સ્વીકાર કરું. વૈજ્ઞાનિક વાત હોય ને, એ બધાનો હું સ્વીકાર કરું. આ તીર્થંકરોની વાત તો બહુ ડાહી લાગી મને. અને સ્વીકાર કરીને એ નિયમો પાળતો હતો. પાણી ગરમ કરેલું ઠંડું કરીને પછી પીતો'તો. તે ધંધા ઉપર જવાનું, ત્યાંય ઉકાળેલું પાણી જોડે જ લઈ જવાનું. જોડે પાણીનો શીશો ફેરવતો'તો. બૉઈલ્ડ, ઉકાળેલું પાણી હોય. એટલે આમાં શું ફાયદાકારક છે, એ જોઈ લીધેલું. ગરમ પાણીથી બીજા કંઈ રોગ થાય નહીં ને કશુંય નહીં અને બહુ સારું રહેતું'તું શરીર. એનાથી સ્વચ્છતા બહુ સારી રહેતી'તી, માઈન્ડની અને બ્રેઈનની. અત્યારે તો મારે થતું નથી તબિયતના આધારે, પણ તે દહાડે તો બધું થતું.

## વૈષ્ણવને ત્યાં જન્મ પણ અમારો મૂળ માર્ગ વીતરાગ

હવે હું તો વૈષ્ણવને ત્યાં જન્મેલો માણસ, છતાંય આ અમારા નિયમો હતા ત્રણ તો. વૈષ્ણવ હોવા છતાંય જૈનિઝમનો આટલો બધો અમારી પર પ્રભાવ પડેલો. વીતરાગોનો માર્ગ અમારો મૂળ માર્ગ હોવો

જોઈએ, જેથી અમને મૂળ માર્ગ તરીકે પ્રગટ થઈ ગયો પછી. અમારો મૂળ માર્ગ તો આ જ હોવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, તો એ ભાવના પણ કેવી રીતે થઈ ? કારણ કે નાનપણમાં તો એ સંસ્કાર મળેલા જ ના હોય ને ? કારણ કે જૈનેતર હતા ને દાદા એટલે.

**દાદાશ્રી :** ના, નાનપણથી અમુક ઉંમર સુધી આ કંદમૂળ-બંદમૂળ બધા ખાધેલા. એ બધું જ ખાધેલું ને ! આ તો અમુક વર્ષ પછી, મોટી ઉંમર થયા પછી અમારા ભાગીદાર ને અમે બે જણે નક્કી કરેલું.

## બધા જ ધર્મોની સારી વસ્તુ ગ્રહણ કરી લીધેલી

અમે બધાય ધર્મોની સારી સારી વસ્તુ લઈ લીધેલી, ગ્રહણ કરી લીધેલી. જે કોઈની સારી લાગે ને, તે ગ્રહણ કરતા. ગોકળઆઠમેય કરીએ ને બધુંય કરીએ, પણ એ વૈજ્ઞાનિક હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા, બસ.

**દાદાશ્રી :** હું વૈજ્ઞાનિક સ્વીકાર કરતો બધાનું, ગમે તેનું હોય. શિવધર્મીવાળાનું (શિવરાત્રી) એ શક્કરિયા ખાઈનેય કરું. વિજ્ઞાન છે એ તો. આ જે આખો જે શિયાળાનો અમુક ભાગ ગયો, તેમાં કફ વધી જાય. હવે આ ઉનાળો જે આવવાનો એ વાયુ આવે. તે આ (શક્કરિયા) વાયુમાં ફેરવનાર કફને. આ ખાય ને, એટલે પ્રકૃતિ આખી બદલાઈ જાય, કફ ઓગળી જાય બધો. એ વિજ્ઞાન છે બધું, ગપ્પું નથી. તે આપણા લોકોએ બટાકા ખાવાના કહ્યા. એ શક્કરિયા ને અમુક જ કંદમૂળ ખાવાના છે. ખાસ શક્કરિયા જ ખાવાના છે. આયુર્વેદ ને ધર્મ બે સાથે કર્યો છે.

## વૈષ્ણવ-જૈનનો મિક્ષ્ચર પુરુષાર્થ હતો

મારો પુરુષાર્થ તો વૈષ્ણવ-જૈનનો મિક્ષ્ચર હતો. વ્યવહાર બધો જૈન-વૈષ્ણવનો ભેગો હતો. અમુક બાબતમાં વૈષ્ણવનો વ્યવહાર, અમુક બાબતમાં જૈન વ્યવહાર. તમેય કોઈ દહાડો એવો જૈન વ્યવહાર કર્યો

નહીં હોય. પણ તે જ્ઞાન થવાનું કારણ નથી. એનું કારણ તો બહુ બધા એવિડન્સ ભેગા થયેલા છે. આ તો આવું બને નહીં, અક્રમ વિજ્ઞાન ઊભું થાય નહીં ને !

## ફેરફાર નહીં, જે હો તે નિકાલ કરો

ચોવિહાર ને એ બધું તો આપણા સાધુઓય કરે છે, જો આનાથી થતું હોત તો. એ કારણ નથી મુખ્ય. તું તારે માની ના બેસીશ. બધા સાધુઓય કરે છે, નથી કરતા ? આ વન ઑફ ધી કૉઝિઝ છે. અમે કૉઝ નથી, એવું નથી કહેતા. બીજા કેટલાય કૉઝિઝ ભેગા થયા, ત્યારે આ પ્રકાશ ઉત્પન્ન થયો.

હવે જ્ઞાન આપ્યા પછી આપણા મહાત્માઓ કહે છે, 'અમે આવું કરીએ ?' મેં કહ્યું, 'ના, તમારે મહીં ડિસ્ચાર્જ હોય તે જ કરવાનું.' હવે તો બદલાય નહીં ને ! બદલાય ક્યારે, કે આ જ્ઞાન ના હોય તેને બદલાય.

આપણે કશો ફેરફાર કરવા જેવો નથી. આપણે જે હો તે નિકાલ કરો. જ્ઞાન ના હોય તો કંઈ ને કંઈ વ્રત-નિયમ હોય તો સારું. જ્ઞાન હોય તેને કશું જરૂર નથી. જ્ઞાની પુરુષની પાસે જ પડી રહેવું. આત્મા ઠરી જાય દહાડે દહાડે.

## કર્તાભાવ ગયો માટે ઉદય પ્રમાણે વર્ત્યા

**પ્રશ્નકર્તા :** દાદા, તમે એ નિયમો જ્ઞાન પછી પણ ચાલુ રાખ્યા ?

**દાદાશ્રી :** જ્ઞાન થયા પછી બધું બંધ થઈ ગયું. પછી જે ઉદય હોય એ પ્રમાણે, સંજોગો પ્રમાણે. અમારે કંઈ એવું કરવું કે ના કરવું એવો ભાવ નથી.

**પ્રશ્નકર્તા :** પણ પહેલા જે કરતા'તા, ચોવિહાર, કંદમૂળ બંધ, તો જ્ઞાન પ્રાપ્ત થયા પછી તો વધારે કરવું જોઈએ ને અત્યારે ?

**દાદાશ્રી :** ના, એ તો અહંકારે કરીને કરેલું બધું. અહંકાર ગયો એટલે થઈ રહ્યું !

હવે આ છે તે એ થાય ખરું. અત્યારેય ચાલુ ખરું, પણ તે આવું તબિયત બગડે ત્યારે બંધ થઈ જાય પાછું ચાર દહાડા. અમારું કાયમ ના રહે ને, પેલું કાયમ રહેતું'તું. અહંકારે કરીને રહેતું ને, સ્ટ્રોંગ !

અત્યારે અમારે ચોવિહારનું બંધન નહીં. અમારે તો શાસ્ત્રકારોએ કહ્યું છે ને એવું, કે ઉદયકર્મને આધીન, જેવું હોય ને સંજોગો એ પ્રમાણે. અમારે એવું કોઈ બંધન નહીં. હા, તે દહાડે બંધન હતું. તે દહાડે તો કર્તાભાવ હતો ને !

## એમ કરવા જાય તો રમણતા ને ઉપયોગ પરમાં જાય

આ જ્ઞાન થયા પછી ના હોય એ બધું. અમારે હવે ત્યાગાત્યાગ ના હોય. નહીં તો પછી ઉપયોગ એમાં રહે, રમણતા બદલાય. નિરંતર સ્વરમણતા જ હોવી જોઈએ. આમાં ઉપયોગ ના હોય. હવે તો ઉદયાધીન, જેવું હોય એવું. પાણીયે ટાઢું મળે તો ટાઢું પી લેવાનું, ગરમ મળે તો ગરમ. જે આવે તે, અમારે એનો કશો વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** હવે ચાલે એમ ચાલવા દેવું.

**દાદાશ્રી :** એટલે મોડું-વહેલું ખાવાનું થાય તોય વાંધો નહીં. મોડું થાય તો મોડું, વહેલું થાય તો વહેલું. જે અનુકૂળ આવે તે. અને પેલું તો અહંકારે કરીને 'એય, મારો ટાઈમ થઈ ગયો. મૂકી દો, મૂકી દો, જે હોય તે મૂકી દો.' હવે તો એવું અમારે કરાય નહીં.

## ચોવિહારનું સાચવવા કષાય ન કરીએ

હવે તો અમારા આ સત્સંગ-બત્સંગ ગોઠવેલા હોય ને, એટલે અમારે કંઈ ચોવિહાર કે એની પડેલી ના હોય. ઘણા વખત ચોવિહાર હોય, અને બે-ચાર દિવસ નાય થાય અમારાથી. પણ અમારો હેતુ ચોવિહારનો જ. મુખ્ય વસ્તુ એ તો.

તમારે ત્યાં જમવા તેડી ગયા હોય ને, તો તમારે ત્યાં છને બદલે સાત વાગી જાય તો અમે બૂમ ના પાડીએ. જો તમારે ત્યાં આવ્યા હોય,

તો બૂમાબૂમ કરીએ, 'એય મોડું કરો મા, અથવા ઉતાવળ કરો, ઉતાવળ કરો.' એ અમારું કામ નહીં, અમે સહજ રહીએ. ચોવિહારનું સાચવવા કષાય ન કરીએ.

**પ્રશ્નકર્તા :** હા, દાદા, બરાબર છે. નાનું સાચવતા મોટું નુકસાન ન જાય.

**દાદાશ્રી :** હા, એટલે ચોવિહાર દસ રૂપિયાવાળી નોટ મળે છે આપણને અને કષાયથી સાંઈઠ-સિત્તેર રૂપિયા જાય છે. એટલે અમારી પાસે આવું ના હોય. અમે બહુ ડાહ્યા હોઈએ. મહાવીર ભગવાનના જેવા ડાહ્યા હોઈએ. બધું ડહાપણવાળું હોય અમારી પાસે. લોકોને એમ લાગે, એય ચોવિહાર નથી કર્યો એમણે. તે સમજ પડેય ખરી. કારણ કે અમે ઉદયાનુસારી હોઈએ. જેમ ઉદય આવે ને, તેમ જ વર્તીએ. આજ તમારે ત્યાં આવ્યા હોય, તો બૂમાબૂમ કરવી અમારે ? અને ના ખાઈએ તોય તમારા મનમાં દુઃખ થાય, 'આ જ્ઞાની આવ્યા ને આપણાથી આ મોડું થઈ ગયું ને આવું બધું થયું.' તે તમે પાછા તમારી બૈરીને વઢો પાછું, 'અક્કલ વગરની, જ્ઞાની આવીને પાછા ગયા !' એ પાછો કકળાટ ઊભો થાય પછી. અમે ગાંડા ના કાઢીએ. ગાંડપણ અમારામાં ના હોય. એટલું જ અમારું શીખી લે ને, બહુ થઈ ગયું.

## જ્ઞાન પછી ઉદયકર્મને આધીન

**પ્રશ્નકર્તા :** દાદા કાંદા-બટાકા ખાય છે ?

**દાદાશ્રી :** દાદા તો કશુંય ખાતા નથી, જે આપો એ લે. બાકી એમને કશી, શાકનીયે જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** ના, પણ કોઈ આપે તો ?

**દાદાશ્રી :** ના, ના, એવું આપે તોય નહીં. મારે જરૂર જ નહીં ને ! મારે તો કેટલી ચીજની જરૂર આ દુનિયામાં ? ત્યારે કહે, એ બાજરીનો રોટલો, જરા દૂધ કે જરા માખણ કે ખીચડી-કઢી કે દાળ-ભાત-કઢી, આ સિવાય મારે કોઈ ચીજની જરૂર નથી. શાક-બાકનીય મારે જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** જરૂર તો નથી, દાદા, પણ કોઈ લાવીને મૂકે આપની થાળીમાં, તો શું થાય ?

**દાદાશ્રી :** એ તો સહેજ અડી આપું (થોડુંક લઉં). એટલે ખરાબ ના લાગે એને.

**પ્રશ્નકર્તા :** હા, એટલે એ જ પૉઈન્ટ છે, એ જ જાણવું હતું.

**દાદાશ્રી :** અને અમારું ગણતરીમાં ના લેવાય એને. અમને તો તીર્થંકર ભગવાને છૂટ આપેલી, કે જ્ઞાની પુરુષ તો ઉદયને આધીન જ વર્તતા હોય. કેવું ? સ્વાધીનપણું હોય નહીં પોતાને. એટલે જેવો ઉદય આવ્યો તે પ્રમાણે કર્યા કરે. એમને કશું એવું છે નહીં. બાકી તો જ્યાં સુધી અમને જ્ઞાન નહોતું થયું ને, ત્યાં સુધી અમે કેટલા બધા ચોવિહાર કરેલા. કંદમૂળ ત્યાગ હતો અમારે કાયમ. રસ્તો ઉત્તમ છે એ, પૉસિબલ હોય તો.

## અમારા બધા કર્મો દિવ્યકર્મો ગણાય

અમને તો ભગવાનેય છોડી દીધા, કે જ્ઞાની પુરુષને ત્યાગાત્યાગ સંભવે નહીં. એ તો ઉદયને આધીન ફરે. એટલે અમને તો ભગવાનેય બાંધે નહીં ને ! કોઈ બાંધે જ નહીં ને અમને ? છતાંય પણ લોકોનું કલ્યાણ થાય એવું અમારા મનમાં ભાવ હોય, કે કંઈક આ ઉદય એવા આવે તો સારું. બાકી અમને તો કોઈ બંધન હોય જ નહીં ને ! અમારા કર્મોનેય ભગવાને દિવ્ય કહ્યા છે.

**પ્રશ્નકર્તા :** એટલે બિગિનર્સ માટે છે આ બધું. શરૂઆત જે કરતા હોય એને માટે આ બધા લિમિટેશન્સ છે.

**દાદાશ્રી :** હા, તેને લિમિટેશન્સ છે. અને અમારે તો બધા કર્મેય દિવ્યકર્મો ગણાય.

## ફૂલાં ગયા તોય...

તેય લોકોના હિત માટે ફરી ઉદય ખોળું છું. આવશે પાછો ઉદય, લોકોના હિતને માટે. જેમ આ ફૂલાં ગયા ને, એવું આય જતું રહેશે, લોકોના હિતને માટે. એ લોકોનું હિત થાય ને, કશું આ ના દેખે તો. આ

ફૂલાં ગયા, પણ ત્યાર પછી કોઈ આવ્યો જ નહીં. જુઓ ને, હવે આવું બધું ! અને પહેલા કહે છે, ફૂલાં જાય તો પછી અમે દાદાની પાસે, પાછળ પડીએ. અને અત્યાર સુધી કોઈ ઘરાક ફર્યો નથી.

અમારે તો ત્યાગાત્યાગ ના હોય. પણ આ લોકો એટલા બધા દુઃખી થાય છે. દાદાજી, તમે ચોવિહાર ના કરો, તો અમને બહુ દુઃખ થાય છે. મેં કહ્યું, 'ચોવિહાર કરીશ.' શું કરું ત્યારે ?

**પ્રશ્નકર્તા :** દાદા, અમને કોઈ પૂછે છે, કે 'દાદા લસણ-કાંદા-બટેટા ખાય છે ?' એવુંય પૂછે છે.

**દાદાશ્રી :** હા, પૂછે, બધું પૂછે એ તો. ડખો જ વ્યવહારનો. 'દાદા છે તે ચોવિહાર નથી કરતા ?'

**પ્રશ્નકર્તા :** દાદા, મને પૂછનારા બહુ પૂછે છે આવું, કે 'દાદા ચોવિહાર નથી કરતા, દાદા કંદમૂળ ખાય છે, દાદા આમ કરે છે, દાદા તેમ કરે છે.' મેં કીધું, બરોબર છે, પણ મને તો દાદા પાસેથી આત્મા મળ્યો.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** એટલે હવે મારે ખોવો નથી.

## અમારાથી છોડાય નહીં, છોડાવવા કંઈક નિમિત્ત બનવું જોઈએ

**દાદાશ્રી :** અમદાવાદમાં એક જણ મંડ્યો'તો ને, 'ચોવિહાર કરતા નથી એટલે મને ગમતું નથી.' મેં કહ્યું, 'તે મારીય ઈચ્છા છે પણ થતું નથી ને ! તું કહું એમ કરીએ, પણ અમારે તો ઉદયને આધીન રહેવું પડે. અને છતાં તું એવું કહું, તો તું મને આશીર્વાદ આપ કે મારાથી થઈ જાય એવું.' હા, આશીર્વાદથી તો મારે બીડી જતી રહી. તું કહે એમ, 'આજ્ઞા કરું છું હું તમને, ચોવિહાર આજથી કરો.' તો હું કરું. તું જે આજ્ઞા કરું તે હું કરું, પછી તું કહેજે. એમાં ભૂલ થાય તો કહેજે. મને એક પેલાએ કહ્યું, કે 'મને આ આટલું આપી દો તમારી સિગરેટ', તો આપી દીધી ને ! એવું આય તું કહે, કે 'જે તમે ચોવિહાર નથી કરતા, એ ભાગ અમને

આપી દો.' તો અમે છોડી દઈએ. અમારે છોડ્યું છોડાય નહીં અમારાથી. શું ખોટું ? અમે બધું જ તમે કહો એમ કરવા તૈયાર છીએ. કારણ કે અમે આ પક્ષમાં જ નથી. તને એવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** આ પક્ષમાં જ નથી.

**દાદાશ્રી :** તોય અમદાવાદવાળાએ એમ ના કહ્યું, કે હું તમને આ આજ્ઞા કરું છું. અગર તો તમારું મને વહોરાવી દો, એમેય ના કહ્યું. જો વહોરાવી દેવાનું કહ્યું હોત તો વહોરાવી દેત. અને આજ્ઞા કરી હોત તો આજ્ઞા પ્રમાણે કરત, બેથી જાય આ. શેનાથી જાય ?

**પ્રશ્નકર્તા :** હં, બેથી જાય.

**દાદાશ્રી :** કંઈક નિમિત્ત તો બનવું જોઈએ ને ? અમારે નિમિત્ત સિવાય કશું ના બને. નહીં તો જે હોય છે તે જ. વ્યવસ્થિતમાં જે હોય તે નીકળ્યા કરે. સંજોગવશાત્, સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સના આધારે જ. અમારે કોઈ ચીજ ખાવી કે ના ખાવી એવું કશું હોય નહીં.

## ના જોશો જ્ઞાનીની બાહ્યચર્યા

**પ્રશ્નકર્તા :** મૂળ વાત તો એ છે, કે જ્ઞાની મળ્યા પછી એ કહે એમ કરજો, બીજું કશું કરશો જ નહીં.

**દાદાશ્રી :** હા, એ તમારો જ આત્મા છે. એની તપાસ કરવા ના જશો, કે સાહેબ, તમે શું ચોવિહાર કરો છો કે તેવિહાર કરો છો, તે એવી તપાસ ના કરવા જશો. ત્યાગાત્યાગ સંભવે નહીં એમને, કહે છે. શું કહે છે ? ત્યાગ અગર અત્યાગ તે એમને હોય નહીં. એ જેમ છે તેમ બરોબર છે.

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે. એમની બાહ્યચર્યા પણ ના જોશો, એમ કહ્યું છે.

**દાદાશ્રી :** કશું જ જોવાનું નહીં. કોઈ ફેરો દાદા સિનેમામાં બેઠા હોય, પેલો કહેશે, ''મેં દાદાને સિનેમામાં જોયા'તા, હોં !'' એ તો ના દેખાય એ કંઈ ?

**પ્રશ્નકર્તા :** સિનેમાનું ઉદ્‌ઘાટન કરવા ગયા હોય ને બેઠા હોય.

**દાદાશ્રી :** હા, ઉદ્‌ઘાટન કરવા આવ્યા હોય ને બેસે ! બેસવું તો પડે ને ?

**પ્રશ્નકર્તા :** હા, બેસવું પડે.

**દાદાશ્રી :** ઉદ્‌ઘાટન કર્યું'તું ને, એમને ત્યાં ! એય... કાતર લઈને કાપ્યું !





## સાચા પ્રતિક્રમણ તો જ્ઞાન પછી થયેલા

**પ્રશ્નકર્તા :** તમે જ્ઞાન થયા પહેલા કોઈ દિવસ સામાયિક કે કશું કરેલું ?

**દાદાશ્રી :** અમે પ્રતિક્રમણ કરતા, કાયમ જ પ્રતિક્રમણ કરતા.

**પ્રશ્નકર્તા :** આપને જ્ઞાન થયા પહેલાની વાત પૂછું છું.

**દાદાશ્રી :** એમાં તે દહાડે આવું નહીં. જ્ઞાન પહેલાય અમે પ્રતિક્રમણ કરતા, એ કેવા ? આ કર્મ ખોટું બંધાઈ રહ્યું છે એના પસ્તાવાપૂર્વકના પ્રતિક્રમણ; પણ એ સાચા પ્રતિક્રમણ કહેવાય નહીં. જ્ઞાન પછી સાચા પ્રતિક્રમણ થયેલા.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પછી સાચા પ્રતિક્રમણ કેવી રીતે કર્યા ?

**દાદાશ્રી :** માણસમાત્રના પ્રતિક્રમણ કરી નાખ્યા. આખી લાઈફમાં ભેગા થયેલા બધાને યાદ કરી કરીને, તે દહાડે તો યાદગીરી હતી. યાદ કરી કરીને બધાના પ્રતિક્રમણ કર્યા. અને ત્યાર પછી યાદગીરી જતી રહી. રાગ-દ્વેષ નહીં ને ! ત્યાં સુધી દ્વેષ હતો. બધા યાદ આવે, વારાફરતી. આડોશીઓ-પાડોશીઓ, કુટુંબવાળા, પરકુટુંબવાળા, બીજા કુટુંબવાળા, હરીફો...

અમે તો ગામવાળા જોડેય ચોખ્ખું કરી નાખ્યું. ગામમાંય અમારી ખડકીમાં ખોળી ખોળીને પ્રતિક્રમણ કર્યું. અણસમજણથી કરેલા દોષો જ બાંધેલા હોય.

અને મહીં અહંકાર ભારે, 'હં, ફલાણા આવા, તેવા.' તે તિરસ્કાર, તિરસ્કાર, તિરસ્કાર અને કોઈને વખાણેય ખરા. એકને વખાણે, એકને તિરસ્કાર કરે. તે પછી ત્યારથી એ.એમ.પટેલને કહી દીધું, કે 'આ તિરસ્કાર કર્યા, ધોઈ નાખો બધા હવે સાબુ ઘાલીને.' તે માણસ ખોળી ખોળીને બધા ધોયા, ધો ધો કર્યા. આ બાજુના પાડોશીઓ, આ બાજુના પાડોશીઓ, આ

બાજુના કુટુંબીઓ, આ બાજુના કુટુંબીઓ, મામો, કાકો, બધેય તિરસ્કાર થયેલા હોય, બળ્યા. બધાના ધોઈ નાખ્યા.

**પ્રશ્નકર્તા :** કેવી રીતે કર્યું ? મનથી કર્યું કે સામે જઈને ?

**દાદાશ્રી :** મેં અંબાલાલ પટેલને કહ્યું, કે 'આ તમે ઊંધા કર્યા છે એ બધા મને દેખાય છે, હવે તે તમે બધા ઊંધા કરેલા ધોઈ નાખો.'

## વેરણ-છેરણ કરી નાખે બંધાયેલા કર્મો

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા જે આપના કર્મો બંધાણા હોય કે દોષો હોય, એનું બીજ પડ્યું હોય ?

**દાદાશ્રી :** ના, એ તો વેરણ-છેરણ કરી નાખીએ. એ તો હલાવી-કરીને, મારીને... વેરણ-છેરણ કરી નાખીએ.

**પ્રશ્નકર્તા :** એ પણ જ્યારે જ્ઞાન પ્રગટ થયું, ત્યારે એ બધા વૉશ આઉટ થયા (ધોવાઈ ગયા) હશે ને ?

**દાદાશ્રી :** એ તો વેરણ-છેરણ કરી નાખીએ. ખ્યાલમાં હોય ને, કે અહીં પેલું આ રહી ગયું.

**પ્રશ્નકર્તા :** ના, ના, ખરી રીતે તો જે દૃષ્ટિ હતી, એ બીજ ન પડવા દેનારી દૃષ્ટિ હતી. અને બીજ ઓછા કરવાની દૃષ્ટિ હતી.

**દાદાશ્રી :** હં, ઓછા કરવાની. પણ પડતા'તા ખરા. પણ પછી વેરણ-છેરણ કરી નાખીએ.

❖❖❖❖❖

# [૭]
# અક્રમ વિજ્ઞાનની શરૂઆત

## [૭.૧]
## ઋષભદેવ ભગવાન પાસે અક્રમની માંગણી

### સત્સંગની શરૂઆત ક્રમિક માર્ગથી

**પ્રશ્નકર્તા :** આ આધ્યાત્મિક બાબતમાં જે હમણાં તમે વાર્તાલાપ ને બધું કરો, તે સુરતના સ્ટેશને જ્ઞાન થયું ત્યાર પછી બધું થવા માંડ્યું ?

**દાદાશ્રી :** હા, ત્યાર પછી. નહીં તો આવા સરસ જવાબ એકુંય ના અપાય. આ તો જ્ઞાનનો પ્રતાપ છે ! વર્લ્ડમાં કોઈ માણસ આપી શકે નહીં, નૉટ એ સિંગલ મૅન (એક પણ માણસ નહીં) !

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન થયા પછી, આ જ્ઞાન બીજાઓને પણ મળે, એવો વિચાર આપને ક્યારે આવ્યો ?

**દાદાશ્રી :** જે સુખ હું પામ્યો, એ સુખ અમારે બીજાને પમાડવાની પહેલેથી જ ઈચ્છા. એ ઈચ્છાઓ ચાલુ રહી, તેમાં તો આ સુખ વધારે પરિણામ પામ્યું. પછી ક્રમિક માર્ગ ઘેર ખોલ્યો.

**પ્રશ્નકર્તા :** ક્રમિક ખોલ્યો કે અક્રમ ?

**દાદાશ્રી :** ક્રમિક. અક્રમનો તો ખ્યાલ જ નહોતો ને !

મને ’૫૮માં આ જ્ઞાન પ્રગટ થયું, પછી બધા મારે ત્યાં બેસવા આવતા સત્સંગ માટે. જાણે ખરા, કે આમને કંઈક જ્ઞાન છે ! તે જ્ઞાન થતા પહેલાય આવતા હતા. શાસ્ત્રનું જ્ઞાન બહુ સારું. જ્ઞાન નહોતું થયું ત્યારે શાસ્ત્રોની બહુ સારી વિચક્ષણતા. તે પાંચ-સાત-દસ-પંદર માણસો બેસે, સવારથી સાંજ સુધી સત્સંગ ચાલ્યા કરે. અવારનવાર માણસો બદલાયા કરે. પણ તે સત્સંગ ક્રમિક માર્ગનો ચાલતો’તો. અને ’૫૮માં જ્ઞાન થયા પછીય પાછો ક્રમિકનો જ ચાલુ હતો. ક્રમિક એટલે પહેલા જે આવતા હતા આ સત્સંગ કરવા, તેના તે જ લોકો આવ્યા કરે.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પછી ?

**દાદાશ્રી :** હંઅ. જે પહેલા આવતા હતા તેના તે જ.

**પ્રશ્નકર્તા :** પણ આ જ્ઞાન થયું એ વખતે તો આ અક્રમ માર્ગ છે, એવો ખ્યાલ ના આવ્યો ?

**દાદાશ્રી :** ના, ના.

**પ્રશ્નકર્તા :** કહો, પછી શું થયું, દાદા ?

**દાદાશ્રી :** એટલે આ જ્ઞાન થતા પહેલા જે ભેગા થતા હતા મારે ત્યાં, તેના તે જ ભેગા તો થાય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને હુંય તે રીતે સત્સંગ કરતો. એટલે પહેલા કરતાં વાત બધી ઊંચી નીકળે. અહંકાર વગરનું નીકળે બધું સાવ.

## ચિંતા-ઉપાધિવાળો આ વિચિત્ર કાળ

એટલે મેંય પહેલો ૧૯૫૯માં ક્રમિક માર્ગ ચાલુ કર્યો. અમારે ઘેર આવે ને, તેને ક્રમિક વિજ્ઞાન આપવા માંડ્યું. તે બધા આવીને બેસી રહે, સાંભળે, પણ પછી મેં જોયું, કે આ લોકો ક્રમિક માર્ગના આરાધક છે. એ લોકો સમજે છે બધુંય, પણ એની ઘરની ચિંતા તો રહેવાની ને, એ લોકોને ?

**પ્રશ્નકર્તા :** હા, રહે.

**દાદાશ્રી :** જે ઘડીએ આ સત્સંગ ચાલતો હોય, તે ઘડીએ મહીં બાઈટ (કૈડ્યા) કરતું હોય ને, કે આ કામ રહી ગયું છે, આમ છે, તેમ છે. કમાવાની ચિંતા, ઘેર પાછી બીજી ઉપાધિઓ, ત્રીજી ઉપાધિઓ. તે બે-ત્રણ કલાક થાય એટલે સાંભરે પાછું, ફલાણું રહી ગયું, ફલાણું રહી ગયું. તે હું બોલું, પણ તે મૂઆના મોઢા ઉપર ચિંતા હોય. ત્યારે મેં કહ્યું, 'ભઈ, કેમ જુઓ આમ, સંભળાયું કે નહીં ?' ત્યારે કહે, 'સંભળાયું, સંભળાયું', આમ પાછો મોઢે બોલે. પણ હું સમજી જઉં, કે એ કોઈ બીજી જગ્યાએ, અહીંથી ઘેર ગયો છે. હું ઓળખી જઉં, કે અત્યારે અહીં છે નહીં. એટલે કાળ વિચિત્ર છે, એ હું સમજી ગયો. આ કાળ જ ચિંતાનો નિરંતર ! બિચારો સાંભળે, મજા આવે, તોય એનું ચિત્ત તો ત્યાંનું ત્યાં જ હોય પેણે. આનંદ બહુ થાય, પણ ચિત્ત ક્યાં હોય ? મુશ્કેલીમાં જ હોય ને ?

**પ્રશ્નકર્તા :** મુશ્કેલીઓમાં.

**દાદાશ્રી :** અને ઘેર કહીને આવ્યો હોય, કે હમણે આવું છું. તે ઘેર ચિત્ત હોય અને અહીં સાંભળતો હોય.

## તે પાવડા-તગારા છોડીને લોક જતા રહ્યા

આવા આ કાળમાં તે મોક્ષમાર્ગ મેં કાઢ્યો તો ખરો, તે લોકો પોતાના ઘરના તગારા, પાવડા, ત્રિકમ લઈને આવે, મોક્ષમાર્ગના રૂમ તૈયાર કરવા માટે. ત્રીજે માળ મોક્ષમાર્ગ છે, તમે ફાઉન્ડેશન ખોદવાનું શરૂ કરી દો, કહ્યું. ફાઉન્ડેશન કરીને દિવાલો ચણવા માંડો, અને ત્રીજે માળ મોક્ષ રચો, પછી મોક્ષમાં બેસો, તમને આનંદ આવશે. તે લોકોનેય આ સાચું લાગ્યું, કે આ જ્ઞાન બહુ સાચું છે, માટે આપણે ફાઉન્ડેશન ખોદવા માંડો. તે ફાઉન્ડેશન ખોદ્યા, તે આટલા આટલા ખોદીને પણ ઘરના તગારા-પાવડા છોડીને જતા રહ્યા, જ્ઞાન સાચું હતું તોય.


એટલે હું સમજી ગયો, કે આમનો દોષ, જનારાનો દોષ નથી. કારણ કે કાળ એટલો બધો વિચિત્ર ને એટલો ચિંતાવાળો છે, કે અહીં ઘડી વાર બેઠો, ત્યારે ચિંતા ઊભી થાય કોઈકની કંઈ. ધર્મમાંય બેસવા ના દે ને ! એટલે બધા છોડીને જતા રહ્યા. કેટલાક કૉંક્રીટ કરીને જતા રહ્યા, કેટલાક ચણતર થોડુંઘણું કરીને જતા રહેલા ! એટલે મેં જાણ્યું, કે

આમને ચિંતા થાય છે ત્યાં સુધી આ લોકો મોક્ષમાર્ગ પામે નહીં. કારણ કે ચિંતા થતી હોય, ઉપાધિ થતી હોય, તે માણસ કેટલી વાર બેસે ? કલાક-બે કલાક બેસીને જતા રહે બિચારા. વાત તો બહુ ઊંચી હતી ! બધાય કહેતા, કે બહુ ઊંચી વાત છે ! પણ બેસે શી રીતે બિચારા ? ચિંતા પાર વગરની ને, શી રીતે બેસે ?

એટલે બધા જે આવ્યા, એ જતા રહ્યા પછી. એટલે હું સમજી ગયો, કે આ મોક્ષમાર્ગ આ કાળમાં, આ ક્રમિક રીતે નહીં પામી શકે, બિલકુલેય, કોઈ પણ માણસ. મારી પાસે આખોય ક્રમિકનો માર્ગ છે. જે આજ પાટ ઉપર છે નહીં, તે માર્ગ અહીં આખોય છે. પણ હું સમજી ગયો, કે આ ક્રમિક માર્ગે એ લોકોનું કામ નહીં થાય. આ કાળમાં દરેક જગ્યાએ ચિંતા ને ઉપાધિ હોય જ. અને માણસ કોઈ જગ્યાએ આ પામે નહીં. હું ગમે એટલું પમાડવા ધારું, પણ પામી શકશે નહીં.

## ઋષભદેવ ભગવાન જોડે જોડ્યો તાર

જ્ઞાન થયા પછી બે વરસ તો કોઈ પામ્યું નહીં. એટલે પછી અમે વડવા ગયા. અહીં વડવામાં છે તે ઋષભદેવ ભગવાનની મૂર્તિ છે.



**પ્રશ્નકર્તા :** હા, ભોંયરામાં છે.

**દાદાશ્રી :** તે વડવા આવ્યો ત્યારે મેં ઋષભદેવ ભગવાનના આગળ એક કલાક સામાયિક કરીને એમની જોડે તાર જોડ્યો. મેં ઋષભદેવ ભગવાનને કહ્યું, કે 'સાહેબ, જો માર્ગનો લાભ આપવો હોય તો કંઈ નવો રસ્તો કાઢો. એવો કંઈક માર્ગ આપો, કે આ કાળના લોકોને ચિંતા પહેલી મટી જાય. પહેલો મોક્ષમાં બેસાડું, ને ત્યાર પછી એ છે તે ચિંતારહિત થાય તો મારું સાંભળશે. નહીં તો કોઈ બાપોય સાંભળવાનો નથી. માટે જો તમારે આ લોકોને મોક્ષે લઈ જવા હોય, જો આ પાંચમા આરામાં કંઈક લોકોનું કલ્યાણ થવાનું હોય, તો ભરત રાજા જેવો કંઈક રસ્તો બતાવો. ભરત રાજાને રાણીઓ સાથે, લડાઈઓ લડતા મોક્ષ આપ્યો'તો, એવો કંઈ રસ્તો કરો. નહીં તો આ માણસો બળી હેંડ્યા (રહ્યા) છે ! કંઈક ઉપાય કરવો હોય, તો રસ્તો દેખાડો કંઈક. ભરત રાજાને જેવું તમે આપ્યું'તું, એ જ્ઞાન આપવાની સત્તા મારા હાથમાં આપો. જો તમારે મોક્ષ લોકોનો કરવો હોય, તો એવી સત્તા અમને આપો.'

## ભગવાને કહ્યું, અમારું અક્રમ તમને મુબારક

મેં કહ્યું, 'ભગવાન, શા આધારે આ ભરત રાજા મોક્ષે ગયા, એ કહો ને, મને. એ રાણીઓ તેરસે હતી, રાજ માટે લઢ્યા'તા.' ત્યારે કહે છે, 'અક્રમ વિજ્ઞાન હતું એમની પાસે.' ત્યારે મેં કહ્યું, 'એ અક્રમ વિજ્ઞાન મને આપો.' ત્યારે કહે, 'અમને અક્રમ વિજ્ઞાન હતું, તે અક્રમ વિજ્ઞાન તમને મુબારક.'

**પ્રશ્નકર્તા :** પ્રમાણ ! પ્રમાણ ! પ્રમાણ !

**દાદાશ્રી :** તે આટલી માંગણી કરી, તે ઉકેલ આવ્યો. અને અમેય એવું ખોળતા'તા, આ અમનેય દહીંવડાં હજુય ભાવે છે. તે અમે ક્યાં આ ભાંજગડમાં પડીએ ? મોક્ષમાર્ગ તો અમારી પાસે હતો જ. પણ તે અહીં ચિંતા થાય એમને, તે પાવડા-તગારા મૂકીને નાસી ગયા. સારા સારા માણસેય નાસી ગયા. એટલે હું સમજી ગયો, કે આ લોકોનો દોષ નથી, કાળચક્ર એવું છે. બે-ત્રણ દહાડા ખોદે મૂઓ જોશથી, ખોદવા માંડે તે

ઘડીએ ખૂબ જોશથી ખોદ ખોદ કર્યા કરે. અહીંથી ખોદી, ચણતર કરીને ત્રીજે માળે રૂમ થાય, ત્યારે મોક્ષ મળે. તે અહીં પાયા હજુ આટલા આટલા ખોદાયા ને, તે પાવડા-તગારા મેલીને નાસી ગયા. તો પછી આ ત્રીજો માળ ક્યારે રચે ?

## પહેલા મોક્ષે બેસાડો, પછી બધું ચણી લેશે

એટલે હું સમજી ગયો, કે આ ઘરની ચિંતા હોય એક બાજુ અને આ મોક્ષનો માર્ગ, આ ફાઉન્ડેશન ખોદવા આવવું, બે સાથે શી રીતે બને તે ? એટલે પછી જડ્યું એવું, કે ચિંતા આ લોકોને ના હોય તો જ કરી શકે. માટે આપણે આ ચિંતારહિત થાય એવું કંઈ માર્ગ ઉપર મોક્ષ લખી આપવો પડે ને એ પછી બેઠા બેઠા બાકીનું પૂરું કરે, એનું નામ અક્રમ. તે અક્રમનો મને ભાવ આવેલો આ. અને પછી એ ઋષભદેવ ભગવાન પાસે માંગણી કરી, કે ‘એવું કંઈક આપો હવે, કે જેથી આ લોકો મોક્ષને પામે.’ કહ્યું. શું ?

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** એટલે મેં ભગવાનને કહ્યું એવું, ત્યારે કહે, ‘અક્રમ કરો, પાયામાંથી નહીં કરવાનું. આ અમારું અક્રમ વિજ્ઞાન, તે પહેલા ત્રીજો માળો તમે રચી, એને મોક્ષમાં બેસાડી દો. અને પછી કહીએ, હવે પાયા તું તારી મેળે કરી લે, હું તને આ શિખવાડું તે રીતે.’ ઉપર મોક્ષમાં બેઠો, એટલે ચિંતા વગરનો થયો, એટલે બધું કરી લેશે.

**પ્રશ્નકર્તા :** હા, ચિંતા વગરનો થયો એટલે બધું કરી લેશે.

**દાદાશ્રી :** જો હવે પહેલેથી જ મોક્ષમાં બેસાડી દીધા, એટલે હવે પાયા ચણી લેવાશે ને, નીચેથી ? અને પાયા એકલા ખોદવા આવ્યા હોય, તે કેટલા ખોદો તમે ? આટલું પોણે સુધી ખોદતા પહેલા તો ઘેર જતા રહો. તમેય ઊભા ના રહો. પાવડા ને તગારા, બેઉ મૂકીને જતા રહો અહીં આગળથી.

અને બીજે બધે પાવડા ને તગારા મૂકીને આવતા રહ્યા છો ને ?

પાછા લેવાય ગયા નથી. આ કાળમાં તો બધું એવું જ ને ! જ્યાં ખોદવા જાય, ત્યાં ખોદવાનું થાય, તે આ લોકોને ના પોસાય.

એટલે પહેલા ત્રીજો માળ હું કરી આપું અને તેની મહીં બેઠા બેઠા પછી નીચેથી ઉપર ચણાવડાવે, 'એ આમ ચણજો, એ આમ ચણજો, એ આમ ચણજો, આમ ચણો.' એટલે આ ત્રીજે માળ મોક્ષમાં બેસાડ્યા પછી ચણવાનું કહ્યું. તેથી ઠંડે પેટે ચણે છે એ.

**પ્રશ્નકર્તા :** દાદા, ત્રીજો માળ તો અદ્ધર હોય અને નીચલો બાકી ?

**દાદાશ્રી :** એ અદ્ધર અમે રાખીએ છીએ ને પણ. અદ્ધર રાખ્યું છે, તે હવે ચણીને તું તૈયાર કરી લે. મોક્ષમાં બેસીને, ઉપર બેઠો બેઠો !

## કાઢ્યો મોક્ષનો લિફ્ટ માર્ગ

**પ્રશ્નકર્તા :** દાદા, એ વખતે તમને અક્રમનો ખ્યાલ ખરો ?

**દાદાશ્રી :** ના, નહોતો. આ તો અમે એમની પાસે માંગણી કરી. અમને કંઈ અક્રમનો ખ્યાલ હતો નહીં. અમે વ્યવસ્થિતનું જ્ઞાન લઈને આવ્યા હતા, કે આ જગત શી રીતે અને શા આધારે ચાલે છે ? એ બધું અમારી પાસે હતું, ને ક્રમિક અમે ચલાવવા ગયા પણ ના ચાલ્યું. કારણ કે એનું બેઝમેન્ટ સડી ગયું છે. મન-વચન-કાયાનો એકાત્મ યોગ હોય ત્યારે ક્રમિક ચાલે. આ તો મનમાં જુદું, વાણીમાં જુદી જાતનું બોલે અને પાછો કરે તે જુદી જાતનું કરે.

**પ્રશ્નકર્તા :** સાવ સાચી વાત કીધી, દાદા.

**દાદાશ્રી :** ત્યારે મેં ભગવાનને કહ્યું, 'નવો રસ્તો કાઢો. અત્યારે અહીંયા આગળ મકાનો બાર-બાર, પંદર-પંદર માળના બાંધે છે, તેમાં દાદરા બંધ કરીને લિફ્ટ ઘાલી છે, એવું આમાં લિફ્ટ ઘાલી આપો.' પહેલા સ્ટેપ બાય સ્ટેપ હતું...

**પ્રશ્નકર્તા :** એમાંથી લિફ્ટ આપો.

**દાદાશ્રી :** લિફ્ટ આપી દો. એટલે આ લિફ્ટ માર્ગ કાઢ્યો. આ અક્રમ માર્ગ કાઢ્યો, અક્રમ !

## બુદ્ધિથી દેખાય મૂર્તિ, જ્ઞાનથી સાક્ષાત્

એટલે મેં તો એ જ ઋષભદેવ પાસેથી હિસાબ ચૂકવેલો છે આ. લોકોને મૂર્તિ લાગે, અમને અસલ. દરઅસલ ઋષભદેવ જોડે અમારે વાતચીત હઉ થાય.

**પ્રશ્નકર્તા :** ઋષભદેવ ભગવાન મોક્ષે ગયા છતાં પણ આજે બોલે છે ? એ આપને જવાબ આપે છે ?

**દાદાશ્રી :** એ તમારી બુદ્ધિ કામ કરે છે, આમાં જ્ઞાનથી જુઓ તો ખરા જગત ! એક દહાડો, એક મિનિટ પણ જ્ઞાનથી જુઓ જગત ! અમારામાં બુદ્ધિ બિલકુલ નથી ને, એટલે અમે વાત કરીએ છીએ આવી. બિલકુલેય બુદ્ધિ નહીં ને ! અને તમે બુદ્ધિથી જોવા જાવ છો, શું થાય તે ?

**પ્રશ્નકર્તા :** તો એનું જરા સ્પષ્ટીકરણ કરી સમજાવો, કે કેવી રીતે ? ઋષભદેવ ભગવાન સાથે તમારો તાર કેવી રીતે એમ ? તે કેવી રીતે વાત કરી તમે ?

**દાદાશ્રી :** એ અમે કહ્યું કે તાર જોડ્યો, અને મૂર્તિ પાસે તાર જોડેલો. વડવામાં ઋષભદેવ ભગવાનની મંદિરમાં મૂર્તિ છે. મોટી જબરજસ્ત મૂર્તિ સરસ ! એ પ્રગટ મૂર્તિ છે. કેવી છે ?


**પ્રશ્નકર્તા :** પ્રગટ મૂર્તિ. ફરી વાર કહો દાદા, એ કાંઈ સમજાયું નહીં.

**દાદાશ્રી :** વડવામાં મંદિરમાં ભોંયરાની મહીં ઋષભદેવ ભગવાનના દર્શન કર્યા હતા કોઈ દહાડો ?

**પ્રશ્નકર્તા :** હા, અમે કર્યા છે.

**દાદાશ્રી :** એ ઋષભદેવ ભગવાનની જોડે આ બધી વાતચીત ચાલી છે, ને એમની જોડે બધું કામ છે આપણા લોકોનું. તે અમે જ્યારે ત્યાં આગળ જઈને ઊભા રહીએ છીએ, ત્યારે ત્યાં આગળ એમની આરતી ઉતારીએ છીએ, ત્યારે ત્યાં આગળ શું થાય છે ?

**નીરુમા :** કંઈ ગજબનું, દાદાનું રૂપ તો કંઈ ઓર જ ! જાણે આ દાદા જ નહીં.



**દાદાશ્રી :** એ ભગવાનની મૂર્તિ હસતા બધા ઘણાય જોઈ ગયેલા. શું કહે છે, 'શું ભગવાન તે ઘડીએ ખડખડાટ હસી રહ્યા હતા ! અને તમારી જોડે કંઈ વાતો કરતા હોય એવું અમને સંભળાતું'તું.' 'તમારું કલ્યાણ થઈ ગયું', મેં કહ્યું.

**નીરુમા :** દાદાએ બે-ત્રણ વખત જ્યારે વિધિ કરાવી, ત્યારે પૂજારી કહે, આ મૂર્તિ હસે છે.

**દાદાશ્રી :** ઘણા લોકોએ હસે છે એ જોયેલી. કેટલાક લોકોએ તો એ મૂર્તિ અમારી જોડે વાતો કરે છે, એવું જોયેલું હઉ.

## મૂર્તિ જોડે વાત થાય ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ કંઈ સમજાતું નથી. આ તો ગૂંચવણ બહુ વધી ગઈ. કે તમે આ દેહે ઋષભદેવ ભગવાનને પૂછેલું, એટલે સિદ્ધ ભગવંતોની સાથે વાત થઈ શકે ? એનો જરા ખુલાસો કરી દો, નહીં તો અનર્થ થઈ જશે.

**દાદાશ્રી :** અમૂર્ત ગયા પણ મૂર્ત તો છે ને અહીં ?

**પ્રશ્નકર્તા :** મૂર્ત તો આપણી ભાવનામાં છે.

**દાદાશ્રી :** ના, મૂર્ત અહીં, મૂર્તિઓ નથી ગોઠવેલી ?

**પ્રશ્નકર્તા :** તે એ કંઈ બોલવાની છે ?

**દાદાશ્રી :** મૂર્તિ બોલે છે ! અમે સીમંધર સ્વામીની આરતી ઉતારી'તી મહેસાણામાં, તે મૂર્તિ બોલી'તી.

**પ્રશ્નકર્તા :** એ મૂર્તિ તો આપે બોલાવી. બાકી મૂર્તિ કંઈ બોલે ? મૂર્તિ શી રીતે બોલે ? આપે બોલાવી એટલે બોલી. નહીં તો એ પોતાની મેળે ક્યાંથી બોલે ?

**દાદાશ્રી :** એ બુદ્ધિથી સમજાય એવી વાત નથી. અમારી સાથે મૂર્તિ વાત કરતી હોય એ તમને શું ખબર પડે ? આપણી મૂર્તિઓ શું કસ વગરની છે ?

**પ્રશ્નકર્તા :** નથી, દાદા.

**દાદાશ્રી :** મૂર્તિઓમાં કસ કેટલો છે ? જેટલી તમારી શ્રદ્ધા છે એટલો બધો એમાં કસ છે. શ્રદ્ધાના પ્રમાણ પ્રમાણે મહીં કસ છે. શ્રદ્ધા ઓછી તો કસ ઓછો.

એટલે જ્ઞાની પુરુષ તો મૂર્તિ જોડેય પણ વાત કરી શકે. એટલે એ મૂર્તિની જોડે અમારે સંબંધ, તે એમની જોડે વાતચીત કરી અને ત્યાંથી અમને તાર બધા મળેલા. અને આ જ્ઞાનની પ્રરૂપણા એ ત્યાંથી અમને થઈ.

**પ્રશ્નકર્તા :** ત્યાંથી પ્રાપ્ત થયેલી.

**દાદાશ્રી :** અમારી જોડે વાત કરે છે મૂર્તિ. આમ બોલું, કે 'સાહેબ, તમે શું જોઈને બોલતા નથી ?' એવું બોલું, એકલો હોઉં ત્યારે. મૂર્તિને એવું કહું, 'શું જોઈને બોલતા નથી ?' એવું કહું, પણ મહીં વિનય પુષ્કળ ! આ પ્રેમના શબ્દો છે, 'સાહેબ, બોલતા કેમ નથી ?' અને બીજા લોકોને એવું બોલતા ભય લાગે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એક વૈષ્ણવને કહેલું મેં, મથુરાનો ચોબો હતો. તે દર સાલની ઉઘરાણી ઉઘરાવવા આવે. મેં કહ્યું, 'ભગવાનને આટલું કહેજે જરા ત્યાં આગળ.' 'એ તે કંઈ કહેવાતું હશે ?' કહે છે. અલ્યા, તનેય શંકા પડે છે આ ? કહેનારો મૂઓ તું, સાંભળનારો સાંભળશે ને તને જવાબ મળશે ! તને શંકા પડે છે ? અને 'તમે વૈષ્ણવ છો ?' હું દુનિયાએ ક્યારેય પણ ન જોયો હોય એવો વૈષ્ણવ છું. બધા ગુણો વૈષ્ણવના, બધા ગુણો જૈનના છે, બધા સાધુઓના છે, બધા આચાર્યોના છે. ત્યારે કહે છે, 'ભગવાન બોલશે ?' 'પ્રત્યક્ષ જવાબ આપશે ! ના કેમ બોલે તે ?'

## અંતે ખુલ્યું રહસ્ય, ઋષભદેવ સાથે વાતચીતનું

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એ કે તમારે ઋષભદેવની સાથે ડાયરેક્ટ ટચ ખરો ?

**દાદાશ્રી :** મારે બધેય ટચ છે.

**પ્રશ્નકર્તા :** તે દિવસે ?

**દાદાશ્રી :** તે દિવસેય ખરો.

**પ્રશ્નકર્તા :** ઋષભદેવ તો સિદ્ધગતિએ ગયા.

**દાદાશ્રી :** હા, પણ તોય તે અમારે ટચ છે. એટલે આ બધાની જોડે ટચ ખરો અમારે. કારણ કે...

**પ્રશ્નકર્તા :** પહેલાના કાળમાં ટચ હશે એમ ? પહેલાનું અનુસંધાન હશે ? તે અનુસાર...

**દાદાશ્રી :** ના, ના, અનુસંધાન નહીં, આ બધા શાસનદેવો કામ કરે છે ને, તે એમનું જ ફળ આપે. એટલે આપણને બધી યોગ્યતા, હિસાબ મળી આવે બધોય. ઓળખાણ ખરી, એ બધા સાથે ઓળખાણ...

## હાજર કર્યા, ચોવીસેય તીર્થંકરના શાસનદેવ-દેવીઓને

**પ્રશ્નકર્તા :** દાદા તમે તાર જોડીને ભગવાનની મૂર્તિ પાસે માંગણી કરી એમ જે કહો છો, એટલે એ શાસનદેવ-દેવીઓ પાસે માંગણી કરી'તી, કે શું કર્યું હતું ?

**દાદાશ્રી :** વડવા અમે ઋષભદેવ ભગવાનની મૂર્તિ પાસે યોગ કર્યો. તેમને વિનંતી કરી. યોગ કર્યો એટલે ચોવીસેય તીર્થંકરોના શાસનદેવ-દેવીઓને હાજર કર્યા. તીર્થંકરો તો મોક્ષે ગયા, પણ તેમને પ્રાર્થના કરે તે તેમના શાસનદેવ-દેવીઓને પહોંચે. કોના હાથમાં જાય ?

**પ્રશ્નકર્તા :** દેવલોકમાં.

**દાદાશ્રી :** શાસનદેવોના હાથમાં જાય. તીર્થંકર તો ત્યાં મોક્ષમાં જઈને બેઠા છે. પણ ચોવીસેય તીર્થંકરોના શાસનદેવોને ભેગું થવું પડે, એવી મેં વાત કરી. દરેકના શાસનદેવો જુદા હતા. તે બધા શાસનદેવોને ભેગા કરે એવી મેં વાત કરી. મેં કહ્યું, 'આ જો કદી લોકોને કંઈક મોક્ષમાર્ગ પમાડવો હોય, હું તો નિમિત્ત છું, પણ જો આપની ભાવના

હોય હે પ્રભુ, તો મને કંઈ એવું વિજ્ઞાન આપો, કે જે આ લોકોને હું પમાડી શકું.' એટલે મને મહીં અક્રમ વિજ્ઞાનની સ્ફુરણા થઈ, કે 'પહેલી તમે એને જ્ઞાન આપીને ચિંતા મટાડી દો, પછી તમારી પાસેથી ખસશે જ નહીં એ લોકો.' એટલે આ અક્રમ એટલે અંદરથી ચાલુ કર્યું પછી. પહેલું જ્ઞાન આપી દઈએ એટલે નિશ્ચિંત થઈ જાય છે. પછી છોડતો નથી મને. પછી એ ભૂલતોય નથી મને.

## વડવામાં મળી 'અક્રમ'ની પ્રથમ આજ્ઞા

તે આ કાળ વિચિત્ર આવ્યો, એટલે ચિંતાઓ જો લોકોને ઘટતી નથી. અને કર્મના બોજા પાર વગરના છે ! નવરાશ જ ના મળે આખો દહાડો, જેમ મશિનરી ફરતી હોય ને ! બોલો, શી રીતે કંઈક સંયમ કરવા જાય ? સંયમધારી શી રીતે થાય એ ? એટલે આ તો મારે માંગણી કરવી પડી હતી, ઋષભદેવ ભગવાન પાસે. એટલે ત્યારથી અક્રમની શરૂઆત કરી (આજ્ઞા મળી).

**પ્રશ્નકર્તા :** કઈ સાલમાં, દાદા ? આ વાત કઈ સાલમાં કરેલી ?

**દાદાશ્રી :** સાંઈઠમાં.

## હશે પૂર્વની ઓળખાણ, તે યાદ આવ્યું અક્રમ

એટલે અમારેય કેટલી બધી ભાંજગડો પડી છે ! આ પહેલા તો ક્રમિક માર્ગ શરૂ કર્યો'તો અમે. અમને ખબર જ નહીં કે અક્રમ જેવી વસ્તુ હશે ! પણ આ પૂર્વની કંઈ હશે ઓળખાણ તે યાદ આવ્યું અમને, કે ''ભગવાન આપના વખતમાં અક્રમ હતો, આ આમને છે તે તમે, તમારા ભરત રાજાને મોક્ષે લઈ ગયા'તા. તો આ બધાએ શો ગુનો કર્યો ? આપને પક્ષાપક્ષી હોય નહીં, કે છોકરો છે માટે લઈ જઉં હું.'' એટલે ભગવાનના મનમાં એમ લાગ્યું, કે આબરૂ જાય છે આ તો !

**પ્રશ્નકર્તા :** તમે એમને આબરૂના તોલામાં મૂક્યા !

**દાદાશ્રી :** ના, પણ એમના છોકરા એકલાને એ મોક્ષે લઈ જાય અક્રમથી, તો બીજાએ શો ગુનો કર્યો ? હું તો મોઢે કહું ને પાછો, કે

'આ તો સાહેબ તમારું બહાર એ દેખાશે, અપકીર્તિ થશે, કે છોકરાને લઈ ગયા, બીજા લોકોને આપ્યું નહીં.' એટલે ભગવાન સમજી જાય, કે અપકીર્તિ થશે, એટલે કહે છે, 'તમે જાવ, તમને છૂટ.' આ તો વીતરાગી, તરત સમજી જાય તો ખરા ને ! ભૂલ થાય એટલે એ તો. જો છૂટ આપીને મને. મને ખરી છૂટ આપી છે. પણ ભગવાનને કહીને કર્યું છે આ. હું આમાં વચ્ચે ક્યાં હાથ ઘાલું ? અક્રમ વિજ્ઞાનમાં. માથે જોખમદારીઓ કેટલી બધી !

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

## અમને અક્રમ જ ગમતું'તું, ક્રમિક પોસાતું નહોતું

**દાદાશ્રી :** તમને કહ્યું હોય, કે છ મહિના અહીં આગળ ચાર-ચાર કલાક આવજો, તો તમે શું કહેત ? 'સાહેબ, પણ હું રોજ બોરીવલીથી શી રીતે આવું ?' ત્યાર પછી હું પૂછું, 'કેમ, મોક્ષ નથી જોઈતો ?' 'મોક્ષ તો જોઈએ છે, પણ શી રીતે આ ભીડામાં હું આવું ? કંઈક બીજો ઉપાય કરો ને ! ત્રણ મહિના રાખો ને', કહેશે.

**પ્રશ્નકર્તા :** જીવની પ્રકૃતિ, છેવટે કંઈક ગોતે.

**દાદાશ્રી :** તે મેં તો ઋષભદેવ ભગવાનને કહ્યું, 'સાહેબ, આ તો ત્રણ મહિનાય નથી માને એવા લોક, કંઈક એવું આપો કે...'

**પ્રશ્નકર્તા :** કે કલાકમાં છૂટકો !

**દાદાશ્રી :** ઉકેલ લાવી નાખે જલદી.

**પ્રશ્નકર્તા :** કમાલ લઈ લીધું પણ, દાદા. તમેય ભગવાનને ભોળવ્યા જેવું કર્યું છે.

**દાદાશ્રી :** અમારે સારું ફાવતું'તું એમની જોડે. આદિ તીર્થંકર જોડે અમારે પહેલેથી બહુ મેળ હતો. એ મોક્ષે ગયા અને અમે પાછળ રહ્યા, પણ મેળ એમની જોડે હતો બધો.

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** એમની પાસેથી અક્રમ વિજ્ઞાન મને (પ્રાપ્ત કરવાનું ભાવમાં) આવેલું હતું અને છતાં ભૂલી ગયા હોઈશું, તે ફરી પાછું માગી લીધું. અને અમને અક્રમ જ ગમતું'તું. અમને આવું એ કાઢી નાખો ને તે કાઢી નાખો, એ અમને પોસાય નહીં બા.

## ઋષભદેવ ભગવાન વખતથી અક્રમ લિંક !

અને અમે તો બહુ કડક માણસ. પહેલેથી કડકાઈ કરતા કરતા આવેલા છીએ. ઋષભદેવનેય ભારે પડી ગયા'તા અમે તો. અમે તો એકમતિ (હઠીલા). પકડ્યો એ પકડ્યો, કે અમારે તો ઐસા જોઈએ, કહ્યું. (પકડ્યું એ પકડ્યું, કે અમારે તો આવું જોઈએ, કહ્યું.) તમે જે આ ભરતને આપ્યું એ જોઈએ અમારે, બીજું ના જોઈએ. એને તેરસો રાણીઓ ને આ બીજા બધાને ત્યાગ કરાવડાવો છો ? અમે કડક છતાં બધા અમારી ઉપર ખુશ બહુ, કારણ કે અમારા જેવા સિન્સિયર માણસ મળવા મુશ્કેલ છે. પહેલેથી સિન્સિયર હતા અમે. તે દહાડેથી કોઈ દહાડોય અન્‌સિન્સિયર નથી થયા.

અને ઓબ્લાઈજિંગ નેચરના પહેલેથી જ અમે છીએ. આજથી નહીં, ભગવાન ઋષભદેવના વખતથી. પણ વાંકું બોલેલા, તેથી અમારે આ જન્મજન્માંતર ચાલ્યા. વાંકું બોલેલા એટલે આ બધા નંગોડો (કષાયો) ચઢી બેઠેલા. ત્યાં ભગવાને કહ્યું'તું કે 'એમની ઉપેક્ષા કરજો', તે અમે ના માન્યું. અમે તો સાચેસાચું કહી દઈએ એને, કે ગાઢ મિથ્યાત્વ છે તમારું. તેના આ દોષ બેઠેલા છે. તે અત્યાર સુધી હેંડ્યા. ત્યારે અમારે ઉતાવળ શું છે તે બળી ? થોડાક દુઃખ-સુખ જોઈ લીધેલા હોય, ત્યારે દુઃખની કિંમત થાય ને ! અને સુખની ત્યારે જ કિંમત થાય ને, બા. એમ ને એમ આપણે ત્યાં (મોક્ષે) જઈએ, તો આપણને શું ખબર પડે ? એટલે પછી લાવો, પાછા ફરી (સંસારમાં) ફેરો મારી આવીશું, કહેશે.

**પ્રશ્નકર્તા :** આ તમે જે ઋષભદેવ વખતથી પકડી રાખ્યું, તે આ બાકીના તીર્થંકરોમાંથી કોઈએ ના પકડી રાખ્યું એવું તમારા જેવું ? અક્રમમાં ?

**દાદાશ્રી :** પણ આ અક્રમનું કોણ પકડે ? બધાને ઉતાવળ હતી. બધા ઉતાવળિયા હતા. આમાં અમે કહ્યું, કે જે થવાની હશે તે અમારી થશે, પણ અમને આ આવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, કોઈ તીર્થંકરે તમને ના કહ્યું, કે હવે મેલ અક્રમ માર્ગ બાજુએ ને ચાલ અમારી જોડે ક્રમિકમાં ?

**દાદાશ્રી :** ના, બીજા તીર્થંકરો પાસે અક્રમ હતુંય નહીં.

**પ્રશ્નકર્તા :** ક્રમિક તો હશે જ ને ? અક્રમ તો નહોતો જ, પણ ક્રમિક...

**દાદાશ્રી :** ક્રમિક અમને પોસાતું નહોતું, એ ના પોસાય. તમારો માલ અમને ના પોસાતો હોય તો તમારે અમારી જોડે સોદો કરવો હોય તો અમને જેવો જોઈએ એવો માલ બજારમાંથી લાવીને તમારે આપવો પડે.

**પ્રશ્નકર્તા :** બરોબર.

## સિન્સિયર, પણ આડા તે બેસી રહેવું પડ્યું

**દાદાશ્રી :** તો અમે તો એવા માણસ ! આડા માણસ, આખા જગતથી !

**પ્રશ્નકર્તા :** સિન્સિયરલી આડા !

**દાદાશ્રી :** બિલકુલ સિન્સિયર. સિન્સિયર આડા અને કોઈ ગાળો ભાંડે તેનેય સિન્સિયર, માર મારી ગયો હોય તેનેય સિન્સિયર. હંઅ... સિન્સિયર બધી રીતે. જેણે સળી કરેલી, તેને ભારે પડીએ, એવા આડા તેને લીધે અમારે આ અત્યાર સુધી બેસી રહેવું પડ્યું છે. અમે સળી ના કરવા દઈએ. તે હવે આ અવતારમાં સળી કરવા દઈએ છીએ કે, જેટલી કરવી હોય તે કર.

**પ્રશ્નકર્તા :** દાદા, ત્યાં મહાવીર સ્વામીનેય જોયેલા કે નહીં ? એ વખતે મહાવીર સ્વામીને મળેલા કે નહીં, ત્યાં ઋષભદેવ દાદા પાસે ?

**દાદાશ્રી :** બધાયને. એ તે દહાડે કોણ હતા ?

**પ્રશ્નકર્તા :** મરીચિ હતા.

**દાદાશ્રી :** આ બધુંય જોયેલું છે ને ! અને આની આ ભંગજાળો છે બળી ! બધાય તીર્થંકરોના દર્શન કર્યા, પણ અમને પોસાતી નહોતી વાત. કારણ કે આ કાઢી નાખવાનું, સ્ત્રી કાઢી નાખવાની. ભઈ સાહેબ, રહેવા દો ને એટલું, અમારે નથી બીજા શોખ બહુ. આટલું તો રહેવા દો ! એટલે છે તે આ અક્રમ વિજ્ઞાન અમે ત્યાંથી (ઋષભદેવ ભગવાન પાસેથી) લાવ્યા છીએ. કેવું સરસ વિજ્ઞાન છે આ !

## સાચી વિરાધનાની ફળશ્રુતિરૂપે જ્ઞાન

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું કે, અમે વાંકું બોલેલા તેથી અમારે જન્મજન્માંતર ચાલ્યા, એટલે એ વિરાધના જેવું ગણાય ?

**દાદાશ્રી :** ચાર આરાઓ વિરાધના કરતા કરતા આવ્યા ને જે રખડી મર્યા, તે આ બધા જીવો છે અને તેમાંનો હું પણ રખડી મરેલો જીવ છું.

**પ્રશ્નકર્તા :** તમે તો સાચા રખડ્યા. અને અમારા માટે રખડ્યા.

**દાદાશ્રી :** અમે બહુ વિરાધનાઓ કરી છે, પણ મારી વિરાધનાઓ સાચી હતી. સાચા જોડે, ખોટાને ખોટું કહી દઉં, ચોખ્ખું, એ જ મારી વિરાધના હતી. તે મારી વિરાધના પહેલેથી આ છે. તેથી જ આ બધું તોફાન છે ને ! તેનું જ આ મને જ્ઞાન થયું, નહીં તો ના થાત. વિરાધનાવાળાને જ જ્ઞાન થાય, પણ સંપૂર્ણ વિરાધના હોવી જોઈએ. સાચી, ખોટી નહીં, અણસમજણની નહીં. તમને બધાને તો અણસમજણની વિરાધનાઓ અને મારે તો સાચી વિરાધના, અણસમજણની નહીં, બા. પહેલા ગયા અવતારોમાં થયેલી ને, અત્યારે તો વિરાધના ના થાય. અમારે તો એ ભાવ જ નથી રહ્યો હવે, પણ આ જ્ઞાન તેનો પ્રતાપ છે.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે તીર્થંકર સાથે ઝઘડતા હશો ?

**દાદાશ્રી :** હા, બધાની જોડે કરું. કોઈને છોડું નહીં હું. ચોખ્ખું બોલનારો માણસ. શું ? કહીં દઉં હું. આમ આંટી ઘાલી દે એ ચાલે નહીં.

**પ્રશ્નકર્તા :** ગપ્પાં ન ચાલે.

**દાદાશ્રી :** કમ્પ્લીટ જોઈશે. વિગતવાર જોઈશે, ઈન ડીટેલ્સ. ગિવ ડીટેલ્સ, એમ પૂછું. અમે તો દાસનાય દાસ છીએ, પણ જો તું ડીટેલ્સ આપું તો. નહીં તો તારા ઉપરીના ઉપરી છીએ. બોલ, આવી જા.

એટલે એનું ફળ છે આ બધું. અનંત અવતારથી માર બહુ ખાધો છે, આ શોધખોળો કરવા માટે. આ લોકોની આંધળી પ્રક્રિયાઓ બંધ કરવા માટે અનંત અવતાર માર ખાઈને આ વિજ્ઞાન શોધખોળ કર્યું છે, જે એક કલાકમાં કામ કાઢી નાખે. ક્યારેય બન્યું નથી એવું આ નવું બન્યું છે.

## આ દુષમકાળમાં કેટલે ટકે પાસ કરવા ?

**પ્રશ્નકર્તા :** દાદા, કોઈ વખત ઋષભદેવ ભગવાન જોડે વાત કરો, ત્યારે અમારું પૂછી લેતા હોય તો, કે આ છોકરો ક્યાં જવાનો છે ?

**દાદાશ્રી :** પૂછ્યું ત્યારે તો મોક્ષ આપ્યો મેં તમને. કારણ કે હું કંઈ આ બધાનું માથે લઉં ? હું તો નિમિત્ત છું.

એટલે પછી મેં કહ્યું, કે ''સાહેબ, તમારે પાસ કરવા હોય તો તમારા વખતમાં તો ચાલીસ ટકે ને પિસ્તાલીસ ટકે તમે પાસ કરતા'તા. મોક્ષ કોને આપવો, તે પાસ માર્ક તમે જોતા'તા, ત્યારે ચાળીસ ને પિસ્તાળીસ ટકા જોતા'તા. આજના આ તો દહીંવડા ખાય એવા લોક છે, અને આ શોખીન લોકો છે. વહુ જોડે રોજ વઢે છે અને પાછું સિનેમાય જોડે જોવા જાય છે. એટલે ભગવાન આ કાળ વિચિત્ર છે, આ કાળ તમે જોયો નથી. પહેલા તમને યાદ હોય તો વાત જુદી છે.''

**પ્રશ્નકર્તા :** પણ દાદા, તમને આ બધું સંસારનું ક્યાંથી ખબર પડી ?

**દાદાશ્રી :** અમે બધુંય વિજ્ઞાન દેખેલું ને ! અમને તો બધું આ વિજ્ઞાન હાજર દેખાય બધું. કંઈ ચોપડીઓથી ના હોય ને ! કેવળજ્ઞાન એટલે બધા વિજ્ઞાન જેની પાસે છે. જો મહીં હાથ ઘાલ્યો કે એ વિજ્ઞાન ખડું થઈ જાય પણ હાથ ઘાલે નહીં બીજામાં. લોકોને જરૂરિયાત હોય ને, એટલો જ હાથ ઘાલે. એટલે મેં કહ્યું, 'સાહેબ, કેટલા ટકાએ પાસ કરાવવાના ? તમારા વખતમાં તો તમે તેત્રીસથી નીચે નથી કર્યો કોઈ. તો હવે અહીં બત્રીસ-તેત્રીસની આશા રાખશો નહીં.' પછી મેં કહ્યું, ''સાહેબ, તેત્રીસ ટકા તો આ કાળમાં હોતા હશે ? તમે જ જ્યાં પાંચમો આરો કહો છો, તેત્રીસ ટકા શી રીતે આવે ? ચોથા આરામાં આવતા'તા તેત્રીસ ટકા, અત્યારે શી રીતે આવે ?'' ત્યારે મને કહે છે, 'તમને શું લાગે છે ?' મેં કહ્યું, 'બે-ત્રણ ટકા હોય આ કાળમાં, તેત્રીસ ટકા હોતા હશે ? બિચારા આ કંટ્રોલનું અનાજ ખાય છે, જરા તો લાગણી રાખો.'

## ત્રણ ટકે પાસ કરી, કરી શરૂઆત

ત્યારે મને કહે છે, 'કેટલે ટકે સુધી ચાલે ?' મેં કહ્યું, 'આ ત્રણ ટકાવાળો માણસ મને એક મળ્યો છે. અમારો ચંદ્રકાન્ત કરીને ભત્રીજો મળ્યો છે, તે ત્રણ ટકા આવે છે એને.' ત્યારે કહે, 'સારું, ત્રણ ટકે પાસ કરવાનું રાખો.' તે ત્રણ ટકે ચંદ્રકાન્તભાઈને પાસ કર્યા. ત્યાર પછી કોઈ આવવા ના માંડ્યું. તે પછી બે-ચાર જણ આવ્યા, તેને અઢી ટકે આપ્યું'તું મેં ભગવાનને પૂછ્યા વગર. ત્યારે કોઈ ઘરાક જ નહીં આ ! વીતરાગી પુરુષને ત્યાં કોઈ ઘરાક જ નહીં. બીજી દુકાને ઘરાકી જાય. બીજી દુકાને તો ગમે એટલું, ના આવડતું હોય તોય ચલાવી લે છે. કારણ કે કૉલેજમાં કોઈ ના આવે તો કૉલેજ કંઈ એમ ને એમ નવરી રાખે ? અને આ અહીં તો ભગવાને કહ્યું, કે 'ત્રણ ટકા હોય તો પાસ કરજો.' તેમાં ચંદ્રકાન્તભાઈને પહેલા ત્રણ ટકે પાસ કર્યા, પ્લસ થ્રી. પછી તો ડાઉન જવા માંડ્યું દહાડે દહાડે. અઢી ટકાવાળા આવ્યા, બે ટકાવાળા આવ્યા. પછી બે ટકાનીયે ઘરાકી ના મળી.

## પછી આવ્યા પાર વેલ્યૂ પર

એટલે પાછા ફરી અમે ને ચંદ્રકાન્તભાઈ ગયા. મેં કહ્યું, 'હેંડ, ભગવાનને પૂછીએ.' તે ફરી ભગવાનને મેં કહ્યું, 'સાહેબ, જો બધાને પાસ કરવા હોય, આમનું તમારે જો કલ્યાણ કરવું હોય ખરેખર, તો ફરી કંઈક બીજું કહો. આનો કંઈક ઉકેલ લાવો.' ત્યારે કહે છે, 'પાર વેલ્યૂ રાખો.'

**પ્રશ્નકર્તા :** એટ પાર ?

**દાદાશ્રી :** એટ પાર.

**પ્રશ્નકર્તા :** બરોબર છે, ઝીરો.

**દાદાશ્રી :** એટલે માઈનસેય નહીં ને પ્લસેય નહીં. 'જેને કશું ના આવડતું હોય ત્યાં સુધી રાખો', કહે છે. એક બાજુ આવડતું હોય અને એક બાજુ ચિંતા કરતો હોય, એટલે પછી માઈનસ પાર થઈ ગયું ને ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** આવડ્યું કોનું નામ કહેવાય ? જે ચિંતા ના કરતો હોય તેનું નામ આવડ્યું. એટલા માર્ક મળ્યા. પણ આવડે ને ચિંતા, બે ભાગાકાર થયે ખલાસ થઈ જાય. આવડત ભાગ્યા ચિંતા, એટલે શું રહ્યું સામાન ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** એટલે મેં ભગવાનને કહ્યું, ત્યારે કહે છે, 'પાર વેલ્યૂ રાખો.' આ પાર વેલ્યૂમાં બહુ ત્યારે પાંચ-પચાસ-સો માણસ આવ્યું, બસ્સોએક માણસ આવ્યું હશે.

## સમજી ગયા ભગવાનનો આશય કે સત્તા મારા હાથમાં

પછી મેં કહ્યું, 'આ તો ભગવાન આ દુકાનનો ખર્ચો મોટો છે અને આ છે તે ઘરાકી નથી.' ત્યારે 'માઈનસ ત્રણ ટકે રાખો', કહે છે.

**પ્રશ્નકર્તા :** કમાલ કરી ! ભગવાનેય બિચારા ભલા છે, માઈનસમાંય લીધા કરો, કહે છે.

**દાદાશ્રી :** હા. 'માઈનસ ત્રણ ટકે રાખો', કહે છે. પછી માઈનસમાં ભગવાન લઈ ગયા, ત્યાર પછી ફરી પૂછવા ગયો નથી. એ સમજી ગયો ભગવાનનો આશય, કે 'તમારા હાથમાં જ મૂકેલી સત્તા, હવે તમે શું કરવા માથાકૂટ કરો છો ?' એ મને એવું લાગ્યું કે ભગવાને મારા હાથમાં સત્તા મૂકી દીધી છે. પછી તો હવે દર્શન એકલા કરવા જઉં છું. પછી પૂછવા ના ગયા. આપણે જાણ્યું, કે ભગવાન આપણા મતના જ છે, કે 'જેમ તેમ કરીને આ કામ કરો ને, પાંચ ટકા ડાઉન, સાત ટકા ડાઉન, ઉકેલ લાવી નાખો', કહે છે.

**પ્રશ્નકર્તા :** ભાવ ઘટાડ્યા.

**દાદાશ્રી :** બે-ત્રણ વખત એમણે 'હા' પાડી એટલે આપણે ના સમજી જઈએ, કે એમની દાનત ખોરી નથી !

**પ્રશ્નકર્તા :** ભગવાનની દાનત ગોતી કાઢી !

**દાદાશ્રી :** હા, ખોરી હોય તો મને ખબર પડી જાય ને, કે એમને નિકાલ કરવો નથી. એટલે આપણે સમજી જઈએ, કે ખોરી દાનત ભગવાનની નથી. માટે આપણે હવે આપણું કામ કર્યા કરો. આપણે દાનત ખોરી રાખવી નથી, પછી હવે શું ભાંજગડ આવવાની છે ? પણ પહેલા પૂછી પૂછીને કરેલું. આ કોણ જોખમદારી લે, આવડી મોટી !

## લોક કલ્યાણના કાર્યમાં શાસનદેવ-દેવીઓની સહાય

**નીરુમા :** દાદા, આપણે વડવા ગયા હતા ત્યારે ઋષભદેવ ભગવાનને ત્યાં મૂર્તિ ઉપર આપે આરતી કરી ને બધું પતી ગયું પછી આપ બોલ્યા'તા, કે આજ આ આમની આપણને શાસનદેવ-દેવીઓની આજ્ઞા મળી ગઈ છે એમ.

**દાદાશ્રી :** જુઓ ને, મળી હશે એટલે જ બોલ્યો હોઈશ ને ?

**પ્રશ્નકર્તા :** 'ગ્રીન સિગ્નલ મળી ગયું છે', એમ બોલ્યા હતા. 'ગ્રીન સિગ્નલ' શબ્દ વાપર્યો હતો. એ પહેલેથી, શરૂઆતથી જ એમની તરફથી જ ગ્રીન સિગ્નલ મળતા આવેલા ને ?

**દાદાશ્રી :** લીલી ઝંડી બતાડી કે ચાલ્યું.

**પ્રશ્નકર્તા :** પણ એ શેનું, જરા ફોડ પાડો ને ! એ 'ગ્રીન સિગ્નલ' શેનું ?

**દાદાશ્રી :** લોકકલ્યાણનું.

**પ્રશ્નકર્તા :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** એમના તરફની (કલ્યાણની) ભૂખ છે ને ! પાછળ હાથ તો એમનો જ છે ! સાહેબ તો તીર્થંકર સાહેબ ને ! ભલે અત્યારે સિદ્ધમાં હોય પણ એમના દેવ-દેવીઓ બધા કામ કરી રહ્યા છે ને !

**પ્રશ્નકર્તા :** હા, દેવ-દેવીઓ.

**દાદાશ્રી :** શાસનદેવો કામ કરી રહ્યા છે. ચોવીસેય તીર્થંકરના શાસનદેવો કામ કરી રહ્યા છે. અને શાસનદેવોની જ ઈચ્છા છે કે આ હિન્દુસ્તાન, આખા વર્લ્ડનું બધું કલ્યાણ થાય. એ અક્રમ જુઓ એ જ કરવા માગે છે. હું તો નિમિત્ત બની ગયો છું. કોઈ વરરાજા તો જોઈએ કે ના જોઈએ, બળ્યો ? જાન એમ ને એમ જાય ? વરરાજા વગરની જાન તે કોઈ પેસવા દે કંઈ ?

**પ્રશ્નકર્તા :** બહાર કાઢી મૂકે.

**દાદાશ્રી :** એટલે આવું નિમિત્ત બની ગયો છું.

## પછી ઊંચો ઊંચો માલ આવ્યો

પણ પહેલી શરૂઆત મેં એવી રીતે કરી'તી. લાયકાત ને ના-લાયકાત બધી જોવા માંડી અને શરૂઆત કરી. તે પહેલા ત્રણ ટકાવાળા પાસ કર્યા, પછી બે ટકાવાળા, પછી એક ટકોવાળો. પછી શું ?

**પ્રશ્નકર્તા :** ઝીરો.

**દાદાશ્રી :** ના, સરખેસરખું. પછી માઈનસ વન, માઈનસ ટુ, માઈનસ થ્રી સુધી પહોંચ્યા. અને માઈનસ થ્રી ગયા પછી, પછી પ્લસ ટુ

આવ્યા, પ્લસ થ્રી આવ્યા. પછી બધા આવવા માંડ્યા. પછી ઊંચો ઊંચો માલ આવ્યો. પણ પહેલા તો માઈનસ થ્રી સુધી પહોંચી ગયેલો. ક્યાંથી ખોળી લાવીએ ? કંઈ કાનપટ્ટી ઝાલીને પકડી લવાય ? હેંડ ! એટલે આ ભગવાન ઋષભદેવની આજ્ઞાથી થયેલું છે. આ બધું એમને પૂછી પૂછીને કર્યું છે. ત્યાં એ જ ઋષભદેવને, જે ભોંયરામાં બેઠા છે ને એમની પાસે જ. મારે તો જે ભગવાન ઋષભદેવ જોડે વાતચીત થઈ આ બધી, તેના ઉપર આ બધું ચાલે છે.

## જ્ઞાનીનો ભેટો માઈનસ ફિફ્ટીવાળાનેય કરાવે પાસ

માઈનસ થ્રી પરસન્ટ હોય, ત્યાં સુધી ભગવાનની આજ્ઞા છે, તે ત્યાં સુધી હું કરું છું. ત્રણ જ ટકા માઈનસ હોય, ત્યાં સુધી ચલાવી લેવાશે. અને છતાંય જો કદી માઈનસ ફિફ્ટીવાળો હશે તોય હું ચલાવી લઈશ. સિફારસ (લાગવગ) કરીએ અમે. ભગવાનને ત્યાંય સિફારસ છે. જ્યાં જાવ ત્યાં સિફારસ, સિફારસ !

સિફારસ તો ઠેઠ સુધી હોય. ઠેઠ ભગવાનનેય સિફારસ કર્યા વગર રહે નહીં એ કાયદો. કારણ કે આ શરીર છે ને, ત્યાં સુધી સિફારસ. આત્મા એકલો હોય તો સિફારસ ના કરે. આ શરીર છે ને, તે આ શરીરને રોજ વહેલો આવીને ચા પાઈ જાય ને, તો એની સિફારસ કરીએ કે 'તું આવીને દર્શન કરજે પહેલો.' આ શરીર છે, તે પક્ષપાતી હોય.

એક ભાદરણનો બ્રાહ્મણ હશે ને, એને આ જ્ઞાન જોઈતું'તું. તે અમારે ત્યાં તો સો-દોઢસો માણસના નામ લખાયેલા હોય અને પચાસ માણસને જ્ઞાન આપતા હોય. પેલો આવીને કહે છે, 'દાદા, હું ભાદરણનો છું. મારો નંબર નથી આપતા ને !' મેં આ લોકોને કહી દીધું, 'આવવા દેજો એમને.' સિફારસ લાવ્યો ભલો આદમી. પછી જૂઠી સિફારસ લાવ્યો તે એક ફેરે ચાલી જાય. પણ લાવ્યો ને છેવટે. શી રીતે મારું કામ થશે, એવું સમજી લાવ્યો ને ! જૂઠી લાવ્યો તો એની જોખમદારી. અને સાચું બોલતો હોય તો એનીય જોખમદારી એની. સિફારસ છે બધી આ તો.

અને સાચા હૃદયથી કરતો હોય ને સિફારસ, અંદરખાને એ ના હોય, તો એની તરફેય એટલું જ એ હોય. સિફારસવાળાને ઉપરનો લાભ મળે અને હૃદયવાળાને હૃદયનો, એટલે વધુ પડતો લાભ મળે. તેથી કરીને સિફારસવાળાને ના મળે એવું નહીં.

## મને ભેગો થયો તે અધિકારી

**પ્રશ્નકર્તા :** પણ લાયક તો બનવું પડે ને ? લાયકાત વગર મળે ?

**દાદાશ્રી :** લાયકાત તો એવું છે ને, કે લાયકાત શેનું નામ કહેવાય છે, કે જે મને ભેગો થયો તેનું નામ લાયકાત. પછી મોટામાં મોટો અક્કલવાળો હોય ને હિમાલયમાં પડી રહ્યો હોય ને મને ભેગો ના થાય તો લાયકાત શી રીતે કહેવાય ? એ નિમિત્ત ભેગું થવું જોઈએ કે ના થવું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** નિમિત્ત ભેગું થવું જોઈએ. એ લાયકાત, મને ભેગો થયો એ. ત્યારે એક જણ કહે છે, હું તો જુગાર રમું છું ને આમ કરું છું ને તેમ કરું છું અને રમી રમું છું. મેં કહ્યું, અલ્યા, કશો વાંધો નહીં, બેસ. બધું રમું છું ને પણ જીવતો છું ને ? મને તું ભેગો થયો ને, તારું કામ થઈ જશે.

અને તે મને ભેગા થાય તો. મને ભેગો થયો માટે એ પામવો જોઈએ. એની ઈચ્છા ન હોય તો મને વાંધો નથી. પણ મને એ ભેગો થયો, કે એ એક અવતારે, બે અવતારે મોક્ષે જવો જ જોઈએ.

મેં ભગવાનને પૂછી જોયેલું, કે મારે પાત્ર કોને ગણવા ? મારી પાસે થર્મોમિટર કંઈ છે નહીં. ત્યારે કહે, 'તમને જે મળે એ પાત્ર.' ત્યારે મેં કહ્યું, 'દારૂ પીધેલો આવે તો ?' ત્યારે કહે, 'તોય વાંધો નથી. જગત દારૂ જ પી રહ્યું છે. કોઈ શાસ્ત્રનો દારૂ પીવે છે અને કોઈ આ દારૂ પીવે છે.' એટલે પછી ભગવાને વાંધો ના ઉઠાવ્યો. કહે છે, તમને જે મળે તેને આપજો અને જે નાતનો મળે તે. અહીં મુસલમાનોય લઈ ગયા છે ને મહીં છે તે પારસીએય લઈ ગયા છે. પછી વૈષ્ણવ, જૈન,

વાણિયા, બ્રાહ્મણ બધા, મારવાડી, દિગંબરી, શ્વેતાંબરી, સ્થાનકવાસી બધા જ, બધીય કોમોવાળા લઈ ગયા છે.

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** મને ભેગો થયો, એ અધિકારી ! એ મને પૂછે, કે 'હું અધિકારી છું ?' એવું પૂછે ત્યારે હું કહું, કે તું મને ભેગો થયો માટે તું અધિકારી. આમાં અધિકાર કશું જોઈતો નથી. તમારા જ્ઞાન સામું મારે જોવાનું નથી. અધિકાર તો બહાર બાવાઓ જુએ. કારણ કે સ્ટૅન્ડર્ડવાળા. આ તો આઉટ ઑફ સ્ટૅન્ડર્ડની વસ્તુ છે, એમાં અધિકારી શાનો જોવાનો ?

બાકી અધિકારીપણું તો મારા પોતાનામાં નહોતું, તો હું અધિકારી શાનો ખોળું તે ? આ કાળમાં હોતું હશે કોઈ અધિકારી ?

**પ્રશ્નકર્તા :** જો દાદા જ્ઞાન આપે ને મારામાં સમજવાની શક્તિ ના હોય તો શું ?

**દાદાશ્રી :** મહીં આત્મા છે ને, જીવતા છો, થઈ જશે. તમારે સમજવાની શક્તિ હોય, એવું હું પાસ કરું તો કોઈયે ના થાય.

## આ દુષમકાળના જીવો માર્ક ક્યાંથી લાવે ?

અત્યારે તો અહીં આગળ આ બધાએ જ્ઞાન લીધું છે ને એ જ્ઞાનને માટે લાયક કોઈ હતું નહીં. નથી માર્ક, આના માર્ક હોય નહીં. આ કાળના જીવડાં, જેને કૃપાળુદેવે હતપુણ્યશાળી, દુર્ભાગી જીવો કહ્યા છે. દુષમકાળના દુર્ભાગી જીવો છે, મહીં દુઃખી છે. કોઈ છે તે માઈનસમાં હોય, કોઈ સરભર હોય, પણ પાંચથી આગળ મેં તો ગયેલો જોયો નથી હજુ. ખરેખર તેત્રીસ જોઈએ.

**પ્રશ્નકર્તા :** તેત્રીસ જોઈએ, કેટલા બધા ખૂટે એ તો, દાદા.

**દાદાશ્રી :** બહુ ખૂટે, નહીં ? એ તો ભગવાનને જ થાકવું પડ્યું. ભગવાન કહે, 'ત્રણ એ જ તેત્રીસ.'

**પ્રશ્નકર્તા :** દાદા, અમે છે ને અહીંયા પરીક્ષામાં એવું કરતા હતા, કે ઉપરથી બૉર્ડવાળા કહે, કે ભઈ, આ રિઝલ્ટ બહુ ઓછું આવે છે. માટે હવે કંઈક કરો રસ્તો. એટલે અમે કહીએ શું કરીએ ? તો એ કહે, 'સામટા દસ-દસ માર્ક ઉમેરી દો'

**દાદાશ્રી :** બરોબર છે.

**પ્રશ્નકર્તા :** પણ અમે નીચે નહોતા લઈ જતા. અમે તો તેત્રીસ-પાંત્રીસ કરી આપતા હતા. હવે આ તો ઋષભદેવદાદાએ તો એમ કહ્યું, કે ઓછા હશે તો ચાલશે.

**દાદાશ્રી :** ના પણ, આ કાળમાં તો પ્લસવાળા જીવો ક્યાંથી લાવે ?

**પ્રશ્નકર્તા :** તમારી કૃપા થઈ જાય, તો બધાના તેત્રીસ થઈ જાય.

**દાદાશ્રી :** એ તો બધા થઈ ગયા. જ્ઞાન આપ્યા પછી થઈ ગયા, પણ લેતા પહેલા નહોતા.

**પ્રશ્નકર્તા :** પહેલા નહોતા, બરોબર છે. પછી તેત્રીસેતેત્રીસ ગ્રેસ (કૃપાગુણ) થઈ ગયા. મારા જેવાના ઝીરો હોય તોય જ્ઞાન પામ્યો હું, તો મારા તેત્રીસ થઈ ગયા.

**દાદાશ્રી :** હા, થઈ ગયા. તે તેત્રીસથી વધેય ખરા પાછા. કારણ કે આ જ્ઞાન જ એવું છે. એટલે પહેલા તો ત્રણ ટકાય ના જોયા મેં, કશું જ ભલીવાર નહીં. ત્યારે ભગવાનને ઊતરવું પડ્યું નીચે. આમનાથી ના ચડાયું ત્યારે ભગવાન નીચે આવ્યા, કે ત્રણને તેત્રીસ કહો, કહે છે. ભગવાને જ કહ્યા ને ! થાક્યા એ જ ને ! આપણે કંઈ થાક્યા છીએ ? ભગવાન કહે છે, 'આપો.' નહીં તો આ પરીક્ષા હાર્ડ (અઘરી) છે. કેટલી બધી હાર્ડ છે પરીક્ષા ! અત્યારના સંજોગોના હિસાબે આ પેપર બહુ હાર્ડ કહેવાય ને !

## આ કાળમાં અધિકારી હોતો હશે કોઈ ?

**પ્રશ્નકર્તા :** દાદા, ચંદ્રકાન્તભાઈના ત્રણ ટકા હોય, તો અમારા તો ટકા આમાં ગણવાના જ ક્યાં રહ્યા ?

**દાદાશ્રી :** ટકા-બકા બોલવું નહીં કોઈએ. ટકા પૂછશો તો ભગવાનની આબરૂ જશે !

**પ્રશ્નકર્તા :** આપણી પાસે રાખો, એ મહાત્મા જાણે ને દાદા જાણે.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** આવી ગયા એટલું સારું ને, માઈનસ પચાસ-પચ્ચીસ હોત તો કંઈથી મળત ?

**દાદાશ્રી :** લોકો મને કહે છે, 'હું અધિકારી છું ?' મેં કહ્યું, 'ના, અધિકારી ના બોલાય.' આ કાળમાં અધિકારી હોતો હશે કોઈ ? જ્યાં ટકા કશું છે જ નહીં ત્યાં આગળ અધિકારી શું તે ? અધિકારી તો ત્રીસ ટકા સુધી લાવ્યો હોય તો આપણે ત્રણ ટકા ઉમેરાય. અલ્યા મૂઆ, અહીં આગળ જ્યાં હપૂચો ટકો જ નથી, ત્યાં શાની વાત કરે છે ?

આચાર્ય મહારાજોને ટકા નથી ને બિચારાને ! નહીં તો આચાર્ય મહારાજ તો આ ચોથો આરો હોય ને આવું મારું પુસ્તક વાંચે ને, તો બીજે દહાડે સવારમાં વહેલા દોડતા દોડતા આવે. લોક શું કહેશે, એ લોકનિંદા ને બિંદાનો ભય-બય બધું છોડી અને વહેલા મારે ત્યાં આવીને કહેશે, 'સાહેબ, શું આપનું કહેવું છે ? મોક્ષ માટે શું શું કરવાનું ? હું આપ કહો એ કરવા તૈયાર છું.' કારણ કે તેઓ મૂળ વીતરાગોના મતના ખરા ને ! એટલે એમની મહીં એક મશીન હોય છે, કે આ સત્ય ને આ ખોટું, એટલું સમજવાની એમનામાં હોય શક્તિ. તે એ મશીનથી મારા વાક્ય માપી માપીને હેંડ ને છાનોમાનો. તું અહંકારથી ના માપીશ, મૂઆ. આ બધા અહંકારથી માપે છે મને. 'હું આચાર્ય છું' એ રીતે માપવા જાય છે. તું તારા મહીં, મહીંલા મશીનથી માપ. એ એક શબ્દેય ખોટો નહીં હોય. અને ખોટો હોય તો હુંય ઠપકો આપું ને, પટેલને. કારણ કે હું જાણી જઉં તરત, કે આ રેકર્ડ ઊંધી વાગી.

**પ્રશ્નકર્તા :** બરોબર, પ્રમાણ ! દાદા.

**દાદાશ્રી :** રેકર્ડ ઊંધી વાગી એ મને ખબર ના પડે ? મને તરત ખબર પડી જાય ને !

## અનંત સિદ્ધિઓ વડે જ્ઞાની બધું કામ કરી લે

એટલે મારું કહેવાનું છે, કે આ ત્રણ ટકે નાપાસ કહ્યું ને, ત્રણ ટકે માઈનસ, ત્યાર પછી મેં તો આજ અગિયાર-અગિયાર ટકે માઈનસ લીધેલા છે.

**પ્રશ્નકર્તા :** ઓહો !

**દાદાશ્રી :** આ તો મોક્ષમાર્ગને માટે કામના છે આ જીવડાં ? જે ચિંતા કરે, એને મોક્ષમાર્ગમાં પેસવા દે કોઈ ? બાપોય ના પેસવા દે. અને કહેશે, 'સાહેબ, મેં પુસ્તકો બહુ વાંચ્યા.' પુસ્તક વાંચીને તો ઊલટો મન ઉપર બોજો વધાર્યો, મૂઆ. એમાં તે શું ? એના કરતાં ના વાંચ્યું હોત તો સારું હતું.

**પ્રશ્નકર્તા :** દાદા, પહેલા તમે જે જ્ઞાનીઓને (પ્લસ માર્કવાળાને) જ્ઞાન આપ્યું અને અત્યારે જે માઈનસવાળાઓને આપો છો, એમાં ફેર પડે ખરો ?

**દાદાશ્રી :** ના, ફેર તો આમાં બીજો કશોય નહીં. એ તો પછી જે આગળ વધે તેના બાપનું.

**પ્રશ્નકર્તા :** એ તો બરોબર છે, દાદા. પણ ઈટ ઈઝ કન્ફર્મ્ડ (શું તે પાકું છે) ? મારો કહેવાનો ભાવાર્થ એ કે એ કન્ફર્મ ગણાય કે ન ગણાય એમ ?

**દાદાશ્રી :** ના, હવે તો મહીં છે તે, અગિયાર ટકા માઈનસવાળાય આવે છે, ત્રણ ટકા માઈનસવાળા આવે છે, બે-ત્રણ ટકા માર્કવાળા આવે છે અને ચાર-પાંચ ટકાવાળાય આવ્યા મહીં કોઈ કોઈ. એટલે પહેલા મને તો ત્રણ ટકાવાળા મળેલા, એટલે મેં જાણ્યું, માલ જ બધો બગડી ગયેલો છે. તો કોઈ પાંચ ટકાવાળોય મળે છે, નથી મળતા એવું નથી. પણ તેત્રીસ ટકે પાસ થાય એવો આ ભગવાનનો કાયદો. બળ્યું, આ પાંચ ટકે કેમનું ચાલે તે ? આ તો જેમતેમ કરીને પાસ કરવાના છે. જ્ઞાની પોતાની અનંત સિદ્ધિઓ વડે બધું કામ કરી લે. એને ડાહ્યો બનાવે, ચક્રમનો.

ઘરમાં બૈરાં હઉ કહેશે, 'ચક્રમ જેવા છો.' ત્યારે કહેશે, 'તુંય ચક્રમની વાઈફ જ છું ને !' એવું કહે, બળ્યા !

## માર્કવાળો કોને કહેવાય ?

આ આમના માર્ક જ ક્યાં છે તે ? પ્લસ ને એ ક્યાં ગયું, માઈનસમાં જ્યાં આગળ હોય ત્યાં ?

**પ્રશ્નકર્તા :** બધા માઈનસવાળા ?

**દાદાશ્રી :** કોઈ પાર વૅલ્યૂ હશે, કોઈ અડધો માર્ક, કોઈને વખતે કદાચ એક માર્ક. પણ એ બધું એવું નહીં ને ! માઈનસ શાથી, કે આમને એક જબરજસ્ત સળી કરવામાં આવે ને, તો આ મોક્ષેય છોડી દે. કેવા છે ?

**પ્રશ્નકર્તા :** મોક્ષ પણ છોડી દે, તે માર્ગ જ છોડી દે.

**દાદાશ્રી :** એક સળી કરવાથી જ, મૂઆ ? તો તો માર્ક જ ક્યાં છે તારામાં ? સળી નહીં, તું મારો આખો દેહ લઈ લઉં તોય હવે હું છોડું નહીં, એને માર્કવાળો કહીએ.

**પ્રશ્નકર્તા :** એ માર્કવાળો સાચો.

**દાદાશ્રી :** હા. નીરુબેન કહેતા'તા ને, 'નહીં છોડું, નહીં છોડું' ગાતા'તા. નીરુબેનને મેં કહ્યું, 'હવે તમારે જ્યારે જવું હોય તો જજો, હં.' તો કહે, 'તમે મારી નાખો તોય હું જવાની નથી.' અમારા ચંદ્રકાન્તભાઈ કહેશે, 'મારો દેહ લઈ લે, તોય હું દાદાને છોડું નહીં.' એ જે દહાડે જ્ઞાન આપ્યું ત્યારથી જ કહે છે. તે એમના કાકાઓએ એમ કહ્યું, કે 'તમને આ મિલમાં ભાગ નહીં મળે, બંગલામાં ભાગ નહીં મળે, કોઈ પણ ભાગ, હિસ્સો નહીં મળે તમને, આ તમે દાદાને ત્યાં જશો તો. માટે તમારે બંધ કરી દેવું હોય તો બંધ કરી દો અને ચાલુ રાખવું હોય તો ચાલુ રાખો.' ત્યારે કહે, 'ના, મારે ભાગ જોઈતો નથી ને દાદા સિવાય મારે ચાલવાનું નથી.'

**પ્રશ્નકર્તા :** બરાબર છે. ભાગ જોઈતો નથી, દાદા જ જોઈએ.

**દાદાશ્રી :** મારે ભાગ નથી જોઈતો, મારે મિલેય જોઈતી નથી. ત્યારે કહે છે કે, 'તમારે આ નીરુ (ચંદ્રકાન્તભાઈના વાઈફ) વિરુદ્ધ છે.' ત્યારે એ કહે, 'એ વિરુદ્ધ હોય તો એય જોઈએ નહીં. મારે દાદા સિવાય કશું જોઈએ નહીં.' એના ત્રણ માર્ક હતા એમની પાસે.

## પુણ્યૈ ખરી, પણ કોઈના માર્ક નહીં

માર્ક ક્યારે ગણાય ? ગમે તેટલું વિતાડે (પજવે) તોયે આ છોડે નહીં, એટલી બધી મહીં શક્તિ ઉત્પન્ન થઈ ગયેલી હોય.

**પ્રશ્નકર્તા :** એવો નિર્ણય થઈ જાય, દૃઢ નિશ્ચય !

**દાદાશ્રી :** અને દૃઢ નિશ્ચય... કાપો તોય તેની મહીં ફેરફાર નહીં. ત્યારે આપણે કહીએ કે માર્ક છે. આ તો વગર માર્કનું આ બધું કામ ચાલ્યા કરે. પણ પુણ્યૈ ખરી. મોક્ષને માટે માર્ક નહીં, પુણ્યૈ ખરી. પુણ્યૈ વગર તો ભેગું જ ના થાય ને ! માર્કને તમે સમજ્યા ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એક કલાક જ પાછળ પડ પડ કરે ને બધા, આ બધા એક દહાડો કહેશે, કે ભઈ, આને અકળાવો. તો કહેશે, આ તમારો મોક્ષેય રહ્યો ને આ બધું તમારું પાછું આપ્યું, અને આ આત્માય તમને સોંપી દીધો. એમ કરીને અહીં આત્માને હઉ પછાડીને જતો રહે. એટલે માર્ક નહીં તેથી આવા લોકો ! આટલી શક્તિ નહીં.

**પ્રશ્નકર્તા :** હા, ત્યાં ટકી જાય તો પછી માર્ક મળે ને !

**દાદાશ્રી :** તે અમારા ચંદ્રકાન્તભાઈ, કહેવું પડે એમને ! અને તે આખા ઘરનો વિરોધ, ત્રણ-ત્રણ, ચચ્ચાર વર્ષ સુધી જબરજસ્ત ! સાંજે ખાવાનુંય છે તે એને ઠેકાણું ના પડે. એમનું કોઈ માન જ નહીં કશામાં. તેમાં પાછું દાદાનું જોઈને ચોવિહાર કર્યા કરે, ફલાણું કર્યા કરે. ઘેર વાઈફ મુશ્કેલીમાં મૂક મૂક કર્યા કરે. અને પાછા કાકા બોલે તે એમનાથી સહન

થાય નહીં. તે કહે, ‘દાદા મારાથી સહન નથી થતું.’ ત્યારે મેં કહ્યું, ‘ભઈ, તારાથી સહન નથી થતું, પણ અમે તો સહન કરીએ. સહન તો કર્યે જ છૂટકો છે ને !’ ‘દાદા, પણ એમનું શું થશે ?’ કહે છે. ‘મારા કાકાઓનું શું થશે ? આ મારી વાઈફનું શું થશે ? આ આવું બધું બોલ બોલ કરે છે.’ મેં કહ્યું, ‘એ શું થશે, એ તારે જોવાનું નથી. એમનું થવા દેવું-ના થવા દેવું મારા હાથમાં છે. અમારું અવળું બોલીને એમનું અહિત કરવું કે અહિત ન કરવું તેય અમારા હાથમાં સત્તા છે. કારણ કે અમારું બોલ્યા છે ને ? વેપાર, અમારી જોડેનો સોદો છે ને, એટલે અમારી હાથમાં સત્તા છે. અને ક્યારે સોદો કૅન્સલ કરે, એ કહેવાય નહીં. તું ગભરાઈશ નહીં. અને મારા ભત્રીજા થાય છે એ.’

## આવી તૈયારી જોઈએ

**પ્રશ્નકર્તા :** ચંદ્રકાન્તભાઈ પ્રાપ્ત થયેલા તપને સહન કર્યા કરે.

**દાદાશ્રી :** બધી જાતના પ્રાપ્ત તપ સહન કરવાના એટલું જ નહીં પણ આ દાદાના મોક્ષ માટે જે થવાનું હોય તે થાય, આ દેહ પડવાનો હોય તો પડી જાય, એવી તૈયારી જોઈએ. કારણ કે કોઈ કાળે આ મોક્ષમાર્ગ મળ્યો નથી. કોઈ કાળ આવો આવ્યો નથી ને આવો આવ્યો છે, તો હવે બીજા કોઈની વૅલ્યૂ (કિંમત) નહીં. સંપૂર્ણ ડિવૅલ્યૂએશન ! એટલું બધું એ હોવું જોઈએ. તો એના માર્ક મળી જાય. અમારે તો કંઈ માર્ક વધારવાય નથી ને કોઈના ઘટાડવાય નથી. એમ કંઈ માર્ક મૂકીને અમારે બધાને પાસ કરવા છે ? કંઈ ઈનામ આપવાના છે ? પણ એટલી બધી તૈયારી જોઈએ. કો’ક ફેરો પરીક્ષા થાય તો તે પરીક્ષામાં પાસ તો થવું જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** થવું જોઈએ.

**દાદાશ્રી :** જ્ઞાની પુરુષને પરીક્ષા ના કરવી હોય, પણ ઉદય જ પરીક્ષા કરાવતો હોય ત્યારે શું કરીએ ? એટલે એ પરીક્ષામાં પાસ થવાય, એવી આપણે તૈયારી રાખવી. જ્ઞાની પુરુષ તો પરીક્ષા ન થાય એવું ઈચ્છા રાખે. કારણ કે તમારા ઉદયો આવા ના આવે એવી ઈચ્છા રાખે. અમે

જાણીએ છીએ, કે તમે ફેઈલ થઈ જાવ એવા છો. એટલે તમારા ઉદય ઓછા થઈ જાય એવું અમે કંઈક કર્મના ઉદયોની પર પાણી છાંટીએ, જેથી મોળા પડી જાય. નિમિત્ત બને પણ મોળા પડી જાય. પણ કર્મના ઉદય જ જ્યારે પરીક્ષા અપાવડાવે, ત્યારે શું થાય તે ઘડીએ ? આ કહેવાનો ભાવાર્થ સમજ્યા તમે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તમારા ઉદય જ પરીક્ષામાં લાવે પોતે, અને દાદાઈ પાણી છંટાયું ના હોય તો પછી શી દશા કરે ? એટલે આપણે સમજવાનું આ બધું. સમજીએ તો પછી આપણને પાછું ના પડે. મોક્ષ આગળ તો બીજી વસ્તુની કિંમત જ ના હોય ને ! આ બધા ચક્રવર્તીઓ છે તે પછી રાણીની કિંમત રાખતા હશે કે રાજની ?

**પ્રશ્નકર્તા :** રાજનીય નહીં ને રાણીનીય નહીં.

**દાદાશ્રી :** તે રાજનીયે કિંમત નહીં ને રાણીનીય કિંમત નહીં. જેનાથી કંટાળી ગયા છીએ, એની ઉપર વહાલ ફરી ઉત્પન્ન ન જ થવું જોઈએ ને ?

## મોક્ષ ને જ્ઞાનીની જ કિંમત

જેને દેખતા જ આત્મા ઠરે છે, તો એની કિંમત શું અંકાય ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે. તો એનો અર્થ એવો થઈ ગયો ને, કે જે આ બાહ્ય ત્યાગ છે, તે ચંદ્રકાન્તભાઈએ અંતરથી બધો પૂરેપૂરો સ્વીકાર્યો.

**દાદાશ્રી :** એ કંઈ ત્યાગ-બ્યાગ સ્વીકાર્યો નથી. એક જ વસ્તુ, કે 'દાદા, મોક્ષ શું વસ્તુ છે, એની મને કિંમત છે અને તમે કોણ છો, એની મને કિંમત છે ! આ વર્લ્ડમાં મોટામાં મોટી અજાયબી છે, કે તમને દેખતા જ મારો આત્મા એકદમ ઠરી જાય છે, મોક્ષસ્વરૂપ થઈ જાય છે. જેટલા વખત દેખું એટલા વખત. જમવા આવો તે વખતે, જમતી વખતે, જમી રહો ત્યારે, જમીને હાથ ધોતી વખતે, સૂઈને ઊઠતી વખતે, જેટલા વખત દેખું તેટલો વખત મારો આત્મા ઠરે છે !' જેમ એક મોતીમાં છે તે આ

ઝવેરીને આંખ ઠરે છે, તો મોતીની કિંમત કરોડો રૂપિયા કરે છે, તો જેને દેખતા જ આત્મા ઠરે છે, તો એની કિંમત શું અંકાય ? દાદાને દેખીને શું ના ઠરે ? જેને જોતા જ છે તે આત્મા ઠરી જાય, તે શું રહ્યું બીજું ? આ હીરાની બજારમાં કિંમત શાથી છે ?

**પ્રશ્નકર્તા :** આંખો ઠરે.

**દાદાશ્રી :** એમાં આંખ ઠરે છે. આંખનું ઠરવું થાય છે એને લીધે એની કિંમત અંકાય છે. અને એમાં એબ (ખામી) દેખે, ત્યારે કહે, કે આ હીરો ને આ હીરો એક જ ખાણના છે, પણ આ એબવાળો છે. તો એબવાળાના નવસો રૂપિયા, અને આ એબવાળાના ચોથા ભાગના કૅરેટનો છે, તોય પણ એબરહિત છે, માટે પાંચ કરોડ રૂપિયા. કારણ કે પેલો એબવાળો કહેવાય.

## ભગવાનની આજ્ઞા લઈને જ્ઞાન આપીએ છીએ

તમારામાં કેટલા માઈનસ હશે ?

**પ્રશ્નકર્તા :** એ તો કોણ જાણે શું છે, એ ખબર નથી.

**દાદાશ્રી :** ના, અહીં ના કહું, અહીં તો બોલું નહીં. હું કંઈ કાચો નથી ! કારણ કે પાર વૅલ્યૂએય નથી. માઈનસ ઉપર આવીને ઊભું રહ્યું છે. છતાંય પુણ્યશાળી છે. ચિંતા વગર જીવે છે ને ! આનંદ કરે છે, એ મોક્ષમાં જવાના છે એ નક્કી થઈ ગયું. ત્યારે ઋષભદેવ ભગવાનનો પ્રતાપ છે ને ! અમે એમને પૂછીને બધું કરીએ છીએ આ. કારણ કે અમે ક્યાં જોખમદારી લઈએ આ બધી ? આ અક્રમ વિજ્ઞાન આપ્યું છે, તો ઋષભદેવ ભગવાનની આજ્ઞાથી આપેલું છે અમે. અમે જવાબદારી લીધી નથી આ, કોઈ જાતની જવાબદારી અમે ના લઈએ.

## એમાં માત્ર અમારી થ્રી પરસન્ટ દલાલી

ત્યારે ઋષભદેવની ઈચ્છા તો ખરી જ ને ! નહીં તો એ અમને આ પરવાનગી શી રીતે આપે ? અમે આમાં કશું પરવાનગી વગર નથી

કરીએ એવા, અમે તો બહુ પાકા છીએ. ઈનકી પરવાનગી ને ઈનકુ દેને કા, હમકુ ક્યા ? થ્રી પરસન્ટ (ત્રણ ટકા) દલાલી !

**પ્રશ્નકર્તા :** ત્રણ ટકા, ઘણી છે, દાદા.

**દાદાશ્રી :** હા, હા, પણ મોંઘો કાળ છે ને ! જરા કાળ મોંઘો બહુ છે ને, એટલે દલાલી વધેલી છે. તેમાં બે ટકા તો 'દાદા ભગવાન'માં જ ખપાઈ જાય છે. લોક 'દાદા ભગવાન' બોલે, એમાં બે ટકા વપરાઈ જાય. એક ટકો જ પછી રહી બીજી, તે આ ચા-નાસ્તામાં વપરાઈ જાય. બીજી દલાલી તો અમારે હોય નહીં ને !

**પ્રશ્નકર્તા :** દાદા, આમાં સમજાયું નહીં, શું બોલ્યા આપ ?

**દાદાશ્રી :** આ દલાલી, વ્યવહાર દલાલી છે. કેવી છે ?

**પ્રશ્નકર્તા :** વ્યવહાર દલાલી, બરોબર છે.

**દાદાશ્રી :** અમારું તો અમારી પાસે સર્વસ્વ મળી ચૂકેલું છે. સિદ્ધ ભગવાનને જે સુખ છે, એવું સુખ અમને વર્તે છે !

❖❖❖❖❖

# [૭.૨]

# ચંદ્રકાન્તભાઈ થકી ઉઘડ્યા અક્રમના દ્વાર

## જોઈને જ થાય આનંદ, માટે લાગ્યું દાદા પાસે જ્ઞાન છે

**પ્રશ્નકર્તા :** દાદા, તમને આવું જ્ઞાન થયું છે એવી ખબર લોકોને ક્યારે પડી હતી ?

**દાદાશ્રી :** જ્ઞાન થયા પછી, ચાર વર્ષ થયા ત્યાં સુધી તો કોઈનેય ખબર પડી નહીં, કે એમને કંઈક ફેરફાર થયો છે ! અમારા ભાગીદારને એકલાને કંઈક ફેરફાર માલૂમ પડેલો.

**પ્રશ્નકર્તા :** તો તમે સૌ પ્રથમ ચંદ્રકાન્તભાઈને જ્ઞાન આપ્યું હતું એ કેવી રીતે બન્યું હતું ?

**દાદાશ્રી :** ચંદ્રકાન્તભાઈના ફાધર ખરા ને, એ રણછોડભાઈ શેઠ અને એમના ભઈ રાવજીભાઈ શેઠનો હું કાકો થઉં. એ બધી મારા દાદા ઉમેદભાઈની પ્રજા ગણાય છે. એટલે હું કાકો થઉં એ દૃષ્ટિએ. એટલે રણછોડભાઈની તબિયત નરમ હતી. તે દવાખાનામાં હું જોવા જતો રોજ, ભત્રીજા થાય ને ! મારાથી ઉંમરમાં મોટા, પણ છતાંય ભત્રીજા થાય એટલે જોવા જતો રોજ. તે ચંદ્રકાન્તભાઈ રોજ પૂછે, કે 'દાદા, તમારી પાસે કંઈ જ્ઞાન હોય તો અમને કંઈ દેખાડો ને !' ત્યારે મેં કહ્યું, ''ભઈ, તારે જ્ઞાન શું કરવું છે ? તું તો કાલે પેલા વાળંદને ત્યાં જ્ઞાન સાંભળવા ગયો'તો, ત્યાં સાંભળીને લાવ.'' ત્યારે કહે, 'ના, દાદા, મારે જ્ઞાન જાણવું

છે.' મેં કહ્યું, 'તું જાણી લાવ્યો એ શું છે, એ મને કહે.' ત્યારે કહે, 'એ તો મને તૃપ્તિ થતી નથી. મારે તૃપ્તિ થાય એવું જોઈએ છે. તો દાદા, તમારી પાસે કંઈક જ્ઞાન છે, તે મને આપો.' મેં કહ્યું, 'તને શી રીતે ખબર પડી ?' ત્યારે કહે છે, 'મને એવું લાગે છે કે તમારી પાસે કંઈક છે. તે તમને જોઈએ છીએ ને અમને આનંદ થાય છે.' એટલે મેં કહ્યું, 'ભઈ, જ્ઞાન છે મારી પાસે.'

## પરીક્ષા શી રીતે કરવી ?

તો મને કહે છે, 'તમારી પાસે જ્ઞાન છે, એ મને શી રીતે ખબર પડે ?' ત્યારે મેં કહ્યું, 'તને એમ ને એમ ખબર પડતી નથી ?' ત્યારે કહે, 'એમ ને એમ લાગે છે, કે જ્ઞાન છે. પણ એની મને ખાતરી શી રીતે થાય ? મારે પરીક્ષા શી રીતે કરવી ?' મેં કહ્યું, 'હું તારો દાદો છું, પરીક્ષા વળી બીજી શી કરવાની હોય ? બીજી પરીક્ષા તને આવડે નહીં.' હમણે ઝવેરી હોય, તો અમે કહીએ. હીરાનું પૂછે, કે મારે હીરાની પરીક્ષા શી રીતે કરવી ? ત્યારે આપણે કહીએ, કે તમે ઝીણવટથી જુઓ એના પહેલ (પાસા) બધા અને તપાસ કરો. તો ઝવેરીને કહેવાય એવું, પણ બીજો માણસ ઝવેરી નથી ને એવો ગમે તેવો માણસ, તે એને આપણે શું કહીએ, કે ભઈ, ઘણ મારી જુઓ ને ઉપર. ભાંગે તો હીરો નહીં, કાચ. ના ભાંગ્યો તો હીરો. એવી અમે એને સમજ પાડી. મેં કહ્યું, 'ભઈ, તને પરીક્ષા કરતા આવડે શી રીતે ? જ્ઞાની પુરુષ તો એમ ને એમ જ ઓળખાઈ જાય એવા છે, પણ તને પરીક્ષા છે નહીં. તું અબુધ છું. ઝવેરાતપણું તો આવ્યું નથી તારામાં, શી રીતે તું પરીક્ષા કરીશ ?' પરીક્ષા તો જો કરનારા માણસ હોય ને, તો આંખથી ઓળખી જાય તે જ્ઞાનીને. જેમ ઝવેરી છે તે આ કાચ ને હીરા, બે ઓળખે કે ના ઓળખે ?

**પ્રશ્નકર્તા :** ઓળખે.

**દાદાશ્રી :** ઓળખી જાય ને તરત ? આંખથી ઓળખે છે ને ? એવી રીતે આ મનુષ્યનેય આંખથી ઓળખી જાય. અને તું આ આટલા વર્ષથી,

ચોવીસ વર્ષથી મારી જોડે છું પણ તું મને ઓળખી શકતો નથી. માટે તને બીજો રસ્તો શું બતાડું ? તે આ સહેલો રસ્તો બતાડું, તદ્દન.

મેં કહ્યું, 'દાદાને બે ધોલ મારીએ બધી પબ્લિક વચ્ચે, એટલે પરીક્ષા થઈ જશે. ફેણ ના માંડે તો જાણવું કે અહીંયા જ્ઞાન છે અને ફેણ માંડે તો જાણવું કે અહીં અજ્ઞાન છે.' 'દાદા આવું શિખવાડો છો ?' કહે છે. 'તમે મારા દાદા થાવ, એક તો વડીલ થાવ, અને બીજા આવા જ્ઞાની પુરુષને હું મારું તો મારી શી દશા થાય ?' મેં કહ્યું, 'પણ હું જાતે કહું છું ને ! તને સંતોષ થાય પરીક્ષાનો, એ હેતુ માટે કહું છું. એટલે તું અધોગતિમાં જતો હોય તોય ના જવા દઉં.' હું જાણીજોઈને કહું છું ને ? શા માટે ? એના કલ્યાણ માટે કહું છું આ. પછી એને સંતોષ થઈ જાય ને, બધો.

## એવો નીકળ્યો સત્સંગ કે ચંદ્રકાન્તભાઈ થયા સમર્પિત

હું તમને દેખાડું આવો રસ્તો, તો તમને પાડવા હારુ દેખાડું કે તમને ચડાવવા માટે ?

**પ્રશ્નકર્તા :** ચડાવવા માટે.

**દાદાશ્રી :** ના, અમે ઝીલી લઈએ, રક્ષણ કરીએ. ફક્ત એને પરીક્ષા થઈ જાય ને, બિચારાને. ફરી બીજું તો એનામાં ઝવેરીપણું આવવાનું નથી. એ ક્યારે શીખવા જાય ? એના કરતાં અહીં સહેલો રસ્તો દેખાડી દઉં ને, ઝટ. સહેલો રસ્તો નહોય ? એ શીખવા ક્યારે જાય ને મારી પરીક્ષા ક્યારે કરે, એ પરીક્ષા કરે ત્યાર હોરો તો હું ખલાસ થઈ ગયો હોઉં. તો એને દહાડો વળે નહીં. એના કરતાં એ છોકરાને ઝીલી લેવો મારા હાથમાં છે, પડવા ના દેવો.

મેં એને કહ્યું, 'તને પડવા નહીં દઉં, તું મારા ભત્રીજાનો છોકરો કહેવાઉં.' ત્યારે કહે, 'ના, દાદા, પણ એ તો તમે કહો તોય હું એ ઉપચાર નહીં કરું. બીજો કોઈ ઉપાય બતાવો.' એટલે પછી છે તે એ કંઈ સત્સંગ નીકળ્યો ને, તે કલાક એવો સત્સંગ નીકળ્યો, હડહડાટ બધું ઑલ રાઈટ (બરાબર) થઈ ગયું મહીં, ચંદ્રકાન્તભાઈને.

બીજે દહાડે ઘેરથી દોડતા આવ્યા, આવીને પગમાં પડીને કહે છે, 'મન-વચન-કાયા, ચંદ્રકાન્તના નામની સર્વ માયા આપને અર્પણ કરું છું, મારી-ઠોકીને તમારા જેવો બનાવો.' તે ત્યારથી આ ચંદ્રકાન્તભાઈ ચાલ્યા.



## ’૬૨માં થયું ઓપન

**પ્રશ્નકર્તા :** કેટલા વખત પછી આપે કહેલું એ ?

**દાદાશ્રી :** ’૫૮માં જ્ઞાન થયેલું ને ’૬૨માં કહેલું.

**પ્રશ્નકર્તા :** ચાર વર્ષ થયા.

**દાદાશ્રી :** ચાર વર્ષ. આ ’૬૨માં બન્યું આ, સિક્સ્ટી ટુમાં.

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાન થયા પછીય ચાર વર્ષ સુધી આ ગુપ્ત રહ્યું ને ?

**દાદાશ્રી :** ગુપ્ત એટલે વિરોધાભાસ વાત હતી એટલે શી રીતે ઉઘાડી થાય તે ? જગત આખાયે છે તે ભગવાનને કર્તા તરીકે સ્વીકારેલું છે ને ભગવાન આ બધું ચલાવે છે અને મને ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ, ઈટસેલ્ફ પઝલ થયેલું દેખાય, આવું હું શી રીતે બહાર પાડું ? વઢંવઢા થાય ને મારામાર થાય.

**પ્રશ્નકર્તા :** તે દાદા, જ્ઞાન થયા પછી આ વાત તો ગુપ્ત જ રહી, આપને પેલું વિરોધાભાસ જેવું લાગ્યું એટલા માટે.

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** પણ લોકોને, બીજા બધાને ખબર તો પડી ગઈ હશે ને, કે દાદામાં કંઈ ફેરફાર લાગે છે, આ પહેલા જેવા નથી ?

**દાદાશ્રી :** બધી ખબર પડેલી. બધું જ જાણે લોકો, કે આ દાદા જુદા છે. બોલું નહીં, આ તો ચંદ્રકાન્તે ઉઘાડ્યા બારણાં.

## એમ ટોળું જામતું ગયું, પછી બહાર પડી ગયું

ત્યાર પછી એક મહિનાની અંદર એના ફાધર ઑફ થઈ ગયા. પછી અમારી આજ્ઞામાં જ છે નિરંતર ત્યારથી. પછી એના મધર આવ્યા. તે મારા ભત્રીજાના વહુ થાય આમ. પણ તે પહેલા શરમ રાખતા’તા, પણ પછી હું જ્ઞાની થયો એટલે મેં કહ્યું, ‘તમે શરમ શું કરવા રાખો છો ? હવે જ્ઞાનીને તો ના એ પુરુષ કહેવાય, ના સ્ત્રી કહેવાય, ના નપુંસક

કહેવાય. કોઈ લિંગ-બિંગ ના કહેવાય. સ્ત્રી નથી, પુરુષ નથી. મારી શરમ રાખવાની હોય નહીં.' જો કે વ્યવહારમાં રહું છું હજુ. એટલે એ ત્રણેય શેઠાણીઓ મારી પાસે બેસતા શીખ્યા. સહુથી મોટા એ, સવિતાબા. એટલે ત્રણેય કહે છે, કે 'અમને મોક્ષ આપો.' એટલે મેં કહ્યું, 'તમે તો ઘરના છો, તમારે શું કરવો છે ? તમારે ઉતાવળ શું છે ?' ત્યારે શું કહ્યું સવિતાબા ? બોલો ને !

**સવિતાબા :** કાલે તમે નહીં હો કે હું નહીં હોઉં.

**દાદાશ્રી :** કહે છે, ભરોસો આપો એનો, ખાતરી આપો. આ એકલા જ બોલ્યા, ત્રણેય જણ નથી બોલ્યા. તે મેં આ એકલાને જ જ્ઞાન આપ્યું ને પેલા બેઉને ના આપ્યું. મેં કહ્યું, આવું બોલે છે, આટલી જાગૃતિ છે, માટે આમને જ્ઞાન આપી દઉં તરત. બીજે રસ્તે ખાનગીમાં લઈ જઈને. અને પેલા બે જણને આપ્યું નહીં. તે બે જણ પછી જાણી ગયા આમનું, આમનું બધું પરિણામ ફેરફાર થયેલો દેખાયો એટલે. તે કહે છે, 'દાદા, તમે કશુંક આપ્યું છે એમને.' ત્યારે મેં કહ્યું, 'તમનેય આપીશું.' તે આપણે અહીં (મંદિરના) ભોંયરામાં આવીને આપેલું.

**પ્રશ્નકર્તા :** વડવામાં.

**દાદાશ્રી :** ઋષભદેવ ભગવાનની પાસે આવીને આપ્યું હતું એ બે જણને.

**પ્રશ્નકર્તા :** હા, ભોંયરામાં.

**દાદાશ્રી :** ત્યારથી આ માર્ગ ચાલુ થયો છે. ત્યારથી આ સત્સંગ ચાલુ થયો, ચાર વર્ષ પછી. ચાર વર્ષ તો એમ ને એમ જ ગયા. પછી કનુભાઈ ભેગા થયા. કનુભાઈ ને એમના ફાધર ને બધું ટોળું જામતું ગયું. પછી તો બહાર પડી ગયું, ઉઘાડું થઈ ગયું.

## કોઈ ને કોઈ નિમિત્તે વાત બહાર આવત જ

**પ્રશ્નકર્તા :** દાદા, ચંદ્રકાન્તભાઈએ જો આ વાત બહાર ના કાઢી હોત તો અમે બધા લટકીને રહી ગયા હોત ?

**દાદાશ્રી :** ના, એ કનુભાઈ કાઢત. કનુભાઈ જોડે ને જોડે ખરા ને, કનુભાઈ કાઢત.

**પ્રશ્નકર્તા :** કનુભાઈ કાઢત ?

**દાદાશ્રી :** કનુભાઈ, રસિકભાઈ કાઢત. તે છેવટે કાઢ્યા વગર રહેત નહીં. પણ આમણે ચંદ્રકાન્તભાઈએ વહેલી કાઢી. કાઢ્યા વગર રહે નહીં, આ તો ભવ્ય જીવો કહેવાય. મારી પાસે જે જન્મ થયેલા એ કેવા જીવ કહેવાય ?

**પ્રશ્નકર્તા :** ભવ્ય જીવો.

**દાદાશ્રી :** હં...

**પ્રશ્નકર્તા :** દાદા, એ ભવ્ય જીવ એટલે આસનભવ્ય ? શાસ્ત્રમાં જેને 'આસનભવ્ય જીવ' કહે છે.

**દાદાશ્રી :** 'તેમ ભવિ જીવ હોય, ઉત્તમ નિમિત્ત સંજોગી રે.' ભવિ જીવ કેવો હોય ? 'ઉત્તમ નિમિત્ત સંજોગી રે'. સહેજે ઘેર બેઠા જ નિમિત્ત મળી આવે. તેને ભવ્ય કહેવાય. જે લોકોને ઘેરે બેઠા જ નિમિત્ત મળી આવે, એ ભવ્ય કહેવાય. પણ ચંદ્રકાન્તભાઈએ સૌ પહેલું ઓપન કર્યું'તું, આ જ્ઞાન. નિમિત્ત એ બન્યા. બનવાનું તો હતું જ, પણ નિમિત્તમાં એ બની ગયા.

## પડ્યું 'દાદા ભગવાન' નામ, તે આમ સ્વીકાર કરાવડાવ્યો

**પ્રશ્નકર્તા :** તમે 'દાદા ભગવાન'ના નામથી જ જાણીતા છો. એટલે એ વખતે જ આપને પહેલેથી પ્રેરણા હતી, કે મારું નામ 'દાદા ભગવાન' જ રાખવું ?

**દાદાશ્રી :** ના, એ તો ચંદ્રકાન્તભાઈએ જ 'દાદા ભગવાન' કહ્યું'તું. એ ભઈનો હું દાદો થઉં, એટલે 'દાદા ભગવાન' કહેલું એમણે. હું એનો દાદો થઉં એટલે એ 'દાદા ભગવાન' કહેતો. તેમાંથી આ 'દાદા ભગવાન'ના નામનો પ્રચાર થઈ ગયો લોકોમાં. અને તેમાંથી પેસી ગયું.

અને પછી એ સ્વીકાર મેં નહીં કરેલો. કારણ કે હું તો 'જ્ઞાની' છું અને 'દાદા ભગવાન' મહીં પ્રગટ થયા છે તે. એટલે આવી રીતે સ્વીકાર કરાવડાવ્યો.

લોક જાણે કે તમે દાદા ભગવાન થઈ ગયા. ના, દાદા ભગવાન 'તે' છે. ચૌદ લોકનો નાથ, તે એનું નામ ના હોય. છતાંય એક તમને ઓળખાવા માટે જ નામ કહીએ છીએ. તમે શું નામ દઈને એને ભજશો ? કંઈક ભજવા માટે એનું નામ તો જોઈએ કે ના જોઈએ ?

**પ્રશ્નકર્તા :** મને માતૃસ્વરૂપમાં વધારે અનુરાગ છે. બધા તમને 'દાદા' કહે અને હું આપને 'મા' કહું તો ?

**દાદાશ્રી :** બહુ ખુશીથી, બહુ આનંદ થાય, ઊલટું સારું કહેવાય. માનો પ્રેમ તો વધારે કહેવાય ઊલટો. માનો પ્રેમ તો વધારે હોય.

**નીરુમા** (પ્રશ્નકર્તાને) **:** અને 'મા' કહેનારા તમે પહેલા જ નીકળ્યા !

**મહાત્માઓ :** જય સચ્ચિદાનંદ !

❖❖❖❖❖

# [૭.૩]
# શરૂઆતના વર્ષોમાં જ્ઞાન ગુપ્ત રાખેલું

## શા માટે ગુપ્ત રાખ્યું ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપે જ્ઞાન આપવાની શરૂઆત કરી પછી પણ શરૂઆતના થોડા વર્ષ આપ જાહેરમાં નહોતા આવતા, ગુપ્ત રીતે સત્સંગ કરતા હતા, એનું શું કારણ ?

**દાદાશ્રી :** આ માર્ગ ગુપ્ત રાખવાનું કારણ બીજું હતું. આ જગતનો નિયમ કેવો છે કે હંમેશાં કોઈ પણ માર્ગ ઊભો થાય છે, જ્યારે અજવાળું ઊભું થાય છે, ત્યારે કેટલાક જેને અજવાળું ખપતું નથી એવા માણસો પણ પાકે છે. હોય છે જ દુનિયામાં. અજવાળું ગમતું ના હોય, એટલે અજવાળાને લોકો નાશ કરે છે. શાથી નાશ કરે છે ? પછી આપણે ભોગવવાનું અંધારામાં એ નિરાંતે ચાલે, લોકોનો દુરુપયોગ કરવાનું. હવે પેલું અજવાળું એમને પોસાતું નથી, તે અજવાળાને આ લોકોએ શું કરેલું ? જ્યાં જ્યાં અજવાળું થયું, ત્યાં ફેર કરેલા (ગોળીથી ઠાર કરેલા), ખીલા મારેલા. જ્યાં અજવાળું થાય, એને ઓલવી જ નાખે. જેટલા અજવાળા થયા તેની આવી જ દશા થયેલી. એટલે શરૂઆતમાં પાંચ-સાત-દસ જણ હતા ને, ત્યારે મેં કહ્યું'તું, ગુપ્ત રાખજો. મૂઆ, ગોળીબાર કરશે લોકો. કારણ કે જગતના લોકોનો સ્વભાવ કેવો છે ? અજવાળું ભભૂક્યું કે મારી-ઝૂડીને બંધ કરી દે. લોકોને ભોગવવા જોઈએ

છે જગત. એટલે અજવાળું ભભૂકવા ના દે. આય કશુંય ચાલ્યું નહીં ને, એટલે ચૂપ રહ્યા છે.

## દીવા તૈયાર થઈ જાવ, જેથી નિર્વંશ ના થાય

એટલે મેં મહાત્માઓને કહ્યું'તું, 'ભઈ, આ તમે ગુપ્ત રાખો ને એક બાજુ તમારું પોતાનું કામ કરી લો. પછી તમે બધા તૈયાર થાવ ને પછી મને ગોળી મારે તો મને વાંધો નથી.' પણ એક વાર દીવા તૈયાર થઈ જાવ. એટલે આ નિર્વંશ ના થાય.

ગોળીઓ તે દહાડે છોડે ને, તો પાંચ-પચાસ-સો જણ હોય તો મારી નાખે. તો પછી એ તો અંધારું થઈ જાય. મેં કહ્યું, વધ્યા પછી હવે વાંધો નહીં. એક ફેરો વધી ગયું પૅસેન્જર, પછી તમે ગોળીઓ કેટલી છોડવાના હતા ? ભઈ, હવે આ બીજ નહીં જાય. હવે આ અક્રમનું બીજ જવાનું નથી.

**પ્રશ્નકર્તા :** હવે ના જાય.

**દાદાશ્રી :** હા, હવે તો બહુ વધશે. અત્યાર સુધી તો મને એમ લાગતું'તું, કે આ જ્ઞાન દબાઈ ના જાય તો સારું.

**પ્રશ્નકર્તા :** ના, ના, દબાયેલું રહે ?

**દાદાશ્રી :** ના, પણ ઊગી નીકળ્યું. નહિતર પાંચ-પચાસ માણસ એ થયું, એ પછી બીજા લોકો દબાવી દે !

**પ્રશ્નકર્તા :** દાદા, મને એવો જરાય વિચાર નથી આવ્યો. દાદાને મળ્યો છું, ત્યારથી મને દબાઈ જશે, એવો વિચાર નથી આવ્યો. દાદાનું જ્ઞાન તો આમ વધારે ફેલાય એવી જ ઈચ્છા થાય.

**દાદાશ્રી :** ના, એમ નહીં. એ તમને વિચાર આવે, પણ આ કાળ એટલો બધો વિચિત્ર છે, મને ગોળી મારે એવો છે. તે શરૂ શરૂમાં તો ૧૯૬૨માં શરૂઆત થઈ હતી આની, ત્યારે બધાને કહેતો હતો, ગુપ્ત રાખજો, નહીં તો શૂટ (ગોળીબાર) કરશે લોકો.

## 'તમને ગોળી મારીશ'નો કાગળ છતાં જેની ન ડગે સ્થિરતા

હમણે એક જણે તો મુંબઈમાં કાગળ લખી મોકલ્યો. આ દાદાને શૂટ કરવા જેવા છે, કહે છે. ખેતશીભાઈ પર લખ્યો'તો. કહે છે, કે 'આ દાદા ભગવાનને લઈને ફરો છો ને, તે બધા લાભ ઉઠાવો છો, તે હું જાણું છું. તમે બેઉ ભેગા થશો, બેઉને ગોળીઓ મારીશ', કહે છે. આનું નામ જગત. તે ખેતશીભાઈ મને વાંચવા નહોતા આપતા. મને કહે છે, 'એક કાગળ આવ્યો છે પણ તમને દેખાડાય નહીં.' મેં કહ્યું, 'ના, મને દેખાડો, મને વાંધો નથી. આ કાંઈ નવું નથી મારે ત્યાં તો.' મારે ત્યાં આ કાંઈ ઓછું નવું છે ? આ તો હિન્દુસ્તાનના લોક છે. મેં કહ્યું, 'ગમે તેવું મને લખ્યું હશે તોય મને વાંચવા આપો. તમને અસર થાય, મને ના થાય, બા. તમને ગભરામણ થાય. એમાં મને શાનું ? ગમે તે લખ્યું હોય. ગમે તે લખે ને ! મોઢે કહે તોય શો વાંધો છે ?'

એટલે પછી કાગળ વાંચવા આપ્યો. ત્યારે કહે, 'આ તો મારો ઓળખાણવાળો છે અને સહી નથી કરી. એના અક્ષર પરથી ઓળખું છું. અને મારી પર દ્વેષની ખાતર એણે લખ્યું છે.' મેં કહ્યું, 'મારી પર લખ્યું હશે તોય વાંધો શો છે પણ ? એને ના ગમ્યું તો લખ્યું.'

એટલે મેં વાંચ્યું. પછી મેં કહ્યું, આવું તો હોય છે જ બળ્યું. આવું ઈનામ તો ઘણા વખત આવેલું. હા, એનું મગજ ફરી જાય ત્યારે શું કરવું આપણે ? અને એ તો ગોળીબારેય કરે, મૂઆ. ભલું પૂછો આમનું તો, સાચવીને ચાલવું પડે.

'ખેતશીભાઈ અને દાદાને ગોળી મારીશ', કહે છે. તો અમને કેવું તપ કરવું પડે ? જો કે અમારે તપેય ના કરવું પડે. બિચારાએ બહુ સારું કર્યું ! અમે ઊલટું એમને સદ્‌બુદ્ધિ આપો, એવું કહીએ, હોં. એ બિચારો અણસમજણથી લખે છે ને ! એટલે એ બિચારો કહે છે, કે 'મારી પાસે સત્તા હોય તો હું તમને શૂટ કરું.' પણ તે સત્તાવાળાય કોઈ નીકળે. કોઈ ના નીકળે એવા ઓછા છે કંઈ ? ગાંધીજીને શૂટ કર્યા'તા ને.

આ તો કઈ કઈ જાતના ભેજા ! અને દુનિયા કંઈ આપણા બાપની નહોય, સહુ સહુના બાપની છે. સ્વતંત્ર છે બધા, માલિક છે બધા. એની પોતાની જવાબદારી પર કરે છે ને ખોટું ? ખોટું આપણી જવાબદારી પર કરે છે કે એની પોતાની જવાબદારી પર ?

**પ્રશ્નકર્તા :** પોતાની જવાબદારી પર.

**દાદાશ્રી :** એટલે બધી છૂટ છે એને, જે કરવું હોય તે. જવાબદારી એની. ગાંધીજીને ગોળી છોડી પણ જવાબદારી તો એની. ગાંધીજીને તો ત્યારે ટાઢું પડી જવું પડ્યું ને, એવું આ. પણ અજવાળું ના થવા દે આ લોકો. જ્યાં અજવાળું ભાળ્યું ત્યાં ફટાકડી મારે (બંદૂક ફોડે).

## દેહથી જ છૂટા રહે તેને ડર શેનો ?

પણ આવું લખનાર મળે છે. બધું મળે તો ખરા ને ? ઈનામ છે ને આ તો ! કો'ક ફેરો ઈનામ આવું મળે.

**પ્રશ્નકર્તા :** દાદા, આ જે 'ઈનામ મળ્યું', 'તપ આવ્યું', આ બધા શબ્દો જ એટલા બધા સરસ હોય છે ને, 'આ ઈનામ મળ્યું' એવું હાજર થાય ને, તો પેલો પ્રૉબ્લેમ જ ના રહે.

**દાદાશ્રી :** આવું તો અમે ખોળીએ, પણ મળે જ નહીં ને ! આવું અમે ખોળીએ, પણ કોઈ કહે જ નહીં ને ! અમે કોઈને દસ હજાર આપીએ તોય ના કહે એવું. 'તો મારી શી દશા થાય ?' કહેશે. રૂપિયા આપીએ તેય કામ કરે નહીં, તેવું આ એમ ને એમ કરે છે, તો ઈનામ કહેવાય ને ?

**પ્રશ્નકર્તા :** તમને એવો કોઈ દિવસ ડર લાગે ખરો, કે કોઈ બંદૂક મારી દેશે ?

**દાદાશ્રી :** અમને ડર ના હોય એવો. આ દેહ છોડેલો જ છે. બંદૂક ખાતે સોંપેલો જ છે આ દેહને અમે. હું બીજાનો ડર કાઢી આપું છું ને !

## જગતને અંધારું જોઈએ છે, પ્રકાશ પોસાતો નથી

મેં શું કહેલું એ લોકોને, કે આ જ્ઞાન નિવ્વળ (ચોખ્ખું), કેવળજ્ઞાનના અંગેનું છે આ જ્ઞાન. એટલે સંપૂર્ણ પ્રકાશિત જ્ઞાન છે આ. જગત અંધારાને જ એડ્મિટ કરે છે. જ્યારે જ્યારે પ્રકાશ આ જગતમાં ઊભો થયેલો, એટલે છેવટે ગોળીબાર કરીને કે બીજું કરીને પ્રકાશને આ લોકો બંધ કરી દે. જગતનો નિયમ જ એવો, કે પ્રકાશને તોડી-ફોડીને ખલાસ કરી નાખે. જગતને પ્રકાશ પોસાતો નથી, જગતને અંધારું જોઈએ છે. એટલે ગોળીબાર જ કરે. અને તે આ દેશમાં જ બધા મોટા મોટાને મારી નાખેલા એનું કારણ શું ? અજવાળું ન ગમે. લોકોને અંધારું જોઈએ ભોગવી લેવાને માટે, મોજશોખ, મજા કરવાને માટે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જગતને અંધારું જ જોઈએ છે એવું તો કોને મારી નાખ્યા ?

**દાદાશ્રી :** અરે, બધા બહુ જણને મારી નાખેલા છે.

આ જગતના લોકો ભોગવવાવાળા વધારે છે અને આ જેને મોક્ષમાં જવું છે એ થોડા માણસો છે. એટલે ભોગવવાવાળાને શું જોઈએ ? આવું ખુલ્લું કરી આપનાર ના હોય તો સારું. લોકો શીખે તો એડવાન્સ થાય (આગળ વધે) ને ? એડવાન્સ ના થાય એટલે ચાલ્યું બધું, આપણે ખેતરા ચરી ખાવ પછી. એટલે હરૈયા ઢોરની પેઠ ચરી ખાય બધું. પણ જાણે એટલે પછી ચરી ખાવા દે કે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એ ગોળીઓ મારે. તે આ બધા ક્રાઈસ્ટ-બ્રાઈસ્ટ ને બધાને ગોળીઓ મારનારા આવા ને આવા બધા. કોઈએ ગોળી મારી ના હોય તો બીજી રીતે પણ એને ખલાસ તો કરી જ નાખેલા છે ને !

## લોકોનું કલ્યાણ કરવાનું તે ગોળીઓ ખાધે પાલવે નહીં

એટલે મેં પહેલેથી ચેતવણી આપેલી બધાને, કે ભઈ, આનું બહુ પ્રકાશિત કરશો નહીં. નહીં તો આ જડમૂળથી ઉડાડી દેશે લોકો.

હિન્દુસ્તાનમાં બન્યું છે એવી રીતે, એ જ રીતે બનશે. મહાવીર ભગવાનને ઉડાડવા માટે ભયંકર પ્રયત્નો થયેલા. છતાંય એ તો તીર્થંકર હતા એટલે ચરમદેહ, ચરમશરીરી હતા. ચરમશરીરી વીંધાય નહીં કશાથી. પણ અત્યારે તો આ શરીર કેવા ઉડાડી મેલે છે, ઝપાટાબંધ. ગાંધીજીને ગોળી મારીને ઉડાડી મેલ્યા એવું.

**પ્રશ્નકર્તા :** તમે એવા પાકા છો, કે ગાંધીજીની માફક ગોળીબાર ખાવ-બાવ એવા છો નહીં.

**દાદાશ્રી :** અમે તો ખટપટિયા. અમારે આવું કંઈ ગોળીઓ ખાઈએ એ પાલવે નહીં. અમારે લોકોનું હજુ કામ કરવું છે બહુ.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, વાગવાની હોય ગોળી, તો કોઈ રોકી શકવાનું નથી.

**દાદાશ્રી :** એ બધી વાત જવા દો. એવું છે ને, કે એવું બોલાય નહીં પહેલેથી વ્યવસ્થિત. વ્યવસ્થિત પછીથી બોલાય. એની સાવધતા તો રાખવી જ પડે આપણે. એવું કેમ બોલાય ? આવું તમારા જેવા, તમે બોલો છો આવું ? એ સાવધ રહેવું પડે.

**પ્રશ્નકર્તા :** હા, વાત એક્ઝેક્ટ છે.

**દાદાશ્રી :** હા, અમે એવું વ્યવસ્થિત માનીએ નહીં ને ! વ્યવસ્થિત થઈ ગયા પછી માનીએ. પહેલેથી એવું ના બોલીએ. એ સાવધતા, સાવધ.

## હવે આ જ્ઞાન દબાવાનું નથી

એટલે મેં કહ્યું, ગુપ્ત રાખજો આ બધું. વંશાવળી વધી જાય પછી ઓપન થશે તો વાંધો નથી. પછી દસ ઉડાડી મેલે તો બીજા બધા ઘણાય હોય.

**પ્રશ્નકર્તા :** હવે તો બધી બહુ ઘરાકી થઈ ગઈ, દાદા.

**દાદાશ્રી :** વધી ગઈ, બહુ ઘરાકી વધી ગઈ. મેં ના કહ્યું'તું, તે દહાડે તો. ઘરાકી ઓછી વધે એવું કરો. મેં આ થોડા મહાત્માઓને કહ્યું, 'ભઈ,

આપણે તો કંઈ આગળ આનો પ્રૉપેગન્ડા કરશો નહીં, બહુ ગુપ્ત રાખજો. આ ઓપન ના કરશો.' તે ઓપન ના કર્યું, બહુ ગુપ્તિથી કામ લીધેલું છે. કોઈને જાણ્યામાં જ ના આવે. પેપરમાં તો કોઈ દહાડો મેં આવવા જ દીધું નથી. કારણ કે જેનું પુણ્ય હશે તે મને ભેગો થયા વગર રહેવાનો નથી. ગમે ત્યાંથી આવીને ઊભો રહેશે. ફૉરેનથીય આવીને ઊભા રહે છે લોકો.

એ ગુપ્ત ત્યાં સુધી રખાવડાવ્યું, કે બહુ માણસની વસ્તી થઈ, દસ-પંદર હજાર માણસની, ત્યારે ગુપ્તપણું છોડી દેવડાવ્યું. હવે ગોળીઓ મારે તો જતું રહેવાનું નથી આ જ્ઞાન. આ અક્રમ ઉદય આવેલું એ જતું રહેશે નહીં. આનું બીજ રહી ગયું. અને અત્યારે તો ચાલીસ-પચાસ હજાર માણસ થઈ ગયું છે.

એટલે હવે પ્રૉપેગન્ડા કરવાની છૂટ આપી. કારણ કે હવે ગોળીઓ મારી મારીને કેટલાકને મારે ? હવે પચાસ હજાર માણસ થઈ ગયું છે, હવે તમારે જ્યાં શૂટ કરવું હોય તો કરો. પાછળ ફણગા તૈયાર છે. બધા બહુ ઊગી ગયા હવે તો. આ જ્ઞાન છૂપાવાનું નથી હવે. હવે જે પ્રગટ થયું છે એ છૂપાય નહીં. છૂપાય કંઈ ?

**પ્રશ્નકર્તા :** ના છૂપાય.

**દાદાશ્રી :** હવે આપણા મહાત્માઓ કેટલા તૈયાર થઈ ગયેલા છે ! પાંચ આજ્ઞામાં સખત રહેનારા એવા તો મહાત્માઓ મેં જોયા.

હવે આ બીજ જાય નહીં, આ જ્ઞાનેય જાય નહીં. આ જ્ઞાન જે ઓપન થયું છે, એ જાય નહીં. કારણ કે ઘણા કાળથી દબાઈ રહેલું હતું, આ જ્ઞાન પ્રગટ થયું છે. એટલે આ જ્ઞાન દબાવાનું નથી હવે. આખા વર્લ્ડનું કલ્યાણ કરીને જ રહેશે ! આ જ્ઞાન વર્લ્ડનું કલ્યાણ માટે જ જન્મ થયેલો છે !

❖❖❖❖❖

# [૮]
# દસ લાખ વર્ષે પ્રગટ્યા અક્રમ વિજ્ઞાની

## આ તો અપવાદ, લાખો માણસો પામશે

**પ્રશ્નકર્તા :** આવું જ્ઞાન વર્તમાનકાળમાં કોઈ બીજાને થશે કે થયું હશે ?

**દાદાશ્રી :** ના, ના, એ થાય નહીં. દસ લાખ વર્ષે થાય આ. આ અક્રમ વિજ્ઞાન છે ! બીજા બધા જ્ઞાન તો થાય, પણ ત્રણ માણસ એની પાછળ પોસાય. ત્રણ માણસને દૃષ્ટિ બદલાય, ક્રમિકના જ્ઞાની પુરુષ થાય ત્યારે. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાની થયા, તે ત્રણ માણસને દૃષ્ટિ બદલાઈ આ. પણ આ તો લાખો માણસો પામી જશે. પણ દસ લાખ વર્ષે એક ફેરો પ્રગટ થાય. એટલે આ અપવાદ છે.

તમને જે મેં જ્ઞાન આપ્યું છે ને, તે હાથમાં જ રહે એ. વાંચવું ના પડે, કરવું ના પડે અને મહીં ચેતન કામ કર્યા કરે પાછું. વિજ્ઞાન જ કામ કર્યા કરે, એવું આ વિજ્ઞાન છે ! તેથી આને કહ્યું છે કે 'અક્રમ વિજ્ઞાની' દસ લાખ વર્ષે એક ફેરો હોય ! ત્યારે ઘણા લોકોનું કલ્યાણ થઈ જાય. જેમ તીર્થંકર વખતે થાય, એવું આ અક્રમ વિજ્ઞાનીના વખતમાંય ઘણા લોકોનું કલ્યાણ થઈ જશે. આ તો લાખો લોકો કામ કાઢી જશે.

**પ્રશ્નકર્તા :** હિન્દુસ્તાનમાં સંતો-જ્ઞાની તો થયા જ કરે છે ને ?

**દાદાશ્રી :** હા, એ બધા ક્રમિક માર્ગમાં થવાના સ્ટેપ બાય સ્ટેપ. આ લિફ્ટમાર્ગી કહેવાય.

**પ્રશ્નકર્તા :** દાદા, આપણો જે માર્ગ છે તે બહુ અલૌકિક છે.

**દાદાશ્રી :** અલૌકિક ! બહુ અલૌકિક માર્ગ છે ! તેથી આપણે કહીએ છીએ ને, દસ લાખ વર્ષે એક ફેરો પ્રગટ થાય છે આ માર્ગ, અને અલૌકિક છે વસ્તુ. પણ લોકોને સમજમાં બેસવું જોઈએ, બંધ બેસવું જોઈએ. એને આગળ આવશે ને, જેમ જેમ હજુ આગળ જશે, તેમ તેમ વાત સમજાતી જશે ઓર જ જાતની ! અને વગર મહેનતની, પીડા નહીં, કશુંય નહીં. બસ, જ્ઞાની પાસે બેસવાથી જ જ્ઞાની સ્વરૂપ થઈ જવાય તેવો માર્ગ છે. અને ચિંતા વગર ! બેસી રહેવાનું તેય ચિંતા નહીં, ઉપાધિ નહીં, ભય નહીં.

## ક્રમિક માર્ગનું બેઝમેન્ટ સડી ગયું માટે અક્રમ થયું

અક્રમ માર્ગ અપવાદ માર્ગ છે. એટલે કો'ક વખત ઉદયમાં આવે. જ્યારે ધોરીમાર્ગ થ્રૂ કામ ન કરી શકે, હેલ્પ ન કરી શકે, ત્યારે અક્રમનો ઉદય આવે. આજે ધોરીમાર્ગ છે, ક્રમિક માર્ગ, તે ફ્રેક્ચર થઈ ગયો છે, બિલકુલ ફ્રેક્ચર થઈ ગયો છે. એના ફાઉન્ડેશન ફ્રેક્ચર થઈ ગયા છે. એટલે પછી આ અક્રમનો ઉદય આવ્યો છે.

અત્યારે ક્રમિક માર્ગ જ બંધ થઈ ગયો છે. કોઈ જગ્યાએ ક્રમિક માર્ગ ચાલુ હોય તો મને કહો.

**પ્રશ્નકર્તા :** આ પૂજા, ઉપાસના એ બધું ક્રમિક જ છે ને ?

**દાદાશ્રી :** એ ક્રમિક માર્ગ નહોય. આ તો આડફંટા (આડે માર્ગે ફંટાયેલા) માર્ગ છે બધા. ક્રમિક માર્ગ તો ધોરી રસ્તો છે. આ તો આડફંટા, આડી ગલીકૂંચીઓમાં બેઠા છે મહારાજો બધા.

હવે એ આપ્તવાણીઓ વાંચીને બધા સાધુઓ-આચાર્ય મહારાજો આવે છે, કે 'તમારું કહેલું એમાં તો સહમત છીએ. વીતરાગ વિજ્ઞાનમાં

કશું ફેરફાર નથી, પણ તમે અક્રમ કેમ કાઢ્યું ? ક્રમ હતો ને !' મેં કહ્યું, 'ભઈ, મેં કાઢ્યો નથી. ધીસ ઈઝ બટ નેચરલ. આ તો કુદરતી રીતે થયેલું છે, મેં કાઢ્યો નથી. મારે કંઈ આમાં તમારો જશ લેવો નથી.' ત્યારે કહે છે, 'પણ આમાં ક્રમિકને ટેકો આપ્યો હોત તો શું થાત ?' મેં કહ્યું, 'પણ ક્રમિક માર્ગ આખો જે છે, તેનું બેઝમેન્ટ (પાયો) સડી ગયેલું છે.' શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** હા, પાયો જ ખવાઈ ગયો છે.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'આખા ક્રમિક માર્ગનું બેઝમેન્ટ સડી ગયેલું છે, મહારાજ. ઉપર તો આખું દેખાય છે પાટ, નીચે બધું સડી ગયું છે, બેઝ સડી ગયું છે. ચેતીને બેસો હવે.' અને જેનું બેઝમેન્ટ સડી ગયેલું હોય એ વસ્તુ પડી જાય ને, જ્યારે ત્યારે ? એટલે આ અક્રમ વિજ્ઞાન નીકળ્યું.

## મન-વચન-કાયાની એકાત્મવૃત્તિ તૂટી આ કાળમાં

તે સાધુ-આચાર્યો મારી પાસે આવે છે, કે 'અમે બધા સડી ગયેલો માર્ગ પાળીએ છીએ ?' ત્યારે મેં કહ્યું, 'હા. હું જેટલા વાક્ય બોલું છું એના પુરાવા આપવા માટે બંધાયેલો છું.' મોટા મોટા આચાર્ય મહારાજોએ કહ્યું, મુંબઈમાં. મને કહે, 'પુરાવો આપો.' મેં કહ્યું, 'હું જેટલું બોલું છું ને, આ જેટલા પુસ્તકો લખ્યા છે ને, એ બધા પુરાવા આપવા તૈયાર છું, ઍની ટાઈમ.' કારણ કે જ્ઞાની પુરુષનો એક શબ્દેય ગપ્પું હોય નહીં, નવા શાસ્ત્રો લખવા લાયક હોય.

ત્યારે કહે, 'સડી ગયેલો શા આધારે છે, એ અમને કહો. બેઝમેન્ટ સડી જવું એટલે શું, અમને સમજાવો.' મેં કહ્યું, ચોથા આરા સુધી મન-વચન-કાયાની એકાત્મવૃત્તિ હતી. એટલે મનમાં જેવું હોય એવું વાણીમાં બોલે ને એવું વર્તનમાં કરે. એ બધાય જીવોને, આ સારા સજ્જનોનેય તેવું હતું અને દુર્જનોનેય તેવું હતું. દુર્જનોય જો કદી એમ કહે, 'હું આ તમારું ઘર બાળી મેલવાનો છું.' એટલે બોલ્યો એટલે આપણે જાણવાનું કે આ કર્યા વગર રહેવાનો નથી. અને આજના આ ચક્કરડા બોલે કે 'હું તમને આમ કરી નાખીશ, આમ કરી નાખીશ', મૂઆ એ બોલે પણ

મનમાં જૂઠી વાત છે, બોલવામાં જૂઠી વાત છે ને કરવામાં જૂઠી વાત, આ શું કરવાના તે ? એટલે મન-વચન-કાયાની એકાત્મવૃત્તિ હોય ત્યાં સુધી ક્રમિક માર્ગ ચાલે અને મન-વચન-કાયાની એકાત્મવૃત્તિ તૂટી એટલે અક્રમ ઊભું થાય. એટલે આચાર્ય મહારાજો કબૂલ કરે છે કે મન-વચન-કાયા તો અમારુંય સાચું (એકતા) રહેતું નથી. મનમાં જુદું હોય છે, વાણીમાં જુદું બોલીએ છીએ.

અને આજ તો વાણીમાં બોલ્યા પછી, કાગળમાં લખાયા પછીય ફરી જાય એવાય છે, નહીં ? તેથી તો કૉર્ટો નભી રહી છે ! હવે પહેલા દુર્જનો પણ એકવચની હતા. જેવું બોલે એવું કરે. પણ તે દુર્જનતા કરે, અને સજ્જનો સજ્જનતા કરતા'તા. પણ ભગવાનના નિર્વાણકાળ સુધી તેવું ને તેવું ચાલ્યું'તું, ત્યાર પછી જે સડવા માંડ્યું આ પચ્ચીસસો વર્ષમાં, એટલે સડી સડી સડીને આખું બેઝમેન્ટ સડી ગયું.

## મનમાં હોય એવું બોલે ને એવું કરે, ત્યાં સુધી જ ક્રમિક ફળે

જ્યાં સુધી મનમાં હોય એવું વાણીમાં બોલાય ને એવું વર્તનમાં થાય, ત્યાં સુધી ક્રમિક માર્ગ સાચો, નહીં તો ક્રમિક માર્ગ કોઈ દહાડો ફળ આપે નહીં. ત્યારે કહે છે, 'મહાવીરના વખતમાં આવું બોલાતું ?' મેં કહ્યું, ''હા, મહાવીરના વખતમાં એવું બોલાતું. મહાવીરના વખતમાં હું હતો અને આવું જ બોલાતું'તું.'' ત્યારે કહે કે 'શું તે દહાડે ચોર-બહારવટિયા નહોતા ?' મેં કહ્યું, ચોર-બહારવટિયા હતા પણ ચોર-બહારવટિયાય પણ એમ કહેતા'તા કે આજ તમારા ઘરમાં ચોરી કરી જવાનો. તે જેવું મનમાં હતું ને, એવું બોલતો'તો ને એવું કરતો'તો. શું કરતો'તો ?

**પ્રશ્નકર્તા :** એ પ્રમાણે વર્તનમાં હતું.

**દાદાશ્રી :** પણ આજ તો બધા, અત્યારે તો સાધુઓય કહે છે, અમારાથી પણ આ મહીં હોય છે ને, એવું બોલાતું નથી. ત્યારે મેં કહ્યું, તેથી એ માર્ગ ફ્રેક્ચર થઈ ગયો છે.

કૃપાળુદેવનોય ક્રમિક માર્ગ જ કહેવાય. એટલે એય મનમાં જેવું હોય, એવું વાણીમાં બોલે ને એવું વર્તનમાં કરે તો જ ચાલે એવું છે. કહે

છે એવું થતું નથી. એ શી રીતે તમે કરો ? કરો શી રીતે ? એટલે અમે ક્રમિક માર્ગ જુદી રીતે મૂકવાના છીએ, નવી જાતનો.

## તેથી આ અક્રમ નીકળ્યું

**પ્રશ્નકર્તા :** પણ અત્યારે તો જો સંસારમાં રહેવું હોય ને આગળ વધવું હોય તો મનમાં જેવું હોય એવું વાણીમાં લાવીએ તો રહી જ ના શકાય. યૂ કાન્ટ બી સક્સેસફુલ. તમે સક્સેસફુલ જ ના થઈ શકો.

**દાદાશ્રી :** તેથી એ જતો રહ્યો. તેથી આ અક્રમ નીકળ્યું. અને અક્રમ શું કહે છે ? તારે જેવું બોલવું હોય એવું બોલજે. તારે જેવું વર્તન કરવું હોય એવું કરજે. એટલે બહાર નાદારી કઢાવી એમને અને આંતરિક ધર્મ શરૂ કર્યો. બહાર તો નાદાર થઈ ગયેલા છે, એને શું સુધારવાના ? અને સુધાર્યું સુધરે એવું નથી હવે. માટે આ અક્રમ નીકળ્યો.

એટલે મહારાજ, સાધુઓ મને પૂછે છે, કે 'કેમ આ તમે જુદો કાઢ્યો ?' મેં કહ્યું, 'ભઈ, મારે જુદો કાઢીને એની કંઈ સ્થાપના નથી કરવાની કે આની ગાદી નથી કરવાની. આ તો ઉદય આવ્યો છે, મારી મારફત. મને જ ખબર નથી પડતી, કે આ શી રીતે મારી પાસે આવ્યો ઉદય ?' જો કે આ લોકોનું કંઈ કલ્યાણ થવાનું હશે, ચેન્જ (ફેરફાર) થવાનું હશે, તેથી ઉદય થયો છે. બાકી 'આ સડી ગયો છે' એવું મહારાજને સમજાવીએ છીએ, ત્યારે સમજી જાય છે. પણ શું કરે, હવે ક્યાં જાય આ મહારાજ ? બીજા કેટલાક મારી પાસે પાછા જ્ઞાનેય લે છે.

## આ વિજ્ઞાન પ્રાપ્ત કરેલું નથી, ઉદયમાં આવ્યું

'અક્રમ વિજ્ઞાન' છે આ, વીતરાગોનું 'ક્રમિક વિજ્ઞાન' હતું. અને આ અક્રમ વિજ્ઞાન એ એમનું જ છે, પણ લોકોની સમજમાં આવતું નથી. આ વિજ્ઞાન પ્રગટ થયું છે ને મને ઉદયમાં આવ્યું છે. આ કંઈ મેં પ્રાપ્ત કરેલું નથી.

ત્યારે કહે, 'અક્રમ ક્યાંથી લાવ્યા ?' મેં કહ્યું, 'ભઈ, ગમે ત્યાંથી લાવ્યા. આપણને જે દવાથી મટ્યું ને, એ દવા સાચી, એ મહાવીરની !'

**પ્રશ્નકર્તા :** મટ્યું તે દવા મહાવીરની !

**દાદાશ્રી :** તે મહાવીરની દવા. ના મટ્યું તે મહાવીરની દવા નહોય. બધી શીશીઓ ઉપર ભલે ને, નામ લખ્યા હોય મહાવીરના ! મટતું નથી તે શું કરવાની દવા ?

અને છે શાસ્ત્રીક્ત (શાસ્ત્રોક્ત) વાત, પણ તમને ના જડે તેને હું ક્યાં વઢવાડ કરવા રહું ? અને શાસ્ત્રમાં ના હોય તોય શું, આપણે તો આત્મા કબૂલ કરે એવી વાત જોઈએ ને ? આપણો આત્મા કબૂલ કરે.

અને જેનાથી તાવ ઊતરે એ દવા કામની, પછી ધન્વંતરિએ લખી કે ના લખી, એ આપણે જોવાની જરૂર નથી. ધન્વંતરિએ તે કાળમાં નાય લખ્યું હોય. આ કાળ બદલાયો ને અહીં આગળ જુદી દવા વપરાતી હોય.

## અક્કરમી પણ કર્મ ન બંધાય એવો

તે એક તો આચાર્ય મહારાજને બહુ રીસ ચઢી હશે ને, તે શોધખોળ કરી એમણે, 'આ જ્ઞાન અક્રમ કહેવાય છે, તે અક્કરમીનું જ છે, અક્કરમીનો જ ધંધો', કહે છે. જુઓ ને, આવુંય બોલે છે ! બધું ખોળી કાઢે ને, આ લોકો તો.

**પ્રશ્નકર્તા :** નવું નવું ખોળે.

**દાદાશ્રી :** હા, નવું નવું ખોળે. પણ 'અક્કરમી' એ 'અકર્મી' એટલે કર્મ જે બાંધતો નથી, એનું નામ 'અકર્મી.' તે શોધખોળ તો સારી કરી, બા. આ આટલી શોધખોળ આવડી, એય મોટું સાયન્ટિસ્ટોનું જ કામ છે ને ! નહીં તો આવડે નહીં, મૂઆને. કહે છે, આ લાગે છે અક્કરમીનું જ કામ ! એટલે અક્કરમી એટલે કરમ ના બંધાય એવા. તો આમાંયે પાંસરું બોલે છે ને ! શું ખોટું, કંઈ ગાળો દે છે ? આ અક્કરમી જ બોલે છે ને !

**પ્રશ્નકર્તા :** અરે ઘણાંખરાં તો એમ કહે કે આ અક્રમ વિજ્ઞાન છે કે ચક્રમ વિજ્ઞાન છે ?

**દાદાશ્રી :** હા, ચક્રમ કહે. તે ફાવે એમ કહે બુદ્ધિવાળા. એવું છે ને, કે બુદ્ધિશાળી માણસનું કામ હોય છે ને, એમાં મજૂરો ઓછા બોલે છે

બિચારા ? મજૂરો હાથ ના ઘાલે, બિચારા. કારણ કે બુદ્ધિ નહીં ને ! આમાં તો આ બુદ્ધિશાળીઓ હાથ ઘાલે જરા, અક્કલવાળા.

**પ્રશ્નકર્તા :** દાદા, બધા અક્કલવાળા જ બોલે છે.

**દાદાશ્રી :** એ બોલે છે પણ આવું બોલે. પેલા ભાઈ બિચારા એ (ડિસ્કરેજ) થઈ ગયા. એ ભાઈ જૈનનું બધું કામ કરી લે છે. એ સાધુ-આચાર્યો એ ભાઈનું કહેલું માન્યા કરવાના. તે સાધુ મહારાજને એ ભાઈએ ઘણું કહ્યું, કે આ દાદા કોણ છે, ઓળખો તો ખરા ! ત્યારે કહે, 'જો તમે માનશો, તો તમે મિથ્યાત્વી થઈ ગયા.'

## મહાવીરનેય ગાળો દે, એ દુનિયાને શી રીતે પહોંચાય ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, ફરશે ક્યારે હવે ? આ ફરવું તો જોઈશે ને ? આમાં પલટો ક્યારે આવશે ?

**દાદાશ્રી :** શેનો ?

**પ્રશ્નકર્તા :** આ માન્યતા, આચાર્યોની, આ આપણી, એમાં હવે પલટો તો આવવો પડશે ને ?

**દાદાશ્રી :** મહાવીર ભગવાનના વખતમાંય એમને કેટલી ગાળો દેતા'તા, એ તમે સાંભળેલી છે. પણ આ ભૂલી ગયા છીએ એટલે તમને લાગે. એટલી ગાળો હજુ પડી નથી. હજુ હવે પડશે.

**પ્રશ્નકર્તા :** હજુ પડવાની બાકી છે ?

**દાદાશ્રી :** હજુ એનો કાળ પાક્યો નથી. એ પડશે ત્યારે ખબર પડશે. આ તો ભગવાન મહાવીરની ઉપરેય પાર વગરની ગાળો વરસાવી'તી. લોકોએ કંઈ બાકી રાખ્યું છે ? લોકોએ પુરાવા આપ્યા, કે જુઓ ભઈ, આ શૂળો છે ને, એ શૂળો ભગવાન આવતા હોય તે પહેલા આમ થવા માંડે છે. તે તો જરા જુઓ ! ત્યારે કહે, એ તો જાદુગર બધા બહુ પાકે. મૂઆ આવું બોલે. નાગું જ બોલે લોકો. એટલે આને ક્યાં પહોંચી વળાય ? આ દુનિયાને પહોંચી વળાય શી રીતે ? અને તમારે એક જ દિશા ને એમને

તો ચારેય દિશા ! ચૌદશિયાની કેટલી દિશા ? ચારેય દિશા. ઉપરેય ચડી જાય વખતે. અને તમારે એક જ દિશા. એક જ બાજુ હોય. તમારે કાયદેસર રહેવું પડશે, મોક્ષે જવું છે, નહીં ?

## સાધુઓ પણ કરે સ્વીકાર

એટલે આવું શોધખોળ કરે કંઈ ને કંઈ. પોતે મહીં ચિઢાયા કરતો હોય ને, તો શોધખોળ કરીને ખોળી કાઢે. દુખિયો માણસ આવી ઉપાધિ કરે બધી. બાકી કેટલાય સાધુ મુનિઓએ છે તે આપ્તવાણીઓ જે વાંચી છે ને, એ એક્સેપ્ટ કરી નાખેલી. વાત અમારી કોઈ ખોટી નહીં ને, અવળી નહીં ને વાત ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** પણ બધું સ્વીકાર કરે છે, કે તમારી વાત સાચી છે. એટલે સ્વીકાર કરે તોય બહુ થઈ ગયું. પહેલા તો કાઢી મેલતા'તા, દાદાવાળા ના જોઈએ. તમે તો અક્રમ કાઢ્યું. અક્રમ એટલે પછી એનો અર્થ એ લોકોએ કર્યો, અક્રમ એટલે અક્કરમી. એમણે શોધખોળ કરી કે આ અક્કરમીનો માર્ગ છે, 'તમે અહીં આવશો નહીં', કહે છે. હવે પુસ્તકો બધા મહારાજોએ વાંચ્યા ને, પછી મનમાં એમ ખાતરી થઈ ગઈ છે, કે વાત કંઈક છે !

## આખું જગત સામે થાય તોય અક્રમ દેખાડવું છે

મને તો બહુ માણસોએ ના પાડી'તી કે આ અક્રમ બહાર ના પાડશો. આ તો આખા જગતના વિરોધી કહેવાય. બધું આખું જગતનું જ્ઞાન ક્રમિક માર્ગ કહેવાય અને આ એકલું અક્રમ. ત્યારે કહે, 'બધા વિરોધ કરશે.' મેં કહ્યું, 'આખું જગત વિરોધી થાય તોય હું બહાર પાડવાનો.' કારણ કે સત્ય છે મારી પાસે. હંડ્રેડ પરસન્ટ સત્ય છે. આ સત્ય વિજ્ઞાન છે, માટે મને કંઈ એવો ડર હોય નહીં. આ અક્રમ વિજ્ઞાન છે. અને ભલે આખું જગત સામું થશે, પણ સામું થઈનેય મારે આ અક્રમ વિજ્ઞાન દેખાડવું છે.

આ રણછોડભાઈ સાહેબે પહેલાવારકું તો એમ જ કહ્યું, 'આ અક્રમ ઊભું કરીને આ બધા જગતથી વિરુદ્ધ કરો છો ! આખું જગત સામું પડશે.' મેં કહ્યું, 'ભલે ને સામું પડે. છે એ માલ ઉઘાડો, ઓપન કરવાનો છે બધો.' રણછોડભાઈ સાહેબે વાંધો ઉઠાવ્યો, એમના મનમાં એમ કે 'આ બધું આખું જગત ક્રમવાળું છે ને આ વાંધા ઉઠાવે છે.' 'કોઈ આવવાનું નથી', મેં કહ્યું. આવવું કંઈ સહેલી વાત છે, બા ! કંઈક સામાન-બામાન જોઈએ કે ના જોઈએ ? હથિયારો-બથિયારો જોઈએ કે ના જોઈએ ? કે એની તલવાર ને ઢાલથી જ ચાલે ?

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આ અક્રમ વિજ્ઞાનમાં જેને વાંધા ઊઠે છે, તેના વાંધા શમે છે. પણ જેને વાંધા કરવા જ છે, તેના તો કેવી રીતે બંધ થાય ?

**દાદાશ્રી :** તે કરવા હોય તેનો તો ઉપાય જ નથી ને કંઈ ! તેથી જ જગત ઊભું રહ્યું છે ને ! આવા પુનશાળીઓને લીધે તો જગત ઊભું રહ્યું છે (!) નહીં તો જગત ક્યારનુંય આથમી ગયું હોત. અને પુનશાળીઓ તો રહેવાના જ, કારણ કે જગત આથમી જવા ના દે કોઈ દહાડોય.

## કરેલું ક્રમિક માર્ગે પણ ઉદય અક્રમનો આવ્યો

**પ્રશ્નકર્તા :** પણ દાદા, આપ પણ ક્રમિક માર્ગના જ જ્ઞાની છો ને ?

**દાદાશ્રી :** હા, હુંય ક્રમિક માર્ગનો.

**પ્રશ્નકર્તા :** હં, આ વિશેષતા તો અમારા બધાની છે કે અમે અક્રમ માર્ગને પામ્યા.

**દાદાશ્રી :** તમે અક્રમ પામ્યા પણ હું તો ક્રમિકમાં.

**પ્રશ્નકર્તા :** આપે પણ ક્રમિક માર્ગે કંઈક ધીરે ધીરે ધીરે ધીરે કર્યું હશે.

**દાદાશ્રી :** ઘણું જ, એ ક્રમિક માર્ગનું જ છે આ બધું કરેલું. પણ તે ઉદય આવ્યો અક્રમનો. કારણ કે કેવળજ્ઞાનમાં નાપાસ થયા ને, એટલે આ રહ્યું. એટલે આ અક્રમ ઉદયમાં આવીને ઊભું રહ્યું.

**પ્રશ્નકર્તા :** હા, પણ આ 'અક્રમ છે', એ આપે કેવી રીતે જાણ્યું ?

**દાદાશ્રી :** અક્રમ એટલે શું ? ફુલ સ્ટૉપ (પૂર્ણવિરામ) માર્ગ.

**પ્રશ્નકર્તા :** હા, એ બરોબર, ફુલ સ્ટૉપ માર્ગ, પણ હવે આ ક્રમિક નહીં ને આ અક્રમ જ, એ કેવી રીતે જાણ્યું ?

**દાદાશ્રી :** મને દેખાઈ ગયું ને પણ. અક્રમ એટલે શું ? આ બધો ફુલ સ્ટૉપવાળો માર્ગ મને દેખાયો કે આ આટલું કરીએ તો ફુલ સ્ટૉપ.

**પ્રશ્નકર્તા :** એટલે એ દર્શનમાં આવી ગયું ?

**દાદાશ્રી :** દર્શનમાં આવી ગયું.

**પ્રશ્નકર્તા :** કે હવે આ જ માર્ગ.

**દાદાશ્રી :** નહીં, આ... ઈન શૉર્ટકટ, અક્રમ એટલે લિફ્ટ માર્ગ. ચઢવાનું-કરવાનું નહીં, છોડવાનું નથી, અહીં ત્યાગ કરવાનો નથી, એ અક્રમ છે. અક્રમ શાથી છે, કે ત્યાગ કરવાનો નથી.

## લોકોના કલ્યાણ માટે આવ્યો અક્રમનો ઉદય

અક્રમ એટલે ફુલ સ્ટૉપ જ્ઞાન, નૉટ કૉમા (અલ્પવિરામ નહીં). લાખો વર્ષે ના હોય એવું આ. તીર્થંકરોની પાસે જ જ્ઞાન હતું, બાકી બીજી કોઈ જગ્યાએ આ જ્ઞાન ના હોય. તે આ ફુલ સ્ટૉપ જ્ઞાન છે. એક કલાકમાં તો જુઓ ને, રેડી (તૈયાર) થઈ જાય છે ને, અત્યારના આ મૂંઝાઈ ગયેલા માણસો !

તે કેવા પુણ્યશાળી પાક્યા હશે કે આવો માર્ગ નીકળ્યો ! આ માર્ગનો કંઈ મને લાભ મળ્યો નથી, લાભ તો તમને મળ્યો. હું તો પેલે માર્ગે જ પાસ થયેલો છું. પણ પુણ્યશાળી જોવા મને મળ્યા કે આવાય પુણ્યશાળી દુનિયામાં છે ! તે મોટા મોટા કારખાના કરતા કરતા આત્મજ્ઞાન થઈ બેઠું આ ! એ જોવાના મળ્યા મને ! અને મારી તો ભાવના જ હતી એ કે આવું જ્ઞાન પામો. અને અક્રમ તેથી ઉદય આવ્યું

છે ને ! મારું તો કલ્યાણ થઈ ગયેલું હતું, પણ આ લોકોનું કંઈ કલ્યાણ થવાનું હશે, એટલે ઉદય આવેલો છે.

## મારા બધા શબ્દો કુદરતી, ટેપરેકર્ડમાંથી નીકળેલા

**પ્રશ્નકર્તા :** આપને 'અક્રમ' શબ્દ ક્યાંથી મળ્યો ? અને કેવી રીતે, આપના હૃદયમાંથી ઊપજ્યો કે શું થયું ?

**દાદાશ્રી :** પગથિયા ચઢ્યા વગર થયું તેથી. ક્રમ-ભ્રમ ના રહ્યો એટલે. લોકોને કશું કરવાનું ના રહ્યું.

**પ્રશ્નકર્તા :** એટલે આપને એમ લાગ્યું કે આ વિજ્ઞાન ક્રમવાળું નથી, એટલે 'અક્રમ' કીધું આપે ?

**દાદાશ્રી :** હા, અક્રમ છે, ક્રમવાળું નથી.

**પ્રશ્નકર્તા :** એટલે આપે એને 'અક્રમ' કીધું.

**દાદાશ્રી :** એટલે જેમાં ક્રિયા કરવાની નથી, મહેનત કરવાની નથી, જેમાં ત્યાગ કરવાનો નથી, એવું આ જ્ઞાન ઉદય થયું છે. માટે આ 'અક્રમ' છે.

**પ્રશ્નકર્તા :** નહીં, પણ અક્રમ શબ્દ જ કેમ ? આપને ક્યાંથી મળ્યો ? જૈન આગમોમાં, જૈન શાસ્ત્રોમાં ?

**દાદાશ્રી :** મારા તો બધા કુદરતી શબ્દો છે. મારા પોતાના નથી, એ અમારી ટેપરેકર્ડમાંથી નીકળ્યા છે.

## ક્રમિકમાં બહારથી અંદર જવાનું, અક્રમમાં એનાથી ઊલટું

અક્રમ એટલે ઊંધેથી કરવું. અંદરથી તે આ ધીમે ધીમે ધીમે ધીમે બહાર નીકળતો જાય. ક્રમ એટલે શું ? આ બહારથી અંદર જાય. આ ક્રમિક માર્ગ શું કહે છે, કે બાહ્યાચાર પલટાય, પછી ભાવ પલટાય, તો સંસાર છૂટે એવું છે. તે બાહ્યાચાર તો પલટાય એવા નથી. તમે ક્યારે સર્વિસ કરી રહેત ને તમારે ક્યારે આ બધો બાહ્યાચાર પલટાત ?

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** ક્યારે આ બધો બાહ્યાચાર પલટાત, અહીં ઘેર રહીને ! એટલે આ માર્ગ બિલકુલ અક્રમ છે અને સાયન્ટિફિક વિજ્ઞાન છે અને ઓછી મહેનતે કામ થાય એવું છે. બિલકુલ બાહ્યાચાર જોવાનો નહીં. એ અમારા જ્ઞાનમાં જોયું છે કે બાહ્યાચાર એ ન્યૂટ્રલ વસ્તુ છે. એ અમારા જ્ઞાનમાં જોયા પછી અમે આ માર્ગ મૂક્યો છે. અને તે ભગવાનની આજ્ઞા લઈને મૂક્યો છે આ. એટલે બાહ્યાચાર ઉડાડી દીધો અમે. હવે અંતરાચાર શરૂ થઈ જાય. તે એની મેળે ફેલાતો ફેલાતો ફેલાતો બહાર આવીને ઊભો રહેશે. અને પેલું બહારથી અંદર જવાનું હતું. ક્રમિક માર્ગ બહારથી અંદર જવાનું, આ અંદરથી ચોખ્ખું થતું થતું થતું થતું બહાર આવવાનું. એટલે બાહ્યાચાર જોવાનો નહીં, બાહ્ય આચાર તો બદલાય નહીં. કારણ કે પ્રકૃતિ ગુણ છે ને !

અને હું તમને ખાંડનો કંટ્રોલ મૂકું, તો પછી તમે છે તે શીખંડમાં પાછા ગોળ લેશો. કંટ્રોલ હોય તો આવું કરો ને ? કારણ કે દુષમકાળના મનુષ્યો, કળિયુગના છે આ મનુષ્યો, આમની જોડે ડીલિંગ (વ્યવહાર) જુદી રીતે લેવા જેવું છે, અને તે રીતે હું લઉં છું આ.

એટલે સારો છે માર્ગ આ બધો. વઢવા-કરવાનું નહીં, કશી ભાંજગડ નહીં. અમે વઢ્યા છીએ કોઈ દહાડો તમને ? તો જુઓ, આ કેવો સરસ માર્ગ છે !

**પ્રશ્નકર્તા :** દાદા, પૅકિંગને જોતા જ નથી ને ! દાદા ક્યાં પૅકિંગને જુએ છે ?

**દાદાશ્રી :** ના, અમે માલ જ એવો આપ્યો છે કે અમારે જોવું જ ના પડે.

**પ્રશ્નકર્તા :** અંદરથી જ થયા કરે છે બધું.

**દાદાશ્રી :** હા, અંદરથી જ બધું થયા કરે. વિજ્ઞાન આપ્યું છે ને, એ વિજ્ઞાન કામ કરી રહ્યું છે અંદર.

## રકમો ના જડી તે સપોઝ કરીતે કર્યું

અક્રમ વિજ્ઞાન ઊભું થતા પહેલા વિચાર આવેલો કે આ મૂળ રકમો સિવાય શી રીતે કામ થશે ? પછી ગણિત જોયું ત્યારે ગણિત કહે છે, ભઈ રકમો ના જડે તો સપોઝ (અનુમાન) સમજીને કરો. 'સપોઝ કરવાથી શું આવે ?' ત્યારે કહે, 'ના, તું સપોઝ કર ને, એમાં વાંધો શું છે તે ?' ત્યારે કહે, 'એ તો મારે ફાવે એટલા સપોઝ કરું.' 'ત્યારે તને ફાવે એટલા કર ને !' ત્યારે કહે, 'તમે અહીં સો કરાવડાવો છો એ મને નહીં ફાવે.' ત્યારે આપણે કહીએ કે 'ભઈ, એકસો એક ને ત્રણ આના ઉપર કર ને ! મને વાંધો નથી, તારી ગણવાની શક્તિ જોઈએ.' ગણતરી કરવાની, કૅલ્ક્યુલેશન કરવાની. નહીં તો કંઈ વાંધો છે ? સો શાથી, કે તારે ગણવાની બહુ માથાકૂટ ના પડે એટલા માટે સપોઝ હંડ્રેડ. એટલે ગણિતમાં સપોઝ હંડ્રેડથી જો જવાબ આવે છે, તો આ જગતમાં જ્ઞાનીના અક્રમ વિજ્ઞાનથી શું જવાબ ના આવે !

## દર દસ લાખ વર્ષે અક્રમ ઉત્પન્ન થાય

**પ્રશ્નકર્તા :** આ અક્રમ દ્વારા જે મોક્ષ આપવાની વાત છે, તે આપે શરૂ કરી કે પહેલા કંઈક હતી એવી ?

**દાદાશ્રી :** દસ લાખ વર્ષે, દર વખતે આવે છે. હું કાંઈ આનો શોધક નથી. મારું આ નવું નથી. પણ નવું એટલા જ માટે દેખાય છે કે આ દસ લાખ વરસથી કોઈ પુસ્તક-બુસ્તકમાં હોતું નથી એટલે અપૂર્વ કહેવાય છે.

**પ્રશ્નકર્તા :** પણ આવો અક્રમ માર્ગ પહેલા ક્યારેય સાંભળ્યો નથી.

**દાદાશ્રી :** આ દર દસ લાખ વર્ષે ઉત્પન્ન થાય છે.

**પ્રશ્નકર્તા :** આના પહેલા ક્યારે થયેલો આ અક્રમ માર્ગ ?

**દાદાશ્રી :** ઋષભદેવના વખતમાં.

**પ્રશ્નકર્તા :** ઋષભદેવને થઈ ગયે તો ઘણો ટાઈમ થયો, એક કાળચક્ર ફરી ગયું આખું !

**દાદાશ્રી :** ના, પણ તે જ એ તો... એ ઋષભદેવના વખતમાં હતો. એ કાળચક્ર ફરી ગયું કે ના ફરી ગયું, એ આપણે જોવાની જરૂર નથી. પણ તે વખતે એમણે ભરત રાજાને આ અક્રમ આપ્યું'તું કે રાણીઓ હોય કે સંસારમાં હોય, લડાઈઓ લડાતી હોય, તોય પણ મોક્ષ થાય. એ અક્રમ હતું. એ એમને એકલાને જ મળ્યું'તું, બીજા કોઈને નહીં. ત્યાર પછી હમણે આ શરૂ થયું, દસ લાખ વર્ષે.

## જેવું ભરત ચક્રવર્તીને મળેલું, એવું જ્ઞાન આપીએ છીએ

**પ્રશ્નકર્તા :** ભરત ચક્રવર્તીને અક્રમ જ્ઞાન મળેલું, તો એ વખતમાં બીજા લોકોને કેમ ના મળ્યું ? એમને એકલાને જ કેમ ? એની પાછળ શો હેતુ હતો ?

**દાદાશ્રી :** હેતુ કંઈ નહોતો. એમનો હિસાબ હતો ને ! ભરત રાજાનો હિસાબ હતો, બાહુબલીજીનો નહોતો. ભગવાને અઠ્ઠાણું છોકરાંઓને ત્યાગમાં લઈ લીધા પોતાની સાથે.

**પ્રશ્નકર્તા :** હા, ભેગા દીક્ષા લીધી એમણે.

**દાદાશ્રી :** અને આ બેઉને છે તે સોંપી દીધું રાજ, બાહુબલીજી અને ભરત રાજાને. પછી એ બે જણ ઝઘડ્યા પાછા. તેમાંથી બાહુબલીજી વળી પાછા ત્યાંથી સીધા ભગવાન પાસે જવા નીકળ્યા, તો મનમાં વિચાર આવ્યો પાછો, કે અઠ્ઠાણું ભાઈઓ મારાથી નાના છે પણ એમણે પહેલી દીક્ષા લીધી છે માટે મારે એમને પગે લાગવું પડશે. એ ગૂંચવાડો ઊભો થયો. એટલે ભગવાન પાસે ના જતા, સીધા એક જગ્યાએ સરોવર હતું તેને કિનારે જઈને ઊભા રહ્યા બસ, કાઉસગ્ગ ધ્યાનમાં. એવું કડક ધ્યાન કર્યું !

ત્યારે ઋષભદેવ ભગવાનની બ્રાહ્મી અને સુંદરી નામની બે પુત્રીઓ હતી, તેય ત્યાં આગળ સત્સંગમાં સાધ્વીજી થઈ ગયેલી. તે ભગવાન એમને કહે છે, ભાઈ હાથી પર ચઢીને બેઠા છે. તે બહેનો સમજી નહીં એટલે બે બહેનોને કહ્યું, કે ''જાવ ત્યાં આગળ, પેલા સરોવર પાસે અને ભાઈ પાસે જઈને 'વીરા ગજ થકી નીચે ઊતરો' એમ કરીને ગાયન

ગાવ.'' તે પેલી બહેનોએ ત્યાં જઈને ગાયું એટલે બાહુબલીજી ધ્યાનમાં ને ધ્યાનમાં સમજી ગયા કે મારી બહેનો બોલે છે આ કંઈ, કે 'ગજ થકી નીચે ઊતરો વીરા.' પણ હું ક્યાં હાથી ઉપર બેઠો છું ? પછી મનમાં વિચાર્યું કે ઓહોહો ! અહંકારરૂપી હાથી જ છે ને આ તો !

**પ્રશ્નકર્તા :** હં...

**દાદાશ્રી :** એટલે તરત જ નક્કી કર્યું, અને બહેનોને કહ્યું, કે 'માફી માગું છું, બહેનો. ચાલો, હું ત્યાં આવું છું.' પછી એમને કેવળજ્ઞાન ઊપજી ગયું.

હવે પ્રશ્ન રહ્યો, ભરત રાજાનો. તે ભરત રાજાએ ભગવાન પાસે ઉઘરાણી કરવા માંડી. મનમાં લાગ્યું કે આ બધા ભઈઓ તો આમ જતા રહેશે, આ બાહુબલીજી કેવળજ્ઞાન લઈ ગયા અને હું રખડી મર્યો. એટલે ભગવાનને વિનંતી કરી કે 'ભગવાન, મારે આ તમારું રાજ જોઈતું નથી. આ પાછું લઈ લો અને આ રાણીવાસેય મારે જોઈતો નથી.' આ તેરસો રાણીઓ શી રીતે પોસાય ? અને રાજમાં રોજ લડાઈ લડવાની. રોજ લડાઈ-ઝઘડા ચાલુ, રોજ માણસ મરે. એટલે ભગવાનને કહે છે, કે 'આ મનુષ્યો મરે છે ને આ બધું થાય છે લડાઈ-ઝઘડામાં, અને આ રાણીવાસ મને પસંદ નથી. મારે મોક્ષે આવવું છે, આ ભવમાં જ. આ બધાય મોક્ષે જશે ને હું એકલો અહીં પડી રહેવા માગતો નથી.' એટલે ભગવાને શું કહ્યું, કે 'ભઈ, તારા વગર આ રાજ કોઈ કરી શકે એવું નથી ને તું નિમિત્ત છું આનો. ચક્રવર્તી રાજા બીજા કોઈ છે નહીં અત્યારે, માટે તું અત્યારે રાજ ચલાવ.' ત્યારે કહે, 'પણ મારેય મોક્ષે આવવું છે ને આ રાજ, બે સાથે બને નહીં. મારે બધી બહુ હિંસા થાય છે, લડાઈઓ થાય છે, નાના નાના રાજાઓ જોડે. અને તેમાં કેટલાય માણસો મરી જાય છે. અને પાછી રાણીવાસમાં તેરસો રાણીઓ છે. એમાં પાંચ-પચાસના મોઢા હસતા દેખાય છે ને સો-બસ્સો જણના મોઢા ચઢેલા દેખાય છે ને કેટલીક તો બઈઓ જુદી જ જાતનું બોલે છે મારે માટે. હવે આમાં મારી વીતરાગતા શી રીતે રહેશે ? અને મારો મોક્ષ થાય નહીં.' તેરસો રાણીઓ ! અત્યારે તો કોઈને એક રાણીય ભારે પડી જાય છે, નહીં ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ત્યારે આ તેરસો રાણીઓ શી રીતે તે નભાવતા હશે, ભરત રાજા ?

**પ્રશ્નકર્તા :** બહુ મોટા માનવી કહેવાય.

**દાદાશ્રી :** તે ભગવાને પછી કહ્યું, કે 'ભરત રાજા, તમે આ રાજ કરો.' ત્યારે કહે, 'અત્યારે હું ચલાવું, પણ મારો મોક્ષ થવો જ જોઈએ.' ત્યારે ભગવાન કહે, 'તમને મોક્ષે આ ભવમાં જવાય એવું જ્ઞાન આપીશું. લડાઈઓ લડો તોય તમને દોષ ના બેસે એવું જ્ઞાન આપીશું. તમે વિલાસમાં રહો અને રાજમાં લડાઈઓ લડો, તોય તમને મોક્ષે જવાશે, એવું તમને અક્રમ વિજ્ઞાન આપીએ છીએ.' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** 'અક્રમ' આપીએ છીએ !

**દાદાશ્રી :** હા, એમને એકલાને આપ્યું આ. બધાને હોય નહીં આ. આ તો હોય જ નહીં. આવું 'અક્રમ જ્ઞાન' હોતું હશે કોઈ દહાડો ?

## શાસ્ત્રો કહે આને 'અપવાદ માર્ગ'

**પ્રશ્નકર્તા :** દસ લાખ વર્ષે અક્રમ જ્ઞાની પુરુષ પ્રગટ થાય જ, એ નક્કી છે ?

**દાદાશ્રી :** થાય, થાય. આ તો દર દસ લાખ વર્ષે થયા જ કરે છે, નિયમથી. જેમ છ આરા ફર્યા કરે છે, એવી રીતે આય પણ જોડે જોડે ફર્યા કરે છે.

**પ્રશ્નકર્તા :** તો એનો આમ ચોપડામાં પુરાવો ખરો કે ? શાસ્ત્રમાં પુરાવો ખરો ?

**દાદાશ્રી :** ખરા ને, મહીં પુરાવા તો હોય જ ને ! એને શાસ્ત્રમાં શું કહે છે ? 'અપવાદ માર્ગ' કહે છે. છે 'અક્રમ માર્ગ' એટલે 'અક્રમ' કહે છે પણ આમ બહાર વહેવારમાં અક્રમ 'અપવાદ' તરીકે ઓળખાય છે એને.

પેલું 'તત્ત્વજ્ઞાન તરંગિણી' છે કે ?

**પ્રશ્નકર્તા :** હા, છે ને !

**દાદાશ્રી :** આમાં (અધ્યાય ૧૮, શ્લોક ૧૮-૧૯માં) લખેલું છે, આ ક્રમાગત અને અક્રમાગત, બે રીતે હોય છે. આ તો એવું છે ને, લોકો શાસ્ત્રનો અક્ષરેય સમજતા નથી, જાણતાય નથી. લોકો બેભાનપણે ફર્યા કરે છે. કારણ કે કષાય એટલે બેભાનપણું જ કહેવાય ને ! કષાય હોય ને, ત્યાં ભાન જ ના હોય ને ! ઉઘાડી આંખે ઊંઘે ને !

હવે આ જે એમણે લખેલું પુસ્તક, તે શાસ્ત્રના આધારે લખાયેલું. આ કંઈ ગપ્પું ઓછું ચાલ્યું આવે છે ?

**પ્રશ્નકર્તા**(૧) **:** અચ્છા, પણ દાદા મેં આપને સવારે પૂછ્યું'તું ને, ક્રમ અને અક્રમ શબ્દ આપે ક્યાંથી લીધો ? આપને ક્યાંથી મળ્યો ?

**દાદાશ્રી :** આ તો બધું સહેજે નીકળે, કોઈ વસ્તુ બહારની નથી. આ મારા શબ્દો ઉપરથી નથી માલમ પડતું ? અમારા શબ્દો તદ્દન મૌલિક છે એવું ?

**પ્રશ્નકર્તા**(૧) **:** ના, ના, બરાબર છે, બિલકુલ.

**પ્રશ્નકર્તા**(૨) **:** તે આમાંથી નહીં, એ તો સહજ નીકળેલું. આ તો અમે ઔરંગાબાદ બેઠા હતા ને, ત્યારે એમને જડ્યું ને વાંચ્યું. પછી મને કહે છે, વાંચો આ.

**દાદાશ્રી :** પછી જડ્યું આ પુસ્તકમાં. એ જડ્યું અમને. નહીં તો અમે જે બોલીએ છીએ ને, કોઈ શાસ્ત્રમાં તો હશે. ના હોય તો શાસ્ત્રમાં છે તે ફાટી ગયું હશે ત્યાં આગળ.

## ભાખેલું સોળમા જિને

શાસ્ત્રની બહારની વસ્તુ નથી. શાસ્ત્રમાં જડવું-ના જડવું બીજી વસ્તુ છે. સોળમા તીર્થંકરે આ કહ્યું છે, કે અક્રમ માર્ગ દુષમકાળમાં

ઉત્પન્ન થવાનો છે. સોળમા જિને ! એટલે આ કંઈ ભગવાનથી છૂપી નથી વસ્તુ.

**પ્રશ્નકર્તા :** ના, ના.

**દાદાશ્રી :** આ અક્રમ માર્ગના પુરાવાની જ જરૂર નથી. કારણ કે અક્રમ માર્ગ આ રોકડ છે. ધીસ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન. (અધ્યાત્મના ઉકેલની આ રોકડી બૅંક છે.) કૅશ બૅંક હોય, એમાં પછી ક્યાં પુરાવો માગવાનો રહ્યો, કે તમારું સોનું સાચું છે કે ખોટું છે ? જ્યાં સોનું જ હાથમાં આપી દેવાનું હોય, અને તેય પાછું સો ટચનું, નવ્વાણુંય નહીં. ત્યાં પછી પૂછવાનું જ ક્યાં રહ્યું ? આ કંઈ ગપ્પું નથી. આ તો અજાયબ વસ્તુ છે.

પણ અક્રમ ક્યાં ચાલુ હોય ? સંપૂર્ણ દશા ઉત્પન્ન થઈ હોય તો જ અક્રમ શરૂ થાય, નહીં તો અક્રમ શરૂ થાય નહીં.

અક્રમની પ્રક્રિયા છે જ નહીં. મારી દશામાં જે જે જ્ઞાની આવેલા હોય પહેલા, એ બધાને કેવળજ્ઞાન ઊપજેલા. ફક્ત મારી દશા એવે ટાઈમે થઈ કે કેવળજ્ઞાન ના ઊપજે. ટાઈમ જ ચેન્જ થઈ ગયો. એટલે આ અક્રમ વિજ્ઞાન ખૂલ્યું. નહીં તો પહેલા અક્રમ ખોલાય જ નહીં ને ! નવરા જ ના હોય ને ! કેવળ થઈને મોક્ષે જ જતા રહે. આ નાપાસ થયો ને પડી રહ્યો, તે આ અક્રમ ખૂલ્યું. અને ખૂલ્યું તે દેવગણની કંઈક કૃપા ઊતરી હશે ત્યારે જ ને ! શાસ્ત્રોમાં લખેલું છે આવું બધું. શાસ્ત્રોમાં આ જે બન્યું તેવું લખેલું છે, આજથી લગભગ ચાલીસ-પચાસ હજાર વર્ષ પૂર્વે. સોળમા જિનના વખતમાં લખેલું છે કે આ અક્રમ જ્ઞાની થશે. પાંચમા આરામાં અક્રમ વિજ્ઞાન શરૂ થશે.

## અક્રમ અવસર્પિણીમાં પાંચમા આરામાં પ્રગટે

**પ્રશ્નકર્તા :** અક્રમ જ્ઞાની પાંચમા આરામાં જ હોય કે બીજા કોઈ આરામાં હોય ?

**દાદાશ્રી :** ના, પાંચમા આરામાં હોય. જ્યારે શક્કરિયા ભરહાડની

પેઠ બફાતા હોય ત્યારે જ લિફ્ટ નીકળે. જ્યારે પચાસ-પચાસ માળના મકાનો, ત્રીસ-ત્રીસ માળના મકાનો થાય ત્યારે લિફ્ટ કાઢવી પડે. આખા વર્લ્ડના મનુષ્યો બફાય છે. બાવા-બાવલી, સાધુ-સંન્યાસીઓ, આચાર્યો બધા બફાઈ રહ્યા છે. બાવા-બાવલી આખા ચોવીસ કલાકમાં બે કલાક બફાય ને આ સંસારીઓ આઠ કલાક બફાય. ભજિયાંની પેઠ તળાઈ રહ્યું છે આ. ફડ ફડ ફડ ફડ ફડ ! અને એવા વખતે અક્રમ જ્ઞાની આવે.

**પ્રશ્નકર્તા :** તળેલા બહાર કાઢવાના કે પછી ?

**દાદાશ્રી :** હા, એમાંથી કાઢે ને બચાવે. જેટલા એમને ભેગા થયા એમને તો બચાવી દે.

તે પાંચમા આરામાં જ દર ફેરે થાય છે. ઉત્સર્પિણીમાં બીજા આરામાં આવે અને અવસર્પિણીમાં પાંચમા આરામાં આવે. એવી રીતે આ જ્ઞાન ફર્યા જ કરે છે. દરેક પાંચમા આરામાં હોય છે જ. નહીં તો તો આ છેલ્લા તીર્થંકરના શાસનનું શું થાય ? જંગલ થઈ જાય એ. એટલે આવી કંઈક એ પુષ્ટિ હોય છે. એ પુષ્ટિ હોય છે ને ચાલ્યા કરે છે. અત્યારે શાસન દીપશે, હવે બહુ સરસ દીપશે.

## કાળ પ્રમાણે ક્રમ-અક્રમ

**પ્રશ્નકર્તા :** તીર્થંકરોને અક્રમ વિજ્ઞાનનો ખ્યાલ હોય કે નહીં ?

**દાદાશ્રી :** બધો જ ખ્યાલ હોય.

**પ્રશ્નકર્તા :** તે આ દસ લાખ વરસમાં કોઈ 'અક્રમ' બોલેલું જ નહીં ? એનું શું કારણ ?

**દાદાશ્રી :** એ છે તે આપણા ઋષભદેવ ભગવાન એકલા બોલેલા.

**પ્રશ્નકર્તા :** હા, પણ ઋષભદેવ ભગવાન પછી કોઈ જાણતું નહીં હોય ?

**દાદાશ્રી :** જાણે ને, તીર્થંકરો બધાય જાણે.

**પ્રશ્નકર્તા :** પણ બોલેલા નહીં. તો બોલેલા કેમ નહીં ?

**દાદાશ્રી :** એ ખટપટ કરે નહીં ને ! તીર્થંકરો બધા જાણે એ જ જ્ઞાન છે આ.

**પ્રશ્નકર્તા :** તો એ લોકો કેમ એનો પ્રચાર નહોતા કરતા ?

**દાદાશ્રી :** એ વખતે કાળ નહોતો એ. એ તો જ્યારે કાળ હોય ત્યારે જ બોલે.

**પ્રશ્નકર્તા :** આપણા કરતાં તો એ કાળ બહુ સારો હતો.

**દાદાશ્રી :** એ કાળમાં તો જરૂર જ નહીં ને અક્રમની. જે કાળમાં જે જરૂરિયાત હોય એવું જ જ્ઞાન આપે તીર્થંકરો. બધું એમના લક્ષમાં જ હોય. આ એ જ જ્ઞાન છે. આ અક્રમ છે તે એ જ જ્ઞાન છે, ચોવીસ તીર્થંકરોનું જ્ઞાન છે આ. અને સિદ્ધાંતિક છે, એક શબ્દય આઘોપાછો ના થાય.

**પ્રશ્નકર્તા :** તીર્થંકરના ક્રમમાં આપનો આ અક્રમવાદ આવ્યો'તો કે નહીં ?

**દાદાશ્રી :** એકલા ઋષભદેવ ભગવાન અક્રમમાં હતા. એમને અક્રમ માર્ગ હતો. પછી ત્રેવીસ તીર્થંકરોને અક્રમ નહોતો, ક્રમિકમાં હતા. કારણ કે જેવો કાળ એ પ્રમાણે હોય છે, ક્રમ-અક્રમ.

## નિષ્પક્ષપાત હોય તો જ અક્રમ જ્ઞાન ઊભું થાય

**પ્રશ્નકર્તા :** તે દાદા, અક્રમ વિજ્ઞાન છે તે ઋષભદેવથી સીધું અત્યારે અહીંયા આવ્યું ?

**દાદાશ્રી :** સીધું, વચ્ચે હતું નહીં. એવું છે, ત્રેવીસેય તીર્થંકર ભગવાન નિષ્પક્ષપાતી હતા, વીતરાગ હતા, છતાં જગતના લોક કહે કે 'ના, પક્ષપાતી છે', એટલે ત્યાં અક્રમ ના હોય.

**પ્રશ્નકર્તા :** જગતના લોક કહે પક્ષપાતી એટલે અક્રમ નહોય ?

**દાદાશ્રી :** હા. તે વીતરાગ હોવા છતાં પક્ષપાતીનો એમને બિલ્લો મળ્યો છે. એક ઋષભદેવ ભગવાનને નિષ્પક્ષપાતી કહ્યા.

**પ્રશ્નકર્તા :** એવું કેમ ? એવું શા માટે ? ઋષભદેવ ભગવાનને ને આ બાકીના તીર્થંકરોને આમ કેમ ભેદભાવ ?

**દાદાશ્રી :** લોકો એમને નિષ્પક્ષપાતી કહે નહીં. વીતરાગોને કોઈએ નિષ્પક્ષપાતી કહ્યા નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એનું કારણ હશે ને, કારણ શું એમ નિષ્પક્ષપાતી ન કહેવાનું ?

**દાદાશ્રી :** જૈનોએ વીતરાગ કહેલા, પણ લોકો નિષ્પક્ષપાતી કહે નહીં. કારણ કે એ સ્વાભાવિક વીતરાગ હતા સંપૂર્ણ અને રિલેટિવ પક્ષપાતી હતું. જૈન ધર્મ ઉપર જ પક્ષપાત !

**પ્રશ્નકર્તા :** એટલે એ નિષ્પક્ષપાતી નથી કીધું.

**દાદાશ્રી :** ઋષભદેવ ભગવાન એકલા જ નિષ્પક્ષપાતી હતા. બીજા 'ત્રેવીસેય', વીતરાગ હોવા છતાંય પક્ષપાતી તરીકે વગોવાયા. જગતના લોકો, બ્રાહ્મણોએ સ્વીકાર ના કર્યો. બ્રાહ્મણોને દેખાડ્યું, બીજા લોકોને દેખાડ્યું, બધા લોકોએ સ્વીકાર ના કર્યો. આ સમજાય મારી વાત ?

**પ્રશ્નકર્તા :** સાચી વાત છે, બરોબર છે. પણ અક્રમ જ્ઞાનને ને નિષ્પક્ષપાતીને શું સંબંધ છે ?

**દાદાશ્રી :** સંબંધ છે. અક્રમ જ્ઞાન નિષ્પક્ષપાત હોય તો જ ઊભું થાય. પણ નિષ્પક્ષપાતી હોય જ નહીં. કોઈ કાળે હોતા જ નથી.

અક્રમ જ્ઞાનીની ઉપર તો અલ્લાહ, જરથોસ્ત બધા જ ખુશ હોય. જરથોસ્તવાળાના, ક્રાઈસ્ટવાળાના, બધા લોકો ખુશ હોય, કોઈ નાખુશ જ ના હોય.

એ ત્રેવીસ તીર્થંકરો વીતરાગ હોવા છતાં પક્ષપાતમાં કહેવાયા. એય અજાયબી ! લોકોને સમજણ ના પડે એટલા માટે અમે આ વાત નથી ખુલ્લી કરતા. લોકોને સમજણ ના પડે ને ઊંધું બાફે ઊલટા.

**પ્રશ્નકર્તા :** હા, આ તો ભાન નહીં, તે બફાઈ જાય.

**દાદાશ્રી :** આ એમેય કહે કે 'આ મોટા નિષ્પક્ષપાતી પાક્યા ને એમને પક્ષપાતી કહે છે !' લોક બાફે એટલા માટે આ વાત ખુલ્લી નથી કરતા.

**પ્રશ્નકર્તા :** એ લોકોને પચે જ નહીં, દાદા.

**દાદાશ્રી :** પચે નહીં આ વાત. કેટલીક વાતો તો અમે ના પચવાથી બોલતા નથી. પચે જ નહીં ને ! આ પબ્લિકનું ગજું જ નહીં ને ! પચે નહીં ને ઊલટું એનો એ (અનર્થ) થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, તો એ તમારા ઉપર બધા લોકો સહજભાવે જ ખુશ ! હું પેલા મિયાંને લઈ આવેલો ને, એ સહજભાવે જ ખુશ ! એને કંઈ પ્રયત્ન નહીં કરવો પડેલો.

**દાદાશ્રી :** ના, પ્રયત્ન એને કશો કરવો જ ના પડે.

**પ્રશ્નકર્તા :** હા, એ બહાર આવ્યો તો પણ ખુશ ! એને એમ કે ઘરના માણસ મળ્યા અથવા પોતાના ધર્મના મળ્યા એમ જ ખુશ હતો.

**દાદાશ્રી :** હા, એવું જ લાગે એને.

**પ્રશ્નકર્તા :** એને એવું ન લાગે કે હું ખોટી જગ્યાએ લઈ આવ્યો.

**દાદાશ્રી :** ના, ના, ના. પેલો પારસી આવે છે, તેનેય એવું નથી લાગતું. જુદાઈ લાગે જ નહીં.

**પ્રશ્નકર્તા :** અક્રમ જ્ઞાનીનો એ પુરાવો. એ પુરાવો કે કોઈને પણ જુદાઈ ન લાગે. સહજ રીતે બધા એક્સેપ્ટ કરી લે.

## અક્રમ જ્ઞાની સ્વાભાવિક ભાવે છે

**દાદાશ્રી :** ક્રમિક માર્ગના જ્ઞાનીઓ બહુ ત્યારે બે, અને વધારેમાં વધારે ત્રણ ને કો'ક ફેરો ચારને મોક્ષે લઈ જાય, એથી વધારે કરી શકે નહીં. મોક્ષમાર્ગ મૂકે, મોક્ષે ના લઈ જાય. અને અક્રમ વિજ્ઞાની કો'ક ફેરો હોય, ત્યારે ઘણા લોકોનો મોક્ષ થઈ જાય. ક્રમિક માર્ગના જ્ઞાની આરોપિત

ભાવે છે અને અક્રમ જ્ઞાની સ્વાભાવિક ભાવે છે. અક્રમનો અર્થ સ્વભાવ કહેવાય, ક્રમ-ભ્રમ નહીં. કૃપાળુદેવેય કહ્યું છે, 'ક્રમ-ભ્રમ નહીં ચાલે.'* પેલા કહે છે, 'એ ક્રમે કરીને થશે.' ત્યારે કહે, 'ક્રમ-ભ્રમ નહીં ચાલે, અમને ઉતાવળ છે એથી.' તોય એમને ક્રમમાં જ રહેવું પડ્યું.

**પ્રશ્નકર્તા :** ક્રમમાં રહેવું પડ્યું ?

**દાદાશ્રી :** હા.

## શ્રીમદ્જીને અક્રમનો ખ્યાલ હતો ?

**પ્રશ્નકર્તા :** દાદા, એમણે 'અંતર્મુહૂર્તની અંદર કેવળજ્ઞાન થાય', એવી જે વાત કરી, એટલે અક્રમિક જેવું કંઈક ખ્યાલમાં આવ્યું હશે ?

**દાદાશ્રી :** અક્રમનો ખ્યાલ ખરો. આ અક્રમના ખ્યાલની જ વાત છે. અને તે આવું થવાનું છે, એવું જાણતા હતા એ બધું. તેથી એમણે ગૅરન્ટી આપી. કોઈ જગ્યાએ ગૅરન્ટી દુનિયામાં ના આપે. 'જો તું આમ કરજે હવે પછી, અને જો તેમ કરતા તું નહીં ફાવું, તો મોક્ષ હું આપીશ', કહે છે. તે ગૅરન્ટી. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** 'મારી પાસેથી લેજે.'

**દાદાશ્રી :** એટલે એ પોતે જોઈને કહે છે આ, કે આ શું થવાનું છે તે ! પ્રગટ થતા વાર લાગે વખતે પણ પચાસ વર્ષ પછી જ્ઞાની થવાના છે. એટલે એ જ્ઞાનીને તું સર્વ અર્પણ કરી દઈ વર્ત્યો જા, અને જો પછી મોક્ષ ના મળે તો મારી પાસેથી લેજે, કહે છે. શા માટે એમ ઓળંબો દેવો પડ્યો કે મારી પાસેથી લેજે ? ત્યારે કહે, ત્યાં મળી જ જવાનું છે એને. અને આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ ને બધું, નહીં ? મોક્ષ થઈ જાય છે ને ?

**પ્રશ્નકર્તા :** દાદા, બધાને એનો અનુભવ થઈ જાય છે. ઘણા બધાને અનુભવ એવો થઈ ગયો છે, મોક્ષમાર્ગમાં આપે મૂકી દીધા !

**દાદાશ્રી :** હા !

*શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, હાથનોંધ ૧, પૃષ્ઠ ૧૨

## વૈજ્ઞાનિક રીતે છે, ગપ્પું નથી

ઘણા લોકોનું કલ્યાણ થઈ જશે. એક-બે અવતારે પૂરું થાય. અને અહીંથી જ મોક્ષ વર્તે. મોક્ષનો અર્થ શું ? ત્યારે કહે, દેહ છતાં મોક્ષ કેવો હોય ? તો કહે, સંસારી દુઃખનો અભાવ. સંસારી દુઃખનો અભાવ એ પહેલો મોક્ષ. અને બીજો મોક્ષ સ્વાભાવિક સુખનો સદ્ભાવ. એ સંપૂર્ણ મોક્ષ, સિદ્ધોનો મોક્ષ. એ વૈજ્ઞાનિક રીતે છે. હિસાબ ગણતરીમાં આવે છે. ગપ્પું છે નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** પછી ભલે ને કોઈ કહેતા હોય કે 'તમારે આવું બને નહીં', તો છો ને બોલે. એ તો આપણા જશુભાઈ ખરા ને, તેમના મિત્રોને વાત કરેલી. હવે મિત્રોના હિત માટે એ વાત કરે બિચારા, કે આ લોકોનું કંઈક હિત થાય.

**પ્રશ્નકર્તા :** કલ્યાણ થાય એટલા માટે.

**દાદાશ્રી :** અને કોઈ મિત્ર એવો આડોય નીકળે. 'આવું બનતું હશે ? કઈ જાતનું તમારું મગજ છે આ તે કંઈ ? દાદા જ, બસ દાદા દાદા કરો છો આખો દહાડો ! આ દાદાનું જ્ઞાન પૂરું ના હોય અને વખતે તમે અધૂરેથી અટકી પડશો તો શું થશે ?' ત્યારે કહે, 'દાદા સાતમી નર્કમાં લઈ જશે તોય મને વાંધો નથી, પણ બીજાની પાસે ન જઉં !' આવું હઉ બોલે. કારણ પોતાને સમજાઈ ગયું, કરેક્ટ વાત છે. એટલે પેલોય ગભરાય છે કે સાલું, આટલી બધી ગૅરન્ટી લખે છે ! માટે ધેર ઈઝ સમથિંગ (કંઈક છે). આ આવું બોલે છે, 'સાતમી નર્ક થાય તો ભલે હો, દાદા છે ને !' એટલે પેલા ચમકીને નાસે, કે વળી સાતમી નર્ક સુધીનું આ, આટલું બધું જોખમ ખેડે છે ? કારણ કે એ પોતે સ્વાદ ચાખી ગયા. હવે મને વળી પૂછવાનું જ ક્યાં રહ્યું તે ? પછી પોતે ભડકાવે પેલાને કે 'સાતમી નરકે જઈશ, તોય વાંધો નથી.' પેલો ભડકી જ જાય, કે ઓહોહોહો ! આ ભારે બોલી ગયા ને ! કારણ કે એને માન્યામાં નથી

આવતું. આ માન્યામાં શી રીતે આવે ? ક્યારેય પણ બન્યું નથી, એ માન્યામાં શી રીતે આવે માણસને ?

જશુભાઈને અંદર નિરંતર અનુભવ વર્તે. વકીલ તે કૉર્ટમાં જાય તોય અનુભવ વર્તે. એમના જજ સાહેબોય સમજી જાય. એ જજ કહેશે, 'દાદાની પાસે જાવ છો ને, તો મોડા આવશો તો વાંધો નથી.' કારણ કે આ ભલા માણસ એટલે જજની કૃપા. અને બધા જજ સમજી જાય, કે જ્ઞાની પાસે જાય છે. અને કહેય ખરા, કે 'દાદા ભગવાન પાસે જાવ, મોડા આવશો તો અમે તમારો કેસ મોડેથી ચલાવીશું.' બોલો હવે, એ બાર-બાર વાગ્યા સુધી બેસી રહે છે ને !

## અક્રમમાં આજ્ઞા એ જ ધર્મ ને આજ્ઞા એ જ તપ

એક બ્રાહ્મણ એવો છે કે મહિનામાં એક દહાડો દર્શન કરવા આવે છે બહુ ત્યારે. બ્રાહ્મણ છે પણ ખેતીવાડીનું કામ કરે છે. હવે એ છે તે સાત વર્ષ ઉપર મારી પાસે આવેલો. મને કહે છે, 'દાદા, હું બધે ફરી આવ્યો, દરેક ધર્મમાં હું ફરી આવ્યો. મને કોઈ જગ્યાએ શાંતિ થઈ નથી. મારા ઊલટા પૈસા વપરાયા કરે છે અને મને મહેનત પડે છે એટલું જ. મારું અંદર તાવી જોતા જરાય શાંતિ ઉત્પન્ન થઈ નથી. હવે આપનું નામ સાંભળ્યું એટલે આપની પાસે મોક્ષ લેવા આવ્યો છું.' મેં કહ્યું, 'મોક્ષ એટલે શું તું સમજું છું ?' ત્યારે કહે, 'સર્વ દુઃખથી મુક્તિ.' એટલે પછી એને દસ-બાર દહાડા પછી ફરી બોલાવ્યો. કારણ કે અમારું અહીં ગોઠવાયેલું હોય ત્યારે જ્ઞાન અપાય. તે દિવસે એ જ્ઞાન લઈ ગયો. તે અત્યારે મહિને-મહિને આવે છે. ત્યાર પછી એણે પોતાની છોડી પૈણાવી, પણ સાત વર્ષથી એને સમાધિ ગઈ નથી. આ બધાને કહેતો'તો, હમણે ગુરુપૂર્ણિમાના દિવસે, કે એક ક્ષણ વાર મેં અસમાધિ જોઈ નથી, નિરંતર સમાધિ ! બૈરાં-છોકરાં સાથે રહે છે, ખેતીવાડી કરે છે, ગાયો-ભેંસો બધું છે. હવે એ નિરંતર સમાધિમાં છે, તે એના પરથી તો બધાએ બધું મોટું લખાણ કરી લીધું ! આ બેન તો રોજ મારી પાસે જ રહે છે, પણ પેલાને તો કશું જ નહીં. મહિને એક દહાડો દર્શન કરવા આવે છે. પણ એનામાં

મુખ્ય ગુણ શું છે, તે જાણો છો ? આ કોઈ મારી પાંચ આજ્ઞામાં પદ્ધતસર નથી રહેતા ને એ પાંચ આજ્ઞામાં એક્ઝેક્ટ, ડિટો એ ડિટો (યથાર્થ, જેમ છે તેમ) રહે છે. અમારી પાંચ આજ્ઞા જો પાળે તો એ મહાવીર ભગવાન જેવો ફર્યા કરે.

મેં કહ્યું, 'શું કરું છું, ભઈ ?' ત્યારે કહે, 'દાદા, તમે આ કહ્યું, આ ચરણવિધિની ચોપડી મોકલી, એ વાંચું છું, આજ્ઞા કરી એટલે. બાકી આ તમારા પાંચ વાક્યોની (આજ્ઞાની) બહાર હું નીકળતો નથી.' ગાયો-ભેંસો બધું રાખે ઘેર. અને ખેતીવાડીની જમીનમાં જ્યારે વર્ષ દુકાળ પડે, ત્યારે 'વ્યવસ્થિત' કહે.

**પ્રશ્નકર્તા :** હા, વ્યવસ્થિત.

**દાદાશ્રી :** હા. મને શું કહે ? ગામના લોકો વરસાદ વધારે પડે, ત્યારે લોક પાછા એ બાજુનો કંટાળો ચાલુ કરે. 'એય પડ પડ કરે છે, એ પડ પડ કર્યા કરે છે.' અને આ તો વધારે પડે તોય 'વ્યવસ્થિત' સમજે. વરસાદ ઓછો પડે, ના પડે, તો પેલા લોકો કકળાટ માંડે. આ તો તેય જાણે કે 'વ્યવસ્થિત છે.'

**પ્રશ્નકર્તા :** અને એમાંથી પાછો એ તારણ કાઢે છે કે ''આ ખરા લોકો છે, વધારે પડે ત્યારેય એ ખોડ કાઢતા'તા, ઓછું પડે ત્યારેય આવું કહે છે. આ કઈ જાતનું ?''

**દાદાશ્રી :** વધારે પડે છે તોય આવું કર્યા કરે છે, ઓછું પડે તોય... પાછું તારણ બધું કાઢવાનું. 'આ મારા દાદાએ કેવી સમાધિ આપી છે કે જતી જ નથી !' કહે છે. અને બૈરાં-છોકરાં સાથે. છોડી પૈણાવી ત્યારે આપણા બધા મહાત્માઓને ત્યાં લગ્નમાં બોલાવ્યા'તા.

**પ્રશ્નકર્તા** (બીજા પ્રશ્નકર્તાને) **:** ખાસ દાદા ગયા'તા.

**દાદાશ્રી :** પણ બધું નાટક કરે, પૂરેપૂરું. નાટક પૂરેપૂરું કરે પણ દોઢડાહ્યો નહીં જરાય. દોઢ ડહાપણ કશું નહીં. દીઠે રસ્તે જવું ને દીઠે રસ્તે આવવું. દાદાએ કહ્યું કે પાંચ વાક્યની બહાર નીકળવાનું નહીં. જતો

જાય તે ઝાડ-પાન બધામાં રિલેટિવ જુએ ને રિયલ જુએ. ખેતરમાં જાય તો રિલેટિવ જુએ ને રિયલ જુએ. હવે આ પાંચ જ વાક્ય આપણા એવા છે કે આરાધન કરે તો કોઈ દહાડો સમાધિ જાય એવી જ નથી. પણ આ તો દોઢડાહ્યા બહુ ડહાપણ કરે ઉપર ! ઓવરવાઈઝ. એના કરતાં જેટલા વાઈઝ ઓછા એને પાંસરું. દાદાના કહ્યા પ્રમાણે ચાલવું. કારણ કે આ જ્ઞાન શાથી અક્રમ જ્ઞાન કહેવાય છે ? ત્યારે કહે છે, કરવાનું શું રહ્યું ? ત્યારે કહે, એમણે જે પાંચ આજ્ઞા આપી, એ આજ્ઞા એ ધર્મ ને આજ્ઞા એ તપ ! મારે બીજું શું કરવા ખોળવાની જરૂર ? બસ પાંચ વાક્યો ને સહેલા પાછા.

## પ્રખ્યાતિ નહીં, ખ્યાતિથી ફેલાશે

**પ્રશ્નકર્તા :** આપનું જ્ઞાન તો બહુ વિશાળ છે. એટલું બધું વિશાળ છે કે એનો જેમ બને તેમ વધુમાં વધુ પ્રચાર થવાની જરૂર છે. ત્યારે આપ પ્રચાર માટે શું કરો છો ?

**દાદાશ્રી :** પ્રચાર, પબ્લિસિટી નથી કરતા આની. આ પ્રખ્યાતિ કરવાની નથી, ખ્યાતિથી થવું જોઈએ. પ્રખ્યાત થયેલું પાછું ઊડી જતા વાર નહીં લાગે. આ કાયમના મૂળિયા નાખશે. અને ખ્યાતિથી એટલે કહેતાકહેતીથી થાય આગળ. ખાલી પેપરોથી નહીં, કહેતાકહેતીથી જ. આપણી જાહેરાતની ચીજ નહીં ને ! આપણું તો કહેતાકહેતીથી, એટલે...

**પ્રશ્નકર્તા :** અન્યોન્ય, બધે પહોંચે.

**દાદાશ્રી :** ખ્યાતિ ફેલાય, ખ્યાતિ. એટલે ખ્યાતિ ફેલાતી ફેલાતી ફેલાય છે. એટલે અન્ડરગ્રાઉન્ડ છે, એટલે મૂળિયા નાખેલા છે. અને બધાય કહેતા હતા, ‘આપણે જાહેરાત બહુ આપો ને !’ મેં કહ્યું, ‘જાહેરાત આપીને શું અર્થ છે ? એ જાહેરાત બંધ થાય એટલે પેલું બંધ થઈ જાય.’ આ તો ખ્યાતિ પામેલું.

**પ્રશ્નકર્તા :** ખ્યાતિ છે આ, પ્રખ્યાતિ નહોય આ.

**દાદાશ્રી :** હં, પ્રખ્યાતિ નહોય, આ તો ખ્યાતિ. એટલે મેં બધાને કહ્યું, 'ધીરજ પકડો.' ખ્યાતિથી કામ થશે. તે કહેતાકહેતીથી પેઠું એ રહી જવાનું. તમે બીજાને કહો, પેલો બીજો ત્રીજાને કહે, ત્રીજો ચોથાને કહે. એટલે આ ખ્યાતિના મૂળ છે ને, એ મૂળિયા ઊંડા, બહુ જબરજસ્ત ઊંડા, ખસતા વાર લાગે એને. હજારો વર્ષ સુધી ખસે નહીં હવે આ !

## મારો કોઈ પ્લાન નથી, બધા કરે તે કરેક્ટ

**પ્રશ્નકર્તા :** છતાં એક વ્યવસ્થિત એને માટે તંત્ર ગોઠવવા જેવું ખરું, પ્રચાર માટે.

**દાદાશ્રી :** હા, વ્યવસ્થિત ગોઠવવા જેવું ખરું એ બધું, એને હેલ્પની જરૂર છે. પણ પ્રચાર શબ્દ નહીં વાપરતા, બીજો શબ્દ વાપરીશું. પણ હેલ્પની જરૂર છે. લોકોને ખ્યાલ આવે એવું કરવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** એના માટે આપને મગજમાં કંઈ પ્લાન (યોજના) છે ?

**દાદાશ્રી :** ના, મારા મગજમાં તો કોઈ પ્લાન જ નથી. મને તો આ બધા કરે ને, તે માન્ય છે. મને તો આ પોટલાની પેઠ ઉઠાવી લાવે છે ને પોટલાની પેઠ મૂકી આવે છે.

**પ્રશ્નકર્તા :** પણ આપને કંઈ ખ્યાલ આવતો હશે કે આમ કરવું, તેમ કરવું ?

**દાદાશ્રી :** અમને વિચાર જ ના આવે. કોઈ વિચાર જ નહીં. આ બધા જે કરે ને, એ મારે કરેક્ટ. હું તો ફક્ત પ્રકાશ કરી આપું, બીજું કંઈ કરી આપું નહીં.

**પ્રશ્નકર્તા :** તો પ્રકાશ એ જ મહત્ત્વની વસ્તુ છે.

**દાદાશ્રી :** એ વિધિન વન અવર (એક કલાકમાં) કરી આપું હું. બાકી એ લોકો મને પોટલું ઊંચકી જાય એમ લઈ જાય છે ને પોટલું મૂકી જાય એવી રીતે મૂકી જાય છે. હું આ લોકોના તાબામાં છું, મારા પોતાના તાબામાં નથી.

## અક્રમમાંથી ક્રમમાં આવશે

**પ્રશ્નકર્તા :** એવું ખરું કે આપને આજે જે જ્ઞાન થયું છે અને પછી ચાર ડિગ્રી પૂર્ણ થયા પછી જે પૂર્ણ કેવળજ્ઞાન થશે, એમાં અત્યારના આપની પાસે જે અક્રમ વિજ્ઞાન છે અને પછી જે પૂર્ણ જ્ઞાન આવ્યા પછી જે અક્રમ વિજ્ઞાન થશે, એમાં કોઈ ફેરફાર હશે ખરો ?

**દાદાશ્રી :** કશોય ફેરફાર નહીં હોય. મને તો થઈ ગયેલું જ છે ને ! મારે તો તીર્થંકરોના દર્શન કરું ને, એટલે મારે ત્રણસો સાંઈઠ થઈ જશે. મારે બીજું અક્રમ કે ન અક્રમની કશી જરૂર નથી. એમના દર્શન કરવાની જરૂર. અત્યારે દર્શન કરું ને, તીર્થંકર અહીં આગળ આવે તો અત્યારે ત્રણસો સાંઈઠ પૂરું થઈ જાય. દર્શન કરવાના જ બાકી છે, બીજું કશું કરવાનું બાકી નથી.

**પ્રશ્નકર્તા :** દર્શનથી જ પૂરું થશે ?

**દાદાશ્રી :** દર્શનથી જ પૂરું થશે, બીજું કશું નહીં.

**પ્રશ્નકર્તા :** આપનો ટેકો આ અક્રમ માર્ગનો ખસી જાય, ત્યાર પછી આ ઊભો રહેશે ?

**દાદાશ્રી :** આ અક્રમમાંથી ક્રમમાં આવી જશે. આ ક્રમ જે સડી ગયું છે, તે તો ખલાસ થશે. તૂટી, ફાડીને ખલાસ થઈ જશે, ફ્રેક્ચર થઈ જશે. આ અક્રમમાંથી જ ક્રમમાં આવશે હવે.

**પ્રશ્નકર્તા :** એટલે મુખ્ય માર્ગ ક્રમિક માર્ગ ?

**દાદાશ્રી :** મૂળ, અસલ માર્ગ આવી જશે. જે મહાવીર ભગવાનના વખતમાં હતો તે માર્ગ આવી જશે. આ તો સડી ગયેલો માર્ગ છે. કોઈ માણસ સમકિત જ પામતું નથી.

આપણું અક્રમ વિજ્ઞાન ક્રમિકમાં જશે લોકોના પાસે, અને તે છે તે ક્રમિકમાં બેઝમેન્ટ ઉત્પન્ન કરશે. આ કાંઈ કાયમ નથી રહેવાનું અક્રમ. આ ક્રમિકનું બેઝમેન્ટ સારું કરી આપી અને ઊડી જશે આ. આ અક્રમ

તો કેડી છે ખાલી. કેડી પછી બંધ થઈ જવાની પાછી, એ તો મૂળ ધોરી રસ્તો તો પેલો જ.

**પ્રશ્નકર્તા :** ક્રમિક જ.

**દાદાશ્રી :** આ તો કેડીએ રહીને જેટલા નીકળી ગયા એટલા નીકળી ગયા.

## એવા પુણ્યશાળી માણસોને માટે અક્રમ

આ તો અમુક કાળવર્તી જ છે, આ કંઈ કાયમનો નથી. પરમેનન્ટ વસ્તુ નહોય આ. તેય કેટલાય ભક્તો કેટલાય કાળથી રખડતા આવેલા, બબ્બે હજાર વર્ષથી, પાંચ-પાંચ હજાર વર્ષથી, તે એમને આ મળી જાય, બીજાને મળે નહીં.

એ જ લોકો અમને ભેગા થયા છે આ બધા. કબીરો, અખો, ફલાણા જે બધા હતા ને, એ બધો ભેગો થયેલો માલ, આ પચ્ચીસસો વર્ષમાં, એ બધા ભેગા થયેલા અમને. આ કંઈ અન્ડરડેવલપને અમે ડેવલપ કરીએ છીએ એવું નથી. એ તો ફોજમાં આવી શકે એવા હતા તે જ અમારી ફોજમાં ભેગા થયા છે.

**પ્રશ્નકર્તા :** તો દાદા, આપની ઘણી વખત એવી વાણી નીકળેલી છે ને, કે છેલ્લા પચ્ચીસસો વર્ષથી જે કંઈ થોડું કરેલું છે, ને એ જે બધા ફર્યા કરે છે, અને જે બધા અટકી ગયા છે, તે લોકોનું કંઈક પુણ્યકર્મ ઉદયમાં આવ્યું હોય અને કંઈક આવો આ, વ્યવસ્થિતે મોકલી આપ્યો આ સંજોગ, એ બને ?

**દાદાશ્રી :** હા, બને. એવું બને ને ! એવું જ થયું છે આ. ઘણા ભક્તોનું કામ નીકળી જવાનું છે. એ બધા પચ્ચીસસો વર્ષથી આ ગાળામાં બધે અટકી ગયા છે ને, તે સંત પુરુષો, ગૃહસ્થો, સાચા પુરુષો બધા રહી ગયા છે. અને સાચા પુરુષો તો એટલે સુધી કે મોટા સંત હતા તે અથડાતા અથડાતા અત્યારે દારૂ હઉ પીવે છે. એવી પરિસ્થિતિઓ થઈ ગઈ. હવે એ લોકો ફરી પાછા આમાં આવી જવાના, આ વમળમાં. આ

વમળમાં પાછા અથડાવાના. પુણ્યૈ ખરી ને ! હવે તો આવીને ચાલ્યા જશે એ બધા, રાગે પડી જશે. દક્ષિણના બધા કેવા કેવા સંતો ! તુકારામ, નામદેવ, એકનાથ ને બધા ! આપણા અહીંના સંતો, નરસિંહ મહેતા, કબીર સાહેબ, બધા નજીકના માણસો. એ જ છે આ બધા આમાં, પાછા ઘડીકમાં આમ થાય ને ઘડીકમાં આમ થાય. ભટક ભટક ભટક ભટક કર્યા કરે છે.

જે અત્યાર સુધી ભક્તો થયા પચ્ચીસસો વર્ષમાં, મહાન મહાન ભક્તો તે છૂટ્યા નથી, ક્યાં જાય ? છૂટવાનો રસ્તો મળ્યો નથી. અને આ કળિયુગમાં સપડાયા છે એ બધા. એવા ભયંકર સપડાયા છે, તે ના ગમતી વસ્તુ કરવી પડે છે એમને. અને એક બાજુ અક્રમ માર્ગેય નીકળ્યો એમના પુણ્યને લઈને.

આ તો બહુ પુણ્યશાળી, જબરજસ્ત પુણ્યશાળી ભેગા થઈ ગયા હોય, ત્યારે આ પ્રગટ થાય દીવો ! અને એ પુણ્યશાળીને લઈ અને મોક્ષે ચાલ્યા જાય ! બાકી લોકોને તો ક્રમિક માર્ગે જ આવવું પડશે.

**પ્રશ્નકર્તા :** આ બીજાઓને આસ્તે આસ્તે લઈ જાય, આ તમે સીધા ચઢાવી દીધા.

**દાદાશ્રી :** હા, આ લોકોએ બહુ કર્યું છે. માથાકૂટ બહુ કરી પણ એમને પ્રાપ્ત નથી થયું, એને માટે આ ઊભું થયું છે.

## ઉપર ચડીને પાછા પડેલા તેનું પુણ્ય જાગ્યું

કંઈક પણ લોકોની પુણ્યૈ જાગી છે. પુણ્ય કોનું જાગ્યું છે ? જે ઉપર ચડીને પાછા પડેલા છે, તેનું પુણ્ય આ જાગ્યું છે. કોનું જાગ્યું છે ?

**પ્રશ્નકર્તા :** ઉપર ચડીને પાછા પડ્યા છે તેનું.

**દાદાશ્રી :** ઉપર ચડી અને પાછા પડેલા છે, એમનું પુણ્ય જાગેલું છે. આ નવા માણસોનું નથી જાગેલું. એટલે હું કહું છું, કે આ પબ્લિકને માટે નથી. આ તો જે મને ભેગા થયા ને, એને માટે છે.

આ તો અપવાદ એટલે અસામાન્ય માણસોને માટે મોક્ષે જવાનું સાધન. અસામાન્ય ! એટલે રબિશ (કચરો) નહીં. ચોખ્ખી, પ્યૉર, ચોખ્ખી બધી વાત ! અસામાન્ય માણસો માટે ! બે જાતના માર્ગ લખ્યા છે, ક્રમિક સામાન્ય માણસો માટે અને અક્રમ અસામાન્ય માણસો માટે. અક્રમ તો બહુ અવતારોથી કરી કરીને આવેલા તેમને માટે છે. એમ એ સરળ નથી.

આમ સહેજાસહેજ કલાકમાં મોક્ષ લઈ લેવો, પછી ચિંતા જ ના થાય, ઉપાધિ જ ના થાય કશી. આટલો વેપાર કરો છો તોય નથી થતી, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના થાય.

**દાદાશ્રી :** હા, ત્યારે.

**પ્રશ્નકર્તા :** એટલે જ દાદા, આમ સહેલું લાગે છે. એમ લાગે છે કે આ જો સમજાય તો એકદમ સહેલું થઈ જાય એવું છે બધાયને.

**દાદાશ્રી :** પણ બધા પામે જ નહીં ને ! બધા એવું પુણ્ય ક્યાંથી લાવે તે ? આ દુનિયામાં, હિન્દુસ્તાનમાં કેટલા અબજોપતિ હોય ?

**પ્રશ્નકર્તા :** ગણ્યાગાંઠ્યા.

**દાદાશ્રી :** હં. એ તો ના હોય બધે. તેથી જ આપણે આનો પ્રૉપેગન્ડા નથી કરતા. જે અહીં આવી પડ્યો હોય તેને માટે છે.

## ત્રણસો-ચારસો વર્ષ સુધી ચઢતું જ્ઞાન, પછી ઊતરતું થશે

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું, અક્રમમાંથી પાછું ક્રમિક થશે !

**દાદાશ્રી :** પાછળ ક્રમ થઈ જવાનો. પણ બહુ સ્પીડી માર્ગ. ઘેર શાંતિ રહે, ક્લેશ થાય નહીં. ઘરમાં ક્લેશ ના થાય એવું. ભ્રાંતિ હોય, પણ ક્લેશ ના થાય, ઝઘડા ના થાય. આ તો વાત વાતમાં લઢે છે. ટેબલ ઉપર જમવા બેઠા હોય ને, ત્યાંય લઢી પડે છે.

**પ્રશ્નકર્તા :** અત્યારે જે આપણે આ વાંચીએ આપ્તવાણી, અને પછી આમ સમજાય છે, આમ મગજમાં ઘડ બેસી જાય છે, એવું એ સો કે બસ્સો વર્ષ પછી જ્યારે આપ્તવાણી વાંચશે ત્યારે એ લોકોને સમજાશે ?

**દાદાશ્રી :** વધારે સમજાશે. આ ચઢતું જ્ઞાન થયું છે. એ લગભગ ત્રણસો-ચારસો વર્ષ સુધી ચઢતું જ્ઞાન રહેશે, પછી ઊતરતું થશે. ચઢતું એટલે હજુ વધારે ને વધારે સરસ થશે. આ ચઢતા જ્ઞાનની શરૂઆતમાં આ જ્ઞાની ભેગા થયા છે. શું થયું છે ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાની ભેગા થઈ ગયા. જ્ઞાની શરૂઆતમાં આવી ગયા.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** પછી બધું ચાલ્યા જ કરશે આમ.

**દાદાશ્રી :** અને પછી ક્રમિક માર્ગ શરૂ થઈ જશે. પછી આ અક્રમ નહીં, અક્રમમાંથી ક્રમ આવશે. અક્રમનું ક્રમ તે સહેલું હશે તદ્દન. આ ક્રમિક માર્ગ તો બહુ અઘરો ! આ છોડો ને તે છોડો. મૂઆ, શા હારુ છોડો-બોડો ? ત્યાગ એ અહંકાર નથી ?

## જ્ઞાન આપનારા થશે ને હજારેક વર્ષ રહેશે અક્રમ

મારા પછી જ્ઞાન આપનારા નીકળશે અને ગાડું ચાલશે હમણે, અમુક વર્ષો સુધી. પછી પાછું બંધ થઈ જવાનું. પછી અક્રમનો ક્રમ ચાલશે.

**પ્રશ્નકર્તા :** હવે જે તમે કહ્યું, કે 'મારા પછી જ્ઞાન ચાલશે', એ આપણી પેઢીથી જ ચાલશે કે કોઈ બીજો પાછો ઘૂસશે ?

**દાદાશ્રી :** ના, બીજો તો કોઈ ઘૂસે જ નહીં ને ! આવો બીજો કોઈ હોય નહીં ને ! બીજે આ જ્ઞાન જ ના હોય ને ! અહીંથી જ બધું. આ જ્ઞાન પુસ્તકમાં નથી કે એવું નથી, એટલે જડે નહીં ને કોઈને.

**પ્રશ્નકર્તા :** મને લાગે છે, ભાદરણમાંથી જ આવશે !

**દાદાશ્રી :** એ તો બીજા ગામમાંથીય આવે ! ભાદરણને કંઈ લખી આપ્યું છે ?

**પ્રશ્નકર્તા :** આ અક્રમ જ્ઞાન હજારેક વર્ષ રહેશે ?

**દાદાશ્રી :** હા, હજારેક વર્ષ રહેશે, સારી રીતે રહેશે.

## નવી જ જાતનું ક્રમિક આવશે, નેગેટિવ નહીં પૉઝિટિવવાળું

અને ત્યાર પછી જે ક્રમિક આવશે ને, તે નવી જાતનું ક્રમિક આવશે. નેગેટિવ નહીં, પૉઝિટિવવાળું આવશે. અત્યારે નેગેટિવ છે ક્રમિક, કે 'ચોરી કેમ કરું છું ?' 'ચોરી કરું છું' માટે વાંધો ઉઠાવે છે. તેથી શું થાય છે ? પેલો ડબલ ચોર થાય છે. 'કરવાના, જા, તારાથી થાય એ કરજે', કહે છે. જ્યારે આ અક્રમ વિજ્ઞાનમાંથી ક્રમિક આવશે, તો તું ચોરી કરું છું તેનો અમને વાંધો નથી, પણ એના ઉપાય બતાવેલા હશે, હરેક બાબતમાં. તેં ખોટું કર્યું તેનો વાંધો નથી, પણ તેના ઉપાય બતાવેલા હશે. નેગેટિવ નહીં, પૉઝિટિવ આવશે.

નેગેટિવને તમે સમજ્યા ? અત્યારે બધું કરવામાં તો એ છે તે અવળા ફરે છે ઊલટા. અત્યારે તમે કહો છોકરાંને, કે 'અલ્યા, તું ચોરી કેમ કરું છું ?' જો વધારે કહો ને, તો કહેશે, 'એ તો વધારે કરવાના, જાવ, તમારાથી થાય એ કરી લો.' આ સાચો રસ્તો નથી.

## આ તો ઉપાદાનેય અમારે જાગ્રત કરી આપવાનું

દસ લાખ વર્ષે એક જ ફેરો આ જ્ઞાન પ્રગટ થાય છે. આ તો ફક્ત હું નિમિત્ત એટલે મારે ભાગે આવી ગયું આ. ગમે તે એક નિમિત્ત બની જાય ને ?

**પ્રશ્નકર્તા :** હાસ્તો.

**દાદાશ્રી :** પણ નિમિત્ત કોણ થાય તે જાણો છો તમે ? યોગ્યતા હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા, પાત્રતા હોય, યોગ્યતા હોય.

**દાદાશ્રી :** હા, ત્યાં આગળ કંઈ ગપ્પું નથી એ નિમિત્તનું.

**પ્રશ્નકર્તા :** આમાં પણ અનેક જન્મોની પાછી પુણ્યૈ આવતી હોય ને !

**દાદાશ્રી :** હા, અનેક જન્મોની પુણ્યૈ આ બધા લઈને જ આવેલા છે. પણ હું જુદી જાતની પુણ્યૈ લાવ્યો હોઉં કે મારા હાથે આવું જ થવું જોઈએ. મારે આવું જ જોઈએ છે. જગતને એટલી બધી શાંતિ બતાવવી છે અને સ્પીડી (ઝડપી). આ લેન્થી (લાંબો) રસ્તો મને ના ગમતો હોય એટલે હું સ્પીડી ખોળતો હોઉં. તો કેટલાય કાળે કરીને લાવ્યો પણ હું છેવટે. લાવ્યો ને બતાવ્યો આજ, ખુલ્લો દેખાડ્યો. કલાકમાં મોક્ષ થાય છે. મુક્તિ એટલે દુઃખમુક્ત થઈ જાય છે.

જેને આ નિમિત્ત પાસેથી જેટલું કામ કઢાવી જવું હોય એટલું કઢાવી જજો. ઉપાદાન ને નિમિત્ત બે ભેગા થાય ત્યારે મોક્ષ થાય. અત્યારે તો ઉપાદાન જ જાગ્રત નથી. ઉપાદાન અજાગ્રત છે. એટલે ઉપાદાનેય અમારે જાગૃત કરી આપવાનું રહ્યું. જે કામ તમારે કરવાનું હતું, તેય અમારે કરી આપવાનું રહ્યું. અને આ નિમિત્તનું કામેય અમારે કરવાનું રહ્યું. બેઉ કામ રહ્યા. તોય અમારે વાંધો નથી. અમે એમ કહીએ છીએ કે ભઈ, બેઉ કામ કરીશું.

## કેવળજ્ઞાનની સત્તા, ચાહે સો કરે

**પ્રશ્નકર્તા :** ઉપાદાનની યોગ્યતા વગર, પાત્રતા વગર નિમિત્ત ઉપકાર કરી શકે ? કરી શકે તો કેટલો ને કેવા પ્રકારે ?

**દાદાશ્રી :** ક્રમિક માર્ગમાં ઉપાદાનની યોગ્યતા વગર નિમિત્ત ઉપકાર કરી શકે નહીં. આ અક્રમ જ્ઞાની ગમે તેનું કામ કરી શકે.

**પ્રશ્નકર્તા :** એક કલાક પહેલા કોઈ માણસ લુચ્ચો હોય, ગુંડો હોય, એ બધું હોય છતાંય એને જ્ઞાન થાય તો પછી એ લુચ્ચાઈ ને એ બધું ક્યાં જાય પછી ?

**દાદાશ્રી :** એ કશું જવાની કંઈ જરૂર નથી. અમે બધો રસ્તો એનો કરી આપીએ. પાપ બધા ધોઈ નાખીએ અમે, સર્વસ્વ પાપ. કારણ કે

જ્ઞાની પુરુષ ચાહે સો કરી શકે, એ નિમિત્ત છે. વર્લ્ડમાં કો'ક ફેરો હોય. વર્લ્ડમાં એક જ હોય, બીજો હોય નહીં. અજોડ હોય વસ્તુ. એ જોડવાળી વસ્તુ ના હોય. આ તો કેવળજ્ઞાનમાં નાપાસ થયેલા જ્ઞાની છે. એટલે કેવળજ્ઞાન જ છે એમ માની લેવાનું. નાપાસ થયેલા છે, થોડા જ માર્કથી. કેવળજ્ઞાનની સત્તા, એટલે તો ચાહે સો કરે.

જ્ઞાની પુરુષ તો ચાહે સો કરે. શાથી ? કર્તાભાવ નથી એટલે. કર્તાભાવ હોય તો કશું થાય નહીં. થાકી જાય ઊલટો. અને જ્ઞાની પુરુષને કર્તાભાવ નથી.

## મોક્ષ આપવાના લાઈસન્સદાર, છતાં રહે નિમિત્તભાવે

જ્ઞાની પુરુષ ચાહે સો કરે, કારણ મોક્ષદાનનું લાઈસન્સ એમના હાથમાં હોય ! જ્ઞાની એટલે અધિકારી, લાઈસન્સદાર કહેવાય. લાઈસન્સદાર એટલે જે એમની પાસે છે એ બધું આપી શકે. એમના અધિકારમાં છે બધું, છતાં પોતે નિમિત્તભાવે રહે.

**પ્રશ્નકર્તા :** હા, બરાબર.

**દાદાશ્રી :** એટલે આ જ્ઞાની પુરુષ બધું કામ કાઢી આપે આપણને. એમને લાઈસન્સ છે એમના હાથમાં, મોક્ષ આપવાનું. પોતે છૂટેલા છે, મોક્ષનું દાન આપવા આવેલા છે, માટે મોક્ષદાતા પુરુષ કહેવાય ! તરણતારણ કહેવાય ! પોતે તર્યા ને અનેક લોકોને તારવાને સમર્થ છે. જે પોતે તરેલા હોય તે તારે. ડૂબતો માણસ તારે ખરો કોઈ દહાડો ?

**પ્રશ્નકર્તા :** ડૂબાડે.

**દાદાશ્રી :** ઊલટો ડૂબાડે. જે તરેલા હોય તે તારે ! અને અમે તો મોક્ષનું દાન આપવા આવ્યા છીએ. મોક્ષદાતા કહેવાય. કૃપાળુદેવે લખ્યું છે ને, મોક્ષદાતા આવશે, મોક્ષનું દાન આપવા આવશે. હું કહું, 'આ લ્યો રે મોક્ષ, લ્યો રે મોક્ષ !' તમારે જોઈતો હોય તો આવજો હવે, જ્યારે જોઈએ ત્યારે. ઉતાવળ ના હોય તો પચ્ચીસ વર્ષ પછી આવજો, પણ આવજો.

## મારી સત્તા માત્ર જોવું-જાણવું, ને આ પઝલમાંથી નીકળી જવું

**પ્રશ્નકર્તા :** આપ જ્ઞાન અમુક દિવસે આપો, અમુક ટાઈમે આપો, એનું શું કારણ ?

**દાદાશ્રી :** એ મારા હાથમાં સત્તા નથી આ. એ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગા થાય ત્યારે કાર્ય થાય છે આ. હું તો નિમિત્ત માત્ર છું. મારા હાથમાંય સત્તા નથી, નથી તમારા હાથમાં સત્તા. બધા સંજોગો ભેગા થશે ત્યારે કાર્ય થશે. હું કર્તા હોય ને, તો હું કાલે જ બેસાડી દઉં કે 'હા, બેસી જાવ કાલે.' પણ હું કર્તા નથી.

**પ્રશ્નકર્તા :** એનો અર્થ એવો કે તમારા ઉપર કોઈની સત્તા છે, કોઈ સત્તા પ્રેરણા આપે છે તમને ?

**દાદાશ્રી :** ના, જે તમારી પર સત્તા છે, એવી મારી પર સત્તા છે. મારી ઉપર બીજી કોઈ સત્તા નથી. આ દેહ ને એ બધાની સત્તા, એ મારી સત્તા નથી આ. મારે તો સંડાસ જવાની સત્તા નથી. કારણ કે હું આનો માલિક જ નથી ને ! આ દેહનો માલિક નથી, વાણીનો માલિક નથી, મનનો માલિક નથી. મારી સત્તા જ નથી આ. મારી સત્તા તો માત્ર જાણવું ને જોવું, જ્ઞાતા-દ્રષ્ટા-પરમાનંદમાં રહેવું. અને ધીમે ધીમે આ પઝલમાંથી બહાર નીકળી જવું. આ તો પઝલમાં સપડાયેલા છીએ. હુંય સપડાયેલો છું ને તમેય સપડાયેલા છો. છતાં હું અંદર મુક્ત છું અને તમે અંદરેય બંધાયેલા છો. તે આખો દહાડો ઉપાધિ, ઉપાધિ, ઉપાધિ !

## જે માગો તે રોકડું મળે

આપ બધું પૂછી શકો છો. આ દુનિયાના તમામ પ્રશ્નોમાંથી કોઈ પણ પૂછી શકો. આ વર્લ્ડની ઓબ્ઝર્વેટરી છે. બધી જાતના પ્રશ્નો પૂછો. તમારા ઘરના, ખાનગી, સંસાર સંબંધના, મોક્ષમાં જવાના, બધી જાતના અહીં આગળ વિચાર કરો અને તમે બધું પૂછી શકો. તમારે જે જોઈતું હોય એ આપવા તૈયાર છું. તે અહંકાર કાઢવો હોય, નિર્વિકલ્પ સમાધિ

જોઈતી હોય, દિવ્યચક્ષુ જોઈતા હોય, જે તમારે જોઈતું હોય એ આપવા તૈયાર છું.

અમે તો ભગવાનની પાવર ઑફ એટર્ની લઈને આવ્યા છીએ. જે માગે એ મળે એવું છે, જે કોઈ પણ ઈચ્છા કરે તે. ધીસ ઈઝ ધ કૅશ બૅંક ! રોકડું જ ફળ !

પરમ દહાડે આવ્યા હતા એક જણ, ઝવેરી હતા. તે મોટી ઉંમરના, એંસી વર્ષના હશે. તે આવીને બેઠા. 'દાદા, મને જવાબ આપો. આ મારી પાસે ગાડીઓ છે, ઝવેરાતની દુકાન છે, હીરા-માણેકની, છોકરાંઓ છે, બંગલા છે, બધી સગવડ છે. કોઈ જાતની સગવડ ના હોય એવું છે નહીં મારી પાસે. છતાં સુખ જરાય નથી. એટલે શું કરું ? એટલે તમારા ચરણે આવ્યો છું, મને સુખ થાય એવું કરો', કહે છે. મેં કહ્યું, 'કેટલા વર્ષથી સુખ જોયું નથી ?' ત્યારે કહે, 'જેમ દુકાન વધતી ગઈ તેમ આ સુખ ઘટતું ગયું.' તો આ દુનિયાનો કાયદો કેવો છે કે આ બહાર, આ બાહ્ય સુખ 'ભૌતિક સુખ' ! આ અંદર, આ આંતરિક સુખ, 'અધ્યાત્મ સુખ' ! તે કાંટો આમ ઈક્વલ (સમતોલ) રહેવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** હવે તેમ છતાં માણસોમાં જ્ઞાન નહીં એટલે વખતે કાંટો નમે તો આટલો નમે ત્યાં સુધી ચાલે. પણ લોકોએ તો એની ઉપર વજન મૂકી મૂકીને આટલો કરી નાખ્યો, એટલે પછી અહીં ખલાસ થઈ ગયું. આ (આંતરિક) સુખ ખલાસ થઈ ગયું. આ (બાહ્ય) સુખ એ સુખ આપે નહીં, એ સાચું સુખ નથી એ.

એટલે પછી એમને બેસાડ્યા. મને કહે છે, 'સુખ કેટલાય વર્ષથી જોયું નથી મેં. બે મહિનામાં થોડું ચખાડી દો, તમે તો પછી અમેરિકા જવાના છો.' ત્યારે મેં કહ્યું, 'હમણે ને હમણે જ ચખાડી દઉં, વળી બે મહિના શાના ?' ત્યાર પછી વિધિ કરાવડાવી. અને અસીમ જય જયકાર બોલાવ્યા, 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલો. તે જે બોલ્યા,

જે બોલ્યા... પછી કહે છે, 'મારો અવાજ જરાય નીકળતો નહોતો ને આ અવાજ ક્યાંથી ઊંચો આવ્યો ? અને આ મહીં પાર વગરનું સુખ વર્તે છે !' ત્યારે મેં કહ્યું, 'ધીસ ઈઝ કૅશ બૅંક !' માંગું એ મળે એવું છે. માંગતા ભૂલો. કોઈ વખત બનતું નથી આવું, પણ અત્યારે બન્યું છે આ. એટલે એ સુખ લઈ ગયા.

## તમારો માલ તમને આપવાનો, કૂંચીઓ મારી પાસે

ધીઝ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન ! જેને કૅશ (રોકડો) આત્મા જોઈતો હોય, જે માગે એ આપવા તૈયાર છું. એ જે માગે, કે આ પદ મારે જોઈએ. યોગક્ષેમવાળું જોઈતું હોય, તો યોગક્ષેમ. એ કહે, કે નિર્વિકલ્પ પદ મારે જોઈએ તો એવું. જે માગે એ આપવા તૈયાર છું. હું તો નિમિત્ત છું પાછો. તમારો જ માલ મારે તમને આપવાનો છે, એ કૂંચીઓ મારી પાસે છે ફક્ત. તમારો માલ મારે તમને આપવાનો, એમાં મારો શો ઉપકાર ? કૂંચી મારી પાસે હોય તો મારે ના ઉઘાડી આપવું જોઈએ ? તમે કહો કે 'સાહેબ, મારું આટલું તાળું ઉઘાડી આપો ને', તો એમાં વાંધો શો છે ?

## આખા જગતનું પૂંઠિયું ફેરવવા નિમિત્ત બન્યા છીએ

કૃપાળુદેવની ઈચ્છા હતી કે 'જગતનું કલ્યાણ થાઓ', તે ઈચ્છા પૂર્ણ કરવાનું આ હું નિમિત્ત છું. આ અમારો નૈમિત્તિક અવતાર છે. બધાનો નૈમિત્તિક અવતાર હોય, પણ આ અવતાર તો તદ્દન જુદો જ છે. આખાયે વર્લ્ડનું કલ્યાણ કરવા માટેનો છે.

મારો પોતાનો તો મોક્ષ થઈ ગયેલો, લોકોનો મોક્ષ કરવાનો છે. આખા જગતનું કલ્યાણ કરવાનું નિમિત્ત છીએ અમે, આખા જગતને પલટી ખવડાવવા. અક્રમથી પલટી ખવડાવવાની, ક્રમથી ના થાય.

આ જે નિમિત્ત ઊભું થયું છે ને, તે જગતનું આખું પૂંઠિયું જ ફેરવવા આવ્યું છે. આખું જ્ઞાન જ ઊંધું છે આ બધું. છતું જ્ઞાન જ નથી. ઊંધાને જ છતું માનીને લોકો વર્તે છે. એ ડબલ ભ્રાંતિ થઈ છે. એક તો

સંસારમાં ભ્રાંતિ છે અને આ જ્ઞાનને છતું માનીને ચાલે છે, તે બીજી ભ્રાંતિ ઊભી થયેલી છે. બધું ઊંધું જ જ્ઞાન છે.

**પ્રશ્નકર્તા :** એટલે એની સમજની અને વ્યવહારની બન્ને ભ્રાંતિઓ છે.

**દાદાશ્રી :** બન્ને ભ્રાંતિઓ ઊભી થઈ'તી. એટલે આ આખું પૂંઠિયું ફેરવવા આવ્યા છીએ. આ નિમિત્તભાવે આખું પૂંઠિયું ફેરવી નાખશે.

## એમાં ખપે મહાત્માઓનો ટેકો

હવે તો આપણે તૈયાર થાવ, આંગળી એકેકી અડાડી દીધી ને, કે બહુ થઈ ગયું. એક-એક આંગળી અડાડવાની છે. કેવી ?

**પ્રશ્નકર્તા :** એક-એક આંગળી અડાડવાની.

**દાદાશ્રી :** બસ, નૈમિત્તિક ભાવ તેય પાછો. કર્તાભાવે નહીં. કર્તાભાવે તો હું જ નથી ને ! હુંય નિમિત્તભાવથી છું. કર્તાભાવ તેને બંધાય કર્મ.

દાદા તો નિમિત્ત છે, પણ નિમિત્તે કેટલું બધું મોટું સરસ કાર્ય કર્યું છે ! અને આમાં બધાનો પાર્ટ (હિસ્સો) છે. તમારા બધાનો ટેકો છે તો થાય, નહીં તો કાર્ય શી રીતે થાય ? હું એકલો શી રીતે કરી શકું ? બધાનો ટેકો હોય. સારું કાર્ય થવું જોઈએ અને આખું વર્લ્ડ ફેરફાર થવું જ જોઈએ, અને થશે વર્લ્ડનો ફેરફાર ! એના જ કૉઝિઝ થઈ રહ્યા છે આ બધા. જુઓ ને, એક જ દહાડામાં... એક જ દહાડો હું ત્યાં રહ્યો'તો ને ?

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** પણ એ આખું ગામ કરેક્ટ ! ત્યાં આગળ પટેલો-બટેલો બધા. એક તો એન્જિનિયરિંગ લાઈનના મોટા પ્રોફેસર હતા ત્યાં આગળ. એ તો સાંભળીને આમ સજ્જડ જ થઈ ગયા, તે પછી ખસતા જ નહોતા. આજે સવારેય ખસતા નહોતા ને કાલે સાંજેય નહોતા ખસતા ને ઘેર પધરામણી કરાય કરાય કરતા'તા ને ! આમને કહે છે, 'ઓહોહોહો !

દાદા પાસે આવું વિજ્ઞાન છે ! આટલું બધું હોય, એવી તો દુનિયામાં કલ્પનાય ના કરી હોય. ઓહોહો ! જબરજસ્ત વિજ્ઞાન છે !'

**પ્રશ્નકર્તા :** દુનિયામાં આવું ક્યાંય ના હોય એવું છે !

**દાદાશ્રી :** હોય નહીં દુનિયામાં આ આવું ! કારણ કે પુસ્તકમાં કેટલું આવે ? ઉપર સ્થૂળ સ્થૂળ આવે. બીજો માલ ના આવે પુસ્તકમાં. સૂક્ષ્મ ને સૂક્ષ્મતર ને એ બધો શી રીતે માલ આવે ? જ્યાં શબ્દ સ્થૂળ છે એ શબ્દ સ્વભાવને પ્રગટ કરાવે નહીં. એટલે હવે આ આપ્તવાણી કામ આવશે, ઘણું કામ કાઢી નાખશે લોકોનું. અને આ ચૌદ આપ્તવાણીઓ તો શાસ્ત્રોરૂપે ચાલશે. પેલા શાસ્ત્રો તો સમજણ પડતી નથી.

## જે પદ માનો તેવું ફળ મળે

**પ્રશ્નકર્તા :** દાદા, તમે તો 'હું નિમિત્ત છું', એવું કહો પણ અમારે તો તમને સર્વસ્વ જ માનવાના ને ?

**દાદાશ્રી :** તમે જો અમને 'નિમિત્ત' કહેશો તો નુકસાન થશે. તમારે શું કહેવું જોઈએ ? તમારે કાં તો 'સાધુ જેવા છે' એવું કહેવું જોઈએ, કાં તો 'આચાર્ય જેવા છે' એવું કહેવું જોઈએ, કાં તો 'મહાવીર ભગવાન જેવા છે' એવું કહેવું જોઈએ. તમે જેવું કહો એવું ફળ મળશે તમને. તમે કહો કે આ સાધુ જેવા છે, એટલું ફળ મળશે. તમે કહો કે આચાર્ય જેવા છે, તો એટલું. અને ભગવાન મહાવીરથી ચાર જ ડિગ્રી અમે ઓછા છીએ. મહાવીર જેટલું ફળ મળે એવું છે અહીં. એ એને લેતા આવડવું જોઈએ. જેવું તમે કહો એવું. અને અમે તો નિમિત્ત જ કહીશું, અમે અમારી જાતને. પણ તમારી માન્યતામાં જે હશે તે ફળ મળશે તમને.

એક હીરો હોય, જેની કિંમત આપણે સમજતા ના હોય, તે એ હીરો બધાને અકેકું (એક-એક) આપ્યો અને ઘેર જઈને તમે મૂકો. તમે એની કિંમત જેટલી સમજો એટલો તમને આનંદ થાય. હોય પચ્ચીસ અબજનો, તમે એક અબજનો સમજ્યા, એટલે તમને એક અબજનો આનંદ થાય પછી. તમે છે તે પચ્ચીસ લાખનો સમજ્યા તો પચ્ચીસ લાખનો આનંદ

થાય. પણ હોય પચ્ચીસ અબજનો હીરો ! જેટલી સમજણ હોય એટલો આનંદ થાય. એવી આ વસ્તુ ! અને તેથી અમારે પુસ્તકમાં લખવું પડ્યું છે, કે અમે મહાવીર થયા છીએ, અમે કૃષ્ણ થયા છીએ, અમે ખુદા થયા છીએ. ખુદને જાણીને ખુદા થયા છીએ, એવું લખવું પડ્યું છે. છતાંય પણ જો ના સમજણ પડે તો પછી એનું જાય. છતાં 'અમે તો નિમિત્ત છીએ' એવુંય કહીએ છીએ પાછા. શું કહીએ છીએ ?

**પ્રશ્નકર્તા :** નિમિત્ત.

**દાદાશ્રી :** અમારે ખુદા થવાનો શોખ નથી. ખુદા થવાનો જેને શોખ હોય ને, એ શોખવાળા શોખીન થઈ જાય પાછા. અમને કશોય શોખ નથી આવો તેવો. અમે જે પદ ઉપર છીએ ને, એ લઘુતમ પદ ઉપર છીએ. લઘુતમ એટલે અમારાથી કોઈ જીવ નાનો નહીં, તે પદ ઉપર અમે બેઠા છીએ. અમે લઘુતમ પદ ઉપર બેઠા છીએ.

**પ્રશ્નકર્તા :** લઘુતમ એ જ મોટામાં મોટું પદ !

**દાદાશ્રી :** એટલે આ પદ ઉપર અમે બેઠેલા છીએ, એટલે અમે આના નિમિત્ત છીએ. જેને જેટલું લાભ લેતા આવડે, એટલું એના બાપનું !

**પ્રશ્નકર્તા :** દાદા, હવે અમારી ઈચ્છા એવી કે દાદાને અમે 'તીર્થંકર ભગવાન' કહીએ.

**દાદાશ્રી :** એ તમને ફાવે એવું કહો ને, પણ એ પોતે છે એટલા જ રહેશે. તમે ઉપર છાપરે બેસાડો તોય એ જગ્યાએ હશે, નીચે બેસાડો તોય એ જગ્યાએ હશે. તમે એમને જેટલું માનો એટલો લાભ તમને થાય. એમને આચાર્ય માનો તો તમને આચાર્યના જેટલો લાભ મળે, તીર્થંકર માનો તો તીર્થંકર જેટલો લાભ મળે. તમે જે માનો, અમારે એમાં કંઈ લેવાદેવા નથી. એટલે અમે તમને છૂટ આપી છે, જે પદ માનવું હોય તે માનો. એ પદને પહોંચેલા છે આ. એટલે તમારે જેટલો લાભ ઉઠાવી લેવો હોય, એ ઉઠાવજો. પછી આચાર્ય માનો તો એટલો લાભ મળશે. જેવું તમે સમજશો, એવું ફળ મળશે. ચોવીસ તીર્થંકરોનું ભેગું સ્વરૂપ માનશો

તો તેવું ફળ મળશે. એક તીર્થંકરનું સ્વરૂપ માનશો તો તેવું ફળ મળશે. તમે જેવું માનો એવું તમારું ફળ ! મારે કશું આમાં લેવાદેવા નહીં. તારી બિલીફ હોવી જોઈએ.

## ફરી થશે શરૂઆત ધર્મની, જેવી ભગવાન ઋષભદેવે કરેલી

અમારા ગયા પછી પાંચસો વર્ષે તો આ આને બધા ચોવીસ તીર્થંકરોનું ભેગું સ્વરૂપ કરીને મૂકશે. અમે મૂર્તિઓ મૂકવાની ના કહીને જઈશું પણ તોય એ કર્યા વગર રહેવાના નથી. કારણ કે ઉપકારી હોય તો એને છોડે નહીં ને ! તમારે માટે ઉપકારી છે, તેથી એ છોડે નહીં.

દ્વાપર, ત્રેતા અને સત્યુગમાં જે ના હોય એવો પુરુષ આ કાળમાં ઉત્પન્ન થયો છે ! અને તે આખા જગતની બળતરાને બંધ કરવા માટે આવેલા છે. હું નિમિત્ત છું ફક્ત. આખા વર્લ્ડની બળતરા બંધ થઈ જશે. જેમ ઋષભદેવ ભગવાને પહેલા શરૂઆત કરી ધર્મની, એવી આ ફરી શરૂઆત થશે ધર્મની. આ નિભાડો કેટલા વર્ષનો છે ? મહાવીર ભગવાનના વખતથી પછી ધીમે ધીમે ધીમે સળગવા માંડ્યું. પહેલું ધુમાવા માંડ્યું, પછી ભડકા થવા માંડ્યા અને હવે તો ભડકંભડકા સુધી. પચ્ચીસસો વર્ષ થયા, આ નિભાડો સળગ્યો એને. હવે એ આખોય ઓલવવાનો છે. એટલે (જ્ઞાનરૂપી) પાણી પુષ્કળ છે મહીં આ ઓલવવાનું, ફક્ત આપણે નિમિત્ત બનવાનું છે.

## આ મારું નથી, વીતરાગોનું વિજ્ઞાન છે

અક્રમ આખા વર્લ્ડની અજાયબી જ છે ! અજાયબ વિજ્ઞાન ! જુઓ ને, જપ-તપ કશું તોફાન નહીં. સંસાર સારી રીતે ચાલે, સંસારમાં ખાવા-પીવાનીય બધી છૂટ !

એટલે નિરંતર સુખ વર્તે એવું આ વિજ્ઞાન છે ! જેટલું ફાલ્યું, ફેલાયું, એટલું કલ્યાણ થઈ જાય એવું છે. ખાલી આને પુશ ઑન કરવાની (આગળ ધપાવવાની) જરૂર છે. હાથ દેવાની જરૂર છે કે આગળ વધો આ જ્ઞાન. આ મારું નથી, વીતરાગોનું વિજ્ઞાન છે. મહીં 'દાદા ભગવાન'

છે ને, 'એ', અને 'વીતરાગો', ચોવીસ તીર્થંકરો બધું એમનું જ્ઞાન છે આ, મારું નથી. આનો હું માલિક નથી, આનો નિમિત્ત જ છું હું. અને પેલામાં તો ચારના એ ગુરુ થઈ બેઠા હોય. હું ગુરુ નથી કોઈનો. માટે અનેક લોકો પામ્યા છે. હું એક પણ માણસનો ગુરુ નથી. એટલે આ વિજ્ઞાન છે ચોવીસ તીર્થંકરોનું, મારું વિજ્ઞાન નહોય આ.

## આ તીર્થંકરોનો માર્ગ છે, ફક્ત રીત જુદી છે

તીર્થંકરોનો માર્ગ છે આ. હું તો વચ્ચે નિમિત્ત છું. ફક્ત આ રીત જુદી છે, અક્રમ રીત. એક કલાકમાં મોક્ષ, વિધિન વન અવર ! અને વીતરાગો સ્વીકાર કરે એવું. મહાવીર ભગવાન આજે આવે તો સ્વીકાર કરે, કરેક્ટ.

**પ્રશ્નકર્તા :** ભગવાન મહાવીરનું મૌલિક જ્ઞાન કે શ્રી ઋષભદેવ આદિ તીર્થંકરોનું જ્ઞાન, લોકો સમજે એ રીતે ફરી મૂક્યું છે આપે ?

**દાદાશ્રી :** મૌલિક કોઈનું ના હોય. દેખાવમાં મૌલિક હોય છે. મનેય લોકો કહે છે, 'દાદા આ તમારું મૌલિક જ્ઞાન છે.' મેં કહ્યું, હોવે, દાદા ત્યાં મૂકી રાખ્યું'તું તે લઈ આવ્યા ત્યાંથી. આ તો બધું ચાલી આવેલું છે, તેનું તે જ જ્ઞાન ! જ્ઞાનના પ્રકાર કંઈ જુદા હોય ?

**પ્રશ્નકર્તા :** ના હોય.

**દાદાશ્રી :** એમના કપડાં જુદા હોય, એમની સ્ટાઈલ જુદી હોય, તેથી કંઈ જ્ઞાન ફેર હોય ? એટલે આ કંઈ દાદાએ મૂકી રાખ્યું નહોતું પણ વ્યવહારમાં એમ કહેવાય, કે મૌલિક છે તમારી વાત. જે રૂટ કૉઝને તોડે એ મૌલિક વાત કહેવાય. જે ડાળાં કાપે એ મૌલિક ના કહેવાય. જે રૂટ કૉઝને તોડે, સંસારનું રૂટ કૉઝ. વૉટ ઈઝ ધી રૂટ કૉઝ ઑફ સંસાર ? એ રૂટ કૉઝને તોડે તો મૌલિકમાં ફિટ થાય. મનેય લોકો કહે છે, મૌલિક છે તમારું આ. એ મૌલિક ખરું પણ મૌલિક આજના ઢબના હિસાબે. એની ડિઝાઈન મૌલિક છે, નહીં કે વસ્તુ મૌલિક છે. વસ્તુ તો ચાલી આવેલી છે, ઋષભદેવ નહીં, ઋષભદેવનાય પહેલાની ચાલતી આવી છે. એ કંઈ

આ કોઈની માલિકીની નથી. દાવો કરી શકે એમ નથી કોઈ, કે 'આ બસ અમારું જ છે' એવું.

આ માર્ગ તેનો તે જ છે. આગળ ચાલતો આવેલો તે જ. તે જ લાઈટ છે ને તેનું તે જ જ્ઞાન છે, પણ આ ઢબ આગવી છે મારી. આ વિજ્ઞાનની ઢબ આગવી છે, બિલકુલ મૌલિક છે. જ્ઞાન તેનું તે જ છે, જ્ઞાનમાં ફેર નથી. પણ આ કાળ બદલાયો છે તે ડિઝાઈન જ્ઞાનની બદલાઈ છે. શું બદલાયું છે ?

**પ્રશ્નકર્તા :** ડિઝાઈન બદલાણી.

**દાદાશ્રી :** હા, એટલે આ ડિઝાઈન મારે ભાગે આવી છે, હું નિમિત્ત બની ગયો છું. જ્ઞાન તો તેનું તે જ છે.

**પ્રશ્નકર્તા :** ડિઝાઈન એટલે યુગ બદલ્યો ?

**દાદાશ્રી :** યુગ નહીં, ડિઝાઈન બદલી એટલે આ કાળના મનુષ્યોને ફિટ થાય એવો પ્રકાશ જોઈશે.

## શાસન ભગવાન મહાવીરનું, અમે તો શાસનના શણગાર

ત્યારે મને સાધુ મહારાજ કહે છે, 'તો પણ હવે તો બધો તમારો જ માર્ગ કહેવાશે ને ?' મેં કહ્યું, 'ના, બા, એવો માથે હું કંઈ બોજો લઉં આ ? મારે દલાલી ઓછી છે આમાં, તે હું વળી પાછો માથે વેપાર કરી લઉં ? આ તો ભગવાન મહાવીરનું શાસન, એકવીસ હજાર વર્ષ.' ત્યારે કહે છે, 'આપ કોણ ?' મેં કહ્યું, 'મહાવીરના શાસનના શણગાર અમે !' શાસનના શણગાર અમે તો, અમારે માથે આવું અમે આ ના લઈએ. અમારી દલાલી ઓછી છે કંઈ ? કાયમનું પરમેનન્ટ સુખ જેને, જે મોક્ષમાં છે ! દેહ છતાં મોક્ષમાં રહી શકાય. વેપારી છતાં મોક્ષમાં રહી શકાય. ઉપર તલવારો ઈન્કમટૅક્સની, સેલ્સટૅક્સની, એ બધા સાથે મોક્ષમાં રહી શકાય નિરંતર. નિરંતર દેહથી જુદા રહીએ છીએ. ત્યાર પછી આ દલાલી ઓછી છે ? આથી વધારે દલાલી કોઈને ઈચ્છા હોય કંઈ ?

હજારો વર્ષો સુધી આ જ્ઞાન રહેશે. ભગવાનનું શાસન છે, હજુ સાડા અઢાર હજાર વર્ષ સુધી શાસન છે એમનું. તે શાસનકાળ સુધી, એન્ડ સુધી આ જ્ઞાન રહેશે. શાસન મહાવીર ભગવાનનું કહેવાય, અમે તો શાસનના શણગાર કહેવાઈએ.

મને લોક કહેતા'તા, આપ આ કયા પદને ધારણ કરો છો ? આવડું મોટું ગજબ... એક કલાકમાં મોક્ષ તમે આપો છો ! અરે ભઈ, હું તો કોઈ પદને ધારણ નથી કરતો. હું તો આ મહાવીર શાસન એકવીસ હજાર વર્ષનું છે, એનો હું કળશ ચઢાવું છું. હું તો સોનાનો કળશ છું. આ શાસનનો હું કળશ છું. મારી કંઈ આમાં મિલકત નથી. આવું કહીએ ત્યારે લોકોને શાંતિ થાય છે.

## મહાવીરની પાટ દીપાવવા હું આવ્યો છું

ઘણા સાધ્વીજીઓ, મહારાજોએ પણ આ જ્ઞાન લીધેલું, પણ એ ગુપ્ત રહે છે. એ 'દાદા પાસે મેં લીધું', એવું ના કહે. પણ એમની જોડે શર્ત શું કરી તે જાણો છો ? કે આ જ્ઞાન હું તમને આપું છું, ભલે દાદા પાસેથી જ્ઞાન લીધું એવું નહીં કહો તો વાંધો નથી, ફક્ત મહાવીરની પાટ દીપાવજો. શું દીપાવજો ?

**પ્રશ્નકર્તા :** મહાવીરની પાટ દીપાવજો.

**દાદાશ્રી :** આ મારી પાટ માટે નથી આવ્યો હું. હું મહાવીરની પાટ દીપાવવા માટે આવ્યો છું. મારે પાટ છે જ નહીં ને ! હું પાટ ઉપર કંઈ બેસું ? અને આ શાસન એમનું. અમારે એટલી શરત કે મહાવીરની પાટ દીપાવવી પડશે. ત્યારે કહે, 'દાદા તમારું ?' મેં કહ્યું, 'ના, મારું કશુંય નહીં. આ સાડા અઢારેય હજાર વર્ષ મહાવીરના. અમે તો મહાવીર શાસનના કળશ કહેવાય.' લોકોને સાચા શાસન તરફ વાળે. પણ શાસન અમારું ના હોય, એ તો બહુ જવાબદારી. એ તો કંઈ જેવી તેવી જવાબદારી છે ? અમે અમારા શાસનદેવતા કંઈથી લઈ આવીએ ? એમના છે તે જ સારું છે ને બા, ગોઠવાયેલું બધું. એમની ઑફિસ તોડીને આપણે બીજી ઑફિસ બાંધીએ, ક્યાંથી લાવીએ બધા ?

એ તીર્થંકરને શોભે, અમને શોભે નહીં આ બધું. એક તીર્થંકર વગર કોઈ શાસનના માલિક થઈ શકે નહીં. તીર્થંકરને માલિકીપણું હોય નહીં. તીર્થંકર તો સ્વભાવથી માલિક છે. તીર્થંકર સ્વભાવ છે એવો. અમારે આને શું કરવું છે એ ? અમે તો અમારું આ નિમિત્ત છે એ કામ પૂરા કરીને અમે ચાલ્યા જવાના. અમે તો વચ્ચે એમાં પુષ્ટિ દેનારા. આ ફક્ત અમારું જ્ઞાન, એનું એ જ વિજ્ઞાન છે, પણ એ ગલીકૂંચીઓવાળું છે. અત્યારે લોક ગલીકૂંચીઓમાં પેસી ગયા છે ને ? અને તેય આડી ગલી એકલીમાં નહીં, પાછી આડીમાં ઊભી ને ઊભીમાં પાછી ત્રાંસી. ફરી માર્ગે ચઢે જ નહીં પાછો. હવે ત્યાં એ જ્ઞાન પહોંચાડવું એટલે બહુ સહેલું ના હોય ને ? આ ભગવાનનું જ્ઞાન તો કેવું ? સ્ટ્રેઈટ ફૉરવર્ડ. આ સ્ટ્રેઈટ લાઈન ને આ સ્ટ્રેઈટ લાઈન, નૉર્થ-વેસ્ટ, સાઉથ-વેસ્ટ, એવું બધું. પણ એક્ઝેક્ટ ફિગરનું. અને આ તો કંઈ ગલીની મહીં ગલી, ગલીની મહીં ગલી. અને ગોળ કુંડાળું ફેરવીને પાછા ત્યાંના ત્યાં આવે.

**પ્રશ્નકર્તા :** ત્યાં ને ત્યાં.

**દાદાશ્રી :** એટલે આ અક્રમ જ્ઞાન આવ્યું.

## જગતના અભ્યુદય માટે પ્રગટ્યું અક્રમ

ધમાલિયા જીવનમાં આત્મજ્ઞાનમાં કોઈ રહી શકેય નહીં. આવું બને જ નહીં ને ! એટલે આ આશ્ચર્ય જેવું બન્યું છે ! ઈમ્પૉસિબલ તે પૉસિબલ (અશક્ય તે શક્ય) બન્યું છે એટલે આપણે લાભ ઉઠાવી લો ! આ અક્રમ વિજ્ઞાનેય નવું છે, ભાષાય નવી છે, અને આ વિજ્ઞાન આખું તદ્દન સાયન્સ રૂપે છે. અવિરોધાભાસ સાયન્સ છે અને આખા વર્લ્ડના કલ્યાણને માટે ઉત્પન્ન થયું છે ! જગત કલ્યાણને માટે ફરી અભ્યુદય થયેલો છે. જગતનો અભ્યુદય તો હોય ને પછી ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** આ પચ્ચીસસો વર્ષ શ્રાપિત કાળ (શાપિત કાળ) ગયો. તે બહુ દુઃખ હતું એ તો બધું. ભયંકર દુઃખ વેઠ્યા છે હિન્દુસ્તાનના લોકોએ.

## સર્વ શાસનના શણગાર છીએ અમે

વીતરાગ ભગવાન મહાવીરના શાસનના અમે શણગાર છીએ. વેદાંતના શાસનના અમે શણગાર છીએ. મુસ્લિમ શાસનના અમે શણગાર છીએ અને જરથોસ્ત શાસનના અમે શણગાર છીએ. અત્યારે પારસી આવે તો અમે કહીએ કે જરથોસ્ત છીએ. તારે જે કામ હોય તે કાઢી જજે.

આ કાળમાં જે ના બનવાનું, તે બન્યું છે. કવિ શું કહે છે ? ના બનવાનું બન્યું છે આ તો. જે વરસાદ ન વરસે તે વરસાદ વરસ્યો છે. તો આપણે આપણું કામ કાઢી લેવું.

અમે તમને કહી છૂટીએ, પછી તમારે કામ કાઢવું-ના કાઢવું એ તમારી મરજીની વાત છે. અમે તો કહી છૂટીએ કે શેની દુકાન છે એટલું. શુદ્ધ સોનાની દુકાન અને ફ્રી ઑફ કૉસ્ટ. જેટલું લૂંટાય એટલુ લૂંટો. પેલું સોનું લૂંટીએ ને, તો ચોરનો ભો આવે, બીજા બધા ભો અને આ તો લૂંટ્યું કે બધા ભો જતા રહે ! નિર્ભય બનાવે, વીતરાગ બનાવે !

## ઉઠાવી લો આ અમૂલ્ય તકનો લાભ

જ્ઞાની પુરુષ મળે નહીં આ કાળમાં. તેને કૃપાળુદેવે ‘દુર્લભ, દુર્લભ, દુર્લભ, દુર્લભ, દુર્લભ’, કહ્યું. એ આ કાળમાં પ્રાપ્ત થયા છે, તો આપણે ગમે તે વખતે, બે મિનિટેય આવીને પણ દર્શન કરવા વારેઘડીએ. જેટલો એમના સંજોગનો વધારે લાભ, એટલું આપણને મહીં ચોખ્ખું જ થયા કરે. એટલે ટાઈમ જેટલો બગાડીએ એટલો બગાડવો જોઈએ. પહેલાના તો શિષ્યો જોડે ને જોડે પડી રહેતા’તા બધા. અત્યારે તો પડી રહેવાય એવો વખત નથી પણ જેટલો ટાઈમ, બને એટલો તો આપણે લાભ ઉઠાવવો. ભલે ને, રિક્ષાના પાંચ રૂપિયા ખર્ચ થાય. રૂપિયા તો અહીં આગળ વપરાઈ જ જવાના છે ને ! આપણે નહીં વાપરીએ તો છોકરાં વાપરી નાખશે. પણ આમ તો આપણે આપણી જાતના કલ્યાણ માટે વાપરીએ એટલા સાચા, આપણા.

આ અમૂલ્ય તક મળી છે, આ તકનો ગેરલાભ ના કરશો. ફરી ફરી નહીં મળે આ. આ સાંધો ફરી ફરી નહીં મળે. આ મિનિટની કેટલી કિંમત છે, એ જો કિંમત તમે જાણો, તો પછી વેપાર-બેપાર લોકો બંધ કરી દે.

**પ્રશ્નકર્તા :** સાવ સાચી વાત છે, દાદા. એમાં કોઈ ફેરફાર નથી.

**દાદાશ્રી :** ફેરફાર નથી.

❖❖❖❖❖

## [૯]

# અધ્યાત્મની આગવી શોધ

## [૯.૧]

## અનંત અવતારની શોધખોળ

### જે હું ખોળતો'તો એ મને મળ્યું

**પ્રશ્નકર્તા :** આપના જેવાને જોઈને મને ઈર્ષા પણ એવી થઈ જાય કે આ ભગવાને આપને આપ્યું ને મને કેમ આવું સુખ નથી આપ્યું કે હું પણ કો'કને ઉપયોગી થઈ શકત.

**દાદાશ્રી :** ના, પણ એ એવું છે ને, કે જે હું ખોળતો'તો, તે તમે નહોતા ખોળતા. તમે જે ખોળતા'તા એ તમને મળ્યું, હું ખોળતો'તો એ મને મળ્યું. હજારો અવતારથી હું જે ખોળતો'તો, તે હું લઈને આવ્યો છું.

**પ્રશ્નકર્તા :** તો તમે શું ખોળતા હતા કે આ પદ પ્રાપ્ત થયું ?

**દાદાશ્રી :** આ જગતમાં કંઈ જ જોઈતું નથી. માત્ર જગતનું કલ્યાણ થાઓ અને 'વ્યવસ્થિત' જગતને આપવા માટે ભાવના હતી. મારી તો અનંત અવતારની ઈચ્છા એવી, વ્યવસ્થિત ખોળવાની હતી, અને સંસારમાં રહીને મોક્ષ ખોળવાની હતી, સ્ત્રીઓ પણ મોક્ષે જવી જોઈએ, એવી બધી મારી ઈચ્છા હતી, તે આ બધું વિજ્ઞાન લાવ્યો છું.

## સંસારમાં રહીને મોક્ષ થાય એવી કરી શોધખોળ

હું તો શોધખોળ કરતો'તો કે આ બધા સંસારમાંથી છૂટા થઈને પછી મોક્ષે જવાની વાત કરે છે, એ મને પસંદ નથી, મારે તો સંસારમાં રહીને મોક્ષ થવો જોઈએ, એવું પસંદ હતું. તે એમ કરતો કરતો પણ મારો વારો આવ્યો ને ઉઘાડ થઈ ગયો.

હું જે ખોળતો'તો, કે આવું લોકોને નિરાંતે મોક્ષ થવાનું સાધન જોઈએ. આવું આમતેમ ઉઘાડે પગે ભટક ભટક ભટક ક્યાં સુધી કરવું ? અને ફાવતું હશે ઉઘાડે પગે ? એક દહાડો ફરી જુઓ જોઈએ, એક જ દહાડો !

**પ્રશ્નકર્તા :** ઘરમાંય હવે તો સ્લિપર વગર નથી ફરાતું.

**દાદાશ્રી :** ના, એ તો બધી પાછી એટિકેટ છે. એય પાછું બિલો નૉર્મલ (પ્રમાણથી ઓછા) થઈ ગયેલા છે. બિલો નૉર્મલેય ના થવું જોઈએ. તે એબોવ નૉર્મલેય (પ્રમાણથી વધારેય) ના થવું જોઈએ.

હું તો આ દુનિયામાં કોઈ એવી જગ્યા નથી કે ન ફર્યો હોઉં. દરેક પરમાણુ જોઈ ફર્યો છું. કારણ કે કેટલાય અવતારથી શોધખોળ કરતો હતો કે આ મોક્ષ જવાનો ખરો રસ્તો, સરળ રસ્તો કયો ? ત્યાગ-બ્યાગ કરવાનું કેમ પોસાય ? આ લોકો કહે છે, આ છોડી દો, આ છોડી દો, તે બધું મારે કેટલી ચીજો છોડવાની ? એ કેમ પોસાય ?

બૈરાં-છોકરાં છે, પૈણ્યા આપણે, પરણતી વખતે પ્રૉમિસ કર્યા પછી આપણે એને છોડીને જતા રહેવાનું ? દગો ના કહેવાય ? દગો કહેવાય ને, પૈણ્યા પછી મૂઓ નાસી જાય તે ?

**પ્રશ્નકર્તા :** દગો જ કહેવાય.

**દાદાશ્રી :** તો આ સાધુઓ ઘણાંખરાં પૈણ્યા પછી નાસી ગયેલા. અને એની પાસે લખાવી લે કે 'મારે વાંધો નથી, હું રાજીખુશીથી જવા દઉં છું.' મારી-ઠોકીને, વઢીને લખાવી લે. ત્યારે મોક્ષમાં આવું ના થાય. મોક્ષમાં તો, કોઈને દુઃખ ના થાય એવી સ્થિતિમાં જઈએ ત્યારે મોક્ષ થાય.

એટલે પછી મેં નક્કી કર્યું'તું, કે આ ક્રમિક માર્ગ મારે નહીં જોઈએ, અક્રમ જોઈએ ! માર્ગ તો અક્રમ ! બધી વસ્તુ હોય તે ભલે રહી, છતાંય મહીં જ્ઞાન રુકાવટ ન થાય, તે એવું જડી ગયું મને. એવો અનુભવ થયો મને. અનંત અવતારથી ખોળતો ખોળતો આ જડ્યો મને. અને તેથી બધાને કહું છું, કે ભલે તમારી પાસે તમારી સ્ત્રી હોય, છોકરાં હોય, ભલે છોકરીઓ પૈણાવજો પણ આ જ્ઞાનમાં એ તમને હરકત નહીં કરે.

## માર્ગ અનેકાંત છે માટે સંસારીઓનો મોક્ષ !

મોક્ષે જવાનો માર્ગ તો ઘણા વખત મળેલો પણ વ્યવસ્થિત ને બીજી જે તપાસ કરવી હતી કે આ ખરેખર વાસ્તવિકમાં શું છે ? શું ત્યાગ ના કરીએ તો મોક્ષે ક્યારેય પણ ન જવાય ? તે બધું શોધખોળ કરતા જડ્યું, કે ના, એવું કશું છે નહીં. એકાંતિક નથી, અનેકાંત છે. એટલે સ્ત્રી પણ નડતી નથી એવી શોધખોળ હું કરી લાવ્યો. નહિતર તો આ બધાને શી રીતે, મોક્ષની વાત તો કરાય જ નહીં ને ! ત્યાગીઓ તો લઈ બેઠા'તા એમની મોનૉપોલી (ઈજારો) કે આ પૈણેલા સંસારીઓને મોક્ષ તો નહીં પણ એમને તો સારી ગતિનુંય ના ઠેકાણું પડે. અને મોક્ષે તો જાણે એમની મોનૉપોલી હોય એવું બોલતા'તા. 'મોક્ષ તો અમારે દીક્ષા લીધેલાનો.' તે આ આમનું શું થાય, આ બિચારાનું ? કારણ કે તમે પૈણેલા એટલે આમને ચીડ ચડ્યા કરે. પૈણ્યા વગર છૂટકો જ ના થાય અને પૈણ્યા ઉપર અજંપો થયા કરે, તે પોસાય નહીં.

હવે બધા શાસ્ત્રકારોએ જે લખ્યું છે ને, લોકોને બિવડાવી માર્યા છે ને, એટલે મેં શું કહ્યું પછી ? કે વિષયો વિષ નથી. બધાય શાસ્ત્રકારોએ બૂમ પાડી, 'વિષયો વિષ છે, વિષ છે.' ત્યારે મૂઆ, મહાવીર શેમાંથી ઉત્પન્ન થશે ? અને કહેનારા તમે શેમાંથી ઉત્પન્ન થયા છો ? શું જોઈને આવું બોલો છો, વિષયો વિષ છે ? એટલે મેં લખ્યું પુસ્તકમાં, 'વિષયો વિષ નથી, વિષયોમાં નીડરતા એ વિષ છે.' એના પ્રમાણમાં કોઈ વસ્તુ વિષ હોતી જ નથી. નૉર્માલિટીમાં કોઈ વસ્તુ વિષ હોતી જ નથી. સમજાય એવી વાત છે આ. અને એ શોધખોળ પાછી જડી પણ. જુઓ ને,

વ્યવસ્થિત કેવું લઈને આવ્યો છું એની મેળે. ખઈ-પીને મોજ કરો ને, મારે વઢવું જ નથી પડતું ને ! નહીં તો આ પચ્ચીસ-ત્રીસ હજાર માણસોમાં ક્યારે વઢવા જઉં ? આનો પાર ક્યારે આવે ? અને એ એમની વસ્તી (કુટુંબીજનો) લઈને આવે તો પોણો લાખ માણસ થાય ! ક્યારે પાર આવે આનો ? અહીં કોઈને વઢવું પડે જ નહીં.

## વ્યવસ્થિત શોધને કાજે રોક્યો મોક્ષ

**પ્રશ્નકર્તા :** તમે કેટલા અવતારો લીધેલા આ જન્મ પહેલા ?

**દાદાશ્રી :** કેટલાયે, હજારો જન્મ લીધેલા. બે-પાંચ હજાર અવતારો આમાં ને આમાં ચાલ્યા ગયેલા, આ પ્રાપ્તિ કરવા માટે. મોક્ષ તો મળતો'તો પણ 'મોક્ષ નથી જોઈતો' એમ કહેલું, કારણ કે મને 'આ કરે છે કોણ ?' એ જાણવું'તું. અમને કો'કે પૂછ્યું, ત્યારે અમે એ બોલેલા, પછી એને કવિએ ગાયું...

''અમોને મોક્ષ મળતો'તો, છતાં રોકાઈ ગ્યાં જાણી;
અમારી ભાવના જ હતી, જગત કલ્યાણ કરવાની.
અમે ખુદ મોક્ષ રોક્યો'તો, 'વ્યવસ્થિત' શોધને કાજે;
અબજ વર્ષો જે ગુપ્ત હતું, તે નીકળ્યું વિશ્વમાં આજે.''

મોક્ષ રોક્યો'તો, વ્યવસ્થિતની શોધને માટે. કંઈ સુધી મૂઆ ત્યાગ કરવું, આ બધું ? બૈરી છોડીને આપણે ત્યાગ લઈએ, તો બૈરીને રડતી મૂકીએ, એ મોક્ષ શી રીતે થાય તે ? અને બૈરી એમ કહે, કે 'હવે રાજીખુશીથી તમે જાવ', એવો આ દુનિયામાં મેળ પડે નહીં. એટલે આ શોધખોળ કરી કાઢેલી, કે આ બધું હોય ને છતાંય મોક્ષ થાય.

## અગ્રશોચ ગઈ, વ્યવસ્થિતની શોધ થયે

અક્રમની શોધખોળ એમ ને એમ થઈ નથી, અનંત અવતારની આ ભેળી શોધખોળ છે. તેથી તો અમે લખ્યું છે, કે અમને મોક્ષ મળતો'તો...

**પ્રશ્નકર્તા :** છતાં રોકાઈ ગ્યાં જાણી.

**દાદાશ્રી :** ''અમે ખુદ મોક્ષ રોક્યો'તો, વ્યવસ્થિત શોધને કાજે.'' શું કહ્યું ? વ્યવસ્થિત શોધને કાજે. એ શોધ કરીને જ છોડી ને ! અમને એમ લાગતું'તું કે આ ભગવાને માર્ગ કહ્યો છે, એ માર્ગ તો બહુ સરસ છે અને જ્ઞાનેય સરસ છે ! પણ આ જ્ઞાન મારી પ્રકૃતિને ફિટ થતું નથી. માટે કંઈક ફિટ થાય એવું હોવું જોઈએ. એટલે આ જે કંઈ બની રહ્યું છે, એ એક્ઝેક્ટ વ્યવસ્થિત જ છે. પછી પાછળ ચિંતા ના રહેવી જોઈએ, જ્ઞાન થયા પછી. આ (ક્રમિકમાં) તો જ્ઞાન થયા પછીય ચિંતા રહે પાછી. એટલે અહીં આ જ્ઞાન થયા પછી ચિંતા નહીં. આવી જાય ને, વ્યવસ્થિત ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એટલે ભગવાને જે શબ્દો લખ્યા છે મહીં, અગ્રશોચ અને એક બાજુ ભગવાને કહ્યું છે, જ્ઞાની પુરુષ તો વર્તમાનમાં રહે. ત્યારે કહે, સાહેબ, અગ્રશોચ તો જતો નથી, તો આ વર્તમાનમાં શી રીતે રહું ? કૃપાળુદેવનેય અગ્રશોચ ગયો નહોતો. તેથી તો એ ત્યાગ-બ્યાગ કરે ને ! અગ્રશોચ તો શબ્દે શબ્દે દેખાય, દરેક શબ્દમાં હોય અગ્રશોચ !

**પ્રશ્નકર્તા :** અને આ વ્યવસ્થિતમાં તો આખો અગ્રશોચ જ કાઢી નાખ્યો.

**દાદાશ્રી :** અગ્રશોચ નહીં, પીછે કા શોચ અને અગ્રશોચ બન્ને ઊડી ગયા. વર્તમાન જ રહ્યું ! ભૂતકાળેય ખોવાઈ ગયો. પેલા લોકોનેય ભૂતકાળ ખોવાઈ ગયેલો પણ એ લોકો એક્ઝેક્ટ રાખે પાછા. ભૂતકાળને ખોવાઈ ગયેલો જ રાખે, એટલો પુરુષાર્થ હોય એમનો.

**પ્રશ્નકર્તા :** ખોવાઈ ગયેલો જ રાખે.

**દાદાશ્રી :** હા, જરાય ખોળે નહીં. પણ અગ્રશોચ તો એમને કૈડ્યા વગર રહે જ નહીં. એ લલ્લુજી મહારાજ કહેતા'તા ને, કે મારા જેવા લલ્લુભાઈ હતા એ મરી ગયા, એટલે મને એમ લાગ્યું કે હું મરી જઈશ હવે. અને આપણા મહાત્માઓ તો આમ 'વ્યવસ્થિત' કરીને જે સૂઈ જાય છે, તે નસકોરા બોલાવે છે, એય... ઘરડ ઘરડ આખી રાત !

## ભૂત-ભવિષ્ય અલોપ, રહ્યું બસ વર્તમાન

અને એટલી બધી ગૂઢ શોધખોળ કરેલી છે કે અત્યારે દરેક માણસને મારા આવા એક જ કલાકના પ્રસંગથી એનું બધું જ જતું રહે છે. નિર્વિકલ્પ દશામાં રહે છે, વિધિન વન અવર. કારણ કે બધું જ લઈને આવેલો છું. અને ભવિષ્યની ચિંતા ન થાય, સંસારમાં રહે છતાં ભવિષ્યની બિલકુલેય ચિંતા નહીં. ભૂતકાળમાંથી તો બુદ્ધિશાળીઓ ચિંતામુક્ત થઈ શકે છે. થઈ શકે કે ના થઈ શકે ?

**પ્રશ્નકર્તા :** થઈ શકે, એ તો બરાબર છે.

**દાદાશ્રી :** ઘડી પહેલા થઈ ગયું, એમાં બુદ્ધિશાળીઓ ચિંતામુક્ત રહી શકે છે. પણ ભવિષ્યકાળમાં બધા ન રાખી શકે. આ ભવિષ્યકાળની ચિંતા અમને બિલકુલ થાય નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે એનો અર્થ એ થયો કે ભૂત-ભવિષ્ય બધું અલોપ થઈ ગયું, એક જ બની ગયું.

**દાદાશ્રી :** વર્તમાન જ રહ્યું બસ. અને તે વર્તમાનમાં જે આવે એ જમો નિરાંતે. રસ-રોટલી આવે તો નિરાંતે જમો ને સૂઈ જાવ, કહીએ.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આ વ્યવસ્થિતની શોધખોળે તો ગજબનું કરી દીધું છે !

**દાદાશ્રી :** બહુ ઊંચી શોધખોળ ! એ શોધખોળને લઈને હું ફાવેલો છું. હું એવું કંઈક ખોળતો હતો કે આ જે તીર્થંકરોએ લખ્યું, કે અગ્રશોચ, એ જે આગલું ભવિષ્યમાં શું થશે, એનો શોચ રહ્યા કરે માણસને, તે હું એક્સેપ્ટ કરતો નહોતો કે ભઈ, આ મને પોસાય નહીં. આગળ શું થશે, એનો ભય ન રહે, એવું કંઈક જ્ઞાન જોઈએ.

**પ્રશ્નકર્તા :** તે આ નીકળ્યું.

**દાદાશ્રી :** એ ઘણા અવતારથી આ શોધખોળ ને એમ કરતા કરતા આ અવતારમાં ફિટ થઈ ગયું. અને આ શાસ્ત્રીય જ્ઞાન નથી, આ

અનુભવજન્ય જ્ઞાન છે. બીજા બધા રસ્તે ગયેલા ને, ભયવાળા રસ્તે જ ગયેલા. ભયની સાથે જ જીવવાનું, પણ એમ કરતા કરતા ઓછો થતો જાય. પણ એમાં શું જીવન જીવવાનું ? અત્યારે નિર્ભયતાથી નિરાંતે ડાકોરમાં આપણે જમીએ, છે કશી ઉપાધિ ? ડાકોરમાં જમવા બેઠા હોય દૂધપાક-પૂરી ને માલપૂડા. ઉપાધિ ખરી ?

**પ્રશ્નકર્તા :** ના રહે.

**દાદાશ્રી :** અને પેલું તો માથે જાણે ચક્કર ફર્યા જ કરતું હોય, તો એમાં શું મજા આવે ?

## નક્કી કરેલું કે નિર્ભય ન થવાય ત્યાં સુધી મોક્ષ નકામો

અનંત અવતારની શોધખોળ છે અમારી આ. માણસને શાંતિ શી રીતે થાય ? ભય શી રીતે જાય ? ભય વગરનો માણસ કેવી રીતે થાય ? મહાવીર ભગવાનના બધા જ ગણધરો ભયથી પીડાતા હતા.

**પ્રશ્નકર્તા :** ભયથી ?

**દાદાશ્રી :** હા, ભયથી પીડાતા'તા. આમ થઈ જશે કે તેમ થઈ જશે, આમ થઈ જશે કે તેમ થઈ જશે. ભવિષ્યનો ભય કોઈને જાય નહીં. કેવળજ્ઞાનીને જાય, અગર કેવળજ્ઞાનીના જે સંપૂર્ણ કૃપાપાત્ર થયેલો હોય તેને જાય. બાકી સમકિતીને (સમ્યક્ દર્શનવાળાને) આ ભય રહ્યા કરે. થોડો રહે, બિલકુલ થોડો ! કેટલો રહે ?

**પ્રશ્નકર્તા :** થોડો.

**દાદાશ્રી :** થોડો રહે. જ્યાં સુધી સમ્યક્ જ્ઞાન (અનુભવ જ્ઞાન) ન થાય ત્યાં સુધી કંઈનો કંઈ ભય રહ્યા કરે. શરીર બગડ્યું, છૂટી જશે તો ? છૂટી જશે તો ? હવે જ્યાં 'તો' આવે ત્યાં આગળ શું કરવું પડે ? 'છૂટી જશે તો ?' હવે અત્યારે છે તમને કોઈ પણ વાતનો ભય ? જો કેવી શોધખોળ છે ! મેં નક્કી કરેલું હતું કે આ જ્યાં સુધી નિર્ભય ના થવાય, ત્યાં સુધી મોક્ષ નકામો છે.

## નિરાળી શોધખોળ, બીજે દહાડે જ ફિટ થઈ જાય

**પ્રશ્નકર્તા :** દાદા, વ્યવસ્થિતના આપના જ્ઞાનથી તો મહાત્માઓનો લગભગ પોણા ભાગનો ભાર બધો ઊંચકાઈ ગયો હોય છે.

**દાદાશ્રી :** એ કશું રહ્યું જ નહીં એમને. ચિંતા જ નહીં ને ! ચિંતા નહીં, વર્તમાનમાં જ વર્ત્યા કરે. ભૂતકાળનો ભય તો ગયો અને ભવિષ્યકાળનો જે ભય હતો, એ વ્યવસ્થિત ઉપર છોડી દીધો, એટલે ગયો. એટલે વર્તમાનમાં વર્ત્યા કરે, દાદાની આજ્ઞામાં બસ. તે મોક્ષસુખમાં ! તે આ વ્યવસ્થિત અમારી શોધખોળ છે, નિરાળી શોધખોળ ! જુઓ ને, બીજે દહાડે ફિટેય થઈ જાય ને ! નહીં ? તમને વ્યવસ્થિત બીજે દહાડે ફિટ થઈ જાય કે નથી થતું ?

**પ્રશ્નકર્તા :** એકદમ ફિટ થઈ જાય છે.

**દાદાશ્રી :** હં, ત્યારે... બહુ ઊંચી શોધખોળ છે એ. નહીં તો ભવિષ્યનો ભય તો જાય જ નહીં, ગમે તેટલું જ્ઞાન હોય. આત્મજ્ઞાન હોય તોય ભવિષ્યનો ભય જાય નહીં, અગ્રશોચ જાય નહીં. ભવિષ્યનો ભય તો નિરંતર રહ્યા કરવાનો, પણ આ તો મેં તો ભવિષ્યનો ભય જ આખો ઉડાડી મેલ્યો, વ્યવસ્થિત છે કહીને. ભૂતકાળ તો ગયો, ભવિષ્યકાળ વ્યવસ્થિતને આધીન, અને વર્તમાનમાં રહો, એવું હું કહું છું.

એટલે નિર્ભય બનાવી દીધા તમને. એ નિશ્ચિંત બનાવ્યા. આ આગવું દર્શન છે. જ્ઞાન તેનું તે જ છે. પરાપૂર્વથી ચાલ્યું આવે છે તે જ, પ્રકાશ તેનો તે જ, દર્શન આગવું છે. આગવું તમે સમજો ને ? મૌલિક.

**પ્રશ્નકર્તા :** ઑરિજિનલ.

**દાદાશ્રી :** ઑરિજિનલ છે આ. એટલે સરળ કરી આપ્યો રસ્તો. હું તો કઠોર રસ્તેથી ચાલીને આવેલો છું આ જગ્યાએ. પણ તમને તો સરળ કરી આપ્યો. એટલે લોક મને કહે છે, દાદા, તમે છે તે અક્રમનો જ લાભ ઉઠાવ્યો ? મેં કહ્યું, ના, બા. આ હું તો ક્રમના ગોદા ખઈ ખઈને મરી ગયો'તો. અને આ અક્રમનો તો લાભ તમને મળ્યો.

## બધાને અમારી જેમ વલોવવાની જરૂર નહીં

આ વ્યવસ્થિતની શોધખોળને માટે જ કેટલાય અવતારો ગયા છે. આ વ્યવસ્થિતની શોધખોળ એ મોટું ઈન્વેન્શન છે. આ લોકોને કેટલું કરવું ને કેટલું નહીં કરવું, એની છે તે લક્ષ્મણરેખા જોઈએ ને ?

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિતની શોધખોળ માટે આપને બહુ મથામણ કરવી પડેલી પણ અમને એ મફતમાં મળી જાય તો પછી અમને કંઈથી પચે ?

**દાદાશ્રી :** પચે તો ખરું પણ, હંમેશાં જ્ઞાનને જો આરાધનાપૂર્વક વાપરે ને, તો પચી જાય. તૈયાર માખણ તમારે. અમને તો વલોવવું પડેલું. આ બધું પુણ્યૈને આધીન. એ બધાએ વલોવવું એવું કોઈ કાયદો નથી. બધાય વલોવવા જાય તો પારેય નથી આવે એવો.

## છતે અહંકારે આ શોધખોળ કરેલી

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આ વ્યવસ્થિતની વાત જેને સમજાઈ નથી હોતી, તેને પેલું ગમે તેમ કહીએ કે 'તું ચિંતા ના કર, ચિંતા ના કર' પણ એ ચિંતા વગર રહી શકે જ નહીં.

**દાદાશ્રી :** પણ આ વ્યવસ્થિત કોને લાગુ થાય છે ? જેનો અહંકાર મરી ગયેલો છે તેને લાગુ થાય છે. અહંકાર જીવતો હોય તો ડખો કર્યા વગર રહે નહીં ને !

**પ્રશ્નકર્તા :** રહે નહીં.

**દાદાશ્રી :** એટલે આ શોધખોળ મેં છતે અહંકારે કરેલી છે. છતે અહંકારે મને વ્યવસ્થિત લાગતું હતું. કારણ કે આ જ્ઞાન ઉપર હું ડખો જ કરતો નહોતો. અને આ બીજા લોકો ડખો કરે કે વ્યવસ્થિત છે પણ હું કંઈક કરી શકું છું. હું જાણું, કે જે કરી શકવા છતાંય ન થયું તે આ વ્યવસ્થિતે કર્યું. અને મારી શોધખોળ આ, એ બહુ ઉત્તમ શોધખોળ !

## એ જોવા કેટલાય અવતાર રહ્યા અમે અક્રિય

કેટલાય અવતાર તો અમે કોઈ પણ ક્રિયા વગર જ સંસારમાં રહ્યા છીએ, એને જોવા માટે, તપાસવા માટે, કે ચાલે છે કે બંધ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** કોઈ પણ ક્રિયા વગર ચાલે છે કે બંધ થઈ જશે એટલા માટે ?

**દાદાશ્રી :** હા. એટલે સુધી મેઝર (માપ) કાઢેલું, કે આ બધી બાબતમાં એક્ઝેક્ટ ચાલે છે કે બંધ થઈ જાય છે. લોકોની ધીરજેય એટલી રહે નહીં.

એ જ શોધતો હતો કે શેના આધારે ચાલી રહ્યું છે ? લોક કહે કે મારા કર્મો ચલાવે છે. તો મૂઆ, સૂર્ય-ચંદ્ર કોણે ગોઠવ્યા ? આ બધી મુશ્કેલી ઊભી થાય છે, તો ખરેખર ચલાવનાર કોણ છે ? હૂ ઈઝ ધ રિસ્પૉન્સિબલ ? (કોણ જવાબદાર છે ?) તો આ વ્યવસ્થિત.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન થતા પહેલા એ દેખાતું'તું ?

**દાદાશ્રી :** પહેલેથી આ સત્ય જાણ્યા સિવાય મોક્ષે જવું નથી એવું નક્કી કરેલું, કે આ જગત ચલાવનાર ખરેખર કોણ છે ? આપણા કર્મના ઉદય લોક કહે છે, તે કર્મના ઉદય તે મને એકલાને લાગુ થાય, મૂઆ. સૂર્ય-ચંદ્રને શું લેવાદેવા ? આ તારા ને ચંદ્ર એવા ને એવા જ રહે છે. આ બધી આવડી મોટી દુનિયા શી રીતે ચાલે છે ? માટે 'વ્યવસ્થિત' નામની શક્તિ છે, સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. અને તે અમે સમજ્યા પછી આપ્યું છે આ. અને તત્કાળ જ ફળદાયી છે પાછું. કેવું ફળદાયી ? અવ્યવસ્થિત થતું જ નથી આ જગતમાં, પછી ભાંજગડ જ ક્યાં રહી ?

## હવે આવરણ ના આવે

**પ્રશ્નકર્તા :** ગઈકાલે એક પૉઈન્ટ સરસ નીકળ્યો પેલો, આ બાજુ એવું ખબર પડે, ભગવાન કંઈ જ કરતા નથી, તો પછી એને બધા પુરાવા જડે કે કેવી રીતે થાય છે. આત્મા કર્તા નથી, તો પેલા પુરાવા જડે.

**દાદાશ્રી :** તોય પણ ના જડે.

**પ્રશ્નકર્તા :** ના જડે ?

**દાદાશ્રી :** જવાબ લખવાથી દાખલો કંઈ એકદમ ઓછો આવડી જાય ?

**પ્રશ્નકર્તા :** આપને તો એવું ખ્યાલમાં આવી ગયું હશે ને, પહેલેથી કે ભગવાન આવું કરે નહીં, આત્મા આવું કરે નહીં, તો કોણ કરે છે ? તપાસમાં એવું કંઈ હશે ને ?

**દાદાશ્રી :** એ તો અમે આ જોયેલું એટલે તમને કહી શકીએ. જોયું ના હોય તો શી રીતે કહીએ ?

**પ્રશ્નકર્તા :** એમ નહીં, એટલે જ્ઞાન થતા પહેલા પણ એવી કંઈક આમ ગોઠવણી ખરી ?

**દાદાશ્રી :** જોવામાં આવેલું. પછી આવરણ આવી જાય પાછું. પછી મૂળ એક્ઝેક્ટની તો વાત બહાર ખુલ્લી પડે જ નહીં ને ! કોઈ પુસ્તકમાં ના હોય, શાસ્ત્રમાં ના હોય.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** એનું વર્ણન કે શબ્દો ના હોય. એ મૂળ એક્ઝેક્ટ અમારે જાણવામાં આવેલું. પણ શબ્દોનું વર્ણન ના હોય એટલે પછી શી રીતે ?

**પ્રશ્નકર્તા :** એ મૂળ એક્ઝેક્ટ ક્યારે જાણવામાં આવેલું ? ૧૯૫૮માં કે એ પહેલા ?

**દાદાશ્રી :** એ ક્યારે આવ્યું શું ખબર પડે ? ગયા અવતારનું હશે કે આ એના આગલા અવતારનું હશે ! ત્યાર પછી આ છેદાય ને બધા. છેદ ક્યારે ઉડાડાય ? મૂળ એક્ઝેક્ટ જાણવામાં આવે ત્યાર પછી બધા છેદ ઉડાડાય, કે આ નહોય, આ નહોય, આ નહોય.

**પ્રશ્નકર્તા :** બરોબર. તો પછી આ '૫૮માં જ્ઞાન થયું...

**દાદાશ્રી :** એ તો આવરણ તૂટ્યું. આવરણ આવી જાય ને પછી.

**પ્રશ્નકર્તા :** અચ્છા. પેલું તો આવ્યું અને પછી પાછું આવરણ આવી જાય.

**દાદાશ્રી :** એ હંમેશાં જોયા પછી આવરણ આવે જ.

**પ્રશ્નકર્તા :** અને આમાં આવરણ ન આવે હવે.

**દાદાશ્રી :** હવે ના આવે. ઉપશમ ઠેઠ સુધી પહોંચે પણ તરત આવરણ આવી જાય અને ક્ષાયક ક્ષય કરતા કરતા પહોંચે, એટલે આવરણ ના આવે.

## આ શોધખોળ પણ પછી આવરાઈ જવાની

**પ્રશ્નકર્તા :** દાદા, તમે જે આ અક્રમ જ્ઞાન, વ્યવસ્થિત વગેરેની શોધખોળ કરી છે, એ હવે જગતમાં કાયમ રહેશે ?

**દાદાશ્રી :** એવું નથી, આ જ્ઞાન પણ આવરાઈ જવાનું પાછું. જ્ઞાન તો પ્રગટ થાય છે, પાછું આવરાઈ જાય. આવરાઈ જાય, એટલે પાછું આમનું ચાલતું'તું, તેનું તે રગશિયું ગાડું* ચાલ્યા કરે પાછું. આ પુણ્યશાળી લોકો લાભ ઉઠાવી અને ચાલ્યા જશે.

હંમેશાં જ્ઞાન પ્રગટ થાય છે અને આવરાય છે. પ્રગટ થાય છે અને આવરાય છે. એવું નથી કે આ જ્ઞાન પ્રગટ થયું એટલે કાયમ રહેશે. દરેક પ્રકારના જ્ઞાન પ્રગટ થાય છે, જાતજાતના જ્ઞાન, સમય-સંજોગના આધીન. કેવળજ્ઞાન એક જ પ્રકારનું છે, પણ સમય-સંજોગના આધીન જાતજાતનું છે. એટલે કાળને આધીન ફેરફાર થયા કરે છે. પ્રકાશ એક જ પ્રકારનો છે પણ કાળને આધીન એ વાણી, શબ્દો, વાત, એની રીત, રસમ બધું જ જુદું.

**પ્રશ્નકર્તા :** દાદા, સાવ સાચી વાત.

**દાદાશ્રી :** એટલે આમાં એવું નથી કે આ દાદાએ શોધખોળ કરી

---
*રગશિયું ગાડું - ધીમે ધીમે ઢસડાતું થતું કામ

તે કાયમને માટે છે. આવી તો બધી બહુ તીર્થંકરોએ શોધખોળ કરી કરીને મૂકેલી પણ બધી આવરાઈ ગઈ કેટલીય. આ દાદાએ મૂકી છે તેય એંસી હજાર વર્ષ સુધી ચાલીને પછી આવરાઈ જશે પાછી. તીર્થંકરો આવ્યા કે નવી જાતની વાત. અને તે દહાડે મન-વચન-કાયા બધા સારા થઈ ગયા હોય, તીર્થંકરના સમયમાં એવા ડહાપણવાળા થઈ ગયા હોય.

❖❖❖❖❖

# [૯.૨]
# પકડાયો વર્તમાનનો ભય, વાઘડુંગરી પર

## દરેક વાત મેં ટ્રાયલ ઉપર મૂકેલી

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કેટલાય અવતારથી અગ્રશોચ કે કોઈ જાતનો ભય ના રહે એવું જ્ઞાન ખોળતા હતા અને આ ભવમાં તમને એવું જ્ઞાન ફિટ થઈ ગયું. પછી તમને કોઈ ભય રહ્યો જ નહીં ?

**દાદાશ્રી :** એવું છે, ત્રણ પ્રકારના ભય જવા જોઈએ માણસને. ત્રણ પ્રકારના ભય જાય ત્યારે એને વીતરાગ કહેવામાં આવે છે. તે ભૂતકાળનો ભય ખલાસ થઈ જવો જોઈએ, ભવિષ્યકાળનો ભય ખલાસ થઈ જવો જોઈએ અને છેવટે વર્તમાનકાળનો ભય ખલાસ થઈ જવો જોઈએ. તે મારે ભવિષ્યકાળનો ભય બિલકુલ ખલાસ થઈ ગયેલો હતો. ભૂતકાળનો ભય ખલાસ થઈ ગયો'તો. ભૂતકાળ એટલે ઘડી પહેલા મારા ઘરના બધા ઑફ થઈ ગયા (ગુજરી ગયા), એનો ભય મને ના હોય. એક મિનિટ પહેલા જ કોઈ ઑફ થઈ ગયું એનો ભય ના હોય, અને ભવિષ્યકાળનો ભય ના હોય, કે મિનિટ પછી શું થશે બે પલમાં, કે પક્ષાઘાત થઈ જશે તો શું થશે, એવું તેવું. ડૉક્ટર કહે, પક્ષાઘાત થશે તોય આગળ કંઈ ભય ના લાગે.

**પ્રશ્નકર્તા :** તો વર્તમાનનો વિકલ્પ રહે ?

**દાદાશ્રી :** વર્તમાનની બાબતમાં તો એ જાતે મેં જઈને ટેસ્ટ લીધેલો.

નહીં તો આ જ્ઞાન (વીતરાગતા) મને થાત. પણ વર્તમાનનો ભય રહે છે, એનો ટેસ્ટ લીધો'તો.

દરેક વાત મેં ટ્રાયલ (કસોટી) ઉપર મૂકેલી. આ દુનિયામાં એક પણ ચીજ હું ટ્રાયલ પર મૂક્યા વગર રહ્યો નથી. ટ્રાયલ એટલે અનુભવ થાય તો જ આગળ ખસું.

## જ્ઞાન પરિણામ પામ્યું કેટલું, તેની પરીક્ષા કરવા ગયા

એટલે આ જ્ઞાન મને કેટલું પરિણામ પામ્યું છે, એ જોવાનો મને વિચાર આવ્યો. તે હું મારી પરીક્ષા કરવા ગયો'તો. સોનગઢમાં અમારે લાકડાનો બિઝનેસ. તે પછી ત્યાં આગળ પેલું ડાંગનું જંગલ ખરું ને, ત્યાંથી શરૂઆત થાય. તે પછી એક જણને મેં કહ્યું, 'અહીં વાઘ-બાઘ કંઈ રહે છે ?' ત્યારે કહે, 'અહીં વાઘડુંગરી છે ત્યાં આગળ વાઘ રહે છે.' ત્યારે મેં કહ્યું, 'આપણે ત્યાં જવું છે.' ત્યારે કહે, 'સાહેબ, ત્યાં શું કામ ? લોકો ત્યાં ગયા હોય તો પાછા આવતા રહે છે અને તમે ત્યાં જવાની વાત કરો છો ?' મેં કહ્યું, 'મારે પરીક્ષા કરવી છે. મારી જાતની પરીક્ષા ! મને એમ લાગે છે કે બધી પ્રકારનો ભય મને ગયો છે, પણ ગયો છે કે નહીં તેની સાબિતી કરવી છે.' કારણ કે ભૂતકાળનો ભય ગયો છે એની સાબિતી થઈ ગયેલી. ઘડી પહેલા ગમે તે થઈ ગયું હોય, એ બધું બળી ગયું કે બધા મરી ગયા, તો એ બધાનું કશું જ અંદર પરિણામ ઉત્પન્ન ન થાય.

**પ્રશ્નકર્તા :** હા, એટલે ભૂતકાળની સાબિતી થઈ ગઈ.

**દાદાશ્રી :** ભૂતકાળની સાબિતી થઈ ગઈ. અને ભવિષ્યકાળનું મારી પાસે સાબિતી તો છે. કારણ કે હું વ્યવસ્થિત જોઈને આવ્યો છું. વ્યવસ્થિત જ છે જગત, એવું હું જોઈને આવ્યો છું ને આ બધાને વ્યવસ્થિતનું મારા અનુભવ પ્રમાણે જ્ઞાન આપ્યું છે કે વ્યવસ્થિત જ જગત છે. પણ એ તમારે માટે, નહીં કે લોકોને માટે. આ સાપેક્ષ વચન છે, મેં દૃષ્ટિ બદલી આપી તેને માટે છે. દૃષ્ટિ બદલાયેલી નથી તેને માટે નથી. એટલે ભવિષ્યકાળનો ભય મને રહ્યો નથી. એ તો મને સોએ સો ટકા. કારણ કે

બીજાનો મેં કાઢી આપ્યો ભવિષ્યકાળનો ભય, તો મારો કેમ કરીને રહે ? એટલે ભૂતકાળ ને ભવિષ્યકાળ બે ગયા. હવે વર્તમાનકાળની સ્થિતિ, તે મેં કહ્યું, ટેસ્ટ તો કરવો જ જોઈએ આપણે. એમ ને એમ બોલીએ, કે 'ના, ના, મને કશું અડતું નથી', એ કંઈ ચાલે નહીં. એટલે ટેસ્ટ તો કરવો જોઈએ ને ? તે વાઘડુંગરી ઉપર ગયા.

## મહીંવાળાએ જ બિવડાવ્યા, માટે હજુ ફેઈલ

તે વાઘડુંગરી ઉપર ગયા ત્યાં, બે માણસો લઈ ગયો, ત્યાંના આદિવાસીઓ. એ બે માણસોય ગભરાતા'તા. મને કહે, 'સાહેબ, અમે તો વખતે ગમે ત્યાં ચઢી જઈએ ઝાડ ઉપર, તમને તો ઝાડ ઉપર ચઢતાય ના આવડે.' મેં કહ્યું, 'જોઈ લઈશું આપણે, મને જોવા તો દે, મને ભય લાગે છે કે નહીં તે !' એટલે પછી ઉપર ચઢ્યા પછી મને દેખાડ્યું, કે આ મહીં હોલ છે આ એની મહીં...

**પ્રશ્નકર્તા :** બખોલ, હા.

**દાદાશ્રી :** તે આ બે-ત્રણ બખોલોમાં અહીં આગળ એક-બે વાઘ રહે છે. હવે સાહેબ, આપણે જઈએ, કહે છે.

**પ્રશ્નકર્તા :** પાછા જઈએ એમ ને ?

**દાદાશ્રી :** હા, 'આપણે હવે પાછા જઈએ. તમે જોઈ લીધું', કહે છે. મેં કહ્યું, 'જોયું પણ મને અનુભવ શો થયો હજુ કશો ? જેટલો અનુભવ તમને છે એટલો જ મને છે હજુ. એટલે એમ કરો, તમે ચાલવા માંડો, હું અહીં બેસું.' મેં શું કહ્યું એમને ? 'મારે આ જોવું છે.' ટેસ્ટ લેવો હોય તો પછી થર્મોમિટર મૂકવું જ પડે ને ?

**પ્રશ્નકર્તા :** જી હા.

**દાદાશ્રી :** થર્મોમિટર મૂક્યા વગર ટેસ્ટ કેમ થાય ? એ બધા ઊભા હોય એમાં શું ટેસ્ટ થાય ? એ તો એમનોય થયો ને આપણોય ટેસ્ટ થયો. એ તો હૂંફ કહેવાય.

**પ્રશ્નકર્તા :** હા, હૂંફ, બરોબર છે.

**દાદાશ્રી :** હૂંફ કહેવાય એ ઊભા છે તે. એટલે મેં કહ્યું, 'તમે ચાલવા માંડો.' તે એક થોડેક છેટે ચાલ્યા હશે, બસ્સો-ત્રણસો ફૂટ, એટલે મહીંથી બોલ્યું કો'ક, કે 'આ જતા રહેશે પછી સંભળાશે નહીં એ લોકોને. અને આ બાજુ વાઘ આવશે તો ?' એટલે હું સમજી ગયો, આપણે ફેઈલ છીએ આમાં. એટલે મેં એમને બૂમ પાડી. મેં કહ્યું, 'પાછા આવો ભઈ, પાછા આવો.' એટલે બિચારા એ દોડતા દોડતા પાછા આવ્યા, એમણે જાણ્યું કે આ ભડકી ગયા ! મને કહે છે, ''અમે ના કહેતા'તા ને, સાહેબ. આ અહીં રહેવા જેવું નથી.'' મેં કહ્યું, ''મારે એટલું જ જોવું'તું અહીં આગળ.'' આમ વાઘ તો મને દેખાયોય નથી, એનું મોઢુંય નથી દેખાયું, એણે બૂમ નથી પાડી, પણ મને મહીંવાળાએ બિવડાવ્યો, કે હમણે નીકળશે તો ? ઓત્તારી ! મેં કહ્યું, 'આ આપણો વર્તમાન ભય ચાલુ રહ્યો છે.' એટલે આ વર્તમાન ભયથી મુક્ત થઈ જવા જેવું છે. પછી અમે એ ભયથી મુક્ત થઈ ગયા. હવે અંબાલાલ જરા ભડકે તો મારે શું ? અંબાલાલ ને મારે શું લેવાદેવા ? લાંબી નહીં, કંઈ લેવાદેવા નહીં, પાડોશી તરીકેની જંજાળ ! એટલે અમારે જે આટલું એકપણું વર્તતું'તું, તે એકપણું અમે છૂટું કરી નાખ્યું, કે ભઈ, હવે એય નહીં ને આય નહીં. અમારે વ્યવહાર જ નહીં આવો બીજો, પાડોશી વગરનો.

## સામો વાઘ ભેગો થાય તો શુદ્ધાત્માની ગુફામાં પેસી જઈએ

પછી અમે તપાસ કરી, કે વાઘ અંદર બોડમાં છે ને બહાર નીકળ્યો નથી તેનો ભય લાગે છે કે સામો એક્ઝેક્ટ ભેગો થઈ જાય તેનો લાગે છે ? તે અમે કહ્યું કે સામો એક્ઝેક્ટ ભેગો થાય તો બીક નહીં લાગે. અહીં બોડમાં છે તેની બીક લાગે છે. એક્ઝેક્ટ ભેગો થયો એટલે તરત જ અમે સમજી જઈએ, અમે શુદ્ધાત્માની ગુફામાં જ પેસી જઈએ. હવે તો આવી જ બન્યું છે ને ! હવે તો હિસાબ ચૂકતે જ થાય છે ને, તો પછી આપણે શું, આપણે આપણી ગુફામાં પેસી જવાનું. એટલે ભય નહીં લાગે. સામો વાઘ આવે, તો ભય નહીં લાગે. સામું મરણ આવે તોય ભય ના લાગે. અને મરણનો ભય તો લાગતો નથી પણ વાઘનો ભય લાગે છે.

વર્તમાનનો કયો ભય છે હજુ ? અત્યારેય એ મહીં મનમાં એમ થાય કે, આવશે તો ? એવો વિકલ્પ થાય. હાજર સામો ભેગો થાય તો બીક ના લાગે. સામો આવે તો તો નિર્ભય થઈ જાય.

## અનુભવમાં આવી ગઈ જ્ઞાનની કચાશ

આખેઆખું પાકિસ્તાન ચડી આવેલું આમ મોઢે દેખીએ, તોય કશું ભય ના લાગે. અને આમ કહે કે દસ-પંદર બહારવટિયા ચડી આવે છે, તોય મનમાં એમ થાય કે શું થશે ? એટલો આ ભય રહે છે, એવી તપાસ અમે કરી જોયેલી. ભવિષ્યકાળનો તો ક્ષણ વાર ભય રહેતો નથી, ભૂતકાળનોય ક્ષણ વાર ભય નથી રહેતો. વર્તમાનકાળમાંય આમ સામો ભેગો થાય તો નથી રહેતો, પણ આ ભય રહે છે. એય એક પ્રકારનો ભય છે ને ?

**પ્રશ્નકર્તા :** વર્ણન કરો એના ઉપરથી કોઈને અનુમાન થાય કે બીક લાગે, પણ તમે કહો છો એ કંઈક જુદી વસ્તુ છે.

**દાદાશ્રી :** હા, પણ તે આમ હાજર થાય તો ના લાગે. રૂબરૂ થઈ જાય ને...

**પ્રશ્નકર્તા :** ભયને અને જ્ઞાનને કંઈ લેવાદેવા ખરી ?

**દાદાશ્રી :** કશુંય લેવાદેવા નથી. ભયને અને જ્ઞાનને લેવાદેવા નથી, પણ ભય મહીં ઊભો થાય એવી ખબર આપણને પડે. મારું શું કહેવાનું છે, જ્ઞાન એનું નામ કહેવાય કે ભય ઊભો જ થવો ન જોઈએ. તે એટલી કચાશ રહેલી છે એવું અમને અનુભવમાં આવી ગયેલું. તે ટેસ્ટ ઉપર મૂકેલું ને ! આપણું પોતાનું બધું ટેસ્ટ ઉપર મૂકવું જોઈએ. ટેસ્ટ ઉપર મૂક્યા વગરનું નકામું છે.

## નબળાઈ ક્યાં છે એ બહુ ઝીણવટથી તપાસ કરેલી

**પ્રશ્નકર્તા :** દાદા, તમને ટેસ્ટ કરવાનું મન થયું, ત્યાં જ વિકલ્પ છે. પેલું તો ટેસ્ટ કરવાનું જ મન ના થાય. આપને જે વાઘની બોડમાં જવાનું, ટેસ્ટ કરવાનું જે મન થયું, એ જ વિકલ્પ હતો.

**દાદાશ્રી :** હા, એ વિકલ્પ હતો પણ એને ટેસ્ટ તો આપણે કરવું જોઈએ ને ? એવું છે ને, કે કોઈ કહેશે, તાવ છે કે નહીં તે તમારે જાણવું તો જોઈએ ને ?

અંદર એક પરમાણુ જેટલું હાલી જાય છે. એક પરમાણુ જેટલું હાલે છે એ ક્યાં આગળ, એ તપાસ કરવી જોઈએ. એક પરમાણુ જેટલું કંઈ પણ ભય ઊભો થાય છે, એવો વિકલ્પેય ઊભો થાય છે, તો એ વિકલ્પ ઊભો થાય તેની સામે અમારું પેલું જ્ઞાન હાજર હોય ને ? પણ વિકલ્પ ઊભો થયો તે ભય છે. એ ના થવો જોઈએ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** વિકલ્પ ઊભો ના થવો જોઈએ.

**દાદાશ્રી :** હં. જો આપણે શુદ્ધાત્મા છીએ તો બીજું છીએ નહીં. પણ બીજું છીએ, એવું સહેજ પણ કંઈક અસર છે હજુ.

તમે ટેસ્ટ કરી જોયેલો ?

**પ્રશ્નકર્તા :** ના, દાદા. બીજી બધી બાબતમાં તો આપણને થાય કે ચંદુભાઈને થવાનું છે ને, પણ જ્યારે વાઘ આવે ત્યારે તે ઘડીએ ના રહેવાય ને, કે ચંદુભાઈને થવાનું છે.

**દાદાશ્રી :** ના, આ તો મારી વાત છે, મારું સ્કેલ બતાવું છું. વાઘ રૂબરૂ હાજર થાય તો મને કશું ના થાય. પણ જો હાજર ના થાય ને 'આવે છે' એમ કહ્યું, એટલે ક્યાં આગળ નબળાઈ રહી છે એ તપાસ કરેલી આ. બહુ ઝીણવટથી તપાસ કરેલી, નબળાઈ ક્યાં રહી છે તે !

**પ્રશ્નકર્તા :** એવું નથી કહેતો. આપણને કોઈ ધોલ મારે ત્યારે આપણે સમજી શકીએ છીએ, કે હવે એ તો ચંદુભાઈને મારી ને, ગાળ ભાંડે તો ચંદુભાઈને આપી ને, પણ વાઘ આવે તે ઘડીએ એ ના સમજાય, કે આ ચંદુભાઈને ખઈ જશે.

**દાદાશ્રી :** તે હું ના નથી કહેતો. તમને થાય અમુક વખત. પણ મને ક્યાં થાય, ક્યાં સુધી થાય છે, તે આ તો મારો ટેસ્ટ કહું છું. તમારો ટેસ્ટ જુદો ને મારો ટેસ્ટ જુદો.

## છેડો ફાડી નાખ્યો અમે અંબાલાલ જોડે

એટલે એટલા બધા અમે કાચા નથી. હમણે ઘડી પહેલા જે બની ગયું હોય, એ જરાય નહીં અસર કરે. એટલે ભૂતકાળનો ભય અમે જીતેલો છે, એવું અમને સમજાઈ ગયેલું. ભવિષ્યકાળ તો સંપૂર્ણ જીતાઈ ગયો છે. જગત આખું જે ભયમાં સપડાયું છે, તે તો અમારે સંપૂર્ણ જીતાઈ ગયેલો છે. પણ વર્તમાન એકલાનો અમને ટેસ્ટ લેવો'તો. મારા મનમાં એમ કે કંઈક છે ખરું આપણને, કે વર્તમાનનો ભય છે નહીં, પણ છતાં ટેસ્ટ વગર કેમ બોલી શકાય એવું ? લોકો મને પૂછે, કે તમને બધો ભય ગયો છે ? ત્યારે કહે, 'ના, હજુ એક બાબતનો ટેસ્ટ મારે બાકી છે. અને ટેસ્ટ થયા પછી કહીશ હું.' તે આ ટેસ્ટ તો હજુય બાકી છે. પણ હવે મારે કંઈ લેવાદેવા નથી. અંબાલાલ જોડે જે હતો છેડો આટલો, તેય ફાડી નાખ્યો. એટલે અંબાલાલથી જ અમે મુક્ત થઈ ગયા હવે. જે ભયવાળો છે, તેનાથી અમે મુક્ત થઈ ગયા. પણ હજુ છેવટે અંબાલાલને એ સ્થિતિમાં લાવવા પડશે. એટલે એકાદ-બે અવતાર કરીને રાગે પાડી દેવું પડશે, એમ ચાલે નહીં. દ્રવ્ય તો એક્ઝેક્ટ આવી જવું જોઈએ.

## કોઈનેય ના જાય વર્તમાનનો ભય

**પ્રશ્નકર્તા :** દાદા, એમાં આપે એવી રીતે કહ્યું, કે પછી અમે આની જોડે છેડો ફાડી નાખ્યો, એટલે એ.એમ.પટેલ જોડે છેડો ફાડી નાખ્યો પછી. એટલે ભય લાગે તો આમને લાગે, મને નહીં. એ શું, કહો ને !

**દાદાશ્રી :** હા, એટલે મને શેનો લાગે ? અને લાગે તો પટેલને લાગે. જે મરવાનો હોય તેને લાગે, મને શેનો ભય ?

**પ્રશ્નકર્તા :** પટેલને ભય લાગે ખરો ? એ.એમ.પટેલને ભય લાગે ?

**દાદાશ્રી :** ત્યારે બીજા કોને, મને શેનો લાગે તે ? પટેલને ભય લાગે. પછી થોડો વખત હું પટેલ થઈ જઉં એટલે પાછો ભય તો પેસે ને ?

**પ્રશ્નકર્તા :** પટેલ થઈ જાવ તો.

**દાદાશ્રી :** હા, થોડો વખત થવું જ પડે એ તો. હવે આમ કોઈ અપમાન કરવા આવે તો એનો ભય નથી લાગતો, અપમાન કરે, ગાળો દે.

**પ્રશ્નકર્તા :** તો એ પટેલ કેવી રીતે થઈ જવાય તો પછી ? એ ગાળો ભાંડે તે વખતે પટેલ થવાતું નથી.

**દાદાશ્રી :** ના, ના, એ તો ભય લાગે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** તો આ ભયમાં કેમ પટેલ થઈ જવાય ?

**દાદાશ્રી :** નહીં, એ તો હું પટેલ થઉં તોય ગાળો ના અસર કરે.

**પ્રશ્નકર્તા :** તો આમાં કેવી રીતે ફરક પડે ?

**દાદાશ્રી :** આમાં તો અહીં વાઘ આખો ખઈ જશે.

**પ્રશ્નકર્તા :** તો એ ભય પહેલાનો માલ છે, એમ ?

**દાદાશ્રી :** એટલે માનસિક ભયની ચિંતા નથી.

**પ્રશ્નકર્તા :** તો એ કયો ભય ?

**દાદાશ્રી :** આ શરીર જતું રહેશે તેનો ભય. પેલો ખઈ જશે. તે વખતે મરાય તો વાંધો નહીં. પેલો મૂઓ ખઈ જાય ને, એકદમ કોળિયો કરીને !

**પ્રશ્નકર્તા :** પણ એ ભય કેમ ? બીજો કોઈ ભય નહીં, તો આ શરીરનો ભય કેમ ?

**દાદાશ્રી :** એ જ અજાયબી છે ને ! વર્તમાનકાળનો ભય ના જાય, કોઈનેય જાય નહીં. એટલે આ વર્તમાનકાળની અમે તપાસ કરવા માંડ્યા. એટલે અમુક પ્રકારના ભય ગયેલા. આમ કોઈ ગાળો ભાંડે કે એવું તેવું બધું, તમે ગમે તે કરો, ખાવા-પીવામાં કશું એવું થયું હોય, તેય બધું ચલાવી લેવાય. બીજું બધુંય ચલાવી લેવાય. પણ આ ઉપરથી આવો વાઘ આવતો હોય, તે ના ચલાવી લેવાય. એટલે અમે તપાસ કરવા ગયા હતા ને, વાઘડુંગરીમાં.

## મને ભય એકલો જ નહોતો ગમતો

અત્યારે આમ વર્તમાન ભય ના રહે સ્વાભાવિક રીતે. જે આવવું હોય તે આવો. પણ વર્તમાન ભય જોઈ શકાય નહીં (જ્યારે પ્રસંગ બને ત્યારે જ ખબર પડે).

**પ્રશ્નકર્તા :** હા, ભૂતકાળમાં તો તમે દષ્ટિ કરી શકો. ભૂતકાળમાં તો તમે જોઈને નક્કી કરી શકો.

**દાદાશ્રી :** હા, તે...

**પ્રશ્નકર્તા :** વર્તમાનમાં કેવી રીતે જુઓ ? ભવિષ્યનો પણ ન દેખાય ને, દાદા ?

**દાદાશ્રી :** ના, ભવિષ્યનો ભય તો જતો રહ્યો છે. ભવિષ્યના ભયનો તો મને વાંધો નથી. આખો ભય જ નથી થયો. ભવિષ્યમાં શું થશે, એનો મને કંઈ ખ્યાલ, એ મારા લક્ષમાં જોઈ લીધો.

આખું જગત છે તે ભવિષ્યકાળમાં વધારે ખોવાયેલું છે. અગ્રશોચમાં ને એમાં બધામાં. શું થશે, આની આગળ શું થશે, આની આગળ શું થશે, એમાં જ ઘણુંખરું. અને કેટલાક નબળા મનના છે તે ભૂતકાળને પણ રડે છે. ભૂતકાળ થઈ ગયેલાને રડે છે, કે મારા વાઈફ બે વરસ પહેલા મરી ગયા, બહુ સારા હતા ! અલ્યા મૂઆ, અત્યારે શું કરવા રડું છું ? હવે એ તો ગયું એ ગયું. એ રડવાનો વખત ગયો. એટલે આનો કંઈ મેળ પડે એવો નથી.

ભય કોઈ પણ પ્રકારનો ના હોવો જોઈએ. મને ભય એકલો જ ગમતો નહોતો આ દુનિયામાં. કોઈ પણ વસ્તુ ના ગમતી હોય, તો મને ભય એકલો જ નહોતો ગમતો. ભય, તરફડાટ ! એ તો કંઈ ગમતું હશે ? શેના હારુ તરફડાટ ? તે હજુ શું અહીં ભોગવવાનું છે ?

## વર્તમાન ભય કેવળજ્ઞાન થાય ત્યારે જાય

**પ્રશ્નકર્તા :** તો પછી આ વર્તમાન ભય જાય ક્યારે ? એટલે કેવળજ્ઞાન થાય ત્યારે જાય ?

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** ત્રણસો સાંઈઠ ડિગ્રી થાય પછી ?

**દાદાશ્રી :** કેવળજ્ઞાન થાય ત્યારે જ જાય.

વર્તમાન ભય રહ્યો એટલે આ છેલ્લામાં છેલ્લી ચાર ડિગ્રી મારી બાકી રહી આ કેવળજ્ઞાનની.

**પ્રશ્નકર્તા :** મહાવીર ભગવાનને કંઈ ના હોય.

**દાદાશ્રી :** કશું ના હોય. એ ચાર ડિગ્રી હોત તો આ કંઈ ના હોત.

હવે મને સામો વાઘ મળે, તો જ્ઞાન ઉત્પન્ન થઈ જાય. જુઓ, વર્તમાનકાળ પાછો આવો કેવો ? એ આપને સમજાય છે એ વાત ? સામો વાઘ દેખાયો કે તરત આ કેવળજ્ઞાન ઊભું થઈ જાય ! આ કાળમાં નથી થતું તોય (પોતે કેવળજ્ઞાન સ્વરૂપ) થઈ જાય.

## યાદગીરી નહીં, દર્શનમાં દેખાય

**પ્રશ્નકર્તા :** દાદા, તમે આ વાઘડુંગરી પર ગયા હતા ને આવું થયું હતું, તે આટલા વર્ષો પછી પણ તમને બરોબર યાદ છે ?

**દાદાશ્રી :** અમને આ કશું યાદ રહેતું નથી. ત્યારે કહે છે, 'તમે શા આધારે બોલો છો, યાદ વગર ?' ત્યારે મેં કહ્યું, 'અમને દર્શનમાં દેખાય છે પછી.' આમ વાત આવે ને, ત્યારે તરત એ દર્શન દેખાય. તે દર્શન જેવું બન્યું તે, ત્યાં આગળ કેવા બેઠા'તા ને શું ફફડાટ થયો'તો, તેય અત્યારે દેખાવમાં આવે. અત્યારે પાછું દેખાય એ બધું. પેલા બે માણસો કેટલે છેટે ગયા, પાછું એય દેખાય, આ વાઘડુંગરીય દેખાય, બધું દેખાય અમને. એટલે અમને યાદગીરી નહીં આ, દર્શનમાં આવેલું.

❖❖❖❖❖

## [૯.૩]
# સાયન્ટિસ્ટોનાય સાયન્ટિસ્ટ

## આખું જગત એક્સેપ્ટ કરે એવી શોધખોળ

આ વ્યવસ્થિતનું જ્ઞાન કામ લાગે છે ને, હરેક બાબતમાં ?

**પ્રશ્નકર્તા :** સાંભળ્યા પછી બે-ચાર જગ્યાએ લગાડ્યું (વાપર્યું) છે ને શાંતિ મળી છે.

**દાદાશ્રી :** અને આ વ્યવસ્થિત છે એવું અનુભવમાં નહીં આવેલું ?

**પ્રશ્નકર્તા :** જ્યાં લગાડ્યું ત્યાં એ અનુભવમાં આવી ગયું છે.

**દાદાશ્રી :** હા, અનુભવમાં. હજુ તો એવું અનુભવમાં આવશે કે સંડાસ જવાનો વિચાર હોય કે વહેલું જવું છે, તે ઘણોય વિચાર હોય, પુરુષાર્થેય એ બાજુનો માંડેલો હોય, પણ એ વ્યવસ્થિત જવા દે તો જ જવાય ને બા ! એટલે વ્યવસ્થિત. માટે વ્યવસ્થિત કરશે ત્યારે જ કામ થશે. વ્યવસ્થિત શક્તિના આધીન છીએ, સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ! આ અમારી શોધખોળ, છેલ્લી શોધખોળ ! સાયન્ટિસ્ટ, આજનું જગત એક્સેપ્ટ કરે એવી શોધખોળ.

**પ્રશ્નકર્તા :** આખું જગત એક્સેપ્ટ કરશે.

**દાદાશ્રી :** હા...

## ઔરંગાબાદ ઍરોડ્રોમ પર મળ્યો ફૉરેનનો સાયન્ટિસ્ટ

'ભગવાન ક્રિએટર નથી' એમ કહ્યું, એ કંઈ લાડવા ખાવાના ખેલ નથી, તે ફૉરેનના સાયન્ટિસ્ટને કહેવું. તે એક ફ્રેન્ચ સાયન્ટિસ્ટ હતો, પાંસઠ વર્ષનો. કેવો માઈક્રો હતો કે ?

**પ્રશ્નકર્તા :** માઈક્રોબાયૉલૉજિસ્ટ.

**દાદાશ્રી :** એક ફૉરેનવાળો સાયન્ટિસ્ટ હતો. તે ઔરંગાબાદના ઍરોડ્રોમ પર મળ્યો, એટલે આ બધા પચ્ચીસ-ત્રીસ જણ બધા મૂકવા આવેલા ને, તે બધાએ ફૂલહાર ચઢાય ચઢાય કરેલા. એટલે એના મનમાં આશ્ચર્ય થયું કે આ શું છે ? તે કહે છે, 'આપની પર આટલા બધા હાર ચઢેલા છે એ દેખીને મને એમ થાય છે કે આપ ક્યાં જવા નીકળ્યા છો ?' મેં કહ્યું, 'હું મુંબઈ આવું છું તારી જોડે.' પ્લેન ઉપર ભેગો થયો હતો, ઔરંગાબાદના ઍરોડ્રોમ પર. તે આ બધા ફૂલહાર ચઢાવેલા એટલે એના મનમાં અજાયબી થઈ કે આ નવી જાતનું જનાવર કઈ જાતનું ? એ જાણે કે આવું જનાવર તો જોયું નહોતું. આટલા બધા ફૂલહાર છે ને આટલું બધું લોક પગે લાગનારું ને આ શું છે તે ?

તે મને કહે છે કે, 'આપને આ હાર-બાર પહેરાવીને આ બધા પેલા લોકો કેમ દર્શન કરે છે ? કેમ આટલા બધા માણસો આપની પાછળ ફરે છે ?' મેં કહ્યું, 'શું છે તમારે ?' તો કહે, 'મારે કંઈક જાણવું છે તમારી પાસેથી.' 'શું જાણવું છે ?' મેં કહ્યું.

## હૂ ઈઝ ધી ક્રિએટર ?

એટલે પછી ફૉરેનના સાયન્ટિસ્ટોય પાછા આમ છોડે નહીં મને. કહે છે, 'ના, પણ પેલું કહો ને કે આ શી રીતે બન્યું જગત ? હૂ ઈઝ ધી ક્રિએટર ? (બનાવનાર કોણ છે ?)' મેં કહ્યું, 'નો બડી ઈઝ ધી ક્રિએટર ઑફ ધીસ વર્લ્ડ ઍટ ઑલ. ગૉડ ઈઝ નૉટ ક્રિએટર ઑફ ધીસ વર્લ્ડ ઍટ ઑલ. (આ જગતને બનાવનાર કોઈ જ નથી. ભગવાન આ જગતને બનાવનાર બિલકુલ નથી.)'

તો કહે છે, ‘આ તો મોટી સમસ્યા ઊભી થઈ ગઈ. આ તમે એકલા જ આવું બોલો છો.’ મેં કહ્યું, ‘હું એકલો જ કહું છું, પણ હું જોઈને બોલું છું ને ! નહીં તો આ બધા કહે એમ મને કહેવામાં શું વાંધો હતો, ભઈ ?’

એ તો એમને અજાયબી જ થાય ને ? એ તો કહે છે, ‘અમે (જે ગૉડ ઈઝ ક્રિએટર) કહીએ છીએ, એ અમે બધા ખોટા છીએ ? અમારી દોઢ અબજની વસ્તી છે ક્રિશ્ચિયનોની. અને મુસ્લિમોય એવું માને છે. તો આ બધા ખોટા માણસો ને તમે એકલા જ સાચા છો ?’ મેં કહ્યું, ‘ના, તમે સાચા છો ને હુંય સાચો છું.’ શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બન્ને સાચા.

**દાદાશ્રી :** એ કઈ દૃષ્ટિએ સાચા છે ? લાવો પેલી ડબ્બી આપો, એને સમજ પાડું. એ સાયન્ટિસ્ટો હોય છે પાછા. એ કાંઈ જેવા તેવા માણસોને તો પૂછતા આવડે જ નહીં ને ! આ ત્રણસો સાંઈઠ ડિગ્રી હોય અને અહીં સેન્ટરમાં જે વસ્તુ હોય ને, તે તમે ડિગ્રી વ્યૂ પૉઈન્ટથી જોઈ રહ્યા છો એટલે સેન્ટરની વસ્તુ (ડબ્બી પર સેન્ટર દેખાડીને ઠોકવાનો અવાજ) તમને ભગવાન જેવી લાગે છે. કેવી લાગે છે ?

**પ્રશ્નકર્તા :** ભગવાન જેવી.

**દાદાશ્રી :** આ તમે સવાસો ડિગ્રી ઉપર ઊભા છો. મુસ્લિમો દોઢસો ડિગ્રી ઉપર, તેમને એમ લાગે છે કે અલ્લાને બનાઈ, દુનિયા. આ હિન્દુઓ બસ્સો ઉપર બેઠા છે તે એમને એમ લાગ્યું કે ભગવાને બધી દુનિયા બનાવી, અને આજ તો જૈનોય એમ કહે છે કે ભગવાનના બનાવ્યા વગર કેવી રીતે બને ? જૈનોય આવું બોલે છે. ભગવાન મહાવીરે ‘ના’ કહી છે તોય જૈનોય એમ કહે છે, ભગવાન વગર તો થાય જ નહીં ને ! મહાવીર તો કહે વખતે. એટલે પછી મારે કહેવું પડે છે કે ‘ગૉડ ઈઝ ક્રિએટર બાય યોર વ્યૂ પૉઈન્ટ, નૉટ બાય ફૅક્ટ. (તમારા દષ્ટિકોણથી ભગવાન રચનાર છે, હકીકતમાં નથી.)’ અને ફૅક્ટ જો તારે જાણવું હોય તો, ગૉડ ઈઝ નૉટ

ક્રિએટર ઍટ ઑલ. વાસ્તવિકમાં ભગવાન ક્રિએટર નથી. ક્રિએટરનો અર્થ જ કુંભાર થાય અમારી ભાષામાં. એટલે એ ચમકે છે બધા.

તો કોણે બનાવ્યું ? ત્યારે મેં કહ્યું, 'તને એમ લાગે છે કે આ કુંભાર આ ઘડા બનાવે છે, એવી રીતે એણે બનાવ્યું હશે ? ભેંસના પેટમાં બેસીને આ પાડાનું મોઢું ઘડ્યા કરે બિચારો, ભગવાન ? કેટલા બધા મોઢા ઘડવાના હોય છે ! આ કંઈ ઘડા છે ?'

લૌકિકમાં ભગવાને આ દુનિયા બનાવી એ વાત સાચી છે, અલૌકિકમાં ભગવાને બનાવી નથી. જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી આ લૌકિક જાણ જાણ કરવાનું અને મોક્ષે જવું હોય તો અલૌકિક જાણવાનું. બે જ્ઞાનેય ફેર છે. લૌકિકમાં 'ભગવાને આ દુનિયા બનાવી છે.' પાંચ વર્ષના, સાત વર્ષના નાના છોકરાંય કહે, કે 'ભગવાને બનાવ્યું.' ઘૈડી ડોસીઓય કહે, 'ભગવાને બનાવ્યું.' અને સંતોય કહે, 'ભગવાને બનાવ્યું.' ત્યારે 'સાહેબ, તમે ફેર શું જાણ્યો વધારે ?' એ બધી લૌકિક વાત છે. છતાં પણ લોકોને માટે જરૂર છે. તે જ્યાં સુધી અહંકાર છે, એને સુખો જોઈએ છે, ત્યાં સુધી ભગવાનની માથે બીક ના હોય તો મૂઓ ગમે તેમ કરી નાખે. એટલે બીક ઘાલેલી છે એ તો. જો ભગવાનની સ્થાપના ના કરે તો લોકો કોઈ ભય વગર ધર્મ પાળે નહીં. ભગવાન જોઈએ જ. ભગવાન આમ કરશે, તેમ કરશે, એ ભય રહેવો જોઈએ. બાકી બનાવવું પડ્યું નથી જગત તો. અનાદિ અનંત એમાં બનાવવા પડવાની જરૂર જ ક્યાં રહી ?

## જગત કેવી રીતે ચાલે છે તે જાતે જોઉં છું

પછી પાછા પ્રશ્નો પૂછે છે કે 'તો આ આવડું મોટું ક્રિએશન થાય કેવી રીતે ?' મેં કહ્યું, 'તે કુંભાર જોયા છે, એટલે કુંભાર વગર ઘડો બને જ નહીં. તે એમને જોયા છે ને, તે બુદ્ધિથી તપાસ કરવા બેઠો છું !' આ બુદ્ધિથી જણાય એવુંય નથી. વર્લ્ડમાં એક પણ બુદ્ધિશાળી એવો નથી કે આને સમજી શકે. જ્ઞાનીનું કામ છે આ તો. આ આચાર્યોનુંય કામ નથી, કોઈનુંય નથી. ત્યારે મને કહે છે, 'કેવી રીતે પણ બને એવું ?' ત્યારે

મારે કહેવું પડે છે, કે 'ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે આ.' તમને સમજાયું શું છે ?

**પ્રશ્નકર્તા :** સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે.

**દાદાશ્રી :** એ લોકો સમજી જાય છે તરત, વાર નથી લાગતી. આમ સાયન્ટિસ્ટો ને એ ?

**પ્રશ્નકર્તા :** હા, કરેક્ટ.

**દાદાશ્રી :** ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ને આ જગત હું જાતે જોઈ રહ્યો છું, કેવી રીતે ચાલી રહ્યું છે તેય હું જાતે જોઈ રહ્યો છું. કોણ ચલાવનાર છે તેય હું જોઈ રહ્યો છું. ભગવાન ચલાવતો નથી, ભગવાન કુંભારેય નથી અને ભગવાન મજૂરેય નથી, કે આ ચલાવ ચલાવ કરે, પંખો હલાય હલાય કરે. ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ! અને વર્લ્ડ ઈઝ ધી સાયન્સ ઈટસેલ્ફ ! ઍન્ડ ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ, ઈટસેલ્ફ પઝલ થયેલું છે આ. કોઈએ પઝલ આ કર્યું નથી. જો કર્યું હોત ને, તો આજ પકડી લાવીને એને સજા કરત આપણે કે મૂઆ, આવું ગૂંચવ્યું શું કરવા તેં ? મહાવીર ભગવાનેય કહી ગયા'તા પણ કોઈને સમજાયું નહીં. આ તો જે જ્ઞાની પુરુષ દેખે, આ જેમ છે તેવું દેખે ત્યારે એ વાત કરી શકે. ત્યારે બુદ્ધિવાળા, જ્ઞાની પાસે સમજી શકે ખરા, એમને દેખાય નહીં. કારણ કે બુદ્ધિચક્ષુથી કામ થાય એવું નથી, જ્ઞાનચક્ષુથી કામ થાય એવું છે. એટલે આ ફૉરેનના સાયન્ટિસ્ટોને તેથી ભેગા કરવાના કે મૂઆ, શું હકીકત છે, આ તમે માનો છો એવું કશું છે જ નહીં આ તો.

## દાદાની વાત ત્રિકાળી સત્ય, કોઈ છેકી ન શકે

આ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ, એ અમારા જ્ઞાનથી જોઈને કહીએ છીએ. આ અમારો એક શબ્દેય ગપ્પું ના હોય. ત્રણેય કાળમાં હજુ લાખો વરસ પછીય આ ફરશે નહીં, અમારું વાક્ય. એટલે કાયમને માટે સત્ય ! ત્રિકાળી સત્ય !

આ જગતના બધા પુસ્તકોની બધી વાતો આગળ નવા ટેસ્ટામેન્ટમાં લઈ જવી પડે. ન્યૂ ટેસ્ટામેન્ટ કરવા પડે. ઓલ્ડ ટેસ્ટામેન્ટ ને ન્યૂ ટેસ્ટામેન્ટ. પણ આ આપણી વાત કહીએ છીએ ને, આ તો છેલ્લી વાત ! કોઈ છેકી શકે નહીં. તીર્થંકરો પણ છેકી શકે નહીં, એવી વાત કરું છું આ. જે જ્ઞાન પરમેનન્ટ જ્ઞાન છે, એને તીર્થંકરો પણ છેકી શકે નહીં. અને તમારો આત્મા કબૂલ કરે એવું હોય.

## સાયન્ટિસ્ટ હતો તેથી સમજી ગયો

એટલે પછી એને સમજાયું. મેં કહ્યું ને, કે આ પાણી અહીંથી ગયું, તે પાછા વાદળા થાય, વરાળ થાય, તે 2H, O બે ભેગું થાય એટલે પાણી થઈ જાય. ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. આ મનુષ્યો-બનુષ્યો બધા બન્યા છે ને, તે બધું સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. ભગવાનને કશું જ કરવું પડે એવું નથી. આવું કહ્યું ને, એ સમજી ગયો. એ તો બધા સાયન્ટિસ્ટ માણસો, કારણ કે આપણા યોગીઓ અને એ સાયન્ટિસ્ટો બે સરખા કહેવાય. એમને લેડી યાદ ના આવે આમ, વરસ-વરસ દહાડા સુધી. લેડીનું આપણે પૂછીએ કે લેડીનું નામ શું ? તો ભૂલી ગયેલો હોય, મૂઓ. તે કેવા ડાહ્યા હોય છે ! અને આપણે તો દેરાસરમાં ભૂલતા નથી ! જો ડાહ્યા કેટલા સુંદર છે (!) ભગવાનના મંદિરમાં ભૂલીએ તો તો આપણે મૂરખ કહેવાઈએ ને, કહેશે. આ માલ અવળો થઈ ગયો છે.

હું બહુ ભણેલો નથી, મેટ્રિક ફેઈલ થયેલો છું. એટલે પછી આવો તેવો શબ્દ મને કંઈથી આવડે ? પણ તે મારે એને કહેવું પડ્યું, કે 'આ જગત એક જ શબ્દમાં કહું છું કે શી રીતે બન્યું છે, ઓન્લી સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે આ. કોઈને કશું કરવું પડે એવું નથી.'

## ક્યાંથી બોલાય છે આ અંગ્રેજી, તે જ મને ખબર નથી

**પ્રશ્નકર્તા :** 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' શબ્દ બહુ સારો શોધી કાઢ્યો છે આપે.

**દાદાશ્રી :** હું શું બહુ જબરજસ્ત ભણેલો છું, એટલે આ શબ્દ નીકળેલો ? ના, હું મેટ્રિકમાં ફેઈલ થયેલો છું, નાઈન્ટીન ટ્વેન્ટી સેવનમાં. એટલે આ શબ્દ નીકળેલો. આ જે અંગ્રેજી બોલું છું, એ તો ક્યાંથી બોલાય છે તે જ મને ખબર નથી. એટલે પછી મને બધા કહે છે, કે 'દાદા તો બહુ હાઈ લેંગ્વેજ બોલે છે ને બહુ ઊંચું ભણેલા લાગે છે.' મેં કહ્યું, 'નથી ભણેલો ભાઈ આ.' શબ્દો નીકળે છે, તે શી રીતે હું બોલી ગયો છું એ હું જ જાણતો નથી.

**પ્રશ્નકર્તા :** અને પેલો શબ્દેય આવે છે, આપની ચોપડીમાં. 'ડિસ્ચાર્જ થવા દેજે પણ ચાર્જ ના થવા દઈશ.'

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** ભારે કરી છે !

**દાદાશ્રી :** હા, ભારે કરી છે. તે એક જણ વળી આવ્યો હિમાલયમાં રહેનારો, તે કહે છે, 'ડિસ્ચાર્જ' સાંભળીને હું બહુ ખુશ થઈ ગયો. અલ્યા મૂઆ, 'ડિસ્ચાર્જ' તો આ દાદા સિવાય કોઈ બોલ્યો જ નથી !

**પ્રશ્નકર્તા :** એ વાત બરાબર છે. ચાર્જ-ડિસ્ચાર્જની શોધ જ તમારી છે. ચાર્જ-ડિસ્ચાર્જ ને વ્યવસ્થિતની ત્રણેય શોધ તમારી છે.

**દાદાશ્રી :** હા, ચાર્જ-ડિસ્ચાર્જ, વ્યવસ્થિત, વર્લ્ડ ઈઝ ધી પઝલ, સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ, ફાઈલ નંબર વન.

**પ્રશ્નકર્તા :** એ 'ફાઈલ' તો બહુ સરસ શબ્દ કાઢ્યો છે.

**દાદાશ્રી :** એટલે આગળ બસ્સો-ત્રણસો વર્ષ પછી આના જે સાહિત્યકારો ને શોધકો બધા હશે ને, તેમને એમ નહીં લાગે કે આ મુસ્લિમોના વખતનું છે આ. અંગ્રેજો આવ્યા પછીનું આ લાગે છે, કહેશે. એટલે આ આમાં કેટલુંક મેં એવું મૂક્યું છે કે આ પાછળની શોધખોળવાળાને જલદી જડે. શોધખોળ કરનારને જલદી જડે, એવું આમાં મૂકેલું છે.

હું જો મેટ્રિકથી આગળ ગયો હોત, તો તો એવું સરસ ઈંગ્લિશ બોલત ! અને જે પાંચ-સાત અંગ્રેજી વાક્યો બોલ્યો છું ને, તે ઉપરથી લોકો કહે છે, તમે શુંનું શુંય ભણેલા હશો ! અલ્યા ભાઈ, નથી ભણ્યો. ત્યારે કહે, 'આવડા મોટા વાક્યો ના હોય.' સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ને એ બધું, આ બધું જે બોલેલા ને ! ત્યારે મેં કહ્યું, 'આ મેટ્રિકનું ઈંગ્લિશ એવું હતું તે દહાડે. અને મારે તો શીખવું નહોતું એટલે ના આવડ્યું.'

## હું નથી બોલતો, કોઈકના નિમિત્તે રેકર્ડ બોલે

નડિયાદના દેસાઈ છે તે બૉમ્બે પૉર્ટ ટ્રસ્ટમાં ચીફ એન્જિનિયર હતા. તે રિટાયર્ડ હતા. તે એક ફેરો મારી પાસે આવ્યા, તે મને કહે છે, ''તમારું નામ સાંભળીને આવ્યો છું, તો તમારું શું માનવું છે, ભગવાન સંબંધમાં ? ઘણા બધા કહે છે કે 'ભગવાન ક્રિએટર છે', વળી મહાવીર ભગવાન 'ના' કહે છે. આપની શી માન્યતા છે ?'' મેં કહ્યું, 'મહાવીર ભગવાન કહે છે એ માન્યતા સાચી છે.' ત્યારે કહે, 'આપ કંઈક બોલો.' ત્યારે મેં કહ્યું, 'ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ.' આવડો મોટો ચીફ એન્જિનિયર સાહેબ, આ શબ્દ સાંભળતાની સાથે કહે, 'અજાયબી બોલો છો આ શબ્દ !' લાંબા થઈને પગે લાગ્યા. બધાય બેઠેલા તે એમ કહેતા'તા કે ચીફ એન્જિનિયર સાહેબ છે તે પગે લાગતા બહુ ડરશે. લાંબા થઈને પગે લાગ્યા. ત્યાર પછી એકદમ કહે છે, ''આ શબ્દ સાંભળ્યો જ નથી, આ કેવી રીતે બોલ્યા તમે ? 'ધી વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ.' મહાવીર ભગવાન પણ આવું નથી બોલ્યા. મહાવીર કહે છે, 'ભગવાન ક્રિએટર નથી', એટલું બોલે છે. પણ આ તો તમે કહો છો, ઈટસેલ્ફ પઝલ થયેલું છે.'' આ એમના નિમિત્તે નીકળી ગયેલું. કોના કોના નિમિત્તે શું વાક્ય નીકળ્યા છે, એ મને હજુ લક્ષમાં છે. એમના નિમિત્તે આ વાક્ય નીકળેલું. એટલે અમુક અમુક માણસોને નિમિત્તે અમુક વાક્યો નીકળેલા. આ વાક્ય હું બોલું છું એવું નથી. તમારા નિમિત્તે અમુક વાક્યો નીકળે છે, અમુકના નિમિત્તે અમુક વાક્યો નીકળે છે. કોના નિમિત્તે શું વાક્ય નીકળે છે, એ બધું મારા લક્ષમાં હોય છે થોડુંઘણું.

**પ્રશ્નકર્તા :** બધું જ હોય એ તો.

**દાદાશ્રી :** હા. એટલે આમ હું બોલતો નથી, આ તો. આ રેકર્ડ બોલે છે. કોના નિમિત્તે નીકળે છે તે સમજાય છે. વાક્ય ઘણા ઊંચા છે !

## એમ કહે કે પુનર્જન્મ 'છે', પણ 'છે જ' નથી બોલતા

**પ્રશ્નકર્તા :** દાદા, પેલો જે માઈક્રોબાયૉલૉજિસ્ટ હતો, એને તમે પુનર્જન્મ વિશે પણ સમજાવ્યું હતું ને ?

**દાદાશ્રી :** એટલે પછી પાછો એ કહે છે કે પુનર્જન્મની તપાસ કરવા માટે અહીં ઈન્ડિયામાં આવ્યો છું.

એમને પુનર્જન્મ સમજવું હતું. ત્યારે મેં કહ્યું, 'શું તમારે જરૂર પુનર્જન્મની ? તમને ફાયદો શો ?' ત્યારે કહે છે, ''અમારા ક્રાઈસ્ટ ના પાડે છે. એ સંબંધી વિવેચન નથી, પુનર્જન્મ સંબંધી. હા, નાય પાડી નથી. પણ પુનર્જન્મ છે એવું લખ્યું નથી, એટલે અમે જાણીએ કે છે જ નહીં. 'પુનર્જન્મ નથી' એવું તો લખ્યું જ નથી એમણે પણ એ 'પુનર્જન્મ છે જ' એવું લખ્યું નથી, એટલે અમે એમ જાણીએ કે પુનર્જન્મ જેવી કોઈ વસ્તુ નથી. અને તે હિન્દુસ્તાન સિવાય બીજા બધા લોકોય તેવું જ માને છે. અને હિન્દુસ્તાનના સાંઈઠ કરોડ માણસ હોય, તે એકલા જ નથી માનતા, એટલે અમને એમ લાગે છે, વોટિંગ તરીકે હિન્દુસ્તાન ખોટું છે. વોટિંગ લેવા જઈએ, તો હિન્દુસ્તાન ખોટું છે. પણ અમને હજુ મહીં શંકા પડે છે કે હિન્દુસ્તાનના લોકો તદ્દન ગાંડું તો ન જ માને. એટલે પાછી અમે તપાસ કરવા ફરી આવ્યા, તે તપાસ કરી.'' મેં કહ્યું, 'ભઈ, તપાસ કરી ?' ત્યારે કહે, 'હા, બધે તપાસ કરીને હવે હું પાછો જઉં છું.' ત્યારે મેં કહ્યું, 'શું તપાસ કરી ?' ત્યારે કહે, ''બધા એમ કહે છે કે પુનર્જન્મ 'છે', પણ 'છે જ' નથી બોલતા. બધા એમ કહે, 'છે', છે બોલે છે, પણ જો 'છે જ' બોલે...''

**પ્રશ્નકર્તા :** માથે વજન નથી આપતા.

**દાદાશ્રી :** હા, તો અમારે જે પૂછવું છે એનું સાધન મળી આવે.

## 'ભગવાનની મરજી' કહીને ઉડાડી દે એ અવૈજ્ઞાનિક પુરાવા

પછી કેટલાક માણસને એણે પૂછ્યું, કે ''ભઈ 'છે જ' ના બોલો પણ અમને કંઈ ડેટા (વિગત) તો આપો એનો. શા આધારે તમે માનો છો તે ?'' ત્યારે કહે છે, ''આઠ વાગે એક માણસ અહીં આગળ ગરીબને ત્યાં જન્મે છે. એક શ્રીમંતને ત્યાં જન્મે છે.'' આપણા કૃપાળુદેવે સમજણ પાડી છે ને બધી ? બધી સમજ પાડી નથી ?

**પ્રશ્નકર્તા :** હા, પાડી છે.

**દાદાશ્રી :** એવી સમજ આપણા લોકો એમને કહે છે. આવું બધું વાંચેલું હોય, તેવું એમને કહે છે. ત્યારે એ લોકો એક જ જવાબ આપે છે. 'એ તો ભગવાનની મરજી હતી. ગૉડ્ઝ વિલ', કહે છે. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ગૉડ્ઝ વિલ.

**દાદાશ્રી :** એટલે શું રહ્યું પછી આપણે જવાબ આપવાનો ? ભગવાનની મરજી કે આને આ ગરીબને ત્યાં જ જન્મ આપવો છે, આને શ્રીમંતને ત્યાં આપવો છે. આને લૂલો કરવો છે, આને લંગડો કરવો છે, આને આમ કરવો છે, તેમ... એ તો ભગવાનની મરજી કહી, એટલે પછી શું જવાબ આપવાનો ? એટલે આપણું બધું પાછું પડ્યું.

## 'છે જ' એવી ખાતરી આપે જ્ઞાની

પછી મને કહે છે, ''તમે કંઈક કહેવા માગો છો ? મારે પુનર્જન્મ વિશે જાણવું છે, તો 'છે જ' આપ બોલી શકો છો ?'' મેં કહ્યું, 'છે જ ! અને તારે જાણી જવું હોય તો જાણી જા મારી પાસે.' ત્યારે કહે છે, 'હું દસ વર્ષ તમારી સાથે રહેવા માગું છું. દસ વર્ષમાં સમજાવી શકશો બધું ?' મેં કહ્યું, 'મૂઆ, દસ વર્ષ તને નવરાશ હોય, તું સાયન્ટિસ્ટ માણસ છું, મને એક મિનિટની નવરાશ નથી. હું તો આખા વર્લ્ડનો સાયન્ટિસ્ટ છું ! સાયન્ટિસ્ટોનોય સાયન્ટિસ્ટ ! એટલે મને ટાઈમ ના હોય. હું કંઈ મારી સાથે તમને ફેરવું દસ વર્ષ, નવરો છું હું તે કંઈ ?' ત્યારે કહે, 'તેનો અર્થ તમારે દેખાડવું નથી.' મેં કહ્યું, 'ના, દેખાડવાનું છે મારે. હું

કંઈ જ્ઞાનને પકડી રાખતો નથી. જ્ઞાન ખાનગી રાખતો નથી.' જ્ઞાન જે ખાનગી રાખે ને, તેનું જ્ઞાન સડી જાય છે. જ્ઞાન આપવાથી વધે છે. આ દુનિયામાં કોઈ પણ વસ્તુ આપવાથી જો વધતી હોય તો એક જ્ઞાન જ એવું છે. બીજી બધી વસ્તુ આપવાથી ઘટે. એક જ્ઞાન જ એકલું રિયલ વસ્તુ હોવાથી એ છે તે વધે છે. આપવાથી વધે. જેમ જેમ આપો તેમ તેમ વધે અને સામો મૂડીવાળો થાય જ્ઞાનમાં.

## પ્લેનમાં જ બેઝિક આપી દીધું

એટલે પછી મને કહે છે, કે 'કેવી રીતે પુનર્જન્મ અમને સમજાવવા માગો છો ?' મેં કહ્યું, 'સાયન્ટિફિક રીતે, વૈજ્ઞાનિક રીતે. તમારે એક્સેપ્ટ કર્યા વગર છૂટકો જ ના થાય. હું તમને પ્લેનમાં જ જતા સમજાવી દઈશ, પણ હું તમને એનું બેઝિક આપીશ. વિગતવારનો ટાઈમ મને નથી. અને તમે સાયન્ટિસ્ટો, એટલે મારે વિગતવાર કહેવાની જરૂર નથી. તમને બેઝિક મળી જાય એટલે બહુ થઈ ગયું.' એટલે પછી રસ્તામાં એને બેઝિક આપી દીધું.

મેં કહ્યું, આ મુંબઈ ઊતરતા પહેલા જ તને સમજણ પાડી દઈશ. અને આ દસ વર્ષ-પાંચ વર્ષ શાના માટે ? એ તું ડફોળ પાસે ગયો હોય તો દસ વર્ષ સુધી કચકચ કર્યા કરે. હું તો એક જ ડૉઝે તારો ક્રૉનિક (અસાધ્ય) રોગ ખલાસ કરી આપીશ, વિધિન વન ડૉઝ, નો અધર ડૉઝ (એક જ વખતની દવાની માત્રામાં, બીજી વખત નહીં). અને તારો રોગ ક્રૉનિક થઈ ગયેલો છે.

**પ્રશ્નકર્તા :** હા, બહુ લાંબા સમયથી છે.

## સાયન્ટિફિક રીત, સમજાવવાની

**પ્રશ્નકર્તા :** શું સમજાવ્યું પછી એને ? કેવી રીતે સમજાવ્યું ?

**દાદાશ્રી :** એટલે મેં એને કહ્યું, કે આ શરીર તમારું દેખાય છે તમને ? ત્યારે કહે, 'આ રહ્યું મારું શરીર તે', પોતે શરીરનો જો જ્ઞાતા

છે જ ને ! ‘આ શરીર મારું છે’ એમ બોલે છે ને ? નથી બોલતો ? ફૉરેનવાળાય એવું બોલે, નહીં ? ધીસ ઈઝ માય બૉડી ! હેં ?

**પ્રશ્નકર્તા :** એવરીબડી સ્પીક્સ (બધા બોલે).

**દાદાશ્રી :** હા, તે શરીર આ તમારું છે. મન તમારું છે, તેને ‘માય માઈન્ડ’ કહો છો ને ? અને આ વાણી, ‘માય સ્પીચ’ બોલો છો. માટે આ ત્રણ વસ્તુ તમારી છે. મન-વચન અને કાયા, વિચાર-ઉચ્ચાર અને આચાર, આ ત્રણેવ તમારી પોતાની માલિકીના છે. એના ઓનર છો તમે. હવે આ છે તે બધું ઈફેક્ટિવ છે, કહ્યું. મન-વચન-કાયા ઈફેક્ટિવ છે. ત્યારે કહે છે, ‘કેવી રીતે ?’ ત્યારે મેં કહ્યું, ‘એક બાળક હોય એને કપડું ઓઢાડ્યું હોય ઠંડી હોય એટલે, પણ એકદમ ગરમી પડવા માંડી, તે એકદમ ગરમી લાગવા માંડી એટલે બાળક રડે. કેમ રડે છે ? ગરમી લાગે છે એને. તો બાળક શી રીતે, એની પાસે કયા થર્મોમિટરથી જુએ છે એ, કે બહારે આટલી બધી ગરમી વધી ગઈ છે એવું ? થર્મોમિટર જોયું નથી, જાણતોય નથી તે. તે શેના આધારે જુએ છે એ ? ગરમી, ગરમી, ગરમી છે, એવું શેના આધારે બૂમ પાડે છે એ ?’

**પ્રશ્નકર્તા :** એ ફીલિંગ છે એની. એના પોતાના આંતર અનુભવને કારણે.

**દાદાશ્રી :** ના, ઈફેક્ટિવ છે બૉડી. તે એને ખબર પડી જાય છે કે ગરમી લાગી. અને પછી એકદમ ટાઢ પડે તોય પાછું રડે, ઓઢાડે નહીં તો. બને કે ના બને ?

**પ્રશ્નકર્તા :** બને.

**દાદાશ્રી :** અને પછી મોઢામાં કડવું પાઈએ તો ?

**પ્રશ્નકર્તા :** તો પણ રડે.

**દાદાશ્રી :** મોઢું બગાડે કે આનંદ થાય ?

**પ્રશ્નકર્તા :** મોઢું બગાડે જ ને !

**દાદાશ્રી :** બગડે ને ? માટે ઈફેક્ટિવ છે. અને ગળ્યું ખવડાવો તો ?

**પ્રશ્નકર્તા :** હસે.

**દાદાશ્રી :** ચૉકલેટ આપો તો ? ખુશ થઈ જાય. ઈફેક્ટિવ છે આ બધા. મન પણ ઈફેક્ટિવ છે અને વાણી પણ ઈફેક્ટિવ છે. તમે છોકરાને એમ કહો, 'એય શું કરે છે ?' છોકરું ફરી નહીં દેખાય. વાણી એટલી બધી ઈફેક્ટિવ છે. ઈફેક્ટિવ તમારી સમજમાં આવ્યું ? એના એ ફૉરેનર્સના સમજમાં આવી ગયું'તું. મન-વચન-કાયા ઈફેક્ટિવ છે.

## ગર્ભમાંથી જ ઈફેક્ટિવ, તો કૉઝિઝ પૂર્વભવના સાબિત થાય

તે મને કહે છે, 'ગર્ભમાંથી છે ?' મેં કહ્યું, 'હા, ગર્ભમાંથી છે. ગર્ભમાંથી બહાર આવ્યા પછી નહીં. ગર્ભમાં હતો ત્યારથી જ.' ગર્ભ સમજ્યા તમે ? હવે એટલે મને કહે છે, 'એનો શો પુરાવો ગર્ભમાં હતા તેનો ?' ત્યારે મેં કહ્યું, એક બાઈને શિંગડું વાગ્યું'તું ગર્ભાશયમાં, ગાયનું. તે એવી જગ્યાએ વાગ્યું, કે બચ્ચાની આંગળી સહેજ બહાર નીકળી ગઈ. ફક્ત આમ અડોઅડ, પણ એ જગ્યા સાંધવી હોય તો ના સંધાય. તે લોહી બંધ કરવું હોય તો કોઈ રસ્તો નથી. પછી મિશનરીના ડૉક્ટરો બધા આવ્યા. એ ડૉક્ટરોએ બહુ પ્રયત્ન કર્યા પણ કંઈ વળ્યું નહીં. એટલે એ બિચારા ડિસ્કરેજ (નિરાશ) થઈ ગયા, કે આ બાઈ મરી જશે. ત્યાં સુધીમાં આપણે ત્યાં પેલા વૃદ્ધ ડોસીઓ હોય છે ને, ઘૈડા માજી, તે આવ્યા, સિત્તેર વર્ષના. તે ડૉક્ટરોને કહે છે, 'ભઈ, તમે બેસો. આ કામ તમારું નથી, આ કામ અમારું છે.' એટલે ડૉક્ટરના મનમાં એમ લાગ્યું કે આ કોઈ દવાની પેટી નથી, કશુંય નથી, આપણે તો આવડી આવડી પેટીઓ લઈને આવ્યા છીએ ને આમને પેટી-બેટી કશું ના મળે. કેમ એમ ?

**પ્રશ્નકર્તા :** અનુભવ છે.

**દાદાશ્રી :** તે આવી અને એણે દીવો સળગાવ્યો, ઘાસતેલનો. કેરોસીનનો દીવો વિધાઉટ ચિમની સળગાવ્યો, અને એક સોય હતી તે લીધી. સોયને આમ ધરી, તે દીવા ઉપર. પછી પોતે આમ ઠંડી કરી નાખી આમ આમ કરીને. અને પછી બચ્ચાની આંગળીને આમ અડાડ્યું.

**પ્રશ્નકર્તા :** એટલે આંગળી ખેંચી લે...

**દાદાશ્રી :** જો આ માજીએ કળા કરી તે પેલા ડૉક્ટરો બહુ ખુશ થઈ ગયા. આ ઈફેક્ટિવ છે એથી દઝાયું કે તરત ખેંચી લીધું. નહીં તો મરી જાત એ બાઈ. એટલે એ લોકોએ કબૂલ કર્યું, કે 'વાત બિલકુલ કરેક્ટ છે કે ઈફેક્ટિવ છે. પણ તેથી પુનર્જન્મ સાબિત થતો નથી.' ત્યારે મેં કહ્યું, 'ઈફેક્ટિવ છે, એવું તમને લાગ્યું ને ?' ત્યારે કહે, 'હા, એ ખાતરી સો ટકા.' તો મેં એમને કહ્યું, 'કૉઝિઝ વગર ઈફેક્ટ હોય ખરી ? કોઈ પણ કૉઝ વગર પહેલી ઈફેક્ટ હોય ખરી ?' ત્યારે કહે, 'ના, કૉઝિઝની જરૂર ખરી.' મેં કહ્યું, ''ક્યારે કૉઝિઝ કર્યા'તા, કહો. ઈફેક્ટ એ કૉઝિઝનું ફળ છે. એટલે કૉઝિઝ આગલા અવતારના છે.'' એટલે આ જે કૉઝિઝ એ ઈફેક્ટિવ રૂપે થયા અત્યારે, આમાંથી ફરી કૉઝિઝ ઉત્પન્ન થાય છે. જ્યારે બાળક રડે છે, જ્યારે કડવું નાખીએ છીએ ત્યારે મોઢું બગાડે છે, એ દ્વેષ કરે છે. અને જ્યારે મીઠું આપીએ છીએ ત્યારે ખુશ થાય છે, એ રાગ કરે છે. એટલે રાગ-દ્વેષરૂપી કૉઝિઝ કર્યા કરે છે. એ કૉઝિઝ ઍન્ડ ઈફેક્ટ, ઈફેક્ટ ઍન્ડ કૉઝિઝ, કૉઝિઝ ઍન્ડ ઈફેક્ટ, ઈફેક્ટ ઍન્ડ કૉઝિઝની ઘટમાળ નિરંતર ચાલ્યા જ કરે છે. હવે આ લિંક તોડી નાખે તો મોક્ષ થાય. સમજાય છે તમને ?

**પ્રશ્નકર્તા :** જી, જરૂર.

**દાદાશ્રી :** કૉઝિઝ ઍન્ડ ઈફેક્ટ, ઈફેક્ટ ઍન્ડ કૉઝિઝ, એમ જન્મ-પુનર્જન્મ ચાલ્યા જ કરે છે.

## એને એની ભાષામાં સમજાવવું પડે

ફૉરેનવાળા સાયન્ટિસ્ટો પૂછે છે કે પુનર્જન્મ છે ? ત્યારે મારે આવું સમજાવવું પડે છે કૉઝિઝ ઍન્ડ ઈફેક્ટ. ત્યારે પછી એ સમજી શકે છે, નહીં તો સમજી ના શકે ને ! ફૉરેનના સાયન્ટિસ્ટને આપણે સમજાવીએ તો એની ભાષામાં સમજાવવો પડે. આપણે અહીં તો કેવું કહેવામાં આવે છે કે એક ગરીબને ત્યાં જન્મ્યો, એક રાજાને ત્યાં જન્મ્યો. એકને છે તે જન્મતા જ એની મા મરી જાય છે. એકને જન્મતા છે તે પાર વગરના

સુખ છે. આપણે ત્યાં આવા દાખલા આપવામાં આવે છે. પણ એ લોકોને આવા દાખલા આપે ને, તો એ લોકો સ્વીકાર નથી કરતા. કહે કે એ અમે માનતા નથી. એ તો ક્રિએટરનો અર્થ જ આવો છે, કહેશે. ક્રિએટરને જેવું ઠીક લાગે છે એવું કરે છે. શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ક્રિએટરને જેવું ઠીક લાગે એવું ક્રિએટ કરે.

**દાદાશ્રી :** હા, એને ઠીક લાગે તો કોઈને એની મા મરી જાય એવું કરી આપે, આને આવું કરી આપે. એટલે બોલો હવે, આપણા લોકો અહીં સાંધો મેળવવા જાય કે આ પુનર્જન્મને લઈને છે. આમ ત્યાં ઓળખાણ પાડવા જાય શી રીતે પડે ? એટલે મારે આ સાયન્ટિફિક આપવું પડે છે. રિઝલ્ટ આપું (પરિણામ દેખાડું) છું ને, ત્યારે એક્સેપ્ટ કરે છે, આમ કરીને.

એટલે મારે આ સાયન્ટિફિક રીત આપવી પડી પછી. અને આ જે હું કહું છું ને, તે આ બધા સાયન્ટિસ્ટોને માન્યા વગર છૂટકો નહીં. આ તો પદ્ધતિસરની વાત છે, સિદ્ધાંતિક વાત છે. પુનર્જન્મ સાબિત કરવો એટલે કંઈ જેવી તેવી વસ્તુ નથી. પુનર્જન્મ સાબિત થઈ શકે એમ જ નથી. એ જે રીતે આ હિન્દુસ્તાનના લોકો સાબિત કરાવવા માગે છે, એ હિન્દુસ્તાનના લોકો જ માને, બહારના લોકો નહીં માને. આપણા લોકો માને કે ભઈ, આને ત્યાં છે તે છોકરો જન્મતા એની મા મરી ગઈ અને આની નથી મરી ગઈ, માટે કંઈ કર્મના હિસાબ છે. એવું આપણા લોક માને. પણ એ તો કંઈ કર્મ-બર્મ માને જ નહીં ને ! પુનર્જન્મ હોય તો કર્મ હોય ને ? એ શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** પુનર્જન્મ હોય તો કર્મ હોય.

**દાદાશ્રી :** હા.

## એમની ભાષા પૂર્ણ પણ બિલીફ અધૂરી

ત્યારે પાછું મારે કહેવું પડે છે, તો લકી-અન્‌લકી (નસીબદાર-કમનસીબ) શબ્દ ક્યાંથી લાવ્યા ? લકીનો અર્થ શો ? ત્યારે પાછા

પકડાય. એમની ભાષા પૂર્ણ છે અને બિલીફ અધૂરી છે. અધૂરી બિલીફ, ભાષા પૂર્ણ છે. મુસ્લિમોનીય ભાષા પૂર્ણ છે, તકદીર, તદબીર બોલે. અલ્યા મૂઆ, તકદીર કંઈથી લાવ્યા તે ? કાં તો પુનર્જન્મ એક્સેપ્ટ કરો તો આ બે શબ્દ ચાલે એવા છે, નહીં તો એક્સેપ્ટ નહીં કરો તો ખોટી વાત છે આ તમારી. એટલે તમારી ભાષા પૂરી છે અને બિલીફ અધૂરી છે એવું મારે મુસ્લિમોને કહેવું જ પડે છે. તકદીર ને તદબીર લાવો ક્યાંથી ? જો પુનર્જન્મમાં માનતા નથી તો તકદીર હોય નહીં, તમને ખાતરી થઈ એવી ? પછી આપણે કહીએ છીએ એમાં તો બધા એને કબૂલ કરે છે.

## પાડ ફોટો, દાદા ફ્રી ઑફ કૉસ્ટ છે

તે અમે પાછા મુંબઈ આવ્યા ત્યાં સુધીમાં પ્લેનમાં જ દેખાડી દીધું બે કલાકમાં.

**પ્રશ્નકર્તા :** હં.

**દાદાશ્રી :** એટલે પુનર્જન્મ 'છે જ' એને જ્યારે સમજાવ્યું, ત્યારે એ સમજી ગયો. એને તો એમ જ લાગતું હતું કે આ લોકો બધા દૈ (દેવ) જાણે ઘનચક્કરો છે એવું લાગતું'તું. એની પોતાની ભાષામાં, એને પોતાને જેવી રીતે સમજાય ને, તે બે કલાકમાં એને સમજાવી દીધું અને એણે એક્સેપ્ટ કરી લીધું બધું. અને બધું નોંધી લીધું એણે.

પછી કહે છે, 'અમારા ક્રાઈસ્ટને કેમ ના ખબર પડી ?' મેં કહ્યું, 'તારા ક્રાઈસ્ટે જેટલું જાણ્યું છે એટલું જ્ઞાન બરોબર છે. એથી આગળ તો ઘણું જાણવાનું બાકી રહ્યું છે.' પણ બીજું શું રહ્યું છે ? ઘણું બાકી રહ્યું, ઓહોહો ! પછી અહીં સાંતાક્રૂઝ ઊતરીને પછી બે લેડા (જેન્ટ્સ) હતા ને બે લેડીઓ હતી. તે 'સચ્ચિદાનંદ સચ્ચિદાનંદ' કરવા માંડ્યા અહીં ઍરોડ્રોમમાં.

એટલે પછી મને કહે છે, 'તમારો ફોટો લેવા દો.' મેં કહ્યું, 'લઈ જા બા, ફોટો પાડ, દાદા ફ્રી ઑફ કૉસ્ટ છે.' એટલે એણે એના કેમેરામાં ફોટો લીધો. પછી એ જાતે ઊભો રહ્યો મારી જોડે, અને મેં લેડીના માથા ઉપર

આમ હાથ મૂક્યો અને એના માથા ઉપર હાથ મેલ્યો. એ પાંસઠ વર્ષનો ને પાંસઠ વર્ષની લેડી, તે બેઉની ઉપર હાથ મૂક્યા અને બધા પચાસેક માણસ અમારા ઊભા રહ્યા. તે બધા લઈ ગયા ફોટા ત્યાં, એના કેમેરામાં.




## હોલૅન્ડના દંપતીની જિજ્ઞાસાનો લાવ્યા અંત

અમે લોનાવલામાં ગયા'તા, તે હોલૅન્ડના એક હસબન્ડ અને વાઈફ, બેઉ જણ આવ્યા. તેને એમ લાગ્યું કે આ ભગવાન મહીં બેઠા છે એવું લોકો કહે છે, ત્યારે શું છે, લાવ તપાસ તો કરીએ. તો આવીને આમ જે' જે' કરીને બેઠા. મને કહે છે, 'અમને કંઈ સમજાવો.' ત્યારે મેં કહ્યું, 'સેપરેટ આઈ ઍન્ડ માય.' ત્યારે કહે, 'એટલે શું ?' તે પછી મેં ધીમે ધીમે સમજ પાડી. મેં કહ્યું, 'આ હાથ તમારો છે કે મારો છે ?' ત્યારે કહે, 'માય હૅન્ડ.' ત્યારે મેં કહ્યું, 'એને બાજુએ મૂકી દો. આ પગ તમારા છે કે મારા છે ?' ત્યારે કહે, 'મારા જ છે પગ તો.' ત્યારે મેં કહ્યું, 'બાજુએ મૂકી દો.' 'આ માથું મારું છે.' ત્યારે કહે, 'બાજુએ મૂકી દો.' 'કાન મારા છે, આંખો મારી...' તે પછી મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર બધું એમને સમજણ પાડી. 'આ થઈ ગયું આ તો ! આ આટલું જ જાણવાની જરૂર છે, બીજું કશું હવે અમારે જાણવું નથી. અમે દર્શન કરીને જઈએ હવે.' આટલું જ

જાણવાનું, જો આનું દુઃખ જ નથી રહેતું ને પછી ! 'મારું' જે માનતા'તા એને મૂકી દીધું બાજુએ, પછી દુઃખ જ ક્યાં રહે છે ? કહે છે. કારણ કે સુંવાળા એ લોકો તો. વાત સમજણ પાડી એ રસ્તે ચાલ્યા જાય, એ લોકો એવા પાછા આડફંટા નહીં. આપણા લોકો તો આડફંટો માર્ગ ખોળી કાઢે. આડફંટો, ખોળી કાઢે કે ના ખોળી કાઢે ? વિકલ્પી લોકો ને ! બહુ ગમ્યું એ લોકોને.

## ફૉરેનમાં ફક્ત સાયન્ટિસ્ટો અમારી વાત સમજી શકે

અમારી વાત બધાએ એક્સેપ્ટ કરવી જોઈએ. કારણ કે જેની પાસે આત્મા છે, અને તે મનુષ્ય છે એટલે એક્સેપ્ટ કરવું જોઈએ. અને તે બુદ્ધિ એની પ્રગટ થયેલી હોવી જોઈએ. તે ફૉરેનમાં બધા નહીં સમજી શકે પણ ફક્ત સાયન્ટિસ્ટો એકલા સમજી શકશે. ઈન્ડિયામાં બધા સમજી શકશે. ઈન્ડિયામાં ગજવા કાપનારોય સમજી શકશે, એક કલાકમાં જ. કારણ કે ડેવલપ થયેલો છે અધ્યાત્મમાં.

આ વિકલ્પી છે પ્રજા અને ફૉરેન બધું આખું સાહજિક છે. સાહજિક આપને સમજમાં આવે છે ? જેવું વિચાર આવે તેવું જ કર્યા કરવું. સારો એટલે સારો જ. તમને એક હેલ્પ કરી એટલે ઠેઠ સુધી હેલ્પ કર્યા જ કરે. અને આપણે અહીં તો કાકાના છોકરાને ત્યાં કહીએ, કે ભાઈ, મારે અહીં દાદા આવવાના છે, મારે ત્યાં પધારવાના છે, તે ગાડી તમે આપશો ? તે વિચાર કરે કે ત્રીસ માઈલ જતા, ત્રીસ માઈલ આવતા, તરત જ યાદ કરીને પછી કહે, મારે પરમ દહાડે સાહેબ આવવાના છે, તે એવું બોલે. એ પ્રજા એવું ના કરે. એ સાહજિક પ્રજા છે, આ વિકલ્પી પ્રજા છે. વિકલ્પી છતાં ડેવલપ છે, અધ્યાત્મમાં ડેવલપ છે. મોક્ષને માટે લાયક છે આ પ્રજા !

## સાયન્ટિસ્ટો ભેગા કરી નવા પ્રકારનું જ્ઞાન આપવા માગું છું

આ ફૉરેનના સાયન્ટિસ્ટો છે, એમને આગળનું વિજ્ઞાન પોતાને અંદર સૂઝમાં તો આવી ગયેલું છે, એટલું વિજ્ઞાન તો ખુલ્લું થઈ ગયેલું છે. પણ હવે આગળનો માર્ગ કોણ બતાવે ? એ જ્ઞાની પુરુષ બતાવે.

આખા વર્લ્ડના સાયન્ટિસ્ટોને જ્ઞાની પુરુષ બતાવે. આખા વર્લ્ડના માનસશાસ્ત્રીઓને આગળનો માર્ગ જ્ઞાની પુરુષ બતાવે, માર્ગદર્શન આપે. ફુલ લાઈટ છે જ્યાં આગળ !

આ ફૉરેનવાળા જે ઍબ્સૉલ્યૂટિઝમ ને એ માગે છે ને, જર્મનીવાળા, તે બધું હું આપવા તૈયાર છું. એ થીયરી માગે છે, હું એને કહીશ કે હું ઍબ્સૉલ્યૂટિઝમ થિયરમમાં છું. તારે જે જોઈતું હોય તે માગી લે હવે.

મારી શી ઈચ્છા છે કે આખા વર્લ્ડના સાયન્ટિસ્ટો ભેગા થાય તો હું આખા વર્લ્ડને નવા પ્રકારનું જ્ઞાન આપવા માગું છું. જેથી ઊંઘ આવે, ખાવાનું ભાવે અને લોકોને શાંતિ થાય, સંતોષ થાય, આ બળતરા બંધ થઈ જાય, એવું હું કરવા માગું છું. આ આખા વર્લ્ડને માટે છે. એટલે બધા સાયન્ટિસ્ટો ભેગા થાય, આમાં બીજા લોકોને તો આપીએ એનો અર્થ શો છે ? સાયન્ટિસ્ટો એકલાને આપીએ તો એ રિઝર્વોયર (જળાશય) મોટો છે. બીજા તો આ ગ્લાસ છે. ગ્લાસમાં આપીએ એનો શો અર્થ છે ? એ તો રિઝર્વોયરમાં આપીએ તો બધે પહોંચી જાય પછી. સાયન્ટિસ્ટો આ વાત બધી ફેલાવી દે પછી. આપણે સાયન્ટિસ્ટોને આપી શકીએ આ માર્ગદર્શન, અને સાયન્ટિસ્ટો એમની ભાષામાં એમને ઉતારી આપે, તો જ બધું ઘેર ઘેર પહોંચે.

મારો આઈડિયા એવો છે કે આખા જગતમાં ખૂણે ખૂણે પહોંચાડવી વાત. અને દરેક જગ્યાએ શાંતિ થવી જ જોઈએ. આવી મારી ભાવના, ઈચ્છા અને જે ગણો તે મારું આ છે !

## નામના થવાની નહીં, પણ જગતને જ્ઞાન પહોંચે એ ભાવના

**પ્રશ્નકર્તા :** આ દાદાની વાત જે છે, એ લોકોને, એ સાયન્ટિસ્ટોને પહોંચે, એ લોકો લઈ જાય પછી જગતને આપે પણ ખરા, પણ એ લોકો પછી એવું કરે, કે એ પોતાની છે એમ કરીને જગતમાં બહાર પાડે.

**દાદાશ્રી :** તે એવું જ જોઈએ છે આપણે. આ તો જગત કે ભલે કે લિયે હૈ, મેરી નામના કે લિયે નહીં હૈ.

**મહાત્માઓ :** (હર્ષોલ્લાસથી) જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** હમ ભી જગત કે ભલે કે લિયે ફરતા હૈ. મૈં ઉસકુ બોલેગા કે આપકા નામ સે કરો વેપાર. બિઝનેસ આપકા નામ સે કર દો. હા... પાઘડી-બાઘડી કુછ નહીં ચાહિએ. અને ઊલટો પચાસ હજાર ડૉલર આપવા તૈયાર છું, જો કદી એમ તૈયાર થતા હોય તો. દુનિયાને એકદમ જ ઠંડક ભેગી થશે. ઠંડક આપતા આવડશે તેને. ફરી કોઈ વખત આ જ્ઞાન પ્રગટ થતું નથી. આ જ્ઞાન ફરી પ્રગટ થતું નથી ને આ થઈ ગયું છે, તેય આ ઉંમર થયેલી છે, ઓગણાએંસી વર્ષ. એટલે આ જલદી વહેલામાં વહેલી તકે કો'કને પધરાવી દેવા માગું છું. એટલે એની પાઘડી... મારે એની પાસે પાંચ અબજ લેવાના નથી, પચાસ હજાર ડૉલર જોઈતા હોય તો હું આપું. અને એના નામથી વેપાર કરી ખાય. બૉર્ડેય એનું. નૉટ માય બૉર્ડ. (નામેય એનું. મારું નામ નહીં.) પણ જગતનું કલ્યાણ થઈ જાય, શાંતિ થઈ જાય. બધે શાંતિ ખૂબ ફેલાઈ જાય. કારણ કે બધા આંકડા (સિદ્ધાંતના મણકાં) આપી દઉં. માણસો જે દુઃખી છે ને, એ કેમ દુઃખી છે, એ શું કરવાથી સુખી થઈ જાય, એ બધા આંકડા આપી દઉં. ભગવાનને ભજ્યા સિવાય સુખી થઈ જાય. કારણ કે આ બધા દુઃખ તો ઈન્વાઈટેડ (આમંત્રેલા) દુઃખ છે.

**પ્રશ્નકર્તા :** તમે જે આ બોલ્યા ને, મારે જરૂર નથી, તે તમારી બહુ જ મહાનતા છે ! આ તમારી બહુ મોટી ગ્રેટનેસ છે !

**દાદાશ્રી :** નહીં, આઈ વોન્ટ જગતકુ શાંતિ હો જાએ. એક યે હી ચીજ મને ચાહિએ, દુસરા કુછ નહીં. મેરી નામના કુછ નહીં ચાહિએ. ક્યૂંકિ આઈ એમ નૉટ ધી ઓનર ઑફ ધી પ્લૉટ કે ઓનર ઑફ ધી હાઉસ કે ઓનર ઑફ ધી કન્ટ્રી. આઈ એમ ઓનર ઑફ ધીસ બ્રહ્માંડ. (હું પ્લૉટનો, ઘરનો કે દેશનો માલિક નથી. હું આ બ્રહ્માંડનો માલિક છું.) પછી મારે આ બધા પ્લૉટને શું કરવા છે, આ નામના કાઢીને ? નામના તો ગરીબ માણસ કાઢે. એ કહેશે કે તમે નીચે બેસો અને અમને ખુરશી ઉપર બેસાડો તો એમ કરીશું. પણ એને આપવું છે આ, અમારી ગરજે. ગરજ અમારી. એટલે આ ભેગા કરી આપો તો બહુ સારું તે. એક જ

વખત ભેગા કરી આપ્યા એટલે બહુ થઈ ગયું. પછી એ મને ખોળ ખોળ કરશે. અહીં આગળ આવ આવ કરશે.

ઈંગ્લિશ ભાષાનો અમારે કંટ્રોલ હોત ને, તો તમને કોઈને કહેવુંય ના પડત. પેપરવાળાને ત્યાં જઈને લખાવત. એક જ દહાડો એક જ પાનું પેપરમાં લખાઈ ગયું કે ચાલુ થઈ ગયું, પણ ભાષા આવડતી નથી ને ! એટલે કરો કંઈક, હવે જોર કરો. આ કરવા જેવું છે. આટલું જગતનું કલ્યાણ થઈ જાય. આ બહુ બળી રહ્યું છે મહીં અને રાત-દિવસ તરફડે છે લોકો. પોતાના ઘરનું ખઈને તરફડે છે.

❖❖❖❖❖

## [૯.૪]
## 'ઉપર કોઈ બાપોય નથી' કહી, કર્યા ભડકાટ મુક્ત

### ઉપર તો ખાલી આકાશ, ભગવાન તો દરેક જીવની મહીં

આ બધા ફૉરેનર્સ પૂછે છે કે 'આપ શું કહેવા માગો છો ? ભગવાન ઉપર નથી ?' ત્યારે મેં કહ્યું, 'ઉપર તો કોઈ બાપો નથી, આકાશ છે ખાલી.' એટલે એ ચમકે છે ને કહે છે કે 'તમે ભગવાનને ઉડાડો છો ?' મેં કહ્યું, 'ના, ઉડાડતો નથી. તમે એડ્રેસ જાણતા નથી. તમે તો અત્યાર સુધી ત્યાં ઉપર અરજીઓ મોકલી, એ તો બધી અરજીઓ લૉસ્ટ પ્રૉપર્ટી ઑફિસોમાં પડી છે. કોઈ બાપે સાંભળીએય નથી ને વાંચીએય નથી.' ત્યારે કહે, 'ભગવાનનું એડ્રેસ મને કહેશો ?' ત્યારે મેં કહ્યું, 'ગૉડ ઈઝ ઈન એવરી ક્રીએચર વેધર વિઝિબલ ઑર ઈન્વિઝિબલ. (આંખે દેખાય એવા કે ના દેખાય એવા, દરેક જીવમાં ભગવાન છે.) આ ક્રીએચરની બહાર કોઈ જગ્યાએ ગૉડ છે નહીં.' એટલે એમને સમજાય છે પાછું. નથી સમજતા એવું નથી.

### વિનંતી કરી વકીલને પાછા બોલાવ્યા

તે એક વાર અમદાવાદમાં આવું બધું ભરાયું'તું. એક મોટા વકીલ બેઠા'તા બ્રીફકેસ લઈને. તે એક જણ વાત કરતો'તો, ત્યારે મને કહે છે, 'આ તો બધું ભગવાને બનાવ્યું એટલે આપણે તો એના બાળકો છીએ.' મેં કહ્યું, 'ક્યારે બનાવ્યું ?' એટલે બધું પૂછતા પૂછતા પછી મેં કહ્યું, 'ક્યાં

રહે છે ?' ત્યારે કહે, 'ઉપર રહે છે.' તે મેં કહ્યું, 'ઉપર કોઈ બાપોય રહેતો નથી, હું બધે જઈ આવ્યો.' આવો શબ્દ બોલ્યો એમાં હવે કોઈનો ગુનો કર્યો મેં ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** પેલા વકીલ ઊઠીને બ્રીફકેસ લઈને દોડવા માંડ્યા. હવે શરીરે જાડા હતા પાછા. મેં કહ્યું, 'ઉપર તો કોઈ બાપોય નથી.' એટલે એણે કહ્યું, 'આવું બોલો છો ભગવાનને ? બાપોય નથી, એવું કહો છો ?' ઊઠીને હેંડવા માંડ્યા. બ્રીફકેસ લઈને દોડધામ કરવા માંડ્યા. મેં કહ્યું, અહીંયા આ કંઈ ભાંજગડ થઈ ? ઍક્સિડન્ટ થઈ ગયો આ તો. કોઈ દહાડો આવો ઍક્સિડન્ટ થયેલો નહીં. એટલે અમે તો બહુ મુશ્કેલીમાં મૂકાઈ ગયા. એટલે મેં અહીં પાંચ-સાત જણને કહ્યું, કે ઊઠો... ઊઠો... ઊઠો... વકીલને પકડી લાવો ગમે ત્યાંથી. આ તો અમારી બહુ મોટી ભૂલ થઈ ગઈ. અને પાછું એમેય કહ્યું, વકીલ દોડતા દોડતા આગળ જાય, તો તમે એમ કહેજો, કે 'દાદાજી તમને વિનંતી કરે છે, માટે તમે પાછા ચાલો.'

વિનંતી કરી ત્યારે આવ્યા, નહીં તો નહોતા આવતા. મેં કહ્યું, 'કહો કે દાદા વિનંતી કરે છે, તમે પાછા આવો.' કારણ કે એ ગાંડા કાઢે, મારાથી ગાંડું ના કઢાય. વિનંતી કરી કે ભઈ, અમારી ભૂલ થઈ બા, તું બેસ. એમ કહીને કરવું પડે.

## માફી માગી ટાળ્યો મતભેદ

તે વિનંતી કરીને પાછા બોલાવીને એની જગ્યા ઉપર બેસાડીને પછી પંપાળ્યા જરા. પંપાળીએ એટલે પાછા ખુશ થઈ જાય ! મને કહે છે, 'મને આ શબ્દ અઘરો પડી ગયો.' મેં કહ્યું, ''ના, એવું નથી. 'બાપોય નથી' એનો અર્થ એટલો જ કહેવા માગું છું, કે ત્યાં કોઈ વસ્તુ નથી, આકાશ જ છે ખાલી.'' ત્યારે કહે, ''પણ 'બાપો' બોલ્યા એટલે મને રીસ ચડી ગઈ, કે એને 'બાપો' કેમ કહો છો ?'' મેં કહ્યું, 'અમારી પાટીદારિયા ભાષા છે ને ! ચરોતરના પાટીદાર કહે છે.'

પણ વકીલનો મતભેદ અમે ટાળ્યો'તો. મેં કહ્યું, 'ભઈ, અમારી ભૂલ થઈ. માફી માગીએ છીએ ને તમે આવું શું કરો છો ! આમાં મારો કહેવાનો ભાવાર્થ જુદી જાતનો છે.' ત્યારે કહે, 'એ મેં જતા જતા વિચાર કર્યો. દાદાજી કહે છે, માટે આમાં કંઈક કારણ હશે.' મેં એને પછી એક્સેપ્ટ કરાવ્યું, કે ભગવાન અહીં છે ને ત્યાં નથી. તે કબૂલ કરીને ગયા. અને પછી ખૂબ કહેવા માંડ્યા કે 'મારી બહુ મોટી ભૂલ થઈ, દાદા. ક્યારે માફ થશે ?' મેં કહ્યું, 'હમણે જ. તમારી ઈરાદાપૂર્વકની ભૂલ નહોતી, અણસમજણની ભૂલ હતી. ઈરાદાપૂર્વકની ભૂલ થાય તો માફ થાય નહીં મારી પાસે. અણસમજણની ભૂલો બધી માફ થાય.'

એમાં એનો દોષ નથી. દોષ આપણો છે, કે આપણી છરી એને સામાને વાગી કેમ ? એ આપણો દોષ. ત્યારે કહે, તમે તો કાયદેસર ઝાલી'તી છરી, પણ એ ગેરકાયદેસર આવ્યો. પણ વાગી તો ખરી ને ? માટે તમે જોખમદાર. આ છરી તમારી હતી તો ને ? એટલે વાગવું ના જોઈએ. બધા એવિડન્સ સાચવવા જોઈએ આપણે. વગાડવા માટે નથી આવ્યા, વાગ્યું હોય તે રૂઝવવા માટે આવ્યા છીએ.

## પછી ખુશ કરીને મોકલ્યા

વકીલ મોટા હતા, નહીં ? તે પછી મેં શું કર્યું ? આ લોકોને તો એમ કહીએ કે એમ ને એમ પાછા આવો એવું ના ચાલે. અમે વિનંતી કરીએ ને, તો પાછો ફરે, મૂઓ. આમને વાર નહીં, આ બાળકો જ કહેવાય ને ! બાળકોને પટાવતા કેટલી વાર ? એટલે અમે તો પટાવીને પાછો બોલાવીએ. કંઈક અજુગતું એને લાગ્યું, એને બોજો સહન ના થયો તો એને પટાવીને પાછો વાળીએ. પટાવ્યા કહેવાય ને, વિનંતી કરીએ એટલે ! એના મનમાં શું જાણે કે દાદા ભગવાને વિનંતી કરી છે, તે પાછો ફરે. હું શું મહીં જાણું કે મેં પટાવ્યો આને. પટાવ્યો એવું કહેવાય ને ? કેમ બોલતા નથી ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** જે તે રસ્તે એનું અહિત ના કરે એટલું જોઈએ આપણે.

હવે આ તાળા ઊઘડતાય વાર કેટલી ? ને વાસતાય કેટલી વાર ? વિનંતી શબ્દ હું જાણું ને, તે આટલા એક જ શબ્દની જરૂર. અત્યારે પચ્ચીસ હજાર આપો તો ગાંઠે નહીં અને વિનંતી કહો તો ગાંઠે. પચ્ચીસ હજાર આપવા જાય ને, તો કહે, 'હું કંઈ રૂપિયાનો ભિખારી છું ? શું સમજ્યા તમે ?' અને વિનંતી કહીએ કે મહીં ટાઢુંટપ ! તાળું ઊઘડી જાય. એટલે પાછા આવીને બેઠા હઉ.

પછી ખુશ કર્યા. મેં કહ્યું, 'જરા ચા-બા પીશો ?' ત્યારે કહે, 'ના, અત્યારે નહીં.' પણ ખુશ કરીને મોકલ્યા'તા અમે પછી. પછી એ એના બહાના નહીં બોલેલા.

**પ્રશ્નકર્તા :** હા, એનો ક્લેઈમ ના રહ્યો પછી.

**દાદાશ્રી :** અમે તો વિનંતી કરીએ, ત્યાં જઈને નમસ્કાર કરી આવીએ અમે તો, 'પાછા ફરો, બા.' એક વાર આ સહી કરી આપો કે મતભેદ નથી થયો. થાય નહીં, બનતા સુધી અહીં કોઈ મતભેદ જોયેલો નથી મેં.

## ગૂંચાયેલો કોયડો સમો કરીને મોકલે

અમારે સત્સંગમાં કોઈની જોડે અથડામણ કરવી નથી છતાં પેલો અથડામણનો પ્રસંગ ઊભો કરી દે ને, તો અમે આમતેમ કરીને વાળી લઈએ. અથડામણ વધવા ના દઈએ.

અમે કોયડો ગૂંચાયેલો હોય ને, તો ફરી કોયડો સમો કરીને મોકલીએ, એમ ને એમ ના મોકલીએ. અમે તરછોડ ના મારીએ. આ તો જાતજાતની પ્રકૃતિ !

તારી ભૂલ છે તોય અમારી ભૂલ ગણીએ પાછા. અને પછી તેને વાળી લઈએય પાછા. પણ જતો ના રહેવા દઈએ. એ જતો રહેતો હોય જો રિસાઈને, તો અમે કહીએ કે ભાઈ, મારી ભૂલ છે. પણ તું અહીં બેસ. પાછો રાખીને સમજાવી દઉં. પછી એની ભૂલો એની પાસે કબૂલ કરાવડાવું પાછું.

અમારે બોલવું તો પડે, સામાને ફિટ થશે કે નહીં એ શું કહેવાય હવે ? તે આવું કો'કનું એ થઈ જાય ને, એટલે અમે પાછું વાળીએ. 'અમારી ભૂલ થઈ', એમેય કહીએ અમે. અમારે વાંધો નહીં. એમને શરમ આવે બિચારાને. એ મોટો વકીલ, અને 'મારી ભૂલ થઈ' એમ કહેતા એમને શરમ આવે, પણ અમને તો વાંધો નહીં ને ! અમારે કંઈ ભૂલ કબૂલવામાં વાંધો હોય ? પેલાને ઊંઘ ના આવે બિચારાને, આખી રાત ઊંઘ ના આવે અને આપણે તો ઊંઘ આવે નિરાંતે.

## ઉપર કોઈ બાપોય નથી, બધે જઈ આવ્યો

'કોઈ બાપોય નથી' એવું બોલો છો, કહે છે. હવે એમને કડવું લાગ્યું અને લોકોને મીઠું લાગે છે. એંસી જણને મીઠું લાગે ને એકાદને કડવું લાગે.

**પ્રશ્નકર્તા :** લોકોને એમ થઈ જાય છે કે 'ભગવાન છે જ નહીં' એવું આપ કહેવા માગો છો.

**દાદાશ્રી :** ના, એ તો પછી હું બધું સમજણ પાડું ને !

બોલો, સાચું સાંભળવાના શોખીન લોક છે ? હવે એમાં એનો દોષ શું છે ? ત્યારે કહે, એને સાઈકૉલૉજી ઈફેક્ટ થઈ ગયેલી છે કે આ આવું જ છે, આ ઉપર જ છે, ઉપર જ છે. હવે એ ઈફેક્ટ તૂટેય શી રીતે એનાથી ?

ઉપર કોઈ બાપોય નથી. ખાલી આકાશ છે, ત્યાં ઉપર કોઈ નથી, બધે જઈ આવ્યો. મને એમ લાગતું'તું કે આ બધાય લોકો કહે છે, માટે જોઈ આવવા દો ને ! કોઈ બાપોય નથી ત્યાં આગળ.

**પ્રશ્નકર્તા :** દાદા, 'બાપોય નથી' બોલો છો ને, સોંસરવું નીકળી જાય છે પણ એ તો.

**દાદાશ્રી :** ના, વગર કામના ભડકાટ, હાય, હાય, હાય, હાય ! કોઈ ઉપરી જ નથી. તમારો ઉપરી કોણ છે ? તમારા બ્લંડર્સ અને તમારી મિસ્ટેક્સ, બે જ તમારા ઉપરી છે.

એવો આ કાળ વિચિત્ર છે. માણસ ભડકેલા ઘોડા જેવો થઈ ગયો છે. ભડકાટ પેસી ગયો છે, શું થઈ જશે, શું નહીં ? તારો કોઈ ઉપરી જ નથી, શું થઈ જવાનું છે તે ? આટલી હિંમત આપનાર કોઈ મળ્યો હોત કે 'તારો ઉપરી કોઈ નથી. તારામાં ડખલ કરનારો કોઈ નથી.' 'અરે સાહેબ, આ કાયમને માટે પરમેનન્ટ વાતો કહો છો ?' હા, પરમેનન્ટ. તમને ડિસાઈડેડપૂર્વક (ચોક્કસપણે) કહું છું કે કોઈ બાપોય નથી ઉપરી. તમે જ છો. જે છો એ તમે છો.

## આવું છાતી ઠોકીને કહેનાર કોઈ મળ્યો નહીં

અનંત અવતાર સુધી ભટક ભટક કર્યા, કોઈ કહેનારો મળ્યો નહીં, છાતી ઠોકીને, કે 'ઉપર બાપોય નથી, મૂઆ.' કો'ક જાણતો હોય ને, તેનેય મનમાં વહેમ પડે કે 'હું બોલીશ ને, તો વખતે મને ઉઠાવી લે તો ?' સાચું રડવાનીયે બીક. મૂઆ, પણ સાચું છે એને રડવાની બીક શી તે ?

કૃપાળુદેવે લખ્યું કે, ઓહોહો ! એ મહાવીરે આખો જગતકર્તા ઉડાડ્યો. ત્યારે કેટલી એની છાતી સ્ટ્રોંગ હશે ! આખું જગત જગતકર્તાને માની રહ્યું છે. અને એમણે જગતકર્તાને ઉડાડ્યો, ત્યારે એમની છાતી કેવી સ્ટ્રોંગ હશે ! કહે છે.

**પ્રશ્નકર્તા :** જગતકર્તાને ઉડાડે એની છાતી કેટલી સ્ટ્રોંગ હશે !

**દાદાશ્રી :** હંઅ, બોલાય નહીં, 'ઉપર બાપોય નથી.' નહીં તો ભડક હોય કે લઈ લેશે તો શું થશે, લઈ લેશે તો શું થશે. મૂઆ, જાણતો હોય તો બોલ, નહીં તો બોલ કે ઉપર કોઈ છે નહીં. એટલે આપણે કહ્યું, ઉપર કોઈ બાપોયે નથી.

અને ઉપરી કોઈ ભગવાન બીજો છે નહીં, એની મેં ગૅરન્ટી આપી છે તમને. પછી વાંધો શું છે ? મેં તમને ગૅરન્ટી આપી, તેમાં જો કોઈ બીજા ભગવાનને નડતી હોય વાત તો મને હમણે ઉઠાવી લે. એ હોય કોઈ બીજો, કોઈ દાવેદાર, તો મને ઉઠાવી લે હમણે. કોઈ બાપોય નથી, હું બધું જોઈને, આખું જગત જોઈને બોલ્યો છું. તે બોલાય જ નહીં ને

કોઈથીએ, કોઈ સાધુ એવું બોલે નહીં. એ જાણે કે શુંનું શુંય થઈ જાય સવારમાં ! આ શરીરની રાખ થઈ જાય ને શરીર ઊડી જાય ને ! બોલાય નહીં કશું આવું તેવું કોઈથી. ચાર અબજ માણસો આવી વાત કરતા હોય કે ભગવાન ઉપર બેઠા છે, ત્યાં કોઈ ઉપરી નથી એવું બોલાય જ નહીં.

લોકોને ભડકાટ લાગે છે, કે હારું, પેલો લઈ લે... હું કહું તો શું થશે ? શું થશે ? એટલે બોલતા નથી. લોકોને સમજાય છે, તોય નથી બોલતા. શુંનું શુંય કરી નાખશે ! અરે મૂઆ, છે જ નહીં ત્યાં આગળ શું ભડકો છો ? જેમ છે એને જાણ.

## સત્ય મારે કહેવું જ જોઈએ

હવે જ્ઞાની પુરુષ કોનું નામ કહેવાય, કે આ દુનિયામાં જે છે, જેનું અસ્તિત્વ છે, તેને 'નથી' એવું ના કહે. જે નથી એને 'છે' એવું ના કહે, એનું નામ જ્ઞાની પુરુષ ! આ તો બધા ઠોકાઠોક કરે, આમ છે ને તેમ છે ને ! જવાબદાર કહેવાય એ જ્ઞાની પુરુષ. મહાવીર ભગવાનના જેટલી જવાબદારી કહેવાય. કારણ કે મહાવીરથી બહુ ફેર નથી એ. બે-ત્રણ માર્કે નાપાસ થયા તે મહાવીરથી ગયા કંઈ ?

**પ્રશ્નકર્તા :** ના, જરાય નહીં.

**દાદાશ્રી :** સત્ય મારે કહેવું જ જોઈએ. સત્ય હું ના કહું, જેમ છે તેમ ના કહું તો એને મહીં કો'ક લાભ પામનાર તે નહીં પામે. મહીં લાભ પામવાના ઉપાદાનવાળા છે તે નહીં પામે. ભલે ના ઉપાદાનવાળા મને ગાળો દેશે, તેનો વાંધો નથી, પણ ઉપાદાનવાળા લાભ પામી જશે. હવે દાદા 'ટૉપ્સ' (ભમરડા) કહે એટલે મારે કંઈક જવું પડશે, દાદાનું મગજ ઉતારી દઉં. તો એમ કરીનેય આવે તોય એનું કામ નીકળી જાય.

એટલે તમને વાત, ફાઈલ પતાવવા માટે મારે 'ના, એમ જ છે' એવું ના બોલાય મારાથી. પછી છેવટે એમ કહી દઉં, કે ભઈ, તમારી દૃષ્ટિ પ્રમાણે બરોબર છે, પણ આ મને કંઈ ખબર, સમજણ ના પડી. એમ કરીને કેસ ઊંચો મૂકી દઈએ. પણ 'છે' એને 'નથી' એવું અમારાથી ના બોલાય. અને 'નથી' એને 'છે' ના બોલાય.

## 'બાપોય' શબ્દ પરથી કરશે શોધખોળ

એક વાક્ય એવું બોલ્યો છું... કયું વાક્ય બોલ્યો છું, બોલો ને.

**પ્રશ્નકર્તા :** અવસ્થા માત્ર કુદરતી રચના છે, જેનો કોઈ બાપોય રચનાર નથી અને તે વ્યવસ્થિત છે.

**દાદાશ્રી :** આ જે સંસારી અવસ્થાઓ છે મનુષ્યોની, જીવોની, જીવમાત્રની, એ કુદરતી રચના છે અને તે...

**પ્રશ્નકર્તા :** એનો કોઈ બાપોય રચનાર નથી.

**દાદાશ્રી :** એનો કોઈ બાપોય રચનાર નથી ! એમ. અને તે પાછી વ્યવસ્થિત છે, એક્ઝેક્ટ ટાઈમસર થઈ જાય એવી. આવું વાક્ય મેં આનું આપ્યું છે. એટલે આ બાપો શબ્દ એટલા જ માટે મૂક્યો કે પાછળના તપાસ કરનારાને આ કયા દેશના હતા એ તપાસ કરતા જડે, માટે એ આ ચરોતરના પટેલ છે, એ જડે એટલા માટે. કે પછી પાછળ ખોળે કે આ કયા દેશના માણસે શોધ કરી એ ?

**પ્રશ્નકર્તા :** ચરોતરના પટેલ.

**દાદાશ્રી :** હં, ચરોતરનો પટેલ હોવો જોઈએ. શોધખોળ કરે પછી. ચરોતરના પટેલ જ બોલે ને ! બીજા કોઈનું ગજું નહીં ને ! આપણા પાટીદારો ખુશ થઈ જાય, બાપોય શબ્દ આવતાની સાથે જ, આમ મોઢું પહોળું થાય હં... તે ઘડીએ બોલતી ફેરે !

**પ્રશ્નકર્તા :** ખીચડી ખાય ને થાય એના જેવું. ખીચડી ખાવાની મળે ને એના જેવું થાય એને, કે આ આપણું છે બધું. આપણાવાળા છે એમ...

**દાદાશ્રી :** 'કોઈ બાપોય નથી.' તે એ તપાસ કરશે કે આ હવે બાપો એ તો કઈ ભાષાના હતા, કે આ ચરોતરિયા પટેલની ભાષા. એટલે ચરોતરમાં ખોળવા જશે. એટલે આ બધા આના પરથી એ લોકો શોધખોળ કરે. કારણ કે શોધખોળ કરીને ઘરાં હઉ ખોળી કાઢવાના. મારો જ્યાં જન્મ થયો'તો મોસાળમાં, તે જગ્યા પર બહુ લોકો દર્શન કરી

આવ્યા. અને હજુ તો એ જગ્યા છે, એટલે જ્યારે ત્યારે તે વેચાઈ જશે ને, બહુ મોટી કિંમતે વેચાઈ જશે. આ લોકો રહેવા ના દે ને પછી પાછળ !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** મારી હાજરીમાં ના થાય, પણ પછી પાછળથી તો બધું આવું જ થવાનું. બસ એ, લોકોને આ લપેડા કરવાની ટેવ બધી પડેલી.

❖❖❖❖❖

# [૧૦]

# અગિયારમું આશ્ચર્ય - 'અસંયતિ પૂજા'

## આ તો અગિયારમું આશ્ચર્ય કહેવાય

**પ્રશ્નકર્તા :** દાદા, જગતના લોકો તો એમ માને છે કે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તો સંસારનો ત્યાગ કરવો પડે ને સાધુ થવું પડે પણ આપને ગૃહસ્થ વેશે જ્ઞાન થયું એટલે અમારા જેવા સંસારી લોકો પણ ફાવી ગયા.

**દાદાશ્રી :** આ કાળના મનુષ્યો બહુ પુણ્યશાળી છે કે આ દુઃખેય પુષ્કળ પડ્યા અને પુણ્યૈ મહીં ભારે હશે કેટલાકની, બધાની નહીં, કેટલાકની, તો જ્ઞાની પુરુષ ગૃહસ્થ વેશે ઊભા થયા છે.

**પ્રશ્નકર્તા :** આ વેશે જ્ઞાની પાકેલા નથી. આ જે આપણા સામે છે, એ તો આપણી મોટી પુણ્યૈ !

**દાદાશ્રી :** આ તો એક એની મેળે જ આશ્ચર્ય ઊભું થયેલું છે. આ તો આવું બને નહીં. ના બનવાની વસ્તુ બની છે આ. આને અગિયારમું આશ્ચર્ય કહેવાય છે ! આશ્ચર્ય એટલે ક્યારેય પણ ન બને એવી વસ્તુ બની, એનું નામ આશ્ચર્ય ! તે દસ આશ્ચર્ય આ વર્લ્ડમાં થઈ ગયેલા છે, દસ લાખ વર્ષમાં. અને આ અગિયારમું આશ્ચર્ય કહેવાય છે.

## સંસારી વેશ છતાં લોકો દર્શન કરે એ આશ્ચર્ય

આ તો કો'ક વખત આવું બને. આ બટ નેચરલ બની ગયું છે, આવું બને નહીં આ. હું તો વેપારી છું, બોતેર વર્ષ સુધી વેપારી હતો.

અત્યારે સિત્યોતેર થયા. હવે વેપારીને ત્યાં આવું બધું ક્યાંથી હોય ? પણ દૈ જાણે આ લોકોનું કાંઈ પુણ્ય પાક્યું હશે તેથી અહીં દીવો પ્રગટ થઈ ગયો. અને દીવો તે અનંત ઐશ્વર્ય સાથે પાછો ! જબરજસ્ત ઐશ્વર્ય સાથે ! એટલે ધીસ ઈઝ ધ ઈલેવન્થ વન્ડર (આ અગિયારમું આશ્ચર્ય છે) !

અમારા ગયા પછી એ લખાશે બધું, અગિયારમું આશ્ચર્ય. દસમું આશ્ચર્ય ભગવાન મહાવીરના વખતમાં સૂર્યનારાયણ દર્શન કરવા આવ્યા'તા, સૂર્યનારાયણ દેવ અને દેવી બન્નેય. એટલે જે બિંબ હતું ને સૂર્યનું વિમાન, એ કાળું ધબ પડી ગયેલું, બે કલાક સુધી. અંધારું ઘોર થઈ ગયેલું. એ આશ્ચર્ય ભગવાન મહાવીરના વખતમાં થયેલું. એ દસમું આશ્ચર્ય. આ અગિયારમું આશ્ચર્ય કે સંસારી વેશમાં લોકો દર્શન કરે એવું થયું. આમ સંયમ દેખાય નહીં. અસંયતિ પૂજા કહેવાય છે એને, અસંયતિ પૂજા નામનું ધીટ આશ્ચર્ય કહેવાય છે.



**પ્રશ્નકર્તા :** કૃપાળુદેવના પત્રમાં આવે છે કે અસંયતિ પૂજા... શ્વેતાંબર શાસ્ત્રમાં એમ કરીને કંઈક... એ ધીટ આશ્ચર્ય આ દુષમકાળનું કીધું છે.

**દાદાશ્રી :** દુષમકાળમાં એવી પૂજા ચાલશે, કે આમ દેખાવમાં સંયમ ના હોય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** બહાર દેખાવમાં ના હોય.

**દાદાશ્રી :** અસંયતિ લાગે એમ. અને તે પૂજા ચાલશે. ત્યારે આ જ અસંયતિ પૂજા કહેવાય. આવું બને નહીં ને ! બહારનો સંયમ હોય તો જ પૂજા ચાલુ હોય. ભલે અંદરનો સંયમ ના હોય તો પણ બહારનો હોય તોય ચાલુ હોય. આ તો આ પહેલી વખત બન્યું આ. અસંયતિ પૂજા, તેથી આશ્ચર્ય કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** તેથી જ કહેવાય છે ! કૃપાળુદેવ એમ કહે છે, કે એ આશ્ચર્ય અમે અનુભવીએ છીએ, તો એમને એ અનુભવમાં આવેલું એમ ?

**દાદાશ્રી :** આવ્યું હશે ત્યારે જ એ બોલ્યા હશે ને !

## હુંડાવસર્પિણી ધીટ આશ્ચર્ય ! અસંયતિ પૂજા !

આ મોટામાં મોટું આશ્ચર્ય કહેવાય, અગિયારમું આશ્ચર્ય ! હુંડાવસર્પિણી ધીટ આશ્ચર્ય ! અસંયતિ પૂજા ! આને બસ્સો-ત્રણસો વર્ષ પછી તે સાહિત્યકારો લખશે કે મોટામાં મોટું અગિયારમું આશ્ચર્ય થયું આ ! હુંડાવસર્પિણી ધીટ આશ્ચર્ય ! આ અવસર્પિણીકાળ ખરો પણ એને હુંડાવસર્પિણીકાળ કહેવાય છે. એટલે બધા જાતજાતના આશ્ચર્ય ઊભા થાય. દરેકમાં, ભૌતિકમાંય આશ્ચર્ય ઊભા થાય, આમાંય (અધ્યાત્મમાંય) આશ્ચર્ય ઊભા થાય.

ધીટ આશ્ચર્ય એટલે આ સંસારના આશ્ચર્ય ઊભા થશે, લોકોને જાતજાતનું જોવા મળશે. એય ચંદ્ર ઉપર ગયા ને ફલાણું ગયા ! લોક કૂદાકૂદ કૂદાકૂદ કરશે. મોટી મોટી લડાઈઓ ને તોફાન ને બધું આ ! બધા આશ્ચર્ય ઊભા થશે. કોઈ ચાંદો દેખાડનાર નીકળે, કોઈ બીજો નીકળે, ત્રીજો નીકળે, જાતજાતના આશ્ચર્ય ઊભા થાય તે હુંડાવસર્પિણીકાળ ! તેમાં આ છે તે અસંયતિ પૂજા એટલે આ કોટ-ટોપી ! કોટ-ટોપી એ સંયમ ના કહેવાય, અસંયમ કહેવાય. અને એની પૂજા ચાલુ થઈ, નહીં તો કોઈ દહાડો હોય નહીં. આપણા આ હિન્દુઓને તો આ પૂજા ના હોય

ચાલુ. અસંયતિ પૂજા નામનું આશ્ચર્ય, અગિયારમું આશ્ચર્ય ગણાય. નહીં તો સંયત પૂજા હોય આપણી, અસંયત ના હોય.



અસંયતિ પૂજા એટલે જેનામાં કોઈ પણ પ્રકારનો સંયમ દેખાય નહીં. રસ્તામાં જોનારને એમ જ લાગે કે આ તો આપણા સાંસારિક, વ્યવહારિક માણસ છે. સામાન્ય માણસ જેવા જ દેખાય. અને એની પૂજા શરૂ થાય. આમ દેખાવમાં અસંયમી છે અને અંદર સંપૂર્ણ સંયમી છે. એની પૂજા એનું નામ અસંયતિ પૂજા. તે આ પૂજા ધીટ આશ્ચર્ય કહેવાય છે ! સંસારીને પૂજે. આવું કો'ક ફેરો બને, એ હુંડાવસર્પિણી ધીટ આશ્ચર્ય, હુંડાવસર્પિણી કહેવાય. અવસર્પિણી તો બહુ આવે છે પણ આ હુંડાવસર્પિણી કો'ક વખત આવે છે, કે જ્યારે અસંયમી પૂજાય. એને એનું નામ શું કહે છે શાસ્ત્રકારો ? અસંયત પૂજા નામનું આશ્ચર્ય ! એટલે કપડાં-બપડાં સાથે પૂજાય છે ને દાદા ! ટોપી-બોપી, કોટ-બોટ સાથે પૂજાય છે. અસંયતિ પૂજાય છે અહીં, સંસારી વેશે પૂજાય. સાધુ-આચાર્યો બધાય પૂજા કરે.

આ અસંયત પૂજા કહેવાય છે. આમ બહાર દેખાવમાં સંયમ નથી,

અને જગત શું માગે ? બહાર સંયમ દેખાતો હોવો જોઈએ. પછી અંદર ના હોય તો ચાલશે, કહે છે.

**પ્રશ્નકર્તા :** અંદરની ક્યાં કોઈને ખબર જ છે ? બહારનું જ જુએ.

**દાદાશ્રી :** હા, બહાર સંયત થાય એટલે અમારે દર્શન કરવા માટે થઈ ગયું. આ આપણું વિજ્ઞાન શું કહે છે કે બહાર તો જે હોય તે પણ અંદરનો સંયમ થઈ જાય. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** ઊલટું.

**દાદાશ્રી :** હં, અક્રમ વિજ્ઞાન ! બહાર અસંયમ અને અંદરનો સંયમ. ત્યારે એ લોકોને બહારનો સંયમ ને અંદર અસંયમ. આપણે અંદરના સંયમની કિંમત.

## ત્યાગ એ બાહ્ય ચીજ, સંયમ એ આંતરિક ચીજ

આપણે બહાર સહુ કોઈ ઓળખે, કે મહારાજ સાહેબ આવ્યા, બાપજી આવ્યા, બાપજી આવ્યા. એની પૂજા કરે ને ? તે સંયતિ પૂજા કહેવાય. અને આ ધોતિયા-બોતિયાવાળાની કરે ને, તે અસંયતિ પૂજા.



લોકોને એમ લાગે, કે ઓહોહો ! ભગવા કપડાં પહેર્યાં નથી, કોટ-ટોપી પહેર્યાં છે. પેલાને અસંયતિ લાગે. પણ હોય મોટામાં મોટા સંયતિ. ભગવાન જે સંયમ પાળે છે તેવો એ સંયમ પાળતા હોય. પણ એને ખબર છે નહીં. સંયમ એ આંતરિક ચીજ છે, સંયમ એ બાહ્ય ચીજ નથી. ત્યાગ એ બાહ્ય ચીજ છે, આંતરિક ચીજ નથી.

**પ્રશ્નકર્તા :** વિષય-કષાયનો અભ્યંતર ત્યાગ હોય તો સંયમમાં જાય ?

**દાદાશ્રી :** અભ્યંતર ત્યાગ સંયમમાં જાય. બાકી આ ત્યાગ એ બાહ્ય ત્યાગ જ ખોળે છે બધા. અભ્યંતર તપ-ત્યાગ એ બધું જ છે તે સંયમમાં જાય.

## સંયમ દેખાય નહીં પણ સંપૂર્ણ સંયમી

કોટ-ટોપી પહેરે, બૂટ પહેરે, મોજા પહેરે. આ કંઈ સંયમની નિશાની કહેવાય ? કોણ કહે આને સંયમની નિશાની ?

આ વ્યવહારમાં દેખાતા સંયમી નહીં, અસંયત કહેવાય. અને ખરા સંયમી એ હોય અંદર. દેખાવમાં સંયમી નહીં છતાંય બધું, દુકાન ચાલ્યા કરે છે. અને સંયમી, મારા હાથે સંયમ લેનારા માણસો ખરા.

સાચો સંયમી આંતરિક સંયમી હોય, બાહ્ય સંયમ નાયે હોય. અગર બાહ્ય અને આંતરિક બેઉ હોય, પણ આંતરિક સંયમ મુખ્ય હોય. ક્રોધ-માન-માયા-લોભ ઉપશમ થયેલા હોય કાં તો ક્ષય થયેલા હોય એ બધાને સંયમી કહેવાય.

એટલે અમારો સંયમ તો ઓર જ જાતનો, કોઈનેય ના હોય એવો સંયમ અમારો હોય. બિલકુલ એક સમય પણ અસંયમ નહીં. એક સેકન્ડેય અસંયમ નહીં.

## ત્યાગીમાં કેફ વધે ત્યારે સંસારીમાં જ્ઞાન ઉત્પન્ન થાય

કોઈ જ્ઞાની એવા થઈ ગયેલા, કે જેણે કાળો ટોપો ઘાલેલો ?

**પ્રશ્નકર્તા :** દાદા, કાળી ટોપી, વળી પાછા વાળ પણ આપને બરોબર વ્યવસ્થિત.

**દાદાશ્રી :** હા, તે વાળ પણ ઓળેલા.

**પ્રશ્નકર્તા :** ઓળેલા ને આપ આયનો પાછો ધરો, જુઓ બરોબર છે કે નહીં તે !

**દાદાશ્રી :** પાછા વાળ ઑઈલિંગ-બૉઈલિંગ કરેલા.

આ સંસારમાં હોવા છતાંય આવું બન્યું છે. શા માટે આવું બન્યું ? ત્યારે કહે છે, ''ત્યાગીઓને મદ વધી ગયો'તો, કેફ વધી ગયો'તો, કે આ સંસારીઓનું શું થશે, અને અમારો જ મોક્ષ છે એમ કહેતા'તા.'' ત્યાગીઓ બધા એમ જ કહેતા'તા કે અમારો જ મોક્ષ છે. આ સંસારીઓ તો દયા ખાવા જેવા છે. તે આ કુદરતે કંઈક આ સંસારી વેશે મોક્ષ કરાવડાવ્યો, એટલે એમનો મદ ઊતરી ગયો. હવે સાધુઓ મારી પાસે આવે છે, કે 'અમારો મદ ઊતરી ગયો, હવે તમારી પાસે આવીને મોક્ષ લઈ જઈશું.' મેં કહ્યું, 'અહીં આવો તો મોક્ષ થાય તમારો.' એટલે આ કુદરતને ઘેર શી ખોટ છે તે ? અને આ જીવોના બે ભાગ છે; એક સિદ્ધ છે અને બીજા બધાય સંસારી છે. એ ત્યાગી-બ્યાગી બધાય સંસારી છે. આ તો આપણા લોકો એમ કહે છે કે આ અમે સંસારી ને આ સંસારી નહીં. બધું સંસારી જ છે.

## જ્ઞાનીને સંસારી ના કહેવાય

અત્યાર સુધી બધે માન્યતાઓ હતી કે ત્યાગ કર્યા વગર રિયલ સ્વરૂપ પ્રાપ્ત નથી થવાનું. એ માન્યતાઓ ખોટી નથી, પણ અમુક કાળે એ માન્યતા કામ લાગે છે ને અમુક કાળે છે તે સંસારમાંય પણ (રિયલ સ્વરૂપની પ્રાપ્તિ) થઈ જાય છે, એવું હું તમને કહેવા માગું છું. કારણ કે ત્યાગ એ કંઈ પક્ષપાતી નથી મોક્ષનો કે ગૃહસ્થ એ પણ પક્ષપાતી નથી. જેણે આત્મા જાણ્યો તેનો મોક્ષ જ છે, પછી એ ગૃહસ્થ હોય કે ત્યાગી હોય. ભગવાને બન્નેને સંસારી કહ્યા છે.

સંસારી એટલે જ્યાં દેહધારીપણું છે પોતાનું અને જ્યાં સુધી એવું જાણે કે 'હું આચાર્ય છું' ત્યાં સુધી એ સંસારી. અને પોતાના સ્વરૂપનું ભાન થયું અને સ્વરૂપમાં રહે ત્યારે સંસારી ના કહેવાય. અને પેલા સિદ્ધ સંસારી ના કહેવાય. જેટલા સિદ્ધ થઈ ગયા એ સંસારી ના કહેવાય. પણ આ વચલા જ્ઞાની પુરુષો એકલા સંસારી ના કહેવાય. કારણ કે સંસારની ઈફેક્ટ એમને અડે નહીં કોઈ પણ પ્રકારની. જો સંસારની ઈફેક્ટ એમને અડતી હોય તો એ જ્ઞાની નહીં. કોઈ પણ જાતની ઈફેક્ટ અડવી ના જોઈએ. એટલે આ અત્યારે ગૃહસ્થ દશામાં જ્ઞાન થાય છે, એના પુરાવારૂપે હું દેખાઉં છું. પુરાવારૂપે નથી લાગતું ? કોટ-ટોપી એ બધું પહેરીને ફરું છું અને બૂટને પાલિશ કરાવીને ફરું છું. લોક કહેશે, 'આ પાલિશ કેમ કરાવો છો ?' મેં કહ્યું, 'ભઈ, જો હું પાલિશ નહીં કરાવું તો તમે એમ કહેશો કે તમે ધંધાદારી છો, પૈસા છે ને ચીકણા છો. પાલિશ કરાવું છું ત્યારે તમે આમ કહેશો. ત્યારે મારે કઈ બાજુ રહેવું ?'

## આવા ગૃહસ્થી વેશે ટેસ્ટેડ જ્ઞાન

અને ટેસ્ટેડ જ્ઞાન તેનું નામ કહેવાય, કે આવા કપડાંમાં જ હોવું જોઈએ. સંસારભાવમાં જ હોય, વેપારીભાવમાં જ હોવું જોઈએ જ્ઞાન, એ ટેસ્ટેડ કહેવાય. બાવા તો હઉ કોઈ થાય, બાવા મજા કરે, એમાં બાવાઓને શું છે ? કંઈ ઈન્કમટૅક્સ ને સેલ્સટૅક્સ છે ? ખરું ટેસ્ટેડ તો આ જ્ઞાન કહેવાય. પણ લોકોને તો આ સાંભળેલું જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** સંસારમાં રહેવું અને મોક્ષ થવા કહેવું એ અસુલભ વાત છે.

**દાદાશ્રી :** બહુ મોટી અસુલભ વાત છે. તેથી તો ત્યાગ માર્ગ ચાલુ હતો. ત્યાગ માર્ગમાં આ છોડે જંજાળ તો જંજાળ કંઈક ઠેકાણે રહે. અને ઘેર તો શી રીતે થાય ? ઘેર તો વહુ કહેશે, 'તેલ લઈ આવો.' હવે લાઈનમાં શી રીતે ઊભો રહીને તેલ લાવે ? એના કરતાં અહીંથી ભાગી છૂટ્યા ને ત્યાં અપાસરામાં જઈને બેઠા એટલે આત્માનું જ કર્યા કરે. પણ ભગવાને શું કહ્યું'તું, કે આત્મજ્ઞાન ખરું ક્યારે થશે ? ત્યારે કહે છે, 'આ

ટેસ્ટ એક્ઝામિનેશનમાં (પરીક્ષામાં) એટલે સ્ત્રી-છોકરાંની વચ્ચે જો થશે તો કામ કાઢી નાખશે.' એ ટેસ્ટ એક્ઝામિનેશન છે. બૈરી પજવતી હોય, છોકરાંઓ પજવતા હોય ને આત્મજ્ઞાન થતું હોય એમાં મજા આવે.

**પ્રશ્નકર્તા :** કસોટી છે.

**દાદાશ્રી :** હા, એ કસોટી છે, ટેસ્ટ એક્ઝામિનેશન છે.

## સંસારી વેશે નિરંતર સ્વપરિણતિ, અજાયબ પદ

સંસારમાં રહેવું અને મોક્ષ થવા કહેવું એ અસુલભ છે. અમે એક ક્ષણ વાર મોક્ષની બહાર નીકળ્યા નથી. અમે સ્વપરિણતિમાં જ રહીએ છીએ, હોમ ડિપાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યો નથી. ફૉરેન ડિપાર્ટમેન્ટમાંથી જે ફોન આવે તે હોમ ડિપાર્ટમેન્ટમાંથી અમે જવાબ આપી દઈએ.

સ્વપરિણતિમાં રહેવું એ વર્લ્ડમાં એક જ માણસ હોય, બીજો માણસ પણ ના હોય, એટલું અજાયબ પદ છે. પરપરિણતિ અમને ઉત્પન્ન થાય નહીં. સંસારમાં રહેવા છતાં, વ્યવહાર કરવા છતાં, વેપાર કરવા છતાં, પરપરિણતિ ઉત્પન્ન ના થાય. અને તમને પણ જો જ્ઞાન આપ્યું છે, તે પરપરિણતિ ઉત્પન્ન ના થાય.

આ એ.એમ.પટેલ દેખાય છે એ તો મનુષ્ય જ છે, પણ એ.એમ. પટેલની જે વૃત્તિઓ છે અને જે એમની એકાગ્રતા છે તે પરરમણતાય નથી અને પરપરિણામ પણ નથી, સ્વપરિણામ. નિરંતર સ્વપરિણામવાળા દાદા વર્લ્ડમાં કો'ક વખત, હજારો-લાખો વર્ષે એક ફેરો હોય ! સ્વરમણતા ના હોય. સ્વરમણતા અમુક અંશે થાય પણ સર્વાંશે સ્વરમણતા અને સંસારી વેશે ના હોય. એથી એને આશ્ચર્ય લખ્યું ને !

## મુશ્કેલ છે આ આશ્ચર્યનું વર્ણન કરવું

**પ્રશ્નકર્તા :** આજે, દાદા, એ વિચાર કરું છું, કે જગતમાં આટલા બધા આશ્ચર્યો છે, એમાં તમને ક્યાં મૂકું ?

**દાદાશ્રી :** બાજુએ રાખી દેવું. રાખી દેવું સ્ટૉકમાં. શું કામ છે ?

**પ્રશ્નકર્તા :** જાણવું જોઈએ ને ?

**દાદાશ્રી :** એવું છે ને, કે આ આશ્ચર્યનું વર્ણન કરવું એ થોડું મુશ્કેલ છે. એવું આશ્ચર્ય થયું છે, કે આ આશ્ચર્યને તો ક્યાં મૂકવું એ મનેય પોતાને ખબર નથી. પણ તમને ખબર પડશે એ.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે. પણ એ એટલા માટે મગજમાં જે વિચાર આવે છે, એ મેં તમારી પાસે રજૂ કર્યો, કે તમને ક્યાં મૂકું ?

## સહુ અદ્‌ભુતોમાંય અદ્‌ભુત દાદાનું સ્વરૂપ

**પ્રશ્નકર્તા :** દાદા, કવિ ન્હાનાલાલની પંક્તિ છે,

'સહુ અદ્‌ભુતોમાં તુજ સ્વરૂપ અદ્‌ભુત નીરખું,
મહાજ્યોતિ જેવું નયન શશી ને સૂર્ય સરખું.'

**દાદાશ્રી :** શું કહેવા માગે છે એ ?

**પ્રશ્નકર્તા :** તમારા સ્વરૂપને હું વધારે અદ્‌ભુત નીરખું છું, બીજા અદ્‌ભુતોમાં.

**દાદાશ્રી :** એ બધા આશ્ચર્યો કરતાં તો આ આશ્ચર્ય બહુ અદ્‌ભુત આશ્ચર્ય છે !

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે જુઓ અમે બધાય માણસો છીએ. કરોડો માણસો છે આખી દુનિયામાં, અબજો, એની અંદર દાદા ભગવાન જુદા કેમ પડી જાય છે ?

**દાદાશ્રી :** એ જ પેલા આશ્ચર્યને લઈને !

**પ્રશ્નકર્તા :** એટલે જ એ 'સહુ અદ્‌ભુતોમાં તુજ સ્વરૂપ અદ્‌ભુત નીરખું.'

**દાદાશ્રી :** હા, તો તમારી વાત તે ખરી ને ! બધા ગમે એટલા અદ્‌ભુત હોય કે, અને તેમાંથી પણ આ મારું સ્વરૂપ, એ સ્વરૂપની વાત જ જુદી ને ! એના આશ્ચર્યને તો માપી જ ના શકાય ને !

**પ્રશ્નકર્તા :** બરોબર છે. આમ જુઓ કાંઈ તમે કપડાંમાં જુદા પડતા હો, વાણી-વિચારમાં જુદા પડતા હો, કાંઈ હૃષ્ટપુષ્ટ હો દેખાવમાં, એવું કશુંય નથી.

**દાદાશ્રી :** એવું કશું છે નહીં.

**પ્રશ્નકર્તા :** અને છતાંય અદ્‌ભુતતા કેમ દેખાય છે એમ ?

**દાદાશ્રી :** અદ્‌ભુતતા, એ જ અજાયબી છે ને !

## વિશેષતા દેખાય નહીં છતાં વિશેષ

**પ્રશ્નકર્તા :** દાદા, એ કેવું ? વાણીમાં જુદા પડતા નથી એવું કહે છે, એ કેમનું બોલે છે આ ?

**દાદાશ્રી :** ના, પણ જુદા પડતા નથી, એવું કહે. હમણે ટ્રેનમાં મારી જોડે બેઠા હોય ને, એ બધાય કહે, આપણા જેવા જ છે. આમની જોડે વાતચીત કરી શકીએ. એટલે જુદા પડતા નથી એનો શું અર્થ ? કે આની જોડે મારાથી કેમ બોલાય કે એવું તેવું અગર હું બોલું જુદું, આ બોલે જુદું, એવું નહીં. મિક્સ થાય બધે, એડજસ્ટ એવરીવ્હેર !

**પ્રશ્નકર્તા :** એટલે વિશેષતા નથી.

**દાદાશ્રી :** વિશેષતા નથી દેખાતી કોઈ જગ્યાથી. કોઈ માણસને જુદા ન લાગે.

**પ્રશ્નકર્તા :** હા, જુદા ન લાગે કોઈ ઠેકાણે અને છતાંય વિશેષતા છે.

**દાદાશ્રી :** છે વિશેષતા જબરજસ્ત ! પણ તે આ વિશેષતા દેખાતી નથી, છતાં છે. નહીં તો વિશેષતા દરેકનામાં જે હોય ને, તે દેખાઈ જાય, ઉઘાડી પડી જાય.

**પ્રશ્નકર્તા :** હા, કારણ કે અહંકાર હોય ને !

**દાદાશ્રી :** હા, અહંકારને લઈને ઉઘાડી પડી જાય બધી. અને આ તો અમે ગાડીમાં બેઠા હોઈએ ને, તો કોઈને ખબર પડે નહીં, કે કોણ બેઠું

છે ! કશી એની વિશેષતા ખબર ના પડે. અને પાછો કોઈ છે તે કશુંક લઈને કંઈ આપતો હોય ને, તો અમે પ્રસાદેય લઈએ પાછા.

**પ્રશ્નકર્તા :** પણ તમે કહ્યું છે ને, અગિયારમું આશ્ચર્ય ગણાશે.

**દાદાશ્રી :** હા, આ તો પેલા દસ થઈ ગયા છે એના હિસાબે અગિયારમું.

## સામાન્ય માણસ જેવો જ બધો વ્યવહાર

**પ્રશ્નકર્તા :** દાદા, આ અગિયારમું આશ્ચર્ય છે, પણ જ્ઞાનીને તો આશ્ચર્યની પ્રતિમા જ કીધી છે ને ?

**દાદાશ્રી :** હાસ્તો. આશ્ચર્યની પ્રતિમા જ કહેવાય, પણ વસ્તુસ્થિતિમાં એને (આશ્ચર્યને) ક્યાં મૂકવું એ અજાયબી છે, એ સાહેબ એવું કહેવા માગે છે.

**પ્રશ્નકર્તા :** હા, ક્યાં મૂકવું એ ?

**દાદાશ્રી :** એ કોઈને ખબર જ ના પડે, કે અહીંયા આગળ આશ્ચર્ય જેવું છે, કશુંક છે. આપણા જેવા જ, સામાન્ય માણસ જેવો જ વ્યવહાર-તહેવાર બધુંય. પેલાને કહેય ખરા, ભઈ, ટિકિટની બારી કંઈ આવી ? મને ખબર નથી, એવું પૂછેય ખરા.

**પ્રશ્નકર્તા :** પૂછેય ખરા, હા.

**દાદાશ્રી :** એમ સામાન્ય માણસ જેવો જ બધો વ્યવહાર કરે. અમે કહીએય, કે 'ભઈ, રસ્તો અમને જડતો નથી. કંઈક રસ્તો દેખાડો.'

**પ્રશ્નકર્તા :** છતાંય જેટલો વખત તમારી સાથે રહીએ, એટલો વખત આનંદમાં જાય છે.

**દાદાશ્રી :** એ આનંદમાં જાય ને ! તે સતત જે 'એ' છે એવા જ થતા જાવ પાછા તમે. પણ પેલું થોડે થોડે અંશે થાય એટલે ખબર ના પડે એનું. વેઈટ (વજન) એક્ઝેક્ટ એકદમ વધી જાય ત્યારે ખબર પડે. થોડે થોડે અંશે અંશે ફેરફાર થતો જાય. એ જોડે બેસવાનું ફળ !

એટલે આ આશ્ચર્યને તો પાર જ નથી આવે એવું આ આશ્ચર્ય ! તમે ખરું કહ્યું, કે વાણીમાં સરખું છે. બીજી બાબતમાં પણ બધાય જેવું.

**પ્રશ્નકર્તા :** કપડાંમાં કંઈ વિશેષતા નથી.

**દાદાશ્રી :** ના, સંડાસ જાય છે તે ઘડીએય, 'એય ખસી જાવ, ખસી જાવ', કોઈ બૂમાબૂમ નથી કશી. એટલે સાધારણ માણસો ખસે એવી રીતે. જમવા બેસે તોય સાધારણ માણસ. કશુંય ડખલ નથી. વાળ કપાવવા ભેગા બેસે. સાધારણ માણસ કપાવે એવી રીતે. આ બધા સંતો હોય ને, એનું પાછું કંઈક એ હોય.

**પ્રશ્નકર્તા :** વિશેષ.

**દાદાશ્રી :** એ ના હોય અહીં.

**પ્રશ્નકર્તા :** ના, અને છતાંય તે દાદાનો વૈભવ દેખાય છે !

**દાદાશ્રી :** હા, વૈભવ તો દેખાય ને ! વૈભવ બધો પ્રાપ્ત હોય, કારણ કે અંતરાય તૂટેલા. એટલે અમેરિકામાં અમને શી ચીજ ખાવાની નહીં મૂકતા હોય લોકો ? કઈ જાતના ફ્રૂટ નહીં મૂકતા હોય ? અરે જબરજસ્ત ! તે ફ્રૂટો-બ્રૂટો બધું.

**પ્રશ્નકર્તા :** બધાય અંતરાયો તૂટી ગયા !

**દાદાશ્રી :** બધા અંતરાય તૂટી ગયા. પૈસા તો લેતા નથી એટલે પૈસાના અંતરાય તૂટી જ ગયેલા છે. એ બધા અંતરાય તૂટી ગયેલા. બધી વસ્તુઓ સહજમાં અમને પ્રાપ્ત થાય, ઈચ્છા કર્યા વગર પ્રાપ્ત થાય. ઉપરથી પડે આવીને.

પણ તમે આજે એ શોધખોળ ખરી કરી, કે ગાડીમાં બેઠા હોય તો કો'કને એમ ખબર ના પડે, કે આ કંઈ જુદા માણસ છે, કે કો'કના ગુરુ થઈ બેઠા હોય એવું લાગે છે, એવું નહીં. અને ઊલટા મને લોક કહે ને, પેણે કોઈ બાપજી આવ્યા છે, દર્શન કરવા તમારે આવવું હોય તો ચાલો. તે હું જઉંએય ખરો અમથો, અમથો દેખાવ પૂરતું જઉં.

## કો'ક દેખાડે ને દૃષ્ટિ માંડીએ તો અલૌકિકતા દેખાય

એટલે જ્ઞાની પુરુષની અલૌકિકતા તો કો'ક દેખાડે આપણને અને પછી દૃષ્ટિ માંડીએ તો દેખાય, નહીં તો દૃષ્ટિ માંડ્યા વગર દેખાય નહીં ને !

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિ માંડ્યા વગર દેખાય નહીં.

**દાદાશ્રી :** નહીં તો આ ટોપી ને એ બધી વસ્તુ બાદ કરી નાખે એની અલૌકિકતાને.

**પ્રશ્નકર્તા :** હા, માઈનસ બધું મૂકી દે.

**દાદાશ્રી :** ટોપી ને કોટ ને એ બધું અલૌકિકતાને બાદ કરી નાખે. હમણે ભગવો કાં તો ધોળો ઝભ્ભો હોય ને, ધોળું ઓઢવાનું, તો અલૌકિકતા ના હોય તોય અલૌકિકતા દેખાય. હલકી નાતનો માણસેય ઓઢીને ફરતો હોય ને, તોય 'બાપજી' કહે લોક. કારણ કે બૉર્ડ છે ને !

**પ્રશ્નકર્તા :** હા, બૉર્ડ મારેલું છે.

**દાદાશ્રી :** અને આ તો બૉર્ડ-બૉર્ડ કશુંય નહીં.

**પ્રશ્નકર્તા :** બૉર્ડ વગરનું છે.

**દાદાશ્રી :** બૉર્ડ છે, ત્યાં વેપારીભાવ છે. બૉર્ડ નથી ત્યાં વેપારીપણું નથી. એટલે આ એક અજાયબી મોટામાં મોટી તે, આ કાળમાં બની છે !

## સંપૂર્ણ જ્ઞાની ઘરમાં ન રહે, આ તો અપવાદ

આ તો અપવાદ છે, નહીં તો ઘરમાં જ્ઞાની રહે જ નહીં. સંપૂર્ણ જ્ઞાની ઘરમાં હોય નહીં. પણ આ તો અપવાદ છે ! આવું બને નહીં ને !

હું કંઈ આ ઉપાશ્રયમાં બેઠેલા હોય છે ને મહારાજ સાહેબ, તેવો મહારાજ સાહેબ નથી. હું ઉપાશ્રયમાં બેઠેલો નથી, મારેય છે તે બિઝનેસ, ઈન્કમટૅક્સવાળા, બધુંય છે. ઈન્કમટૅક્સની તલવારો બધી માથા ઉપર લટક્યા કરે છે ! છતાંય વીતરાગભાવમાં રહેવાય એ અજાયબી, અત્યારે

આ કાળનું આશ્ચર્ય કહેવાય ! આ દસ લાખ વર્ષમાં ક્યારેય પણ નથી બન્યું કે સંસારી વીતરાગભાવમાં રહી શકે. ત્યાગી રહી શકે, કારણ કે ત્યાગીને બધું છૂટી ગયેલું હોય ને ! આ તો સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ ભેગો થયેલો કે આ એની મેળે ઉત્પન્ન થયું, કુદરતી. નહીં તો આવું બને નહીં. અને બન્યું એટલે આપણે આપણું લાઈટ કરી લેવાનું.

## આનો લાભ ન લેવાય તે બારમું આશ્ચર્ય !

લોકોએ આશ્ચર્ય જોયેલું નહીં અને આ આશ્ચર્ય છે એવી સમજવાની શક્તિ નથી. અમથો આશ્ચર્ય સમજે ને અમારા ચરણોમાંથી ધૂળ લઈને જાય તોયે કામ થઈ જાય, પણ આશ્ચર્ય સમજે તો.

કોઈ કાળે ના બન્યું હોય એવું આ કાળમાં બન્યું છે આ અજાયબી ને તેનો જો લાભ ના લેવાય તો એનેય અજાયબી કહેવાય ને ? આ તો અગિયારમું, અને પેલું બારમું આશ્ચર્ય કહેવાય ! લાભ ના લેનારાનું બારમું આશ્ચર્ય (!) આ અગિયારમું આશ્ચર્ય, કોઈ કાળે બને નહીં, એવું બન્યું છે. એક દહાડો આખું વર્લ્ડ અજાયબી પામશે !

❖❖❖❖❖

# [૧૧]
# જ્ઞાન પછી પણ વેશ રહ્યો તેનો તે જ

## જે વેશે જ્ઞાન થયું તે વેશમાં ફેરફાર ના થાય

**પ્રશ્નકર્તા :** બીજા લોકો સાધુ બને એટલે વેશ બદલી નાખે છે અને આપે આપનો વેશ, જે પહેરતા'તા પહેલા, એ જ ચાલુ રાખ્યો છે. એની પાછળનું કારણ શું ?

**દાદાશ્રી :** અમારું સહજ હોય. જે વેશે અમને જ્ઞાન થયું તે વેશ જ ઠેઠ સુધી રહે. એટલે સંસારી વેશે જ્ઞાન થયું, એ સંસારી વેશ જ રહે. જે કપડે જ્ઞાન થયું, એ કપડાં પછી બદલાય નહીં. બદલ્યા પછી જો જ્ઞાન થયું હોત તો વાંધો ના આવત. અમારે કોટ, ખમીસ, ટોપી સાથે જ્ઞાન થયેલું, તે જ રીતે રહીએ. ફેરફાર ના થાય અમારાથી.

કૃપાળુદેવે કહ્યું, 'જ્ઞાની પુરુષને જે દેહે જ્ઞાન થયું છે ને જે કપડે જ્ઞાન થયું છે, તે કપડાંમાં ફેરફાર ના હોય.' તે બૉર્ડ-બૉર્ડ (પાટિયું-બાટિયું) કશુંય ના મારે. તેમને શું જોઈતું હોય તો એ બૉર્ડ મારે ? આ દુનિયામાં કોઈ ચીજ એવી નથી કે એમને કામની હોય !

## સાચી વસ્તુ છે, એટલે બૉર્ડની શી જરૂર ?

જ્ઞાની પુરુષ ઓળખાય નહીં એવી અટપટી સ્થિતિમાં હોય, એ બૉર્ડ મારે નહીં. કારણ કે ત્યાં સાચી વસ્તુ છે. અને ધીસ ઈઝ ધ કૅશ

બૅંક. જે માગો એ રોકડું, ઉધાર નામ નહીં. એટલે એમને બૉર્ડની શી જરૂર છે ?



બૉર્ડ કોણ મારે ? જેને પૂજાવાની ઈચ્છા હોય તે બૉર્ડ મારે. પણ અમને તો બૉર્ડ-બૉર્ડ હોય જ નહીં ને ! વેપાર જ નહીં ને ! વેપાર હોય તેને બૉર્ડ હોય. પણ લોકોને બૉર્ડવાળું જોઈએ છે. 'ભલે પૈસા લ્યો, પણ અમારે તો બૉર્ડ દેખાડો', કહે છે. અને બૉર્ડ વગર દુકાન હોય ત્યાં આગળ જાય નહીં. ત્યારે ખરો માલ બૉર્ડ વગરની દુકાન હોય ત્યાં હોય. ખરો માલ ક્યાં હોય ?

**પ્રશ્નકર્તા :** બૉર્ડ વગરની દુકાનમાં.

**દાદાશ્રી :** હા, બૉર્ડ વગરની દુકાનમાં. સાચું હોય તેને બૉર્ડ કેવા ?

અહીં સાચું સોનું જ છે, હંડ્રેડ પરસેન્ટ સાચું. આ તો બૉર્ડ કોણ લગાવે ? જેના સોના જૂઠા હોય ને, અને વેપાર કરવો હોય તે બૉર્ડ મારે.

મારે તો વગર બૉર્ડે જ માલ ખપે એવું છે. મારો માલ એટલો સરસ છે કે બૉર્ડની જરૂર જ નથી. જેને માલ ખપે ના એવો હોય, તેને બૉર્ડ મારવા પડે, બધું કરવું પડે.

## મારે જોઈતું નથી, આપવું છે તો શા માટે બૉર્ડ મારું ?

હું તો બૉર્ડ વગરનો માણસ છું ને ! હું તો કોટ-ટોપી બધું જ પહેરું છું. બૂટ-બૂટ, મોજા-બોજા બધું પહેરું છું. કારણ કે મારે બૉર્ડ નથી ને ! એમને તો બૉર્ડ સાચવવું પડે. બૉર્ડ ના સાચવે તો એમને કોણ આપે ? અને મારે જોઈતું જ નથી. મને તો હું મારા ઘરના પૈસાના કપડાં પહેરું છું. ઘરના પૈસાની ચીજ છે બધી. ધંધાવાળો માણસ છું, ઈન્કમટૅક્સ ભરું છું. એમાં વાંધો રાખવા જેવું કંઈ છે નહીં.

**પ્રશ્નકર્તા :** પણ આને લીધે પહેલી વાર આવતું માણસ ખોટી છાપ બાંધે.

**દાદાશ્રી :** તો પણ તેનું હું શું કરું ? નહીં તો હું જો સારી છાપ પાડવા માટે બૉર્ડ મારું તો એમાં શું ફાયદો ? મારે એવી છાપ પાડવી નથી. મારે તો આપવું છે. અને ખોટી છાપ પડે તો મારી-ઠોકીને આપવું છે અને વઢીને આપવું છે. લોકો રાજીખુશી કરીને આપે, હું ટૈડકાવીને

આપું છું, ઝાપટીને આપું છું. મોટા મોટા બુદ્ધિશાળીઓને બહુ ઝાપટી ઝાપટીને તેલ કાઢી નાખીને આપેલું છે. અને જેને પૈસા જોઈતા હોય એ સારી-મીઠી વાણી બોલે ને બધુંય કરે. હું તો ઑપરેશન કરવા આવ્યો છું. અમારે પ્રેસિડન્ટ હોય કે તું હોઉં, બેઉ સરખા અમારે. એટલે તું આમ આ વીંટીઓ જોઈને ભડકું એમાં દહાડો વળશે નહીં. મારી પાસે બૉર્ડ જ નથી. બીજું બૉર્ડ ના મારત હું ? આ તો જે છે એ રહેવા દીધું છે.

## જ્ઞાનીને ઓળખવા મુશ્કેલ

બદલવાનું કોને હોય, કે કંઈક જોઈતું હોય તેને. આમને જોઈતું નથી, તારે ગરજ હોય તો ઓળખ ને ! તારે લાખ વખત ગરજ હોય તો ઓળખ. છતાં એમની ઈચ્છા છે કે ભઈ, તું ઓળખ. પણ તારે આડું થવું હોય તો એનો ઉપાય જ શો ?

જ્ઞાનીને ઓળખવા મુશ્કેલ છે, બીજું બધુંય ઓળખાય. લોકોને શું ખબર હોય, કે આ કોટ-ટોપીમાં કોણ છે ?

**પ્રશ્નકર્તા :** ઓળખવું મુશ્કેલ પડે ને ! પાડોશીનેય ના ખબર પડે ને !

**દાદાશ્રી :** હા, કોઈનેય ખબર ના પડે.

**પ્રશ્નકર્તા :** એ દાદા, બંડીમાં ને પહેરણમાં આવા જ્ઞાની હોય એવું કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** હોઈ શકે જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** હું એમ સમજતો'તો કે એકદમ પેલા સંત કે એના જેવા કંઈ કપડાં પહેર્યા હશે, પચાસ તો માળા ગળામાં હશે ને આમ ને તેમ ને એવી રીતના આ કો'ક સંત હશે, આ તો આખું જુદું વિપરીત સ્વરૂપ જોવા મળ્યું.

**દાદાશ્રી :** હં... એ જો આપણી જોડે ફરતા હોય ને, તો કોઈને ખબરેય ના પડે. એ તો કહેશે, ભગવાન તો ઘેર બેઠા હશે ને આ લોકો

ફરે છે બધા. લોક તો એવું જાણે ને ! લોકોની દૃષ્ટિમાં તો એવું જ હોય ને ! આ હોય જ નહીં ને ! આવું બનેલું નહીં.

## બૉર્ડ વગરના તે સહુ કોઈ ધક્કો મારે

ભગવું કે ધોળું બૉર્ડ હોય ને, તો તો ખબર પડી જાય લોકોને, તો બાપજીને ઓળખી કાઢે, પણ આ તો કોટ ને ટોપી. ગાડીમાં મને પૂછે કે 'કોણ છો ?' હું કહું, 'પૅસેન્જર છું.' અને ધંધા પર જઉં ત્યારે શેઠ કહું, બીજું શું કહું તે ? અહીંયા આવે ત્યારે 'જ્ઞાની છું' એટલું. જ્યાં જેવું નાટક હોય, એવું અમારે બોલવાનું હોય.

હું ગાડીમાં જઉં ને, તો ધક્કા મારે કે આ ડોસો ક્યાંથી આગળ આવ્યો તે ? મને એક ફેરો ધક્કો માર્યો'તો. એને શું ખબર પડે કે આ માણસ કોણ છે, તે ઓળખે નહીં. જ્ઞાની પુરુષ છે એવું જાણે નહીં ને બિચારો ! આ હું તો આવા કપડે જઉં એટલે ગાડીમાંય ધક્કો મારે. આમ આ મહારાજ જેવા બૉર્ડ માર્યા હોય, તો કોઈ ધક્કો ના મારે. તે અમે બૉર્ડ વગરના, એટલે સહુ કોઈ ધક્કો મારે. અને ત્યાં મારાથી એમ ના કહેવાય કે 'હું દાદા ભગવાન છું.' એવું ના બોલાય, નહીં તો નબળાઈ ઉત્પન્ન થઈ. તમે રક્ષણ કરવા માટે દાદા ભગવાનનું નામ લીધું. એ ત્યાં ગોદા ખાવા જ પડે. એટલે આ બૉર્ડ ના હોય તો ફાયદો (!) આટલો, ગોદા ખાવાનો. અને પેલા બૉર્ડવાળાને તો 'આવો સાહેબ' કહીને બેસાડે.

## બૉર્ડ મારીએ તો નઠારા પેસી જાય, સાચાને લાભ ન મળે

**પ્રશ્નકર્તા :** દાદાને બૉર્ડ મારે તો વાંધો છે તમારે ?

**દાદાશ્રી :** બૉર્ડ મારે તો તો પછી ઉપાધિ જ ને ! પછી આ બીજા બધા વળગી પડે તો તમારે બેસવાની જગ્યા ના રહે, ધક્કા મારીને તમને કાઢી મેલે. એટલા માટે તો આ રાખેલી સિસ્ટમ, કે આપણે ધીમે ધીમે સાચા માણસોને સાચો લાભ મળે. પેલા નઠારા માણસ પેસી જાય ને ધક્કા મારે ત્યાં. કારણ કે એમનામાં પરમ વિનય હોય નહીં. એ તો ધક્કા મારીને પેસી જાય ને તમને સહુથી પહેલા બોલાવ્યા હોય, અને કાઢે છેલ્લા. એટલે માટે નથી કર્યું. ગમી તમને વાત ?

**પ્રશ્નકર્તા :** બરાબર છે, દાદા.

**દાદાશ્રી :** હા, એટલે રક્ષણ કરવા માટે મેં વકીલાત નથી કરી ને ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** એક્ઝેક્ટ વાત કહું છું આ. આ મારા લક્ષમાં જ હતું, કે જો બૉર્ડ મારીશું, તો આવી બન્યું.

**પ્રશ્નકર્તા :** દાદા, અમારા માટે આ કોટ-ટોપી અને ધોતિયું ઉપકારક છે, નહીં તો તો અમારો પત્તોય ના પડત. અમે લાઈનમાં ઊભા રહ્યા હોત તોય બે માઈલ છેટે હોત. એટલે આ અમારા માટે બહુ ઉપકારક છે !

**દાદાશ્રી :** હા, ઉપકારી !

## પુણ્યશાળી હોય તે પામી જાય

**પ્રશ્નકર્તા :** દાદા, પણ ગૃહસ્થ વેશ અને નિર્ગ્રંથ દશા સાથોસાથ દશ્યમાન થવાથી માર્ગને ઈચ્છતો છતાં સામાન્ય મુમુક્ષુ આપનો લાભ નથી લઈ શકતો, તો તેનો કોઈ સહજ ઉપાય ખરો ?

**દાદાશ્રી :** એનો કોઈ ઉપાય જ નહીં. એ લાભ ન લેવા માટે જ આવું બને છે. લોકોને લાભ ન મળે એટલા માટે જ આવું બને છે, નહીં તો પેલા બૉર્ડવાળાને ત્યાં જ જ્ઞાન થયું હોય. એટલે લાભ તો કો'ક પુણ્યશાળી હોય તે પામી જાય. આ ગુપ્ત વેશે કહેવાય.

એટલે કોઈ ઉપાય કરવા જવાની જરૂર નહીં. એની મેળે જેનું પાક્યું હશે ને, તે આવીને ઊભો રહેશે અહીં. આપણે કહી છૂટવું. કોઈ પાંચ જણને કહી છૂટવું આપણે એમાં લાગણી હોય તો. અને તેય આવવું તેય એના હાથમાં નથી ને તમારા હાથમાં નથી.

## ઉદય નથી આવ્યો, કેમનું બદલું ?

ત્યારે આ ભાઈ કહે છે, 'આ વેશ બદલી નાખો ને, આ આખા અમારા જૈન લોકોનું કલ્યાણ થઈ જાય. તમે એકલા જ બદલો. અમારો

સમાજ આખો બદલાઈ જાય આખા હિન્દુસ્તાનનો.' મેં કહ્યું, 'ઉદય નથી આવ્યો. કેમનુંક બદલું ? મને વાંધો નથી, પણ ઉદય નથી આવ્યો. શું કરું ?' અમે તો ઉદયાધીન હોઈએ.

અમારે નથી આ વેશ જોઈતો કે નથી પેલા વેશ ઉપર અમને ભાંજગડેય. અમને તો સ્ત્રીનું કપડું પહેરવાનું આપે ને, તોય પહેરીને નીકળીએ અને અમને ભગવું લૂગડું પહેરાવીને નીકાળે તોય પહેરીને નીકળીએ. જે કપડું મળ્યું હોય ને, તેને પહેરીએ. અને અમે જાણીએ કે આ કપડું કેટલા વખત રહેશે, એવું બધું અમે જાણીએ. એ કપડું એની મેળે રહે છે, મારું રાખેલું રહેતું નથી.

અમારે તો આયે પહેરવું નથી ને તેય પહેરવું નથી, જે ઉદયમાં આવ્યું તે સારું.

## જ્ઞાનીને ત્યાગાત્યાગ ન સંભવે, ઉદય પ્રમાણે વર્તે

જ્ઞાની પુરુષ કશું છોડે નહીં. જે દેહે જે કપડાંમાં જ્ઞાન થયું એમાં ફેરફાર ના કરે. કારણ કે અહંકાર રહ્યો નહીં તો કોણ છોડનાર હવે ?

એટલે શ્રીમદ્ રાજચંદ્રે બહુ લખ્યું કે 'જ્ઞાનીને...' હવે એ પોતાને માટે એમ નથી કહેતા કે મને ત્યાગાત્યાગ ના સંભવે. મારે તો ત્યાગ કરવાની જરૂર છે, એવું કહે છે. પણ જ્ઞાની પુરુષ તેનું નામ કહેવાય કે ત્યાગાત્યાગ સંભવે નહીં. કારણ કે અહંકારરહિત થયા, એટલે જે વખતે, જે કાળે, જે ઉદય આવે એ પ્રમાણે વર્તે, ઉદય પ્રમાણે. રાત્રે બાર વાગ્યે કોઈ ઉઠાડે અને કહે કે અત્યારે સત્સંગ કરવો છે, તો ઉદય હોય તો એ પ્રમાણે કરે. નહીં તો જ્ઞાની પુરુષ તે હીરાની વીંટી પહેરે ? આ હીરાની વીંટી જુઓ ને મારે ! ઉદય પ્રમાણે વર્તે. એમને કંઈ કાઢી લે, તો વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** તો દાદા, અપરિગ્રહ વ્રત લેવાની જરૂર ખરી ?

**દાદાશ્રી :** અપરિગ્રહ હોય તો જ મોક્ષ થાય. પરિગ્રહથી મોક્ષ કેમ કરીને થાય તે ? મારામાં પરિગ્રહ કોઈ દેખાય છે તમને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** કેમ આ વીંટી-બીંટી, આ કપડાંલત્તાં બધું, આ માળા-બાળા, પરિગ્રહ નથી દેખાતો ?

**પ્રશ્નકર્તા :** દેખાવમાં ખરો. આ કપડાં-બપડાં એ તો છે જ, પણ તમે એનાથી જુદા છો. એટલે એ પરિગ્રહ તમારો ના રહ્યો.

**દાદાશ્રી :** તો આ વીંટી શું કરવા પહેરી છે હીરાની ?

**પ્રશ્નકર્તા :** એ પરિગ્રહ ગણાય, પણ વીંટી વીંટીમાં છે, તમે તમારામાં છો એમ, બે અલગ છે.

**દાદાશ્રી :** સાહેબ, શું કહે છે ? સમજણ બહુ સારી કહેવાય, નહીં ? એક સેકન્ડ પણ સંસારમાં રહ્યો નથી, છવ્વીસ વર્ષ થયા, છવ્વીસ વર્ષ ! તો વીંટીમાં તો ના જ રહીએ ને ! તમારી શોધખોળ બરાબર છે. બહુ સારી સમજણ છે. સમજણ સારી પડી છે. નહીં તો લોક તો પૂછે છે, કે આ વીંટી દાદાજી શું કરવા પહેરો છો ? મેં કહ્યું, ભઈ, એ મેં પહેરી છે કે કોઈએ પહેરાવી છે ? જો મારી ઈચ્છા થાય ને, હું કહું કે મારે વીંટીઓ બધી આંગળીમાં પહેરવી છે, તો બધી એક-બે કલાકમાં આવી જાય. તો બધે કેમ નથી પહેરતો ? વિચારજે કહ્યું, જો મેં પહેરી હોય તો. આ તો મારે પહેરવી પડી છે. આ બધું પહેરવું પડે છે, નહીં ? ઉદયકર્મ.

પણ આ અક્રમ વિજ્ઞાન છે તે શું કહે છે ? પરિગ્રહના મહાસાગરની અંદર અપરિગ્રહ !

## તરછોડ મારી નથી, માટે સામેથી ચીજો આવે

જુઓ ને, આ જ્ઞાની પુરુષ હીરાની વીંટી તે પહેરતા હશે આવી ? એમને શાના હારુ જોઈએ હીરાની વીંટી ? ત્યારે કહે, ના, આવી પડી તો 'પધારો', ગઈ તો 'આવજો'. આવી પડી તો તરછોડ નહીં મારવાની, 'કેમ આવી તું અમારે ત્યાં ? અમે તો બાવા જ છીએ, ત્યાગી જ છીએ, અમારે ત્યાં ક્યાં આવી ?' બાવાને ત્યાં તો લક્ષ્મી પેઠી હોય તોય હડધૂત

કરી નાખે, 'હમકો ક્યા ?' ફરી લક્ષ્મી-બક્ષ્મી હાથમાં ના અડે. કોઈનેય તરછોડ ના મરાય. આ ઓશીકાને તરછોડ મારો ને, ફરી ઓશીકું નહીં મળે. પુદ્ગલ છે. માન-અપમાન એને લાગતું નથી, પણ 'તમે જે કરો તેનો બદલો તમને મળશે, અમને વાંધો નથી. તમે અમારું અપમાન કરશો તો તમને અપમાન ફળ મળશે', કહે છે. કોઈને તરછોડ ના મરાય. આ દ્રાક્ષનેય ના મરાય. જુઓ ને, તરછોડ અમે નથી મારી, તે અમારે ત્યાં સામા ને સામા દેખાય, આવ આવ કરે છે ! બધી બહુ ચીજો આવ આવ કરે છે. ઓહો ! કંઈ હિસાબ વગરની ચીજો ! કલ્પના ના કરી હોય એટલી એટલી ચીજો આવે છે. રોજ જાણે અન્નકૂટ ભરાતો હોય ને, એટલી ચીજો આવે છે. કારણ કે તરછોડ મારી નથી ને ! અને તરછોડ મારીએ તો એકુંય દેખાય નહીં.

## મમતા વગરની માલિકી

**પ્રશ્નકર્તા :** દાદા, મને એ જ પ્રશ્ન થતો હતો કે આ વીંટી કેમ પહેરી છે ?

**દાદાશ્રી :** એય અજાયબી જ છે ને ! આ કાળમાં અમે વીંટી પહેરીએ તેય અજાયબી છે ને ! એક જ આંગળીએ છે ને પણ ? બધી આંગળીએ નથી ને ? તો હું કાલે કહું કે મારે બધી આંગળીએ આવી વીંટીઓ પહેરવી છે, તો કેટલી વાર લાગે, ભઈ ?

**પ્રશ્નકર્તા :** ખાલી કહો એટલી જ વાર બસ.

**દાદાશ્રી :** સુરતમાં એક આવ્યો આપણો મહાત્મા, તે હીરાના પડીકા લઈને આવ્યો. તે મને કહે છે, 'દાદા, મારે તમારા માટે એક હીરાની વીંટી બનાવવી છે, તે તમારી આંગળીનું માપ આપો.' મેં કહ્યું, 'અલ્યા, મારે શું કરવી છે વીંટી આ ઘૈડપણમાં ? તને કોણે કહ્યું આવું ? મૂઆ, તને શરમ નથી આવતી આવું બોલતા ? મારે ઘૈડપણમાં વીંટી હોતી હશે ? અને તે હીરાની વીંટી ? આ એક તો છે અને પાછી બીજી વીંટી પહેરાવું છું ?' મેં એને કહ્યું, 'તારો ભાવ અમે જમે કરી લીધો, ભઈ.' કારણ કે ભાવ થયો એ તો બિચારાને સારું, પણ આવું શેને માટે

આ બધું ? તે તારો આત્મા ઓળખીને કામ કાઢી લે ને ! હું તને કહેતો હોઉં કે એક હીરો આપ મને, તો વાત જુદી છે. આટલી ઉંમરે હીરો કંઈ મૂઆ. અને હીરા જોડે આવતા હોય, એવું તને ખાતરી હોય તો આપ મને. જોડે આવે નહીં ? ના આવે જોડે ? વગર કામની ઉપાધિ.

**પ્રશ્નકર્તા :** તો દાદા, એની પાછળ કયું વિજ્ઞાન કામ કરે છે ?

**દાદાશ્રી :** ના, વિજ્ઞાન નહીં, આની પાછળ અમને મૂર્છા નથી. રસ્તામાં કોઈ કાઢી લે તો અમને કશુંય અસર ના થાય. કપડાં કાઢી લે તોય અમને અસર ના થાય. એટલે માલિકી વગરની આ મમતા છે. ડ્રામૅટિક (નાટકીય) મમતા હોય ને ! ડ્રામામાં કોઈ વીંટી પહેરીને આવ્યો ભર્તૃહરિ રાજા થઈને, તેમાં એને એનું પોતાનું છે કશુંય ? એવી આ મમતા છે. નહીં તો જો મારે વીંટી પહેરવી હોય ને, તો આ એકલી આંગળીએ નહીં, આ બધી આંગળીએ આવી વીંટી આવી જાય, એક કલાકમાં જ.

**પ્રશ્નકર્તા :** ના, એ તો મારે વિજ્ઞાન જાણવું'તું એટલે પૂછ્યું.

**દાદાશ્રી :** તે બરોબર છે, પણ આમાં વિજ્ઞાન એ કે અમને મૂર્છા નથી. આ મમતા વગરની માલિકી છે, માલિકી વગરની મમતા છે.

એ પૂછવાનો વાંધો નથી, બધું પૂછવું જોઈએ. કારણ કે દેહનો માલિક જ હું નહીં ને ! છતાંય પણ અમારે દેહના પાડોશી તરીકે રહેવું પડે. દેહને છે તો દવા-બવા જોવી પડે અમારે. માલિકી વગરની મમતા, મમતા ખરી પણ માલિકી વગરની.

જેમ એક જમીન હોય ને, તે અત્યારે નહીં કહે કે 'ભઈ, આ માલિકી હક્ક મારો છે. અત્યારે ભોગવટો હક્ક છે, એટલે વાપરું છું હું. ભોગવટો હક્ક મારો છે, હું ભોગવું છું આને.' ત્યારે કહે, 'એ માલિકી, ટાઈટલ ?' ત્યારે કહે, 'ટાઈટલ નથી મારી પાસે.' અને લઈ લે તો હેંડ તારી. પેલાને (માલિકી હક્કવાળાને) તો લઈ લે તો ગમે નહીં. અમારે તો જ્યારે લઈ લે ત્યારે કશો વાંધો નહીં.

એટલે આ હોવા છતાં અમને મમતા ના હોય. કારણ કે દેહના જ માલિક નથી, પછી મમતા શેની હોય તે ?

આઈ વિધાઉટ માય ઈઝ ગૉડ. માય, મમતા ના રહેવી જોઈએ. અને તેય પાછી મમતા રાખવાની તમને કહું હું પણ શર્ત મારી, કોટ-બોટ પહેરજો બધું પણ તે માલિકી વગરની મમતા. કેવી મમતા ?

**પ્રશ્નકર્તા :** માલિકી વગરની.

**દાદાશ્રી :** હા. કોઈ કાઢી લે, તો કશુંય નહીં. પણ એ આમ ને આમ હોય તો હું પહેરું નિરાંતે. માલિકી નહીં, ટાઈટલ નહીં. કબજો તમારો, ટાઈટલ નહીં. સમજણ પડી ને, તમને ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે, કબજો ખરો પણ ટાઈટલ નહીં.

**દાદાશ્રી :** ટાઈટલ નહીં. આ બૈરાં-છોકરાં બધું કબજો તમારો પણ ટાઈટલ નહીં. એવું આ અક્રમ વિજ્ઞાન કહે છે. એટલે મમતા રાખો તો ટાઈટલ વગરની મમતા. હમણાં આ માળા કાઢી લે ને, તો તારી. ના કાઢી લે ત્યાં સુધી મારી.

## અમારું 'હુંપણું' - 'મારાપણું' ડ્રામૅટિક હોય

હવે વીંટી 'મારી ન્હોય આ', એવું મારાથી બોલાય ? 'મારી છે' એવું બોલાય. છતાંય તમે લઈ લો, ખૂંચવી લો અને હું કહું કે 'તમને વિનંતી કરું છું, મારી છે તો મને પાછી આપો ને.' તમે કહો, 'નહીં, તમારી નથી.' એટલે હું કહું કે 'તમારી, ચાલો.' શું કરવાનું ? એમની ઉપર રાગ-દ્વેષ ના હોવો જોઈએ.

એટલે અમને શું હોય નહીં ? મારાપણું નાટકીય હોય. ડ્રામૅટિકલી મારું હોય. અહંકારેય મારો ડ્રામૅટિક હોય. 'હું છું', 'મેં કર્યું' એમ. 'મેં કર્યું' એ બોલવું એય અહંકાર કહેવાય, પણ તે ડ્રામૅટિકલી હોય. એટલે અમારામાં શું ના હોય ? મારાપણું બધું બોલીએ, પણ મમતા ના હોય. અમારું મારાપણું મમતા વગરનું મારાપણું. સમજાય એવું છે કે નહીં ?

બરોબર સમજ્યા નથી ? મમતા વગરનું મારાપણું એનો અર્થ સમજ્યા તમે ?

**પ્રશ્નકર્તા :** એટેચમેન્ટ વગરનું.

**દાદાશ્રી :** હં, બિલકુલ મમતા વગરનું મારાપણું અને હુંપણુંય મમતા વગરનું. ડ્રામૅટિકલી ! આ જ્ઞાની પુરુષના છેલ્લા લક્ષણ, મુક્ત પુરુષના લક્ષણ, જેનું નિર્વાણ થવાનું છે તેના લક્ષણ !

## કપડાં કાઢી લે, સ્ત્રીના કપડાં પહેરાવે તોય વાંધો નહીં

આ કપડાં પહેરીએ છીએ, બટનો પહેરીએ છીએ, વીંટી ઘાલીએ છીએ. હવે રસ્તામાં એ કાઢી લીધી તો કશું જ નહીં. તમે અત્યારે આ કપડાં કાઢી લઈને સ્ત્રીના કપડાં પહેરાવો તોય અમને વાંધો નહીં. અગર ત્યાં અમદાવાદમાં ભરબજાર વચ્ચે કપડાં તમે કાઢી લો તોય અમે નિરાંતે શરમ વગર પાછા આવીએ.

કહેશે, 'દાદા, તમે નાગા આવો ?' મેં કહ્યું, 'હા.' અમને તો કોઈ શરમ જ ના હોય ને ! લોકોને હસવું આવે, તેની જોડે અમેય હસીએ કે ઓહોહો, અંબાલાલભાઈ, તમે કેવા દેખાવ છો ! હું હઉ જોઉં કે અંબાલાલભાઈ, ખરા દેખાવ છો તમે, ઘરડે ઘડપણે ! ઈઠ્યોતેર વર્ષે, સારા દેખાવ છો ! એટલે અમે સાવ જુદા રહીએ.

મને એમ ના લાગે કે ભઈ, આ કોઈ મને જોશે કે એવું તેવું. કારણ કે મને જોનાર જ નથી. મને ઓળખતા જ નથી ને ! ઓળખે આ આને, પટેલને ઓળખે.

❖❖❖❖❖

# [૧૨]
# ઝવેરી નથી માટે હીરાને જાતે બોલવું પડ્યું

## કૅશ બૅંક, માટે પડે ઓળખાણ

**પ્રશ્નકર્તા :** સામાન્ય રીતે આત્મજ્ઞાની પુરુષને લોકો ઓળખી નથી શકતા, અને આપનો આવો વેશ હોવા છતાં આટલા બધા જણે ઓળખ્યા, એ કેમનું બન્યું ?

**દાદાશ્રી :** એ તો મારી પાસે કૅશ બૅંક (રોકડું) છે એટલે ! તું માગું એ આપવા તૈયાર છું, એવું કહું છું હું. તું જે પદ માગું, એ પદ હું તને આપવા તૈયાર છું. ધીસ ઈઝ ધ કૅશ બૅંક ઑફ ડિવાઈન સૉલ્યુશન. એટલે ઓળખી શકે. ઉધારી બૅંક હોય તો મારી પાસે કોઈ આવત જ નહીં. આ કપડાંમાં (વેશમાં) કોણ આવે ? કૅશ બૅંક એટલે આ જુઓ ને, કૅશને લઈને આ બધા પાછળ ફર્યા કરે છે. તમે માગો એ આપવા તૈયાર છું, પછી વાંધો શું ? તમે માગો એ મળે. અને ના મળે તો એ દાદા નહીં. જે માગો એ, પછી આથી વધારે શું જોઈએ ?

**પ્રશ્નકર્તા :** બહુ થઈ ગયું એટલું તો.

## પુણ્ય જાગે તો ઓળખાણ પડે

**દાદાશ્રી :** તે આજના મનુષ્યનું એમને (જ્ઞાનીને) ઓળખવાનું શું ગજું ? અરે, પૈણીને આવે તોય વાઈફને નથી ઓળખી શકતા, તો બીજાની તો વાત જ શી કરવી ? એટલે આ રોકડું છે તો બધા પામ્યા છે,

નહીં તો કોઈ પામે નહીં. હોય કો'ક, કો'ક માણસ એવો નીકળી આવે. રોકડું ના હોય તોય ઓળખી જાય, કે આ શું વાણી છે ! આ એક-એક શબ્દ સાંભળે, તો શબ્દ સાંભળતા જ પાપ ધોવાઈ જાય. આ સ્યાદ્‌વાદ વાણી કહેવાય છે. અને માલિક વગરની વાણી ! આ જગતની બધાની વાણી માલિકીવાળી હોય. 'મેરી વાણી' કહે. આ વાણી તો રેકર્ડની વાણી. જેના માલિક અમે નહીં. એવી વાણી સાંભળવામાં ક્યાંથી આવી હોય ? માલિકી વગરની વાણી તીર્થંકરો એકલાની જ હોય. નહીં તો બધે મેરી વાણી, મેરી વાણી, મેરી વાણી. 'મેં કેવું કહ્યું, મેં કેવું કહ્યું, કેવું સરસ હતું, મેં ખરાબ કહ્યું, મેં ખરાબ કર્યું.' હવે આ બધી શી રીતે પરીક્ષા હોય માણસને ? માણસને તો અત્યારે કશી પરીક્ષા રહી નથી બિચારાને.

**પ્રશ્નકર્તા :** પુણ્ય જાગે તો જ ભેટો થાય.

**દાદાશ્રી :** પુણ્ય જાગે તો એને ઓળખાણ પડે કંઈક.

## રોકડું ના હોત તો કોઈ આવત નહીં

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાની પુરુષોને એમના સમયના બહુ ઓછા માણસો ઓળખી શક્યા છે.

**દાદાશ્રી :** હા, ઓળખી શકે નહીં. કોણ ઓળખી શકે ?

**પ્રશ્નકર્તા :** એટલે કે એ મહંમદ પયગંબર હોય કે ઈસુ ખ્રિસ્ત હોય કે ભગવાન મહાવીર હોય કે ભગવાન બુદ્ધ, બધાયની પછી જ આ બધું ઊભું થયું છે.

**દાદાશ્રી :** ના, પણ આ તો મારી પાસે ચાલીસ હજાર લોકો, એ મને ઓળખે. એ ભેગા થયા ને, તે તો આ રોકડું છે એટલે. નહિતર તો કોઈ આવત જ નહીં.

**પ્રશ્નકર્તા :** પછી પચાસ વરસ પછી ખબર પડત કે ઓહોહો ! આવા જ્ઞાની પુરુષ પ્રગટ થયા'તા એવું.

**દાદાશ્રી :** હા, હા, પછી પુસ્તકો વાંચશે ને, ત્યારે ખબર પડશે એમને.

રસ્તા ઉપર કોઈ બાસ્કેટમાં આ સાચા હીરાને વેચવા ફરતો હોય, અને કહે કે 'લ્યો રે સાચા હીરા', તો કેટલા લેવા આવે ?

**પ્રશ્નકર્તા :** કોઈ માનેય નહીં. કોઈ ના આવે.

**દાદાશ્રી :** એવું થઈ ગયું છે. આ કાળમાં રસ્તામાં ટોપલી લઈને ફરતા જેવી આ દશા અમારી છે. હવે આ કાળના મનુષ્યોને સમજણશક્તિ ખલાસ થઈ ગયેલી છે. એટલે અમારે જાતે કહેવું પડે છે કે ભઈ, અમે તને રોકડું આપીશું, પાંસરો બેસજે. વાંકોચૂંકો ના થઈશ. બુદ્ધિ વાંકોચૂંકો કરે. પાંસરા જ્યારે ત્યારે તો થવું પડશે ને ? મોક્ષમાં જતા પાંસરા થવું પડે કે વાંકુંચૂંકું ચાલે ?

**પ્રશ્નકર્તા :** વાંકુંચૂંકું ન ચાલે ને !

**દાદાશ્રી :** આ સાપનેય દરમાં પેસતી વખતે સીધું થવું પડે, ના થવું પડે ? ત્યાં વાંકુંચૂંકું ચાલે ? તેથી અમે કહીએ કે પાંસરો બેસ ને, અહીં રોકડું આપવાનું છે. રોકડું ના આપવાનું હોય તો કોઈ આવે જ નહીં અહીં આગળ. મારી પાસે આવ્યા જ નહોતા, પહેલા નહોતા આવતા. આવીને અહીં આગળ પાવડાથી ખોદી ખોદીને, પાવડા ને તગારા મૂકીને નાસી જાય. રોકડું ના આપવાનું હોય તો આવે જ નહીં. આ તો રોકડું આપીએ છીએ એટલે બધા બેઠા છે ને તેથી આ બધું આપણે ત્યાં આવે છે. નહીં તો કોઈ આવે જ નહીં ને ! અને ઓળખાય નહીં. જ્ઞાની પુરુષને ઓળખી ના શકે, આ કાળમાં. જ્ઞાની પુરુષ શી રીતે ઓળખાય ? કૃપાળુદેવે ઘણું કહ્યું છે કે જ્ઞાની પુરુષ, એમને બૉર્ડ ના હોય, કશું ના હોય. આમ સંસારમાં ઓળખાય નહીં એવા હોય. પણ એ ગજબની વસ્તુ છે ! અહીં પરમાત્મા દેહધારીરૂપે આવ્યા છે !

## આવા સાદા ખમીસધારીમાં આટલું બધું જ્ઞાન !

આ તો આપણા માણસ જેવા માણસ દેખાય, શી રીતે ઓળખાણ પડે ? અત્યારે હું ગાડીમાં આવ્યો તો મને ઓળખે કોઈ, કે આ દાદા ભગવાન છે ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** શી રીતે ઓળખે ? આ પહેર્યું હોય, તો વખતે એમ માને કે કોઈ સંત પુરુષ લાગે છે. તે આ જણસો પહેરી હોય ત્યારે, નહીં તો એ માણસ એકુંય ઓળખે નહીં.



**પ્રશ્નકર્તા :** ઓળખાય એવું છે જ નહીં, ઓળખાય જ નહીં. ઓળખનાર જ ઓળખી શકે. જેને જ્ઞાન મળ્યું છે ને, એ જ ઓળખી શકે કે આ દાદા ભગવાન છે, બીજા ના ઓળખી શકે.

**દાદાશ્રી :** હા, હા, બીજાને ના ઓળખાય. બીજાને શી રીતે ઓળખાય, જ્યાં સુધી દિવ્યદૃષ્ટિ નથી ?



તે કાલે એક ભઈએ પત્ર લખેલો છે અમદાવાદથી, કે મેં વેદાંતનું બધું વાંચ્યું છે, જૈનોનું બધું વાંચ્યું છે ને મુસ્લિમોનું બધું વાંચ્યું છે, પણ

દાદાએ પ્રશ્નોત્તર જે આપ્યા છે અમદાવાદમાં, તે જોઈને હું સજ્જડ થઈ ગયો, પણ લોકોને પ્રશ્ન પૂછતા આવડ્યા નથી. દાદા તો બહુ સુંદર જવાબ આપતા'તા, પણ લોકોને પ્રશ્ન પૂછતા આવડ્યા નથી.

**પ્રશ્નકર્તા :** કૂપમંડૂક પ્રશ્નો.

**દાદાશ્રી :** કૂપમંડૂક લખ્યું. એટલે કૂવામાંના દેડકાં જેમ આટલી જ દુનિયા છે એવું બતાવે, એવા એવા પ્રશ્નો પૂછ્યા છે દાદાને. દાદા હાઈ ક્વૉલિટી પ્રશ્નોના જવાબ આપતા'તા, પણ આ લોકોને પૂછતા બરોબર આવડ્યું નહીં. એટલે પછી મને બોલાવ્યો'તો કે આવજો તમે ત્યાં. મને ઘેર બોલાવ્યો'તો, તે ઘેર મેં દાદાને ખમીસ પહેરેલા જોયા. એ જ મને મોટું આશ્ચર્ય થયું કે ઓહોહો ! આ ખમીસમાં આખું જ્ઞાન ભરેલું છે, આ ખમીસ પહેરવા સાથે ! મેં તો શુંય ધારેલું કે કેવાય ઝભ્ભા પહેરેલા હશે ! શું ધારેલું હોય ?

**પ્રશ્નકર્તા :** કેવાય ઝભ્ભા પહેરેલા હશે !

**દાદાશ્રી :** આપણે તો સાદું ખમીસ જ પહેરીને બેઠા હોય ને ! તે મને શું કહેતા'તા એ ?

**પ્રશ્નકર્તા :** દાદાને ખમીસમાં જોવા એ એક લહાવો છે, કહે છે.

**દાદાશ્રી :** એમને ખમીસમાં જોવા એ મોટો લહાવો છે. મને તો બહુ અજાયબી લાગી કે આ લહાવો કેટલો બધો ! કહે છે. એણે બહુ લખ્યું'તું એનું. લોકોને અજાયબી લાગે ને ! અને અમદાવાદમાં આપણે ખુલ્લું જ મૂક્યું'તું કે ભઈ, તમે બધા પ્રશ્નો પૂછી શકો છો, ઍની (કોઈ પણ) પ્રશ્ન.

## ભેદ ન જાણે ગોળ-ખાંડની ચાનો, કેમ ઓળખે જ્ઞાનીને ?

**પ્રશ્નકર્તા :** આ કાળમાં જ્ઞાની પુરુષને ઓળખવાની વિચક્ષણતા ઘટી ગઈ છે કે અંતરાઈ છે ?

**દાદાશ્રી :** વહુને ઓળખવાની શક્તિ નથી, ત્યાં જ્ઞાની પુરુષને ઓળખવાની વાત ક્યાં કરવી ? વહુ કાયમની જોડે રહે છે તોય એની

જોડે ઝઘડા કરે છે, એ જ્ઞાની પુરુષને શી રીતે ઓળખે ? જેને વહુ જ ઓળખાતી નથી, તો બહાર કોઈને શી રીતે ઓળખે ? અરે, વહુને ઓળખ તો ખરો ! અરે ! એનો પોતાનો આ છોકરો ડાહ્યો છે કે ગાંડો છે તેનીયે સમજણ નથી. અને આ તો 'હું સમજું છું' કહેશે ! પણ આ કળિયુગના માણસોની સમજવાની શક્તિ બધી ખલાસ થઈ ગયેલી છે.

અમારે જયગઢમાં જેટી બંધાતી હતી. ત્યાં આગળ ઑફિસે બે-ત્રણ માણસો મુંબઈથી આવેલા. આમ સારા માણસો, એટલે પછી મેં અમારા મહેતાજીને બૂમ પાડી, કે 'હું પીઉં છું એમાંની ચા બનાવી લાવો.' તોય મહેતાજીએ એમ જાણ્યું કે ખાંડ થોડી છે, તો સાંજે પાછા દાદાજીને શું મૂકી આપીશું ? એટલે પછી એમણે ગોળની ચા બનાવી. પછી એમણે એ બધા લોકોને ચા પાઈ. મેં તો ચા પીધેલી હતી, એટલે એમને બધાને પાઈ. એટલે પછી એ લોકો કહે છે, 'આ મુસાફરીમાં બે દહાડાથી આવ્યા છીએ મુંબઈથી, પણ આટલી સરસ ચા પીધી નથી. અત્યારે ચા પીધી.' ત્યારે મેં જાણ્યું કે અમારા મહેતાજીએ મારા કહ્યા પ્રમાણે ચા મૂકી, તેથી આ લોકો આવો અભિપ્રાય આપે છે. પછી એમના ગયા પછી મેં પેલાને પૂછ્યું, કે 'અલ્યા, ચા બહુ સરસ બનાવી !' ત્યારે એ કહે છે, 'દાદાજી, ખાંડ થોડી હતી, તે તમારે માટે સાંજે શું મૂકીએ ? તમે તો કહો, પણ પાછી ફરજ અમારી ને !' ત્યારે મેં કહ્યું, કે 'શું કર્યું ?' ત્યારે એ કહે છે, 'ગોળ નાખ્યો.' મેં કહ્યું, કે 'પણ આ લોકો તો સરસ કહેતા હતા ને !' ત્યારે એ કહે છે, કે 'એ દુનિયાને ખબર ના હોય, મુંબઈના છે તોય આ ગોળની કે ખાંડની છે ચા, તે ના સમજ પડે.'

માણસનું ગજું નથી, આ ગોળની ચા છે કે ખાંડની ચા છે તે જ એને ભાન નથી. એટલે ગોળ-ખાંડની પરીક્ષામાં બરકત નથી, તો હીરાની પરીક્ષા ક્યાંથી કરી શકે ?

## ઓળખવાની શક્તિ નહીં, તેથી જાતે બોલવું પડ્યું 'જ્ઞાની છું'

આ તો અમે કહીએ છીએ કે 'ધીસ ઈઝ ધી કૅશ બૅંક, રોકડું, જે માગો એ મળે.' જ્ઞાની તે કેવા ? પાછા કૅશ બૅંકવાળા. એ તો અમે કહીએ

છીએ તેથી આ દુકાન લોકો જાણે છે, નહીં તો ઓળખી શી રીતે શકે તે ? તમારામાં શું ઓળખવાની શક્તિ છે ? આ દુનિયાની કઈ વસ્તુની તમને ઓળખવાની શક્તિ છે ? એટલે અમારે જાતે કહેવું પડે છે. જો ઝવેરી હોય ને, તો હીરાને બોલવું ના પડે. જો ઝવેરી હોત તો હીરાને બોલવું શું કરવા પડે કે હું આટલા અબજનો છું ? આ મશ્કરી જ છે ને, જાતે જ 'જ્ઞાની છું' એવું બોલવું પડે ! કેવી મશ્કરી કહેવાય !

'અમે જ્ઞાની છીએ' એવું કહીએ તે પાછા મને કહેનાર મળે કે 'આપ જ્ઞાની છો' એ તમારે કહેવું શા માટે પડે છે ? ત્યારે મેં કહ્યું, 'શું કહું હું ? તમે કહો એ કહું.' ત્યારે કહે, 'પહેલાના જ્ઞાનીઓ કેમ કહેતા નહોતા ?' મેં કહ્યું, 'થયા નહોતા.' અને જો સોનાની દુકાન હોય, અને શુદ્ધ સોનું હોય અને ફ્રી ઑફ કૉસ્ટ આપવાનું હોય, તો શું બૉર્ડ મારવામાં વાંધો છે, કે 'ફ્રી ઑફ કૉસ્ટ અહીં સોનાની દુકાન છે' ? જો હોય તો બૉર્ડ મારવામાં વાંધો ખરો ?

**પ્રશ્નકર્તા :** નહીં.

**દાદાશ્રી :** તો 'હું જ્ઞાની છું' એવું બોલું, એમાં તમને શું વાંધો આવ્યો ? જો 'અજ્ઞાની' મારાથી બોલાય નહીં. જૂઠું બોલું તો દોષ બેસે. પછી આ લોકોના સમાધાન માટે મારે છે તે આ નિમિત્ત બોલવું પડે છે. શેને માટે બોલવું પડે છે ?

**પ્રશ્નકર્તા :** સમાધાન માટે.

**દાદાશ્રી :** ત્યારે શું કરે તે ? આ લોકોની જોડે વ્યવહાર સાચવવો પડે. સાચવવો પડે કે ના સાચવવો પડે ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** 'હું નિમિત્ત છું' કહું છું ત્યારે એમને બહુ ગમે છે. 'આપ નિમિત્ત ને ?' મેં કહ્યું, 'હા, નિમિત્ત. તમારું કહેવું તદ્દન સત્ય છે.' એ પહેલા હું જ્ઞાની જ બોલતો'તો. આપની સમજમાં આવી ગયું ને ?

**પ્રશ્નકર્તા :** હા, હા.

**દાદાશ્રી :** પણ જો જ્ઞાની બોલ્યો તેનો શું અર્થ કર્યો એ લોકોએ ?

**પ્રશ્નકર્તા :** પોતાનો અહંભાવ દેખાડે છે, એવું લોકો માને.

**દાદાશ્રી :** ના, આગળના લોકો 'જ્ઞાની છું' એવું કેમ બોલતા નહોતા ? ત્યારે મેં કહ્યું, એ જે થયા નહોતા એ નથી બોલ્યા ને થયા'તા એ બોલ્યા છે. કૃપાળુદેવ થયા'તા, તે બોલ્યા'તા. કુંદકુંદાચાર્ય થયા'તા તે બોલ્યા'તા. જે થયા છે એ બોલ્યા છે અને જે નથી થયા તે બોલ્યા નથી.

આજ ઝવેરીઓ નથી એટલે હીરાને બોલવું પડ્યું છે. અને તે અમારે વેપાર નથી આમાં કંઈ, અમે ફાયદા માટે નથી બોલતા. કોઈ ફાયદા માટે બોલે તો વાત જુદી છે. અમારે માન-તાન કશું જોઈતું નથી.

## મમતા વગરના પુરુષ તો આ એક જ તમને જોયા

**પ્રશ્નકર્તા :** દાદા, છતાંય કોઈ ઝવેરી મળ્યો હશે ને, કે હીરાને થોડોક તો ઓળખી શકે ?

**દાદાશ્રી :** અમે ગયા'તા ત્યાં સુરતમાં. તે સુરતમાં એક ત્યાગી પુરુષ હતા. તે બહુ જબરજસ્ત ત્યાગવાળા હતા, પટેલ. તે આજુબાજુ લગભગ ઘણા માણસો એમના દર્શન કરે એવા માણસ, નાગરજીદાસ કરીને. પુસ્તક લખેલું છે એમનું. એમણે ત્યાં આ બધા લોકોને કહ્યું, કે 'લગભગ સો-બસ્સો માણસોને હું મળ્યો છું મહાત્માઓને, મોટા મોટા સંતોને, પણ એવો મેં એક પણ સંત ના જોયો કે જેનામાં કંઈ પણ મમતા ના હોય, મમતારહિત હોય. થોડીકેય મમતાવાળા જોયેલા બધા. કંઈ નહીં તો છેવટે માનનીય મમતા હોય. મમતા વગરના આ જ જોયા !'

મમતા વગરનો પુરુષ એટલે અહંકારરહિત પુરુષ. જ્યાં મમતા ના હોય, ત્યાં અહંકાર ખોળવાનો હોય નહીં. તે એમણે ત્યાં કહ્યું'તું તે દહાડે. કહે છે, 'બધા મહારાજની પાસે ગયો અને મેં એટલા બધા તપ કર્યા, કે ન પૂછો વાત ! લોક મને પગે લાગે, પણ હું પગે લાગ્યો તો આ એકલા દાદાને પગે લાગ્યો.' તે બધા માણસોની વચ્ચે બોલતા'તા એ. કેટલું બધું માણસ બેઠું'તું, નહીં ? બધાને કહેવા માંડ્યા કે 'આ દાદા જેવા

મેં મમતારહિત પુરુષ જોયા નથી. ભલે એ ગૃહસ્થી જેવા કપડાં પહેરે છે, બધુંય છે, પણ મમતારહિત તો મેં આમને જ જોયા !'

એટલે એમની પરખ જોઈને પછી મને ભાવ થયો કે ઓહોહો ! આવી પરખ ! એ પરખ ના કહેવાય ? હીરામાં પરખની કિંમત ને, કે પરખ્યા વગરની ?

**પ્રશ્નકર્તા :** પરખની જ કિંમત હોય ને !

**દાદાશ્રી :** હં... કાચના ભેગો હીરો નાખ્યો હોય ને ત્યાં હીરો ખોળી કાઢે તે ખરો.

ત્યારથી હું સમજી ગયો કે ભલે લોક તપસ્વી કહે પણ આ મોટા સંત પુરુષ છે ! આવી પરીક્ષા ના હોય ને ? જેને જ્ઞાનીની પરીક્ષા (ઓળખાણ) થઈ તે જ્ઞાની રૂપ થયા કરે.

બે માણસો તો એવા મળ્યા, બધે જનારા હં, બધા ધર્મમાં. 'વર્લ્ડમાં આવો મસ્ત પુરુષ જોયો નથી. દાદા, મેં તમારા જેવો કોઈ મસ્ત પુરુષ જોયો નથી ! તો મારે હવે બીજી જગ્યાએ જવાની જરૂર જ ક્યાં છે ?' કહે છે. એ સમજણ હોવી જોઈએ ને ? હીરાને ઓળખવાની શક્તિ હોય, તો આપણે હીરાના પૈસા કાઢીએ. નહીં તો પૈસા આપણી પાસે છે પણ એવી શક્તિ નહીં એટલે શી રીતે કાઢીએ ? તેથી મારે મોઢે બોલવી પડી આ હીરાની કિંમત ! હીરો જાતે બોલે ત્યારે ખોટું ના દેખાય ?

## કિંમત સમજાય તો દાદાને છોડે નહીં

આની ખરી કિંમત સમજવી, એ તો આ સત્સંગમાં એકાદ મહાપુણ્યશાળી હોય તો હોય, બાકી હોય જ નહીં ને ! સમજે જ નહીં ને ! આ સમજણ ના પડે, બીજું બધું પડે. સમજણ પડે તો દાદાને છોડે નહીં એક મિનિટેય. બધું જ, ઘેર મહીં રાજ હોય તો રાજપાટ છોડીને આવતો રહે. ત્યારે કોઈ કહેશે કે અત્યારે છે તે વ્યવસ્થિત એવું ક્યાંથી લાવે ? ત્યારે કહે, ના, એણે ભાવ જ એવા કર્યા હોય ને વ્યવસ્થિતેય એવું લાવ્યો હોય. ખોળતો જ હોય એ. અને એ ખોળે એટલે વ્યવસ્થિત એનું એક્ઝેક્ટ

આવીને ઊભું જ રહે. આનો લાભ ઉઠાવે એટલો એનો પોતાનો. બાકી જેવી સમજણ પડે, એવો લાભ ઉઠાવે.

રાજ હોય તોય છોડીને પાછળ પાછળ ફરે. ચક્રવર્તી રાજ હોય તોય કહેશે, ''મેલ પૂળો, હવે. મારે જે જોઈતું'તું, અનંત અવતારથી જે શોધતો'તો એ જડી ગયું.'' આ તો દુષમકાળના જીવો, ઠેકાણા વગરના ! ઠામેય નહીં ને ઠેકાણુંય નહીં. એ થોડા પુણ્યશાળી ભેગા થયા, તે પુણ્યૈને લઈને ભેગા થયા. નહીં તો ભેગા ના થાય તો આની કિંમતેય ના સમજણ પડે એને. તમને એવું જ લાગતું'તું ને, આ શો ઠઠારો કર્યો છે ને શું આ કર્યું છે ?

**પ્રશ્નકર્તા :** તમાશો, તમાશો.

**દાદાશ્રી :** આ તમાશો શો કર્યો, એવું લાગતું'તું ને ? એવું લાગે. એવી પરીક્ષા ના હોય કે આ અહીં આગળ કેવી સુગંધ આવે છે, એવી તેવી તે પરીક્ષા ના હોય. આ પદ જ અજાયબ છે ! જબરજસ્ત અજાયબ છે, પણ એ શી રીતે સમજણ પડે ? કવિએ લખવામાં કંઈ બાકી રાખ્યું નથી, પણ એ લોકોને સમજણ ના પડે ને ! આગળ વાંચવા જાય તો પેલું પાછલું પદ ભૂલી ગયા હોય. આમને ભૂલતા વાર નહીં ને ! સારી વસ્તુ ભૂલતા વાર નહીં ને નઠારી વસ્તુ બધી યાદ રહે એને. સંસારની મોહવાળી ચીજો બધી યાદ રહે અને આ ભૂલી જાય. તેમ છતાંય આ પુણ્યશાળી એટલા કે મને ભેગા થયા ને, એ અજાયબી ! આ કાળમાં અમે આવ્યા એય અજાયબી જ છે ને ! આ લોકોની પુણ્યૈ હશે ત્યારે જ ને, નહીં તો તો એ મેળ જ પડે નહીં ને !

## ચાલુ ગાદી નહીં, શૂન્યમાંથી સર્જન

ચાલુ ગાદી ઉપર પ્રખ્યાત થવું હોય ને, ચાલુ ગાદીને જો ઓળખે તો વાર ના લાગે, કે આગળની પાંચ પેઢીથી ગાદી ચાલુ કરેલી હતી. આ તો ગાદીએય મારે ઊભી કરવી પડી ને બધુંય મારે ઊભું કરવું પડ્યું. ચંદુભાઈ, તમે જોયેલું ને, ગાદી ઊભી કરતા બહુ વાર લાગી ને ? આ જોડે ને જોડે હતા પહેલેથી. તેથી તો મેં પુસ્તકમાં પહેલું ચંદુભાઈ,

ચંદુભાઈ ગા ગા કર્યું છે. જાતે ને જાતે ઊભું કરવાનું ને જાતે ને જાતે આ બધું. પણ એકલાએ નથી કર્યું આ, મહાત્માઓએ કર્યું છે બધું. બધા મહાત્માઓએ આંગળીઓ ઊભી કર કર કરી (ટેકો ધર ધર કર્યો) છે. આ આમણે કેટલું ઊભું કર્યું છે ! એ પોતે હજુ આવ્યાય નથી ત્યાર પહેલા તો દસ-વીસ જણને અહીં મોકલ્યા છે, ત્યાં જાવ, દાદા પાસે જાવ.

**પ્રશ્નકર્તા :** તમને તો જોયા વગર જ શ્રદ્ધા બેસી ગયેલી.

**દાદાશ્રી :** હા, જોયા વગર એમને શ્રદ્ધા બેસી ગયેલી. એણે લોકોને મોકલેલા ઊલટા કે ત્યાં જાવ દાદા પાસે. અને આ સાહેબે કેટલા બધા અર્થ કરાવ્યા ત્યાર પછી શ્રદ્ધા બેઠી. તે પાર વગરના અર્થ કર્યા પણ જ્યારે ત્યારે બેઠી ખરી !

**પ્રશ્નકર્તા :** હજુ તો ઘણાય અર્થ કરાવશે.

**દાદાશ્રી :** કશો વાંધો નહીં, અર્થ કરાવે તેનો વાંધો નહીં. લોકોને હેલ્પફુલ (ઉપયોગી) થવું જોઈએ.

માર્ગ મોક્ષનો લાગે છે કે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સો ટકા ?

**પ્રશ્નકર્તા :** શૂન્યમાંથી સર્જન કર્યું એવું કહી શકાય.

**દાદાશ્રી :** હા, શૂન્યમાંથી સર્જન કરેલું. કન્ટ્રાક્ટનો નાગો ધંધો ને તેની મહીં આ ઓળખાણ કરાવવી... લોકો એમ ના સમજે કે નાગો ધંધો કરે છે આ ? હીરા-માણેકનો ધંધો હોય તો ઠીક છે કે ભઈ ઝવેરી છે, મોટા આમ છે, તેમ છે. આ તો નહીં ઝવેરી કે નહીં એ.

## અસામાન્ય માણસ જ જ્ઞાનીને ઓળખી શકે

જ્ઞાની પુરુષ તો કો'ક ઝવેરીને ઓળખાય, બધાને ના ઓળખાય. ઝવેરી હોય ને, તેને ઓળખાય. જે ઓળખે એ લાભ ઉઠાવી જાય.

જ્ઞાની પુરુષને તો સાધારણ માણસ ઓળખી શકે જ નહીં. કોઈ નવીનતા દેખાય નહીં ને ! મોઢા ઉપર ચેન્જ દેખે નહીં ને ! મોઢા પર એમને ઓળખવાની શક્તિ હોય તો તો ઓળખી કાઢે. એમની આંખ જુએ ને, તો આંખમાં સંપૂર્ણ વીતરાગતા દેખાય.

જ્ઞાની ગુપ્ત વેશે હોય. સાદા વેશે, સંસારી વેશે હોય, ઓળખાય જ નહીં. સામાન્ય માણસનું તો ગજું જ નહીં. અસામાન્ય માણસ ઓળખે કે આ વાણી કંઈક જુદી લાગે છે, આ વર્તન કંઈક જુદું લાગે છે, આ આંખ કંઈક જુદી લાગે છે !

## મુમુક્ષુ જ્ઞાનીને તરત ઓળખી લે

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીને કેવી રીતે ઓળખવા, એ જરાક કહો અમને.

**દાદાશ્રી :** એમનો એક શબ્દ સાંભળે ને મહીં હૃદયમાં ઊતરે ને, તોય ફ્રિજ જેવું થઈ પડે, એક જ શબ્દ ! આખા વ્યાખ્યાન સાંભળવાની જરૂર નથી, એક શબ્દ જ સાંભળે તો... અને જેની આંખમાં કોઈ જાતનો ભાવ રમતો ના હોય. લોક કહે છે ને, જરા જુઓ તો ખરા, જરા આંખ લુચ્ચી દેખાય છે ! પછી કહેશે, એની આંખ જુઓ ને મૂઆ, જરા બદચારિત્ર લાગે છે. આંખ ઉપરથી બધું ઓળખાય. જ્યારે આંખમાં વીતરાગતા જુએ ત્યારે જગત આફરીન થઈ જાય. આંખમાં બીજું કંઈ પણ લખાણ ના જુએ ત્યારે જગત આફરીન થાય.

મુમુક્ષુ તો આમ દેખતાની સાથે જ ઓળખી જાય. મુમુક્ષુ એટલે સમજ્યા તમે ? મોક્ષની જેને ઈચ્છા છે, એ તેને ઓળખી જાય.

**પ્રશ્નકર્તા :** એટલે અમારે મુમુક્ષુતા ડેવલપ કરવાની ?

**દાદાશ્રી :** હા. હવે શરૂઆતમાં આટલા જ માણસ ઓળખે, કે અમારા કામ ઉપર મજૂરો રહેતા'તા, એ મજૂરો બધાય ઓળખે કે દાદા ભગવાન છે, પણ કારીગરો એવું ના સમજે. અને પૈસાવાળો વર્ગ ના સમજે. કારણ કે એને પડળ હોય. અને ધર્મિષ્ઠ વર્ગેય ના ઓળખે. એના મનમાં 'હું કંઈક જાણું છું' એ ભાન હોય, તેનું પડળ હોય. એટલે

આ ઓળખાય નહીં. ફક્ત મજૂરો ઓળખી શકે અગર તો કોઈ ઊંચા હૃદયવાળા માણસો... કાલે નહોતા આવ્યા પેલા ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** શું કહેતા'તા એ ? કે 'આપના દર્શનથી મારું સર્વસ્વ થઈ ગયું !' કહે છે. કારણ કે એવું કો'ક ઓળખે, નહીં તો ના ઓળખી શકે. મજૂરો તો ઓળખી જાય બિચારા. કારણ કે એમને લોભ નહીં, જાણ્યાની ભાંજગડ નહીં.

## બુદ્ધિ ડહાપણ કરે એટલે ઓળખાય નહીં

જેને જ્ઞાની પુરુષની આંખ ઓળખાય નહીં તો એ મુમુક્ષુ જ નથી હજુ થયો.

**પ્રશ્નકર્તા :** તો એ મુમુક્ષુ ક્યારે થઈ શકે ?

**દાદાશ્રી :** એ ઓળખાય નહીં, એ એની આમ બુદ્ધિ ડહાપણ કર્યા કરે ને ! બુદ્ધિ ડહાપણ કરે એટલે આંખ ઓળખાય નહીં. મજૂરો ઓળખી જાય, છોકરાં, નાના બાળકો, દોઢ વરસનું છોકરું અમને ઓળખી જાય. પણ જેનામાં છે તે ઓવરવાઈઝપણું છે, એને એની બુદ્ધિ ઓળખવા ના દે.

આ શેઠિયાઓ જે છે, એ ઓવરવાઈઝ (દોઢડાહ્યા) થઈ ગયા છે. ભગવાન મહાવીર કરતાંય વધારે ડાહ્યા છે. તેમને એમની બુદ્ધિ હજુ ઓળખવા ના દે. કહેશે, 'આપ તો પટેલ, નહીં ? હા, કયા ગામના ? ભાદરણના છે !' આંખ-બાંખ જુએ નહીં. જે આંખ ઓળખે એ જ મુમુક્ષુ !

હવે અમે કોઈ ફેરો બજારમાં જતા નથી, વેપારને માટે જઈએ નહીં, પણ કોઈક ફેરો બજારમાં ગયા હોય ગાડીમાં, તે ઊતર્યા હોય તો પછી વોરા મુસલમાનને ત્યાં ઊતરીએ ને કંઈક ખરીદી માટે ઊતર્યા હોય. તે મહેન્દ્રભાઈ (ભાગીદારના દીકરા) ખરીદી માટે ગયા હોય. પણ પછી હું અમથો ઊતરીને ઊભો રહું. તે એક વાર બે શેઠિયાઓ, એમની દુકાન

આગળ ગયો એટલે બે શેઠિયાઓ ઊભા થઈ ગયા, ખુરશી ઉપરથી. પછી મેં મહેન્દ્રને કહ્યું, 'તું કશું બોલ્યો ?' ત્યારે કહે, 'ના, કશું નથી બોલ્યો હું.' એટલે મેં એમને પૂછ્યું, 'તમને કોણે કહ્યું તે તમે ઊભા થઈ ગયા, એ કહો મને.' ત્યારે કહે, ''સાહેબ, અમને કંઈ એવું જ થઈ ગયું મહીં કે કો'ક બહુ મોટા માણસ આવ્યા છે.'' અરે ભઈ, હું તો કોટ ને ટોપી પહેરું છું. કંઈ મોટો ને મોટો કશું... કશું બહારનું બૉર્ડ છે નહીં મારી પાસે. બૉર્ડ હોય તો તો આપણે જાણીએ કે મોટી દુકાન આવી ગઈ. આ તો એવું કશું બૉર્ડ દેખાતું નથી. આ માળા પહેરી હોય તોય કો'ક જાણે કે દુકાન મોટી આવી. પણ માળાય નથી પહેરી. ત્યારે કહે, 'ના, અમને અંદરથી થયું કે કોઈ બહુ મોટા માણસ આવ્યા છે.' એટલે મેં એ શેઠિયાને કહ્યું, 'તમને એવું થયું કે આ અમારા મહેન્દ્રભાઈએ કહ્યું ?' ત્યારે કહે, 'ના, અમને પોતાને થયું. બેસો, સાહેબ. અમારી ખુરશીને પવિત્ર કરો.' એટલે આવું મુસલમાનોમાં પણ એટલું સમજવાની શક્તિ હોય છે. અને આપણા શેઠિયાઓને ત્યાં જઉં ને, તો એની સમજણશક્તિ, તડબૂચા જેવા હોય છે. જાણે તડબૂચું બેસી રહ્યું હોય ને, એમ બેસી રહે છે. વિનય-વિવેક ગયો. મહીંથી બોલનાર જ બંધ થઈ ગયો. મહીં જે બોલનાર હોય છે ને, તેય બંધ થઈ ગયો. મહીં શું બોલનાર હોય છે, એ જાણો છો તમે ?

**પ્રશ્નકર્તા :** અંતરાત્મા.

**દાદાશ્રી :** મહીં જે પ્રેરણાશક્તિ હોય છે ને, એ બંધ થઈ ગઈ છે. કારણ કે આખો દહાડો લોભમાં જ વૃત્તિ હોય.

## દાદાની સંપૂર્ણ ઓળખાણ થાય એ માટે શું કરવું ?

હાર્ટ ઉપર આવી જાવ. આ જગત જ્યારે બુદ્ધિનો પ્રચાર છોડશે ને હાર્ટ ઉપર આવશે, ત્યારે પાછું કંઈક સરળ પડશે બધું. બુદ્ધિ પર વળ્યું છે બધું. આ જૂના ઘૈડિયા બધા બુદ્ધિ ઉપર નહીં પડેલા અને હાર્ટ ઉપર રહેલા, તે એમને આ જવાનિયા જોડે મેળ ના પડે. શી રીતે મેળ પડે ? પેલા એકલા બુદ્ધિ ઉપર જ પડેલા છે. ગોકળદાસ (કવિરાજના ફાધર) તો હાર્ટવાળા હતા માણસ. હં. એકલી બુદ્ધિ પર નહીં પડેલા, હાર્ટવાળા

માણસ હતા. જુઓ ને, કેવા અમને ઓળખી ગયા ! બધા સાધુઓને કાઢી મેલતા'તા પણ મને ઓળખી ગયા'તા ને ? હં... બસ. આ ઓળખાવું બહુ અઘરી છે વસ્તુ. ઓળખાણ પડે નહીં આમાં. બુદ્ધિશાળી તો બુદ્ધિથી માપ કાઢ કાઢ કર્યા કરે. તે બુદ્ધિથી તોલાય એવી વસ્તુ નથી આ. એક બાજુ ગમે એટલી બુદ્ધિ વાપરો તોય આ બુદ્ધિથી તોલાય એવું નથી.

વ્યવહારમાંય લોકો મને ઓળખી શકેલા નહીં. કારણ કે એ એની બુદ્ધિથી જુએ અને હું ડિરેક્ટ જોઉં. એ જાણે કે કઈ દૃષ્ટિથી જોતા હશે અને કઈ રીતે આમ કરતા હશે, ને એ એના નખરા નાખ નાખ કરે.

**પ્રશ્નકર્તા :** દાદાની સંપૂર્ણ ઓળખાણ થાય એ માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** એ કશું કર્યા વગર જ સંપૂર્ણ ઓળખાણ થાય એવું જ છે. બુદ્ધિનો ડખો ના કરે તો એની મેળે ઓળખાણ થાય. માટે બુદ્ધિનો ડખો સાંભળવો નહીં. પૂનમને ઓળખવા માટે શું કરવું પડે ? પૂનમ થઈ કે નહીં તેને ઓળખવા માટે શું કરવું પડે ?

**પ્રશ્નકર્તા :** કશું નહીં, જોયા જ કરવાનું.

**દાદાશ્રી :** એવું આમાં છે.

❖❖❖❖❖

## [૧૩]

# જ્ઞાન માટે રાખી ફક્ત 'બે' શર્ત

### નો લૉ-લૉ, ફક્ત જોઈએ પરમ વિનય

આ તો અક્રમ જ્ઞાનાવતાર છે ! એક કલાકમાં અમે તને ભગવાન પદ આપી શકીએ તેમ છીએ ! પણ તારી સંપૂર્ણ તૈયારી જોઈએ.

અમારી પાસે બે જ વસ્તુ લઈને આવજો. એક 'હું કંઈ જ જાણતો નથી' ને બીજું 'પરમ વિનય.'

અહીં કોઈ ફી ના હોય, પરમ વિનય હોય. અહીં કાયદો ના હોય. કાયદો એટલે કોઈ આમ ઊંધા પગ નાખીને બેસે, કોઈ છત્તા પગ નાખીને બેસે, તો અહીં કાયદો ના હોય. કોઈ વહેલો આવે કે મોડો આવે. અહીં કયો કાયદો હોય ? નો લૉ-લૉ (કાયદો નહીં એ કાયદો) ! કેવું ?

**પ્રશ્નકર્તા :** નો લૉ-લૉ.

**દાદાશ્રી :** હા. આ ભઈ બેઠા છે એવું પગ ઊંચા કરીને બેસે, તે અહીં વાંધો નથી. હું આગળ એક જગ્યાએ ગયો'તો આમ નાની ઉંમરમાં સાંભળવા. તે હું થાકી ગયો તો જરા પગ આમ આમ કરીને બેઠો. 'એય, આમ કરીને કેમ બેઠા છો ? પગ છત્તા રાખો.' તે આમ કરી દેવું પડ્યું. એટલે મેં કહ્યું, હવે ફરી નહીં આવું. જંપીને બેસવા નથી દેતા ! આ જંપીને બેસવા નથી દેતા, મારું શું કલ્યાણ કરવાના હતા તે ?

આ બધા કાયદાવાળા ! એ કાયદાવાળામાં આપણું કલ્યાણ કોઈ દહાડો ના થાય. એ કાયદા સરકારને જોઈએ. ધર્મમાં કાયદો હોતો હશે, મૂઆ ? ધર્મ એ બહારવટિયાની જગ્યા છે ? અને સરકારને જોઈએ, કારણ કે સમાજમાં બહારવટિયા-બહારવટિયા બધીય જાતની વસ્તી હોય. પણ જો બધેય કાયદા જ છે ને ? 'એય, બેસી જાવ, આમ સીધા બેસો.' અહીં કાયદો નથી. તમને જેમ ફાવે તેમ ઈઝિલી બેસો. પણ એક વસ્તુ અમારે અહીં હોય છે, એક જ વસ્તુ એને કહેવામાં આવે છે, કે હું કંઈ જ જાણતો નથી. અને આપણું આ પુસ્તક લાવો. લ્યો જુઓ જોઈએ, આની શું કિંમત લખી છે ?

**પ્રશ્નકર્તા :** મૂલ્ય - 'પરમ વિનય' અને 'હું કંઈ જાણતો નથી.'

**દાદાશ્રી :** બસ, 'પરમ વિનય' અને 'હું કંઈ જાણતો નથી.'

## વિનયથી મળે મોક્ષમાર્ગ, પરમ વિનયથી મોક્ષ

**પ્રશ્નકર્તા :** દાદા, એ પરમ વિનય એટલે ?

**દાદાશ્રી :** પરમ વિનય એટલે સંપૂર્ણ સમર્પણ. જ્યાં પરમાત્મા વ્યક્ત થયા છે એવા 'જ્ઞાની પુરુષ'ને પૂરેપૂરા અર્પણ થઈ જવાનું હોય.

વિનયથી મોક્ષમાર્ગ મળે અને પરમ વિનયથી મોક્ષ !

**પ્રશ્નકર્તા :** વિનય એટલે તો સ્વભાવિક બધા માણસ જે વિનય-વિવેક કરે તે. પણ આ પરમ વિનય કેવી રીતે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** પરમ વિનય તો અમે જ્યારે એને ડાહ્યો કરીએ, રિપેર કરીએ ત્યારે પછી પરમ વિનય ઉત્પન્ન થાય. વિનયવાળો અમારા ત્યાં પેસે, પછી એને ડાહ્યો કરીને પરમ વિનયનું પદ આપીએ. એનાથી મોક્ષ થાય એનો.

વીતરાગનો આખો માર્ગ જ વિનયનો માર્ગ છે. આ વિનયધર્મની શરૂઆત જ હિન્દુસ્તાનમાંથી થાય છે. હાથ જોડવાની શરૂઆત અહીંથી જ થાય છે, તે ત્યાંથી માંડીને ઠેઠ સાષ્ટાંગ દંડવત્ સુધી જાય છે. વિનયધર્મ તો પાર વગરના છે અને પરમ વિનય ઉત્પન્ન થાય એટલે મોક્ષ થાય.

એક શેઠ જ્ઞાન માટે આવેલા. મેં પૂછ્યું, ‘શું નામ છે ?’ તો કહે, ‘હું શેઠ, આનો પ્રેસિડન્ટ.’ (નામ પૂછ્યું તો માન જાહેર કર્યું) અલ્યા, જરા વિનય તો રાખ. જ્યાં પુદ્ગલને ખલાસ કરવાનું છે, ત્યાં પુદ્ગલની ખેંચ શી ? પુદ્ગલનો ભાર શો રાખવાનો ? જ્યાં આત્મા પ્રાપ્ત કરવાનો છે, ત્યાં તો પરમ વિનય જોઈએ. આ તો પરમ વિનયનો માર્ગ છે. અહીંયા આડુંઅવળું ના ચાલે બધું. સહેજ વિનયમાં ખામી આવે તો મોક્ષ ઊડી જાય.

પરમ વિનય એટલે આંતરિક વિનય જોઈએ, બહુ જબરજસ્ત જોઈએ. ભગવાન મહાવીર પ્રત્યે જેવો ભાવ રાખીએ ને, એવો ભાવ દાદા પ્રત્યે રાખવો એ પરમ વિનય કહેવાય. મહાવીર હોય તો આપણે કેવો ભાવ રાખીએ ! તે અહીં પ્રગટ થયેલા છે મહાવીર એ, એ બાહ્ય તમારે જોવાનું નથી. બહારેય કંઈ જેવું તેવું પદ નથી, આ ચૌદશ છે, તો પેલું પૂનમ છે. માટે અહીં પરમ વિનયની બહાર ખસાય નહીં.

પરમ વિનય એટલે જે દેખાય છે તે તરફનો આદરભાવ નહીં, પણ જે નથી દેખાતું તે તરફનો આદરભાવ !

## અક્રમ જ્ઞાનીનો વિનય વ્યવહારમાં

**પ્રશ્નકર્તા :** દાદા, આપે કહ્યું પરમ વિનય, તો એનો કોઈ દાખલો આપો.

**દાદાશ્રી :** અમદાવાદ અમે એક ફેરો ગયેલા, ત્યારે તે દહાડે છે તે પજુસણો ચાલે. તે ત્યાં આચાર્ય મહારાજ અમદાવાદમાં આવ્યા હતા પજુસણાને લીધે. મહારાજ કેટલી ઉંમરના હતા ?

**પ્રશ્નકર્તા :** પિસ્તાળીસથી ઉપરના.

**દાદાશ્રી :** પિસ્તાળીસ-પચાસ વરસની ઉંમરના, બહુ સારા મહારાજ હતા. આમ બિલકુલ ચોખ્ખું ખાતું, બિલકુલ કરેક્ટ, નેટ ખાતું. એટલે અમે એમના બે-ત્રણ સાધ્વીજીઓને જ્ઞાન આપેલું, સ્થાનકવાસી સાધ્વીજીઓને. એટલે પછી મહારાજને આ બઈઓએ કહ્યું હશે કે અમે

દાદા પાસે ગોંડલમાં જ્ઞાન લીધું'તું. અને તે દાદા આવ્યા છે, તમારે દાદાના દર્શન કરવા છે ? તો એમને ઈચ્છા થઈ દર્શન કરવાની. એટલે અમે પાંચ-છ જણ ગાડી લઈને ગયા ત્યાં આગળ. અમે તો અક્રમ જ્ઞાની, ક્રમિક જ્ઞાનીમાં ને અક્રમ જ્ઞાનીમાં ફેર શો ? ત્યારે કહે, ક્રમિક જ્ઞાનીનો રિવાજ એવો હોય કે એંસી ટકા પોતે હોય તો ઈઠ્યોતેરવાળાને ત્યાં એ જાય નહીં. બ્યાસીવાળાને ત્યાં જાય. પણ ઈઠ્યોતેરવાળાને ત્યાં એ જાય નહીં. અને અમે તો ઝીરોવાળાને ત્યાંય જઈને બેસીએ. અમારે અક્રમ જ્ઞાનીને તો જ્યાં કહે ત્યાં. નહીં તો મહારાજ પાસે ક્રમિક જ્ઞાની કોઈ જાય નહીં ને ! ક્રમિક જ્ઞાની તો કહેશે કે 'મહારાજ જાણતા નથી, મારે ત્યાં જઈને ક્યાં બેસવું ? મારે નીચે બેસવું પડે', કહેશે. અને અમારે તો વાંધો જ ના હોય ને ! અક્રમ વિજ્ઞાનીને તો કશું હોય જ નહીં ને ! અમને તો નીચે બેસાડે, ગમે ત્યાં બેસાડે, એમના જોડા આગળ બેસાડે ને, તોય નિરાંતે બેસીએ. કારણ કે અમે પોતે તો કોઈ દહાડો જમીન પર બેસતા જ નથી. અમે તો આ મંદિરમાં (પોતાના દેહને સંબોધીને) બેઠેલા હોઈએ છીએ. આ મંદિર દેખાય છે ને ? આ મંદિર દેખાય છે તેની મહીં જ બેઠેલા હોય, પછી શું ? આ મંદિરને જોડા આગળ બેસાડ કે તારે જ્યાં બેસાડવું હોય ત્યાં બેસાડ.

**પ્રશ્નકર્તા :** મંદિરમાં બેઠા એટલે શું કીધું ? કંઈ વધારે ખુલાસો કરો.

**દાદાશ્રી :** આ દેહ દેખાય છે એ મંદિર. આ મંદિર દેખાય છે ને, તેની મહીં બેઠેલા જ છીએ અમે તો. તે જ 'અમે' છીએ. આ 'અમે' અમે બોલીએ છીએ ને, તે એને અનુસંધાનમાં રાખીને બોલીએ છીએ, આને નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર, દાદા.

**દાદાશ્રી :** આ તો મેટ્રિકમાં નાપાસ થયેલા, ઓળખું આમને તો ! આ મેટ્રિકમાં નાપાસ થયેલા, ફેઈલ થયેલા. શા લક્ષણો હતા, તેના લીધે ફેઈલ થયેલા તેય હું જાણું.

## વિનય સાચવવા મહારાજ નીચે બેઠા

એટલે પછી ત્યાં જઈને અમે નીચે બેઠા કવિરાજ ને એ બધા. મહાસતીઓ નીચે બેઠેલા. પણ મહારાજ પછી આવ્યા, તે આવીને પાટ ઉપર બેઠા. પાટ ઉપર બેઠા અને પછી શું થયું ? તમે હતા કે ? શું થયેલું ?

**પ્રશ્નકર્તા :** પાટ ઉપરથી ઊઠીને સીધા નીચે આવી ગયા.

**દાદાશ્રી :** પાટ ઉપરથી નીચે બેસી ગયા એ. મહાસતીઓએ ઓળખાણ પાડી કે 'આ જ્ઞાની પુરુષ છે.' અને અમે તો સાદા વેશમાં હોઈએ, કોટ-ટોપી. એટલે મહારાજને પહેલા ઓળખાણ તો પડે જ નહીં ને ! શી રીતે ઓળખે ?

એટલે ત્યાં આગળ મહાસતીઓએ કહ્યું, કે આ દાદા ભગવાન આ પોતે બેઠા છે તે. એટલે મહારાજ પાટ ઉપરથી નીચે બેસી ગયા. એટલે પોતે સહન ના કરી શક્યા કે જ્ઞાની પુરુષની હાજરીમાં હું ઉપર બેસી રહ્યો છું ? એટલે પાટ ઉપરથી નીચે બેસી ગયા, વિનય સાચવવા માટે.

એટલે પછી મહારાજને મેં કહ્યું, કંઈ ખુલાસા કરવા હોય તો કરી શકો છો, અમે અક્રમ જ્ઞાની છીએ. અમારે તો વાંધો નહીં. તમે પાટ ઉપર બેસો ને, અમારે એ વાંધો નહીં. કારણ કે અમારું પદ તો વર્લ્ડમાં દેવલોકો સિવાય કોઈ જોઈ શકતું જ નથી, અમારું શું પદ છે તે ! પદ ઓળખી શકે નહીં ને ! જ્ઞાની તો પોતે જ દેહધારી પરમાત્મા કહેવાય ! તે પછી એ ઉપર ના બેઠા, નીચે બેઠા.

## એક જ વિનય મોક્ષે લઈ જશે એની ગૅરન્ટી

હવે વ્યવહાર અવળો દેખાય આ તો. શું થાય ?

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** અને સામા શેઠિયાઓ બધા આમ વાંદે (વંદન કરે), બિચારા. તે ઘડીએ શેઠિયાઓ હતા નહીં તે સારું થયું.

તે મેં મહારાજને કહ્યું, મહારાજ, આ બહાર વ્યવહારમાં ખોટું દેખાય છે. પેલા વાંદનાર આવે ને, તો વાંદનારના મનમાં શું થાય, કે મહારાજને શું થઈ ગયું હશે ? વહેવારમાં ખોટું દેખાય એવું ન કરવું જોઈએ. આ તો વિનયનો માર્ગ છે, ચોવીસ તીર્થંકરોનો માર્ગ વિનયનો છે. એટલે પછી ઉપર બેસતા નહોતા ત્યારે મેં કહ્યું, 'મહારાજ, આ તમે વિનય કર્યો એ વિનય તમને મોક્ષે લઈ જશે ! જાવ, તમે બેસી જાવ ઉપર.' આ એક જ વિનય અમારી સાથે જેણે કર્યો હશે, એને મોક્ષે લઈ જશે એની ગૅરન્ટી અમે આપીએ છીએ.

પછી મહારાજને પૂછ્યું, 'કંઈ કેફ-બેફ રહે છે કે ?' ત્યારે કહે, 'હા, કેફ તો ઘણો રહે છે.' મેં કહ્યું, 'શાનો કેફ રહે છે ?' ત્યારે કહે, 'આ શાસ્ત્રો મેં બધા જાણ્યા છે ને બધું વાંચ્યું છે એનો કેફ રહે છે.' મેં કહ્યું, 'ત્યાં તો નિષ્કેફીનો મોક્ષ થાય છે, ત્યાં કેફવાળાને કોઈને પેસવા દેતા નથી. હવે તમારે કેફ રાખી મેલવો હોય તો રાખી મેલજો અને બજારમાં વેચી ખાવો હોય તો, હરાજી કરી નાખવી હોય તો હરાજી કરી નાખજો. ત્યાં નિષ્કેફીનો મોક્ષ થાય છે.' એટલે પછી મહારાજ કહે છે, 'પણ બહુ કેફ રહે છે હવે શું થાય ?' મેં કહ્યું, 'એ અજ્ઞાનતાને લીધે છે. પણ આ જે તમને મહીં ચેતવણી મળી ને, અને તમે નીચે બેઠા ને, આ આટલો વિનય જ્ઞાની પુરુષની પાસે વગર કહે, વગર સમજણ પાડે કર્યો...' સમજણ પાડે પછી બધાય કરે. અને આ આવી ભીડમાં, જ્યારે બધા શેઠિયા આમ આમ કરતા... વાંદવા આવતા હોય, તે ઘડીએ તો મનમાં વિચાર આવે કે લોકો મને શું કહેશે, એવા બધા વિચાર આવે, લોકભય હોય. આખો લોકભય જીતીને મહારાજ ભરી સભામાં નીચે બેઠા'તા. આ કવિ બેઠા'તા ને અમે બધા પાંચ-છ બેઠા'તા ને ત્યાં નીચે બેસી ગયા.

મહારાજ પણ બહુ જ ડાહ્યા માણસ હતા. હં... ના હોય આવો વિવેક ! વિનય ક્યાંથી લાવે આવો ? પણ મહીં કુદરતી રીતે એમને બક્ષિસ થઈ. તે નીચે બેસી ગયા બિચારા !

આ બધા લોક વાંદતા હોય અને તે વખતે મહારાજ નીચે બેસી જાય, એ કંઈ ઓછો વિનય કહેવાય ? એ વિનયને કેવો વિનય કહેવાય ?

**પ્રશ્નકર્તા :** પરમ વિનય.

**દાદાશ્રી :** પરમ વિનય કહેવાય ! એટલે મહારાજને કહ્યું, 'આટલો જ વિનય તમને મોક્ષે લઈ જશે.'

## દારૂ કરતાં શાસ્ત્ર વાંચ્યાનો કેફ વધુ, મોક્ષ નિષ્કેફીનો

**પ્રશ્નકર્તા :** દાદા, આપે એમને કહ્યું કે નિષ્કેફીનો મોક્ષ થાય, કેફીનો ના થાય, તો કેફ મોક્ષમાં કઈ રીતે બાધક છે ?

**દાદાશ્રી :** અહીં દારૂ પીનારો આવે ને, તોય એને હું ભગવાન બનાવી શકું. પણ આ કોઈ કેફી સાધુ આવે, તો તેમને ના થાય. કારણ એમને પેલો સૂક્ષ્મ કેફ ચઢેલો જ હોય ને ! પુસ્તક વાંચેલા હોય એને કેફ હોય કે ના હોય ?

**પ્રશ્નકર્તા :** હા, હોય.

**દાદાશ્રી :** અને કો'ક દારૂ પીનારો હોય તેને ?

**પ્રશ્નકર્તા :** તેનેય હોય.

**દાદાશ્રી :** તો દારૂ પીનારને જો આપણે ત્રણ બાલદી પાણી રેડીએ ને એની પર, તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** કેફ ઊતરી જાય એનો.

**દાદાશ્રી :** ઊતરી જાય અને આને તો લાખ બાલદીઓ રેડો ને, તોય કશું ના ઊતરે. દારૂ પીનારાને દારૂ ઊતરી જાય, અને એ તરત જ કહેશે, 'સાહેબ, હું તો નઠારામાં નઠારો માણસ છું, નાલાયક માણસ છું, અને તદ્દન નકામો માણસ છું, માટે મારું કંઈ કલ્યાણ કરો.' તો મારે એટલું જ જોઈએ છે. આ દાદા ભગવાન આટલું જ માગે છે, બીજું કશું માગતા નથી. એક 'પરમ વિનય' અને 'હું કંઈ જાણતો નથી' એટલું જ માગે છે, વધારે માગતા નથી.

એ તો ઓછી સમજણવાળો વધારે વિનયવાળો હોય. જેને ધર્મની સમજણ ના પડતી હોય, એ 'સાહેબ, કશું સમજતો નથી', એવું કહે.

દારૂડિયાને પરમ વિનયમાં વાર લાગે ? ત્યારે 'હું કશું જાણતો નથી', બોલવામાં એને વાર લાગે ? એ શું કહે ? 'હું તો મૂરખમાં મૂરખ છું, ગધેડામાં ગધેડો છું.'

**પ્રશ્નકર્તા :** બધું કબૂલ.

**દાદાશ્રી :** તે બધી રીતે એનો તો વહેલો મોક્ષ થાય.

## નાલાયક-દારૂડિયાની પણ છૂટવાની દાનત છેવટે ફળશે

તે એક માણસ બહુ દારૂ પીતો'તો. મને કહે છે, 'દાદા, મારું શું થશે ?' 'અલ્યા, કેમ, તારું શું થશે ?' ત્યારે કહે, 'હું તો દારૂડિયો માણસ છું ને !' એ એનું કહેવા માંડ્યો કે 'દાદા, મારું કલ્યાણ કરો, હું તો આવો નાલાયક છું, આ દારૂડિયો છું, આમ છું.' ત્યારે મેં કહ્યું, 'એ તો ભગવાને સાંભળ્યું તેં આ નિવેદન કર્યું તે.' અને તેં ભગવાન દેખીને કહ્યું કે 'મારું કંઈ કલ્યાણ કરો', માટે તારું અવશ્ય કલ્યાણ થશે. તે જ્ઞાન તો લીધું એ લીધું, પછી સારી સ્થિતિમાં રહેતો હતો ને દારૂ સારી રીતે પીતો'તો, તે પંદર વર્ષે દારૂય ઊડી ગયો, બંધ થઈ ગયો. હપૂચો ઊડી ગયો. પંદર વર્ષે ઊડ્યો પણ. કારણ કે મેં કહ્યું'તું કે આ ટાંકી જેટલી ભરેલી છે પહેલાની, એટલી ખાલી થતા સુધી એ રહેશે. નવો માલ પડતો નથી, એટલે ખાલી થતા સુધી એ પહોંચશે. ખાલી થશે એટલે પછી ઊડી જશે. તારે ફક્ત એક જ રાખવાનું કે 'આ દારૂ પીવો એ ખોટો છે.' એટલું તારી શ્રદ્ધામાં રહેવું જોઈએ. બસ, એટલું જ. તો એ ટાંકી ખલાસ થઈ જશે. બીજી ભરાતી નથી ને ! નવી ભરાતી બંધ કરી દઉં, એટલે ટાંકી ખલાસ થઈ જાય. એ થઈ ગઈ એવી આપણામાં કેટલાય માણસોની. બધી જાતનો માલ હતો આપણે ત્યાં. મને ભેગો થયો હોવો જોઈએ.

## આ તો વચનબળવાળો શબ્દ, પાછો ના પડે

**પ્રશ્નકર્તા :** આપે પેલા મહારાજને કહ્યું'તું ને, કે આ વિનય તમને મોક્ષે લઈ જશે. તો મને હજુ પ્રશ્ન ઊભો થાય છે, કે ખરેખર એમને મળશે મોક્ષ ?

**દાદાશ્રી :** ચોક્કસ ! અમારો શબ્દ તે પાછો ના પડે કોઈ દહાડોય. આ તો વચનબળવાળો શબ્દ છે. એક શબ્દેય પાછો ના પડે. આ તો વાગેલું તીર કોઈ દહાડો છોડે નહીં. વચનબળ !

**પ્રશ્નકર્તા :** એમણે જ્ઞાન લીધું પછી ?

**દાદાશ્રી :** ના. તે ઘડીએ તો જ્ઞાન લીધેલું નહીં. ત્યાર પછી પાંચ-છ વર્ષે એ મુંબઈ આવ્યા. એમના મનમાં થયું કે દાદા ભગવાન અહીં આવ્યા છે તે લાવ હું મળું. એટલે એ મને એક જગ્યાએ કહે છે કે, જો દાદા ભગવાન અહીં પધારે તો મારે દર્શન કરવા આવવું છે. એટલે ત્યાં આગળ અમે ગયા. ત્યાં મહારાજ જાતે દર્શન કરવા આવ્યા ને ત્યારે બસ્સો-ત્રણસો માણસ બેઠેલું અને એ મહારાજ આવીને બેઠા જોડે. મેં કહ્યું, 'એકાંતમાં બેસવું છે કે તમારે આ બધાની હાજરીમાં ?' ત્યારે કહે, 'મને ભલે હાજરી રહી, મારે વાત સાથે કામ છે.' પછી એ તો એક-બે પ્રશ્ન એમણે પૂછ્યા હશે, એટલે પછી વાણી નીકળી બધી. એ મહારાજ પાસે કેટલી વખત વાણી નીકળી હશે ?

**નીરુમા :** લગભગ બે કલાક થયેલા, દાદા.

**દાદાશ્રી :** તે પછી સત્સંગની વાત નીકળી એટલે મહારાજ મને કહે છે, 'આપ તો મહાવીર છો ! અને કંઈક મારો છુટકારો કરો.' એટલે એમને જ્ઞાન આપી દીધું મહારાજને.

જ્ઞાન લઈ ગયા ને પરિણામ પામી ગયું છે. એ રાગે પડ્યા હવે. અમારો શબ્દ સાચો પડ્યો કે તમે મોક્ષે જશો. ક્યાંથી એ ભેગા થયા ચાર વર્ષે ! એ જ મહારાજ ! કેવા સરસ હતા ! નહીં ? સરળ, બહુ સરળ મહારાજ. અને સત્સંગેય તે ઘડીએ નીકળ્યો'તો એક કલાક, તે કોઈ શાસ્ત્રમાં ના હોય એવો સત્સંગ નીકળ્યો'તો કલાક. એમણેય પોતે કહ્યું કે આપ મહાવીર છો ! આ બધાય બેઠા'તા, બસ્સો માણસ હતું. ફોટોગ્રાફીય લીધી હતી. ફોટોગ્રાફ એના છે, બધું છે. અને પોતે અહીં વિધિ કરી. એ બધાએ જોયું. હવે આમ વ્યવહારમાં ખોટું દેખાય ને પાછું, એમને તો લોકો તોડી ખાય ને આ તો. છતાંય એ તો બહુ જ જોર કરીને આવ્યા.

હવે એ મહારાજને આ જ્ઞાન છૂટવાનું નથી. કારણ કે એક ફેરો એમણે નીચે બેસી જઈને જે વિનય કર્યો ! એક મહારાજ પાટ ઉપરથી નીચે બેસે, ધન્યવાદ છે ! બધા શાસનદેવો ખુશ થઈ ગયા ! કે જે અસંયમી દેખાતો પુરુષ, ગમે તેવા જ્ઞાની હોય પણ દેખાવમાં અસંયમી છે એને ત્યાં તમે સંયમી, નીચે બેસી જાવ છો ! ધન્યવાદ છે ! એ પણ આ પદમાં (જ્ઞાની પદમાં) આવી જવાના.

જ્ઞાની પુરુષનો એક જ વિનય કર્યો હોય ને, જો સાચા દિલથી, તો મોક્ષ થાય.

## ફરી જાણવું ન પડે, એને જાણ્યું કહેવાય

**પ્રશ્નકર્તા :** તો દાદા, આ જે બે ભાવ આપની પાસે લઈને આવવાનું, કે પરમ વિનય, એ પરમ વિનય તો ખ્યાલ આવી ગયો, કે ભઈ, પરમ વિનય થાય પણ આ જે હું કંઈ જ જાણતો નથી, એ...

**દાદાશ્રી :** એટલે, એ આપણે કહીએ છીએ પહેલેથી જ, હું જાણતો નથી એટલો જ ભાવ રાખે ને, તો એની પૂર્ણાહુતિ થાય. જે જાણ્યું છે, એ જાણ્યાએ કશું ફળ આપ્યું નથી. નથી મતભેદ ઘટાડ્યા, નથી કામ-ક્રોધ-મોહ-લોભ-માન ઓછા કર્યા. ચિંતાઓ થાય છે. તો એ જે જાણેલું એ બધું ખોટું છે. જે જાણવાથી આપણને આ રોગ મટે, એ જાણેલું સાચું.

જો જાણતો હોય તો અહીંયા આવવાની તારે જરૂર નથી. જાણ્યું તો તેનું નામ કહેવાય કે ફરી જાણવું ન પડે. ફરી જો જાણવાની ભૂખ રહેતી હોય તો તેં જાણ્યું જ નથી. અને આ જાણ્યા પછી તારે ફરી જાણવાનું કશું રહેશે નહીં, તારી ભૂખ મટી જશે. એટલે વાક્ય બરોબર છે ?

**પ્રશ્નકર્તા :** બરોબર છે. 'પરમ વિનય' અને 'હું કંઈ જ જાણતો નથી', એ ભાવ !

**દાદાશ્રી :** હું એને કહું છું કે જો 'જાણું છું' તો પછી અહીંયા આવ્યો શાને માટે ? આપણા વાસણમાં પાણી છે, તો પછી પાણી લેવા આવ્યા છો શેને માટે ? જો 'નથી પાણી' એમ કહો તો હું પાણી આપું.

## આવું વાક્ય કોઈ બોલ્યું જ નથી

એક જણ તો આવ્યો'તો, પીએચ.ડી. થયેલો હતો. અને એક પુસ્તક લખ્યું છે, રાજચંદ્ર ભગવાનનું. એટલે બાર-પંદર વર્ષ સુધી આશ્રમમાં રહીને આરાધના કરેલી, બ્રહ્મચારી તરીકે. અને એમના ગુરુની પાસે રહેતો'તો.

એ મને કહે છે, ગુરુજી પાસે હું એમના શિષ્ય તરીકે ચૌદ વર્ષ રહ્યો છું. હું ગ્રેજ્યુએટ થયેલો છું. અને પેલું પુસ્તક મેં લખ્યું છે. તે મને કહે છે કે 'આપનું જ્ઞાન બહુ ઊંચું છે અને બહુ વાત જુદી છે. અને તમે આ એક વાક્ય બોલ્યા એ તો મને બહુ મોટી અજાયબી લાગે છે, વર્લ્ડમાં કોઈ બોલ્યું નથી.' મેં કહ્યું, 'કયું વાક્ય ?' ત્યારે કહે છે કે 'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.' આવું વાક્ય કોઈ બોલ્યું જ નથી. કોઈ શાસ્ત્રમાં છે નહીં. તો આપ આ નવી વાત કહો છો. તો આપ મને જ્ઞાન આપો. આ બધું મને સમજણ પાડી દો.

ત્યારે મેં કહ્યું, 'પણ કેમ ? તમને શું ફાયદો થશે આમાં ? તમે તો માર્ગ ઉપર ચઢેલા... રસ્તે ચઢેલા છો.' ત્યારે કહે, 'રસ્તે ચઢેલા છીએ પણ હજુ કંઈ મહીં દેખાતું નથી.' ત્યારે મેં કહ્યું, 'આમાં કશું દેખાય છે અમારામાં તમને ?' ત્યારે કહે, 'આ તમારા બધા જ્ઞાનીઓ (મહાત્માઓ) તો મને બહુ ઊંચા પદ પર દેખાય છે.'

## પણ મારાથી એ શરત નહીં પળાય

પછી મને કહે છે, 'આ જ્ઞાન અમને આપશો ને ?' મેં પુસ્તકની અંદર દેખાડ્યું, મેં કહ્યું, 'આ શરતો છે.' ત્યારે કહે, 'પરમ વિનય' તો મને કબૂલ છે. પરમ વિનય એટલે હું તો લાંબો થઈને નમસ્કાર કરું. તે લાંબા થઈને નમસ્કાર કર્યા કરતા'તા. લાંબા થઈને પગે લાગીને વિધિ-બિધિ કરે. પણ બીજી શરત, 'હું કશું જાણતો નથી.' એ કહે છે, 'મારાથી નથી પળાય એવી.' શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** 'કશું જાણતો નથી' એ મારાથી પળાય એવું નથી.

**દાદાશ્રી :** ત્યારે મેં કહ્યું, 'તેં શું જાણ્યું, એ કહે બળ્યું !' ત્યારે કહે છે, 'તમે પોતે જ જોયેલો મને કે હું એમના શિષ્ય તરીકે નથી રહ્યો ?' મેં કહ્યું, 'તેથી કરીને શું દહાડો વળ્યો તે ? પણ જાણ્યું શું, એ કહે ને બળ્યું ! તેં શું જાણ્યું ? એક અક્ષરેય જાણ્યો હોય તો કહે મને. ચોપડી લખી તેં. એ તો મેંય જોઈ ચોપડી અને તે મેં વાંચીએય ખરી. પણ તેં જાણ્યું શું ?' ત્યારે કહે, ''ના, પણ એ તો મારાથી એ શરત નહીં પળાય, 'હું કંઈ જાણતો નથી' એ ભાવ. હું જાણું છું ને !'' મેં કહ્યું, 'પણ શું જાણું છું તે ?' પાછા ગયા તે દહાડે, વિધિ કરે આવીને, દર્શન કરે, લાંબા થઈને કરે આમ.

## જ્ઞાની પુરુષના હાથની ડિગ્રી જોઈશે

હવે આવો વિનય ! બહુ સુંદર વિનયવાળા પણ આ સમજણ નહીં ને, તે આ બધું ઊંધું બાફ્યા કરે આમ. અક્ષરેય સમજે નહીં. આ આમને અધ્યાત્મમાં બૂટ પોલિશ કરવાય ના રખાય. વિનય ખરો બિચારાનો, સારો માણસ, પણ આમાં અક્ષરેય શી રીતે સમજે તે ? ચોપડીઓના શબ્દો આવડે, તેથી આ પાસ થાય કહે છે આમાં. એમને પાસ કરનારા કોણ ? ડિગ્રી આપનારા કોણ ? એની વહુ આગળ જરાય ચાલતું નથી એ બધા. અહીં ના ચાલે બધી આ પોલંપોલ. ત્યાં તો જ્ઞાની પુરુષના હાથની ડિગ્રી જોઈશે, કહ્યું. આ વહુ આગળ ચલણ નથી એની તું ડિગ્રી લાવું... અને એ પગારદાર હોય પાછો. કેટલા બધા પીએચ.ડી., આપણે ત્યાં તો એટલા બધા પીએચ.ડી. છે ! તે મને કોઈક પીએચ.ડી. કહે છે, ત્યારે મેં કહ્યું, મારે ત્યાં અઢીસો પીએચ.ડી. છે. આ પીએચ.ડી. થઈને તું શું સમજ્યો ? 'પી' લખતા આવડ્યું, 'એચ' લખ્યું ને 'ડી' લખતા આવડ્યું, એમાં આત્માનું તું શું સમજ્યો ? તેમાં કઢી કરતાય ના આવડી. તેય વહુ કઢી બનાવે ત્યારે થાય. મોટો પીએચ.ડી. થઈને બેઠો !

## જ્ઞાનીનું આકર્ષણ છૂટે નહીં ને કલમ સ્વીકારાય નહીં

અહીં આગળ આવે, ત્યારે વિનય કરે, બધું જ કરે, 'પણ આ કલમ તો હું સ્વીકારું નહીં.' ત્યારે મેં કહ્યું, 'એ તમે ના સ્વીકારો તો ત્યાં સુધી

અમારે ચાલે નહીં ને !' એ આ અમે છંછેડ્યું ના હોત તો પેસી જાત. સ્વીકાર્યું કે ના સ્વીકાર્યું કોને ખબર ? પૂછ્યું છે એને ? પણ આમને છંછેડ્યું, તો કહે, 'આ કલમ તો હું સ્વીકારું નહીં.' આ જો છંછેડ્યું ના હોત તો ચાલ્યું જાત એ. છંછેડ્યું એટલે આપણા મહાત્માઓ પછી છંછેડાય ને ? બધાએ કહ્યું એમને, 'સ્વીકારવું પડશે.' ત્યારે કહે, 'ના, એ તો હું ના સ્વીકારું. ગુરુજી પાસે રાત-દહાડો બેસી રહ્યો તોય આવું કહો છો ? કે હું કશું જાણતો નથી.'

તે પછી મેં એમને કહ્યું, 'જાણ્યું કોનું નામ કહેવાય, કે ઠોકર ના વાગે તેને. લાઈટ થયેલું હોય અને આપણને ઠોકર વાગે તો આપણે જાણીએ કે લાઈટ નથી કાં તો આપણે આંખે આંધળા છીએ, એમ પુરવાર થાય. પણ આ તો ઠોકર તો તમને ઉઘાડે ધોળે દહાડે વાગે છે.' ત્યારે કહે, 'ઠોકર તો બહુ વાગે છે.' ત્યારે મેં કહ્યું, 'ઠોકરો વાગે છે એટલે એ જાણ્યું ના કહેવાય. જાણ્યું એનું નામ કહેવાય કે ઠોકર ન વાગે. ક્રોધ-માન-માયા-લોભ ઘટી જાય, ચિંતા ઘટી જાય, ઘેર કંકાસ ઘટી જાય.' 'ના, પણ એ જાણું છું એ તો હું જાણું છું ને !' મેં કહ્યું, 'શું જાણો છો તે ?' એટલે પછી પાછા જાય એમ કરતા કરતા, બે કલાક બેસી રહીને પાછા જાય. પાછા ફરી આવે. ફરી કહે છે, 'પણ એ તો મારાથી કલમ નહીં સ્વીકારાય.' ત્યારે મેં કહ્યું, 'શું કરવા ફરી આવો છો અહીં ?' ત્યારે કહે, 'તમે એલાઉ (માન્ય) કરતા હોય તો સારું પડે.' મેં કહ્યું, 'ના, એવું એલાઉ ના થાય.'

## ઝેરથી ભરેલા ઘડામાં અમૃત ન નખાય

મેં કહ્યું, 'કશું જ નથી જાણતા. તમે જો જાણો છો તો મારે કશું જણાવવાનું રહેતું નથી. જો તમે નથી જાણતા તો મારે જણાવવાનું રહે છે.' ત્યારે કહે, 'ના પણ હું જાણું છું તેને તો હું જાણું છું ને બીજું તમે જણાવો.' મેં એમને સમજ પાડી, કે 'તમે કહો છો એનો શું અર્થ થાય, કે તમારા ભોટવામાં પાણી છે અને બીજું તમે ઉમેરી આપો, એમ અર્થ થાય.' ત્યારે કહે, 'હા, એવું જ, એ.' મેં કહ્યું, 'તમારા ભોટવાનું પાણી

તમને જ કડવું લાગે છે. હું તો અમૃત આપવાનો છું. એટલે કડવું ને અમૃત બે ભેગું ના કરાય. એટલે તમારું વાસણ છે તે નાખી આવો. એ નર્યું ગંધાયેલું વાસણ, શરમ નથી આવતી આ વાસણ લઈને આવતા ?' અને પેલું તો એના તબાહરામાં, લોકોને પૂછે, વાટેલું મરચું હોય ને, તેને પૂછે, 'ભઈ, આ નખાય આની મહીં ?' ત્યારે કહે, 'હા, થોડુંઘણું બે પૈસાનું નાખો ને !' હવે પેલો દૂધપાક હોય. મીઠાવાળાને પૂછે, 'મીઠું આમાં નખાય ?' ત્યારે કહે, 'નાખો ને થોડું થોડું.' એ બધું આવું તે ભેગું કરીને લાવ્યો છે. ત્યારે એને સમજણ પડી કે આ તો નાખી દેવા જેવું જ છે.

મેં કહ્યું, 'તમારું પાણી બધું કચરો છે. પૉઈઝનસ (ઝેરી) પાણી થયેલું છે. અને મારું અમૃતનું પાણી રેડું ! તે ઢોળી આવો ને એ ઘડોય નાખી આવો ને બીજો ઘડો લઈ જાવ ને, છાનામાના ! આ પાણી જે તમને સુખ આપતું નથી ઘડી વારેય, એ પાણીમાં તમે મહીં મારું રેડાવશો, તો મિક્ષ્ચર થશે તો પછી શું રહેશે ? પછી મારું પાણી બગાડશે ઊલટું એટલું. એના કરતાં નવો ઘડો હું તમને આપું પાણીનો, તમે તમારો ઢોળી નાખો.' એવી સમજ પાડી એમને. ત્યારે કહે છે, ''ના, એ નહીં, 'હું જાણું છું' એ તો છોડાય જ નહીં ને. અને એ પાણી પૉઈઝન છે એવું હું માનુંય નહીં.'' ત્યારે મેં કહ્યું, 'ત્યારે તો રહેવા દો, આપણે હમણાં જેમ છે એમ, આપણે ક્યાં જબરજસ્તી છે ? તમે બેસો નિરાંતે આપણે બીજી વાતો કરીએ, ત્રીજી વાતો કરીએ.' તમારે પાણી એકલું નહીં પણ પાણી નાખી આવવું હોય તો નાખી આવો પણ ઠીકરું હઉ નાખી આવો. કારણ કે પૉઈઝન કર્યું છે. ભગવાનનું જે અમૃત હતું તેને પૉઈઝન તમે બનાવ્યું છે. તમે પૉઈઝનસ છો માટે. એ વાણી પૉઈઝનસ નથી. એ વાણી મિથ્યાત્વના એમાં જાય, મિથ્યાત્વી પીવે એટલે પૉઈઝનસ થાય. શું થાય ? એવું તમને માન્યામાં આવે ખરું ?

**પ્રશ્નકર્તા :** હા. તમે જેટલું કહો છો એ સાચું લાગે છે.

**દાદાશ્રી :** ના, એમ નહીં, વાણી મિથ્યાત્વી પીવે તો પૉઈઝનસ થાય.

**પ્રશ્નકર્તા :** હા, હા, એ તો બરાબર.

**દાદાશ્રી :** અને પૉઈઝનસ પાણી સમકિતી પીવે તો સમ્યક્... સમકિત થાય.

## કઢાપો-અજંપો થતો હોય તો જાણ્યું શું તમે ?

એ માણસને પેલું મનમાં ઘૂસી ગયેલું, 'આટલા વર્ષ મેં કર્યું છે. આ મારું કરેલું-કરાવેલું આમ કેમ કહેવાય ?' કહે છે. મેં કહ્યું, 'ભઈ, ત્યારે એમ કરો ને, તમે ઘેર રેશમી ચાદર લાવીને સૂઈ જજો હવે. અને પછી તોય કઢાપો-અજંપો થાય તો અહીંયા આવજો.' રેશમી ચાદર પાથરતાય જો કઢાપો-અજંપો થતો હોય તો બીજો ઉપાય રહ્યો નથી. એ તો પાછા પંદર દહાડા હોરા આવ્યા, મને કહે છે, 'અરે ! કઢાપો-અજંપો બહુ થાય છે.' ત્યારે મેં કહ્યું, 'ત્યારે કહી દો ને કે બળ્યું, હું કશું જાણતો નથી. અંધારા હોય ત્યાં ઠોકર વાગે. અંધારું હોય તો ઠોકર વાગે ને ? અજવાળું થયા પછી શી રીતે ઠોકર વાગે ?'

**પ્રશ્નકર્તા :** વાગે જ નહીં.

**દાદાશ્રી :** ત્યારે કહે, 'ના, પણ મને મહીંથી એમ થયા કરે છે કે મારી પાસે છે ને ના કેમ કહેવાય ?' મેં કહ્યું, 'કઢાપો-અજંપો થાય છે, એમાં શું જાણ્યું તમે ? જાણવાનું ફળ જો કઢાપો-અજંપો થતો હોય તો જાણ્યું શું તમે ?' કેટલી ઠોકરો ખાતો હોય ! અને કો'ક ટૈડકાવે ને, તો આખી રાત ઊંઘ ના આવે એને. ત્યારે મૂઆ, તેં શું જાણ્યું ? કો'ક ટૈડકાવે ને ઊંઘ ના આવે, અગર ગજવું કપાય ને ઊંઘ ના આવે, તો તેં કશું જાણ્યું જ નથી. ત્યારે કહે, 'ચૌદ વર્ષ હું આ આમની પાસે રહ્યો.' મેં કહ્યું, 'લાખ વર્ષ રહો ને તમે, પણ જાણવાનો આત્મા છે.' અને આત્મા એવી વસ્તુ નથી. આત્મા તો શ્રીમદ્ રાજચંદ્રે આવડું મોટું પુસ્તક છે ને જાડું, તે પૂંઠાની ઉપર લખ્યું, શું લખ્યું છે પૂંઠા ઉપર ? 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.' પૂંઠાની ઉપર શાથી લખ્યું ? ત્યારે કહે, પૂંઠા ઉપરથી તું વાંચી લે કે ભઈ, આત્મા તેં જાણ્યો હોય, તો અહીં માથાફોડ ના કરીશ. અને જો ના જાણ્યો હોય તો માથાફોડ કરીશ તો કશું વળશે

નહીં. જરા ઠંડક માટે વાંચજે. બાકી માથા ફોડે કશું વળે એવું નથી. એ તો ત્યાં જ્ઞાની પુરુષની પાસે જજે, એવું કૃપાળુદેવે લખ લખ કર્યું. ઠેર ઠેર કૃપાળુદેવે શું સમજણ પાડી છે ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીનું શરણું લેજે.

**દાદાશ્રી :** સજીવન મૂર્તિ ! ત્યાં જજે. અને એમની પાસે ન મળે તો મારી પાસેથી લેજે, કહે છે. એવી ગૅરેન્ટી આપી છે એમણે. પણ છતાંય લોકોને સમજણ પડવી જોઈએ ને વસ્તુ ? સજીવન મૂર્તિ ઓળખવી જોઈએ. ઓળખવું એ કેટલી પુણ્ય હોય ત્યારે ઓળખાય !

## વિનયશીલ, પણ હઠે ચઢ્યા તે ના પામ્યા

વિનય બધો કરે, ત્યારે મારામાં એમ લાગણી થાય કે બિચારા આટલા વિનયશીલ છે અને આ એક હઠે ચઢ્યા છે. તે પછી મેં કહ્યું, 'મહીં કશુંય નહીં, મનમાંથી એટલું કાઢી નાખો ને કે ભઈ, આ શાસ્ત્રજ્ઞાન છે ને મારે આત્મજ્ઞાન જાણવું છે. આ શાસ્ત્રજ્ઞાન સાધનજ્ઞાન છે.' કહે છે, 'મેં તો આત્મા હઉ જાણ્યો છે.' મેં કહ્યું, 'હોવે, જો તમે જાણ્યો હોય તો હવે મારી પાસે શું જાણવાનું છે ?'

તે હજુય છે બિચારા, પ્રાપ્તિ નથી થઈ. બહુ વિનય કરનારા. આ હું આજ્ઞા કરું કે બધાને પગે લાગો તો બધાને પગે લાગે એવા, બધી રીતે એમ. પણ એક આ 'હું જાણું છું...' અલ્યા મૂઆ, શું માંડ્યું છે આ ? શકોરું જાણ્યું મૂઆ ! જાણ્યું કોનું નામ કહેવાય, કે મહીં ઠંડક હોય, ઠોકર ના વાગે. આખો દહાડો ઠોકર ખઈને મોઢું તો ફૂલી ગયેલું છે. પણ એ માણસ સારા છે. અને પાછા એ એમણે જોયું, કે જે માણસોને હું એમ માનતો'તો કે આ લોકોને રસ્તે ચડાવવાના છે, તે માણસો દાદા પાસે ગયા પછી મારા ગુરુ જેવા થઈ જાય છે. એવું હઉ જાણે છે પાછા.

હવે એ જેને થોડી વાતચીત કરતા'તા આત્માના સંબંધી, તે એક બા હતા નારના, તે બાએ એમને રહેવા માટે પાછળ એક નોકરની ઓરડી હશે ને, તે એ એમને પડી રહેવા માટે આપેલી, ત્યાં રહેવા માટે. એ બાને થોડી સત્સંગની વાતો કર્યા કરે. તે બાને આપણે ત્યાં કોઈક તેડી

લાવેલું, તે જ્ઞાન મળી ગયું. એટલે પછી આ તો બહુ આગળ વધી ગયા એટલે પેલાએ કહ્યું, કે 'તમે તો મારા કરતાંય વધી ગયા. હું તો વીસ વર્ષથી કરું છું આ તો. તમે તો બે મહિનામાં વધી ગયા. તમે ક્યાં જાવ છો ?' ત્યારે કહે, 'હું દાદાને ત્યાં મામાની પોળમાં.' ત્યારે કહે, 'તમે તો બહુ પ્રગતિ માંડી, અમે તો કેટલા વર્ષથી છીએ પણ આવી પ્રગતિ નથી અમારી.' હવે આમાંય સમજણ ખરી બળી. પાછું આમ અવળું ફરે ત્યારે એવું ફરે. પાછા અહીંયા આવે તો પાછું સીધુંય બોલે, એવું નહીં. અહીંયા આવે તો આપણે સમજણ પાડીએ ને, ત્યારે સીધુંય બોલે. પગેય લાગ લાગ કર્યા કરે. એટલે કાઢી નાખવા જેવા માણસ નહીં. એમને તો બેસાડવા જોઈએ. સારા માણસ પણ આ આમ ફેરવે તો આમ ફરે.

## તમે શીખ્યા ડફોળાઈ !

મને કહે છે, 'હું જેને ત્યાં ઊતર્યો છું, તેમણેય હમણાં છ મહિનાથી તમારી પાસે જ્ઞાન લીધું છે પણ એ એમની મારા કરતાં ઊંચી દશા દેખાય છે. અને આ હું ચૌદ વર્ષ બેસી રહ્યો છું તોય મને એવી દશા નથી થતી. મને તો એ કશુંય ફેરફાર થયેલો લાગતો નથી.' મેં કહ્યું, 'તમે શીખ્યા ડફોળાઈ ! અને પેલા બેન આત્મા શીખ્યા.' ડફોળાઈ એટલે આ શાસ્ત્ર. શાસ્ત્ર તો, મૂઆ મન ઉપર બોજો વધશે. જે શાસ્ત્ર જાણવાથી આત્મા ના જડ્યો એ શાસ્ત્રો મન ઉપરનો બોજો છે.

**પ્રશ્નકર્તા :** દાદા, શાસ્ત્રો તો બરોબર ને ? શાસ્ત્રો તો ગૌતમ સ્વામીએ ગૂંથ્યા છે, ગણધર ભગવંતોએ ગૂંથ્યા છે.

**દાદાશ્રી :** એ એકુંય રહ્યું નથી. બધી નકલો જ છે આ. ભગવાનના વાક્ય તો આજ એવું હોય તો તો આ લોકોના હાલ આવા હોય જ નહીં ને ! વંક જડાય પચ્છિમા ! આ દાદાગુરુવાળાય નામ છેક લખેલા છે બધા. મારા બાપાગુરુ આ હતા અને અમારા દાદાગુરુ આ હતા. એના કરતાં મૂઆ અહીં સંસારમાં શું ખોટો હતો, છોકરો નામ કાઢત જ ને ! વળી ત્યાં નામ કાઢવા ! જ્યાં કીર્તિની ભૂખ ના હોય ત્યાં કીર્તિ લઈને બેઠા છો ! બાપાગુરુનું નામ લખે છે કે મહીં ? પુસ્તકમાંય ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** અને દાદાગુરુનું હઉ નામ લખે છે.

## આવા આવાય પણ અંતરાય હોય છે !

એ એમને બિચારાને અંતરાય હશે. અંતરાય હશે, નહીં ? બહુ સારા માણસ છે ! આમ તો લાંબા થઈને નમસ્કાર કરે કેવા ! બીજા ગમે તે દોષ હોય, મારે તો દોષ જોવાનો નથી. પણ એમનામાં જે સારાપણું જોયેલું, સરળતા, એ તો મેં એમની જોઈ, કહેવી પડે ! મને એમ લાગણી થઈ કે અરેરે, આ આવાય પણ અંતરાય હોય છે ! આટલા લાંબા થઈને નમસ્કાર કરે છે, છતાં બિચારાને અંતરાય રહે છે !

**પ્રશ્નકર્તા :** એ દાદા કેવા અંતરાય ? એ શું કર્યું હશે તે આવા અંતરાય પડ્યા હશે ?

**દાદાશ્રી :** આ ગાંડપણ, બીજું શું ? એટલે પ્રાપ્તિ ના કરી શક્યા એ. બાકી સમજી ગયા'તા કે આ અજાયબ વિજ્ઞાન છે ! પેલા બે વાક્યો તો ત્યાં જઈને બોલવા માંડ્યા, 'અનંતા જ્ઞેયોને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં હું સંપૂર્ણ શુદ્ધ છું, સર્વાંગ શુદ્ધ છું.' એ તો કૂદાકૂદ કરતા હતા. પણ શું થાય આ ? કંઈક એનો કાળ પાક્યા વગર થાય નહીં ને ! કાળ પાકે નહીં ત્યાં સુધી પરિણતિ ફેરફાર થાય નહીં. આ કંઈ મારા હાથમાં સત્તા નથી, હું તો નિમિત્ત માત્ર છું. તમારા હાથમાંય સત્તા નથી ને મારા હાથમાંય નથી. આ પરસત્તાથી બધું ચાલી રહ્યું છે.

## ખરા જિજ્ઞાસુને ના હોય પૂજાવાની કામના

મેં કહ્યું, આ આના અંતરાય છે બિચારાના, સમજી ગયો હું. એ ભાઈ અત્યારે ત્યાં અમેરિકા છે.

**પ્રશ્નકર્તા :** ત્યાં એમણે શ્રીમદ્જીનું એક નાનું મંદિર કર્યું છે.

**દાદાશ્રી :** હં, બરોબર. સારું, સારું. બાકી સીધો માણસ, એને તો એવું નથી. બીજી ખટપટો નથી. પૂજાવાની કામના ! શેની કામનાઓ ?

**પ્રશ્નકર્તા :** પૂજાવાની.

**દાદાશ્રી :** પૂજાવાની. બાપજી કહે કે ખુશ થઈ જાય. એટલે શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું કે આ ત્રણ પ્રકારના ભક્તો મારી જોડે ભટકાઈ ભટકાઈ કર્યા છે.

**પ્રશ્નકર્તા :** દાદા, કયા ત્રણ પ્રકારના ભક્તો ?

**દાદાશ્રી :** ત્રણ પ્રકારના ભક્તો, તેમાં પદાર્થનો અનિર્ણય. એટલે આત્મા શું છે એનો નિર્ણય આવ્યો નથી, બધા શંકામાં ગોથા ખાય છે. બીજું, આ લોકની અલ્પ પણ સુખેચ્છા. ત્રીજું, પરમ દૈન્યતાની ઓછાઈ.

**પ્રશ્નકર્તા :** દીનતાનો અભાવ. દૈન્યતા.

**દાદાશ્રી :** હા. પૂજાવાની કામનાવાળો ઘણો ભાગ છે આમાં. આ ત્રણવાળા મને મળ્યા છે, બાકી સારો માણસ કો'ક મળ્યો હશે, બાકી નથી મળતા, કહે છે. અને એના એ જ ભક્તિ કરનારા. એમની ભાવના શું ભક્તિની પાછળ ? પૂજાવાની કામના. દરેકને આ બહુ સારું લાગે છે. એ પૂજાવાની કામના જિજ્ઞાસુને ન હોવી જોઈએ. કોને પૂજાવડાવો છો ? મૂઆ, પુદ્ગલને પૂજાવડાવો છો ? કયું પુદ્ગલ પૂજવા જેવું ? માલિકી વગરનું પુદ્ગલ હોય તે પૂજવા જેવું.

❖❖❖❖❖

# [૧૪]

# નિષ્પક્ષપાતી, સંગમેશ્વર ભગવાન

## જે ભગવાનને પોતે માને તે દાદામાં દેખાય

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાની પુરુષની પાસે અમે જ્યારે આવીએ છીએ, અને આપના આ જ્ઞાન લીધા પછી જે અમને જ્ઞાન કંઈક થોડા અંશે પરિણમે છે, ત્યાર પછી ઘણા બધાના એવા અનુભવ હોય છે કે જે કૃષ્ણને માનતા હોય તે આપનામાં કૃષ્ણ જુએ છે ! જે રામને માનતા હોય તે આપનામાં રામ જુએ છે ! અમારા જેવાને કૃપાળુદેવ દેખાય છે કે મહાવીર જેવા દેખાય છે !

**દાદાશ્રી :** બરોબર છે.

**પ્રશ્નકર્તા :** તે આ દરેકને આવા આવા બધા અનુભવ કેમ થતા હશે ?

**દાદાશ્રી :** પોતાને જ્યાં આગળ શાંતિ થઈ અને જ્ઞાન પરિણામ પામ્યું, એટલે પછી એ કૃષ્ણને જ જુએ એ. અને છે જ કૃષ્ણ, જો સમજણ પડે તો ! એનાથી વધારે બીજું શું કહેવાનું હોય ?

**મહાત્માઓ :** જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** અમે તો પુસ્તકમાં ચોખ્ખું લખ્યું છે ને, અમે કૃષ્ણ છીએ, અમે જ મહાવીર છીએ, કહ્યું છે ને ? છતાં અમે લઘુતમેય છીએ. કો'કને

ગાળો દેવી હોય તો અમે કહીએ કે ભઈ, તું દઉં છું એના કરતાં નાના જ છીએ અમે. તું કહું કે ગધેડા છો, ત્યારે અમે કહીએ, એથી નાના છીએ. લઘુતમ છીએ માટે. અને કો'કને દર્શન કરવા હોય ને 'આપ તો બડા છો', તો હું કહું, કે એવું નહીં, બડા-બડા નહીં, ગુરુતમ છીએ. જેને ભગવાન પણ વશ થઈ ગયો છે !

## જ્ઞાની પુરુષ બધા અવતારના એક અવતાર રૂપે

કોઈને કૃષ્ણ દેખાય, કોઈને મહાવીર દેખાય. અત્યારે તો અહીં કો'કને કૃષ્ણ ભગવાનના દર્શન કરવા હોય ને, તો એ કૃષ્ણ ભગવાનના દર્શન થાય. સહજાનંદ સ્વામીના ઘનશ્યામરૂપે દર્શન થાય અહીં. થયેલા છે લોકોને. કારણ કે એ જ્ઞાની પુરુષ બધા અવતારના એક અવતાર છે !

કોઈ હનુમાનજીના દર્શન કરતો હોય, કોઈ સાંઈબાબાના દર્શન કરતો હોય. જુદી જુદી પ્રકૃતિ હોય ને બધાની. દર્શન જુદા જુદા હોય. કોઈને સાંઈબાબાના દર્શન કરવા હોય, કોઈ મહાવીરના દર્શન કરવા આવે.

**પ્રશ્નકર્તા :** દાદાનો સત્સંગ રમણિકભાઈના ઘરે હતો, ત્યારે એક ભાઈને વિધિ કરતા કરતા પાર્શ્વનાથ ભગવાનના દર્શન થયા'તા.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** જેનો જ્યાં ભાવ તેના દર્શન થાય.

**દાદાશ્રી :** બધા લોકોએ કહેલું ને, કે અહીં આ વિધિમાં કેટલા કેટલા ને કેવા કેવા દર્શન થાય ! દરેક જાતના દર્શન થયેલા છે. અમુક ના થાય. જે અધૂરા છે એના દર્શન અહીં ના થાય. એટલે સંપૂર્ણ એટલે સાચે રસ્તે હોય તેનાય થાય.

## દાદામાં દેખાયા મોરલીવાળા કૃષ્ણ

ઔરંગાબાદમાં એક બઈ કહે છે... શું નામ હતું ?

**પ્રશ્નકર્તા :** છબલબેન.

**દાદાશ્રી :** હા, તે '૬૮ની સાલમાં, એ કહે છે, કે 'મારે કૃષ્ણ ભગવાનના દર્શન કરવા છે, દાદાજી. તમારા દર્શન તો સરસ થાય છે, પણ કૃષ્ણ ભગવાનના એક ફેરો દર્શન કરવાની મહીં ભાવના છે.' ત્યારે મેં કહ્યું, 'કેવા સ્વરૂપે દર્શન કરવા છે ?' ત્યારે કહે, 'ગાય સાથે અને મોરલી સાથે.' તો મેં એમને વિધિ કરવાનું કહ્યું'તું ને ?

**પ્રશ્નકર્તા :** હા. હવે 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' બોલો, વિધિ કરતા કરતા.

**દાદાશ્રી :** એટલે 'વિધિ કર', મેં કહ્યું. તે પછી ત્યાં બધાને કહે છે, 'અલ્યા ! જુઓ, જુઓ, જુઓ, કૃષ્ણ ભગવાનના દર્શન કરો, દર્શન કરો, આ ગાય સાથે, મોરલી સાથે કૃષ્ણ... આ ઉઘાડી આંખે...' મેં કહ્યું, 'આ વૈષ્ણવોને દેખાશે, જૈનોને નહીં દેખાય.' જેને જેનો પ્રેમ હોય તે દેખાય. પ્રેમ વગર તો કશી વસ્તુ દેખાતી હશે ? બાકી બધું જ હોય, જ્ઞાની પુરુષ એટલે સર્વ અવતારવાળા ! બધા જ દેખાય. રણછોડજી એ, મહાદેવજી એ, જે ગણો તે, મહાવીર એ, કૃષ્ણ એ, બધું જ એ ! અને આવું કહીએ ત્યારે, ''તમે કહો છો, 'મહાવીર છું' એમ કેમ કહો છો ?'' એ પાછો ઑડિટ કાઢીને ઊભો રહે.

**પ્રશ્નકર્તા :** એ વખતે એને એમ લાગે છે કે તમે અહંકારથી બોલો છો.

**દાદાશ્રી :** અહંકારથી બોલો છો, એવું કહે.

**પ્રશ્નકર્તા :** હા, એમ લાગે છે.

**દાદાશ્રી :** આ જેનો અહંકાર ના હોય ત્યારે તો આ બધા દર્શન થાય. ક્યારે થાય ?

**પ્રશ્નકર્તા :** અહંકાર ના હોય ત્યારે.

**દાદાશ્રી :** જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી કશાય દર્શન થાય નહીં.

**પ્રશ્નકર્તા :** આ વખતે વિધિ કરી ત્યારે દાદા એમને થયા દર્શન.

આંખોમાં પાણી આવી ગયા કે કૃષ્ણ ભગવાનના ફરીથી દર્શન થયા આ વખતે.

**દાદાશ્રી :** હા, હા. છબલબેનને.

## દાદાની ભત્રીજીને દાદામાં થયા ઘનશ્યામના દર્શન

અમારી એક ભત્રીજી હતી, કાકાના દીકરાની દીકરી. તે મારાથી એકાદ-બે વર્ષે નાના હશે. તે મુંબઈ આવેલા. એમના છોકરાની વહુ આમ લંડનથી આવવાના એટલે. તે છોકરાની વહુ લંડનથી આવ્યા. તે અમારા એક ભત્રીજા નીચે રહે, ત્યાં આગળ પેલા ઊતરેલા. તે પછી છોકરાની વહુએ કહ્યું, કે 'હેંડો બા, દાદાના દર્શન કરી આવીએ.' ત્યારે કહે, 'આ તો અમારા કાકા થાય, રોજે દર્શન કરેલા જ છે એમના.' એટલે પછી વહુના પ્રેમને લઈને ઉપર આવ્યા. જુઓ, પ્રેમ શું કરે છે ? પ્રેમ કરવા જેવો નથી (!) બહુ વધારે પડતો. એ ઉપર આવ્યા તે પછી વહુ છે તે આમ આમ વિધિ કરવા માંડી. અને વિધિ કરી રહ્યા પછી એના સાસુને કહે છે, 'બા, તમે વિધિ કરી લ્યો.' હવે એમનો સ્વામિનારાયણનો ધરમ, હું કોઈ દહાડો એમેય ના કહું, કે વિધિ કરો તમે. હું છેટેથી ઊલટો 'જય સ્વામિનારાયણ' કહું. એ જાણે કે દાદા તો જ્ઞાની પુરુષ. એ બધું માને, હૃદયથી માને પણ આમ પગે નહીં લાગવાનું એવું એને. અને મેંય ના પાડેલી. મનને શું કરવા ડખો કરીએ એ બિચારીના ? કારણ કે એ જે ધર્મના નિયમ પાળતા હોય, એમાં આપણે એમને હેલ્પ કરવી જોઈએ ને ! એમના વિરોધી નહીં થવું જોઈએ. અમે તો હેલ્પ કરીએ બધાય સ્વામિનારાયણવાળાને. એટલે પછી પેલી બેનને તો મનમાં ફસામણ થઈ, કે હવે આ વહુ આવું કહે છે ને કાકાની હાજરીમાં બોલી, હવે અહીં કેવી રીતે આ મારાથી બોલાય ? શું સ્થિતિ થઈ હશે ? દબાઈ-ચંપાઈને. કેવી રીતે વિધિ કરવી પડી ?

**પ્રશ્નકર્તા :** દબાઈ-ચંપાઈને.

**દાદાશ્રી :** દબાઈ-ચંપાઈને કરવી પડી. ત્યારે પછી મેં માથે હાથ મૂક્યો. 'બેન, તું ભત્રીજી છો. કોઈ દહાડો મેં દર્શન કરવાનું કહ્યું નથી, ના પાડી છે, પણ આજે તારે કરવા પડે છે ને, તો આજ સમી રીતે કર,

મહારાજનું નામ દે', કહ્યું. મહારાજનું નામ દેવાનું કહ્યું એટલે પછી સમી રીતે કર્યા પણ એણે. 'દાદા ભગવાનની બદલે મહારાજનું નામ દે.' મહારાજનું નામ લીધું. વિધિ થઈ રહી ને, એટલે તરત ઊભા થઈને કહે છે, 'ઘનશ્યામના દર્શન થયા ! કોઈ દહાડોય આવા દર્શન થયા નથી, ઘનશ્યામ ભગવાનના દર્શન !' જો જાતે મહારાજના એક ફેરો દર્શન થાય તો કામ નીકળી જાય ને !

'આજ ઘનશ્યામના દર્શન થયા', કહે છે. ઉઘાડી આંખે દર્શન થયા, ઉઘાડા ! કારણ કે ઘનશ્યામ-સહજાનંદ બધું અહીં ! સહેજેય આનંદ જ એ સહજાનંદ, બીજા સહજાનંદ કોણ તે ? જેને સહેજેય આનંદ. એટલે ત્યાં ઘનશ્યામના દર્શન કરી ગયા'તા.

મહારાજના દર્શન થયા નિરાંતે. અને મહારાજનું શરણું લીધું હોય તેને અમે કહ્યું છે, જ્ઞાન લેવાની જરૂર જ નથી. મહારાજ રાજી રહે ને, તો બહુ થઈ ગયું. એ દાદા ભગવાનનું નામ દે ને, તો મહારાજને જ પહોંચી જાય સીધું.

## ન છોડાવ્યો ભત્રીજાનો સ્વામિનારાયણ ધર્મ

**પ્રશ્નકર્તા :** યોગીજી મહારાજ મળેલા આપને ?

**દાદાશ્રી :** હા, હા, દર્શન હઉ કરેલા બોચાસણમાં.

અમે સહજાનંદ સ્વામીના મંદિરે ત્યાં એક ફેરો ગોંડલ ગયા હતા, ત્યારે ગોંડલ મંદિરમાં અમારા ભત્રીજા રહેતા'તા. તે પછી મને અમારા ભાભીએ કહેલું, કે ત્યાં મંદિરમાં જજો, તમને મહારાજ સંભારે છે. ત્યારે હું ગયો, તે પછી રાત તો રહેવાયું નહીં પણ અમને નાસ્તો-બાસ્તો બધું જમવાનું કર્યું. એટલે પછી મને કહે છે, 'તમે એકાદ-બે છે તે એ વચનામૃત વાંચી સંભળાવો.' તે અમે એમની ભાષામાં જ વાંચી સંભળાવીએ, વધુ ફોડ પાડી આપીએ. લોકો રોજ ફોડ પાડે છે તેના કરતાં વધારે ફોડ પાડી આપીએ, પણ એમની ભાષામાં. ભગવાને જ આ કર્યું છે ને ભગવાન જ એ બધું છે ને ! અમે વિરોધ બોલીએ નહીં, જરાય ન બોલીએ. પેલાને એમ લાગે જ નહીં કે આ સ્વામિનારાયણ નથી. જૈનને એમ લાગે નહીં કે

આ જૈન નથી. વૈષ્ણવને એમ લાગે નહીં કે આ વૈષ્ણવ નથી. મુસ્લિમને એમ લાગે નહીં કે આ મુસ્લિમ નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, આપને દરેક ધર્મો જોડે જે અભેદતા છે એટલે જ એવું લાગે કે દરેકને એમના જ ભગવાન આપનામાં દેખાય છે.

**દાદાશ્રી :** અમારો એ ભત્રીજો હતો, તે ગ્રેજ્યુએટ થયેલો ને મારી ઉંમરનો. સગા કાકાના દીકરાનો દીકરો, ભત્રીજો. અને એ યોગીજી મહારાજનો ખાસ ભક્ત. યોગીજી મહારાજે એને કહ્યું કે તમારે બ્રહ્મચર્ય વ્રત પાળવાનું છે અને ઘરમાં રહીને પાળવાનું છે, એટલે આ ઘરમાં રહીને પાળવા માટે તૈયાર થયેલા. અને પાળતા'તાય ખરા બિચારા. બહુ સુંદર પાળતા'તા. અને વાઈફ આમ રહીને આપે, એ આમ લઈ લે. અને ઘરમાં આ વ્યવહાર એમણે સાચવેલો હતો. માણસ ચોખ્ખા હતા. એ ભત્રીજો અમારો ચોખ્ખો હતો સ્વભાવનો. કારણ કે કહ્યું હોય કે નાકની દાંડી સામા જ ચાલ્યા જાવ, એટલે એ નાકની દાંડી સામા જ ચાલ્યા જાય. અને તે આમ વિચારક બહુ.

તે આજથી વીસ-પચ્ચીસ વર્ષ પહેલાની વાત કહું છું, જ્ઞાન થયા પછી હશે પણ શરૂ શરૂમાં, જ્ઞાન બાળ ઉંમરનું હતું ને, તે અરસામાં. તે પછી એમને ત્યાં ગયેલો તે પછી બેઠો. તે આંખ્યું મીંચીને મેં તો બોલવા માંડ્યું, મારી તો બેફાટ વાણી નીકળી. 'શું ત્યારે કાકા, આ સાચું કે તે સાચું ?' કહે છે. પેલું હું બોલ્યો ને, તે મહીં ભેદ પડી ગયો. કહે છે, 'અત્યાર સુધી કરું છું તે સાચું કે આ સાચું ?' મને કહો. એટલે મેં કહ્યું, આવી બન્યું આજે મારું તો. પણ જ્ઞાની ખરો ને, એટલે પરિણામ-બરિણામ બધા દેખાઈ જાય તરત. તે તરત મેં કહ્યું, 'તે સાચું, આ નહીં.' શું કહ્યું ? તે સાચું. શું શું પરિણામ મને દેખાયા, તે જાણો છો ? મેં કહ્યું, આ સત્ પુરુષે આમને સ્થિર કર્યા છે. સ્ત્રી જોડે બ્રહ્મચર્ય પાળવાથી એ બાબતમાં સ્થિરતા આવી ગઈ છે. અને હું જે લાભ આપવા માગું છું એ લાભ આ લઈ શકશે નહીં. ત્યારે કહે, 'એ શી રીતે તમે જાણી શકો ?' ત્યારે હું જાણું કે આ માટલાને બેઠક નથી તે ગબડીને ત્યાં જતું રહેશે. જે માટલાને બેઠક ના હોય, એને આપણે પાછું સહેજ ખસેડીએ

તો આમ ગબડીને ત્યાં, તે આય બગડે ને તતો ભ્રષ્ટ થાય. એવું ના થવા દઉં, કોઈનેય ના થવા દઉં. પેલી ડાળ છોડવાનું ના કીધું. તું આ પકડ, પછી કહું પેલી છોડી દે. એ કોણ જવાબદારી લે ? પણ મારા ભત્રીજાને આવું કહ્યું મેં. હું જાણું કે મારી પાસે મોક્ષમાર્ગ છે, આ મોક્ષનો રસ્તો છે પણ આ પછી ત્યાંનો ત્યાં જ જતો રહેશે. તે અત્યારેય ત્યાં ને ત્યાં રહ્યા છે ને મસ્તીમાં રહે છે. કારણ કે આપણે એનું ડેવલપમેન્ટ જોવું પડે ને ?

## મહારાજ અમારી પર નિરંતર રાજી

આપણામાં કોઈ વિરોધી જ ના હોય ને ! કૃષ્ણ ભગવાન કે સહજાનંદ સ્વામી કે કોઈ વિરોધી જ નહીં ને ! એય શું કહે છે ? આરાધના ના કરવી હોય તો ના કરશો પણ વિરાધના ના કરશો એટલું જ, બસ.

હજાર જ્ઞાની હોય પણ એક જ મત હોય, બે મત ના હોય. અને એક અજ્ઞાનીમાં સો મત, હમણે ઘડીકમાં આમ બોલે, ઘડીક પછી આમ બોલે, ઘડીકમાં પછી આમ બોલે. એટલે સો જ્ઞાનીઓમાં એક જ મત હોય, મતમાં ફેર ના હોય. અમારે અને મહારાજને એક જ મત હોય. એમાં ફેર નહીં. મહારાજ નિરંતર અમારી સાથે જ રહે છે, અને મહારાજ હંમેશાં અમારી ઉપર રાજી રહે છે, કેમ કે બધા સત્સંગીઓ અમારી ઉપર રાજી છે. તે મહારાજના જે સત્સંગી છે, એ બધાય રાજી છે અમારા ઉપર, મહારાજ પોતેય અમારી ઉપર રાજી છે. મહારાજને ને અમારે સહેજેય જુદાઈ નહીં. મહારાજ અમારી સાથે વાતોય કરે છે, દિન-રાત.

## આ તો ન ભૂતો, ન ભવિષ્યતિ

**પ્રશ્નકર્તા :** મને અત્યારે તો આપનામાં કૃપાળુદેવના દર્શન થયા, સોળ વર્ષની ઉંમરના.

**દાદાશ્રી :** આ સ્વરૂપ કેવું છે, કે કૃપાળુદેવમાં ફેર નથી, મહાવીરમાં ફેર નથી, કૃષ્ણમાં ફેર નથી. આ બધા સ્વરૂપો છે ને, એ બધામાં ફેર નથી. અને આ સ્વામિનારાયણ છે ને, એ દર્શન કરે ને, તો એને ઘનશ્યામ દેખાય. અહીં દર્શન કરતાની સાથે જ પેલાને દર્શન પૂરા થઈ જાય છે. 'આજે ઘનશ્યામના દર્શન થયા', એવું કહે છે.

**પ્રશ્નકર્તા :** ખરું છે.

**દાદાશ્રી :** એટલે આ છેલ્લું પદ જ બહુ ઊંચી જાતનું છે !

**પ્રશ્નકર્તા :** અને જ્યારે અહીં અમે આવીએ છીએ ને તમારા દર્શન કરીએ છીએ ત્યારે અમારું હૃદય દ્રવે છે. આ હૃદય છે તે આમ દ્રવે, આપણને એમ લાગે.

**દાદાશ્રી :** એ દ્રવે એટલે બધા કર્મ ધોઈ નાખે છે. ભગવાન અહીંયાય (મારામાંય) છે ને અહીંયાય (તમારામાંય) છે. તમારામાં આવરણ છે, હૃદય દ્રવે તે આવરણો બધા ધોઈ નાખે. આવરણ જેમ તૂટતા જાય તેમ અજવાળું થતું જાય, એમ આનંદ વધતો જાય, બધું વધતું જાય. આ તો ન ભૂતો, ન ભવિષ્યતિ. ભૂતકાળમાં થઈ નથી ને ભવિષ્યમાં થશે નહીં એવી વસ્તુ છે, માટે એટલા માટે તમને કહે કહે કરીએ છીએ કે સમજી લો આ વાતને.

## શંકર પણ હું જ ને નીલકંઠ હું જ છું

અહીં બધા દર્શન થાય. અમે ત્યાં રણછોડજીના મંદિરે જઈએ, તે 'રણછોડજી આવ્યા' એમ કહે. અહીં મહાદેવજીના મંદિરે જઈએ તો 'મહાદેવજી આવ્યા જાતે' કહે.



અમે તમારા ગામમાં આવ્યા હોય, તો મહાદેવજીના દર્શન કરવા જઈએ અમે. પછી શું બોલીએ અમે ?

**મહાત્માઓ :** 'ત્રિશૂળ છતાંયે જગત ઝેર પીનારો,
શંકર પણ હું જ ને નીલકંઠ હું જ છું.'

**દાદાશ્રી :** હવે ત્રિશૂળ છતાં, એ શું કહે છે, કે ત્રિશૂળ છે, છતાંય એ જગત ઝેર પીનારો, આખા જગતના ઝેર પીધા. એટલે મને કહે છે, કે 'તમે મહાદેવજી શી રીતે થયા ?' મેં કહ્યું, 'આ ત્રણ શૂળ તો મને હતા.' ત્રણ શૂળ એટલે કયા ? ત્રિશૂળ એટલે શું સમજ્યા તમે ? તમે ત્રિશૂળને શું સમજો ?

**પ્રશ્નકર્તા :** આ ત્રણ પાંખિયાવાળું લોખંડનું સાધન.

**દાદાશ્રી :** હા. તે આધિ-વ્યાધિ ને ઉપાધિ આ ત્રણ શૂળ છે. તે એ આધિ-વ્યાધિ ને ઉપાધિ ત્રણ હોવા છતાં, ત્રિશૂળ હોવા છતાં જગત ઝેર પીનારો. આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રણ શૂળ, એ તો હતા અને ઉપરથી જગત ઝેર એટલે કાકાનો છોકરો કહે, 'તમે મારું બગાડ્યું આ.' પેલો મામો કહેશે, 'આમ કર્યું તમે, ફલાણું કર્યું.' તે બધા ઝેરના પ્યાલા પી ગયો, બા. એવા પ્યાલા પીને મહાદેવજી થયો, એમ ને એમ થયો નથી !

## આશીર્વાદ આપીને પીધા ઝેર, ને થયા મહાદેવ

હું એવું બોલું કે 'ત્રિશૂળ છતાં જગત ઝેર પીનારો, શંકરેય હું જ છું ને નીલકંઠેય હું છું.' આખા જગતનું ઝેર... જે જે પ્યાલા આપી ગયા ને, એ બધાને આશીર્વાદ આપીને પી ગયો. અત્યારે તમે પી જાવ તો તમેય મહાદેવજી થઈ જાવ. ઝેરના પીવાતા નથી ને ઘૂંટડા ? પીવાય છે ? પછી મહાદેવજી શી રીતે થાવ ?

અમે કડવા હઉ પી જઈએ. અમે નાનપણથી લોકોએ કડવા આપ્યા એ બધા જ પીધા તેથી મહાદેવજી થયા ! કાકાના છોકરાએ આપ્યા એ પી ગયો. મામાના છોકરાએ આપ્યા એ પી ગયો. સાળાએ આપ્યા તે પી

ગયો. મીઠા આપી જાય તે તો મજા આવે પણ પેલા કડવા આપી જાય તેય પણ પી ગયો. મીઠા તો દસ-બાર આપે તો એકાદ કડવુંય આપી દે. એ નોંધ કે ભઈ, આ સાળાએ આપ્યા પણ એક દહાડે. તે આ પીને મહાદેવજી થયો છું. પાછું પીને બધાને આશીર્વાદ આપ્યા કે તારું સારું થજો બા, કે મને સવળે રસ્તે ચઢાવ્યો. અમારા ભાભીએ આપ આપ કર્યું. આવ્યા ત્યારથી જ ખૂબ આપ આપ કરેલું. મેં કહ્યું, ''આ નરસિંહ મહેતાને ભાભી મળ્યા'તા એવા તમે મળ્યા, તે મારું કલ્યાણ થઈ ગયું ! નહીં તો આમાં ક્યાંય રખડત !'' પણ એ નિમિત્ત. જો કે મારું બનવાનું તો આ જ હતું, પણ નિમિત્ત એ બન્યા. તે અત્યારેય ઉપકાર માનું છું.

જે જે કડવા આપ્યા તેને આશીર્વાદ આપીને પીધા કે તારું સારું થજે બા, મને મહાદેવજી બનાવું છું તું. આપણને મહાદેવજી બનાવતા હોય લોક તો સારું ને ! કડવા આપીને આપણને મહાદેવજી બનાવે, તે સારું કે ખોટું ? ત્યારે લોક વઢે છે એની જોડે. એ મૂઆ, તને મહાદેવજી બનાવે છે એમાં તો.

નાનો ભાઈ ગાળો ભાંડી જાય, તો આપણે જાણીએ કે ઓહોહો, આ તો સરસ પ્યાલો આપ્યો આ ભાઈએ. આવો પ્યાલો ના આપ્યો હોત તો મારામાં શક્તિ કેમ આવત ? મહાદેવજીની શક્તિ ઉત્પન્ન કેમ થાય ? નાનો ભાઈ ગાળો ભાંડી જાય, સાસુય ગાળો ભાંડી જાય, વહુએય ગાળો ભાંડી જાય. બીજા બધાય, આ સંસારના લોક કડવા પ્યાલા જ પાઈ જાય છે ને ! અને પછી શરબતેય મૂકી જાય પાછા. હા, કડવો પીધો'તો માટે ફરી શરબતના અધિકારી થયા. જો કડવો ના પીધો હોત તો શરબતના અધિકારી ના થાત, કહે છે. અમારે શરબત ને એ કશુંય ફેર નથી, અમારે બેઉ સરખું છે. મૂકી જાવ, જેટલા પ્યાલા મૂકવા હોય એટલા, જેને જેને જે જોઈતું હોય તે પ્યાલો પાઈ જાવ.

આખી જિંદગી ઝેર પીધું છે. લોકો રૂપિયા લઈ ગયા ને ના આપ્યા તેય એને આશીર્વાદ, એના તરફ ભાવ બગાડ્યો નથી. પછી મને તો જડ્યું કે આ કરેક્ટ હતું. પણ તે ઘડીએ તો મને એવું લાગતું'તું કે કરેક્ટ નથી.

આખી જિંદગી આશીર્વાદ આપીને ઝેર પીધું છે. ભત્રીજો ના આપી જાય ?

**પ્રશ્નકર્તા :** આપી જાય.

**દાદાશ્રી :** કાકા આપે, ભત્રીજા આપે, મામા આપે, માસી આપે, કોણ ના આપે તે ? અને મેંય ભૂલથી આપ્યું હશે પાછું. જ્યારે ખબર પડી, કે આ તો ભૂલ થઈ રહી છે, એટલે મારી ભૂલ ભાંગેલી.

ભાદરણના પાટીદારો હજુય ઝેરના પ્યાલા આપે છે. 'આવ્યા દાદા ભગવાન', કહેશે. 'અલ્યા, હું નથી તોય ?' તો કહે, 'ના, એ તમે જ છો.' હવે શું થાય ? પાય અને પીવો જ પડે ને મારે તો ! આશીર્વાદ આપીને પાછા. આશીર્વાદ તો આપવા પડે ને ? એ બિચારાને સમજણ નથી તેથી આવું બોલે છે ને ?

## જે રસ્તે થયો હું મહાદેવ તે રસ્તો દેખાડું તમને

મેં તો મનમાં એમ નક્કી રાખ્યું'તું, કે ભઈ આ બધા સગાંવહાલાં આવીને, તમે આવા છો, તમે આવા છો, એવું કહે, કો'ક દહાડો સારાય બોલી જાય, કો'ક ફેરો નઠારા છે, બોલી જાય. સારા બોલે એ નઠારાય બોલે કે ના બોલે ?

**પ્રશ્નકર્તા :** હા, બોલે, હા.

**દાદાશ્રી :** એટલે 'સારા' બોલે તે મને હેલ્પ કરે નહીં કશું અને 'નઠારા' બોલે તો પારો ચડી જાય મારો મહીં. એટલે પછી મેં શોધખોળ કરી કે આ હિન્દુસ્તાનમાં કોઈ માણસ આ બધા ઝેર પીવે એવો થયેલો છે ? પછી જોતા, જોતા, જોતા, જોયું, ત્યારે આ શિવજી છે તે ઝેરના પ્યાલા બધા પી ગયા છે. એટલે ઝેરના પ્યાલા પીને એ શિવજી થયા છે, માટે મેં ઝેરના પ્યાલા પીવાનો પ્રબંધ કર્યો. જે કોઈ આપે, એને આશીર્વાદ આપીને પી જવાનું. આશીર્વાદ ના આપીએ તો ખરાબ વૃત્તિઓ થાય એના તરફ. એટલે આશીર્વાદ આપીએ એટલે પેલી ખરાબ વૃત્તિઓ ઊડી

જાય. એટલે આશીર્વાદ આપીએ, 'તારું સારું થજો', એમ કરીને પી ગયો. અને હું મહાદેવજી જાતે થયો છું હવે.

લોક કહેશે, 'તમે મહાદેવજી કેવી રીતે થયા ?' તે મેં કહ્યું, 'આ પ્યાલા પીને.' તું પીને... શરૂઆત કરી દે ને ! અમે બધાના પ્યાલા પી ગયા છીએ ને આશીર્વાદ આપીને. સામાના માટે મન બગાડીએ ને, તો તો લે-વેચ થઈ ગઈ, અદલો-બદલો થઈ ગયો. પણ આશીર્વાદ આપીને, કે તારું સારું થજો બા, અમને આ મહાદેવજી બનાવ્યા ! તમે હેલ્પ કરી. અમારી ઈચ્છાઓને તેં પૂરી કરી. આપણી ઈચ્છાને પૂરી કરી. હવે ત્યાં લોકો વઢવાડ કરે છે. પેલું કડવું પી જઈને, ત્યારે તો મહાદેવજી થયેલા ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તમેય જગતના ઝેર પીઓ તો નીલકંઠ થાવ. પણ પીતા આવડતું નથી ને ! પીઓ છો અને પછી પાછા, 'મારું મોઢું બગાડ્યું, આમ કર્યું શું કરવા ?' એ તો આશીર્વાદ આપીને પી જવું પડે. મને મારા આજુબાજુના, ભાઈ, કુટુંબીઓ, બીજા લોકો જે જે ઝેરના પ્યાલા મૂકી ગયા ને, આશીર્વાદ બધાને આપીને પી ગયો. મીરાં તો રાણા એકલાના જ પી ગયેલી. હું તો બધાના પી ગયો એટલે મહાદેવજી થયો. તમેય પીવો તો તમેય કાલે સવારે મહાદેવજી થાવ. બસ, આટલું જ છે. જેને મહાદેવજી થવું હોય એને રસ્તો દેખાડી દઉં. તે આજથી ઝેરના પ્યાલા બૈરી આપી જાય 'તમારામાં બરકત નથી', એટલે આપણે એને આશીર્વાદ આપીને વાત સમજવી કે આજ આપણને મહાદેવજી બનાવ્યા ! કારણ કે હું તો થયો છું એ રસ્તો તમને બતાડું.

## વિષ પચાવીને શંકર, પછી વિષ્ણુ, ને હવે મહાવીર થયા

મહાદેવજીની પૂજા એટલે શું ? ઝેર પીવું એનું નામ મહાદેવજીની પૂજા કહેવાય. બીલીપત્ર ચઢાવ્યા એનું નામ મહાદેવજીની પૂજા ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** મહાદેવના ભક્તો ઝેર પીએ તો પછી વિષ્ણુના ભક્તોએ શું કરવાનું ?

**દાદાશ્રી :** જગતની સેવા કરે એ વિષ્ણુના ભક્તો કહેવાય. જગતના મનુષ્યોની સેવા કરે એ વિષ્ણુના ભક્તો કહેવાય.

**પ્રશ્નકર્તા :** એમાં બાપા, ઝેર તો પીવું જ પડે બધાયમાં.

**દાદાશ્રી :** ઝેર તો પીવે નહીં ત્યાં સુધી એ થાય જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** ત્યાં સુધી કંઈ સેવા જ થાય નહીં, કાંઈ કામ થાય નહીં.

**દાદાશ્રી :** હા... જગતનું ઝેર પીએ કે મહાદેવજી થાય. અમે વિષ પચાવીને પહેલા શંકર થયા, પછી વિષ્ણુ થયા અને હવે મહાવીર થયા ! વીતરાગ થયા !

## મહાદેવ જાતે આવ્યા આજ

અમે આ ઔરંગાબાદ જઈએ ને, ત્યાં નજીકમાં બારમું જ્યોતિર્લિંગ છે. ઔરંગાબાદથી આપણે પેલી ગુફા જોવા જઈએ છીએ ને, ઈલોરાની... ત્યાં ગયેલો ? ઈલોરાની ગુફા આગળ પેલું મહાદેવજીનું મંદિર છે ત્યાં ગયેલો ?

**પ્રશ્નકર્તા :** સ્કૂલમાંથી ઘૃષ્ણેશ્વર પ્રવાસે ગયેલા.

**દાદાશ્રી :** તે મહાદેવજીના મંદિરમાં અમે જઈએ દર સાલ, તો શું કરવાના ? મહીં મહાદેવજીની પૂજા કરે બ્રાહ્મણો તે બહાર નીકળે, આજ મહાદેવજી જાતે આવ્યા. પછી બહાર (અમારી) પૂજા કરે. પછી આખું ગામ પૂજા કરવા આવે. કારણ કે કો'ક ફેરો મહાદેવજી જાતે આવે, નહીં તો મહાદેવજી કોઈ વખત જાતે આવ્યા છે ? તે આજ મહાદેવજી જાતે આવ્યા એમ કરીને પૂજા કરે અને આખું ગામ દર્શન કરી જાય. ગામવાળાએ શર્ત કરેલી છે કે તમારે દર સાલ એક ફેરો અહીંયા આગળ આવવું દર્શન આપવા. એટલે ત્યાં જઈએ છીએ દર સાલ. અમારે ત્યાં

ઍગ્રીમેન્ટ (કરાર) કરવું પડ્યું છે, કે દર સાલ તમારે ત્યાં એક વખત આવીશું અમે.

તે આ વખતે અમે ગયા એટલે પૂજારીઓ બધા મંદિરમાંથી બહાર નીકળ્યા અને દાદાની પૂજા કરી પછી. નારિયેળ લઈને બધી પૂજા કરી. અને કહે છે, દોઢ વર્ષ થયું, હવે એવું નહીં, દર વર્ષે દર્શન આપજો. એ બ્રાહ્મણો ખસતા નથી ત્યાંથી. અને આખું ગામ દર્શન કરવા આવે છે. બીજે કંઈએય મહાદેવજીનું દેરું આવે ને, ત્યાં અમે જઈને ઊભા રહીએ એટલે લોકો અમારા દર્શન કરવા આવે આજુબાજુના.

## કચ્ચરઘાણ વાળે દેવો, જો બોલે એ પદની પ્રાપ્તિ વિણ

કોઈ દહાડોય નીલકંઠ અહીં બોલ્યા નથી. આ નીલકંઠ પહેલી વખત બોલે છે મોઢે, એટલે લોક જાણે કે કોઈ ઘનચક્કર મૂઓ છે કે સાચો છે ? તે ભઈ, હવે તપાસ કરી લે કે ઘનચક્કર છે તો દવાખાનામાં લઈ જા, કહીએ. અને જો સાચો હોય તો દર્શન કર. તે ત્યાં દર્શન કરી જાય છે.

આપણે મુક્તેશ્વરમાં હજારો માણસ દર્શન કરી ગયું, આવું બોલતાની સાથે જ, કે જાતે મહાદેવજી આવ્યા છે. ત્યારે એ કેટલી જવાબદારી ઉપર બોલવાનું હોય છે ! આ કંઈ જેવી તેવી જવાબદારી પર છે ?

એવું કોઈથી બોલાય નહીં. એ પદ પ્રાપ્ત થયા સિવાય બોલે ને, તો ઉપર દેવલોકો છે તે એનો કચ્ચરઘાણ વાળી દે. કોઈથી બોલાય નહીં. કોઈ બોલે જ નહીં એ. મહાદેવજી હોય તો જ બોલી શકાય. કારણ કે શિવલિંગ છે ને, તે માથા ઉપર બધો સાપનો ઢગલો નાખે, જો બોલે તો કોઈ. મહાદેવજી અસલ હોય તો સાપનો ઢગલો ના નાખે. અમે તો દરઅસલ મહાદેવજી છીએ. તે દરેક મહાદેવજીમાં જ્યાં જઈએ ને, ત્યાં બોલવાનું જ. એટલે બધા આવીને ત્યાં દર્શન કરી જાય.

## જ્ઞાની પુરુષ એ જ શિવ, એ જ કૃષ્ણ

જ્ઞાની પુરુષ એ છે તે શિવ કે મહાદેવજી કહેવાય, બધું જ એ કહેવાય. જ્ઞાની પુરુષ એ જ કૃષ્ણ ભગવાન. કૃષ્ણ ભગવાને ગીતામાં શું

કહ્યું કે જ્ઞાની એ મારો આત્મા છે. એટલે એ જ કૃષ્ણ ભગવાન ! આ તો સમજણ પડે તો કૃષ્ણ અમે છીએ, શિવેય અમે છીએ, અને બધુંય અમે જ છીએ. સમજણ પડવી જોઈએ ને ? ના સમજણ પડી તો ભાદરણના પટેલ તો છે જ ને ! એ તો ક્યાં નાસી ગયું છે ? આ તો સમજણ પડે તો બધું કામનું. ઘણુંખરું બધું સમજી જાય ને લોકો ? લોકો કંઈ કાચી માયા છે ?

## રણછોડરાયનું હૃદયકમળ હું જ છું

અમે તો ડાકોર જઈએ તોય એવું બોલે લોકો (મહાત્માઓ). ડાકોરમાંય દર્શન કરવા લોકો આવ્યા હોય ને, ત્યાં આગળ બોલે. શું બોલે ?

**મહાત્માઓ :** 'ગોકુળથી સોમનાથ પૂર્ણ-ચક્ર યોગેશ્વર,
શ્રી રણછોડરાયનું હૃદયકમળ હું જ છું.'

**દાદાશ્રી :** તે ત્યાં મંદિરમાં બધા દર્શન કરે. આપણે અયોધ્યા ને સમ્મેતશિખરની જાત્રા ગઈ'તી. તે આ કેવો નિષ્પક્ષપાતી માર્ગ ને, એટલે કોઈ જગ્યાએ માતાજી હોય, ત્યાં દર્શન કરવા જવાનું. એટલે રણછોડજીના દર્શન કરવા ગયા પાછા, આખી બસને ડાકોર લઈ ગયા. એ રણછોડજીના દર્શન કરી અને પછી બહાર નીકળ્યા એટલે આમાંથી કોઈએ કહ્યું કે આ રણછોડજી જાતે આવ્યા છે, એટલે લોક તો પછી છોડે જ નહીં ને ! એમ કહ્યું એટલે આમ જોતાની સાથે જ પછી બધા મંદિરમાં ને મંદિરમાં દર્શન કરવા માંડ્યા. બધુંય આખું, બ્રાહ્મણો બધાય, એના પૂજારીઓ-બૂજારીઓ બધાય દર્શન કરી જાય. પછી અમને પૂછે કે 'આપ રણછોડજી છો ?' હું કહું કે 'હા, રણછોડજી. માગ, તારે જે માગવું હોય એ માગ, તું માગતો ભૂલું. આજ રોકડા આવ્યા છે રણછોડજી !' એટલે ત્યાં બધાય ફરી વળ્યા'તા ને ? બધુંય લોક ફરી વળે.

## કર્યા દર્શન ડાકોર ગામના લોકોએ

હમણે મહેતા સાહેબે બધાને ડાકોર તેડાવ્યા'તા. સોએક માણસ અહીંથી ગયું'તું વડોદરેથી. તે ત્યાં આગળ મંદિરમાં ગયા, તે જેટલું

માણસ હતું એ બધુંય દર્શન કરી ગયું. લગભગ પચ્ચીસ ટકા નહીં કરી ગયું હોય. અને પછી આમ ખુરશીમાં બેસાડી આખા ગામમાં ફેરવ્યો મને, તે 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું' એમ કરીને. તે ત્રણ માળ સુધી દરેક માણસે દર્શન કર્યા'તા. કારણ કે જ્ઞાની પુરુષ ક્યાંથી મળવાના આ આવા ? આ તો એવા દર્શન જ કરવાના ક્યાંથી હોય તે ? અને એ દર્શન કરનારા શું જોતા હશે ? ત્યારે કહે, મોઢું જોઈને સમજી જાય કે આ દર્શન સાચા છે. આ લોકો માને છે ને, તે સાચા છે. કારણ કે આમાં પોલ ચાલે એવું નથી, લોક ઓળખી જાય છે તરત. આ તો જે લોકને બ્લેકનેસ (અંધાપો) હોય ને, ત્યારે ના ખબર પડે. બાકી જેને શુદ્ધતા છે ને, એને બધી જ ખબર પડી જાય. અને મજૂરો તો અમને તરત ઓળખી જ જાય છે. મજૂરોને કાંઈ લોભ નહીં ને ! લોભનો અંધાપો નહીં ને !

આ ડાકોરના બ્રાહ્મણો, ચુસ્ત બ્રાહ્મણો, પણ તે દહાડે એવો એક પણ બ્રાહ્મણ નથી કે દાદાને નમસ્કાર કર્યા વગર રહ્યો હોય. ભેગો થયો કે નમે. દાદા ભગવાનના અસીમ જય જયકાર હો ! કારણ કે તરત જ એના અંતરમાં પડઘો જ પડી જાય, અંદર શાંતિ જ થઈ જાય.

## બધાય ધર્મવાળા એક્સેપ્ટ કરે એ સ્યાદ્વાદ

ડાકોરના ઘણાંખરાં લોકો આવી ગયેલા આપણે ત્યાં. અને ડાકોરવાળાને તો બહુ, 'દાદાને બહુ આગળ લઈ જવા છે', કહે છે. 'જગતનું કલ્યાણ કરો તમે. અમે પાછળ છીએ બધા.' બહુ સારી ક્વૉલિટીના હોય. એ ડાકોર ગામના બ્રાહ્મણો અજાયબ ક્વૉલિટી છે ! બિલકુલ સ્પૃહા નહીં, બિલકુલ ભાંજગડ નહીં કોઈ જાતની. ચોખ્ખા માણસો બધા. લાલચો નહીં.

પુણ્યશાળી જીવો, તમારા ડાકોરમાં તો બહુ જીવો પુણ્યશાળી ! કારણ કે રણછોડજીના દર્શન કરે છે ને, તે બધું આવરણ ઓછું હોય છે હંમેશાં. તે જુઓ, આખા ગામમાં ફેરવ્યો તે આખા ગામના લોકોએ દર્શન કર્યા ને ? કોઈએ વાંધો નથી ઉઠાવ્યો. મંદિરમાંય લોકો દર્શન કરતા'તા.

વાંધો નથી ઉઠાવતા. અને અમારે તો આ સ્યાદ્વાદ વાણી એટલે સહુ કોઈ, ગમે તે નાતનો હોય તો દર્શન કરી જાય.

અને લોક કહે, સ્યાદ્વાદનો અર્થ શું ? અલ્યા મૂઆ, બધાય લોકો એક્સેપ્ટ કરે એને, એ સ્યાદ્વાદ ! એક ખૂણો એક્સેપ્ટ કરે તે છે વન કૉર્નર. બધાય ધર્મવાળા એક્સેપ્ટ કરે એ સ્યાદ્વાદ !

## અભેદ સ્વરૂપે દર્શન રણછોડરાયજીના

તમે રણછોડજીના ગામના ? તોય તમે આ રણછોડજીને ઓળખ્યા નહીં ?

**પ્રશ્નકર્તા :** તમને ઓળખ્યા'તા. ત્યાં હું '૮૩માં આવ્યો'તો, ત્યારે તમે ત્યાં બગીમાં જતા'તા, વરઘોડો તમારો.

**દાદાશ્રી :** હા... ત્યારે દર્શન કર્યા'તા ને ?

**પ્રશ્નકર્તા :** ત્યારે હું પગે લાગ્યો ને તમે માથે હાથ મૂકેલો.

**દાદાશ્રી :** હા, હાથ માથે મૂકેલો. તે મંદિરમાં અમે જ્યારે જઈએ ને, ત્યારે વરઘોડો ફેરવે, અને પછી મંદિરમાં કમિટીવાળા દર્શન કરી જાય. અને પાછો મનેય મૂર્તિ પાસે લઈ જઈને ઉપર ચઢાવીને દર્શન કરાવડાવે. આવો વ્યવહાર બધો. હુંય દર્શન કરું પાછા રણછોડજીના, એય અજાયબી જ છે ને !

**પ્રશ્નકર્તા :** તમે દર્શન કરો તે શું વાત કરો ?

**દાદાશ્રી :** લોકોની સ્થિરતા તૂટે નહીં ત્યાં આગળ. અમે એમાં પ્રતિષ્ઠા કર્યા કરીએ. પ્રતિષ્ઠા હોય તો ફળ આપે, નહીં તો શું ફળ આપે ? બધા કંઈ મને ઓછા ભેગા થઈ જવાના છે ? પ્રતિષ્ઠા એટલે શક્તિ.

જુઓ ને, અમે છે તે રણછોડજીના સામે બેઠા હતા તોય આમ અમે ઓવરવાઈઝ થયા છીએ જરાય ? એ વાઈઝ. આપણે વળી ઓવરવાઈઝ ક્યાં થઈએ ? રણછોડજી સામે બેઠા હતા ને ?

**પ્રશ્નકર્તા :** હા, બેઠા'તા.

**દાદાશ્રી :** નહીં ? રણછોડજીના દર્શન કરે તેના કરતાં દર્શન વધારે અહીં કરતા હતા.

**પ્રશ્નકર્તા :** એ જોવા મળ્યું, દાદા. એ બારણાં બંધ હતા, આપને બધા ઊંચકીને ઊભા રહેલા, તે વખતે એ જે દૃશ્ય જોવા મળ્યું એનું વર્ણન કેવી રીતે થઈ શકે ?

## રણછોડજીના દર્શન થયા, હવે પૂનમો નહીં ભરવી પડે

**દાદાશ્રી :** હવે કો'ક રણછોડજીની પૂનમો ભરતો હોય ને ના ભરાઈ હોય, તો મને કહે છે, 'દાદાજી, હું તમારા દર્શન કરું તો ચાલે ?' મેં કહ્યું, 'ચાલે, જા, પહોંચી ગયું.' સમજવું તો પડશે ને ?

પંદરેક વરસ ઉપર શારદાપુર જતા'તા, આ નટુભાઈની જમીન ઉપર. તે ત્યાં આગળ બધા મહાત્માઓ જતા'તા. તે બસમાં શારદાપુરની જોડેના ગામવાળાઓ બધા બેઠેલા. એ ગામ બધું ચોર ગામ આખું. બધું આમથી ચોરી લાવીને દહાડા કાઢે. તે પછી એક જણ બેઠેલો તે નટુભાઈને ઓળખે, કહે, 'નટુકાકા, આ કોણ છે તે ?' 'એ રણછોડજી છે', કહે છે. તો કહે, 'રણછોડજીની તો હું પૂનમો ભરું છું.' 'તે એ જ રણછોડજી.' તે ત્યાંથી એણે અહીં ધ્યાન માંડ્યું. મારી સામું જોયા કરીને ધ્યાન માંડ્યું, તે શારદાપુર એના ગામ આગળ ઊતર્યા ત્યાં સુધી એણે ધ્યાન માંડ્યું. પછી ઊતરતી વખતે મેં કહ્યું, 'તને કંઈ લાભ થયો ?' 'રણછોડજીના દર્શન થયા મને. હવે પૂનમો નહીં ભરવી પડે મારે', કહે છે. પછી કહે, 'મારી પર હાથ મૂકી આપો.' તે અમે હાથ મૂકી આપ્યો. ત્યારે કહે, ''બસ, પૂનમે પૂનમે રણછોડજીને ત્યાં જતો'તો, હવે નહીં જઉં.'' તે મેં કહ્યું, ''હવે જવાની જરૂર નથી, રણછોડજી જાતે મળ્યા ! તે એ ખોટી વસ્તુ નથી, ત્યાં જજે પાછો કો'ક દહાડો. એનું એ જ છે આ. એય ખોટું નહીં, આય ખોટું નહીં, એકનું એક જ છે. પણ ત્યાં નથી જવું એવું નક્કી ના કરીશ. પણ નહીં જઉં તો હવે ચાલશે.''

પછી મેં કહ્યું, 'હવે શું કરીશ તું ? તારા ખેતરમાંથી શાક વીણી લાવજે. અને તારી જાતે વીણી લાવવાનું અને પાશેર જ લાવવાનું, વધારે નહીં લાવવાનું.' એટલે એ ભલો આદમી જાતે તુવેરની શીંગો વીણીને... અને એની જે કઢી બનાવી, તે કહેવી પડે એવી કઢી ! જાતે વીણી લાવેલો. શીંગે શીંગે 'દાદા' બોલે. જે માણસ, તે દહાડે ખાવાનું ઠેકાણું નહોતું, અત્યારે બંગલા છે એની પાસે ! તે 'દાદા, દાદા' બોલીને બંગલા થયા !

**પ્રશ્નકર્તા :** બંગલા છે, સારું છે અત્યારે તો. એ ધાડ પાડતો બંધ થઈ ગયો. વાલ્મીકિ થઈ ગયો એ તો, દાદા.

**દાદાશ્રી :** હા, એ ખરો થઈ ગયો ! અહીં સત્સંગમાંય આવે છે.

## વણતોલ્યા ને વણમાપ્યા, ન થાય તોલ

જ્ઞાની પુરુષ એટલે કૃષ્ણ ભગવાન કહેવાય, મહાવીર ભગવાન કહેવાય. જ્ઞાની પુરુષને બધું જ કહેવાય.

રામના મંદિરમાં જઈએ તો અમે કહીએ કે રામ છીએ. દેરાસરમાં જઈએ તો આ કહીએ, પણ ઘણું કરીને દેરાસરમાં જઈએ તો મહાવીર છીએ એવું નથી બોલતા એનું શું કારણ કે આ લોકો બુદ્ધિથી વિચારે, મારું માપ કરવાનું ! મૂઆ, આ જ્ઞાની પુરુષ એટલે શું કહેવાય ? કેટલો તોલ હોય ?

**પ્રશ્નકર્તા :** અતોલ, વણતોલ્યા ને વણમાપ્યા હોય.

**દાદાશ્રી :** વણતોલ્યા ને વણમાપ્યા હોય, જેનો તોલ કરી શકાય નહીં. કોઈ માણસ એનો તોલ કરી શકે નહીં, માપ કાઢી શકે નહીં. માટે બુદ્ધિ ક્યાં વાપરી, મૂઆ ? જેનું માપ ના નીકળે, જેનો તોલ ના થાય, ત્યાં બુદ્ધિ ના વાપરીશ. ત્યાં અબુધ થઈ જા. પણ થવાય નહીં ને ! પેલી બુદ્ધિ છે એટલે ડખો કર્યા વગર રહે નહીં. 'આ મહાવીર બોલ્યા ?' 'અલ્યા ભઈ, પેલા મહાવીર બોલે છે !' તોય છતાં અમે બોલેલા

કેટલાક દેરાસરમાં, બોલીએ તો અમે એને રોકડું દેખાડીએ, તે 'માગ માગ, માગતો ભૂલું તું', કહ્યું. તને માગતા જ નથી આવડતું. તારે જે ટેન્ડર ભરવું હોય તે ભર ટેન્ડર. તું ટેન્ડર ભરતો ભૂલું. અહીં બધી વસ્તુઓ છે.

## જ્ઞાની પુરુષ એટલે સંગમેશ્વર

કેટલાક જૈનોય પાછા અમને જુદા ગણે નહીં. જૈનો શું કહે ?

**પ્રશ્નકર્તા :** મહાવીર.

**મહાત્માઓ :** 'લાખ યુગે અસંભવ, મૂર્તામૂર્ત હૃદય-જ્ઞાન,
ધર્મચક્ર સર્વોદયી મહાવીર હું જ છું.'

**દાદાશ્રી :** તે આ જૈનોય સમજી જાય કે મહાવીર આવ્યા. અને કશુંય ના સમજણ પડે, તો મને કહે છે કે મને તો કશી સમજણ નથી પડતી. હું કહું કે એ.એમ.પટેલ, ભાદરણનો પાટીદાર છું. તારે શું કહેવું છે, બોલ. તારી જાનમાં તેડી જવા હોય તો આવું, હેંડ. સમજણ પડે તો કામ કાઢી લે અને ના સમજણ પડે તો હું પાટીદાર છું. ગમ્યું તમને ?

મારી વાત આ લોકો સ્વીકાર કરે છે ને પાછા કહે છે, 'બહુ સાચી વાત છે તમારી. અમને જાણવામાં રસ પડ્યો.' સાચી વાત કંઈ છૂપી રહે છે ? એ છૂપી રહે નહીં. બધાનો આત્મા કબૂલ કરે. મુસ્લિમ હોય કે ક્રિશ્ચિયન હોય પણ બધા કબૂલ કરે. સૌ સૌની ભાષામાં સમજાય. આપણે અહીં મુસ્લિમ આવ્યો હોય, ક્રિશ્ચિયન આવ્યો હોય તો એની ભાષામાં એને સમજણ પડી જાય. ક્રિશ્ચિયન આવે છે તેને ક્રાઈસ્ટના દર્શન થાય છે અહીં, હં.

**પ્રશ્નકર્તા :** હા જી, યહૂદીને યહૂદીના (ભગવાનના) દર્શન થાય છે.

**દાદાશ્રી :** હા, બસ. બધાના, જેને જે દર્શન જોઈતા હોય તે થઈ શકે. જ્ઞાની પુરુષ એટલે બધાના સંગમેશ્વર ! બધા ધર્મનો સંગમ થયેલો હોય. સંગમેશ્વર એટલે બધા ધર્મોનો સંગમ જ્યાં થાય તે જગ્યા ઉપર દાદા ભગવાન છે ! એટલે કોઈ ધર્મથી જુદા નથી એ.

**પ્રશ્નકર્તા :** બધાય ધર્મોમાં છે.

**દાદાશ્રી :** બધા ધર્મોના સંગમેશ્વર, એટલે બધા ધર્મોનો સંગમ ત્યાં થાય છે. એટલે સંગમેશ્વર લખ્યું છે. એટલે બધા જ ધર્મોને માટે, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, બીજા બધાને કામના.

## નિષ્પક્ષપાતી વિચાર તે મસ્જિદમાં જઈ દર્શન કર્યા

અને આપણે તો મસ્જિદ હોય તો ત્યાંય જઈએ છીએ, તે ઘણી બધી મસ્જિદોમાં ગયેલો છું.

**પ્રશ્નકર્તા :** ઔરંગાબાદ ગયેલા ને, આપણે.

**દાદાશ્રી :** ઔરંગાબાદ બસ્સો માણસ લઈને ગયેલા. અને ત્યાં છે તે મસ્જિદમાં દર્શનેય કરેલા. અને પીંછુંય બહાર ફેરવ્યું'તું એણે. આપણે નિષ્પક્ષપાતી વિચાર છે, તે કોઈ જાતનો પક્ષપાત નહીં. અમે મસ્જિદમાં જઈએ તો બસ્સો-ત્રણસો મહાત્માને ત્યાં તેડી જઈએ. મુસ્લિમો બધા ખુશ છે. આપણા આ (બ્રહ્મચારી) છોકરાઓ, બધા આપ્તપુત્રો જાય મસ્જિદમાં, તે બોલે ત્યાં આગળ...

**મહાત્માઓ :** 'યા અલ્લાહ પરવરદિગાર', 'તે' કરુણાના ધામ છે.
જેનું કોઈ નથી તેના 'દાદા ભગવાન' છે.

**દાદાશ્રી :** કારણ કે અમારે મુસ્લિમ-બુસ્લિમ કોઈ જોડે જુદાઈ નહીં. તમે ત્યાં આવ્યા'તા કે ?

**પ્રશ્નકર્તા :** હા, હું હતો, દાદા. અને પછી બધા ત્યાં આગળ આપણે નમાજ પઢવા માટે બેઠેલા અને રૂમાલ પણ બાંધ્યો પછી બધાએ. તેમાં કોઈને કંઈ એવું લાગતું જ નહોતું કે આ અસહજ છીએ.

**દાદાશ્રી :** પેલો પીંછાં હઉ અડાડતો'તો...

**પ્રશ્નકર્તા :** હા, પેલા મૌલવીને આશ્ચર્ય થયું, કે આ તો અદ્ભુત કહેવાય !

**દાદાશ્રી :** એ મુસલમાનો પછી અમને પધરામણી કરાવડાવે છે ત્યાં,

કે અમારે ત્યાં પધારો. એક મુસલમાન ડૉક્ટર હતો. એમણે પધરામણી કરાવી. કહે છે, મારા ફાધરને હવે બહાર નીકળાતું નથી, દર્શન કરવા છે, તો આપ આવો ને !

દર સાલ મસ્જિદમાં જવાનું. મનમાં રોગ હોય તે નીકળી જાય ને, ભઈ. તને હવે કોઈ વસ્તુ અહીં નડે છે ? ત્યારે કહે, ના. ત્યારે કહે, અડે છે ? ત્યારે કહે, ના. અડતીયે નહીં ને નડતીયે નથી, પછી રહ્યું શું તે ? પછી મોક્ષ જ છે ને ! પણ વાંધો પડ્યો કે અડ્યું ! વાંધા ને વચકા.

**પ્રશ્નકર્તા :** ના, પણ એ જે આખું સર્વ ધર્મ મમભાવ એ આખું સેક્યુલારિઝમ (બિનસાંપ્રદાયિકતા), એટલે તમને તો દાદા, રાષ્ટ્રપતિ તરીકે જ મૂકવા જોઈએ.

**દાદાશ્રી :** અમારી પર તો મુસલમાનોય ખુશ. કારણ કે મસ્જિદમાં જઈએ, બીજે જઈએ. અને મુસલમાનો અમને ઓળખી જાય, એ અલ્લાહ ના કહે, પણ ઓલિયા તો કહે. બડા ઓલિયા ! અલ્લાહ તો એમનાથી કહેવાય નહીં. અલ્લાહ એક, દૂસરા નહીં અલ્લાહ. એટલે ત્યાં મુસલમાનની જોડે વાત કરવી પડે, ત્યાં અમારે એવું ના બોલાય, ખુદા છીએ એવું. પણ અમે ખુદાના પ્રતિનિધિ છીએ, એવું બોલાય. પ્રતિનિધિ એટલે સમતોલ જ કહેવાય ને ! તેય પાછા કબૂલ કરે કે પ્રતિનિધિ બરોબર.

## ખુદને જાણી કરે ખુદમાં મુકામ તે ખુદા

અમારું રત્નાગિરીમાં કામ ચાલે જેટીનું. ત્યાં એક મુસલમાન હતો, તે કલેક્ટર હતો. તે કલેક્ટર આવે, તે મને જુએ ને એનું હૃદય ઠરી જાય. મને જુએ ને ખુશ ખુશ થઈ જાય બિચારો ! રોજ મારું જોયા કરતો'તો. અમે એક કામ ઉપર જઈએ ને, સોળ લાખનું કામ ચાલતું'તું, ત્યાં એ જોયા કરતો'તો કે આ માણસ કેવા આમ ! આ તો ધંધો કન્ટ્રાક્ટનો કરે છે કે આ કોઈ ઓલિયા છે પુરુષ ! એવું એ વિચક્ષણ માણસ જો જો કર્યા કરતો'તો. મને ખબર નહીં કે મને જુએ છે ! મને તો કંઈ એવી પડેલી જ ના હોય ને !

પણ પછી એ આપણે ત્યાં રૂમ પર આવ્યો. આવીને મને કહે છે, 'સાહેબ, મને આપને માટે બહુ માન ઊપજે છે અને આપના ઉપર મને આકર્ષણ ઉત્પન્ન થાય છે.' મેં કહ્યું, 'તમે બેસો, ચા-બા પીવો. હું આકર્ષક પુરુષ છું એટલે આપને આકર્ષણ થાય જ.' તો કહે, 'આપ શું છો એવું ?' ત્યારે મેં કહ્યું, 'આપને શું લાગે છે ?' ત્યારે કહે, 'બહુ મોટા ઓલિયા લાગો છો.' મેં કહ્યું, 'એથી વધારે પદ દેખાય છે આગળનું ?' ત્યારે કહે, 'ના, મને કંઈ સમજાતું નથી. આ કાળમાં પયગંબર તો છે નહીં. અને ખુદા તો માણસરૂપે આવતા જ નથી.' ત્યાર પછી મારે એમને કહેવું પડ્યું, 'તમે જે જાણ્યું છે એ સાચું કરવું છે કે નવું જે સાચું છે એ જાણવું છે ? તમારે કરેક્ટનેસ (યથાર્થતા) જાણવી છે કે જે જાણ્યું છે એ બરોબર છે ?' 'મારે કરેક્ટનેસ જાણવી છે, મને મહીં બહુ વિચારો આવે છે તમારા માટે.' ત્યારે મેં કહ્યું, 'અમે ખુદા છીએ.' ત્યારે કહે છે, 'હવે મને સમજાવો, ખુદા કેવી રીતે ? કુરાનમાં ખુદા ના લખ્યું છે.' તો મેં કહ્યું, 'કુરાનમાં ના લખ્યું છે તે બરોબર છે. કુરાનમાં જો ખુદા મનુષ્યરૂપે હોય એવું લખ્યું હોત તો દુરુપયોગ થાત. કારણ કે મારી-ઠોકીને ખુદા થાય એવા છે લોકો.' 'હા, સાહેબ, એ વાત ખરી છે', કહે છે. મેં કહ્યું, 'અમે માર ખાઈને ખુદા થઈએ એવા છીએ. માટે અમે ખુદા છીએ.' ખુદને જાણે એ ખુદો ! બીજો દુનિયામાં ખુદો આવ્યો કંઈથી ? જે ખુદને જાણે છે અને ખુદમાં જેનો મુકામ છે. ખુદને જાણે તે તો મેં આ જ્ઞાન આપ્યું એ બધાય જાણે છે, પણ ખુદમાં મુકામ હોવો જોઈએ. કેવું ? અને આખા વર્લ્ડનું પઝલ ખુલ્લું કરી આપે. આ પઝલ ખુલ્લું કરી આપે એ ખુદા. ખુદને જાણે એ ખુદા. ખુદને જે જાણીને બેઠો એ ત્યારથી એ ખુદા પદ ઉત્પન્ન થયું. એ સમજી ગયો કલેક્ટર.

હવે આ હું ખુલાસો કરું એટલે તરત જ એને એ એક્સેપ્ટ કરી લે ને ! અમે કોઈ પણ માણસને સહેજેય દુઃખ થાય એવું ના વર્તન કરીએ. અમે એમને કહીએ કે તમે આ ફરી પૂછો છો એટલે અમે કહીએ છીએ, નહીં તો અમે તો ઓલિયા જ કહીએ. 'ના, પણ આ આપે ફોડ પાડ્યો એ મને બહુ આનંદ થયો. આ અમારું કુરાન ના પાડે છે ને તમે

એક બાજુ આવું બોલો છો, તો અમે ગૂંચાયા જ કરીએ મહીં. અને ફોડ પાડ્યો તે આ ઍક્યુરેટ (બરાબર) છે', કહે છે.

અમે તો બધા ફોડ આપીએ. અને પયગંબર સાહેબ કોણ ? ત્યારે કહે, જે અમારો પૈગામ લોકોને પહોંચાડે છે એ બધા પયગંબર સાહેબ !

**પ્રશ્નકર્તા :** પછી એણે પણ ખુદા તરીકે સ્વીકાર્યા. પછી એના મગજમાં બેઠી વાત.

**દાદાશ્રી :** બધા એક્સેપ્ટ કરી દે તરત જ. સમજી જાય તરત. જે ખુદને જાણે એ ખુદા. પણ એ વાત અમે બહાર ના કરીએ, કારણ કે જો ઘોડાગાડીવાળા કે અણસમજુ લોકો આ વાત જાણે તો હુલ્લડ જાગે. 'એ મનુષ્ય ખુદારૂપે થઈ ગયા છે !' હુલ્લડ થાય એ તો. આ તો ભણેલા કલેક્ટરો ને એવા તેવાને વાત કરાય. જે સમજદાર માણસો છે એને વાત થાય.

## માગી બધા તાળા ઊઘડે એવી એક જ ચાવી

બે મુસલમાન આવ્યા હતા, ઠેઠ નૈરોબીથી લંડનમાં. નામ સાંભળીને આવ્યા હતા, કે દાદા ભગવાન લંડનમાં આવવાના છે. એટલે એ બિચારા બેઉ ત્યાં નૈરોબીથી જાણીને આવ્યા પ્લેનમાં. એકનું નામ અલીભાઈ હતું ને બીજાનું નામ હસન. હસન એ ડૉક્ટર હતા. તેય મોટી ઉંમરના, તે આવીને બેઠા. હવે એ તો નીચે બેસે જ નહીં ને ! નીચે આ બધા બેઠા એમ બેસે નહીં. એટલે આવીને બાંકડા પર બેઠા, ત્યારે મેં કહ્યું 'કેમ ? તમે ક્યાંથી આવો છો ?' ત્યારે કહે, 'અમે નૈરોબીથી આવ્યા છીએ.' મેં કહ્યું, 'શું નામ ?' ત્યારે કહે 'મારું નામ અલીભાઈ.' એટલે મેં કહ્યું, આ મુસલમાન આવ્યા છે, માટે કંઈ કારણ હશે ! મેં કહ્યું, 'કેમ આવવું પડ્યું ?' ત્યારે કહે, 'દાદા ભગવાનનું નામ સાંભળીને આવ્યા છીએ.' મેં કહ્યું, 'શું દાદા ભગવાનની વાત તમે સાંભળી છે ?' ત્યારે કહે, 'એ આપણને જોઈતી હરેક વસ્તુઓ આપી દે છે. આ દુનિયામાં

કોઈ ચીજ એવી નથી, કે જે એ ના આપી શકે. એવું અમે વાત સાંભળી, એ વાત સાચી છે ?' મેં કહ્યું, 'ના, એવું કંઈ મારી પાસે નથી. ગાંધિયાટું (કરિયાણું) ગાંધીને ત્યાં મળે, શાકભાજી છે તો શાકભાજીવાળાને ત્યાં મળે. મારે ત્યાં આવું બધું નથી. મારે ત્યાં તો મોક્ષ જોઈતો હોય તો મળે.' ત્યારે કહે, 'એ જ અમે ખોળીએ છીએ.' ત્યારે મેં કહ્યું, 'એ મળે.' ત્યારે કહે, 'ના, એ અમે એવું લેવા નથી આવ્યા. અમને તો એક જ ચાવી એવી આપી દો, બધા જ તાળા ઊઘડી જાય. અમે આટલી બધી ચાવીઓ લાવ્યા છીએ પણ એકુંય તાળું ઊઘડતું નથી. આટલી બધી ચાવીઓ મારી પાસે પડી છે. ઘસાય ઘસાય કરું છું પણ એકુંય તાળું ઊઘડતું નથી. બીજું બધું અમે હિન્દુ શાસ્ત્રો, જૈન શાસ્ત્રો ને મુસ્લિમ... બધું વાંચીને તૈયાર કરેલું છે. પણ માસ્ટર કી (ગમે તે તાળા ઊઘાડી શકે એવી ચાવી) વગર રખડી મર્યા છીએ. માટે એવી એક ચાવી આપી દો', એ અલીભાઈ કહે છે. 'બધાના શાસ્ત્રો પઢ્યા', કહે છે. આમ ખોજા ખરા ને, એટલે હિન્દુ જ કહેવાય ને, વટલાયેલા હિન્દુ.

**નીરુમા :** એમાં એક તો પેલા અલી તો જૂનાગઢના નવાબના દીવાનના દીકરા હતા. અને બીજા હસન નથ્થુ, ડૉક્ટર હતા.

**દાદાશ્રી :** હા, મોટી મોટી પાર્ટીઓ, જબરજસ્ત પાર્ટીઓ.

મેં કહ્યું, આ તો બહુ વહમા (!) કહે છે, ચાવી જ આપી દો. એટલે પછી મેં કહ્યું, 'ભઈ, કાલે આવો આપણે.' અને ત્યાં જ્ઞાન હતું, તે એમને કહ્યું, કે 'આ જ્ઞાનમાં બેસી જાવ.' એટલે એ મને કહે છે, 'આ ચાવી મળશે એવા તમે અમને આશીર્વાદ આપો છો, ચોક્કસ ?' ત્યારે મેં કહ્યું, 'મળશે અને તમે ઉઘાડશો એ ચાવીથી તાળા બધા. ધીસ ઈઝ ધી કૅશ બૅંક, આ ઉધારી નથી તમારે.' એ તો પછી તોય પગે લાગે નહીં ને, અહીં અડાય નહીં, એમનાથી. મુસ્લિમથી અડાય નહીં. ખુદાથી કોઈ મોટો નહીં, એટલે પછી કહે છે, 'ખુદા અહીં છે એવું નક્કી કરીને અમે તમને અડ્યા છીએ.' ત્યારે મેં કહ્યું, 'વાંધો નહીં હવે એ તો, એ તમને કાલે ખાતરી થશે, કે ખુદા છે.'

## પારસમણિએ બનાવ્યા પારસ

પછી એમણે જ્ઞાન લીધું અને પછી મેં કહ્યું, 'બીજે દહાડે સવારમાં દર્શન કરવા આવજો. ભૂલચૂક થઈ એ સુધારી આપીશ.' તે તો સવારમાં આવીને શું કહેતો'તો એ ?

**નીરુમા :** એમ કહે છે કે લોખંડ પારસમણિને અડે તો સોનું થઈ જાય, પણ તમે તો અમને પારસમણિ જ બનાવી દીધા.

**દાદાશ્રી :** એટલે મને કહે છે, 'ભારે કરી નાખી દાદા તમે તો.' મેં કહ્યું, 'શું ?' ત્યારે કહે છે, કે 'લોખંડ પારસમણિને અડે તો સોનું થયેલું એ વાત સાંભળેલી પણ તમે પોતે પારસમણિ અને અમને પણ પારસમણિ બનાવ્યા ! તમે તો પારસમણિ છો જ. તમે તો લોકોને સોનું બનાવો છો પણ અમે તો પારસમણિ થયા ! એકજાતિ બનાવ્યા અમને.'

મને શું અનુભવ થયેલો, કે પાછલા વાક્યો સાંભળેલા નાનપણમાં, કે પારસમણિને લોખંડ અડે તો સોનું થાય. ત્યારે મેં કહ્યું, એવો તો વળી કેવો પારસમણિ હોતો હશે કે મારું હારું લોખંડને અડી જાય તો સોનું થાય, તો તો બધો મોટો વેપાર જામી જાય ને આપણે તો. પણ આ તો ટેકનિકલી લખેલો એ લોકોએ. એટલે જ્યારે હું લોકોને અડ્યો ને, લોકો સોનું થવા માંડ્યા, એટલે મને લાગ્યું, કે ઓહોહો ! આ પારસમણિ !

## બધું જ આપ્યું તમને, જે હતું મારી પાસ

**પ્રશ્નકર્તા :** તો દાદા, અમે શું થયા ? અમે સોનું થયા ?

**દાદાશ્રી :** પારસ થયા, પારસ !

**પ્રશ્નકર્તા :** પારસ થયા !

**દાદાશ્રી :** હું તમારી ફક્ત એક ડગલું જ આગળ છું. કશુંય મારી પાસે રાખ્યા સિવાય આપેલું છે બધું આ.

હવે એ સમજણવાળા ત્યારે ને ? તે કૂંચી ખોળતા ખોળતા અહીં આવ્યા. અહીં કૂંચી ખોળવા આવ્યો કોઈ ? એ જાણતો જ નથી ને કે આ કૂંચી દાદાની પાસે છે.

**પ્રશ્નકર્તા :** પણ એ કૂંચી લઈ ગયા દાદા પાસેથી.

**દાદાશ્રી :** આવા સમજદાર માણસો હોય ને, તે આવો લાભ ઉઠાવી લે.

એ બેઉ એવું બોલ્યા, 'કૂંચી આવી ગઈ, બધું આવી ગયું સાથે. તમે અમને પારસમણિ બનાવ્યા.' મેં કહ્યું, 'શું ધંધો-રોજગાર ?' ત્યારે કહે, 'હું તો જૂનાગઢના નવાબ સાહેબના દીવાનનો દીકરો, ને મારે ચૌદ ગામ હતા. તે ચૌદ ગામનો ધણી હું તો', કહે છે. પણ અત્યારે બધું ખલાસ થઈ ગયું, એટલે ત્યાં મોટા મોટા વેપાર ચાલે છે, કહે છે. ત્યારે એ જ પુણ્યશાળી હોય ને, નહીં તો આ વિજ્ઞાન લેવા ક્યાંથી આવે ? ચૌદ ગામનો ધણી હોય તો ને ! ત્યાં પુણ્યશાળી હોય તો અહીંયાય આ પુણ્યશાળી હોય. ત્યાં જ પુણ્યશાળી ન હોય, તો અહીં ક્યાંથી હોય ?

આ બેઉ જણને ચાવી આપી ને બેઉ ખુશ થઈ ગયા, કે ચાવી મળી ગઈ. અને અમે ખુદાને માનેલા, એટલે ખુદાથી કોઈ મોટો નહીં, એટલે અમે કોઈને નમસ્કાર ન કરીએ અહીં આગળ અડીને, પણ આપનામાં અમે અલ્લાહ જોયા, એટલે નમસ્કાર કર્યા, કહે છે.

## ખુદાની જોડે હું બેઠો ને મારી જોડે બેઠા તમે

એક ફેરો એક મુસલમાન અમારી પાસે આવ્યા, ત્યાં મુંબઈના વિહાર લેકમાં. તે એની વાઈફને લઈને આવ્યા'તા. આમ કૉર્પોરેટર હતા, મ્યુનિસિપાલિટીના. તે તેડી લાવ્યા'તા પેલા શયદા. કહે છે, આવો દર્શન કરવા, દર્શન કરાવડાવું. એટલે એ તો મુસલમાન ખરા ને, પણ એ દર્શન કરવાનું તો ના ફાવે, પણ છતાં એ ભાવથી આવ્યા. આપણા મહાત્માઓ બધા બેઠા'તા અને હું એક લીમડાના ઝાડની નીચે, આજુબાજુ ઓટલો હતો, ત્યાં હું બેઠેલો. એટલે પેલા કૉર્પોરેટર ને એ બધા લોકોને અજાણ્યું ખરું ને, એટલે નીચે બેસવા જતા'તા. મેં કહ્યું, 'નીચે ના બેસશો, અહીં ઉપર બેસો.' ઉપર બેઠા પછી દસેક મિનિટ બેસી રહ્યા. બીજી વાતો ચાલતી'તી. પછી એણે ઊભા થઈને શું કહ્યું ?

**નીરુમા :** એ કહે છે કે 'હું આપની પાસે બેઠો, પણ અહીંયા જે મને દસ મિનિટમાં શાંતિ થઈ, એવી શાંતિ મેં મારી આખી જિંદગીમાં ક્યાંય જોઈ નથી કે અનુભવી નથી, એનું કારણ શું ?'

**દાદાશ્રી :** 'આપે શું કર્યું એવું કે આવી શાંતિ મેં આ જિંદગીમાં તો શું, પણ કોઈ અવતારમાં મેં જોઈ નહીં હોય એવી શાંતિ હું અનુભવી રહ્યો છું.' મેં કહ્યું, 'તમે ખુદાની પાસે બેઠા છો !' ત્યારે મને થયું, હમણાં પાછો ચમકશે, મિયાંભાઈ ! કહેશે, 'તમે વળી ખુદા બની ગયા છો કે ?' એટલે બીજા શબ્દોમાં કહ્યું. મેં કહ્યું, 'ખુદા જોડે હું બેઠો છું ને મારી જોડે તમે બેઠા છો. એટલે તમે ખુદાની પાસે બેસો, કેટલો આનંદ થાય !' એટલે મેં 'ખુદા જોડે હું બેસું છું', એવું કહ્યું એટલે એ સમજી ગયા બિચારા.

કહે છે કે 'આ વાત મને સમજાઈ. આ લાભ મને આપો હવે.' પછી દર્શન કરીને ગયા બિચારા. હવે એ માણસ સામો કેટલો ચોખ્ખો હશે તેથી એને અનુભવ થયો દસ મિનિટમાં ! પોતાનું ચોખ્ખાપણું જોઈએ કે ના જોઈએ ? જ્ઞાની પુરુષનું વાતાવરણ જ ઓર જાતનું હોય ! એ વાતાવરણ દુનિયામાં સાંભળ્યું ના હોય કોઈ દહાડો !

**પ્રશ્નકર્તા :** આપની સન્મુખ બેસવાથી એકદમ શાંતિ મળે છે એ હું જોઈ શકું છું.

**દાદાશ્રી :** હું જ ભગવાનની સમક્ષ બેઠો છું ને મને શાંતિ વળી છે, તો મારી જોડે બેસનારાને તો શાંતિ વળે એમાં નવાઈ શું છે ? હું જ પાડોશી છું આ. ફર્સ્ટ નેબરર હું, સેકન્ડ નેબરર તમે છો. કાયમનું એમની જોડે બેસવા મળે તો કેવી સ્થિતિ થાય, હેં ?

## જીવમાત્ર જોડે જુદાઈ નહીં

આ વિજ્ઞાન બહુ જુદી જાતનું છે. અમે પરમ શ્રદ્ધેય મૂર્તિ, એટલે શ્રદ્ધાની મૂર્તિ કહેવાઈએ ! શ્રદ્ધા આવી જ જાય. મુસલમાન, પારસી બધાને આવી જાય.

અમારે મુસ્લિમ કે કોઈ જોડે જુદાઈ નહીં. તેથી પેલા કહેતા'તા ને, શું નામ હતું ? માલવણિયા...

**નીરુમા :** હા, દલસુખભાઈ માલવણિયા.*

**દાદાશ્રી :** બધી જ્ઞાતિના તમારે ત્યાં આવે છે. મુસ્લિમો, પારસી બધા. અમારે જુદાઈ નહીં.

એક છોકરો અહીં આવે છે પેલો, અહીં આવ્યો'તો ને પેલો પારસી ? તે એને પોતાને મહીં એ થઈ ગયું ને, તે સુરત જઈને એના બાપ રૂસ્તમજીને તેડી લાવ્યો. 'અરે રૂસ્તમ શેઠ, તમે કેમ આવ્યા છો ?' 'અરે સાહેબ, મને આપો જ્ઞાન ! આ વિજ્ઞાન છે આ તો !' કહે છે. એ લઈ ગયા. એ કહે છે, કે 'હવે સુરત આવો ને પધારો બધા.' એટલે આ બધાના કામનું ને ?

**પ્રશ્નકર્તા :** બધાના કામનું.

**દાદાશ્રી :** હં... અને પેલો મુસલમાન શું નામ હતું એનું ?

**પ્રશ્નકર્તા :** ફિદા હુસેન.

**દાદાશ્રી :** ફિદા હુસેન, નહીં ? ફિદા હુસેન ભણેલો ગ્રેજ્યુએટ થયેલો માણસ, જ્ઞાન લઈ ગયો ને !

એ પારસી રૂસ્તમજીએ તો ત્રણસો માણસની ભરી સભામાં શું કહ્યું'તું ?

**નીરુમા :** કે આ દાદાને ઓળખો, આ દાદા કોણ છે ! આ તો અમારા પયગંબર, તેના પયગંબર, અને તેનાય પયગંબર છે !

**દાદાશ્રી :** પારસી ઓળખી જાય. એટલે આ લોકો બધું સમજી જાય તરત. મુસલમાન તરત સમજી જાય, આ બધાય સમજી જાય. કારણ કે

*દલસુખભાઈ માલવણિયા - સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે યોગદાન બદલ 'પદ્મભૂષણ'ની પદવીથી સન્માનિત; જૈન, બૌદ્ધ તથા ભારતીય દર્શન પરના તેમના લખાણ માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન.

ધીસ ઈઝ ધ કૅશ બૅંક, આખી દુનિયા માટે. અહીં આગળ જુદાઈ નામેય નથી. કોઈ જીવમાત્ર જોડે જુદાઈ નથી, અભેદ સ્વરૂપ છે. એટલે આ નિષ્પક્ષપાતી ને ! પક્ષપાત હોય તો તો ઝઘડા ચાલુ જ હોય. પક્ષપાતથી શું થાય છે ? નવા કર્મ ઊંધા બંધાય છે. અહીં તો સ્થાનકવાસી, દિગંબરી, શ્વેતાંબરી, બધાય...

**પ્રશ્નકર્તા :** બધા આવે જ છે ને ! બધા જોઈએ છીએ, બધા જ આવ્યા છે.

**દાદાશ્રી :** હા, બધા આવે છે ને, ભેગા થાય છે ને !

## જય જયકાર બોલી મુસલમાનોય લાગ્યા પગે

અમદાવાદ ગયા'તા ને, નસીર ઈસ્માઈલીને* ત્યાં. નસીર ઈસ્માઈલી આપણા ભક્ત છે. એમને ત્યાં ગયેલા, પધરામણી માટે. તે મુસલમાન લત્તો...

**નીરુમા :** દરિયાપુર, કાઝીનો મહોલ્લો.

**દાદાશ્રી :** આજુબાજુ બધી મુસલમાન વસ્તી. ત્યાં આપણા મહાત્માઓ ગાડી લઈને ગયા. તે મહાત્માઓ દાદા ભગવાનના નમસ્કાર બોલાવે. અસીમ જય જયકાર બોલાવે ને તેમાં વચ્ચે અમારું આ માળા-બાળા ને હાર બધું. મુસલમાન તો, 'ક્યા હૈ ? ક્યા હૈ ? ક્યા હૈ ? ક્યા હૈ ?' હું તો ચઢ્યો એને મેડે. એમના સંસ્કાર જરા હિન્દુ જેવા હતા, એમની મધર-બધરના. એટલે ત્યાં બધાને ચા, નાસ્તા-પાણી થયા. પછી આશીર્વાદ આપીને નીકળ્યો બહાર. ત્યારે નસીરના મનમાં એમ થયું કે આજ દાદા આવ્યા છે, આ લોકો સળી કર્યા વગર રહેશે નહીં. એટલે એણે તો નક્કી કર્યું કે જો દાદાનું સહેજ કંઈ ફૂલની પાંખડી જો હાલે તોય પેલાને માર્યા વગર નહીં રહું હું. એણે નક્કીપણું કરી રાખ્યું હતું. પણ અહીં કશું વળે નહીં. ઊલટા એને તો આશ્ચર્ય થયું. શું કહે છે ?

**નીરુમા :** બહુ મોટો ચમત્કાર થયો કે બધાય જય જયકાર બોલવા

*નસીર ઈસ્માઈલી - ગુજરાતી સાહિત્ય જગતના નામાંકિત લેખક

લાગ્યા. કેટલાક તો આવી આવીને પગે પડી ગયા. પછી પાછળથી બધા પૂછતા આવ્યા કે 'આ દાદા કોણ છે, આ તો અલ્લાહ કા ઓલિયા લગતા થા', કહે.

**દાદાશ્રી :** દર્શન કરવા આવે અમારા તો. એ કંઈ ગાંડા નથી. ભલે મુસલમાન છે પણ ગાંડા નથી એ. ગાંડો ના આવે, એ વાત સાચી. એ તો મુસલમાન છે. અને અમે નિષ્પક્ષપાતી છીએ. અમે મસ્જિદના દર્શન કરીએ છીએ, જૈનોના દર્શન કરીએ છીએ, વેદાંતીઓના દર્શન કરીએ છીએ, શિવલિંગના દર્શન કરીએ છીએ.

લોકો ઊલટા નસીરને પૂછવા ગયા, 'બડા આદમી થા ? કૌન થા ? કૌન થા ?'

**પ્રશ્નકર્તા :** આપનામાં લડાયક સ્વભાવ નહીં, લડાયક વૃત્તિ નહીં એટલે.

**દાદાશ્રી :** નહીં, એમના તરફ સહેજેય દ્વેષ ના આવે. જેવો હિન્દુ પર ભાવ હોય એવો જ મુસ્લિમ પર. એમાં ભાવમાં ફેર ના હોય. અમે મુસ્લિમની તમને વાતો કરીએ, બાકી અમને જરાય મુસ્લિમ જેવું ના હોય. નહીં તો રાગ-દ્વેષ થાય. અમને એવું કશું ના હોય. એટલે કોઈ મુસલમાનને અમારી પર દ્વેષ ના થાય.

**પ્રશ્નકર્તા :** એટલે મુસલમાન પણ કાંઈ કરે નહીં ને ?

**દાદાશ્રી :** ના, ના, કશું ના કરે. અમે તો ઊલટું 'દાદા ભગવાનના અસીમ જય જયકાર' બોલાવીએ તો એય બોલે.

## મુસલમાનોએ ફોડ્યા ફટાકડા, કાઢી શોભાયાત્રા

દરેક ગામમાં અમે જઈએ ને, તે કેટલાક ગામો તો એવા હોય છે કે આવા વરઘોડા બહુ નીકળે.

તે અમે કિલ્લા પારડી ગામમાં ગયા'તા. તે ત્યાં ગયા, તે એ લોકો કહે છે, અમારા સો-દોઢસો માણસને જ્ઞાન આપવાનું છે. ત્યારે

અમે કહ્યું, અમારાથી સો-દોઢસો માણસને એકીસાથે જ્ઞાન અપાય નહીં. અને તમારા ગામમાં અમે એક જ દિવસ રહેવાના છીએ. માટે બાસઠથી પાંસઠ માણસો લાવો, કહ્યું. એટલે માણસ તો બસ્સો-ત્રણસો ભેગું થયેલું, પણ પાંસઠ માણસોને જ્ઞાન આપ્યું અમે. આ જ્ઞાન આપ્યું ને, ત્યારે આ સત્સંગનું મારી જોડે દસ-પંદર જણ હોય ને. હવે એ લોકો એક માણસનો ભાર ખમી શકે નહીં. એમનું ગજું નહીં એટલું બધું. એટલે અમે એમને ના કહ્યું'તું, કે 'અમે ખર્ચો બધો આપીશું અને રહેવાનું વાપી રાખીશું ને આવ-જાવ કરીશું.' ત્યારે કહે, 'ના, એક દિવસ તો અમને આ પાવન કરવા દો.' તે એક દિવસ એમને ત્યાં બધાય જમ્યા અમે. અને પછી વાપીમાં રહી અને પછી પાછા ગયા બીજે દહાડે. બીજે દહાડે ગયા રાતે નવ વાગે, નવ વાગે કેટલું માણસ ભેગું થયું ?

**પ્રશ્નકર્તા :** ત્રણથી ચાર હજાર, દાદા.

**દાદાશ્રી :** ચાર હજાર માણસો, આમ આખું ચાલે ને દાદાને ખુરશી પર બેસાડીને છ ફૂટ ઊંચે ઊંચક્યા. તે બધા આજુબાજુવાળા દર્શન કરે, અને મુસલમાનો બધા જોડે ફર્યા. તે મુસલમાનો, પારસી, બધા, 'જય દાદા ભગવાન, જય દાદા ભગવાન' બોલતા હતા !

**પ્રશ્નકર્તા :** અરે, મુસલમાન તો દાદાની પેલી ખુરશી ઊંચકીને ટેટા ફોડતા'તા. એ ટેટા ફૂટતા જાય ને દાદા પાછળ આવતા જાય.

**દાદાશ્રી :** હા, દારૂખાનું ખૂબ ફોડે આગળ.

**પ્રશ્નકર્તા :** તે એ લોકોને મોટો ચમત્કાર લાગ્યો કે આજ સુધી કોઈ હિન્દુ ધર્મના લોકોમાં મુસલમાનોએ આવો જલસો નથી કર્યો.

**દાદાશ્રી :** હા, અને એક પઠાણ તો અમને ઊંચકવા લાગ્યો'તો.

તેં પારડીમાં જોયું હોય તો તને એમ જ થાય, કે 'હવે ચાલો, દાદાની જોડે જ રહેવું છે.' પારડીમાં જોયું હોય તેને એમ જ થાય ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ પારડી ગામ છે ને, આખું ગામેય 'દાદા ભગવાન' બોલ્યા કરે છે. કારણ કે એમનું કલ્યાણ થઈ ગયું, દાદા ભગવાન બોલ્યા એટલે !

## ક્રાઈસ્ટના જન્મ પહેલાનો હું ક્રિશ્ચિયન

મેં લખ્યું છે પુસ્તકની અંદર કે હું જૈનોનો મહાવીર છું અને વૈષ્ણવોનો કૃષ્ણ છું અને મહાદેવજીવાળાનો હું મહાદેવજી છું. અને જરથોસ્ત છું અને ક્રાઈસ્ટ છું અને હું ખુદા છું. જેને જે જોઈતું હોય તે મારી પાસે લઈ જાવ.

**પ્રશ્નકર્તા :** એક ખ્રિસ્તીનું નથી લખ્યું દાદા એમાં, બનતા સુધી. ક્રાઈસ્ટનું નથી લખ્યું કે અમે ક્રિશ્ચિયનોના ક્રાઈસ્ટ છીએ, એવું નથી લખ્યું.

**દાદાશ્રી :** ના, એ તો છે તે અમે એવું લખ્યું છે પુસ્તકમાં, કે ક્રાઈસ્ટના જન્મ પહેલા હું હતો એમ. ક્રાઈસ્ટના જન્મ પહેલાનો હું ક્રિશ્ચિયન છું એવું લખ્યું છે. બિફૉર ક્રાઈસ્ટ, તે વખતનો હું ક્રિશ્ચિયન છું. છે તે એક પાદરી હતા ને, તેને મને એને ત્યાં એ બનાવવો'તો.

**પ્રશ્નકર્તા :** ફાધર.

**દાદાશ્રી :** ફાધર બનાવવો'તો. મને મળ્યા'તા ૧૯૪૮-૪૯માં. તે હું સેકન્ડ ક્લાસના ડબ્બામાં હતો ગાડીના, તે એય સેકન્ડ ક્લાસમાં આવ્યા. હું લાંબો કોટ પહેરતો. હું કો'કની જોડે વાત કરતો'તો સત્સંગ સંબંધી. તે પછી આવીને મને કહે છે, 'તમે કયો ધર્મ પાળો છો ?' મેં કહ્યું, 'અમે બધા ધર્મ પાળીએ છીએ, સર્વ ધર્મ. બધા જ ધર્મની સત્યતાને હું સ્વીકાર કરું છું. એની સત્યતાને સ્વીકાર કરું છું, ધર્મનો સ્વીકાર નથી કરતો.' ત્યારે કહે, 'અમારા ક્રાઈસ્ટનું તમે વાંચેલું હશે ને ?' 'બધું વાંચેલું છે અમે' કહ્યું. ત્યારે કહે છે, 'તમને ક્રિશ્ચિયનનું કેવું લાગે છે ?' મેં કહ્યું, 'બહુ સરસ છે.' એટલે પાછું ઊલટું એના મનમાં એમ થયું કે આ આપણા શિષ્ય થશે, એવું એને લાગ્યું. 'બહુ સરસ' કહ્યું, એટલે એના મનમાં લલચાયો ઊલટો બિચારો. એના મનમાં લોભ લાગ્યો. ત્યારે

કહે, 'અમારે ત્યાં આવશો તમે ?' મેં કહ્યું, 'શું કરીએ ?' તો કહે 'તમે એક દહાડો ઉપદેશ આપો ને લોકોને.' તો મેં કહ્યું, 'શેના માટે ઉપદેશ આપવો ? અમારે તો ઘણું કામ છે. આવું ઉપદેશ આપવા માટે નવરા નથી અમે.' ત્યારે મને કહે છે, 'તમે ક્રિશ્ચિયન થવામાં માનતા નથી ?' મેં કહ્યું, 'તમારા ક્રાઈસ્ટનો જનમ થયો તે પહેલાનો હું ક્રિશ્ચિયન છું.' શું કહ્યું એને ?

**પ્રશ્નકર્તા :** ક્રાઈસ્ટના જન્મ પૂર્વેનો હું ક્રિશ્ચિયન છું.

**દાદાશ્રી :** હં, મારા પછી તો ક્રાઈસ્ટ જન્મ્યા છે. 'હેં... હેં... ક્રાઈસ્ટના જન્મ પહેલાના ક્રિશ્ચિયન ?' મેં કહ્યું, 'હા, હા.' તે એના મગજમાં મોટો પથરો પડ્યો. 'બહુ મોટી વાત કહેવાય.' મેં કહ્યું, 'હા, બહુ મોટી ! ઘણી મોટી વાત છે !' 'પણ ક્રાઈસ્ટના જન્મ પહેલા ક્રિશ્ચિયન હતા ?' ત્યારે મેં કહ્યું, ''તમને શું લાગે છે ? એ પહેલા જંગલી હતા ? ક્રાઈસ્ટ જંગલીના પેટે જન્મ્યા'તા ? ક્રાઈસ્ટ ક્રિશ્ચિયનના પેટે જન્મ્યા'તા. તમે મને ક્રિશ્ચિયન બનાવવા ફરો છો ?''

## દરેક ધર્મને એની ડિગ્રી પર સ્વીકારીએ

અહીં બધા ધર્મોના ખુલાસા થાય. દરેક ધર્મવાળાને અહીં પોતાનો ધર્મ લાગે, કારણ કે અમે નિષ્પક્ષપાતી છીએ. તે બધા ધર્મોનો સંગમ અહીં જ છે !

**પ્રશ્નકર્તા :** દાદા, આપને અમુક લોકો જૈન માને છે, પેલો જૈન મંત્ર બોલો છો ને !

**દાદાશ્રી :** ના, હું તે જૈન મંત્ર એકલો નથી બોલતો, બધા મંત્રો બોલું છું. હું નિષ્પક્ષપાતી છું. નિષ્પક્ષપાતી એટલે પક્ષપાત નથી કોઈ જગ્યાનો. હું દરેક ધર્મનો સ્વીકાર કરું છું, સહુ સહુની ડિગ્રી ઉપર. સરખા નહીં, સમાન નહીં, સહુ સહુની ડિગ્રી ઉપર. જેમ નાનું બાળક અત્યારે આવે ત્રણ વરસનું, અરે નાગું આવે તો એમાં, એનો ધર્મ છે, એનો આપણે વાંધો ન ઉઠાવી શકીએ. અને પચ્ચીસ વરસનો હોય તો ? એટલે દરેકના ધર્મને હું સ્વીકાર કરું છું, પણ જેવો છે એવી રીતે જ.

## ન રહ્યો વૈષ્ણવ, ન થયો જૈન, હું તો જે છું એ છું

આમથી જૈનો અમને ટપલા મારે, આમથી વૈષ્ણવો ટપલા મારે. જૈન થઈ ગયા છે, કહે છે. ના જૈનો સંઘરે કે ના વૈષ્ણવો સંઘરે. તો પછી વૈષ્ણવોને મેં કહ્યું, કે 'ભઈ, અમારે કશો એવો પક્ષપાત નથી, તમને આ લાગે છે એવું.' ત્યાર પછી કહે, 'આ વૈષ્ણવના મંદિરમાં તમે આવો ને અમને સમજાવો, તમને પક્ષપાત નથી એવું.' એટલે વૈષ્ણવના મંદિરમાં ગયા ત્યારે વૈષ્ણવોને ખાતરી થઈ, કે ઓહોહોહો ! આ તો જ્ઞાની પુરુષ છે. એટલે પછી વૈષ્ણવો કહે છે, 'હવે દર ફેરે આવો ત્યારે અમારા મંદિરમાં આવીને અમને આ આપજો.' પહેલું એ એક જ જાણતા'તા, કે આ જૈન જ થઈ ગયેલા છે. અલ્યા ભઈ, હું તો વૈષ્ણવ રહ્યોય નથી ને જૈન થયોય નથી. હું તો જે છું એ છું.

**પ્રશ્નકર્તા :** દાદા, આપ શું છો ?

**દાદાશ્રી :** ના, પણ એમને જે 'રહ્યો' ને 'થયો' એ બધી ભાંજગડ તે ઊડી ગઈ. એ જાણે કે અમારા વૈષ્ણવમાં જન્મ્યા અને આમ કેમ થઈ ગયા ? મેં કહ્યું, એમાં વૈષ્ણવમાંય રહ્યો નથી ને જૈન થયોય નથી. હું ક્યાં આમાં પડું ?

**પ્રશ્નકર્તા :** એટલે આપણે 'ૐ નમો ભગવતે વાસુદેવાય, ૐ નમઃ શિવાય' કરીએ છીએ એટલે એ બતાવે છે, કે આપણને કશામાં રાગ-દ્વેષ નથી.

**દાદાશ્રી :** હા, બરોબર.

**પ્રશ્નકર્તા :** આપણે તો જે વીતરાગ હોય એ સાચા, જે રાગ-દ્વેષ છોડે એ સાચા આપણા.

## અમે સંપૂર્ણ નિષ્પક્ષપાતી

**દાદાશ્રી :** હવે આ 'દાદા, દાદા' કરશો ને, બધા સંકટો તૂટી જશે. કારણ કે આ દાદા બધા વ્યૂ પૉઈન્ટના ભેગા થયેલા છે. ત્રણસો સાંઈઠ

વ્યૂ પૉઈન્ટ ભેગા થયેલા છે અને આ સેન્ટ્રલ છે. કોઈ દસ અંશે, કોઈ વીસ અંશે, કોઈ પચ્ચીસ અંશે, ચાલીસ અંશે... ત્રણસો સાંઈઠ અંશ કોઈ ફેરો અહીં હોતો નથી. ફક્ત તીર્થંકરોને હોય છે. તે તીર્થંકરો તો કો'ક ફેરો ભેગા થાય. પણ પક્ષવાળા હોય. પોતે વીતરાગ હોય અને બહાર એમના લોક શું કહે ? અમારો પક્ષ જુદો. એટલે લોક શું જાણે કે આ વીતરાગ છે કે પક્ષપાતી છે ? પોતે વીતરાગ હોય પણ એમને માનનારા લોકો પક્ષ ઊભો કરી નાખે તેનું શું થાય ?

**પ્રશ્નકર્તા :** પણ એ કહે નહીં ? એ ઠપકારે નહીં, કે 'તમે કેમ આ પક્ષ ઊભો કરો છો, વાડો ઊભો કરો છો ?'

**દાદાશ્રી :** અક્ષરેય ના બોલાય એમનાથી. અક્ષરેય છપાયેલાની બહાર બોલાય નહીં. અમે તો છપાયેલાની બહારેય બોલીએ થોડુંક. એ ટાઈપ થયેલી હોય ને, તેની બહારનું બોલીએ.

**પ્રશ્નકર્તા :** પણ એ દાદા, ખોટું કરે એને કેમ બોલે નહીં ?

**દાદાશ્રી :** ખટપટ ના કરે એ ! ખટેય નહીં ને પટેય નહીં. અને તેથી અમે કહીએ છીએ, અમે ખટપટિયા વીતરાગ છીએ.

**પ્રશ્નકર્તા :** એ તો નિષ્પક્ષપાતી છે, પણ તમે કંઈ નિષ્પક્ષપાતી નથી. તમે તો અમારા પક્ષપાતી છો.

**દાદાશ્રી :** ના, એટલે અમે ખટપટિયા વીતરાગ હોઈએ. નિષ્પક્ષપાતી પણ ખટપટિયા. નિષ્પક્ષપાતી એટલે આખા જગતને માટે પક્ષ, પણ પક્ષપાત નહીં. પણ ખટપટિયા, કે 'ભઈ, આવ બા, તમે તો અમારા પાડોશમાં રહો છો, આ તમે આમ છો, તમે અમારા દેશના છો, હિન્દુસ્તાનના છો.' એટલી ખટપટ. પણ પોતાને કશું જોઈતું નથી.

અમે સંપૂર્ણ નિષ્પક્ષપાતી. એ રશિયાવાળાના સાયન્ટિસ્ટો હશે, અમેરિકાના સાયન્ટિસ્ટો હશે, જર્મનીના સાયન્ટિસ્ટો હશે, એ બધા ઍટ એ ટાઈમ એક્સેપ્ટ કરશે. બધા આખા વર્લ્ડના માનસશાસ્ત્રીઓ એક્સેપ્ટ કરશે.

અહીંયા આગળ જૈન ધર્મ નથી આ. આ બધા ધર્મોનો વીતરાગ ધર્મ છે આ. એટલે અહીંયા આગળ પક્ષપાત ના હોય. એ બધા ધર્મોવાળા અહીંયા આગળ જોવા મળે. પાંચેક હજાર તો લગભગ વૈષ્ણવ લોકો પામ્યા હશે. જૈનો, શિવમાર્ગીવાળા, બધાય પામે અહીં તો. મુસ્લિમ, પારસી બધાય હોય. અમારે મુસ્લિમ, પારસી જોડે જુદાઈ ના હોય. નિષ્પક્ષપાતી હોય. પક્ષપાત ના હોય, કે જૈન છે કે હિન્દુ છે, એવું ના હોય અમને. કારણ કે અમે તો આત્મધર્મી, દેહધર્મી નહીં.

❖❖❖❖❖

# [૧૫]

# દુઃખ અમને સોંપી દો

## એ તો કેમ કરીને સોંપી દેવાય ?

અમે લોનાવલા ગયા'તા. તે ત્યાં આગળ એક ગામડું છે, જોડે નજીકમાં. તે એ ગામડાવાળા કહે છે, કે 'અમારે ત્યાં દર્શન કરવા આવો. ત્યાં ઉપાશ્રય છે, ત્યાં દેરાસર છે.' ત્યારે મેં કહ્યું, 'આવીશું.' પછી ત્યાં ગયા ત્યારે કહે છે, 'ઉપાશ્રયમાં બેસો બધા.' તે આખી પેલી બસ લઈને ગયા'તા, ચાલીસ-પચાસ માણસની. પછી બધા શેઠિયા આવ્યા, તે બધા એમના દુઃખો ગાવા માંડ્યા. ત્યારે મેં કહ્યું, 'ભઈ, એમ કરો, આ તમે ગાવ અને હું સાંભળું, તમે ગાવ ને હું સાંભળ્યા કરું, એમાં તમારો શું શુક્કરવાર વળશે ? એના કરતાં તમે મને દુઃખ સોંપી દો બધા લખીને, કે આટલા આટલા અમારા દુઃખ છે. આ બધા દુઃખ સોંપી દો મને, અને સુખ તમારી પાસે રહેવા દો.' ત્યારે એક જણ કહે છે, 'તો તો પછી અમે શું કરીએ, ત્યારે તમને સોંપી દઈએ તો ?'

**પ્રશ્નકર્તા :** ઘોડાને ધૂંસરી વગર ન ચાલે, એના જેવું.

**દાદાશ્રી :** ના, પણ એવું જ કહ્યું. કહે છે, 'તો તો અમે શું કરીએ, દાદા ? એના કરતાં તમે દુઃખ ના લેશો ને અમારે ત્યાં પધરામણી કરો.' તે પાછું પધરામણી કરવા કહ્યું. દુઃખ આપવા તૈયાર નથી, બિચારા એનું.

વાણિયાઓને કહ્યું, બધા બેઠા'તા. તે કહે છે, 'અરે સાહેબ, કેટલા

દુઃખ છે અને કેટલી ઉપાધિ આવે છે !' તો મેં કહ્યું, 'મને સોંપી દો ને.' ત્યારે કહે છે, 'એ તો કેમ કરીને સોંપી દેવાય ? તમે બધું લઈ જાવ ત્યારે અમે શું કરીએ ?' લ્યો ! દુઃખોય ના સોંપે, મૂઆ ! જો એય અજાયબી કહેવાય ને ! વાણિયા બહુ પાકા, નહીં ? દુઃખ ભેળું સુખ જતું રહે તો શું થાય ? મારે તમારા સુખ જોઈતા નથી, તમારા દુઃખો આપી દો અમને. અને પછી વિશ્વાસ રાખજો, કે વિચારવુંય નહીં પછી. અને પાછો વિચાર આવે વખતે મહીં, તો કહે, 'જાવ, દાદાને ત્યાં, અહીં કેમ આવ્યો પાછો ? ગો ઘેર (ત્યાં જાવ).'

## મને કોઈ મળ્યું નહીં, પણ તમને તો હું મળ્યો

મેં દુઃખ જોયું હશે ખરું ? તમને કેવું લાગે છે ?

**પ્રશ્નકર્તા :** પહેલા જોયું તો હશે જ ને ?

**દાદાશ્રી :** ફિફ્ટી એઈટ પહેલા દુઃખ બહુ હતું. એ જોયેલું તેથી જ મને એમ થાય ને, કે ભઈ, શા હારુ દુઃખ ? આ તો વગર કામનો હું દુઃખી થયો'તો. મને તો કોઈ આવો કાઢનાર નહોતો મળ્યો. જો મળ્યો હોત ને, તો બધું મૂકીને એની જોડે જતો રહેત. દુઃખમુક્ત કરતા હોય ત્યારે ! પણ મને તો કોઈ એવું મળ્યું નહીં. અને તમને તો હું મળ્યો છું. તમને હું કહું છું કે સોંપી દો મને. હું ગપ્પું નથી મારતો, સાચેસાચા દિલથી કહું છું. સોંપવું છે ? જે પણ પ્રકારનું, શારીરિક દુઃખ હોય, બીજા દુઃખ હોય, બીજા જે પણ કંઈ દુઃખ હોય તે.

**પ્રશ્નકર્તા :** મેં તો સોંપી દીધું છે.

**દાદાશ્રી :** તમે સોંપી દીધું છે. તમારામાં શક્તિ છે એ સોંપવાની. પછી તમારે યાદ ના કરવું જોઈએ. જો વખતે યાદ આવે તો આપણે કહીએ, 'ગો ઘેર, અહીં નહીં.'

## દુઃખો મને સોંપી દો, સુખ તમારી પાસે રાખો

બધા દુઃખો અહીં આપી જાઓ. જેટલા દુઃખ હોય એટલા અહીં આપી જાઓ. તે સુખ તમારી પાસે રહેવા દો.

**પ્રશ્નકર્તા :** બોલો, આવું તો કોઈ નથી કહી ગયું.

**દાદાશ્રી :** કોઈ કહેતો હશે ? એની પાસે હોય નહીં. એની પાસે ચાર આનાય ના હોય ને, બૂમાબૂમ શેની કરે ?

**પ્રશ્નકર્તા :** આપણે દુઃખ કહેવા જઈએ, તો એ કહે, કે મારું પહેલા સાંભળ.

**દાદાશ્રી :** ના, પણ દુખિયા માણસો બીજું શું કરે ? દુખિયા માણસ શું કરે ? છવ્વીસ વર્ષથી એક સેકન્ડ મને સમાધિ ગઈ નથી. ચોવીસેય કલાક, રાત-દહાડો.

**પ્રશ્નકર્તા :** પણ અમારે સોંપી શકાય ખરા ને ?

**દાદાશ્રી :** હા, ખુશીથી. આખા વર્લ્ડને હું બૂમો જ મારું છું કે અલ્યા, સોંપો, સોંપો, પણ કોઈ સોંપતા જ નથી. તમારા સર્વસ્વ દુઃખો મને સોંપી દો ને બધા. પછી જો યાદ ના કરો તો તમને આવે તો કહેજો, જાવ. ગૅરેન્ટી આપું છું. દુઃખો મને સોંપી દો ને !

**પ્રશ્નકર્તા :** એટલા માટે જ મેં કહ્યું ને !

**દાદાશ્રી :** હા, હા, મને સોંપી દેવા, તમારે બધા દુઃખ સોંપી દેવા. ત્યાંથી ઘેરથી મોકલો. અહીંથી મોકલવાનું કે 'જા, દાદાને ઘેર. ગો ટૂ દાદાઝ હાઉસ.'

એટલે ગોઠવણી કરજો બધી આ પ્રમાણે.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તમારે કંઈક દુઃખો હોય તો મને કહેવું, કે 'દાદા, આટલા દુઃખ મને છે, તો હું તમને સોંપી દઉં છું', ને તે હું લઈ લઉં.

## દુઃખને કહેવું, 'જા દાદાને ત્યાં'

દાદાને જ બધું આપી દેવાનું. કહીએ, જા દાદાને ત્યાં, અહીં શું છે ? ઈધર ક્યા હૈ ? સબ દે દિયા દાદાકુ. અમારા પાસ જો હૈ, વો દે દિયા દાદાકુ. ઈધર ક્યોં આયા ?

**પ્રશ્નકર્તા :** પાછું સુખ નહીં આપવાનું.

**દાદાશ્રી :** ના, સુખ નહીં, સુખ તમારી પાસે રાખવાનું. મને સુખનો શોખ નથી એટલે તમારી પાસે રાખવાનું. તમારાથી દુઃખ જો સહન ન થાય તો મોકલી દેવાનું. અને આપણે કહેવું, ઈધર ક્યોં આયા હૈ, દાદા કો દે દિયા હૈ. એટલે બે-પાંચ વખત કહો ને, અપમાન થાય તો ઊભું ના રહે. આ પુદ્‌ગલનો ગુણ કેવો છે ? અપમાન થાય તો ઊભું ના રહે.

એક જણ કહે છે, 'મારે આમ થાય છે ને તેમ થાય છે, ધંધો બધો ગૂંચાયેલો છે, મગજ બધું કોહવાઈ ગયું છે.' મેં કહ્યું, 'બધા મહીં બૂમાબૂમ કરતા હોય ને, તો કહીએ, જાવ દાદાને ત્યાં, ઈધર ક્યા હૈ ?' એણે તો કર્યું ખરું, ને ગૂંચ જતી રહી. નાલાયક, ઈધર ક્યોં આયા હૈ ? તુમ્હારા સબ હપ્તા ઉધર ભર દિયા હૈ. જાઓ, દાદા કે પાસ ચલે જાવ. મામાની પોળ ઘર નંબર છ, ચલે જાવ. આ શું ? વગર કામના પ્યાદાં અહીં ફર્યા કરે. અપમાન કરવું, 'ગેટ આઉટ, ઈધર ક્યોં આયા હૈ ?'

**પ્રશ્નકર્તા :** આપણે એક બાજુ 'વ્યવસ્થિત' કહીએ ને બીજી વખત કહીએ, 'દાદાને સોંપી દીધું' તો બેમાંથી કયું ખરું ?

**દાદાશ્રી :** દાદા ને વ્યવસ્થિત એક જ છે, બધું એક જ છે. દગો થાય એવું નથી. આપણે સોંપવા સાથે કામ છે, કામ સાથે કામ છે. તમારી બધી વરિઝ સોંપી દો, શારીરિક દુઃખો સોંપી દો.

## આખા જગતના દુઃખ લેવા માટે આવ્યા છીએ

હું દુઃખો લેવા આવ્યો છું જગતના અને સુખ તમારી પાસે રહેવા દો. આ શર્ત ખોટી છે એમાં ?

**પ્રશ્નકર્તા :** ખોટી નથી.

**દાદાશ્રી :** હા, તમને જે કંઈ દુઃખો હોય, જે જે દર્દો હોય તે મને સોંપો. પણ પાછા ના મંગાવશો. પાછા ના મંગાવો તો અમારી પાસે રહેશે અને તમારી પાસેથી જતું રહેશે. પણ તેય લોકોને વિશ્વાસ નથી આવતો

મહીં, કે દુઃખ આપી દઈએ તો પછી શું કરીએ આપણે ? મેર મૂઆ, એ આપી દે ને !

તરત સોંપે ને વિશ્વાસથી તો દુઃખ જરી ઊભું ના રહે એની પાસે. પણ એટલો વિશ્વાસ આવે તો ને ? વિશ્વાસ ના આવે ને ! આપણા મહાત્માઓ મહીં સોંપી જાય, તે લોકોને વિશ્વાસ આવે તે સોંપી દે, કે 'દાદા, તમને સોંપ્યું.' હા, ભઈ, સોંપ્યું, ચાલ હેંડ. હવે યાદ ના કરીશ તું. યાદ કરીશ તો પાછું આવશે. ત્યાં સુધી દુઃખ તને નહીં થાય, એ વાતની સો ટકા ગૅરેન્ટી અમે આપીએ છીએ.

**પ્રશ્નકર્તા :** વિશ્વાસ પડવો જોઈએ પહેલા તો.

**દાદાશ્રી :** દુઃખો આપવામાંય વિશ્વાસ નથી પડતો, જુઓ ને ! આપણે સુખ રહેવા દેવાનું કહીએ છીએ ને એમના દુઃખો આપવાનું એટલું કહીએ છીએ તોય વિશ્વાસ પડતો નથી.

## મને દુઃખ અડતું જ નથી

અમે તો કહીએ છીએ કે આખાય જગતનાં દુઃખો અમને હો. તમારામાં જો શક્તિ હોય તો તમારા સર્વ દુઃખો અમારા ચરણોમાં જરાય અંતરપટ રાખ્યા વગર અર્પણ કરી જાવ. પછી જો દુઃખ આવે તો અમને કહેજો. પણ આ કાળમાં એવાય લોકો મને મળ્યા છે કે જેઓ કહે છે કે દુઃખ આપી દઉં તો પછી મારી પાસે શું રહે ? પણ મૂઓ સમજતો નથી કે તું પોતે જ અનંત સુખનો કંદ છું. તે દુઃખ આપી દઈશ તો નર્યું અપાર સુખ રહેશે. પણ કોઈને દુઃખ આપતાય નથી આવડતું !

એક અમારા મામાના છોકરાને મેં કહ્યું'તું, 'આ દુઃખ મને સોંપી દે ને !' તો કહે, 'આ મારા દુઃખ તમને સોંપું તો તમને કેટલી ઉપાધિ થાય !' મેં કહ્યું, 'ના, વાંધો નહીં. મને કશું નહીં થાય.' ત્યારે કહે, 'ના, ના, મારાથી એવું ના સોંપાય.' એ એવું જાણે કે ચોંટી પડતું હશે એમને દુઃખ ! આને ક્યાં પહોંચી વળાય તે ? તમને યાદ ના રહેવું જોઈએ. એવું તમે સોંપી દો કે તમને યાદ ના રહ્યું કે તમને એ દુઃખ ઉત્પન્ન થશે

નહીં. અને દુઃખ ઓગળી જશે. કારણ કે મને સોંપેલું છે. માટે ઓગળી જવાનું દુઃખ.

**પ્રશ્નકર્તા :** તે અમને પછી કંઈ લાગે-બાગે નહીં ને દોષ-બોષ ?

**દાદાશ્રી :** મને લાગે નહીં ને તમને ફાયદો થઈ જાય.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર. તમને તો લાગે નહીં એ બરોબર.

**દાદાશ્રી :** અમને દુઃખ હોજો પણ તમને ના હોજો. અમે શું કહીએ ?

**પ્રશ્નકર્તા :** અમને દુઃખ હોજો.

**દાદાશ્રી :** હા, પણ અમે તો તાકાતવાળા છીએ. અને તમે ઢીલા છો. અમારું મેન્ટલી, ફિઝિકલી (માનસિક, શારીરિક) બધું ઑલ રાઈટ (બરાબર) છે. અને અમારી પર દુઃખ અડે નહીં ને ! કારણ કે દુઃખ મારે ત્યાં ઊભા રહેતા નથી. જે આવે છે ને, તે દુઃખ ઓગળી જાય છે બધા મારી પાસે. કારણ કે મને દુઃખ અડતું જ નથી. બરફને દેવતા અડે એવું કોઈ કહે, તો એ ભૂલ કહેવાય ને ? બરફને દઝાયું હોય દેવતાથી ? ઊલટું દેવતા ઓલવાઈ જાય. એટલે તમારા કંઈક દુઃખ હોય તો મને સોંપી દો, ભાઈ.

## સોંપ્યા પછી સંભારવા નહીં

આ નીરુબેનને નાનપણથી કહી દીધું છે, દસ-બાર વર્ષથી, કે દુઃખો સોંપી દેજો, તે મને સોંપી દીધા. હવે છે કશી ભાંજગડ કશી ?

**પ્રશ્નકર્તા :** કંઈ જ નહીં.

**દાદાશ્રી :** થોડું રહેવા દીધું તમારી પાસે ? બધું સોંપી દીધું છે ? એમના ફાધરે કહેલું, એમના ભાઈઓ-બાઈઓ બધાયે સોંપી દીધેલું. ત્યાં દુઃખ પાછું ગયું જ નહીં ઔરંગાબાદ.

એવા ઘણાય સોંપનારા છે મુંબઈમાં. ઘણાએ સોંપેલું છે તે કશી ઉપાધિ જ નથી. ચાલ્યા જ કરે ગાડું. પણ કેટલાક સોંપીને પાછા બોલાવે

કે 'હશે, દાદા શું કરે, હવે આ તો બધા મારા કર્મ ને !' તે પાછું બોલાવે. મેલ પૂળો અહીંથી, સોંપી દીધા પછી ભાંજગડ શી ?

તમારા દુઃખ અમને સોંપી જાવ. ફરી સંભારવાના ના હોય તો સોંપજે, નહીં તો સંભારીશ તો પાછું ડબલ આવશે. જેટલું દુઃખ સોંપું એ ફરી યાદ નહીં કરવાનું. દાદાને સોંપ્યું છે, મારે ચિંતા નથી હવે.

**પ્રશ્નકર્તા :** હા, એટલો વિશ્વાસ તો હોવો જ જોઈએ, બરાબર છે.

**દાદાશ્રી :** એટલી તને જો શક્તિ હોય તો સોંપજે. પછી આવે તો જોખમદારી મારી. સીલબંધ સોંપી દેજે.

રાતેય તું આમ દુઃખનું પડીકું વાળીને કહે કે 'જા, દાદાને ઘેર', પછી એ ફરી જો સંભારે નહીં, તો દાદાને ત્યાં પહોંચી જશે અને નિરાંતે ઊંઘ આવી જશે. માટે મોકલવું દાદાને ત્યાં. દાદા આ પલંગમાં બેઠા બેઠા દુઃખોનું નિવારણ જ કર્યા કરે છે લોકોનું. અને બીજું બધું બહુ કાર્ય કર્યા કરે છે.

❖❖❖❖❖

# [૧૬]

# એક જ ઈચ્છા, જગત કલ્યાણ કરવાની

## જે સુખ હું પામ્યો એ આખું જગત પામો

**પ્રશ્નકર્તા :** આપનું કાયમનું સ્થાન ?

**દાદાશ્રી :** મારે કાયમનું સ્થાન, હું મારા આત્મામાં જ નિરંતર રહું છું. ફક્ત આ દેહના સ્થાન બદલાયા કરે છે. અહીંથી અમદાવાદ, મુંબઈ, વડોદરા... અમદાવાદથી મુંબઈ, વડોદરા, સુરત, પાછા અમેરિકા.

હવે મુંબઈ દોઢ મહિનો રહીશું. પછી અમદાવાદ જઈશું. ત્યાંથી કારમાં ગયા તો દરેક ગામમાં સત્સંગ આપતા આપતા ઠેઠ વડોદરે સુધી પહોંચવાનું. દરેક ગામવાળા રાહ જોઈને જ બેસી રહ્યા હોય.

**પ્રશ્નકર્તા :** આપનો ધ્યેય શું છે ?

**દાદાશ્રી :** અમારો ધ્યેય એવો કે દરેકને આ ઉકાળામાં શાંતિ થઈ જાય અને લોકો સદ્‌વૃત્તિ તરફ વળી જાય. આ બધા દુષ્ટ વિચારો-બિચારો બધું ખસી જાય. સત્યુગ જેવી દશા ઉત્પન્ન થાય.

અમારો ધર્મ શો, કે ચોખ્ખું કરવું છે, આ ગંદવાડો રહેવો ના જોઈએ. આ સંસ્કાર રહેવા ના જોઈએ. અમારી ભાવના એ કે અમે જે જ્ઞાન પામ્યા છીએ, સુખ પામ્યા છીએ, એ સુખ લોકો પામો.

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે, બધા પામવા જોઈએ.

**દાદાશ્રી :** હા.

## જ્ઞાનમાં દીઠું ભડકે બળતું જગત, તેથી કરું દોડધામ

'૫૮માં થયું આ જ્ઞાન, ત્યારથી આ નક્કી કર્યું કે 'આ જે સુખ હું પામ્યો છું, એ સુખ આખું જગત પામો.' કેટલી બધી ભયંકર યાતનામાંથી પસાર થઈ રહ્યા છે, બિચારા ! આમ બહાર તો રોફ, ધોલો મારીને ગાલ લાલ રાખે છે.

**પ્રશ્નકર્તા :** હા, ખરી વાત છે.

**દાદાશ્રી :** મને છોતેર વર્ષ થયા, તોય દિવેલ ચોપડેલું દેખાય છે મારા મોઢા પર ? શેના માટે પણ ?

**પ્રશ્નકર્તા :** પામી ગયા છો એટલે.

**દાદાશ્રી :** સંસાર આખો ભડકે બળે છે અને તરફડે છે, એ અમને આંખે દેખાય છે. તેથી આ છોતેર વર્ષે દોડધામ કરું છું, નહીં તો મારે શું કરવા આ કરવી પડે ?

કારણ કે અમારાથી સહન નથી થતું. આ લોકોને અંદર જે બળતરાઓ ને આ જે દુઃખ છે, તે અમે જોઈ શકીએ છીએ.

ભયંકર બળતરામાં આ જગત સડી રહ્યું છે, અને તે મારા જ્ઞાનમાં દેખાય છે. આ બુદ્ધિથી નથી દેખાતું મને, મારા જ્ઞાનમાં દેખાય છે. બુદ્ધિનું દેખાયેલું ખોટું પડે ને ખરુંય પડે. મારા જ્ઞાનમાં આખા વર્લ્ડની અગ્નિ જ દેખાયા કરે છે. એટલે મહીં મને કોઈ દહાડો, સાચી ઊંઘેય ના આવે ને બળી. જેમ આપણા ઘરમાં બધા ચિંતા કરતા હોય તો આપણને ઊંઘ ના આવે, એવી રીતે મને આખા દેશ અને દુનિયાની કલ્યાણની ભાવના રહે છે અને તેમાં જ હું જાગૃત રહું છું. મારું તો કલ્યાણ થઈ ગયું છે, પૂરેપૂરું થઈ ગયું છે ! મારે કશું કરવાનું બાકી રહેતું નથી. હવે આ લોકનું કલ્યાણ કેમ થાય ? એટલા હારુ તો હું નીકળ્યો છું, નહીં તો હું રિટાયર્ડ

(નિવૃત્ત) થઈ જાત નિરાંતે. મને રિટાયર્ડ થતા ના આવડે ? રિટાયર્ડ થતા હવે વાંધો ખરો ? છોતેર વર્ષ થયા એટલે કોઈ વાંધો ઉઠાવે કે હવે તમે કેમ રિટાયર્ડ થઈ ગયા ? ભઈ, સાંઈઠ-પાંસઠ, પાંસઠ વર્ષની ઉપર બધા રિટાયર્ડ થવાને વાંધો ના ઉઠાવે. અઠ્ઠાવનવાળાને વાંધો ઉઠાવે થોડોઘણો, કે હવે આયુષ્ય વધ્યું છે એટલે થોડો વખત વધારો, કહે છે. પણ મને તો વાંધો ના ઉઠાવે. પણ ના થવાય, રિટાયર્ડ થવાતું હશે ?

## આખું જગત, જીવમાત્ર સુખને પામો

**પ્રશ્નકર્તા :** જનકલ્યાણની વાત છે ને, આમાં તો ? જગત કલ્યાણ કરવાનું છે ને ?

**દાદાશ્રી :** હા, એટલે જ આપણે રિટાયર્ડ નહીં થવું, એ જગત કલ્યાણમાં તો નિમિત્ત છીએ આપણે. આપણે શું કરવાના છીએ ? પણ નિમિત્ત. એટલે આપણો ભાવ શું છે ? ત્યારે કહે, જગત બધું સુખી થાવ. ત્યારે કહે, 'હિન્દુસ્તાન એકલું ?' 'ના, આખું જગત, જીવમાત્ર સુખને પામો.' ત્યારે કહે, 'બધા જીવ ?' ત્યારે કહે, 'ફર્સ્ટ પ્રેફરન્સ (પહેલી પસંદગી) મનુષ્યો. અને સેકન્ડ પ્રેફરન્સ (બીજી પસંદગી) મનુષ્ય સિવાય ઈતર.' પણ બધા જીવોને સુખ થાવ, પણ ફર્સ્ટ પ્રેફરન્સ મનુષ્યોનું, કે જે લોકો દુઃખને સમજી શકે છે ને દુઃખને સહન કરી શકતા નથી.

આ જગતનું કેમ કરીને કલ્યાણ થાય ને જે સુખ હું પામ્યો છું એ સુખો આ લોક કેમ પામે ! એટલા માટે નીકળેલો છું ઘેરથી. મારે બીજું કાંઈ તમારું જોઈતું નથી, પણ મારા જેવું સુખ જગત આખાને હો, અગર સુખ ના થાઓ તો એમના રસ્તે ચઢો પણ દુઃખ તો ન જ હો. લોકોને દુઃખ ના હોવા જોઈએ આ બધા. અણસમજણે કરીને ઊભા કરેલા દુઃખ છે બધા. તે આ દુઃખો ન રહેવા જોઈએ, એવો મારો સિદ્ધાંત છે.

## અહો ! અહો ! જ્ઞાની પુરુષની આ જગત કલ્યાણી કૈડ

**પ્રશ્નકર્તા :** દાદા, એ તો કેટલો બધો અમારે ઉપકાર તમારો માનવાનો !

**દાદાશ્રી :** એવું છે, જગત સમજતું નથી. જગત એને શું સમજે છે, કે મા છોકરાને ધવડાવે છે એટલે છોકરા હારુ ધવડાવે છે. એ માઓને પૂછી જોજો કે છોકરા હારુ ધવડાવે છે કે તારા હારુ ધવડાવું છું ? ધાવણ આવતું હોય ને, કૈડ લાગે. આ દાક્તર સમજે. તે કૈડ મટાડવા હારુ ધવડાવે. પણ વ્યવહારમાં આ આવું ના બોલાય. વ્યવહારમાં તમારે ઉપકાર માનવો જોઈએ, નહીં તો તમને પરિણામ નહીં પામે. વ્યવહારમાં તમારે સો ટકા અમારો ઉપકાર માનવો જોઈએ. પણ જે ઉપકારીઓ છે એને મનમાં કેફ ચઢી જાય છે ને, તેમને આ અમારી વાત શિખવાડવાની. એમને કેફ ચઢી જાય, અમે શુંનું શુંય આપી દઈએ ! સંડાસ જવાની શક્તિ નથી ને તું શું આપવાનો મૂઆ, અક્કરમી ?

**પ્રશ્નકર્તા :** દાદા, તમને શેની કૈડ ? તમને કાંઈ કૈડ નહીં ને ?

**દાદાશ્રી :** આ કૈડ નહીં તો બીજું શું ? મારી ઈચ્છા પૂરી ના થાય એ કૈડ જ કહેવાય ને ! મારી ઈચ્છા છે કે હું જે સુખ પામ્યો એવું સુખ બધા પામો, એ ઈચ્છા મારી પૂર્ણ ન થાય, તો એ કૈડ કહેવાય ને ? કેમ બોલતા નથી ?

**પ્રશ્નકર્તા :** બરાબર, સાચી વાત. કૈડ કહેવાય તો ખરી. સૂક્ષ્મ રીતે કહેવાય.

**દાદાશ્રી :** તો પણ તમે આવું ના માનતા. એ તો હું એકલો જ આવું બોલું, કોઈ બોલે જ નહીં આવું તો !

## જ્ઞાનીની ગરજ મહાઉપકારી જગતને

આ અમે બધા બેઠા છીએ ને અહીંયા આગળ, તે આ બધાના મનમાં એમ કે ઓહોહો ! આ દાદાનો કેટલો બધો ઉપકાર ! અમે ઉપકાર કરીએ નહીં. જે અપકાર કરે એ ઉપકાર કરે. આ તો અમારી ગરજે છે તે કરીએ છીએ. ઠેઠ આ પંચોતેર વર્ષે અહીં અમદાવાદમાં આવીને આ (સત્સંગ) કરું છું, શા હારુ કરું છું ? આ અમારી ગરજે કરીએ છીએ. પણ તમારે એવું ના માનવું, નહીં તો મૂરખ બનશો. તમે

જો મારું કહેલું શીખશો તો ઊંધું થશે. તમારે તો એવું માનવું મહાન ઉપકાર ! આવો ઉપકાર કોણ કરે ?

**પ્રશ્નકર્તા :** દાદા, આપ કહો છો ને કે અમે અમારી ગરજે છે એવું રાખીએ ને તમે મહાન ઉપકાર રાખો. તો એમાં આપને એવી કઈ ગરજ હોય ?

**દાદાશ્રી :** અમારી ગરજ છે. અમારી મહીં ઈચ્છા છે તો પડ્યા છીએ આમાં. અમારે ઈચ્છા પૂરી કરવાની ગરજ હશે ત્યારે ને ?

**પ્રશ્નકર્તા :** કલ્યાણ કરવાની !

**દાદાશ્રી :** શી ઈચ્છા, કે આ લોકો કેમ કરીને મારા જેવા સુખિયા થઈ જાય બધા ! આ લોકોનું દુઃખ કેમ કરીને જાય ? એય પણ ઈચ્છા છે ને એક પ્રકારની ? ઈચ્છા નહીં ? આ ઈચ્છા ના કહેવાય ? તમારી લેખિત ભાષામાં શું કહો છો ?

**પ્રશ્નકર્તા :** ઈચ્છા કહેવાય, દાદા.

**દાદાશ્રી :** હા, તો એ ઈચ્છા પૂરી કરવા માટે આ બધી દોડધામ કરીએ છીએ. એટલે એ તો ખરું જ ને ! ગરજ તો ખરી ને ! કેટલી ઘરાકી, જુઓ ને, આખો દહાડો ઘરાકી તે માય (સમાય) નહીં. સવારના સાતથી તે રાતના સાડા અગિયાર વાગશે, હજુ તો સાડા અગિયાર વાગ્યેય પાછા ઉઠાડવા પડશે.

**પ્રશ્નકર્તા :** એ ઈચ્છાની પાછળ તો કલ્યાણકારી ભાવના જ છે ને ?

**દાદાશ્રી :** કલ્યાણકારી ભાવના એટલે કલ્યાણ જ કરવા માટેની ઈચ્છા ! એવી ગરજ છે ને, એક જાતની ! શું છે ?

**પ્રશ્નકર્તા :** કરુણા છે એવી, દાદા.

**દાદાશ્રી :** હા, કારુણ્યતા, પણ એને (જ્ઞાનીને) ગરજ છે ને ! પેલો 'ના' કહે તો વાંધો નથી, એનું નામ કરુણા. પેલો 'ના' કહે તોય વાંધો નથી, 'હા' કહે તોય વાંધો નથી. કહી છૂટે, કે ભઈ, જ્ઞાન છે.

હું પામ્યો એ સુખ બીજા પામો એવી એ રૂપી ગરજ છે અમારી. હવે એ ગરજ પેઠી, એ ગરજ શું શું કામ કરે ? પેલાને કહે કે 'ભઈ, આવ, બા. તારાથી નહીં થાય આ ને હું તને કરી આપીશ.'

## તમારું જ સુખ મારે તમને આપવાનું છે

**પ્રશ્નકર્તા :** બીજા બધા લોકો પંથ-સંપ્રદાય સ્થાપે છે, પોતાનો મત ચાલે એ માટે, તો આપે એવો પંથ કેમ સ્થાપ્યો નથી ?

**દાદાશ્રી :** ના, એ તો વેપારી લોકો છે, હું કંઈ વેપારી નથી. એમને તો ધન કમાવું છે. હું કશું કમાવવા નથી ગયો. મારે તો આ જગતના દરેક જીવો, જે સુખ હું પામ્યો છું એવું આ સુખ પામો.

**પ્રશ્નકર્તા :** પણ એ શક્ય છે, કે આપના જેવું સુખ અમે બધા પામી શકીએ ?

**દાદાશ્રી :** પામે જ છે ને, આ બધા નથી પામતા ? પામે જ છે ને ! કારણ કે છે જ સુખ, પોતાની પાસે જ સુખ છે. તમારું જ સુખ મારે તમને આપવાનું છે, તમારું સુખ મારે તમને ચાવીથી કાઢી આપવાનું છે. તમારું છે તે અન્ડરગ્રાઉન્ડ (છૂપાયેલું) છે. તે મારે ખોલી આપવાનું છે કે ભઈ, આ લ્યો ચાવી, ખોલી નાખો હવે. મારે કાઢી આપવાનું છે ફક્ત, કે લે, ભઈ, આ ચાવીથી ઉઘાડીને તું વાપર. એટલું જ કરવાનું છે ને, બીજું શું કરવાનું છે ?

તે સુખ તમારા ઘરનું છે, મારે ઘેરથી આપવાનું નથી. મારે ઘેર તો ઊલટું સુખ નર્યું ઊભરાઈ રહ્યું છે. તે મારી જોડે અમથા બેસે તોય સુખ થાય. મજૂરો બેસે તોય સુખ થાય. બધાને, જે જાનવરો, કાગડા અમારે ત્યાં બેસે છે ને, તેનેય બહુ સુખ થાય છે.

## આ દુકાન નહોય, હું તો મારા પ્રારબ્ધનું ખઉં-પીઉં ને પહેરું

હું તો મારા ઘરનું, મારા પોતાના ધંધાની કમાણીનું, મારા પ્રારબ્ધનું ખઉં છું ને પીઉં છું, લૂગડાં પહેરું છું આ બધા. હું કંઈ કોઈનો પૈસો લેતોય

નથી, પહેરતો નથી. એટલે અહીં જુદી જાતનું છે. આ દુકાન નહોય, તોય છતાં લોકો તો એને 'દુકાન' જ કહે. કારણ કે 'બીજા બધાએ દુકાન કાઢી, તમે શું કરવા કાઢી ? તમારે શું ગરજ ?' તે મારે આ ખટપટ ખરી ને ! 'હું જે પામ્યો છું એ તમે પામો' એ ખટપટ તો ખરી જ ને બધી ! એવી ગરજ તો ખરી ને !

**પ્રશ્નકર્તા :** ના, એ ગરજ નહીં, પણ તમને એવી ભાવના થાય કે આ બધા જીવોનું કલ્યાણ કરું.

**દાદાશ્રી :** હા, આ જીવોનું કલ્યાણ થાય તો સારું એવી ભાવના હોય બધી, એ ખટપટ કહેવાય પણ. પેલા સાચા વીતરાગ કહેવાય ને આ ખટપટિયા વીતરાગ, એટલું જ. બીજો ફેર નહીં.

## એવી કરુણા, તે ખટપટ કરી જ્ઞાન આપે

પેલા વીતરાગ તો બોલે જ નહીં. તમારું અહિત થવાનું હોય તોય બોલે નહીં, હિત થવાનું હોય તોય બોલે નહીં. હાથ ઘાલે નહીં ને આમાં ? સંસારી પ્રક્રિયામાં કે સંસાર ચાલે છે એમાં, વ્યવસ્થિતમાં હાથ ઘાલે નહીં. અને અમે તો હાથ ઘાલીએ, કે 'આવજો, તમને જ્ઞાન આપવાનું છે કાલે.' 'ભઈ, તમારે શું છોકરાં પૈણાવાના છે તે તમે આવું બોલો છો ?' ત્યારે કહે, 'વીતરાગ, ખટપટિયા વીતરાગ છીએ.'

ભગવાન મહાવીરે જ્ઞાન આપેલું નહીં. કારણ કે ખટપટિયા ના હોય ને ! ખટપટિયા એ જ્ઞાન આપે. અમે કહીએ છીએ ને, કે ભઈ, અમે ખટપટિયા વીતરાગ છીએ. અને મહાવીર ભગવાન ખટપટિયા નહીં. એ કહે કે, 'તમારે અનુકૂળ આવે તો કરો ને ના અનુકૂળ હોય તો તમારી મરજી. અમે તો બોલી છૂટીએ.' અમેય એવું બોલીએ તો ખરા, અનુકૂળ આવે તો કરો ને ના અનુકૂળ આવે તો ના કરશો. પણ અમે તમને ખટપટ કરીએ, કે 'આવજો, આવજો, અમે તમને છ વાગે જ્ઞાન આપીશું.' શેના માટે એ ખટપટ ? ત્યારે કહે, આ જગતની કોઈ ચીજ એવી નથી કે જે દાદાને ખપતી હોય. દાદાને અબજો રૂપિયાનું સોનું આપે, તો દાદાને કામ નથી. દાદાને સ્ત્રી સંબંધી વિચાર હોય નહીં. દાદા આ શરીરમાં રહેતા

નથી. દાદા શરીરના માલિક નથી, મનના માલિક નથી અને આ વાણીના માલિક નથી. એ દાદાને તમારે શું આપવાનું હોય ? છતાંય પણ એમના મનમાં એમ છે, કે જે સુખ હું પામ્યો છું, એ લોકો પામો. એટલા માટે એ ખટપટ કરે છે. શેના હારુ કરે છે ?

**પ્રશ્નકર્તા :** કલ્યાણ માટે, કરુણાવશ !

**દાદાશ્રી :** કારણ કે લોકો કેવી ભરહાડમાં બફાઈ રહ્યા છે, શક્કરિયા ભરહાડમાં બફાય એમ બફાઈ રહ્યા છે. અગર તો માછલાં બહાર તરફડે એમ તરફડી રહ્યું છે જગત. એટલે આ મારે છોતેર વર્ષે-સિત્યોતેર વર્ષે પણ આ બધે ફર ફર કરીને મારે આ કરવું પડે છે. ઘણા લોકો શાંતિને પામ્યા. અને કેવી ? ચિરસ્થાયી શાંતિ પામ્યા. અને શાંતિનો માર્ગ પણ પામી ગયા, ધંધા-રોજગાર કરતા.

## પોતે ખોટ ખાઈને પણ બીજાને પમાડે લાભ

તીર્થંકરો તો વચમાં હાથ ઘાલે નહીં. અને આ તો બધું ઊંધું-છતું હોય તોય ધોઈ હઉ આપે આપણને. તે બધી રીતનો લાભ ને ?

**પ્રશ્નકર્તા :** બધી રીતે લાભ.

**દાદાશ્રી :** હા, મોક્ષનો લાભ પૂરો નથી ઉઠાવતા તો એ નથી ઉઠાવતા, તેમાં આપણે શું ? પણ આપણને તો એ બધો લાભ મળે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** કહે છે કે ખોટ કોને ગઈ ? ત્યારે કહે, દાદાને ગયેલી છે. ત્યારે દાદાને આપણે પૂછીએ કે 'તમારે ખોટ ગઈ છે, તેની તમને અસર નથી ?' ત્યારે કહે, 'ના, બા, મને વાંધો નથી. આવું જગત કલ્યાણ થાવ. હું તો મોક્ષમાં જ હોઉં છું. મોક્ષ સિવાય મને બીજી વસ્તુ જ દેખાઈ નથી કોઈ ક્ષણે.'

**પ્રશ્નકર્તા :** અમારા માટે એ ખટપટ ઉપકારક છે, દાદા.

**દાદાશ્રી :** એ પણ તમારા માટે, પણ અમારો આ બગાડ છે, પણ અમારી ઈચ્છાપૂર્વકનો છે.

**પ્રશ્નકર્તા :** પામો, એ ઈચ્છાને લીધે છે. પણ દાદા, જો ખટપટ ના હોત તો આટલા બધાનું કલ્યાણ ના થાત.

**દાદાશ્રી :** કેવી રીતે થાય તે ? હું મારા સ્વાર્થમાં પડ્યો હોઉં ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ખટપટ એટલે બીજાનું જોવું, એનું નામ તીર્થંકર નામકર્મ બંધાય. બીજા લોકોનું, પોતાનું કંઈ જોવાનું નહીં. બધા જ તીર્થંકરો ખટપટિયા હતા, આગલા અવતારમાં.

**પ્રશ્નકર્તા :** હા, એટલે તો તીર્થંકર ગોત્ર બાંધ્યું.

**દાદાશ્રી :** આ તો અમે ખટપટ કહીએ છીએ ને, લોક ભડકે છે, ખટપટ કેમ કહો છો ?

**પ્રશ્નકર્તા :** દાદા, આ ભવની ખટપટ તો તીર્થંકર ગોત્રની જ ખટપટ લાગે છે.

**દાદાશ્રી :** આ શાસ્ત્રકારો સારા શબ્દો લખે ને અમે છે તે આવું લખીએ. ચોખ્ખું લખીએ તો પેલો માણસ સમજી જાય. આય ખટપટ જ કહેવાય, મૂઆ !

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** સારો શબ્દ રાખી મેલવા જેવી ચીજ નહોય આ તો.

## તો બંધાય તીર્થંકર ગોત્ર

**પ્રશ્નકર્તા :** દાદાજી, જ્ઞાની પુરુષ થયા બાદ જ એ પછી તીર્થંકર થાય ?

**દાદાશ્રી :** હા, પછી તીર્થંકર થાય, નહીં તો કેવળીએય થઈ જાય. પણ બનતા સુધી જ્ઞાની પુરુષની પરિણતિ એવી હોય, કે આ જગતનું

કેમ કલ્યાણ થાય એવા ભાવો હોય. એટલા ભાવને માટે જ એ જીવતા હોય, બીજો કોઈ ભાવ ના હોય. એટલે છેવટે તીર્થંકર પદને પણ પ્રાપ્ત થઈ જાય. કારણ કે જગત કલ્યાણ કરવાની જે ભાવના છે, એની પાછળ તીર્થંકર ગોત્ર બંધાય છે. અને ભગવાને તો એટલે સુધી કહ્યું છે કે એક જ જીવ જો આ ઊંધે રસ્તે ચાલતો હોય, એ એક જ જીવને જો પાછો પાડે તોય તીર્થંકર ગોત્ર બાંધે. એક જ જીવને પાછો પાડે તો ! ભઈ, આ રસ્તો નહોય, આમ જાવ, તો એ ના જાય, કોઈ પણ રસ્તે એને પાછો કાઢે, તો એ તીર્થંકર ગોત્ર બાંધે, એવું ભગવાને કહેલું છે. એક જ જીવ પાછો વાળે તો ! પાછો વળે નહીં ને ! મિથ્યાત્વી લોકોના ટોળેટોળા આ બાજુ જઈ રહ્યા હોય, એને શી રીતે ખબર પડે કે આમ જવાનું છે ? એ છે તે શ્રદ્ધામાંય શી રીતે બેસે ? આ બધા લોકો હઉ આમ જાય છે, ઊંધો માર્ગ, લોકોને ઊંધો ગમતો હોય, કારણ કે વધુ મત તો એ બાજુ જ હોય ને ! કો'ક જ એનાથી અવળો ચાલે.

આપણે અહીં ભાવિ તીર્થંકરો બધા પાકશે મહીં. 'ભાવિ-તીર્થંકરોના પરાક્રમ આલોકે કોય', તે પરાક્રમ કોઈને ઉત્પન્ન થઈ જાય. નિરંતર એના એ જ વિચારો આવ્યા કરે. જગત કલ્યાણ કેમ થાય, એ જ વિચારો આવ્યા કરે. બીજા વિચારો છેદ ના કરે. બીજા વિચારો આવે પણ એને છેદ કરતા વિચારો આવે નહીં. એ એનામાં ભાવિ તીર્થંકર પદ કહેવાય.

## ચેન ન પડે જોઈ લોકોનું દુઃખ, મટે એ જ ભાવના

તે હું જે સુખ પામ્યો એ સુખ બીજા લોકો કેમ પામે, એટલી ખટપટ છે અમારી. શું છે ?

**પ્રશ્નકર્તા :** સુખમાં ભાગીદાર બનાવવાના.

**દાદાશ્રી :** એના હારુ આ વરસો કાઢું છું. કારણ કે આ લોકોનું દુઃખ મારાથી જોઈ શકાતું નથી. સહેજેય કોઈને દુઃખ થાય એ તો અમને સહન થતું નથી. અમારે કાળજે ઘા લાગે અહીંયા. આ આમને દુઃખ થયું

હોય તો અમને રાતે મનમાં વિચાર આવ્યા કરે કે સવારે શું કરું તો એમનું દુઃખ મટી જાય.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** કોઈનું દુઃખ સહન થાય નહીં. પણ આ તો જ્ઞાની છું એટલે સહન થાય, નહીં તો પહેલા તો બિલકુલ સહન જ નહોતું થતું. રાતે ઊંઘ જ ના આવે, કોઈને દુઃખ હોય તો. આ તો જ્ઞાની છું ને, એટલે સહન કરવાનું રહ્યું નહીં પછી. પણ અસર થાય, શરીર એવું છે, પરમાણુ એવા છે, ચેન ના પડે. ક્યારે એનું જાય દુઃખ, એવી જ ભાવના હોય. અને મહાત્માઓને એકલાને નહીં, આખા જગતના દુઃખ જાય એવી જ ભાવના.

## અમારું નિમિત્ત સમસ્ત જીવરાશિના કલ્યાણ માટે

જે સુખ હું પામ્યો છું, તે જ સુખ પમાડવા માટે આખા વર્લ્ડમાં મારી તૈયારી છે. અને મારી પાસે ફિફ્ટી થાઉઝન્ડ માણસો છે, જે પરમ સુખિયા થઈને ફરે છે. અને તે બધાનું કામ શું છે ? ત્યારે કહે, જગતનું કેમ કલ્યાણ થાય, એ જ ભાવનાથી જીવે છે નિરંતર. તો પછી બે માણસ ભાવના કરે તો આ તો પચાસ હજાર માણસ ભાવના કરવા માંડ્યું એટલે જગતનું કલ્યાણ થઈ જવાનું !

આ જગત અત્યારે ભડકે બળી રહ્યું છે. સાધુ-સંન્યાસીઓ, આચાર્યો, બાવા-બાવલી, જૈનના આચાર્યો, બધાય બળી રહ્યા છે. કોઈ વધતો કે ઓછો, પણ બળી રહ્યા છે. માટે આ કાળમાં અમારે ભાગે કંઈક આ નિમિત્તપણું આવ્યું છે. અને આખા જગતના કલ્યાણ માટે અમારું નિમિત્ત છે આ. આખું જગત એટલે હિન્દુસ્તાન એકલું ના હોય, અમારે કંઈ એક દેશ હોય એવું ના હોય. અમારે તો આખી જીવજાતિ જેને જીવરાશિ કહે છે, તે બધી હોય અમારે. મનુષ્યો નહીં, જીવરાશિનું કલ્યાણ થાય એવું. તે અમારે હાથે આ જે થવાનું હશે, એટલું જ. એટલે બધા પાછા લઈ જાય ને પેલા શાસ્ત્રીઓ, આ પેલા એ હોય છે ને, ટીપણાવાળા...

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** જ્યોતિષવાળા. તે પાછા જન્માક્ષર લઈ જાય, જન્મોત્રીઓ લઈ જાય. હું આપતો નથી એ બધાને. કારણ કે એ અર્થ વગરનું ને શું... હું રોકડો છું, કૅશ બૅંક છું, પછી શું છે ? તું જે માગું એ તને હું આપવા તૈયાર છું. તું માગતો ભૂલું. પછી હવે જોષમાં શું જોવાનું છે ? છતાંય પણ એમના મનમાં કંઈક એમ થાય કે શું કેવા કેવા ગ્રહ પડ્યા છે ? એમની એ કળા છે ને એ એક જાતની.

**પ્રશ્નકર્તા :** સાહેબ, એને પણ એવું હોય ને, કે આવા જ સામા ગ્રહ હોય, તે છતાં આ માણસ કેમ આવી રીતે જ્ઞાની નથી થયો ? એ પારખ કરી શકે ને ?

**દાદાશ્રી :** હા, હા, તે એટલે એ પરીક્ષા કરી શકે કે ભાઈ, આ આનામાં ગ્રહ આવા પડ્યા છે ને આમ કેમ ?

પણ કોઈ કહે કે અમને જન્માક્ષર આપશો ? તો હું આપતો નથી કોઈને. કારણ કે વગર કામના આ લોકોને ફૂલિશ બનાવે છે. જ્યોતિષનું જ્ઞાન હોતું નથી.

**પ્રશ્નકર્તા :** માથાકૂટ કરે.

**દાદાશ્રી :** અમથા નકામા વિકલ્પો ઊભા કરે. અહીંથી પ્લેનમાં જવાના છે ને આવતી વખતે પ્લેન પડી જવાનું છે ને એ બધા વિકલ્પો ઊભા કરે. આવતી વખતે પ્લેન પડી જાય એવું લાગે છે, કહે છે. મૂઆ, તારા બાપનું પ્લેન પડશે ! નહોય, દાદાનું ના પડે કંઈ. આ તો વિકલ્પી લોકો !

## માટે આપ્યા જન્માક્ષર

પણ એક સારા માણસ હતા તે એમને આપ્યું. બહુ સારા માણસ હતા. લોકોનું ફ્રી ઑફ કૉસ્ટ જોઈ આપે. દરરોજ બે કલાક સર્વિસ રાખેલી છે. એ પોતે વેપાર કરે છે, છતાં પણ લોકોને માટે બે કલાક કાઢેલા છે એ માણસે. ગ્રેજ્યુએટ, બહુ સારા ખાનદાન ઘરનો માણસ છે. પણ બે

કલાક બધાને આશ્વાસન આપવાનું ને બધાને જોઈ આપવાનું. તે એ માણસ જાતે આવ્યા.

તે એક કલાક માટે મળવા આવેલા, કે દાદાનું વિજ્ઞાન મારે શું છે એ જાણવા આવવું છે. તે ટાઈમ નહીં એમને, એટલે પછી મને કહે છે, 'કલાક માટે આવેલો છું, તો આજે મને તમે જે સમજણ, જે કંઈ મને કહેવા જેવું હોય તે કહો.' એટલે સત્સંગની વાત ચાલી એટલે કલાક થઈ ગયો ને સવા કલાક થયો ત્યારે મેં કહ્યું, ભઈ, 'તમે તમારો ટાઈમ ચૂકી રહ્યા છો, કલાક થઈ ગયો છે.' ત્યારે કહે, 'ના, બેસીશ.' શું કહે છે ? સાંભળવામાંથી છૂટવાનું મન નહોતું થતું. એટલે પછી બીજો કલાક થયો ત્યારે મેં કહ્યું, 'બે કલાક થયા, હવે ઊઠો, આ સાંભળવાનો કંઈ પાર નથી આવે એવો. કારણ કે આખી રાત સાંભળશો તોય આનો પાર નથી આવે એવો.' ચાર કલાક બેઠા એ બરોબર. હવે કલાક ટાઈમ નહીં ને ચાર કલાક બેઠા ભલા આદમી. પછી એમને બહુ સંતોષ થયો. પછી બીજે દહાડે આવ્યા તે બીજે દહાડે ચાર કલાક બેઠા. પછી એમણે એમના ઑફિસમાં જઈને બધાને કહ્યું. ઘણા લોકો માને બહુ, આ પેલા જ્યોતિષવાળા ખરા ને, એટલે લોકો એમના તરફ પૂજ્યભાવ બહુ રાખે. એટલે લોકોને શું કહ્યું, કે 'આખા વર્લ્ડમાં હું ફર્યો છું ને હિન્દુસ્તાનમાં તો દરેક આચાર્ય મહારાજની પાસે, સંતની પાસે ફર્યો છું, આવો પુરુષ મેં જોયો નથી, સાંભળ્યો નથી, વાંચ્યો નથી... વાંચવામાં નથી આવ્યું, એવો આ ગજબનો પુરુષ છે !' એટલે પછી લોકો દોડધામ કરે.

## અડધા જગતનું કલ્યાણ દાદાથી, બાકીનું ફૉલોઅર્સના હાથે

પછી મારી પાસે એમણે જન્માક્ષર માગ્યા. તે સીધું ડિરેક્ટ તો મને કહે નહીં કોઈ દિવસ. તે આ બેનને કહે. એવી રીતે અમારા સંઘપતિ છે, એમને કહે. આપણો આ સંઘ છે ને, એના એડમિનિસ્ટ્રેટર, સંઘપતિ. ડિસાઈડ થયેલા છે એ. આ સંઘનું બધું અધિપત્ય એમના હાથમાં આપ્યું છે. એમના કહેવા પ્રમાણે મારે હઉ રહેવું પડે. સંઘ એ તો કોનું નામ કહેવાય કે બધું આધીન જ હોય. એટલે એમને કહ્યું, કે 'મને આ જન્માક્ષર

અપાવશો ?' એટલે મને વાત કરી, ત્યારે મેં કહ્યું, 'આપજો. સારા માણસ છે.'

એટલે પછી એ જોઈ લાવ્યા. ત્યારે કહે છે, કે ના, આ તો એક્ઝેક્ટ... ! અડધા જગતનું કલ્યાણ તમારા હાથે થવાનું છે ને તમારા પછી તમારા આ બધા ફૉલોઅર્સના હાથે અડધું થવાનું છે. પણ જગતનું કલ્યાણ થવા માટે સર્જન છે આ !

## ગ્રહો જ ચોખ્ખું કહે કે આ પુરુષ પરમાત્મા છે

પછી સંઘપતિને બીજા એક એમના ઓળખાણવાળા હશે, તે શાહ છે અને બી.કોમ. થયેલા માણસ છે. એય છે તે આવી રીતે વગર પૈસાએ જોઈ આપે કો'કનું. એટલે એમને આ પોતે દેખાડવા લઈ ગયા મને પૂછ્યા સિવાય, કે અજાણ્યા માણસ છે અને દેખાડીએ, જોઈએ શું કહે છે ? આ કહે એ તો એમને જાણીતા હતા. ત્રણ દિવસ મારી જોડે બેઠા'તા ને ! એટલે પછી કેટલાકને તો સાઈકૉલૉજી ઈફેક્ટથી થાય. પણ આ માણસ જાણતો નથી તો આપણે એને હવે દેખાડી જુઓ જોઈએ. એટલે પેલા તદ્દન અજાણ્યા માણસને આ જન્માક્ષર આપ્યા. એટલે એ માણસે શું કહ્યું, કે 'ભઈ, આ જન્માક્ષરમાં શું દેખાડવાનું બાકી છે, સંપૂર્ણ પુરુષ છે આ ! આ પુરુષ પરમાત્મા છે, આમાં આ ગ્રહો જ ચોખ્ખું કહી આપે છે, તો શું તમારે જોવડાવવું છે ?' ત્યારે આ કહે, 'બસ, બીજું કશું જોવું નથી.' ત્યારે પેલો કહે, 'મારે પણ દર્શન કરવા આવવાનું, મારી વ્યવસ્થા કરો. મારે દર્શન કરવા કાલે આવવું છે.' તે બીજે દહાડે દર્શન કરવા આવ્યા'તા.

**પ્રશ્નકર્તા :** દાદા, એ જન્માક્ષર છે હજી ? એ જન્માક્ષર છે ? પત્રિકા ?

**દાદાશ્રી :** હશે, આ મહીં હોય તો સાચા, કો'ક લઈ ગયો હોય તો ભગવાન જાણે ! પણ એટલે પછી એ આવ્યા ત્યારે મેં કહ્યું, તમે આ કાગળ વાંચીને આવ્યા, અને આ પાડોશમાં આ ચાલીસ-ચાલીસ વર્ષથી જોડે રહે છે પણ કોઈને ખબર જ નથી પડતી, મારું મોઢું જોઈનેય !

પેલાને કાગળ જોઈને ભગવાન દેખાયા અને આમને મોઢું જોઈનેય નથી દેખાતા ! આજુબાજુવાળા એમ કહે, ભગવાન જેવા જ છે, પહેલેથી ભગવાન જેવા !

## રાત-દિવસ જગત કલ્યાણનો જ ભાવ

જ્યોતિષીઓ બધા જોઈને કહે, કે 'દાદા, તમારા હાથે અડધા જગતનું કલ્યાણ થવાનું છે.' મેં કહ્યું, 'ભઈ, મને તો જગતનું કલ્યાણ થવાનું છે, એ મને ખાતરી જ છે. પણ જ્યોતિષ તમારું જે આવતું હોય તે સાચું.' મને એવું નથી કે અડધું કરવું કે પા કરવું. મારે તો આ હેતુ છે, રાત-દિવસ મારો તન્મયાકાર ભાવ જ આ છે. કારણ કે મારું કામ પૂરું થઈ ગયું છે. મારા જ્ઞાનનું કામ તો પૂરું થઈ ગયું છે. કોઈ કામ બાકી રહ્યું નથી. હવે આ જગત કલ્યાણનું કામ મારા માથે છે, નિમિત્ત છું. એટલે પથારીમાંય મારું તો એ કાર્ય ચાલ્યા કરે છે. આ કંઈ મહેનતનું કાર્ય નથી, ભાવનાનું કાર્ય છે. જ્ઞાનનું કાર્ય છે.

અમે અમારા પલંગમાં સૂતા સૂતા બધી કલ્યાણની ભાવના આખા વર્લ્ડની કર્યા કરીએ. અને સૂતા સૂતા વર્લ્ડનું કામ કરી શકીએ. કંઈ હાથ હલાવવાથી કામ થતા નથી. બધું સૂતા સૂતા... આત્માની અનંત શક્તિ છે. ગજબની શક્તિઓ છે, અપાર શક્તિ છે ! એક આત્મામાં અનંત આત્માની શક્તિ છે !

## હવે ભાવો ભાવના કલ્યાણની, મોક્ષની ઉતાવળ શી ?

**પ્રશ્નકર્તા :** અમે મહાત્માઓ આ જગત કલ્યાણના કાર્યમાં ટેકો કેવી રીતે આપી શકીએ ?

**દાદાશ્રી :** એવું છે ને, આપણે આ જગતના કલ્યાણના કર્તા નથી, આપણે તો નિમિત્ત છીએ. નિમિત્ત માત્ર. ભાવના આપણી આખા જગતનું કલ્યાણ થાવ એ ભાવના, કર્તા નહીં. એટલે જેના ભાગે જે નિમિત્ત હોય તે નિમિત્ત ભલે હો. ના હો તો પણ ભલે હો. અને આખા જગતનું કલ્યાણ કરનારો, આખા જગતને મોક્ષે લઈ જનારો કોઈ જગતમાં પાક્યો જ નથી.

આપણે તો અહીંયા આગળ એવું છે ને, કે જગતનું કલ્યાણ થાય એવી ભાવના આપણે ભાવવી જોઈએ. આપણું કલ્યાણ થયું, એટલે લોકોનું કેમ કલ્યાણ થાય, બે અવતાર મોડું જવાય તોય વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** બરાબર.

**દાદાશ્રી :** અને આપણને સુખ જ વર્તતું હોય. આપણને દુઃખ હોય જ નહીં ને ! તમે જ્ઞાન લીધેલું છે ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** હં, તો મહીં સુખ વર્તે છે ને ? તે આપણે લોકોનું હવે કેમ કલ્યાણ થાય, આપણા જેવું સુખ કેમ મળે, એવી ભાવના ભાવવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** મોક્ષે જવાની ઉતાવળ કરીને શું કામ છે ? ત્યાં આગળ આપણું જ સ્થળ છે. આપણું સ્થળ કોઈ લઈ લેવાનું નથી. અહીં લોકોને શાંતિ થઈ જાય એવી આપણી ભાવનામાં વખતે બે અવતાર વધારે થાય, એનો વાંધો નહીં.

અત્યાર સુધી પચાસ-સાંઈઠ હજાર માણસને જ્ઞાન આપ્યું છે, પણ બીજા બધા માણસો તો પોતપોતાનું કલ્યાણ કરશે પણ બીજાનું કલ્યાણ કરવા માટે જુદી જાતના જોઈએ માણસો. પોતે પોતાનું કલ્યાણ કરે તે મેં જ્ઞાન આપ્યું એટલે. પણ પોતાનું કરે અને બીજાનું કરે એ તો અજાયબ !

## જગત આખું શાંતિને પામો અને કેટલાક મોક્ષને પામો

અમને તો આ જગતનું પૂંઠિયું ફેરવાય એટલી ઈચ્છા છે. હું વીતરાગ છું, રાગ-દ્વેષ જેનામાં કિંચિત્‌માત્ર નથી એવો હું. અને આ દેહ તે હું ન્હોય. પણ એક બાકી રહી છે આ દેહની ઈચ્છા, કે જગતનું કલ્યાણ થાઓ !

કલ્યાણ શું ? ત્યારે કહે, આજે શાંતિ પામો. એ અશાંત, દુખિયો માણસ, આ લોકમાં જે દુઃખ ભોગવતો હોય તે પરલોકમાં દુઃખના બીજ નાખે. અને આ લોક શાંતિમાં હોય તો પરલોકમાં સુખના બીજ નાખે. એટલે કંઈક શાંતિને પામે તોય બહુ થઈ ગયું.

મારી ઈચ્છા હતી કે આ લોકોને કેમ કરીને ઠંડક થાય, શાંતિ થાય ! તે મારી આમ આ વેપાર કરવાની તો ઈચ્છા ખરી ને ! ઘરાકી આવે એ તો ખરી ને, ઈચ્છા ? પછી ના આવે તેને હું કંઈ રડવા બેઠેલો નથી. પણ આવે તો મનમાં ખુશ થઉં કે ઘરાકી સારી જામી. લોકો શાંત થાય તો મને આનંદ થાય.

મારી ઈચ્છા એવી છે કે જગત આખું શાંતિને પામો અને કેટલાક મોક્ષને પામો. હવે આખું જગત મોક્ષે જાય નહીં, પણ જેટલાને યોગ હોય એ જાવ અને બીજા શાંતિને પામો. કેટલાક મોક્ષને પામો, કેટલાક શાંતિને પામો, કેટલાક માર્ગને પામો, ને કેટલાક સાચા ધર્મને પામો. એવી જ દાદાની ઈચ્છા છે, બીજી કશી ઈચ્છા નથી. એ ઈચ્છાના માટે છે બધું આ !

❖❖❖❖❖

## દાદા ભગવાન પ્રરૂપિત આધ્યાત્મિક પ્રકાશનો

| | |
|---|---|
| ૧. આત્મસાક્ષાત્કાર (પરિચય પુસ્તિકા) | ૨૬. ક્લેશ વિનાનું જીવન |
| ૨. ભોગવે તેની ભૂલ | ૨૭. સહજતા |
| ૩. બન્યું તે જ ન્યાય | ૨૮-૨૯. પ્રતિક્રમણ (સં., ગ્રં.) |
| ૪. એડજસ્ટ એવરીવ્હેર | ૩૦-૩૧. પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર (સં., ગ્રં.) |
| ૫. અથડામણ ટાળો | ૩૨-૩૩. મા-બાપ છોકરાંનો વ્યવહાર (સં., ગ્રં.) |
| ૬. ચિંતા | ૩૪-૩૫. પૈસાનો વ્યવહાર (સં., ગ્રં.) |
| ૭. ક્રોધ | ૩૬-૩૮. સમજથી પ્રાપ્ત બ્રહ્મચર્ય (સં., ગ્રં.-પૂ.,ઉ.) |
| ૮. માનવધર્મ | ૩૯. વાણીનો સિદ્ધાંત |
| ૯. સેવા-પરોપકાર | ૪૦. આપ્તસૂત્ર |
| ૧૦. હું કોણ છું ? | ૪૧. આપ્તવાણી-૧ |
| ૧૧. દાદા ભગવાન ? | ૪૨. આપ્તવાણી-૨ |
| ૧૨. ત્રિમંત્ર | ૪૩. આપ્તવાણી-૩ |
| ૧૩. દાન | ૪૪. આપ્તવાણી-૪ |
| ૧૪. મૃત્યુ સમયે, પહેલાં અને પછી | ૪૫. આપ્તવાણી-૫-૬ |
| ૧૫. ભાવના સુધારે ભવોભવ | ૪૬. આપ્તવાણી-૭ |
| ૧૬. વર્તમાન તીર્થંકર શ્રી સીમંધર... | ૪૭. આપ્તવાણી-૮ |
| ૧૭. કર્મનું વિજ્ઞાન | ૪૮. આપ્તવાણી-૯ |
| ૧૮. પાપ-પુણ્ય | ૪૯-૫૦. આપ્તવાણી-૧૦ (પૂ., ઉ.) |
| ૧૯. સત્ય-અસત્યના રહસ્યો | ૫૧-૫૨. આપ્તવાણી-૧૧ (પૂ., ઉ.) |
| ૨૦. અહિંસા | ૫૩-૫૪. આપ્તવાણી-૧૨ (પૂ., ઉ.) |
| ૨૧. પ્રેમ | ૫૫-૫૬. આપ્તવાણી-૧૩ (પૂ., ઉ.) |
| ૨૨. ચમત્કાર | ૫૭-૬૧. આપ્તવાણી-૧૪ (ભાગ ૧-૫) |
| ૨૩. વાણી, વ્યવહારમાં... | ૬૨-૬૭. જ્ઞાની પુરુષ (ભાગ ૧-૬) |
| ૨૪. નિજદોષ દર્શનથી, નિર્દોષ | ૬૮-૬૯. વ્યસન મુક્તિ... (સં., ગ્રં.) |
| ૨૫. ગુરુ-શિષ્ય | ૭૦. ઓળખીએ અંતઃકરણને |

**(ગ્રં.-ગ્રંથ, સં.-સંક્ષિપ્ત, પૂ.-પૂર્વાર્ધ, ઉ.-ઉત્તરાર્ધ)**

પરમ પૂજ્ય દાદા ભગવાનના હિન્દી, મરાઠી, પંજાબી, ઉડીયા, બંગાળી, આસામી, મણીપુરી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ જેવી પ્રાદેશિક ભાષાઓમાં તથા અંગ્રેજી, જર્મન, પોર્ટુગીઝ, સ્પેનિશ, રશિયન જેવી વિદેશી ભાષાઓમાં ભાષાંતરિત થયેલા પુસ્તકો પણ ઉપલબ્ધ છે.

**'દાદાવાણી' મેગેઝિન દર મહિને ગુજરાતી - હિન્દી - અંગ્રેજી ભાષાઓમાં પ્રકાશિત થાય છે.**

## સંપર્ક સૂત્ર - દાદા ભગવાન ફાઉન્ડેશન

| | | |
|---|---|---|
| **અડાલજ** (મુખ્ય કેન્દ્ર) | : | **ત્રિમંદિર,** સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ-૩૮૨૪૨૧, જિ. ગાંધીનગર. **ફોન :** ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭ |
| **અમદાવાદ** | : | **દાદા દર્શન,** ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪. **ફોન :** ૯૫૭૪૦૦૧૪૪૫ |
| **વડોદરા** | : | (૧) **ત્રિમંદિર,** બાબરીયા કોલેજ (BITS)ની પાસે, વડોદરા-સુરત હાઈવે, વરણામા ગામ, વડોદરા. **ફોન :** ૯૫૭૪૦૦૧૫૫૭ |
| | | (૨) **દાદામંદિર,** ૧૭, મામાની પોળ, રાવપુરા પોલીસ સ્ટેશનની સામે, સલાટવાડા, વડોદરા. **ફોન :** ૯૯૨૪૩૪૩૩૩૫ |
| **ભાદરણ** | : | **ત્રિમંદિર,** સ્ટેશન રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૭૨૯ |
| **રાજકોટ** | : | **ત્રિમંદિર,** અમદાવાદ-રાજકોટ હાઈવે, તરઘડીયા ચોકડી પાસે, માલિયાસણ, રાજકોટ. **ફોન :** ૯૯૨૪૩૪૩૪૭૮ |
| **સુરત** | : | **દાદા દર્શન,** મમતાપાર્ક સોસાયટી, કાપોદરા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ, સુરત. **ફોન :** ૯૫૭૪૦૦૮૦૦૭ |
| **ગોધરા** | : | **ત્રિમંદિર,** ભામૈયા ગામ, એફ.સી.આઈ. ગોડાઉનની સામે, ગોધરા, જિ. પંચમહાલ. **ફોન :** ૯૭૨૩૭૦૭૭૩૮ |
| **સુરેન્દ્રનગર** | : | **ત્રિમંદિર,** સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ, સુરેન્દ્રનગર. **ફોન :** ૯૭૩૭૦૪૮૩૨૨ |
| **મોરબી** | : | **ત્રિમંદિર,** પો. જેપુર, નવલખી રોડ, જિ. મોરબી. **ફોન :** ૯૯૨૪૩૪૧૧૮૮ |
| **ભુજ** | : | **ત્રિમંદિર,** હિલ ગાર્ડનની પાછળ, ભુજ (કચ્છ). **ફોન :** ૯૯૨૪૩૪૫૫૮૮ |
| **અંજાર** | : | **ત્રિમંદિર,** અંજાર-મુન્દ્રા રોડ, સીનોગ્રા ગામ. **ફોન :** ૯૯૨૪૩૪૬૬૨૨ |
| **જામનગર** | : | **ત્રિમંદિર,** વ્રજભૂમિ-૧ સામે, TGES સ્કૂલ પાસે, માણેકનગર, ચેમ્બર ઓફ કોમર્સની બાજુનો રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૩૬૮૭ |
| **અમરેલી** | : | **ત્રિમંદિર,** લીલીયા રોડ બાયપાસ ચોકડી, ખારાવાડી. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૬૦ |
| **મુંબઈ** | : | **ત્રિમંદિર,** ઋષિવન, અભિનવનગર રોડ, લા વિસ્ટા બિલ્ડીંગ પાસે, કાજુપાડા, બોરીવલી (ઈસ્ટ). **ફોન :** ૯૩૨૩૫૨૮૯૦૧ |
| **જૂનાગઢ** | : | **ત્રિમંદિર,** ખામધ્રોલ ચોકડી, જૂનાગઢ બાયપાસ રોડ. **ફોન :** ૯૯૨૪૩૪૪૪૮૯ |
| **ધ્રાંગધ્રા** | : | **ત્રિમંદિર,** હળવદ રોડ, ધ્રાંગધ્રા. **ફોન :** ૯૪૨૭૬૬૪૮૫૪ |
| **ભાવનગર** | : | **ત્રિમંદિર,** ભાવનગર-રાજકોટ હાઈવે, વરતેજ. **ફોન :** ૯૩૭૪૪૧૪૪૩૨ |
| **પુણે** | : | **ત્રિમંદિર,** પુણે-બેંગ્લોર હાઈવે, વરવે બીકે, પુણે. **ફોન :** ૯૩૨૫૪૧૨૧૦૭ |

| | | | |
|---|---|---|---|
| **દિલ્હી** | : ૯૮૧૦૦ ૯૮૫૬૪ | **બેંગ્લોર** | : ૯૫૯૦૯ ૭૯૦૯૯ |
| **ચેન્નઈ** | : ૭૨૦૦૭ ૪૦૦૦૦ | **કોલકતા** | : ૯૮૩૦૦ ૯૩૨૩૦ |

| | | | |
|---|---|---|---|
| **U.S.A.** | : +1 877-505-DADA (3232) | **Singapore** | : +65 91457800 |
| **U.K.** | : +44 330-111-DADA (3232) | **Australia** | : +61 402179706 |
| **Kenya** | : +254 795-92-DADA (3232) | **New Zealand** | : +64 21 0376434 |
| **UAE** | : +971 557316937 | | |

**વેબસાઈટ : www.dadabhagwan.org**

## આખો યુગ પલટો ખાશે આ પ્રકાશથી

સુરત સ્ટેશને આખા બ્રહ્માંડનો જાણે હું સ્વામી હોઉં ને, એટલું બધું જ્ઞાન થયેલું ! આ બધું કોણ કરે છે, આ જગત કેવી રીતે ચાલે છે, આ બધા કોણ છે, આપણે કોણ છીએ, આ જગત શું છે, એ બધું જાણવાનો એન્ડ આવી ગયો. જાણવાનું કશું રહ્યું નહીં હવે. વર્લ્ડની બધી જ ચાવીઓ હાથમાં આવી ગઈ.

આ તો કો'ક વખત આવું બને. આ બટ નેચરલ બની ગયું છે. આવું બને નહીં આ ! આ પ્રકાશ મેં કર્યો નથી, એની મેળે જ થઈ ગયો. ઘણા લોકોનું કલ્યાણ થશે આનાથી. આખો યુગ પલટો ખાશે આ પ્રકાશથી તો !

તે 'હું જે સુખ પામ્યો એ સુખ બીજા લોકો કેમ પામે', એટલી ખટપટ છે અમારી. એના હારુ આ વરસો કાઢું છું. કારણ કે આ લોકોનું દુઃખ મારાથી જોઈ શકાતું નથી.

- દાદાશ્રી

મૂળ દીવાથી પ્રગટો દીપકમાળ

dadabhagwan.org

ISBN 978-81-981667-2-2

9 788198 166722

Printed in India

Price ₹ 160